ચોથી શ્રેણી

પુસ્તક–૫૪

તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮
ફાલ્ગુન ૨૩, ૧૯૩૯ શાકે
થી
તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮
ફાલ્ગુન ૨૫, ૧૯૩૯ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## પહેલુ અધિવેશન


ગુજરાત વિધાનસભાના  અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

# અ નુ ક્ર મ ણિ કા




| વિષય | | પાના નંબર | |
|---|---|---|---|
| **તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮** | **ફાલ્ગુન ૨૩, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | | 1 | 10 |
| અતારાંકિત પ્રશ્નો | | 11 | 112 |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | | 113 | 130 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | | 131 | 143 |
| **તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮** | **ફાલ્ગુન ૨૪, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | | 144 | 153 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | | 154 | 289 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | | 290 | 307 |
| બિન–સરકારી સંકલ્પો | | 308 | 323 |
| **તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮** | **ફાલ્ગુન ૨૫, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | | 324 | 334 |
| અરાંકિત પ્રશ્નો | | 335 | 436 |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ) | | 437 | 468 |

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮**
**ફાલ્ગુન ૨૩, ૧૯૩૯ શાકે**

**સભાગૃહ બપોરના ૧૧-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

જસ્ટીસ ડી. કે. ત્રિવેદી પંચના અહેવાલ બાબત

* ૫૫૮૯ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ ખાતેના આશારામ આશ્રમમાં અભ્યાસ કરતા બે બાળકોનાં તાંત્રિક વિધિથી મોત નિપજાવવાની ગુનાઈત ઘટનામાં રાજ્ય સરકારે નિમેલ શ્રી ડી. કે. ત્રિવેદી પંચનો અહેવાલ રાજ્ય સરકારને મળ્યા પછી પણ ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ તે અહેવાલ જાહેર કરવામાં આવ્યો નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) અને (૩) : બાબત વિચારણા હેઠળ છે. |
| (૩) આ અહેવાલ ક્યાં સુધીમાં પ્રસિદ્ધ કરવામાં આવનાર છે ? | |

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ એક બહુ અતિશય ગંભીર ઘટના બનેલી છે. જ્યારે રાજ્યની ઈન્વેસ્ટીગેશન એજન્સી અને ખાસકરીને જ્યારે પોલીસ ઉપર શ્રદ્ધા ન હોવી એ સંજોગોમાં કમિશનની રચના થયેલ હતી. હવે કમિશને એ અહેવાલ સુપરત કરી દીધો છે. મારી શુદ્ધ જાણકારી મુજબ ૨૦૧૩ના જુલાઇમાં આ રિપોર્ટ સબમીટ થયો. તો ક્યા •(×××) આ રિપોર્ટ ગૃહમાં ટેબલ કરવામાં આવતો નથી. કેમ કે કમશિન ઓફ ઇન્કવાયરી એક્ટની કલમ-૩ની પેટા કલમ-૪ મુજબ છ માસમાં ગૃહમાં રિપોર્ટ મૂકવો પડે.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : કમિશન ઓફ ઇન્કવાયરી એક્ટની કલમ-૩ની પેટા કલમ-૪ મુજબ ગૃહમાં રિપોર્ટ મુકવો પડે અને રિપોર્ટના બેઝીસ પર શું પગલા લીધા એનો રિપોર્ટ મૂકવો પડે. તેમ છતાં કોઇ પગલા ભરવામાં અવ્યા નથી તેના કારણો શું? તો વિચારણા હેઠળ છે તો શું વિચારણા યુગો યુગો સુધી ચાલશે?

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ વાજા, આપ સિનિયર મેમ્બર છો. જ્યારે બે મેમ્બર વચ્ચે વાર્તાલાપ હતો. કંઇ નહીં ફરીવાર ભૂલ ન થાય એ જો જો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યમાં બનતી નાની ઘટના હોય કે મોટી ઘટના હોય તમામ ઘટનાઓને અમે ગંભીરતાથી લઇએ છીએ, જ્યારે આ પ્રમાણેની ઘટના હોય ત્યારે એની સાથે સંવેદનાપૂર્ણ અભિગમ સાથે રાજ્યનું પોલીસ તંત્ર અને રાજ્યના વહીવટી તંત્ર દ્વારા કામ કરવામાં આવ્યું છે. પોલીસમાં શ્રદ્ધા હતી પરંતુ એ પરિવારજનો દ્વારા આ ઘટનાની સંપૂર્ણપણે તપાસ થાય એટલા માટે એમના દ્વારા કમિશન ઓફ ઇન્કવાયરી એક્ટ હેઠળ કમિશન માટેની માગણી કરવામાં આવી હતી. એ પરિવારની માગણીના કારણે રાજ્ય સરકારે કમિશન ઓફ ઇન્કવાયરી એક્ટ હેઠળ શ્રી ડી.કે.ત્રિવેદી પંચ નિમવામાં આવ્યું હતું. જે ઘટના બની, એના મૂળમાં ૩જી તારીખે મોટેરા ખાતે આવેલા આશ્રમના બે બાળકો ૨૦.૩૦ કલાકે જમ્યા પછી પરત ન આવતા ગુમ થયાની જાણ થઇ. સાબરમતી નદીના પટમાંથી વિકૃત હાલતમાં આ બે બાળકોના શબ મળી આવેલા. તરત જ પાંચમી તારીખે આના સંદર્ભમાં ૫૭/૨૦૦૮થી ફરિયાદ લેવામાં આવી. આ તપાસ સીઆઇડી ક્રાઇમ બ્રાન્ચને સોંપવામાં આવી અને તેમાં કુલ ૭ આરોપીઓ વિરુદ્ધ જુદી જુદી સેક્શન અને જુવેનાઇલ જસ્ટીસ એન્ડ પ્રોટેક્શન એક્ટ ૨૦૦૦ પ્રમાણે ગુનો દાખલ કરીને જુદા જુદા ૭ લોકોની ધરપકડ કરવામાં આવી. ધરપકડ કર્યા બાદ કોર્ટની કાર્યવાહીના અંતે એ લોકોને જામીન મળ્યા નહીં. મેં કહ્યું તેમ ૨૧-૮-૨૦૦૮ના જાહેરનામાથી રાજ્ય સરકારે ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટીસના પરામર્શમાં આ બનાવની તપાસ માટે ગુજરાત હાઇકોર્ટના નિવૃત્ત જસ્ટીસ શ્રી ડી.કે.ત્રિવેદીના અધ્યક્ષપણા હેઠળ કમિશન ઓફ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઈન્કવાયરી એક્ટ હેઠળ તપાસ પંચની નિમણૂક કરી. રાજ્ય સરકારે આ તપાસ પંચ માટેનો સ્કોપ આઈડેન્ટીફાઈ કર્યો અને એમાં આ બે બાળકોના મૃત્યુ માટેના કારણો અને પરિબળો, બે બાળકોના મૃત્યુ સંબંધમાં પોલીસ દ્વારા થયેલ તપાસ અને લેવાયેલ પગલાઓની યોગ્યતા અને ભવિષ્યમાં આવા બનાવો બનતા અટકાવવા માટેના પગલાઓ, આ સર્વાંગી બાબતોના સ્કોપ સાથેનો તપાસ પંચનો જે અહેવાલ આવ્યો છે એ અહેવાલ હાલ વિચારણા હેઠળ છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આ માનવીય સંવેદના સાથે સંકળાયેલો વિષય છે. તાંત્રિક વિધિથી બાળકોને ગુમ કરવાનું, આ આશારામના આશ્રમ પૂરતુ મર્યાદિત નથી. રાજ્યના અન્ય વિસ્તારમાં પણ આવી વિધિઓ થતી હોય છે. મારા મોરબીમાં દરજી પરિવારનો નેત્રદિપક નામે નિખિલ ધામેચા આ જ રીતે ગુમ થયો છે. હજુ સુધી એના કોઇ વાવડ નથી તો આવી સંવેદનશીલ બાબતો સમયસર ડિટેક્ટ થાય એ માટે રાજ્ય સરકાર શું કરવા માગે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં થતી કોઇ પણ ઘટના અને એમાં નાના બાળકો માટેની ઘટનાઓ સંબંધે તો રાજ્ય સરકાર વિશેષ સંવેદના દાખવે છે. રાજયમાં બાળકો માટેનું મિસિંગ ચાઈલ્ડ સેલ છે અને રાજ્યની ક્રાઈમ બ્રાન્ચના સુપરવિઝન હેઠળ આ એક ઘટના નહીં, માનનીય બ્રિજેશભાઈએ કહ્યું છે એમાં મેં અગાઉ એકથી વધારે વખત મોરબીના ઉચ્ચ અધિકારીઓને બોલાવીને એમની સાથે રૂબરૂ ચર્ચાઓ કરી છે. હજુ સુધી એના મૂળ સુધીનો સુરાગ મળ્યો નથી. પરંતુ આવા કોઈપણ ગુના હોય એમાં સંપૂર્ણ ગંભીરતાથી કોઈપણ રાજકીય શેહ વગર આ તમામ બનાવોમાં રાજ્ય સરકાર ચિંતિત છે અને અમે સંપૂર્ણ રીતે કાર્યરત છે.

શ્રી નિરંજન પુ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જિગ્નેશભાઈ મેવાણીએ જે કલમ ટાંકીને વાત કરી છે એ કલમનો ભંગ થયો છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : નિરંજનભાઈએ કલમના ભંગની જે ચિંતા કરી છે એમાં કોર્ટના ચૂકાદાઓ મુજબ છ મહિનામાં રિપોર્ટ રજૂ કરવાનું ફરજિયાત નથી. કાયદાનું આ પ્રોવિજન મેન્ડેટરી નથી પણ ડાયરેકટરી છે. કોંગ્રેસનું શાસન હતું ત્યારે કોંગ્રેસના શાસનમાં પણ આવા કેટલાય કમિશનો નીમવામાં આવ્યા હતા અને કોંગ્રેસ દ્વારા નિમવામાં આવેલ કમિશનો ૧૯૮૫માં થયેલો લઠ્ઠાકાંડ એનો અહેવાલ આજ દિન સુધી મૂકવામાં આવ્યો નથી. ૧૯૮૬માં અમદાવાદ શહેરમાં નીકળેલી રથયાત્રા ઉપર જે હૂમલાઓ થયા હતા એ અંગેનો રિપોર્ટ તમારા દ્વારા મૂકવામાં આવ્યો નથી. ૧૯૮૬માં અનામત આંદોલન થયું હતું એ અંગેનો રિપોર્ટ તમારા દ્વારા મૂકવામાં આવ્યો નથી. (અંતરાય) મોરબીમાં મચ્છુ ડેમ (અંતરાય)

શ્રી નિરંજન પુ. પટેલ : મેં એટલું જ પૂછ્યું છે કે કલમનો ભંગ થયો છે કે નહીં. એમાં રાજકીય વાત ક્યાં આવી? કોંગ્રેસ ભાજપ આવ્યું જ નથી. સાધુએ આવું ખરાબ કૃત્ય કર્યું છે એને છાવરવાની વાત છે.

અધ્યક્ષશ્રી : એમના પ્રશ્નનો ટૂંકમાં જવાબ આપો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : જવાબ આપવા ચોક્કસ બંધાયેલ છું. પરંતુ સાથોસાથ એક મંત્રી તરીકે મારી ફરજ છે કે આ સભાગૃહમાં ભૂતકાળમાં પણ કોંગ્રેસ દ્વારા કમિશન ઓફ ઈન્કવાયરીના કાયદાનું પાલન કરવામાં આવ્યું ન હોય તો એ સભાગૃહ સમક્ષ મૂકવાનો મારો અધિકાર છે. એના ભાગ સ્વરૂપે કહું છું. ધારાસભ્ય તરીકે એમને ખબર હોવી જોઈએ કે એમના શાસનમાં કયો કયો રિપોર્ટ કેમ મૂકવામાં આવ્યો નથી? (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રતાપભાઈ, I warn you. (અંતરાય) હર્ષભાઈ, આપ બેસો. પ્રતાપભાઈ, આપને નેઈમ કરું છું, વોર્ન કરું છું કે ફરીવાર કશું બોલ્યા તો પરિણામ ભોગવવું પડશે. (અંતરાય) તમને જોયા છે. દલીલ કરવાની જરૂર નથી.

શ્રી પૂંજાભાઈ ભી. વંશ : ભૂતકાળને વાગોળવાના બદલે હાલની જે સ્થિતિ છે અને પ્રશ્ન પૂછવામાં આવ્યો એ અતિ ગંભીર છે. ઉંચા અવાજે બોલવાથી પ્રતિભાશાળી બની શકાતું નથી.

અધ્યક્ષશ્રી : હવે આ ઓબ્ઝર્વેશન ચાલશે તો એ પણ ચાલે.

શ્રી પૂંજાભાઈ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, વિચારણા હેઠળ છે, ગઈ કાલના મારા એક સવાલના જવાબમાં આ આશ્રમ પાસેથી જે જમીનનો કબજો લીધો માત્ર ૨૧૦૦૦ રૂપિયાનો જ દંડ કર્યો છે. (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સાહેબ, આમ ના થઈ શકે. આજના પ્રશ્નની જ વાત થઈ શકે. (અંતરાય) અધ્યક્ષશ્રી : માનનીય પૂંજાભાઈ (અંતરાય)

શ્રી પૂંજાભાઈ ભી. વંશ : માત્ર ૨૧૦૦૦ રૂપિયા જ દંડ કર્યો છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ પ્રમાણે ના થઈ શકે? એના માટે વિધાનસભાના નિયમો છે.

શ્રી પૂંજાભાઈ ભી. વંશ : તમને કેટલી હમદર્દી છે એ આના ઉપરથી ખ્યાલ આવે છે (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમો છે.

શ્રી પૂંજાભાઈ ભી. વંશ : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, બાબત વિચારણા હેઠળ છે આવું લાંબા સમયથી ચાલે છે. સમગ્ર દેશમાં આ ગાજ્યું છે, તમામ પ્રકારના એના શબ્દ પ્રયોગથી હું વાત કરવા માગતો નથી પણ વિચારણા હેઠળ છે તો કમસેકમ તમારી પાસે આવી જ હશે તો શા માટે છૂપાવો છો? મૂકી દો. ગૃહના રેકોર્ડ ઉપર અને ગુજરાતની જનતાને જાણ કરો કે હકીકત શું છે? ગુજરાતની જનતા જાણવા માગે છે કે, આ વિચારણા હેઠળ છે એ સમય મર્યાદામાં તમે ટૂંક સમયમાં જાહેર કરવા માગો છો કે નથી માગતા?

## તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જનતા અને દેશની જનતા તો તમારા વખતમાં શીખો ઉપર થયેલા હુમલા અંગે પણ જાણવા માગે છે. (અંતરાય) એ કેમ આજ દિવસ સુધી કહેવામાં નથી આવતું? (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ પોલિટિકલ જ્યારે આવશે તો પોલિટિકલ જવાબો આવશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આવે જ ને માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : બન્ને બાજુ બેલેન્સ રહે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર કમિશન ઓફ ઇન્કવાયરી એક્ટ હેઠળનો અમને જે રિપોર્ટ હાલ વિચારણા હેઠળ છે તે અથવા આના જેના સંદર્ભમાં કમિશન બન્યું છે તેમાં આ સરકારે કડકમાં કડક હાથે કામ લીધું છે માનનીય અધ્યક્ષશ્રી, અને આ ઘટનાક્રમના સંદર્ભમાં કોઇની શેહ-શરમ રાખ્યા સિવાય કોઇને પણ છોડવામાં નથી આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, એ ઘટના પછીના બીજા બનેલા બનાવો છે એ બનાવોના સંદર્ભમાં સરકારે કડકમાં કડક પગલાં લીધાં છે. એ સુરતનો બનાવ હોય, એ ચાંદખેડાનો બનાવ હોય અને આજે પણ કડકમાં કડક પગલાં લીધાં એના કારણે (અંતરાય) એની કોર્ટની પ્રક્રિયા હાલ ચાલુ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બેસી જાવ, માનનીય શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ રાજકીય અવલોકનો કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ સંવેદનશીલ પ્રશ્ન છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : બંને બાજુથી થાય છે. એ તો ચાલવાનું, કોઇ એક બાજુથી નથી કર્યા, બીજા બે એ કર્યા.

શ્રી શૈલેષ મ. પરમાર : કારણ કે, માનનીય અધ્યક્ષશ્રી, મારો સિંહો આવશે, મારો સિંહો આવ્યો તો કયો સિંહો છે એ તો દેશની જનતા જાણે છે. માનનીય અધ્યક્ષશ્રી, સવાલ માત્ર એટલો છે કે, જે તપાસ પંચ નીમ્યું છે, જે ગુનેગાર વ્યક્તિની ધરપકડ કરી છે એ છૂટી પણ ગયા. જે આશ્રમ ઉપર આ તપાસ પંચની આ નિમણૂક થઇ, એમાં જ્યારે બે નિર્દોષ બાળકોની હત્યા થઇ હોય અને એનો રિપોર્ટ માનનીય અધ્યક્ષશ્રી, વિચારણા હેઠળ હોય એ સરકાર માટે પણ •(×××) બાબત છે.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દ કાઢી નાખું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : આશારામને તમે છાવરવાનું કામ કરો છો આ ચોક્કસપણે દેખાય આવે છે. આ એટલા માટે કહું છું કે, જો સરકારશ્રીની લાગણી બહુ કિલઅર હોય તો જે આશારામ જેલમાં સડી રહ્યો છે એના તપાસ પંચ જો વિચારણા હેઠળ હોય તો એ તપાસ પંચનો રિપોર્ટ સરકારે ટેબલ ઉપર મૂકવો જોઇએ. ગુજરાતની જનતાએ જે કર્યુ હોય ઇ, તમે જે સારું કર્યુ હોય કાં ટેબલ ઉપર મૂકો અને નહીં મૂકો તો તમે ખોટું કર્યુ છે *(×××) એ ચોક્કસપણે દેખાશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જે આશારામના સંદર્ભમાં તમે વાત કરો છો તમારા નેતાઓના ફોટા એની સાથે તમારે જોવા છે? (અંતરાય) તમે લોકો પણ આશીર્વાદ લેવા માટેની તમારી હોડ લાગતી હતી માનનીય અધ્યક્ષશ્રી, અને આજે રાજકીય વાત કરો છો. (અંતરાય) અરે, આ આશારામ આશ્રમને જમીન કોણે આપી હતી? (અંતરાય) તમારા કોંગ્રેસના વખતમાં આપી હતી. (અંતરાય) એ વખતે તમને આશીર્વાદ લેવા માટે સારા લાગતા હતા, માનનીય અધ્યક્ષશ્રી. (અંતરાય) આક્ષેપ કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસી જાવ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : અને એના મૂળમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : વિરજીભાઇ, પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આશ્રમમાં આશીર્વાદ લેવા જતા હતા એને જમીન આપી હતી અને આજે આક્ષેપ કરે છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એક મિનિટ પ્લીઝ *(×××) એવું કહેવું બરાબર નથી કોઇ પણ સંદર્ભમાં એટલે એ શબ્દો રદ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે કે જેણે ચાંદખેડાની અંદર બનાવ બન્યો હતો. આ બનાવમાં એફ.આઇ.આર. ૨૧૮/૨૦૧૩ થી જે સેકશનો ૩૭૬-બી લગાડેલી એના આરોપીઓની માનનીય અધ્યક્ષશ્રી, ધરપકડ કરી છે. આજે પણ સેસન્સ કોર્ટમાં જામીન નથી મળ્યા, હાઇકોર્ટમાં જામીન નથી મળ્યા, સુપ્રિમ કોર્ટમાં જામીન નથી મળ્યા. કડકમાં કડક અને સખ્તાઇથી આ કાયદાના અમલ માટે અમે છેક સુધી લડી રહ્યા છીએ. બીજો સુરતની અંદર બનાવ બન્યો. સુરતના બનાવના જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં પણ ૩૭૬ અને બાકીની સેકશનો લગાડેલી છે. આ બંને ગુના કલબ થઇને હાલ એ કાર્યવાહી ચાલે છે. આના માટે જે તે વખતે એસ.આઇ.ટી.ની નિમણૂક કરી હતી. એમાં ફરજ પરના જુદાજુદા અધિકારીઓની નિમણૂકના કારણે આ કેસની અંદર કોઇ કચાશ ન રહી જાય અને કોઇ છુટી ન જાય એના માટે ચિંતા કરી છે. આ કેસની અંદર સ્પેશ્યલ પબ્લીક પ્રોસીક્યુટરની અમે નિમણૂક કરી છે અને આના કારણે મુખ્ય આરોપીઓ છે એ મુખ્ય આરોપીઓ જો અમે કેસ નબળો કર્યો હોય, અમારા પ્રોસીક્યુશન્સ દ્વારા અમે કોર્ટમાં જો નબળો દેખાવ કર્યો હોય તો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જામીન મળી જાય. આ રાજય સરકારની પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર ઉપર આરોપીઓને આજે પણ જામીન નથી મળ્યા એટલે જે વાત કરે છે એ તદ્દન અવાસ્તવિક વાત છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછવો છે? સોળ મિનિટ ગઇ આમાં.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો એક જ મુદ્દો છે. (અંતરાય) નીતિનભાઇ, તમને પુછીને મારે ઉભું થવાનું અને બેસવાનું?

અધ્યક્ષશ્રી : હવે પાછું આ બાજુ ના ચાલુ કરશો મારી સામે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ગુજરાતના બે બાળકોનો તાંત્રિક વિધિ માટે ભોગ લેવામાં આવ્યો, એનું મર્ડર કરવામાં આવ્યું. સમગ્ર ગુજરાતની જનતાએ એ બે બાળકોના સમર્થનમાં અવાજ ઉઠાવ્યો ત્યારે આપણે ઇન્કવાયરી કમિશન એકટ નીચે તપાસપંચ નીમ્યુ. માનનીય ડી.કે. ત્રિવેદી પંચનો જે અહેવાલ છે આ ગૃહમાં જયારે આપણે કોઇ પંચ નિયુકત કર્યાની જાહેરાત કરતા હોઇએ તો આ ગૃહ એટલે ગુજરાતની જનતા, એનો શું અહેવાલ છે એ જાણવાનો ગુજરાતની જનતાને અધિકાર છે. આ પરંપરાગત કોઇપણ આપણે પંચ નીમીએ એને વિચારણા અર્થે રાખીએ અને પછી જેમ થાનગઢમાં થયું કે અહેવાલ મૂકવાની જરૂર નથી. આ પરંપરા સારી નથી એટલે આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું શું એ હકીકત ખરી છે કે •(×××)

અધ્યક્ષશ્રી : આ કપોળકલ્પીત ધારણા ન કરી શકાય. (અંતરાય) આ આખું વાકય રદ કરવામાં આવે છે. આ જ જો તમારો પ્રશ્ન હોય તો આ પ્રશ્ન રદ કરવામાં આવે છે. (અંતરાય) આવી કોઇ વાત કપોળકલ્પીત વાત ન કરી શકાય. (અંતરાય) પ્લીઝ બેસી જાવ, બધા જ બેસી જાવ. (અંતરાય) બેસી જાવ, આપના નેતા ઉભા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ૧૬ મિનિટ પ્રશ્ન ચાલ્યો. આપે વિપક્ષના નેતા તરીકે એમનું માન જાળવવા સમય આપ્યો અને આવા બેફામ આક્ષેપો કરે અને ગૃહમાં ઉશ્કેરાટ ફેલાવે એમને રદ કરો. એમનો પ્રશ્ન રદ કરો અને એમનું વાકય રદ કરો.

અધ્યક્ષશ્રી : આ બરાબર નથી. તમે કલ્પના કરીને કોઇ પ્રશ્ન ના કરી શકો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બધું પૂછાઇ ગયું છે સાહેબ. દર વખતે એમને ટેવ પડી ગઇ છે (અંતરાય) વહેલા આવવું જોઇએને? તમને રસ હોય તો વહેલા આવવું જોઇએ. ૧૫ મિનિટ પ્રશ્ન ચાલ્યો.

અધ્યક્ષશ્રી : અત્યારે ૧૯ મિનિટ થઇ, એક જ પ્રશ્નમાં ૧૯ મિનિટ થઇ અને આપની વાત સાચી છે આપની વાતને હું સ્વીકારું છું કે માનનીય વિરોધ પક્ષના નેતા તરીકે આટલા બધા તમારા સભ્યો પ્રશ્ન પૂછતા હોય પછી છેલ્લે પ્રશ્ન પૂછવો ઠીક નથી. કાંતો આપે પહેલા પૂછી લેવો જોઇએ. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે આ ગુજરાતનો ખૂબ સેન્સીટીવ મુદ્દો હતો. સરકારે એમાં તપાસ પંચ નીમ્યુ છે. મંત્રીશ્રીએ કીધું હતું એમ કડક પગલાં ભર્યા છે. એમણે રેકર્ડ ઉપર કીધું, અમે સ્વીકારી લીધું તો પછી આ ડી.કે. ત્રિવેદી પંચનો અહેવાલ વિધાનસભા ગૃહ સમક્ષ સરકાર મૂકવા માગે છે કે કેમ? જો હા, ચાલુ સત્રમાં અહેવાલ વિધાનસભાના ફ્લોર ઉપર મૂકવા માટે અમે વિનંતી કરીએ છીએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતા દ્વારા તાંત્રિક વિધિનો ઉલ્લેખ કરવામાં આવ્યો. એના અનુસંધાનમાં કહું કે, ભારતીય જનતા પાર્ટી કે એના કોઇ નેતાઓ માત્ર વિકાસની વિધિ જાણે છે. આવી તાંત્રિક કોઇ વિધિ અમે જાણતા નથી. મને એ ખબર નથી કે એમનો નેતામાં વારો નહોતો આવવાનો, પણ નેતા બનવા માટે એમણે કોઇ તાંત્રિક વિધિ કરાવી હોય તો મને એની કોઇ માહિતી નથી.

અધ્યક્ષશ્રી : ચાલો આપણે તાંત્રિકમાંથી બહાર નીકળીએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એમણે ઉલ્લેખ કર્યો એટલા માટે. આવી કોઇ તાંત્રિક વિધિમાં અમે માનતા નથી.(અંતરાય) મેં અગાઉ કહ્યું તેમ આ સરકાર શ્રી ડી.કે. ત્રિવેદી પંચના સંદર્ભમાં કંઇ છુપાવવા માગતા નથી. જે રિપોર્ટ છે એ રિપોર્ટ યોગ્ય વિચારણાના અંતે અમે મૂકવા માટે તૈયાર છીએ.

### અમદાવાદ જિલ્લામાં વ્યાજ સહાય

* ૫૯૫૮ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ (ઘાટલોડિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં એમએસએમઇ (Micro, Small & Medium Enterprise) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, અને | (૧) ૩,૪૧૧ એકમોની અરજીઓ મળી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની અરજીઓ મંજુર | (૨) ૨,૦૮૨ એકમોની અરજીઓ મંજુર કરવામાં |

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરવામાં આવી ? આવી.

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે છેલ્લાં બે વર્ષ વ્યાજ સહાય યોજનાના સેક્ટરવાર જે એકમોની અરજી મળી અને જે મંજૂર થઇ છે તેમાં મંજૂર થયેલા એકમોમાં કેટલું મૂડીરોકાણ આવ્યું? અને કેટલી રોજગારીનું સર્જન થયું?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ અમદાવાદ જિલ્લાની અંદર જુદા જુદા તાલુકામાં જુદા જુદા પ્રમાણમાં યુનિટોને લાભ મળ્યો છે. અમદાવાદ શહેરમાં ૧૭૧૮ યુનિટે લાભ લીધો. ૧૫૨૭૯ લોકોને રોજગારી મળી. બાવળામાં ૪૩ યુનિટોમાં ૮૪૬ ને રોજગારી મળી. દસ્ક્રોઇમાં ૧૬૫ યુનિટોમાં ૧૮૯૦ ને રોજગારી મળી. દેત્રોજપુરામાં ૩ યુનિટોમાં ૪૩ ને રોજગારી મળી. ધંધુકામાં ૨ યુનિટોમાં માં ૧૧ ને રોજગારી મળી. ધોળકામાં ૧૭ યુનિટોમાં ૨૦૫ ને રોજગારી મળી. માંડલમાં ૩ યુનિટોમાં ૩૮૧ ને રોજગારી મળી. સાણંદમાં ૧૨૫ યુનિટોમાં ૨૭૮૭ ને રોજગારી મળી. વીરમગામમાં ૬ યુનિટોમાં ૨૭૪ ને રોજગારી મળી. સેક્ટરવાઇઝ મૂડીરોકાણની વાત કરીએ તો બેઝિક મેટલ ઇન્ડસ્ટ્રિઝમાં ૨૩૩ માં ૩૩૭ કરોડનું થયું. બેવરેજીસ તંબાકુ અને તંબાકુ પ્રોડક્ટમાં ૧૧ યુનિટમાં ૧૫ કરોડનું થયું. કેમિકલ અને કેમિકલ પ્રોડક્ટમાં ૧૮૮ માં ૨૯૭ નું થયું. ઇલેક્ટ્રિક મશીનરીમાં ૧૩૬ માં ૧૦૫ કરોડનું થયું. ફુડ પ્રોડક્ટમાં ૧૦૭ માં ૨૧૧ કરોડનું થયું. લેધરમાં ૬ માં ૩ કરોડનું થયું. મશીનરી અને ઇલેક્ટ્રિક પાર્ટસમાં ૫૯૮ યુનિટમાં ૪૪૭ નું થયું. માઇનિંગ અને ક્વોરીમાં ૬ માં ૧૪ કરોડનું થયું. મેટાલિક પ્રોડક્ટમાં ૧૧ માં ૯ કરોડનું થયું. પેપરમાં ૧૪૪ માં ૧૭૩ કરોડનું થયું. રબર અને પ્લાસ્ટિકમાં ૨૯૦ યુનિટમાં ૩૪૦ કરોડનું થયું. સર્વિસ સેક્ટરમાં ૩ માં ૨ કરોડનું થયું. ટેક્ષટાઇલમાં ૩૦૪ યુનિટમાં ૨૭૪ કરોડનું થયું, ટ્રાન્સપોર્ટ ઇક્વિપમેન્ટ પાર્ટસમાં ૨૫ માં ૧૮ કરોડનું થયું અને વુડ પ્રોડક્ટમાં ૨૦. એમ ટોટલ ૨૦૮૨ માં ૨૨૭૬ કરોડનું થયું.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, આજના દેશના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઇ એ વખતના વિઝનરી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ગુજરાતના ઉદ્યોગોનો વિકાસ કરવા માટે ઇન્ડસ્ટ્રીઝને બહારના રોકાણ કરવાવાળા લોકો માટે વાઇબ્રન્ટ સમિટ બનાવી હતી. એના કારણે નાના નાના સ્મોલ સ્કેલ ઉદ્યોગોમાં, મોટા ઉદ્યોગો આવ્યા એટલે નાના ઉદ્યોગોનો ખૂબ વિકાસ થયો છે. આ બધા ઉદ્યોગોના વિકાસને લઇને નાની ઇન્ડસ્ટ્રિઝનું ડેવલપમેન્ટ થાય એના માટે સરકારે સરસ વ્યાજની યોજના બનાવી. છેલ્લાં ૨ વર્ષમાં તાલુકાવાર કેટલા એકમોની અરજી મળી? આ એકમો દ્વારા કેટલી રોજગારી પૂરી પાડી?

શ્રી સૌરભ પટેલ : મારે સભ્યશ્રીને જણાવવાનું કે ૨૦૧૫ ની નીતિ પ્રમાણે આજે એક આસિસ્ટન્સ ઇન્ટરેસ્ટ સબસિડી આપીએ છીએ. જે આસિસ્ટન્સ આપીએ છીએ, એના કારણે ૫ ટકાની વ્યાજ સહાય આપીએ છીએ. ૨૫ લાખ રૂપિયા સુધીની મર્યાદામાં ૫ વર્ષ માટે આપીએ છીએ. મ્યુનિસિપલ કોર્પોરેશન લિમિટની અંદર. ૭ ટકા વ્યાજ સહાય આપીએ છીએ. ૩૦ લાખ રૂપિયા સુધીની મર્યાદામાં ૫ વર્ષ માટે આઉટસાઇડ મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ, એટલે હેતુ એ છે કે શહેરની બહાર જિલ્લાની અંદર વધારે ઉદ્યોગો આવે એના માટે ૨ ટકા વધારે વ્યાજ સહાય આપીએ છીએ, જેથી એટ્રેક્ટ રહે. એક ટકા એડિશનલ ઇન્ટરેસ્ટ સબસિડી આપીએ છીએ. એસ.ટી., એસ.સી., મહિલાઓને એક ટકા વધારે આપીએ છીએ. અને એક એડિશનલ ઇન્ટરેસ્ટ યંગ માણસોને બીલો એઇજ ઓફ ૩૫ આપીએ છીએ. એટલે આપ જુઓ કે બહાર યુનિટ હોય તો સાત ટકા પ્લસ બીજા એટલે પ્રેકટીકલી પાંચ વર્ષ માટે સંપૂર્ણપણે વ્યાજનો બોજો રાજ્ય સરકાર નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે લે છે. સભ્યશ્રીને બીજી વિગત માગી કે રોજગારી કેટલી મળી તો તેની વિગતો મેં આપી દીધી છે. દરેક તાલુકાવાઇઝ કેટલી કેટલી રોજગારી મળી તેની સંપૂર્ણ વિગતો આપી દીધી છે. ખાસ કરીને યોજના છે તે માઇક્રો સ્મોલ માટેની યોજના છે. એટલે માઇક્રો સ્મોલની ડેફીનેશન કરીએ તો તે ડેફીનેશન જે કેન્દ્ર સરકારની છે તેમાં માઇક્રો એટલે ૨૫ લાખ સુધીની પ્લાન્ટ અને મશીનરીની ખરીદેલી હોવી જોઇએ. સ્મોલમાં ૨૫ લાખથી ૫ કરોડ અને મિડીયમમાં ૫ કરોડ થી ૧૦ કરોડની ખરીદેલી હોવી જોઇએ. એટલે આ રકમમાં જે આવે તેને આપીએ છીએ.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, એમએસએમઇ વ્યાજ સહાય યોજના છે તે મેળવવા માટેની અરજી કરવાની પ્રોસીઝર શું છે અને આપે આપના જવાબમાં જણાવ્યું છે કે ૩૪૧૧ અરજીઓ પૈકી ૨૦૮૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. તો બાકીની અરજીઓ નામંજૂર થઇ હોય તો તેના કારણો કયા છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ઇઝ ઓફ ડુઇંગ બીઝનેશની અંદર બધું ઓનલાઇન ગોઠવ્યું છે એટલે ઓનલાઇનની અંદર પ્રિસ્ક્રાઇબ ફોર્મે છે તેમાં ઓનલાઇન શરૂ થાય ત્યારે બધા ડોકયુમેન્ટસ સાથે પંદર વર્કીંગ ડેઇઝની અંદર આપવું પડે છે. જે ડીઆઇસી છે તે તેની ચકાસણી કરે છે અને તેની અંદર એલીઝીબલ એકસપેન્ડીચર હોય તેના પર જ સેંક્શન લેટર આપવામાં આવે છે. સેન્સંગ લેટર આવ્યા પછી ફીઝીકલ વેરીફીકેશન કરવામાં આવે છે અને એકસપેન્ડીચર સ્ટેટમેન્ટ બનાવવામાં આવે છે. તેના પછી ફાઇનલ આંકડો ગણવામાં આવે છે. રીજેકશનના ઘણા કારણો હોય છે. એક કારણ એ છે કે વીધીન વન યર લોન આપેલી હોય તેના એક વર્ષની અંદર અરજી કરવી પડે છે. લોન ડીસ્પેચને એક વર્ષ થઇ ગયું હોય અને તેની બહાર હોય તો તેને આ લાભ મળતો નથી. ત્યારબાદ કોમર્શીયલ ઓપરેશનની કામગીરી એક વર્ષની અંદર થઇ જવી જોઇએ. એન્ટરપ્રાઈઝે તેની સંપૂર્ણ માહિતી પાંચ વર્ષની અંદર ડેટ ઓફ કોમેન્સિંગ અને બીજી બધી જ ડીટેઇલ આપવી પડે છે. કોમર્શીયલ પ્રોડકશનની બધી વિગતો આપવી પડે છે. ફાઇનાન્સિયલ, નોન ફાઇનાન્સિયલ ઇન્સ્ટિટ્યૂટ જે લોન સેંક્શન કરે એના પર આપણે આ લાભ આપતા નથી. આપણે આર.બી.આઇ.ની જે બેન્કસ છે તેના પર જ આ યોજનાનો લાભ આપીએ

છીએ. બીજી કોઇ સ્કીમોનો લાભ લીધો હોય તો પણ આપણે તેને આપતા નથી. એકસપાન્શન હોય, ડાયવર્ટીફીકેશન હોય કે મોર્ડનાઇઝેશન હોય તો તેમાં આપણે આપીએ છીએ. આ પાંચ–સાત ક્રાઇટેરિયાની બહાર હોય તો તે એપ્લિકેશન્સ આપણે મંજૂર કરતા નથી.

ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લા જેલનું નિરીક્ષણ

* ૬૩૮૧ શ્રી મોહનલાલ વાળા (કોડીનાર) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના જેલ મેન્યુઅલ મુજબ આઇ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંકશન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઇ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે. |
| Hb-829-1 હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીરસોમનાથ અને પોરબંદર જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું, | (૨) |

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| પોરબંદર ખાસ જેલ<br>જિ. પોરબંદર | તા.૦૬/૦૮/૨૦૧૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યુ હોય તો તેના કારણો શું છે, અને | (૩) ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં મધ્યસ્થ જેલ કે જીલ્લા જેલ અસ્તિત્વમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. |
| (૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલા લીધા ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થયો નથી |

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જેલ નિરીક્ષણની કોઇ સમય મર્યાદા હોય છે કે નહીં, જેલ નિરીક્ષણ દરમ્યાન કોઇ ક્ષતિ મળી આવી છે કે નહીં અને ક્ષતિઓ આવી હોય તો તેના માટે શું કાર્યવાહી કરી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જેલ મેન્યુઅલ ૧૯૫૫ના નિયમ ૭૩૯ માં લખેલ છે તેમાં વર્ષમાં એક વખત જેલોના આઇ.જી.પી. દ્વારા દરેક મધ્યસ્થ જિલ્લા ખાસ જેલોનું નિરીક્ષણ અને સબ જેલો સહિત તાલુકા સબ જેલોનું શકય હોય ત્યાં દરવર્ષે નિરીક્ષણ કરવાનું રહે છે. નિરીક્ષણ દરમ્યાન જેલ સાથે જોડાયેલા તમામ કામો ઉપરાંત બગીચાનું પણ નિરીક્ષણ કરવાનું રહે છે. દરેક કેદીનું પણ નિરીક્ષણ કરવાનું હોય છે, તે દરમ્યાન તેની રજૂઆત તેની ફરિયાદ સાંભળવાની તક મળે છે. આ બાદ પ્રિઝમ એકટ ૧૮૯૪ની કલમ–૫૯ હેઠળ ૧૮–૮–૧૯૭૫થી ગુજરાત પ્રિઝન સ્ટાફ ફંકશન રૂલ ૧૯૭૫ અમલમાં આવ્યા છે. તેના માધ્યમથી એકવાર ઇન્સ્પેકટર જનરલ દ્વારા નિરીક્ષણ કરવાનું રહે છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રમાણે પૂછ્યું તે પ્રમાણે તેમાં તેની પોતાની ફરજના ભાગરૂપે નિરીક્ષણ કરે છે ત્યારે નિરીક્ષણ દરમ્યાન તેમને જે ક્ષતિઓ ધ્યાનમાં આવે તે ક્ષતિઓથી જેલ ઓથોરીટિને વાકેફ કરવામાં આવે છે. તેના આધાર ઉપર જેલના વહીવટી પ્રશાસન દ્વારા જરૂરી સુધારા વધારા કરવામાં આવે છે. આ પોરબંદરની જે જેલ છે એમાં ૬–૮–૨૦૧૬ દરમ્યાન આઇ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મુલાકાત લીધી હતી અને એમાં એમણે જે કેટલાક સૂચનો કર્યા હતા કે એમાં લાઇવ વાયર ચાલુ છે કે કેમ? પછી એના એક્સ–રે બેગેજ સ્ક્રીનીંગ મશીન અને એનો વોરંટી પિરિયડ હતો જે પૂરો થઇ ગયેલ અને ત્યાર બાદ એનો એન્યુઅલ મેન્ટેનન્સ કોન્ટ્રેકટ રીન્યુ નહોતો થયેલો એ અંગે પણ ધ્યાન દોરવામાં આવ્યું, એના ફ્રેન્કીંગ મશીનમાં પણ આ પ્રમાણે ધ્યાન દોરવામાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદર ખાસ જેલ ખાતેના ડોકટરશ્રીની નિયમિત ફાળવણી થયેલ ન હતી, ફોન કરો ત્યારે જ ડોકટર હાજર રહે એવી વ્યવસ્થા હતી પરંતુ આ વિઝિટના કારણે પોરબંદર ખાસ જેલ ખાતે ડોકટરશ્રીની નિયમિત નિમણૂક કરવામાં આવી હતી. એ વખતના સી.સી.ટી.વી. કેમેરા નં.૧૨, તા. ૨૩.૬.૨૦૧૬થી બંધ હતો અને કેમેરા નં. ૭, તા. ૨૩.૭.૨૦૧૬થી અને કેમેરા નં. ૨૯, તા.૬.૭.૨૦૧૬થી બંધ હોવાનું જણાયેલ. આના સંદર્ભમાં પણ જરૂરી પ્રક્રિયા કરીને ખરીદીની પ્રક્રિયા કરવામાં આવી હતી. આ ઉપરાંત ઇ–ગુજકોક પ્રોજેકટ અંતર્ગત કર્મચારીએ પોતે જે ઇ–પ્રોફાઇલ અપડેટ કરવાની હતી એના સંદર્ભમાં સૂચના આપવામાં આવી, જી–સ્વાન કનેકિટવિટી બંધ હતી એ જી–સ્વાન કનેકિટવિટીના સંદર્ભમાં એનું કમ્પ્લેઇન રજીસ્ટર નિભાવવા માટેની સૂચના આપી, વોચ ટાવર ઉપર એક પણ ગાર્ડ તહેનાત ન હોવાથી તાત્કાલીક ગાર્ડ તહેનાત કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી અને વિડિયો કોન્ફરન્સની સિસ્ટમ ઇકિવપમેન્ટ હતું એમાં ટેકનિકલ એરરના કારણે બંધ હતું એ ઝડપથી ચાલુ થાય એ પ્રમાણેની સૂચના આપવામાં આવી. એટલે આઇ.જી.પી.ની જેલ મેન્યુઅલ અને પ્રિઝમ્સ સ્ટાફ ફંકશનીંગ રુલ્સ એ બંનેના આધાર ઉપર આઇ.જી.પી.એ નિરીક્ષણ કર્યું હતું અને પોરબંદરની ખાસ જેલમાં આ પ્રમાણેના નિરીક્ષણના આધાર ઉપર સુધારા કરવામાં આવ્યા છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પોરબંદરમાં પહેલા કાયદો અને વ્યવસ્થાની હદ પૂરી થતી હતી અને અત્યારે જેલોનું પણ નિરીક્ષણ થાય છે ત્યારે મુખ્ય મંત્રીશ્રી અને ગૃહ મંત્રીશ્રીને અભિનંદન આપુ છું અને પોરબંદર એ

મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ છે અને પહેલા જે હોય તે પણ અત્યારે કાયદો અને વ્યવસ્થા, મહાત્મા ગાંધીજીનું જે નામ છે એ પ્રમાણેની વ્યવસ્થા કરવા માટે આઇ.જી.પી. કક્ષાના અધિકારીઓ દ્વારા જયારે ચેકીંગ થાય છે ત્યારે એમાં આપણું ગૌરવ વધે એવા પ્રયત્નો કરેલા છે કે કેમ? એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા જે ઉલ્લેખ કરવામાં આવ્યા કે પોરબંદર એક વખત એવો જિલ્લો હતો કે, ગુજરાતની સરકારે કોંગ્રેસના શાસનમાં રાજય કક્ષાએ નિર્ણય લઇને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નહીં જાળવી શકવાના કારણે પોરબંદરની જેલ બંધ કરવાનો નિર્ણય કોંગ્રેસના શાસનમાં કરવામાં આવ્યો હતો. અને આ જેલ બંધ થવાના કારણે પોરબંદરના કેદીઓને લાંબુ ટ્રાન્સપોર્ટેશન કરીને રાજકોટની અને અન્ય જેલોમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા પરંતુ ગુજરાત સરકારે જ્યારથી આ જેલોની અંદર આ આઇ.જી.પી. જેલ મેન્યુઅલને લગતા જે પ્રોબ્લેમ્સ હોય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે (અંતરાય) સ્ટ્રોંગ વિલ જોઇએ સ્ટ્રોંગ વિલ રાજયનું શાસન કરવા માટે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારના શાસનના કારણે આજે ગુજરાતમાં એક પણ જેલ બંધ કરવાનો વખત નથી આવ્યો કારણ કે, અમે ઉત્કૃષ્ઠ રીતે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું સંચાલન કરીએ છીએ.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ પોરબંદરની વાત કરી, હું મારા જૂનાગઢની વાત કરું તો જૂનાગઢનો કેદી અનિરુદ્ધસિંહ જાડેજાને ચાલુ ચૂંટણીમાં મારી વિરૂદ્ધમાં પ્રચાર કરવા માટે ચૂંટણી સમયે જેલમાંથી બહાર કાઢવામાં આવતો હતો અને અંદર બેઠો બેઠો અધિકારીઓની બદલી કરાવે છે ત્યારે મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ જિલ્લો બદલાઇ ગયો.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા પ્રશ્ન ઉપર આવું છું. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, જૂનાગઢમાં આવી જે તે વખતે કોઇ ક્ષતિઓ ધ્યાનમાં આવી છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હવે એમણે જે વ્યકિતગત પ્રશ્ન કર્યો એ તો મારા ધ્યાનમાં નથી, કદાચ એમણે પ્રશ્ન સ્વરૂપે પુછ્યો હોત અને વિધાનસભાના કાર્યાલયે એલાઉ કરેલ હોત તો એ પ્રશ્નનો જવાબ પણ મેં આપી દીધો હોત, પરંતુ ભીખાભાઇ તમે જીત્યા છો એટલે મને નથી લાગતું કે આવી કોઇ ઘટના બની હોય. (અંતરાય) ભીખાભાઇ, તમને પૂરતા પ્રમાણમાં રાજ્ય સરકાર અને ચુંટણી પંચ દ્વારા સુરક્ષા આપવામાં આવી હતી. તમે આખી ચુંટણીમાં ભીખાભાઇ શાંતિથી પ્રચાર કર્યો હતો, જો તમે ગભરાતા હોત તો પ્રચાર ન કરી શકતા હોત તો તમે કેવી રીતે ચુંટાત?

અધ્યક્ષશ્રી : હવે બોલવાનું નથી હવે બેસી જવાનું છે. તમે શાંતિથી જીત્યા છો એટલે શાંતિથી બેસી જવાનું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા હાઉસ સુધી એ પહોંચી ગયા છે એટલે એમણે આપણને અભિનંદન આપવા જોઇએ કે તમારી વ્યવસ્થા સારી હતી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ખરેખર આ પ્રશ્ન પુછતાં પહેલી વખત પ્રદિપસિંહજીની બહુ બીક લાગે છે. જાણે અમને ના પુરી દેતા હોય એવું કરતા હોય છે. મારે આપના દ્વારા એટલું જ જાણવું છે કે, સરકાર દ્વારા આ જેલોનું નિરીક્ષણ કરવામાં આવે છે. ભૂતકાળમાં આપણે જોયું છે કે અમદાવાદની જેલમાં પણ સુરંગો ખોદાઇ, મારે ખાલી એટલું જ પુછવું છે કે, આવી મધ્યસ્થ જેલ આ બે જિલ્લાઓમાં નથી. ગાંધીનગર આપણું પાટનગર છે, ગાંધીનગરમાં પણ મધ્યસ્થ જેલ નથી એના કારણે ખૂબ તકલીફો પડે છે, તો નિરીક્ષણ કરવાની વાત ઘણી સારી છે, આ પ્રશ્ન બહારની વાત છે પણ ગાંધીનગર જિલ્લામાં અને કલોલ તાલુકામાં સબ જેલ બને એવી વિનંતી એટલા માટે કરું છું કે ખૂબ તકલીફ આ આખા જિલ્લામાં પડે છે તો આપનું ધ્યાન દોરવા માટે હું આ વાત કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આખા રાજ્યની અંદર જેલો ક્યાં કેટલી, કેટલા કેદી એ જેલના નિયમ પ્રમાણે હોય છે. એમાં સેન્ટ્રલ જેલની અંદર ૭૫૦ કરતાં વધારે કેદીઓ રાખવામાં આવે છે. ડિસ્ટ્રિક્ટ જેલની અંદર ૨૪૦ થી ૭૫૦ કેદીઓ રાખવામાં આવે છે, સબ જેલની અંદર ૨૪૦ કરતાં ઓછાં કેદીઓ રાખવામાં આવે છે અને ખાસ જેલ જે ટિપિકલ મેન્ટાલિટીવાળા ક્રિમિનલ હાર્ડકોર હોય એને પોરબંદર રાખવામાં આવે છે. (અંતરાય) હાર્ડકોરને રાખવામાં આવે છે બળદેવભાઇ તમારી વાત નથી કરતો, એને પોરબંદર રાખવામાં આવે છે. એમની જે વાત છે એ સાચી વાત છે, કલોલની અંદર ગાંધીનગર જિલ્લામાં આ પ્રમાણેની જેલ નહિ હોવાના કારણે આ બધાજ કેદીઓનો અમદાવાદ સેન્ટ્રલ જેલની અંદરથી નિયમીતપણે આ બધી કોર્ટોની અંદર પ્રોડકશન કરવામાં આવે છે જેના કારણે આ કેદીઓને લાવવામાં, લઇ જવામાં એના પરિવારોને વ્યાપક સમસ્યા થાય છે, આ વખતે કલોલ જેલના સંદર્ભમાં કેટલા કેદીઓ છે અને એના પ્રમાણે નવા બજેટમાં શું થઇ શકે છે એ બાબતે એમની લાગણી પ્રમાણેની ચકાસણી કરીને હું ચોક્કસ એ દિશામાં હકારાત્મક કરીશ.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે પૂછવા માગું છું કે, જે રીતે જેલોનું નિરીક્ષણ કરવામાં આવે છે એમાં વડોદરામાં કરવામાં આવે છે કે નહિ કારણકે છેલ્લાં અઠવાડિયાથી વડોદરાથી એવા સમાચાર આવે છે કે જેલમાંથી ધમકીઓ આપવામાં આવે છે અને છેલ્લે તો જેલમાંના જામરના વાયર કાપી નાંખવામાં આવ્યા છે તો એના માટે મંત્રીશ્રી શું કરવા માગે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરાની જે લાજપોર જેલ છે એમાં સામાન્ય રીતે આઇ.જી.પી. દ્વારા એક વખત મુલાકાત લેવાની હોય છે, પરંતુ મારી પાસે ૨૦૧૬ અને ૨૦૧૭ના જે ફિગર્સ છે એ વડોદરા મધ્યસ્થ જેલની ૨૦૧૬માં ૨૩-૧-૨૦૧૬, ૧૯-૩-૨૦૧૬, ૭-૪-૨૦૧૬, ૫-૬-૨૦૧૬, તા.૨૨/૭/૧૬, તા.૨૮/૭/૧૬, તા.

૨૯/૧૦/૧૬ અને તા.૧૨/૧૨/૧૬ આટલી વખત નિરીક્ષક કર્યું હતું. એ પ્રમાણે ચાલુ વર્ષમાં તા.૨૯/૧/૧૭, તા.૨૪/૨/૧૭, તા.૧૮/૩/૧૭, તા.૧૮/૩/૧૭, તા.૨૭/૯/૧૭, તા.૧૧/૧૧/૧૭ એ પ્રમાણે આવશ્યકતા કરતાં વધારે વખત જેલના આઇ.જી.પી. દ્વારા એ જેલની મુલાકાત કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ ઉલ્લેખ કર્યો એ મુજબ જેલમાંથી ધમકી આપવા સંદર્ભમાં અમે જામરની વ્યવસ્થા કરી છે પરંતુ એ જામરની અંદર ક્યારેક, ક્યારેક ટેકનિકલ એરર આવવાના કારણે એની ફ્રિકવન્સીમાં change થવાને કારણે ક્યાંક આ પ્રમાણેના મુદ્દાઓ અમારા ધ્યાન ઉપર આવ્યા છે. હવે એમાં હાઇ–ફ્રિકવન્સીના જામરના માધ્યમથી પહેલાં તો જેલની અંદર કોઇ મોબાઇલ દાખલ ન થાય અને દાખલ થાય તો આ માધ્યમથી આપણે જેલમાં કોઇ અવ્યવસ્થા ન ઊભી થાય એ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને માનનીય સભ્યશ્રીને હું ખાતરી આપું છું કે એના સંદર્ભમાં જેલમાંથી ધમકી આપવાનો કોઇ કેસ ધ્યાનમાં આવેલ નથી અને એમના દ્વારા જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એની ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવશે.

### અમદાવાદ અને આણંદ જિલ્લામાં પોલીસ મહેકમ

* ૩૫૦૩ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ અને આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પોલીસ ખાતાની સંવર્ગવાર અને તાલુકાવાર મંજુર થયેલી જગ્યાઓ કેટલી છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) અને (૨) : સામેલ *પત્રક મુજબ. |
| (૩) ઉક્ત ખાલી જગ્યા ભરવા શી કાર્યવાહી કરી ? | (૩) –પોલીસ ઈન્સ્પેક્ટર સંવર્ગમાં કુલ–૧૭૭ જગ્યા પર બઢતી આપવા પસંદગી યાદી તૈયાર કરવામાં આવી રહેલ છે.<br>– કુલ–૧૧૫ પોલીસ ઈન્સ્પેક્ટરની સીધી ભરતીની પ્રક્રિયા ગુજરાત જાહેર સેવા આયોગે હાથ ધરી છે જેમાં લેખિત કસોટી, શારીરિક કસોટી પૂર્ણ થયેલ છે.<br>– પોલીસ કોન્સ્ટેબલ સંવર્ગની કુલ–૫૬૩૫ જગ્યાઓ ભરવાની સરકારશ્રીએ મંજૂરી આપી છે જે માટે ભરતી બોર્ડની રચના કરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. |

( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, સમયસર પોલીસ ભરતી ન થવાના કારણે આજે ગુનાખોરી વધી રહી છે. લૂંટફાટ, ખૂન, અપહરણ જેવા ગુનાઓ વધી રહ્યા છે. હાલનું મહેકમ જે છે એ તે વખતની વસતિના આધારે નિયત થયેલ છે પરંતુ ત્યારબાદ વસતિમાં અનેક ગણો વધારો થયો છે. તે જોતાં લોકોની સુરક્ષા, કાયદો અને વ્યવસ્થાની જાળવણી અને ગુનાઓ નાથવાની કામગીરી જોતાં હાલના સેટ–અપને રીવાઇઝ કરી વધારાનું મહેકમ મંજૂર કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે, અમદાવાદ જિલ્લામાં બિન હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલની તમામ તાલુકાઓમાં જગ્યાઓ ભરાયેલ છે. ત્યારે વિરમગામમાં ૫૩ માંથી ૧૫ જગ્યાઓ ખાલી છે તો એના કારણો શું છે અને ત્રીજો પ્રશ્ન એ છે કે, પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ કોન્સ્ટેબલની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે તેમાં પસંદગી પામનારને કેટલા વર્ષ સુધી ફીક્સ પગારથી નોકરી આપવામાં આવશે? અમદાવાદ અને આણંદ જિલ્લામાં જગ્યાઓ ખૂબ ખાલી છે. તો એ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( જેલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રી લાખાભાઇએ જે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને પોલીસની ભરતીના સંદર્ભમાં પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે એના જવાબમાં ગુજરાત સરકારની અંદર પોલીસ ભરતીના છેલ્લા ત્રણ વર્ષના આંકડા આપવા માગું છું. એમાં છેલ્લા ત્રણ વર્ષમાં બિન હથિયારધારી, હથિયારધારી, ઈન્ટેલીજન્સ ઓફિસર, આસીસ્ટન્ટ ઈન્ટેલીજન્સ ઓફિસર, હથિયારધારી કોન્સ્ટેબલની કુલ ૨૨ હજાર કરતાં વધારે ભરતી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે અને એમાં ૩૩ ટકા લેખે ૭૨૬૭ મહિલાઓની પણ ભરતી કરવામાં આવી છે અને એ ઉપરાંત માત્ર મેન પાવરની ભરતીના આધાર ઉપર નહિ પરંતુ ટેકનોલોજીકલી મેં કહ્યું તેમ સી.સી.ટી.વી.નું નેટવર્ક પણ ગોઠવવામાં આવ્યું છે. પી.સી.આર. વાનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. એટલે મેન પાવર, સ્કીલ મેન પાવર અને ટેકનોલોજીની સંયુક્ત રીતે લો એન્ડ ઓર્ડરની રાજ્ય સરકાર દ્વારા પૂરતી ચિંતા કરવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વર્ષ ૨૦૧૭માં વર્ગ–૩ સંવર્ગની ભરતી કરવામાં આવેલ તે પૈકી અમદાવાદ ગ્રામ્ય અને આણંદ જિલ્લામાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફાળવવામાં આવેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જે સીધી ભરતીથી પોલીસ કોન્સ્ટેબલ અને લોકરક્ષકમાં ૧૩૦૦૦ જગ્યાઓની સીધી ભરતી કરવામાં આવી એ પૈકી અમદાવાદમાં બિન હથિયારધારી પુરુષ લોકરક્ષકમાં જનરલમાં ૮૪, એસ.સી.માં ૧૨, એસ.ટી.માં ૧૬, ઓ.બી.સી.માં ૪૩ એમ ટોટલ ૧૬૧ છે. એ પ્રમાણે બિન હથિયારધારી મહિલા લોક રક્ષક જનરલમાં ૪૧, એસ.સી.માં ૯, એસ.ટી.માં ૮, ઓ.બી.સી.માં ૨૧, એમ ટોટલ ૭૯ છે. હથિયારધારી પુરુષ લોકરક્ષક અમદાવાદ ગ્રામ્યમાં ૭ જનરલમાં, ૧ એસ. સી.માં, ૧ એસ.ટી., ૪ ઓ.બી.સી એમ ટોટલ ૧૩ છે. અમદાવાદ ગ્રામ્યમાં હથિયારધારી મહિલા લોક રક્ષક જનરલ–૩, એસ.સી. ૧, એસ.ટી.૧, ઓ.બી.સી. ૧ એમ ટોટલ ૬. આમ કરીને અમદાવાદ ગ્રામ્યની અંદર ૨૫૯ એ ઉપરાંત આણંદની અંદર આ પ્રમાણે જવાબ થોડોક વિસ્તૃત છે પણ આણંદની અંદર પણ આ પ્રમાણે ૨૫૭ જેટલી જુદા જુદા કેટેગરી પ્રમાણે અને જુદી જુદી જનરલ, એસ.સી., એસ. ટી., ઓ.બી.સી. પ્રમાણે રાજય સરકાર દ્વારા એમની નિમણૂકો કરીને જે ખાલી જગ્યાઓ છે એ ભરવા માટેનો પ્રયાસ કરેલ છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કેટલાક પોલીસ સ્ટેશનોની અંદર કેટલાક કર્મચારીઓ એક કરતાં વધુ વખત બદલી થઇને આવેલા હોય છે. બદલી થાય તો બાજુના પોલીસ સ્ટેશનમાં બે ચાર મહિના જઇને પાછા મૂળ સ્ટેશનમાં આવી જાય છે. વતનનો લાભ વારંવાર લેતા હોય છે. આવી બાબતો ધ્યાનમાં આવેલી છે. ખાસ કરીને ખનીજ માફિયાઓ સાથે..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, પ્રશ્ન પૂછો.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : એની સાથે સંકલનમાં રહેતા હોય છે એ લોકો એનો વહીવટદાર એવું કંઇક નામ આપે છે. તો આવા કર્મચારીઓની જિલ્લા બહાર બદલી કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આખા પ્રશ્નનો સ્કોપ બદલાઇ જાય છે. કદાચ જરૂર હોય તો હું લાંબો વિસ્તૃત, ઘણો લાંબો જવાબ થઇ જશે પણ આ રાજય સરકાર કોઇ વહીવટદારને ચલાવવા માગતી નથી. આ સીસ્ટમની અંદર ક્યાંક આ વહીવટદાર નામનું તત્વ મારા પણ ધ્યાનમાં આવ્યું છે, તમારા પણ ધ્યાનમાં આવે અને એમાં વાજબીપણુ હશે, માત્ર રાજકીય મતમતાંતરથી નહીં, પરંતુ એમાં વાજબીપણુ હશે તો આવા વહીવટદારોનો નિકાલ કરવા માટે રાજય સરકાર સંપૂર્ણ રીતે તૈયાર છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજય પોલીસ દળમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન મહિલાઓની કેટલી ભરતી કરવામાં આવી, અને આવનારા વર્ષમાં કેટલા મહિલા ઉમેદવારોની ભરતી કરવામાં આવશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહિલા ધારાસભ્યશ્રીએ પૂછયું છે કે, થયેલી ભરતીમાં મહિલાઓની કેટલી ટકાવારી છે, તો એના સંદર્ભમાં મારે કહેવું છે કે, ત્રણ વર્ષમાં બિન હથિયારધારી પોલીસ સબ ઇન્સ્પેકટર તરીકે કુલ જગ્યાઓ ૭૨૦ હતી એમાં ૨૩૮ મહિલાઓ એ પોલીસ સબ ઇન્સ્પેકટર તરીકે સીલેક્ટ થઇ છે. આ ઉપરાંત બિન હથિયારધારી આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેકટર તરીકે ૧૦૦૦ જગ્યાઓ હતી એમાં ૩૩૦ જેટલી જગ્યાઓ મહિલાઓ આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેકટર તરીકે ભરતી થઇ છે. આ પૂરતુ સીમિત નથી પણ ઇન્ટેલીજન્ટ ઓફિસરની કલાસ–૩ની જે જગ્યા ૫૯ હતી એમાં ૧૯ મહિલાઓ હવે રાજયમાં ઇન્ટેલીજન્ટ ઓફિસર તરીકે કામ કરવાની છે. આસિસ્ટન્ટ ઇન્ટેલીજન્ટ ઓફિસર તરીકે પણ ૨૭ થઇ છે અને બિન હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલની ૧૬૯૫૦ જે ભરતી થઇ એમાં ૫૫૯૩ મહિલાઓની પોલીસ કોન્સ્ટેબલ તરીકે થઇ છે અને હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલમાં ૩૨૦૦ જગ્યાઓમાંથી ૧૦૫૬ હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલ મહિલાઓની ભરતી કરવામાં આવી છે. આમ, છેલ્લા ત્રણ વર્ષમાં ૨૨૦૧૧ પોલીસ કર્મચારીની ભરતીના ૩૩ ટકા એટલે ૭૨૬૩ મહિલાઓની રાજયના પોલીસ તંત્રમાં ભરતી કરવામાં આવી છે.

ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગરને એન.એ.બી.એલ.ની માન્યતા

* ૫૯૯૯ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગરને એન.એ.બી.એલ. માન્યતા મળેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ જોગવાઈ મુજબ માન્યતા મળેલ છે, અને | (૨) I.S.O./I.E.C. 17025-2005 મુજબ માન્યતા મળેલ છે. |
| (૩) ક્યારે માન્યતા મળેલ છે ? | (૩) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીને સને મે ૨૦૦૬ના વર્ષમાં એન.એ.બી.એલ માન્યતા મળેલ છે. |

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, એન.એ.બી.એલ.ની માન્યતા મેળવવા માટે શું શું સુવિધાઓ હોવી જરૂરી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીની એન.એબી.એલ નું માન્ય સર્ટીફીકેટ આપણને મળે, એ રાજય સરકાર માટે ગૌરવની ઘટના છે, આના કારણે આપણા ઈન્ટરનેશનલ રેકગનાઈઝેશનમાં અનેક ગણો વધારો થાય છે. માનનીય સભ્યશ્રીએ પૂછયું છે તેના સંદર્ભમાં બેઝીકલી શું રીકવાયરમેન્ટ છે, તો તેના માટેની પહેલી જરૂરીયાત છે તે મેનેજમેન્ટ રીક્વાયરમેન્ટની, અને બીજી જરૂરીયાત છે એ ટેકનીકલ રીકવાયરમેન્ટની, મેનેજમેન્ટ રીક્વાયરમેન્ટમાં વર્ક પ્લેસનું જે એન્વાયરરમેન્ટની કવોલીટી છે, તેની મેનેજમેન્ટની જે સીસ્ટમ છે તેમાં ઉત્તરોત્તર સુધારા સાથે તેના પ્રીવેન્ટીવ એકશન વગેરેનો સમાવેશ થાય છે. જે ટેકનીકલ પોર્ટની આવશ્કયતા છે તેમાં રેગ્યુલરલી સ્કીલ અપગ્રેડેશન ટ્રેનીંગ ઇક્વીપમેન્ટ, ગ્લાસ વેર, કેલીબરેશન મેથડ,વેલીડેશન, જુદા જુદા ટેસ્ટીંગ અને એનાલીસસ માટેની સિસ્ટમ પ્રમાણીત કરવી અને ઈન્ટરનલ ઓડિટર અને પરિણામોના અહેવાલો અંગેની પદ્ધતિ છે. આ એન.એ.બી.એલ. નું ફૂલફોર્મ બધા સભ્યશ્રીઓને ખબર નહીં હોય, તેનો મતલબ એ છે કે નેશનલ એક્રેડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરી એના માટે સભ્યશ્રીએ જે પૂછયો એન.એ.બી.એલ.ની માન્યતા માટે આટલી રીક્વાયરમેન્ટ ફૂલફીલ કરવી પડે છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા પૂછવા માગું છું કે આ એન.એ.બી. એલ. નું પ્રમાણપત્ર કોણ આપે છે અને તે આપવાનો ક્રાઈટેરિયા શું છે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી સેન્ટ્રલ ગર્વનમેન્ટ દ્વારા એના ક્રાઈટેરિયા પ્રમાણે એની ટેકનિકલ રીક્વાયરમેન્ટ અને તેની મેનેજમેન્ટ રીક્વાયરમેન્ટ છે એને ફૂલફીલ કરે તેને આનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આઇ.એસ.ઓ. ૯૦૦૦ અને આ એન.એ.બી.એલ, એ બન્ને વચ્ચે કેવા પ્રકારનો તફાવત છે અને તેની ઉપયોગીતા શું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આઇ.એસ.ઓ. ૯૦૦૦થી જ આપણે લોકો વાકેફ છીએ. અને આઇ.એસ.ઓ ૯૦૦૦ એ તો માત્ર ક્વોલીટી સિસ્ટમના મેનેજમેન્ટ આધારિત હોય છે. આ આપણું જે એન.એ.બી.એલ. છે તેની લેબોરેટરી છે તે ટેકનીકલ કોમ્પીટીશનના આધારે મળે છે. આ બે વચ્ચેનો જે ભેદ છે એમાં પેલામાં બેઝીકલી કવોલીટી સિસ્ટમ છે અને આમાં ટેકનીકલ અને મેનેજમેન્ટ બોથ સિસ્ટમ મેઈન્ટેન કરે છે. ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના માધ્યમથી એની આપણને માન્યતા મળતી હોય છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, આ એફ.એસ.એલ. ની માન્યતા મળેલ એન.એ.બી.એલ.ની વિશેષતાઓ શું હોય છે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એન.એ.બી.એલ મીન્સ કે તેના માધ્યમથી તેના નિશ્ચિત કરેલા ક્રાઈટેરિયા, મેનેજમેન્ટ અને ટેકનીકલી વખતો વખત તેનું નિરીક્ષણ કરીને તે મેઈન્ટેઇન થાય છે કે નહીં. મને કહેતાં આનંદ અને ગૌરવ થાય છે કે આપણે જે ઇનહાઉસ ટેકનોલોજી ડેવલપ કરી અને તેના લીધે એન.એ.બી.એલ. વાળાએ અહીં આવીને જે વીઝીટ કરી અને તેમણે ત્યાર પછી આપણા ગુજરાતની અંદર ગૌ હત્યા અને તેના કારણે જે બીટ એ બીટમાં શું થાય કે સમસયસર કે સ્થળ ઉપર એકઝામીન કરવામાં જો વાર લાગે તો સ્ટ્રકચર ફરી જવાના કારણે મોટી એરર આવે અને તેના કારણે આઈડેન્ટીફાઇ ન થાય કે આ કાઉ બીટ છે કે કેમ, તેના માટે ટેસ્ટીંગ વાન કરી છે. એન.એ.બી.એલ.ની માન્યતા મળી છે જે આપણા માટે ગૌરવની વાત છે. એવી જ રીતે ક્રાઇમ સીન વાન કરી છે અને આપણે દરેક જિલ્લાની અંદર એક વાન બનાવી છે જે સ્થળ ઉપર જાય અને તેના પ્રાયમરી ઇન્વેસ્ટીગેશનના એનાલીસસ કરી શકે અને તેના કારણે ક્રાઇમ ડીટેકશનની અંદર આપણને બહુ ઉપયોગી થઇ શકે. તો આને પણ એન.એ.બી.એલ. દ્વારા માન્યતા આપવામાં આવી છે. જેના કારણે આખા દેશની અંદર વી આર ઓન્લી સ્ટેટ જેને આની અંદર રેકેગ્નીશન મળેલ છે.

શ્રી બ્રિજેશ મેરજા : ગુજરાતની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખૂબ સારી કામગીરી કરી રહી છે એના માટે અમને પણ ગૌરવ છે. પરંતુ એની કામગીરી છે એને વેગવંતી કરવાની ખાસ જરૂર છે. કારણ કે સૌરાષ્ટ્રમાં અત્યારે વ્યાજખોરોના ત્રાસને લીધે આપઘાતના બનાવો બને છે એમાં જે સ્યુસાઇડ નોટ લખે છે એના હેન્ડરાઈટીંગની ચકાસણી આ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં થાય છે અને એ ચકાસણી કરતાં ઘણો સમય જાય છે એના લીધે પેલો વ્યાજખોર જામીન લઇને છૂટી જાય છે. તો એ નિયત સમય મર્યાદામાં કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, મારો અનુભવ છે કે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો રિપોર્ટ ન આવે ત્યાં સુધી કોર્ટ પણ જામીન આપતી હોતી નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ દેશના પ્રધાનમંત્રી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને અગ્રિમતા આપવામાં આવી હતી. એન.ડી.એ.ની માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકાર દ્વારા આ સાયન્સ યુનિવર્સિટીને ૩૦૦ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી હતી. હમણાં જ માર્ગ અને મકાન મંત્રીએ પણ આપણા સરિતા ઉધાનની બાજુની આવેલી ખૂબ વેલ્યુએબલ અને સારા લોકેશનવાળી ૬૦ હજાર ચોરસ મીટર જમીન આ

ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને એકસપાન્સન માટે એકવાયર કરીને આપવામાં આવેલ છે. આ લેબોરેટરીનો સવાલ હોય કે યુનિવર્સિટીનો સવાલ હોય કે આખા પોલીસ સમાજમાં પોલીસનો સ્ટાફ તથા ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો સ્ટાફ વધતો જાય છે. નવો મેન પાવર ઉમેરીને જે પ્રકારના નમૂના આવ્યા હોય. એમણે ફિંગરપ્રિન્ટ હેન્ડરાઈટીંગની વાત કરી એમની પાસે કામનું ભારણ છે અને એમાં ચોક્કસાઈની પણ આવશ્યકતા હોય છે એના લીધે કામની ગતિ લાવવામાં થોડો વિલંબ થાય છે. ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન માટે વધારે મેન પાવર મૂકીને કોર્ટની ન્યાયિક પ્રક્રિયામાં એના કારણે વિલંબ ન થાય એના માટે જરૂરી પગલાં લેવામાં આવશે.

રાજીવ આવાસ યોજના હેઠળ કેન્દ્ર સરકારની સહાય

* ૬૩૫૫ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજીવ આવાસ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી કોઈ સહાય મળે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યારે–ક્યારે કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળી ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજીવ આવાસ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી સહાય મળેલ છે.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ફાળવેલ રકમની વિગત નીચે મુજબ છે.

(રૂ. કરોડમાં)

| ક્રમ | ૨૦૧૬–૧૭ | | ૨૦૧૭–૧૮ | |
|---|---|---|---|---|
| | તારીખ | રકમ | તારીખ | રકમ |
| ૧ | ૨૮/૧૦/૨૦૧૬ | ૨૮.૭૫ | ૨૬/૦૪/૨૦૧૭ | ૨.૫૪ |
| ૨ | ૧૩/૦૭/૨૦૧૬ | ૦.૩૩ | ૨૬/૦૪/૨૦૧૭ | ૨૦.૮૭ |
| ૩ | ૦૯/૦૨/૨૦૧૭ | ૨.૩૨ | ૨૫/૦૫/૨૦૧૭ | ૧૨.૮૭ |
| ૪ | ૦૯/૦૩/૨૦૧૭ | ૦.૬૩ | --- | --- |

શ્રી કાળાભાઈ ર. ડાભી : મારો પ્રશ્ન એ છે કે કઠલાલ અને કપડવંજ તાલુકામાં રાજીવ ગાંધી આવાસ યોજના ઘણા સમયથી બંધ છે તો એના કારણો શું છે? મારો બીજો પ્રશ્ન છે કે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ઓન લાઇન સિસ્ટમની ખામીના લીધે ચીપીયાર અને ગોમતીપુર આ બે ગામોના લાભાર્થીઓને લાભ મળ્યો નથી, તો એ આપવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે ભારત સરકાર તરફથી કોઇ ગ્રાન્ટ મળી છે કે કેમ. બીજો સભ્યશ્રીનો પ્રશ્ન છે કે છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ મળી. એમાં કપડવંજ કે કઠલાલ તાલુકાના ગામો વિશે કોઇ પ્રશ્ન પૂછેલ નથી. પરંતુ ગ્રાન્ટ બાબતનો પ્રશ્ન છે ત્યારે જણાવું કે રાજીવ ગાંધી આવાસ યોજના ચાલતી હતી એ વખતે જે ગ્રાન્ટ ૩૬ કરોડ ૨૮ લાખ રૂપિયા પ્રાપ્ત થઇ એની માહિતી આપી છે. પરંતુ એન.ડી.એ.ની માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવ્યા પછી આ રાજીવ ગાંધી આવાસ યોજના બંધ કરીને એની જગ્યાએ વધારે ઉદાર, ઉપયોગી, ગરીબ અને મધ્યમવર્ગને મકાન બનાવવા સહાય મળે એ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી વિસ્તાર માટે અને ગ્રામ્ય વિસ્તાર માટે માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે મંજૂર કરી છે. એનો મોટો લાભ શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના ગુજરાતનો ગરીબ વર્ગ, મધ્યમવર્ગ અને ઝૂંપડપટ્ટી માટે મળે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાનું મહેકમ

* ૫૯૮૭ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતામાં વર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) આ મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે

જવાબ

(૧)

| વર્ગ | મંજુર મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૫૦ |
| વર્ગ–૨ | ૬૮ |
| વર્ગ–૩ | ૬૬૭ |
| વર્ગ–૪ | ૯૩ |
| કુલ | ૮૭૮ |

(૨)

અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

| વર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ–૧ | ૧૯ | ૩૧ |
| વર્ગ–૨ | ૧૫ | ૫૩ |
| વર્ગ–૩ | ૩૧૪ | ૩૫૩ |
| વર્ગ–૪ | ૪૪ | ૪૯ |
| કુલ | ૩૯૨ | ૪૮૬ |

(૩) વર્ષ ૨૦૧૭–૧૮માં ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩)

- વર્ગ–૧ અને વર્ગ–૨ સંવર્ગની ભરતી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર તથા વર્ગ–૩ સંવર્ગની ભરતી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પસંદગી પ્રક્રિયા હેઠળ છે.
- બઢતીથી ભરવાની જગ્યાઓ માટેની પ્રક્રિયા ચાલુ છે.
- વર્ગ–૪ની જગ્યાઓ આઉટસોર્સથી ભરવામાં આવે છે.

---------

જુનાગઢ જિલ્લામાં ગૌણ ખનીજનો નિકાલ

* ૭૦૮૮ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઇડર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં ગૌણ ખનિજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તેવી ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ના વર્ષમાં કોઈ યોજના સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં ખનિજવાર ઉક્ત સમયગાળામાં શું આયોજન કરવામાં આવ્યું ?

જવાબ

(૧) હા જી.

(૨) સાદી રેતી ખનિજના ૧૧, બ્લેકટ્રેપ ખનિજના–૦૫ અને બિલ્ડીંગ લાઈમસ્ટોન ખનિજના–૦૨ બ્લોક બનાવવાનું આયોજન કરેલ છે.

---------

કચ્છ અને અમદાવાદ જિલ્લામાં રાજીવ આવાસ યોજના

* ૬૨૮૧ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને અમદાવાદ જીલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અન્વયે કેટલા આવાસો બાંધવામાં આવ્યા,

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને અમદાવાદ જીલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અન્વયે બાંધવામાં આવેલ આવાસોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જીલ્લો | શહેરનું નામ | મંજુર આવાસોની સંખ્યા | બાંધવામાં આવેલ આવાસો | |
|---|---|---|---|---|---|
| | | | | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
| રાજીવ આવાસ યોજના – સ્લમ ઘટક | | | | | |
| ૧ | કચ્છ | ભુજ | ૩૦૪ | ૦ | ૦ |
| ૨ | અમદાવાદ | અમદાવાદ | ૨૫૨૮ | ૦ | ૨૫૨૮ |
| રાજીવ આવાસ યોજના – એ.એચ.પી. ઘટક | | | | | |
| ૧ | કચ્છ | ભુજ | ૦ | ૦ | ૦ |
| ૨ | અમદાવાદ | અમદાવાદ | ૫૦૮૨ | ૫૦૮૨ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | (મ.ન.પા.) | | | |
| | | અમદાવાદ (ઔડા) | ૧૯૬૦ | ૩૦૮ | ૧૬૫૨ |
| | | અમદાવાદ (જી.એચબી.) | ૧૨૦૮ | ૧૨૦૮ | ૦ |

(૨) ઉક્ત આવાસો બાંધવા માટે રાજ્ય સરકાર અને લાભાર્થીનો કેટલા ટકાનો રેશીયો નક્કી કરવામાં આવેલ છે, અને

(૨) રાજીવ આવાસ યોજના–સ્લમ ઘટક હેઠળ નીચે મુજબનો સહાય રેશીયો નિયત કરવામાં આવેલ છે.

| ધોરણ | કામો માટે | રાજ્ય સરકારશ્રી સહાય | લાભાર્થીનો ફાળો |
|---|---|---|---|
| ૫ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરો માટે | બાંધકામ માટે | ૨૫ ટકા | ૨૫ ટકા |
| | માળખાગત સુવિધા માટે | ૨૫ ટકા | ૦ |
| ૫ લાખ સુધીની વસ્તી ધરાવતા શહેરો માટે | બાંધકામ માટે | ૧૫ ટકા | ૧૦ ટકા |
| | માળખાગત સુવિધા માટે | ૧૫ ટકા | ૦ |

- રાજીવ આવાસ યોજના–એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપ (એ.એચ.પી.) ઘટક હેઠળ નીચે મુજબનો સહાયની રકમ નિયત કરવામાં આવેલ છે.

| કેટેગરી | રાજ્ય સરકારશ્રીની સહાય પ્રતિ આવાસ | લાભાર્થીનો ફાળો પ્રતિ આવાસ |
|---|---|---|
| EWS | રૂ. ૧,૫૦,૦૦૦/– | રૂ. ૩,૦૦,૦૦૦/– |

(૩) ઉક્ત આવાસો પૈકી કેટલા આવાસોનું કામ ચાલુ છે, તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩)

| ક્રમ | જીલ્લો | શહેરનું નામ | પ્રગતિ હેઠળના આવાસોની સંખ્યા | આવાસોની કામગીરી પુર્ણ કરવાનું આયોજન |
|---|---|---|---|---|
| ૧ | કચ્છ | ભુજ | ૩૦૪ | આવાસોની કામગીરી બાંધકામના અંતિમ તબક્કામાં હોઈ બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૨ | અમદાવાદ | અમદાવાદ (મ.ન.પા.) | ૦ | તમામ આવાસોનું કામ પૂર્ણ થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત |
| | | અમદાવાદ (ઔડા) | ૦ | |
| | | અમદાવાદ (જી.એચ.બી) | ૦ | |

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

પંચમહાલ જિલ્લામાં ખનિજ પરીવહનથી અસરગ્રસ્ત માર્ગો માટે ગ્રાન્ટ

* ૬૦૬૧ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે સરકારે ૨૦૧૭–૧૮ના વર્ષમાં કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરેલ છે ? | (૨) |

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૬ | શૂન્ય |
| ૨૦૧૭ | ૦.૪૬ |

---------

અમરેલી અને છોટાઉદેપુર જિલ્લામાં રાજીવ આવાસ યોજના

* ૬૨૮૩ શ્રી જે.વી. કાકડીયા (ધારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને છાટાઉદેપુર જીલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અન્વયે કેટલા આવાસો બાંધવામાં આવ્યા, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને છોટાઉદેપુર જીલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અંતર્ગત કોઇ પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત આવાસો બાંધવા માટે રાજ્ય સરકાર અને લાભાર્થીનો કેટલા ટકાનો રેશીયો નક્કી કરવામાં આવેલ છે,અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત આવાસો પૈકી કેટલા આવાસોનું કામ ચાલુ છે, તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગરને એન.એ.બી.એલની માન્યતા

* ૫૯૯૭ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગરને એન.એ.બી.એલ માન્યતા મળેલ છે કે કેમ, | (૧) હા.જી |
| (૨) જો હા, તો કઇ જોગવાઇ મુજબ માન્યતા મળેલ છે, અને | (૨) I.S.O/I.E.C. 17025-2005 મુજબ માન્યતા મળેલ છે. |
| (૩) ક્યારે માન્યતા મળેલ છે? | (૩) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીને સનેઃ મે ૨૦૦૬ના વર્ષમાં એન.એ.બી.એલ માન્યતા મળેલ છે, |

---------

બનાસકાંઠા જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

* ૬૦૨૮ શ્રી શશીકાન્ત પંડ્યા (ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જીલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૪૫૨૪. |

---------

રાજકોટ જિલ્લામાં મુખ્યમંત્રી આવાસ યોજના

* ૧૯૨૭ શ્રી કુંવરજીભાઇ બાવળીયા (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ શહેરમાં તાલુકાવાર છેલ્લા બે વર્ષ દરમ્યાન મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ કેટકેટલી અરજીઓ આવી.

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ નીચે મુજબની અરજીઓ આવી.

| ક્રમ | સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા/ અર્બન લોકલ ઓથોરીટી | અરજીઓ ની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગુજરાત હાઉસીંગ બોર્ડ, (રાજકોટ શહેર માટે) | ૨૮૦ |
| ૨ | રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, (રાજકોટ શહેર માટે) | ૮૫૧૧ |
| ૩ | રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ, (RUDA વિસ્તાર) | શુન્ય |
| ૪ | ગોંડલ | શુન્ય |
| ૫ | ઉપલેટા | શુન્ય |
| ૬ | જસદણ | શુન્ય |
| ૭ | જેતપુર | શુન્ય |
| ૮ | ભાયાવદર | શુન્ય |
| ૯ | ધોરાજી | શુન્ય |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી આવાસ બનાવાયા.અને

(૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરી આવાસ બનાવ્યા

| ક્રમ | સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા/ શહેરી વિકાસ સત્તા મંડળ | અરજીઓ મંજુર કરી આવાસ બનાવ્યા |
|---|---|---|
| ૧ | ગુજરાત હાઉસીંગ બોર્ડ -રાજકોટ | ૫૧ |
| ૨ | રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન | ૪૦૯૧ |
| ૩ | રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ | શુન્ય |
| ૪ | ગોંડલ | શુન્ય |
| ૫ | ઉપલેટા | શુન્ય |
| ૬ | જસદણ | શુન્ય |
| ૭ | જેતપુર | શુન્ય |
| ૮ | ભાયાવદર | શુન્ય |
| ૯ | ધોરાજી | શુન્ય |

(૩) તે પૈકી કેટલી રકમ ચુકવવામાં આવી

(૩) તે પૈકી નીચે મુજબની રકમ સ્થાનિક સ્વરાજની સંસ્થા/શહેરી વિકાસ સત્તા મંડળને ચુકવવામાં આવી

| ક્રમ | સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા / શહેરી વિકાસ સત્તા મંડળ | થયેલ ચુકવણીની રકમ |
|---|---|---|
| ૧ | ગુજરાત હાઉસીંગ બોર્ડ, રાજકોટ શહેર માટે | અરજીઓ એમ.આઇ.જી. પ્રકારની હોઇ સરકારશ્રી દ્વારા સબસીડી પેટે કોઇ રકમ ચિકવવાની રહેતી નથી. |
| ૨ | ગુજરાત મ્યુનિસિપલ | રૂ. ૩૮૬ (કરોડ) |

| | કોર્પોરેશન | |
|---|---|---|

---------

સુરત શહેરમાં પોલીસ રહેણાક મકાન

* ૬૦૨૪ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત શહેર પોલીસના અધિકારી/કર્મચારીઓ માટે કુલ કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) કુલ–૧૧૬ રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, |
| (૨) આ માટે નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) કુલ રૂ।.૧૫૮૨.૦૦ લાખ. |

---------

દિપોત્સવી અંકનુ છાપકામ

* ૬૩૪૮ શ્રી કાંતિભાઇ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માહિતી અને પ્રસારણ ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાતના દિપોત્સવી અંકોની વર્ષવાર કેટલી નકલો છપાવવામાં આવી અને વર્ષવાર કેટલો ખર્ચ થયો,

(૨) ઉક્ત અંકો સરકારી પ્રેસમાં છપવામાં આવ્યા કે ખાનગી પ્રેસમાં, ખાનગી પ્રેસમાં છાપવામાં આવ્યા હોય તો કોને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) તે અન્વયે વર્ષવાર કેટલા અંકો મફત વિતરણ કરાયા અને કેટલા અંકો વેચાણથી આપવામાં આવ્યા અને વેચાણ પેટે વર્ષવાર કેટલી આવક થઇ?

**જવાબ**

(૧)

| વર્ષ | છપાયેલ નકલો | ખર્ચની રકમ |
|---|---|---|
| ૨૦૧૬ | ૧૫૦૦૦ | ૨૨,૫૨,૩૧૪/– |
| ૨૦૧૭ | ૧૫૦૦૦ | ૨૨,૯૮,૫૩૨/– |

(૨) ઉક્ત અંકો સરકારી પ્રેસમાં છાપવામાં આવ્યા છે.

(૩)

| વર્ષ | મફત વિતરણ કરાયેલ નકલો | વેચાણ કરેલ નકલોની સંખ્યા | વેચાણ કરેલ નકલો અન્વયે થયેલ આવક |
|---|---|---|---|
| ૨૦૧૬ | ૭૯૦૯ | ૭૦૯૧ | ૧,૯૪,૩૦૬/– |
| ૨૦૧૭ | ૮૫૨૦ | ૬૪૮૦ | ૧,૯૩,૫૬૦/– |

---------

ભાવનગર જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

* ૬૦૨૯ શ્રી ભીખાભાઈ બારૈયા (પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાનવનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે? | (૨) ૪૧૬૧. |

---------

ગીર સોમનાથ અને પોરબંદર શહેરમાં ગરીબો માટે આવાસ

* ૬૩૭૯ શ્રી બાબુભાઇ વાજા (માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે કેટલા આવાસો ગીર સોમનાથ અને પોરબંદર શહેરમાં શહેરવાર બાંધવામાં | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે બાંધવામાં આવેલ આવાસોની વિગત નીચે મુજબ છેઃ |

આવ્યા,

| ક્રમ | શહેરનું નામ | બાંધવામાં આવેલ આવાસોની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
| ૧ | ગીર સોમનાથ | ૫૨૮ | ૪૩૨ |
| ૨ | પોરબંદર | ૦ | ૦ |

(૨) ઉક્ત આવાસો બાંધવા માટે શહેરવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) ઉક્ત આવાસો માટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો,

| ક્રમ | શહેરનું નામ | વર્ષ ૨૦૧૬માં કરેલ ખર્ચ રૂ. લાખમાં | વર્ષ ૨૦૧૭માં કરેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૧૯૪૩.૭૦ | ૧૫૯૦.૩૦ |
| ૨ | પોરબંદર | ૦ | ૦ |

(૩) આ આવાસો પૈકી કેટલાનો કબ્જો માલિકોને સોંપવામાં આવ્યો અને કેટલાનો કબ્જો સોંપવાનો બાકી છે, અને

(૩)

| ક્રમ | શહેરનું નામ | કબ્જો સોંપવામાં આવેલ આવાસોની સંખ્યા | કબ્જો સોંપવાનો બાકી હોય તેવા આવાસોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૯૬૦ | ૦ |
| ૨ | પોરબંદર | ૦ | ૦ |

(૪) કેટલા આવાસોનું કામ ચાલુ છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૪)

| ક્રમ | શહેરનું નામ | પ્રગતિ હેઠળના આવાસો ની સંખ્યા | પૂર્ણ થવાનો સમયગાળો |
|---|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૩૪૨ | આવાસનું નિર્માણ BLC ઘટક અંતર્ગત લાભાર્થી દ્વારા જાતેજ કરવાનું હોઈ બનનાર આવાસનો સમયગાળો અલગ અલગ રહેશે. |
| ૨ | પોરબંદર | ૦ | – |

---------

મોરબી અને રાજકોટ જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૪૧૭૫ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય જેલમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને રાજકોટ જીલ્લા અને રાજકોટ શહેરમાં કેટલો વિદેશી દારૂ, કેટલી રકમનો પકડાયો,અને

(૧)

| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા. ૩૧/૧૨/૨૦૧૭ | | |
|---|---|---|
| જિલ્લા /શહેર | વિદેશી દારૂ (બોટલમાં) | વિદેશી દારૂ (કિંમત) |
| રાજકોટ શહેર | ૧૧૧૨૫૨ | ૩૦૦૨૭૧૨૦ |
| રાજકોટ ગ્રામ્ય | ૯૯૬૩૮ | ૨૨૪૩૪૫૯૨ |
| મોરબી | ૧૩૯૩૦૧ | ૩૩૬૭૬૭૪૦ |

(૨) દારૂબંધીના કડક અમલ માટે સરકારે શા શા પગલા ભર્યા છે.

(૨) દારૂની હેરફેર અટકાવવા માટે પ્રોહિબીશન ધારાની જોગવાઈઓમાં સુધારા કરી સજાનું પ્રમાણ વધારેલ છે. દારૂના હેરફેરની પ્રવૃત્તિ કરતા ઈસમો વિરૂદ્ધ ઉક્ત સુધારેલ નવા કાયદાની જોગવાઇ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સ્થાનિક પોલીસ અને એલ.સી.બી., એસ.ઓ.જી., આર.આર.સેલ, એસ.એમ.સી. દ્વારા ખાનગી બાતમીદારો રોકી વધુમાં વધુ દારૂનો જથ્થો શોધી કાઢી કેસો કરવામાં આવેલ છે.

લોક દરબાર યોજી આવી બદી સદંતર નેસ્તનાબુદ થાય તે માટે જાગૃત નાગરીકો તથા ગ્રામજનોને સમજાવી સહકાર મેળવવામાં આવે છે.

પ્રોહિબીશન કાયદાની અમલવારી માટે નિયમિત ડ્રાઈવ ગોઠવવામાં આવે છે. તેમજ આવી પ્રવૃત્તિ આચરનાર ઈસમો વિરૂધ્ધ પ્રોહિબિશન ૯૩, જી.પી.એક્ટ ૫૫, ૫૬ અને પાસા જેવા અટકાયતી પગલા લેવામાં આવે છે.

સ્ટેટ મોનીટરીંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરીયાદ મળી શકે તે માટે ટોલ ફ્રી નંબર અને વ્હોટ્સએપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

---------

### કચ્છ જિલ્લામાં મુખ્ય ખનિજમાં રોયલ્ટીની આવક

* ૬૦૬૪ માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અસ્તિત્વ ધરાવતી મુખ્ય ખનિજની લીઝોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૨૪ (ચોવીસ) |
| (૨) કચ્છ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હયાત લીઝોમાં રોયલ્ટીની કેટલી આવક થઈ? | (૨) રૂ. ૧૩૨૮૫.૭૮ લાખ. |

---------

### આણંદ અને ખેડા જિલ્લામાં ખનીજ ચોરી

* ૪૦૯૮ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર ખનીજ ચોરી થતી હોવાની કેટલી ફરીયાદો મળી, અને

(૧)

| જિલ્લો-આણંદ | | જિલ્લો-ખેડા | |
|---|---|---|---|
| તાલુકો | ફરીયાદ | તાલુકો | ફરીયાદ |
| આણંદ | ૩૧ | કપડવંજ | ૦૩ |
| ઉમરેઠ | ૧૭ | કઠલાલ | ૦૫ |

| | | | |
|---|---|---|---|
| બોરસદ | ૦૭ | ખેડા | ૧૧ |
| આંકલાવ | ૧૧ | મહેમદાવાદ | ૦૮ |
| પેટલાદ | ૦૮ | મહુધા | ૦૯ |
| સોજીત્રા | ૦૨ | માતર | ૦૬ |
| ખંભાત | ૦૧ | નડીયાદ | ૧૩ |
| તારાપુર | ૦૩ | ઠાસરા | ૦૯ |
| | | વસો | ૦૧ |

(૨) મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરી ?

(૨) આણંદ જિલ્લામાં મળેલ ફરીયાદોમાં તપાસ કરતા.
૪૩ ફરીયાદોમાં કોઈ ખનીજ ચોરી પકડાયેલ નથી.
૧૯ ફરીયાદોમાં રૂ. ૨૬૮.૩૧ લાખની વસુલેલ છે.
૧૪ ફરીયાદોમાં રૂ. ૨૭.૯૯ લાખની વસુલાત માટે નોટીસ આપેલ છે.
૦૧ કેસમાં રૂ. ૩૭.૩૦ લાખની ખનિજ ચોરી માટે પોલીસ ફરીયાદ કરેલ છે.
૦૩ કેસમાં તપાસ કાર્યવાહી ચાલુમાં છે.
ખેડા જિલ્લામાં મળેલ ફરીયાદોમાં તપાસ કરતા.
૧૯ ફરીયાદોમાં કોઈ ખનિજ ચોરી પકડાયેલ નથી.
૨૭ ફરીયાદોમાં રૂ. ૪૦.૧૩ લાખ વસુલેલ છે.
૧૮ ફરીયાદોમાં રૂ. ૭૬.૨૬ લાખની વસુલાત માટે નોટીસ આપેલ છે.
૦૧ કેસમાં રૂ. ૧૨.૪૬ લાખ વસુલવા હુકમ કરેલ છે.

---------

મેટ્રો રેલની કામગીરી

* ૬૩૬૯ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર, મેટ્રો રેલની કામગીરી કયા તબક્કે છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ મેટ્રો રેલની કામગીરી નીચે મુજબ પ્રગતિમાં છે.

- વસ્ત્રાલથી થલતેજ સુધીના ઈસ્ટ–વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક વચ્ચેના પ્રાયોરિટી રીચની સિવીલ કામગીરી પૂર્ણ થવાના આરે છે. ૬(છ) સ્ટેશનની કામગીરી પ્રગતિમાં છે. ટ્રેક, સિગ્નલીંગ વગેરે કામગીરી પણ શરૂ કરી દેવામાં આવેલ છે.
- થલતેજથી શાહપુર વચ્ચેના વેસ્ટર્ન રીચમાં વાયાડક્ટની અને સ્ટેશનની સિવીલ કામગીરી ચાલુ છે.
- એપરલ પાર્ક ડેપોની કામગીરી પૂર્ણતાના આરે છે.
- મોટેરાથી એ.પી.એમ.સી. સુધીના નોર્થ–સાઉથ કોરિડોરમાં પણ બધા જ સ્થાનો પર સિવીલ કામગીરી પ્રગતિમાં છે.
- ઈસ્ટ–વેસ્ટ કોરિડોરના ભાગરૂપે ૬ કિ.મી. લંબાઈના અંડરગ્રાઉન્ડ સેકશનમાં હાલમાં ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)ની પ્રારંભિક કામગીરી શરૂ કરી દેવાઈ.

(૨) મેટ્રો રેલની કામગીરીમાં ગેરરીતિની કેટલી ફરીયાદો છેલ્લાં બે વર્ષમાં મળી તે અન્વયે શા પગલા લેવામાં આવ્યા ?

(૨) મેટ્રો રેલ પ્રોજેક્ટમાં કામગીરીમાં ગેરરીતિ અંગેની કોઈ ફરિયાદ છેલ્લા બે વર્ષમાં મળેલ ન હોઈ માહિતી શૂન્ય છે.

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

### દાહોદ જિલ્લામાં મુખ્યમંત્રી શહેરી આવાસ યોજના

* ૩૧૫૩ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં મુખ્યમંત્રી શહેરી આવાસ યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓ ડ્રોમાં સફળ થયા. | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જીલ્લામાં મુખ્યમંત્રી શહેરી આવાસ યોજના અંતર્ગત કોઈ યોજનાની અમલવારી કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને આવાસના કબ્જા આપવામાં આવ્યા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીના લાભાર્થીઓને આવાસના કબ્જા ક્યાં સુધીમાં સોંપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અમદાવાદ શહેરમાં પોલીસ બિનરહેણાંક મકાન

* ૬૦૨૨ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં પોલીસ વિભાગ હસ્તકની ઓફીસો માટે કુલ કેટલા બિન રહેણાંકના મકાનો પુર્ણ કરવામાં આવ્યા, અને | (૧) ૩ બિનરહેણાંક મકાનો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૨) આ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮માં ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ રૂ. ૨૨૫૭.૦૦ લાખ |

---------

### મહીસાગર અને ડાંગ જીલ્લામાં રાજીવ આવાસ યોજના

* ૬૨૮૯ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને ડાંગ જીલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અન્વયે કેટલા આવાસો બાંધવામાં આવ્યા, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને ડાંગ જીલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અંતર્ગત કોઈ પ્રોજક્ટ મંજુર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત આવાસો બાંધવા માટે રાજ્ય સરકાર અને લાભાર્થીનો કેટલા ટકાનો રેશીયો નક્કી કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત આવાસો પૈકી કેટલા આવાસોનું કામ ચાલુ છે, તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### મેટ્રો રેલ પ્રોજેક્ટમાં સહાય માટે કેન્દ્ર સરકારમાં રજુઆત

* ૬૩૪૫ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે કેન્દ્રીય સહાય | (૧) ➢ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-I માટે કેન્દ્રીય સહાય મેળવવા માટે રાજ્ય સરકારે અર્બન |

મેળવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજુઆત કરવામાં આવી, અને

ટ્રાન્સપોર્ટ પોલિસી ૨૦૦૬ અંતર્ગત ડી.પી.આર. તા. ૦૫-૦૪-૨૦૧૪ના રોજ મોકલી આપેલ અને કેન્દ્ર સરકારે તા. ૧૭-૧૧-૨૦૧૪ના રોજ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૧ને મંજુરી આપેલ.

- અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-I માટે જાપાન પાસેથી ઓડીએ લોન મેળવવા ૨૮ માર્ચ, ૨૦૧૪માં રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને રજૂઆત કરી હતી. જેને ગ્રાહ્ય રાખી JICA પાસેથી વાર્ષિક ૧.૪ ટકાના નજીવા દરે ૩૦ વર્ષ માટે રૂ. ૫૯૬૮ કરોડની લોન મંજુર થયેલ છે.
- અમદાવાદના આશ્રમ રોડ ગીચતા ન થાય અને ભાવનગર-બોટાદ મીટર ગેજ લાઈનની બાજુની વણવપરાયેલી જમીનનો ઉપયોગ થાય તે હેતુથી રેલ્વેની જમીન પર વાડજથી વેજલપુર વચ્ચે મેટ્રોના બાંધકામ માટે તા. ૧૧-૦૬-૨૦૧૪ના રોજ અરજી કરેલ. વેસ્ટર્ન રેલવે તરફથી તા. ૧૫-૦૯-૨૦૧૪ના રોજ સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી હતી અને ડિટેઈલ્ડ ડિઝાઈનનો અભ્યાસ કર્યા બાદ જુલાઈ ૨૦૧૬માં રેલવે દ્વારા મંજુરી આપવામાં આવેલ છે.
- અમદાવાદ મેટ્રોના ફેઝ-II ના ભાગરૂપે મોટેરાથી ગાંધીનગરના રૂટ માટે ડીએમઆરસી પાસે ડી.પી.આર. તૈયાર કરાવી તા.૨૪-૧૦-૨૦૧૭ના રોજ ભારત સરકારને મોકલવામાં આવેલ. ભારતર સરકારે નવી મેટ્રો રેલ પોલિસી મુજબ ડી.પી.આર.માં જરૂરી સુધારા-વધારા કરી ફરીથી રજુ કરવા જણાવેલ છે. આ કામગીરી હાલ પ્રગતિમાં છે.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે શું પ્રતિભાવ આપ્યો ?

(૨) કેન્દ્ર સરકારના પ્રતિભાવ ઉક્ત જવાબમાં સામેલ છે.

---------

## એફ.એસ.એલ.માં વોઈસ સ્પેક્ટ્રોગ્રાફીનું પૃથ્થકરણ

* ૬૦૦૦ શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી પદ્ધતિથી કેસોનું કોઈ પૃથ્થકરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે ? | (૨) તા. ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી પદ્ઘતિથી કુલ-૭૧૪ કેસોના કુલ ૩૦,૫૧૨ નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. |

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

### વલસાડ જિલ્લામાં પોલીસ રહેણાક મકાન

* ૬૦૫૬ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં પોલીસના અધિકારી/કર્મચારીઓ માટે કુલ કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) કુલ–૬૪ રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૨) આ માટે નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ રૂ. ૫૯૬.૦૦ લાખ |

---------

### અમદાવાદ શહેરમાં પોલીસ મહેકમ

* ૩૨૦૨ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં પોલીસનું સંવર્ગવાર કેટલું મહેકમ મંજુર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ પૈકી પોલીસ ઈન્સ્પેક્ટરની કેટલી જગ્યાઓ છેલ્લા બે વર્ષથી ખાલી છે ?

જવાબ

(૧) અને (૨) નો જવાબ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | મંજુર મહેકમ | ભરેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૨૬ | ૯૭ | ૨૯ |
| ૨ | હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૦ | ૮ | ૨ |
| ૩ | બિન હથિયારી પોલીસ સબઈન્સપેક્ટર | ૭૫૫ | ૩૮૧ | ૩૭૪ |
| ૪ | હથિયારી પોલીસ સબઈન્સપેક્ટર | ૩૫ | ૨૮ | ૭ |
| ૫ | બિન હથિયારી આસિ. સબઈન્સપેક્ટર | ૧૨૬૯ | ૯૦૭ | ૩૬૨ |
| ૬ | હથિયારી આસિ. સબઈન્સપેક્ટર | ૩૧૩ | ૩૦૪ | ૯ |
| ૭ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૨૭૪ | ૧૭૫૬ | ૫૧૮ |
| ૮ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૫૭૩ | ૫૫૮ | ૧૫ |
| ૯ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૮૨૨૧ | ૭૯૭૮ | ૨૪૩ |
| ૧૦ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૨૬૪૨ | ૧૬૧૩ | ૧૦૨૯ |

(૩) ખાલી જગ્યાઓ પૈકી પોલીસ ઈન્સ્પેક્ટરની કુલ–૩ જગ્યાઓ છેલ્લા બે વર્ષથી ખાલી છે.

---------

### એફ.એસ.એલ.માં ડેટાબેઝ

* ૬૦૪૪ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ગુન્હામાં વપરાયેલ ફાયર આર્મ્સ, બુલેટ તથા કારતૂસના ખોખાઓનો ડેટાબેઝ જાળવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સદરહુ ડેટાબેઝની ઉપયોગીતા શી છે ? | (૨) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ગુન્હા સંબંધિત કબ્જે લેવાયેલ બુલેટ, ફાયર થૈયલ કારતૂસના |

ખોખા અને કબ્જે લેવાયેલ હથિયારમાંથી લેબોરેટરીમાં કરેલ ટેસ્ટ ફાયરની બુલેટ તથા કારતુસના ખોખા પરના ફાયર આર્મ્સની લાક્ષણિકતાઓ જેવી કે ફાયરીંગ પીન માર્કસ, બ્રીચ ફેસ માર્કસ, રાઈફલીંગ માર્કસ વિગેરેનો ઈન્ટીગ્રેટેડ બેલેસ્ટીક આઈડેન્ટીફીકેશન સીસ્ટમનો ઉપયોગ કરી ડેટાબેઈઝ તૈયાર કરવામાં આવે છે. આ ડેટાબેઈઝની મદદથી અલગ અલગ ગુન્હાઓને સાંકળી તથા ફાયર આર્મ્સથી થયેલા અને વણઉકેલાયેલ ગુન્હાનો ઉકેલ લાવી શકાય છે.

---------

મહેસાણા અને અમદાવાદ શહેરમાં ગરીબો માટે આવાસ

* ૬૩૭૫ શ્રી ભરતજી ઠાકોર (બેચરાજી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે કેટલા આવાસો મહેસાણા અને અમદાવાદ શહેરમાં શહેરવાર બાંધવામાં આવ્યા,

(૨) ઉક્ત આવાસો બાંધવા માટે શહેરવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) આ આવાસો પૈકી કેટલાનો કબ્જો સોંપવામાં આવ્યો અને કેટલાનો કબ્જો સોંપવાનો બાકી છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે બાંધવામાં આવેલ આવાસોની વિગત નીચે મુજબ છે

| ક્રમ | શહેરનું નામ | બાંધવામાં આવેલ આવાસની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૫૦૪ |
| ૨ | અમદાવાદ | ૨૪૯૫ |

(૨) ઉક્ત આવાસો બાંધવા માટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | શહેરનું નામ | વર્ષ ૨૦૧૬માં કરેલ ખર્ચ | વર્ષ ૨૦૧૭માં કરેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | રૂ. ૧૯૬૪.૮૦ લાખ | રૂ. ૨૯૪૭.૨૦ લાખ |
| ૨ | અમદાવાદ | રૂ. ૨૯૭૩.૫૦ લાખ | રૂ. ૪૪૬૦.૨૪ લાખ |

નોંધઃ અમદાવાદ મહાનગરપાલિકામાં વર્ષ ૨૦૧૭માં બનાવવામાં આવેલ ૧૧૩૩૯ આવાસો પૈકી ૫૮૪ આવાસ મુખ્યમંત્રી ગૃહ યોજના–૨૦૧૩ નીતિ તથા પી.એમ.એ.વાય. ઈન સીટુ સ્લમ રી–ડેવલોપમેન્ટ ઘટક હેઠળ પ્રોજેક્ટ મંજુર થયેલ હોય આ પ્રોજેક્ટ અમલીકરણ પી.પી.પી. ધોરણે થયેલ હોવાથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)

| ક્રમ | શહેરનું નામ | કબ્જો સોંપવામાં આવેલ આવાસની સંખ્યા | કબ્જો સોંપવાનો બાકી હોય તેવા આવાસની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૪૪૦ | ૬૪ |
| ૨ | અમદાવાદ | ૨૪૯૫ | ૦ |

(૪) કેટલા આવાસોનું કામ ચાલુ છે અને ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે?

(૪)

| ક્રમ | શહેરનું નામ | મંજુર થયેલ અન્ય પ્રગતિ હેઠળના આવાસોની સંખ્યા | પૂર્ણ થવાનો સમયગાળો |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૮૪૬ | બાકી રહેલ આવાસો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ હોઈ બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૨ | અમદાવાદ | ૨૦૮૮૭ | – |

---------

રાજીવ આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા મળેલ રકમ

* ૬૨૯૮ શ્રી ઋત્વિકભાઈ મકવાણા (ચોટીલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજીવ આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજીવ આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી નીચે મુજબ સહાય રાજ્ય સરકારને ફાળવવામાં આવેલ છે :–

| ક્રમ | વર્ષ | કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને ફાળવાયેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૩૨.૦૩ |
| ૨ | ૨૦૧૭ | ૩૬.૨૮ |
| | કુલ | ૬૮.૩૧ |

(૨) રાજીવ આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવવામાં આવેલ સહાયમાંથી નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે :–

| ક્રમ | વર્ષ | કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને ફાળવાયેલ રકમ (રૂ. કરોડમાં) | ફાળવેલ રકમ પૈકી થયેલ ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૩૨.૦૩ | ૩૨.૦૩ |
| ૨ | ૨૦૧૭ | ૩૬.૨૮ | ૧૧.૫૨ |
| | કુલ સહાય | ૬૮.૩૧ | ૪૩.૫૫ |

---------

ગઢડા ખાતે પીવાના પાણીની પાઈપ લાઈન

*૩૧૩૫ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગઢડા ખાતે પીવાના પાણીની પાઈપલાઈનનું કામ બરાબર થયેલ ન હોવા અંગેની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગે સરકારે શું કાર્યવાહી કરી ?

જવાબ

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અતારાંકિત પ્રશ્નો

### પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં દારૂ વેચાણનો કેસ

* ૪૧૦૬ શ્રી અલ્પેશ ઠાકોર (રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં દારૂબંધી નીતિનાં અસરકારક અમલ માટે સરકારે શાં પગલાં લીધા, અને | (૧) દારૂની હેરફેર અટકાવવા માટે પ્રોહીબીશન ધારાની જોગવાઈઓમાં સુધારા કરી સજાનું પ્રમાણ વધારેલ છે. દારૂના હેરફેરની પ્રવૃત્તિ કરતા ઈસમો વિરૂધ્ધ ઉક્ત સુધારેલ નવા કાયદાની જોગવાઈ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>સ્થાનિક પોલીસ, એલ.સી.બી., એસ.ઓ.જી., આર.આર.સેલ., એસ.એમ.સી. દ્વારા ખાનગી બાતમીદારો રોકી વધુમાં વધુ દારૂનો જથ્થો શોધી કાઢી કેસો કરવામાં આવેલ છે.<br>લોક દરબાર યોજી આવી બદી સદંતર નેસ્તનાબુદ થાય તે માટે જાગૃત નાગરીકો તથા ગ્રામજનોને સમજાવી સહકાર મેળવવામાં આવેલ છે.<br>પ્રોહીબીશન કાયદાની અમલવારી માટે નિયમિત ડ્રાઈવ ગોઠવવામાં આવેલ છે. તેમજ આવી પ્રવૃત્તિ આચરનાર ઈસમો વિરૂદ્ધ પ્રોહિબિશન ૯૩, જી.પી. એક્ટ ૫૫, ૫૬ અને પાસા જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.<br>સ્ટેટ મોનીટરીંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળી શકે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સએપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે. |
| (૨) પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દારૂ વેચાણના કેટલા ગુન્હા નોંધાયા ? | (૨) ૬૦૫૪ |

---------

### માહિતી ખાતા દ્વારા કુદરતી આપત્તિ સામે પૂર્વ તૈયારીનાં પગલા

* ૩૫૯૩ શ્રી કાન્તીભાઈ ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કુદરતી આપત્તિ સામે પૂર્વ તૈયારી કરવા જનજાગૃતિ કેળવવા માહિતી ખાતા દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોઈ કામગીરી કરવામાં આવી છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તેમાં કેવા પ્રકારની કામગીરી કરવામાં આવેલ છે ? | (૨) કુદરતી આપત્તિ સામે પૂર્વ તૈયારી કરવા માહિતી ખાતા દ્વારા બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અખબારી યાદી દ્વારા જનજાગૃતિ કેળવવામાં આવી છે. |

---------

### રાજકોટ જિલ્લામાં ગુણવત્તા સુધારણા સહાય

* ૫૯૭૯ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ–દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં એમએસએમઈ (Micro, Small & Medium Enterprise) એકમોને ગુણવત્તા સુધારણા સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, અને

(૧) ૨૫૧ એકમોની અરજીઓ મળી.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને ચુકવણું કરવામાં આવ્યું ?

(૨) ૧૫૪ એકમોને ચુકવણું કરવામાં આવ્યું.

---------

### આવાસ પ્રોજેક્ટમાં મુશ્કેલી નિવારવા કેન્દ્ર સરકારમાં રજૂઆત

* ૬૩૧૨ શ્રી ભીખાભાઈ જોશી (જુનાગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ-૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ માન.મંત્રીશ્રી શહેરી વિકાસ તરફથી ઉપસ્થિત કરેલ આવાસના પ્રોજેક્ટમાં પડતર મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો ? | (૨) પ્રશ્ન ઉપરસ્થિત થતો નથી. |

---------

### વાપી નગરપાલિકાને સફાઈ માટે સહાય

* ૫૬૨૦ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે સહાય આપવાની કઈ યોજના અમલમાં છે, અને | (૧) રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે તા. ૨૫-૦૨-૨૦૧૪ના ઠરાવથી સફાઈવેરા પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે. |
| (૨) વર્ષ ૨૦૧૭-૧૮માં ઉક્ત સ્થિતિએ વાપી નગરપાલિકાને ઉક્ત યોજના હેઠળ કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે ? | (૨) સફાઈવેરા પ્રોત્સાહક યોજના અન્વયે વાપી નગરપાલિકાને વર્ષ ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કુલ રૂ. ૧,૧૮,૭૯,૧૮૩/-ની સહાય આપવામાં આવેલ છે. |

---------

### રાજકોટ જિલ્લામાં વ્યાજ સહાય

* ૬૦૭૧ શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં એમએસએમઈ (Micro, Small & Medium Enterprise) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, અને | (૧) ૨,૯૧૨ એકમોની અરજીઓ મળી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી ? | (૨) ૧,૮૫૬ એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી. |

---------

ફાલ્ગુન ૨૩, ૧૯૩૯ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### ભાવનગર જિલ્લામાં મુખ્ય ખનિજની લીઝ

* ૫૬૩૦ શ્રી રાઘવભાઈ મકવાણા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારના એમ.એમ.ડી.આર. અમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૫ અમલમાં આવ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં મુખ્ય ખનિજની કેટલી લીઝો મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) ૦૬ (છ) |
| (૨) ઉક્ત મંજૂર થયેલ લીઝોમાંથી સરકારને અંદાજે કેટલી આવક પ્રાપ્ત થશે. | (૨) લીઝોના સમયગાળા દરમ્યાન રૂ. ૪,૪૦,૩૪૮.૧૬ લાખ |

---------

### સુરત શહેરમાં પોલીસ રહેણાંક મકાન

* ૬૦૨૫ શ્રી કાંતિભાઈ બલર (સુરત ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત શહેર પોલીસના અધિકારી□ કર્મચારીઓ માટે કુલ કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) કુલ–૧૧૬ રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૨) આ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) કુલ રૂ. ૧૫૮૨.૦૦ લાખ |

---------

### ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં હોટલોને દારૂ વેચાણનાં પરવાના

* ૩૪૮૧ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય નશાબંધી આબકારી મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર કેટલી હોટલોને દારૂ વેચવા માટેની નવી પરવાનગીઓ આપવામાં આવી, અને | (૧) એક પણ નહિ. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ પ્રકારની પરવાનગી મેળવવા માટે કેટલી અરજીઓ સરકારને મળેલ છે? | (૨) ૦૨ |

---------

### સચિવાયલમાં નાયબ સેકશન અધિકારી વર્ગ–૩ની ભરતી

* ૫૬૪૧ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સચિવાયલમાં નાયબ સેકશન અધિકારી વર્ગ–૩ સંવર્ગમાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરતી કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સમયગાળા દરમિયાન કેટલી નાયબ સેકશન અધિકારીઓને નિમણૂંક આપવામાં આવી? | (૨) કુલ–૭૬૩. |

---------

### ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નર કચેરીમાં વર્ગ–૨ની ભરતી

* ૫૬૩૧ શ્રી પુર્ણેશ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નર કચેરી ખાતે વર્ગ-૨ મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની ભરતી અંગે કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો કઈ કક્ષાએ પડતર છે અને આગામી કેટલા સમયમાં ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે?

(૨) ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર કક્ષાએ પસંદગી પ્રક્રિયા હેઠળ છે. ઉત્તીર્ણ ઉમેદવારોની યાદી ઉપલબ્ધ થયેથી નિમણૂંક થઈ શકશે.

---------

રા.અ.પો.દળ જૂથ-૧૮, નર્મદાની આરોગ્ય ચકાસણી

* ૬૦૩૮ શ્રી શૈલેષભાઈ મહેતા (ડભોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યના પોલીસ અધિકારી/કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે, તે વાત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રા.અ.પો.દળ જૂથ-૧૮, નર્મદા યુનિટમાં પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના કેટલા અધિકારી/કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે? | (૨) ૧૭૬૭ |

---------

એફ.એસ.એલમાં સાયબર ક્રાઈમનો ઉકેલ

* ૬૦૦૫ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં માલવેરના ઉપયોગથી આચરવામાં આવતા સાયબર ક્રાઈમના ઉકેલ માટે કોઈ સવલત ઉપલબ્ધ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં કેવા માલવેરના ઉપયોગથી આચરવામાં આવતા સાયબર ક્રાઈમના ઉકેલ લાવવામાં આવેલ છે? | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં વિવિધ પ્રકારના વાઈરસ, વોર્મ, ટ્રોજન, લોજીક બોમ્બ વિગેરે જેવા માલવેરની મદદથી આચરવામાં આવતા સાયબર ક્રાઈના ઉકેલ લાવવામાં આવેલ છે. |

---------

આણંદ નગરપાલિકાને સફાઈ માટે સહાય

* ૫૬૧૬ શ્રી ગોવિંદભાઈ પરમાર (ઉમરેઠ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજયની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે સહાય આપવાની કઈ યોજના અમલમાં છે, અને | (૧) રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે તા. ૨૫-૦૨-૨૦૧૪ના ઠરાવથી સફાઈવેરા પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે. |
| (૨) વર્ષ ૨૦૧૭-૧૮માં ઉક્ત સ્થિતિએ આણંદ નગરપાલિકાને ઉક્ત યોજના હેઠળ કેટલી રકમની સહાય | (૨) સફાઈવેરા પ્રોત્સાહક યોજના અન્વયે આણંદ નગરપાલિકાને વર્ષ-૨૦૧૭-૧૮માં તા. ૩૧-૧૨- |

આપવામાં આવેલ છે?

૨૦૧૭ની સ્થિતિએ કુલ રૂ. ૫૮,૮૫,૦૫૪/–ની સહાય આપવામાં આવેલ છે.

---------

સાયન્સ સીટી ખાતે પચીસમી બાળ–વિજ્ઞાન પરીષદ

* ૫૬૨૨ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સાયન્સ એન્ડ ટેક્નોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સાયન્સ સીટી, અમદાવાદ ખાતે આયોજીત ૨૫મી બાળ–વિજ્ઞાન પરિષદમાં કેટલાં રાજ્યનાં કેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો, અને

(૨) ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન કેટલાં લોકોએ સાયન્સ સીટી અને તેના પ્રદર્શનની મુલાકાત લીધી?

જવાબ

(૧) સાયન્સ સીટી, અમદાવાદ ખાતે આયોજીત ૨૫મી બાળ વિજ્ઞાન પરિષદમાં ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશોના કુલ મળીને ૬૫૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

(૨) એક લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી.

---------

મોરબી અને રાજકોટ શહેરમાં ગરીબો માટે આવાસ

* ૬૩૦૨ શ્રી લલીતભાઈ કગથરા (ટંકારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે કેટલા આવાસો રાજકોટ અને મોરબી શહેરમાં શહેરવાર બાંધવામાં આવ્યા,

(૨) ઉક્ત આવાસો બાંધવા માટે શહેરવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) આ આવાસો પૈકી કેટલાનો કબ્જો માલિકોને સોંપવામાં આવ્યો અને કેટલાનો કબ્જો સોંપવાનો બાકી છે, અને

(૪) કેટલા આવાસોનું કામ ચાલુ છે અને ક્યાં સુધી પુર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે બાંધવામાં આવેલ આવાસોની વિગત નીચે મુજબ છેઃ

| ક્રમ | શહેરનું નામ | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૩૨ | ૧૦૫ |
| ૨ | મોરબી | ૪૦૦ | – |

(૨) ઉક્ત આવાસો માટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો,

| ક્રમ | શહેરનું નામ | વર્ષ ૨૦૧૬માં કરેલ ખર્ચ રૂ. લાખમાં | વર્ષ ૨૦૧૭માં કરેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૩૨૦૦૭.૦૦ | ૦.૦૦ |
| ૨ | મોરબી | ૧૨૦૨.૭૪ | – |

નોંધઃ– રાજકોટ મહાનગરપાલિકામાં વર્ષ ૨૦૧૭માં બનાવવામાં આવેલ ૧૦૫ આવાસ મુખ્યમંત્રી ગૃહ યોજના–૨૦૧૩ નીતી તથા પીએમએવાય ઈન સીટુ સ્લમ રીડેવલોપમેન્ટ ઘટક હેઠળ પ્રોજેક્ટ મંજુર થયેલ હોઈ આ પ્રોજેક્ટ અમલીકરણ પીપીપી ધોરણે થયેલ હોવાથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)

| ક્રમ | શહેરનું નામ | કબ્જો સોંપવામાં આવેલ આવાસોની સંખ્યા | કબ્જો સોંપવાનો બાકી હોય તેવા આવાસોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૩૬૯૪ | ૧૦૫ |
| ૨ | મોરબી | ૦ | ૪૦૦ |

(૪)

| ક્રમ | શહેરનું | પ્રગતિ | પૂર્ણ થવાનો |
|---|---|---|---|

તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮
અતારાંકિત પ્રશ્નો

| | નામ | હેઠળના આવાસો ની સંખ્યા | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૪૪૪૧ | બાકી રહેલ આવાસો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ હોય તબક્કાવાર બનતી ત્વરાએ પુર્ણ કરવાનું આયોજન છે. |
| ૨ | મોરબી | ૨૨૦૮ | |

---------

ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાનું મહેકમ

* ૫૯૮૮ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતામાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| વર્ગ | મંજુર મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૫૦ |
| વર્ગ-૨ | ૬૮ |
| વર્ગ-૩ | ૬૬૭ |
| વર્ગ-૪ | ૯૩ |
| કુલ | ૮૭૮ |

(૨) આ મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| વર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૯ | ૩૧ |
| વર્ગ-૨ | ૧૫ | ૫૩ |
| વર્ગ-૩ | ૩૧૪ | ૩૫૩ |
| વર્ગ-૪ | ૪૪ | ૪૯ |
| કુલ | ૩૯૨ | ૪૮૬ |

(૩) વર્ષ ૨૦૧૭-૧૮માં ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩)

- વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગની ભરતી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર તથા વર્ગ-૩ સંવર્ગની ભરતી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પસંદગી પ્રક્રિયા હેઠળ છે.
- બઢતીથી ભરવાની જગ્યાઓ માટેની પ્રક્રિયા ચાલુ છે.
- વર્ગ-૪ની જગ્યાઓ આઉટસોર્સથી ભરવામાં આવે છે.

---------

એફ.એસ.એલ. માં ડેટાબેઝ

* ૬૦૧૦ શ્રી સુરેશભાઈ પટેલ (મણીનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજયની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ગુન્હામાં વપરાયેલ ફાયર આર્મ્સ, બુલેટ તથા કારતૂસના ખોખાઓનો ડેટાબેઝ જાળવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સદરહુ ડેટાબેઝની ઉપયોગીતા શી છે ? | (૨) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ગુન્હા સંબંધિત કબ્જે લેવાયેલ બુલેટ, ફાયર થયેલ કારતૂસના ખોખા અને કબ્જે લેવાયેલ હથિયારમાંથી લેબોરેટરીમાં કરેલ ટેસ્ટ ફાયરની બુલેટ તથા કારતૂસના ખોખા પરના ફાયર આર્મ્સની લાક્ષણિકતાઓ જેવી કે ફાયરીંગ પીન માર્કસ, બ્રીચ ફેસ માર્કસ, રાઈફલીંગ માર્કસ વિગેરેનો ઈન્ટીગ્રેટેડ બેલેસ્ટીક આઈડેન્ટીફીકેશન સીસ્ટમનો ઉપયોગ કરી ડેટાબેઈઝ તૈયાર કરવામાં આવે છે. આ ડેટાબેઈઝની મદદથી અલગ અલગ ગુન્હાઓને સાંકળી તથા આર્મ્સને લગતા અને વણઉકેલાયેલ ગુન્હાનો ઉકેલ લાવી શકાય છે. |

---------

દહેગામ નગરપાલિકાને સફાઈ માટે સહાય

* ૫૬૧૮ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે સહાય આપવાની કઈ યોજના અમલમાં છે, અને | (૧) રાજ્યની નગરપાલિકાઓને સફાઈની કામગીરી માટે તા.૧૫-૨-૨૦૧૪ ના ઠરાવથી સફાઈવેરા પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે. |
| (૨) વર્ષ ૨૦૧૭-૧૮ માં ઉકત સ્થિતિએ દહેગામ નગરપાલિકાને ઉકત યોજના હેઠળ કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે ? | (૨) સફાઈવેરા પ્રોત્સાહક યોજના અન્વયે દહેગામ નગરપાલિકાને વર્ષ ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કુલ રૂ.૧૯,૪૧,૦૦૩/- ની સહાય આપવામાં આવેલ છે. |

---------

જસ્ટીસ ડી.કે.ત્રિવેદી પંચનાં અહેવાલ બાબત

* ૫૫૪૭ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ ખાતેના આસારામ આશ્રમમાં અભ્યાસ કરતા બે બાળકોના તાંત્રિક વિધિથી મોત નિપજાવવાની ગુનાઈત ઘટનામાં રાજ્ય સરકારે નિમેલ શ્રી ડી.કે.ત્રિવેદી પંચનો અહેવાલ રાજ્ય સરકારને મળ્યા પછી પણ ૩૧ ડીસેમ્બર-૨૦૧૭ની સ્થિતિએ તે અહેવાલ જાહેર કરવામાં આવ્યો નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) અને (૩) બાબત વિચારણા હેઠળ છે. |
| (૩) આ અહેવાલ ક્યા સુધીમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે ? | |

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૫૯૪૦ શ્રી નૌશાદજી સોલંકી (દસાડા) : માનનીય નશાબંધી આબકારી મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧-૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લામાંથી કેટલા જથ્થામાં દેશી દારૂ તથા વિદેશી દારૂ પકડાયેલ છે, | (૧) |

| દેશી દારૂ (લીટરમાં) | વિદેશી દારૂ (બોટલમાં) |
|---|---|
| ૭,૯૩૮ | ૨,૨૪,૦૦૩ |

| | |
|---|---|
| (૨) આ ગુન્હીત કૃત્ય બદલ જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૨) આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૩) દારૂબંધીના કડક અમલ માટે સરકાર દ્વારા શું આયોજન છે ? | (૩) દારૂની હેરફેર અટકાવવા માટે પ્રોહિબીશન ધારાની જોગવાઈઓમાં સુધારા કરી સજાનું પ્રમાણ વધારેલ છે. દારૂના હેરફેરની પ્રવૃત્તિ કરતા ઈસમો વિરૂદ્ધ ઉક્ત સુધારેલ નવા કાયદાની જોગવાઇ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>સ્થાનિક પોલીસ અને એલ.સી.બી., એસ.ઓ.જી., આર.આર.સેલ, એસ.એમ.સી. દ્વારા ખાનગી બાતમીદારો રોકી વધુમાં વધુ દારૂનો જથ્થો શોધી કાઢી કેસો કરવામાં આવેલ છે.<br>લોક દરબાર યોજી આવી બદી સદંતર નેસ્તનાબુદ થાય તે માટે જાગૃત નાગરીકો તથા ગ્રામજનોને સમજાવી સહકાર મેળવવામાં આવે છે.<br>પ્રોહિબીશન કાયદાની અમલવારી માટે નિયમિત ડ્રાઈવ ગોઠવવામાં આવે છે. તેમજ આવી પ્રવૃત્તિ આચરનાર ઈસમો વિરૂધ્ધ પ્રોહિબીશન ૯૩, જી.પી.એક્ટ ૫૫, ૫૬ અને પાસા જેવા અટકાયતી પગલા લેવામાં આવે છે.<br>સ્ટેટ મોનીટરીંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરીયાદ મળી શકે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સએપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે. |

---------

## કચ્છ જિલ્લામાં મુખ્ય ખનિજમાં રોયલ્ટીની આવક

* ૬૦૬૫ ડો. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અસ્તિત્વ ધરાવતી મુખ્ય ખનિજની લીઝોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૨૪ (ચોવીસ) |
| (૨) કચ્છ જિલ્લામાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હયાત લીઝોમાં રોયલ્ટીની કેટલી આવક થઈ ? | (૨) રૂ.૧૩૨૮૫.૭૮ લાખ. |

---------

## છોટાઉદેપુર જિલ્લામાં ડી.એમ.એફ.

* ૭૦૯૯ સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ડીસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં કેટલું ભંડોળ એકત્રિત થયેલ છે, | (૧) રૂ.૪૭૮ લાખ. |
| (૨) ઉકત સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રધાન મંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ કેટલી રકમ ફાળવેલ છે, અને | (૨) રૂ.૪૪૨ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ તે હેઠળ કેટલા કામ ચાલુ કરેલ છે ? | (૩) ૬૮ |

---------

## પંચમહાલ જિલ્લામાં બિન રહેણાંક મકાન

* ૫૯૨૨ શ્રી જેઠાભાઈ આહીર (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંક મકાનો મંજૂર થયા, | (૧) ગોધરા તાલુકામાં-૧<br>ઘોઘંબા તાલુકામાં-૧ |
| (૨) તે પૈકી કેટલા પૂર્ણ થયા અને કેટલા અધુરા છે, અને | (૨) બંને કામો પૂર્ણ થયેલ નથી. |
| (૩) ઉકત મકાનો પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ.૫૧.૮૫ લાખ. |

---------

### એફ.એસ.એલ. માં વોઈસ સ્પેકટ્રોગ્રાફીનું પૃથ્થકરણ

* ૬૦૦૨ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં વોઈસ સ્પેકટ્રોગ્રાફી પદ્ધતિથી કેસોનું કોઈ પૃથ્થકરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે ? | (૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા વોઈસ સ્પેકટ્રોગ્રાફી પદ્ધતિથી કુલ-૭૧૪ કેસોના ૩૦૫૧૨ નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. |

---------

### આણંદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના

* ૭૦૮૬ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭ માં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કેટલા આવાસ બાંધવાનું આયોજન હતું, અને | (૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭ માં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૭૬૦૧ આવાસ બાંધવાનું આયોજન હતું. |
| (૨) તે પૈકી વર્ષ ૨૦૧૬-૧૭ તા.૩૧-૩-૨૦૧૭ની સ્થિતિએ જિલ્લામાં કેટલા આવાસોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૩-૨૦૧૭ ની સ્થિતિએ જિલ્લામાં ૮૫૮ આવાસોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |

---------

### આણંદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના

* ૫૬૨૪ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭ માં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કેટલા આવાસ બાંધવાનું આયોજન હતું, | (૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭ માં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૭૬૦૧ આવાસ બાંધવાનું આયોજન હતું. |
| (૨) તે પૈકી વર્ષ ૨૦૧૬-૧૭માં તા.૩૧-૩-૨૦૧૭ની સ્થિતિએ જિલ્લામાં કેટલા આવાસોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) વર્ષ ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ જિલ્લામાં ૮૫૮ આવાસોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |
| (૩) વર્ષ ૨૦૧૭-૧૮માં ઉકત સ્થિતિએ કેટલા આવાસોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ? | (૩) વર્ષ ૨૦૧૭-૧૮ માં ઉકત સ્થિતિએ ૪૨૫ આવાસોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |

---------

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### રાજ્યમાં મેરીટાઇમ યુનિવર્સીટી માટે કેન્દ્ર સરકારમાં રજુઆત

* ૬૩૨૮ શ્રી સોમાભાઈ કોળી પટેલ (લીંબડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં મેરીટાઇમ યુનિવર્સિટીની સ્થાપના કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) કોઈ દરખાસ્ત કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અમદાવાદ જિલ્લામાં ઉદ્યોગ આધાર

* ૫૯૫૯ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા ઉદ્યોગ આધાર નોંધાયા છે, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ૮૯૬૬૦ ઉદ્યોગ આધાર નોંધાયેલા છે. |
| (૨) નોંધાયેલા ઉદ્યોગ આધાર પૈકી સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના કેટલા એકમો નોંધાયેલા છે? | (૨) નોંધાયેલા ઉદ્યોગ આધાર પૈકી સૂક્ષ્મ–૭૮૮૦૪, લઘુ–૧૦૪૫૬ અને મધ્યમ કક્ષામાં–૪૦૦ એકમો નોંધાયેલા છે. |

---------

### સુરત ગ્રામ્યમાં મહિલાઓને તાલીમ

* ૬૦૩૪ શ્રી વી.ડી.ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લા (ગ્રામ્ય)માં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે? | (૨) ૧૪૯૪ |

---------

### રાજકોટ જિલ્લામાં ટેક્ષટાઇલ ક્ષેત્રે પાવર સબસીડી

* ૫૯૭૫ શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં ટેક્ષટાઇલ ક્ષેત્રમાં સ્થપાતાં નવા યુનીટોની પાવર સબસીડી આપવાની કોઈ યોજના અમલમાં છે, | (૧) હા, |
| (૨) જો હા, તો તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા એકમોની અરજી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૫ (પંદર) |
| (૩) કેટલા એકમોને પાવર ટેરીફ સબસીડીની કેટલી સહાય ચુકવવામાં આવી? | (૩) ૧૩ એકમોને પાવર ટેરીફ સબસીડી પેટે રૂ. ૨,૫૫૯.૮૯ લાખની સહાય ચુકવાયેલ છે. |

---------

## અતારાંકિત પ્રશ્નો

### ૧૩માં નાણાપંચ અન્વયે શહેરોને પર્ફોમન્સ ગ્રાન્ટ

* ૬૩૮૭ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ૧૩માં નાણાપંચની ભલામણો અન્વયે શહેરોને પર્ફોમન્સ ગ્રાન્ટ ફાળવી આપવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજુઆત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો?

**જવાબ**

(૧) નાણાપંચનો અમલ થયેલ હોઇ ૧૩માં નાણાપંચની ભલામણો અન્વયે શહેરોને પર્ફોમન્સ ગ્રાન્ટ ફાળવી આપવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કોઈ રજુઆત કરવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### ધારાસભ્યશ્રીનો સરકારી ક્રાર્યક્રમોમાં પ્રોટોકોલ

* ૫૫૯૫ શ્રી બ્રિજેશ મેરજા (મોરબી) : માનનીય પ્રોટોકોલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં જે તે વિસ્તારના ધારાસભ્યને રાજ્યમાં સરકારી ક્રાર્યક્રમો વખતે કેવા પ્રકારનો પ્રોટોકોલ આપવામાં આવે છે,

(૨) ઉક્ત પ્રોટોકોલ જાળવવા માટે જિલ્લા વહીવટી તંત્રના તાબા હેઠળની કચેરીઓ તેમ જ જુદા જુદા વિભાગની જિલ્લા કક્ષાની કચેરીઓના વડાઓ દ્વારા ધારાસભ્યના પદનું ઔચિત્ય જળવાય તે માટે કોઈ સ્થાઈ સૂચના સરકાર તરફથી આપવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં જે તે વિસ્તારના ધારાસભ્યને રાજ્યમાં સરકારી કાર્યક્રમો વખતે પ્રસંગને અનુરૂપ અગ્રતાક્રમ આપવા, મંચ ઉપર યોગ્ય સ્થાન આપવા, જે–તે વિસ્તારના ધારાસભ્યને આમંત્રણ આપવામાં આવે છે.

(૨) હા

(૩) ઉક્ત પ્રોટોકોલ જાળવવા માટે જિલ્લા વહીવટી તંત્રના તાબા હેઠળની કચેરીઓ તેમ જ જુદા જુદા વિભાગની જિલ્લા કક્ષાની કચેરીઓના વડાઓ દ્વારા ધારાસભ્યના પદનું ઔચિત્ય જળવાય તે માટે રાજ્ય સરકાર દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ પરિપત્રો દ્વારા જે–તે જિલ્લામાં સરકાર તરફથી યોજવામાં આવતા તેમજ સરકારી કે અર્ધ સરકારી નિયંત્રણ હેઠળના બોર્ડ/કોર્પોરેશન વગેરે તરફથી યોજવામાં આવતા સમારંભોમાં સ્થાનિક ધારાસભ્યશ્રીઓને આમંત્રણ પાઠવવા તથા આમંત્રણ સમયસર પાઠવવામાં આવે તે જોવા તેમજ જે–તે સમારંભના મંચ ઉપર વોરંટ ઓફ પ્રીસીડન્સ મુજબ અગ્રતાક્રમ અનુસાર યોગ્ય તે સ્થાન આપવા સર્વે સંબંધિતોને સૂચના આપવામાં આવેલ છે.

ઉપરાંત સરકારી કાર્યક્રમોની નિમંત્રણ પત્રિકામાં સમારંભના મહેમાન તરીકે સ્થાનિક ધારાસભ્યશ્રીની પુર્વ સંમતિ સિવાય તેમના નામો આમંત્રણ કાર્ડમાં છાપવા નહી તે મુજબની સૂચના પણ આપવામાં આવેલ છે.

---------

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

### અમદાવાદ જિલ્લામાં ગુણવત્તા સુધારણા સહાય

* ૫૯૭૮ શ્રી કનુભાઈ પટેલ (સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં એમએસએમઈ(Micro, Small & Medium Enterprise) એકમોનો ગુણવત્તા સુધારણા સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, અને | (૧) ૫૧૫ એકમોની અરજીઓ મળી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને ચુકવણું કરવામાં આવ્યું? | (૨) ૨૩૩ એકમોને ચુકવણું કરવામાં આવ્યું. |

---------

### ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનર કચેરીમાં ટેકનિકલ કર્મચારીઓની ભરતી

* ૫૯૮૪ શ્રી શૈલેષભાઈ ભાભોર (લીમખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નર કચેરી ખાતે વર્ગ–૩ના તાંત્રિક (ટેકનિકલ)કર્મચારીની ભરતી અંગે કોઇ કાર્યવાહી કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કઈ કક્ષાએ પડતર છે અને આગામી કેટલા સમયમાં ભરતીની પ્રક્રિયા પૂર્ણ થશે? | (૨) ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર કક્ષાએ પસંદગી પ્રક્રિયા હેઠળ છે. પ્રક્રિયા બાદ ઉત્તીર્ણ ઉમેદવારોની યાદી ઉપલબ્ધ થયેથી નિમણૂંક થઈ શકશે. |

---------

### ખેડા અને છોટાઉદેપુર જિલ્લા જેલનું નિરીક્ષણ

* ૬૨૮૬ શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર (મહુધા) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના જેલ મેન્યુઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંકશન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું, | (૨) (નીચેનું કોષ્ટક) |
| (૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યુ હોય તો તેના કારણો શું છે, અને | (૩) છોટાઉદેપુર જિલ્લામાં મધ્યસ્થ જેલ કે જીલ્લા જેલ અસ્તિત્વમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. |
| (૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધા ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થયો નથી |

(૨)

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| નડીયાદ જિલ્લા જેલ<br>જિ. ખેડા | તા.૧૦/૧૦/૨૦૧૬<br>તા.૧૦/૧૨/૨૦૧૬<br>તા.૦૭/૧૦/૨૦૧૭ |
| છોટાઉદેપુર સબ જેલ<br>જિ. છોટાઉદેપુર | તા.૨૭/૦૯/૨૦૧૭ |

---------

### પોલીસદળના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા મળેલ રકમ

* ૬૩૬૬ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ અને અન્ય દળોના આધુનિકણ માટેની રાષ્ટ્રિય અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ રકમ રાજ્ય સરકારને મળેલ છે? | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષવાર કેટલી રકમ મળેલ છે? | (૨) નીચે મુજબ રકમ મળેલ છે.<br>વર્ષ, ૨૦૧૬-૧૭ - રૂ.૩૮.૫૧/- કરોડ<br>વર્ષ, ૨૦૧૭-૧૮ - રૂ. ૨૯.૮૫/- કરોડ |

---------

## સુરત જિલ્લામાં વ્યાજ સહાય

* ૬૦૭૩ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં એમએસએમઈ (Micro, Small & Medium Enterprise) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, અને | (૧) ૯૩૩૪ એકમોની અરજીઓ મળી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને ચુકવણું કરવામાં આવ્યુ? | (૨) ૪૦૭૪ એકમોને ચુકવણું કરવામાં આવ્યું. |

---------

## મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના

* ૫૬૨૫ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી ( શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭માં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કેટલા આવાસ બાંધવાનુ આયોજન હતુ, | (૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭માં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૨૮૫૩ આવાસ બાંધવાનું આયોજન હતુ. |
| (૨) તે પૈકી વર્ષ ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જિલ્લામાં કેટલા આવાસોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) તે પૈકી વર્ષ ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જિલ્લામાં ૧૭૮૪ આવાસોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |
| (૩) વર્ષ ૨૦૧૭-૧૮માં ઉક્ત સ્થિતિએ કેટલા આવાસોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે? | (૩) વર્ષ ૨૦૧૭-૧૮માં ઉક્ત સ્થિતિએ ૩૨૪ આવાસોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |

---------

## તરસાલી નગરપાલિકાને સફાઇ માટે સહાય

* ૫૯૭૦ શ્રીમતી સીમાબેન મોહિલે (અકોટા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓને સફાઇની કામગીરી માટે સહાય આપવાની કઇ યોજના અમલમાં છે, અને | (૧) રાજ્યની નગરપાલિકાઓને સફાઇની કામગીરી માટે તા. ૨૫/૦૨/૨૦૧૪ના ઠરાવથી સફાઇવેરા પ્રોત્સાહક યોજના અમલમાં મુકેલ છે. |
| (૨) વર્ષ ૨૦૧૭-૧૮માં ઉક્ત સ્થિતિએ તરસાલી નગરપાલિકાને ઉક્ત યોજના હેઠળ કેટલી રકમની સહાય | (૨) સફાઇવેરા પ્રોત્સાહક યોજના અન્વયે તરસાલી |

આપવામાં આવેલ છે?

નગરપાલિકાને વર્ષ ૨૦૧૭-૧૮માં તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુલ રૂ. ૩૦,૦૧,૧૫૪/-ની સહાય આપવામાં આવેલ છે.

---------

ખંભાળીયા નગરપાલિકાની સામાન્ય સભા અધિનિયમ અંતર્ગત ન બોલાવવા બાબત

* ૪૩૬૪ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખંભાળીયા નગરપાલિકાની સામાન્ય સભા ગુજરાત નગરપાલિકા અધિનિયમની જોગવાઇ મુજબ બોલાવવામાં આવતી નથી તે ફરિયાદથી સરકાર વાકેફ છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો સરકારે શું પગલાં લીધા? | (૨) કલેક્ટર કચેરી તરફથી તા. ૧૬/૦૮/૨૦૧૭ના પત્રથી મુખ્ય અધિકારીશ્રી, ખંભાળીયા નગરપાલિકાને અને તા. ૨૪/૧૦/૨૦૧૭ના પત્રથી પ્રમુખશ્રી અને મુખ્ય અધિકારીશ્રી ખંભાળીયા નગરપાલિકાને મીટીંગ ભરવા માટે જાણ કરવામાં આવેલ. મુખ્ય અધિકારીશ્રી, ખંભાળીયા નગરપાલિકા દ્વારા તા. ૨૪/૧૦/૧૭, તા. ૦૪/૦૩/૧૭, તા. ૦૭/૦૭/૧૭, તા. ૦૧/૦૯/૧૭ તથા તા. ૦૩/૧૦/૨૦૧૭ના પત્રોથી પ્રમુખશ્રી ખંભાળીયા નગરપાલિકાને ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૫૧ (૧) અનુસાર સામાન્ય સભા બોલાવવા માટે જાણ કરેલ. ખંભાળીયા નગરપાલિકામાં તા. ૧૦/૦૧/૧૮ અને તા. ૧૫/૦૨/૧૮ના રોજ સામાન્ય સભા યોજાયેલ છે. |

---------

એમ.બી.શાહ કમિશનનાં રીપોર્ટ અન્વયે એક્શન ટેકન રીપોર્ટ બાબત

* ૪૪૨૦ શ્રી નાથાભાઇ પટેલ (ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતમાં ભ્રષ્ટાચાર અને નાણાકીય ગેરરીતિની તપાસ માટે રચાયેલ એમ.બી.શાહ કમીશનનો રીપોર્ટ તા. ૩૧-૦૩-૨૦૧૭ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યા પછી ત્રણ માસમાં એક્શન ટેકન રીપોર્ટ તૈયાર કરવાનો થતો હતો તે હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો ૩૧ ડીસેમ્બર-૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારે આ એક્શન ટેકન રીપોર્ટ તૈયાર કરેલ નથી તેમજ સભાગૃહમાં પણ રજૂ થયેલ નથી તે ફરિયાદથી પણ સરકાર વાકેફ છે કે કેમ, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો તેના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ એક્શન ટેકન રીપોર્ટ ક્યાં સુધીમાં તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવનાર છે? | (૪) એક્શન ટેકન રીપોર્ટ પ્રસિદ્ધ કરવાનો હોતો નથી. |

---------

## અતારાંકિત પ્રશ્નો

### ગીરસોમનાથ જિલ્લામાં ડી.એમ.એફ

* ૫૯૯૧ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ડીસ્ટ્રીક્ટ મિનરલ્સ ફાઉન્ડેશન હેઠળ ગીરસોમનાથ જિલ્લામાં કેટલું ભંડોળ એકત્રિત થયેલ છે, અને | (૧) રૂ. ૩૮૭૯ લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ ગીરસોમનાથ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં પ્રધાન મંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ કેટલી રકમ ફાળવેલ છે? | (૨) શૂન્ય |

---------

### બનાસકાંઠા જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

* ૬૦૨૭ શ્રી કિર્તીસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે? | (૨) ૪૫૨૪ |

---------

### ગુજરાતમાં ઉપલબ્ધ ક્રુડ ઓઈલ કાર્ગો હેન્ડલીંગ

* ૫૩૧૪ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
અમદાવાદ જિલ્લામાં વ્યાજ સહાય

* ૫૯૫૫ શ્રી બાબુભાઇ પટેલ (દસક્રોઇ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં એમએસએમઇ (Micro, Small & Medium Enterprise) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, અને | (૧) ૩,૪૧૧ એકમોની અરજીઓ મળી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને ચૂકવણું કરવામાં આવ્યુ. | (૨) કુલ ૪,૧૧૨ એકમોને ચૂકવણું કરવામાં આવ્યું |

---------

દિપોત્સવી અંકનું છાપકામ

* ૬૩૫૮ શ્રી આનંદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માહિતી અને પ્રસારણ ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાતના દિપોત્સવી અંકોની વર્ષવાર કેટલી નકલો છપાવવામાં આવી અને વર્ષવાર કેટલો ખર્ચ થયો,

(૨) ઉક્ત અંકો સરકારી પ્રેસમાં છાપવામાં આવ્યા કે ખાનગી પ્રેસમાં, ખાનગી પ્રેસમાં છાપવામાં આવ્યા હોય તો કોને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) તે અન્વયે વર્ષવાર કેટલા અંકો મફત વિતરણ કરાયા અને કેટલા અંકો વેચાણથી આપવામાં આવ્યા અને વેચાણ પેટે વર્ષવાર કેટલી આવક થઇ?

જવાબ

(૧)

| વર્ષ | છપાયેલ નકલો | ખર્ચની રકમ |
|---|---|---|
| ૨૦૧૬ | ૧૫૦૦૦ | ૨૨,૫૨,૩૧૪/- |
| ૨૦૧૭ | ૧૫૦૦૦ | ૨૨,૯૮,૫૩૨/- |

(૨) ઉક્ત અંકો સરકારી પ્રેસમાં છાપવામાં આવ્યા છે.

(૩)

| વર્ષ | મફત વિતરણ કરાયેલ નકલો | વેચાણ કરેલ નકલોની સંખ્યા | વેચાણ કરેલ નકલો અન્વયે થયેલ આવક |
|---|---|---|---|
| ૨૦૧૬ | ૭૯૦૯ | ૭૦૯૧ | ૧,૯૪,૩૦૬/- |
| ૨૦૧૭ | ૮૫૨૦ | ૬૪૮૦ | ૧,૯૩,૫૬૦/- |

## તા. ૧૭મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

### આણંદ અને ભરૂચ શહેરમાં ગરીબો માટે આવાસ

* ૬૩૩૫ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે કેટલા આવાસો આણંદ અને ભરૂચ શહેરમાં શહેરવાર બાંધવામાં આવ્યા? | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે આણંદ અને ભરૂચ શહેરમાં બાંધવામાં આવેલ આવાસની સંખ્યા નીચે મુજબ છે. |

| ક્રમ | શહેરનું નામ | બાંધવામાં આવેલ આવાસની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૦ |
| ૨ | ભરૂચ | ૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત આવાસો બાંધવા માટે શહેરવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ આવાસો પૈકી કેટલાનો કબ્જો માલિકોને સોંપવામાં આવ્યો અને કેટલાનો કબ્જો સોંપવાનો બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા આવાસોનું કામ ચાલુ છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### રાજીવ આવાસ યોજનાની સહાયમાં વધારો કરવા કેન્દ્ર સરકારમાં રજૂઆત

* ૬૩૦૮ શ્રી પરસોત્તમ સાબરીયા (ધ્રાંગધ્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજીવ મવાસ યોજનામાં મળવાપાત્ર સહાયની રકમમાં વધારો કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત કરવામાં આવી, અને | (૧) કોઇ રજૂઆત કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે કયારે શું પ્રતિભાવ આપ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં રાજીવ આવાસ યોજના

* ૬૩૨૪ ડો. આશા પટેલ (ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અન્વયે કેટલા આવાસો બાંધવામાં આવ્યા, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અંતર્ગત કોઇ પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત આવાસો બાંધવા માટે રાજ્ય સરકાર અને લાભાર્થીનો કેટલા ટકાનો રેશીયો નક્કી કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત આવાસો પૈકી કેટલા આવાસોનું કામ ચાલુ છે, તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## અતારાંકિત પ્રશ્નો

### વડોદરા અને નર્મદા જિલ્લા જેલનું નિરીક્ષણ

* ૬૨૯૩ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના જેલ મેન્યુઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને નર્મદા જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું,

(૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને

(૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધા ?

**જવાબ**

(૧) હા, જી. જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંકશન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે.

(૨)

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| વડોદરા મધ્યસ્થ જેલ, જિ.વડોદરા | તા.૨૩–૧–૨૦૧૬<br>તા.૧૯–૩–૨૦૧૬<br>તા.૭–૪–૨૦૧૬<br>તા.૫–૬–૨૦૧૬<br>તા.૨૨–૭–૨૦૧૬<br>તા.૨૮–૮–૨૦૧૬<br>તા.૨૯–૧૦–૨૦૧૬<br>તા.૧૨–૧૨–૨૦૧૬<br>તા.૨૯–૧–૨૦૧૭<br>તા.૨૪–૨–૨૦૧૭<br>તા.૧૮–૩–૨૦૧૭<br>તા.૨૭–૯–૨૦૧૭<br>તા.૧૧–૧૧–૨૦૧૭ |
| રાજપીપળા જિલ્લા જેલ, જિ.નર્મદા | તા.૧૭–૧૨–૨૦૧૭ |

(૩) નર્મદા જિલ્લામાં વર્ષ–૨૦૧૬માં મધ્યસ્થ જેલ કે જિલ્લા જેલ અસ્તિત્વમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### જસ્ટીસ ડી.કે.ત્રિવેદી પંચનાં અહેવાલ બાબત

* ૫૫૫૧ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ ખાતેના આશારામ આશ્રમમાં અભ્યાસ કરતા બે બાળકોનાં ત્રાંત્રિક વિધિથી મોત નિપજાવવાની ગુનાઈત ઘટનામાં રાજ્ય સરકારે નિમેલ શ્રી ડી.કે.ત્રિવેદી પંચનો અહેવાલ રાજ્ય સરકારને મળ્યા પછી પણ ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ તે અહેવાલ જાહેર કરવામાં આવ્યો નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) આ અહેવાલ કયાં સુધીમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) હા, જી

(૨)અને(૩) બાબત વિચારણા હેઠળ છે.

---------

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

### સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ કોમ્યુનીટી હોલ

* ૬૦૩૬ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે? | (૨) ૦૧ (એક) |

---------

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રાજીવ આવાસ યોજના

* ૬૩૨૫ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અન્વયે કેટલા આવાસો બાંધવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અંતર્ગત કોઇ પ્રોજેકટ મંજુર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત આવાસો બાંધવા માટે રાજ્ય સરકાર અને લાભાર્થીનો કેટલા ટકાનો રેશીયો નક્કી કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત આવાસો પૈકી કેટલા આવાસોનું કામ ચાલુ છે, તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### રા.અ.પો.દળ જૂથ-૧૧ સુરત યુનિટની આરોગ્ય ચકાસણી

* ૬૦૪૧ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યના પોલીસ અધિકારી/કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે, તે વાત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રા.અ.પો.દળ જૂથ-૧૧ સુરત યુનિટમાં પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના કેટલા અધિકારી/કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે ? | (૨) ૪૬૯૫. |

---------

### જામનગર અને દેવભૂમિ દ્વારા જિલ્લા જેલનું નિરીક્ષણ

* ૬૩૯૨ શ્રી વલ્લભભાઈ ધારવીયા (જામનગર ગ્રામ્ય) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના જેલ મેન્યુઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંકશન્સ) રૂલ્સ-૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું, | (૨) |

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|

| | |
|---|---|
| જામનગર જિલ્લા જેલ, જિ.જામનગર | તા.૭–૭–૨૦૧૭ |

(૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને

(૩) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મધ્યસ્થ જેલ કે જિલ્લા જેલ અસ્તિત્વમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વર્ષ ૨૦૧૬ માં જામનગર જિલ્લા જેલનું નિરીક્ષણ કાર્યભારણના લીધે થયેલ નથી.

(૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધા ?

(૪) જેલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમિત નિરીક્ષણ થાય તે માટે જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રીને ગૃહ વિભાગ દ્વારા સૂચના આપવામાં આવેલ છે.

---------

## આણંદ જિલ્લામાં દારૂ વેચાણના પરવાના

* ૪૦૦૪ શ્રી કાન્તીભાઈ સોઢા પરમાર (આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) આણંદ જિલ્લામાં વિદેશી દારૂના વેચાણ કરવા માટેના કેટલા પરવાનાઓ તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ કોને આપેલા છે, અને

(૧) ૦૩

| અ.નં. | પરવાનેદારનું નામ/સરનામું |
|---|---|
| ૧ | મે. રીચલ વાઇન શોપ, હોટલ સુરભી એજન્સી, મુ.આણંદ |
| ૨ | મે. એ.એ. એન્ડ કંપની હોટલ લાકાસા ઇન, મુ.આણંદ |
| ૩ | મે. મધુભાન રીસોર્ટ એન્ડ સ્પા, વિદ્યાનાગર, જિ.આણંદ |

(૨) તે પૈકી કોને કેટલા પરવાના ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવ્યા ?

(૨) એક પણ નહિ.

---------

## મિશન સ્માર્ટ સીટી અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા મળેલ રકમ

* ૭૨૨૧ શ્રીમતિ ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) મિશન–સ્માર્ટ સિટી અન્વયે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, અને

(૧) હા, મળેલ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ?

(૨) વર્ષ ૨૦૧૬–૧૭ માં રૂ.૩૮૮.૦૦ કરોડ તથા વર્ષ ૨૦૧૭–૧૮ માં રૂ.૧૦૯.૦૦ કરોડ રાજ્ય સરકારને મળેલ છે.

---------

## પોલીસદળના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા મળેલ રકમ

* ૬૩૩૮ શ્રીમતિ સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) પોલીસદળના આધુનિકરણ માટેની રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો વર્ષવાર કેટલી રકમ મળેલ છે ?

(૨) નીચે મુજબના અનુદાન ફાળવવામાં આવેલ છે.
વર્ષ, ૨૦૧૬–૧૭ – રૂ.૩૮.૫૧/– કરોડ
વર્ષ, ૨૦૧૭–૧૮ – રૂ.૨૯.૮૫/– કરોડ.

---------

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### પંચમહાલ જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગ માટે ગ્રાન્ટ

* ૭૧૩૨ શ્રી કુબેરભાઈ ડીંડોર (સંતરામપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાંટ ફાળવણી અંગે સરકારે ૨૦૧૭–૧૮ વર્ષમાં કોઇ જોગવાઇ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમની ફાળવણી કરેલ છે ? | (૨) ૩.૦.૪૬ કરોડ. |

---------

### અમદાવાદ જિલ્લામાં ગુણવત્તા સુધારણા સહાય

* ૫૯૭૭ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં એમએસએમઇ (Micro, Small & Medium Enterprise) એકમોને ગુણવત્તા સુધારણા સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, અને | (૧) ૫૧૫. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને ચુકવણું કરવામાં આવ્યું ? | (૨) ૨૩૩. |

---------

### પાટણ અને મહેસાણા જિલ્લા જેલનું નિરીક્ષણ

* ૬૩૧૯ શ્રી ચંદનજી ઠાકોર (સિદ્ધપુર) :માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યના જેલ મેન્યુઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને મહેસાણા જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું,

(૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને

(૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધાં ?

જવાબ

(૧) હા, જી. જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંક્શન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે.

(૨)

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| પાટણ સબ જેલ<br>જિ. પાટણ | તા.૦૪–૦૪–૨૦૧૬ |
| મહેસાણા જિલ્લા જેલ<br>જિ. મહેસાણા | તા.૧૩–૧૨–૨૦૧૬<br>તા.૦૭–૧૨–૨૦૧૭ |

(૩) પાટણ જિલ્લામાં મધ્યસ્થ જેલ કે જીલ્લા જેલ અસ્તિત્વમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પકડાયેલ ખનીજ ચોરીના વાહનો

* ૬૨૭૯ ડો. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ રાજ્ય સરકારે ખનીજ–ચોરી અટકાવવા ચોવીસ કલાક ચેકિંગ કરવાની કોઇ વ્યવસ્થા કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. ૬ જિલ્લાઓમાં આવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત વ્યવસ્થા અંતર્ગત સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખનીજ ચોરીના ગુનામાં કેટલા વાહનો પકડવામાં આવ્યો ?

(૨) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવી વ્યવસ્થા કરેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં ગૌણ ખનિજનો નિકાલ

* ૭૦૯૨ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગૌણ ખનિજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તેવી ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ના વર્ષમાં કોઈ યોજના સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ખનિજવાર ઉક્ત સમયમાં શું આયોજન કરવામાં આવ્યું ? | (૨) સાદી રેતી ખનિજના ૧૦૯ અને ગ્રેનાઈટના ૫(પાંચ) બ્લોક બનાવવાનું આયોજન છે. |

---------

## મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના

* ૭૦૮૫ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જીલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭માં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કેટલા આવાસ બાંધવાનું આયોજન હતુ, અને | (૧) મહેસાણા જીલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭માં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૨૮૫૩ આવાસ બાંધવાનું આયોજન હતુ. |
| (૨) તે પૈકી વર્ષ ૨૦૧૬–૧૭ તા.૩૧–૦૩–૨૦૧૭ની સ્થિતિએ જીલ્લામાં કેટલા આવાસોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ? | (૨) તે પૈકી વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧/૦૩/૨૦૧૭ ની સ્થિતિએ જીલ્લામાં ૧૭૫૭ આવાસોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |

---------

## ભાવનગર જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

*૬૦૩૦ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ४१६१ |

---------

## સાયન્સ સીટી, ખાતે પચીસમી બાળ–વિજ્ઞાન પરીષદ

* ૫૯૬૭ શ્રી પ્રદિપભાઈ પરમાર (અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સાયન્સ એન્ડ ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાયન્સ સીટી, અમદાવાદ ખાતે આયોજીત ૨૫મી બાળ–વિજ્ઞાન પરિષદમાં કેટલા રાજ્યનાં અને કેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો, અને | (૧) સાયન્સ સીટી, અમદાવાદ ખાતે આયોજીત ૨૫મી બાળ–વિજ્ઞાન પરિષદમાં ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશોના કુલ મળીને ૬૫૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. |
| (૨) ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન કેટલાં લોકોએ સાયન્સ સીટી અને તેના પ્રદર્શનની મુલાકાત લીધી ? | (૨) એક લાખ થી વધુ લોકોએ મુલાકાત લીધી. |

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---

### જુનાગઢ જિલ્લામાં મહિલાઓને તાલીમ

* ૬૦૩૨ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુનાગઢ જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૩૫૮૭ |

---

### ગીરસોમનાથ અને જૂનાગઢ શહેરમાં ગરીબો માટે આવાસ

* ૬૪૦૦ શ્રી વિમલભાઈ ચૂડાસમા (સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે કેટલા આવાસો ગીરસોમનાથ અને જૂનાગઢ શહેરમાં શહેરવાર બાંધવામાં આવ્યા,

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે બાંધવામાં આવેલ આવાસોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | શહેરનું નામ | બાંધવામાં આવેલ આવાસની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગીરસોમનાથ | ૦ |
| ૨ | જૂનાગઢ | ૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત આવાસો બાંધવા માટે શહેરવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ આવાસો પૈકી કેટલાનો કબ્જો માલિકોને સોંપવામાં આવ્યો અને કેટલાનો કબ્જો સોંપવામાં બાકી છે. | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા આવાસોનું કામ ચાલુ છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---

### મેટ્રો રેલ પ્રોજેક્ટમાં સહાય માટે કેન્દ્ર સરકારમાં રજુઆત

* ૬૩૪૪ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૩ ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે કેન્દ્રીય સહાય મેળવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજુઆત કરવામાં આવી, અને

જવાબ

(૧)

- અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ–I માટે કેન્દ્રીય સહાય મેળવવા માટે રાજ્ય સરકારે અર્બન ટ્રાન્સપોર્ટ પોલિસી ૨૦૦૬ અંતર્ગત ડી.પી.આર. તા.૦૫/૦૪/૨૦૧૪ ના રોજ મોકલી આપેલ અને કેન્દ્ર સરકારે તા.૧૭/૧૧/૨૦૧૪ ના રોજ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ– I ને મંજૂરી આપેલ.
- અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ–I માટે જાપાન પાસેથી ઓડીએ લોન મેળવવા ૨૮ માર્ચ, ૨૦૧૪માં રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને રજૂઆત કરી હતી, જેને ગ્રાહ્ય રાખી JICA પાસેથી વાર્ષિક ૧.૪ ટકાના નજીવા દરે ૩૦ વર્ષ માટે

રૂ.૫૯૬૮ કરોડની લોન મંજુર થયેલ છે.

- અમદાવાદના આશ્રમ રોડ ગીચતા ન થાય અને ભાવનગર–બોટાદ મીટર ગેજ લાઇનની બાજુની વણવપરાયેલી જમીનનો ઉપયોગ થાય તે હેતુથી રેલવેની જમીન પર વાડજથી વેજલપુર વચ્ચે મેટ્રોના બાંધકામ માટે તા.૧૧/૦૬/૨૦૧૪ ના રોજ અરજી કરેલ. વેસ્ટર્ન રેલવે તરફથી તા.૧૫/૦૯/ ૨૦૧૪ના રોજ સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી અને ડિટેઇલ્ડ ડિઝાઇનનો અભ્યાસ કર્યા બાદ જુલાઈ ૨૦૧૬માં રેલવે દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.
- અમદાવાદ મેટ્રોના ફેઝ–II ના ભાગરૂપે મોટેરાથી ગાંધીનગરના રૂટ માટે ડીએમઆરસી પાસે ડી.પી.આર. તૈયાર કરાવી તા.૨૪/૧૦/૨૦૧૭ના રોજ ભારત સરકારને મોકલવામાં આવેલ. ભારત સરકારે નવી મેટ્રો રેલ પોલિસી મુજબ ડી.પી.આર. માં જરૂરી સુધારા–વધારા કરી ફરીથી રજુ કરવા જણાવેલ છે. આ કામગીરી હાલ પ્રગતિમાં છે.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો?

(૨) કેન્દ્ર સરકારના પ્રતિભાવ ઉક્ત જવાબમાં સામેલ છે.

---------

## ગાંધીનગર જિલ્લામાં વ્યાજ સહાય

* ૬૦૬૯ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં એમએસએમઈ (Micro, Small & Medium Enterprise) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, અને | (૧) ૪૬૧ એકમોની અરજીઓ મળી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની અરજીઓ મંજુર કરવામાં આવી ? | (૨) ૩૦૬ એકમોની અરજીઓ મંજુર કરવામાં આવી. |

---------

## ટેક્નીકલ કર્મચારી વર્ગ–૩ની ભરતી

* ૭૦૯૧ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નર કચેરી ખાતે વર્ગ–૩ના તાંત્રિક (ટેકનિકલ)કર્મચારીની ભરતી અંગે કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી કઈ કક્ષાએ પડતર છે અને આગામી કેટલા સમયમાં ભરતીની પ્રક્રિયા પૂર્ણ થશે ? | (૨) ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર કક્ષાએ પસંદગી પ્રક્રિયા હેઠળ છે. પ્રક્રિયા બાદ ઉત્તીર્ણ ઉમેદવારોની યાદી ઉપલબ્ધ થયેથી નિમણૂંક થઈ શકશે. |

---------

## રાજ્યમાં મેરીટાઇમ યુનિવર્સિટી માટે કેન્દ્ર સરકારમાં રજુઆત

* ૬૩૫૪ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮
અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં મેરીટાઇમ યુનિવર્સિટીની સ્થાપના કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) કોઈ દરખાસ્ત કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમરેલી શહેરમાં ગરીબો માટે આવાસ

* ૬૨૮૫ શ્રી જે. વી. કાકડીયા (ધારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર શહેરી ગરીબો માટે કેટલા આવાસો અમરેલી શહેરમાં બાંધવામાં આવ્યા, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શહેરી ગરીબો માટે અમરેલી શહેરમાં કોઇ આવાસો બાંધવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત આવાસો બાંધવા માટે શહેરવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ આવાસો પૈકી કેટલાનો કબ્જો માલિકોને સોંપવામાં આવ્યો અને કેટલાનો કબ્જો સોંપવાનો બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા આવાસોનું કામ ચાલુ છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

પાટણ જિલ્લા પંચાયતને રેતી રોયલ્ટીની હિસ્સાની રકમ

* ૭૧૦૫ શ્રી શશીકાન્ત પંડ્યા (ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રેતીની લીઝ પેટે સરકાર વસુલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સાની રકમ સંબંધિત જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઇન એઇડ તરીકે ફાળવવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઇન એઇડની કુલ કેટલી રકમ ફાળવેલ છે ? | (૨) રૂ.૦.૩૫ કરોડ. |

---------

ગ્રામ રક્ષક દળનું માનદ વેતન

* ૭૨૨૭ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) : માનનીય ગ્રામ રક્ષક દળ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ ગ્રામ રક્ષક દળમાં ફરજ બજાવતા જવાનો/ઇસમોને ચૂકવાતું માનદ વેતન લઘુતમ વેતન કરતાં પણ ઓછું ચૂકવાતું હોવાની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) અને (૨)<br>ગ્રામ રક્ષક દળ એ માનદ સંગઠન છે અને તેમાં સેવા આપનાર સભ્યો માનદ સેવા આપતા હોઇ, પ્રસ્તુત બાબત તેઓને લાગુ પડતી નથી. |
| (૨) જો હા, તો આ માનદ વેતનમાં સરકાર વધારો કરવાનું શું આયોજન છે ? | |

---------

## અતારાંકિત પ્રશ્નો

### ખેડા અને સુરત જિલ્લા જેલનું નિરીક્ષણ

* ૬૩૫૦ શ્રી કાંતિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના જેલ મેન્યુઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંક્શન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને સુરત જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું, | (૨) |

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| નડીયાદ જિલ્લા જેલ જિ. ખેડા | તા.૧૦–૧૦–૨૦૧૬<br>તા.૧૦–૧૨–૨૦૧૬<br>તા.૦૭–૧૦–૨૦૧૭ |
| લાજપોર (સુરત) મધ્યસ્થ જેલ જિ. સુરત | તા.૦૬–૦૯–૨૦૧૬<br>તા.૨૦–૧૦–૨૦૧૬<br>તા.૨૭–૦૧–૨૦૧૭<br>તા.૨૩–૦૯–૨૦૧૭<br>તા.૩૦–૧૧–૨૦૧૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધાં ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### રાજ્યમાં ખનિજોના અભ્યાસ બાબત

* ૪૧૦૦ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ખનિજોના અભ્યાસ માટે કોઈ યોજના અમલમાં મુકવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના ક્યારે અમલમાં મુકવામાં આવી, અને | (૨) |

| યોજનાનું નામ | અમલમાં મુક્યા તારીખ |
|---|---|
| હિંમતનગર સિલિકાસેન્ડ શારકામ યોજના | ૧૮–૦૧–૨૦૧૬ |
| માંગરોળ લાઈમસ્ટોન શારકામ યોજના | ૨૧–૦૩–૨૦૧૭ |
| ઢાંક લાઈમસ્ટોન શારકામ યોજના | ૦૫–૧૦–૨૦૧૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા–ક્યા ખનિજોનો અભ્યાસ કરવામાં આવેલ છે ? | (૩) લાઈમસ્ટોન, સિલિકાસેન્ડ. |

---------

### ગુજરાતમાં ક્રુડ ઓઈલ કાર્ગોના હેન્ડલીંગ બાબત

* ૭૧૨૪ શ્રી અરવિંદ પટેલ (ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ક્રુડ ઓઈલ કાર્ગોના હેન્ડલીંગ માટેના એસ.બી.એમ./એસ.પી.એમ. સૌથી વધુ ગુજરાતમાં ઉપલબ્ધ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો સંખ્યા કેટલી છે, અને

(૨) સાત.

(૩) ઉક્ત સ્થિતિએ નવા એસ.બી.એમ./એસ.પી.એમ. સ્થાપવાનું કોઇ આયોજન છે કે કેમ ?

(૩) બે દરખાસ્તો વિચારણા હેઠળ છે.

---------

સૌ માટે આવાસ યોજના અંતર્ગત ભારત સરકારની ગ્રાન્ટ

* ૩૨૦૪ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) સૌ માટે આવાસ યોજના (એમ.ઓ.પી.યુ.એ.) અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટની રકમ મળેલ છે,

(૧) સૌ માટે આવાસ યોજના moHUPA (Ministry of Housing and Urban Poverty Alleviation) અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગ્રાન્ટની રકમ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટની રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૩૭૦.૫૪ |
| ૨ | ૨૦૧૭ | ૮૫.૯૦ |

(૨) મળેલ ગ્રાન્ટમાંથી વર્ષવાર કેટલા આવાસો બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) મળેલ ગ્રાન્ટમાંથી આવાસોના બાંધકામની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | નક્કી કરવામાં આવેલ આવાસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૭૦૫૪૨ |
| ૨ | ૨૦૧૭ | ૩૫૩૩૭ |

(૩) તે પૈકી કેટલા આવાસો બાંધવામાં આવ્યા અને કેટલા બાકી છે, અને

(૩) ઉપરોક્ત આવાસો પૈકી બાંધકામ કરવામાં આવેલ તથા બાકી રહેલ આવાસોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મંજુર કરવામાં આવેલ આવાસોની સંખ્યા | બાંધકામ કરવામાં આવેલ આવાસોની સંખ્યા | બાંધકામ હેઠળના આવાસોની સંખ્યા | બાંધકામ બાકી રહેલ આવાસોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | ૭૦૫૪૨ | ૩૩૦૩ | ૪૨૨૬૪ | ૨૪૯૭૫ |
| ૨ | ૨૦૧૭ | ૩૫૩૩૭ | ૪૪૧૫ | ૧૪૧૪૪ | ૧૬૭૭૮ |

(૪) બાકી રહેલ આવાસો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) બાકી રહેલ આવાસો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ તબક્કાવાર બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

સુરેન્દ્રનગર અને બોટાદ શહેરમાં ગરીબો માટે આવાસ

* ૬૩૦૦ શ્રી ઋત્વિકભાઈ મકવાણા (ચોટીલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે કેટલા આવાસો સુરેન્દ્રનગર અને બોટાદ શહેરમાં શહેરવાર બાંધવામાં આવ્યા,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે બાંધવામાં આવેલ આવાસોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | શહેરનું નામ | બાંધવામાં આવેલ |
|---|---|---|

| | | આવાસની સંખ્યા |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૦ |
| ૨ | બોટાદ | ૦ |

(૨) ઉક્ત આવાસો બાંધવા માટે શહેરવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ આવોસો પૈકી કેટલાનો કબજો સોંપવામાં આવ્યો અને કેટલાનો કબજો સોંપવામાં બાકી છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કેટલા આવાસોનું કામ ચાલુ છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪)

| ક્રમ | શહેરનું નામ | કામગીરી પ્રગતિ હેઠળ હોય તેવા આવાસની સંખ્યા | પૂર્ણ કરવાનું આયોજન |
|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૧૫૧૧ | પ્રગતિ હેઠળના આવાસો તબક્કાવાર સત્વરે પૂર્ણ |
| ૨ | બોટાદ | ૩૨૨ | |

---------

રાજકોટ જિલ્લામાં વ્યાજ સહાય

* ૬૦૭૨ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ–દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં એમએસએમઇ (Micro, Small & Medium Enterprise) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, અને

(૧) ૨,૯૧૨ એકમોની અરજીઓ મળી.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી ?

(૨) ૧,૮૪૯ એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી.

---------

નૈની બ્લોક રદ કરવા કેન્દ્ર સરકારમાં રજુઆત

* ૬૩૧૪ શ્રી ભીખાભાઈ જોશી (જુનાગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) વર્ષ–૨૦૧૩ ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ જીએમડીસી તથા પીઆઇપીડીઆઇસીએલ (રાજ્ય સરકાર હસ્તક કોર્પોરેશન) ને ફાળવવામાં આવેલ નૈની કોલ બ્લોક રદ કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજુઆત/દરખાસ્ત કરવામાં આવી, અને

(૧) શુન્ય.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ભાવનગર જિલ્લામાં ડી.એમ.એફ.

* ૭૧00 શ્રી રાઘવભાઈ મકવાણા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડીસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન હેઠળ ભાવનગર જિલ્લામાં કેટલું ભંડોળ એકત્રિત થયેલ છે,

(૧) રૂ.૫૭૪ લાખ.

(૨) ઉક્ત સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ કેટલી રકમ ફાળવેલ છે, અને

(૨) રૂ.૪૬૨ લાખ.

(૩) ઉકત સ્થિતિએ તે હેઠળ કેટલા કામ ચાલુ કરેલ છે ? (૩) શૂન્ય.

---------

રાજ્યમાં સ્ટોનઆર્ટીઝન ક્ષેત્રે તાલીમ

* ૭૧૧૭ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે રાજ્યમાં સ્ટોનઆર્ટીઝન ક્ષેત્રે તાલીમ આપવા કોઈ વ્યવસ્થા કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા સ્થળે આ વ્યવસ્થા કરેલ છે, અને તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં કેટલા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) બનાસકાંઠા જિલ્લામાં અંબાજી ખાતે અને સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા ખાતે સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેનીંગ ઈન્સ્ટિટ્યુટ કાર્યરત છે. જેમાં છેલ્લા બે વર્ષમાં ૨૬૧ તાલિમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. |

---------

ગુજરાતમાં ક્રુડ ઓઈલ કાર્ગોના હેન્ડલીંગ બાબત

* ૭૧૨૩ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ક્રુડ ઓઈલ કાર્ગોના હેન્ડલીંગ માટેની સીંગલ બોયા મુરીંગ, સીંગલ પોઈન્ટ મુરીંગ સૌથી વધુ ગુજરાતમાં ઉપલબ્ધ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સંખ્યા કેટલી છે, અને | (૨) સાત. |
| (૩) ઉકત સ્થિતિએ નવા એસ.બી.એમ.એસ.પી.એમ. સ્થાપવાનું કોઈ આયોજન છે કે કેમ ? | (૩) બે દરખાસ્તો વિચારણા હેઠળ છે. |

---------

રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૧૨ ગાંધીનગરની આરોગ્ય ચકાસણી

* ૬૦૪૦ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યના પોલીસ અધિકારીકર્મચારીઓ તથા તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે, તે વાત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રા.અ.પો.દળ જૂથ-૧૨ ગાંધીનગર યુનિટમાં પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના કેટલા અધિકારીકર્મચારીઓ અને તેમના કુટુંબીજનોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે ? | (૨) ૪૧૫૦ |

---------

જુનાગઢ જિલ્લામાં કલાયમેટ ચેન્જ વિભાગ દ્વારા કાર્યક્રમ

* ૫૫૪૯ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (કલાઈમેટ ચેન્જ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં કલાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા સન ૨૦૧૭માં શા કાર્યક્રમો હાથ ધરાયા, | (૧) સન ૨૦૧૭ના કાર્યક્રમોઃ- જુનાગઢ જિલ્લામાં બાયોગેસ પ્લાન્ટ, ગ્રીડ કનેકટેડ |

તેમજ ઓફ ગ્રીડ સોલર રુફટોપ સીસ્ટમ, સુધારેલ સ્મશાન ભઠ્ઠી, સોલર વોટર હિટિંગ સિસ્ટમ, પાણી ખેંચવાની પવનચક્કી, ઊર્જા કાર્યક્ષમ પંખા, એલ.ઈ.ડી. ટ્યુબલાઈટ તથા કલાઈમેટ ચેન્જ વિષયની જન જાગૃતિ લાવવા અંગેના પ્રદર્શન વગેરે કાર્યક્રમો હાથ ધરાયા હતા.

(૨) તેનાં શા પરિણામો કે શી સકારાત્મક અસરો ઉભી થઈ,

(૨) આ કાર્યક્રમોના અમલથી નીચે મુજબની સકારાત્મક અસરો ઉભી થઈ છે.

કલાઈમેટ ચેન્જના કારણે થતા ફેરફારો એ લાંબાગાળાની અસરોના સ્વરુપમાં થાય છે. ઉપરોકત કાર્યક્રમોને કારણે હરિત ઉર્જાનું ઉત્પાદન થશે જેના કારણે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે અને પર્યાવરણની જાળવણીમાં મદદરૂપ થશે.

(૩) આ કાર્યક્રમોમાં ક્યા ક્યા પ્રોજેકટ હાથ ધર્યા અને તે દરેક પ્રોજેકટ પાછળ કુલ ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) આ કાર્યક્રમોમાં નીચે મુજબના પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યા અને તે દરેક પ્રોજેકટ પાછળ કુલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | પ્રોજેકટ | કુલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ | ૨૦.૯૬ |
| ૨ | ગ્રીડ કનેકટેડ તેમજ ઓફ ગ્રીડ સોલર રૂફટોપ સિસ્ટમ | ૨૨૯.૧૨ |
| ૩ | સુધારેલ સ્મશાન ભઠ્ઠી | ૫૦.૧૩ |
| ૪ | સોલર વોટર હિટિંગ સિસ્ટમ | ૪.૪૫ |
| ૫ | પાણી ખેંચવાની પવનચક્કી | ૦.૯૦ |
| ૬ | ઊર્જા કાર્યક્ષમ પંખા તથા એલ.ઈ.ડી. લાઈટ | ૪.૨૦ |
| ૭ | જાહેર સંચાર | ૯.૪૦ |

---------

## છોટાઉદેપુર જિલ્લામાં ડી.એમ.એફ.

* ૭૦૯૭ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ડીસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં કેટલું ભંડોળ એકત્રિત થયેલ છે, | (૧) રૂ.૪૭૮ લાખ. |
| (૨) ઉકત સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ કેટલી રકમ ફાળવેલ છે, અને | (૨) રૂ.૪૪૨ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ તે હેઠળ કેટલા કામ ચાલુ કરેલ છે ? | (૩) ૬૮ |

---------

## એફ.એસ.એલ.માં દસ્તાવેજનું પૃથ્થકરણ

* ૫૯૯૫ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં દસ્તાવેજોની ચકાસણીને લગતા | (૧) હા, જી. |

કેસોનું પૃથ્થકરણ કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે ?

(૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા દસ્તાવેજોની ચકાસણીને લગતા કુલ-૧૨૬૩ કેસોના ૨,૩૧,૩૧૬ નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે.

---------

રાજકોટ જિલ્લામાં વ્યાજ સહાય

* ૬૦૬૭ શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં એમએસએમઇ (Micro, Small & Medium Enterprise) એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, અને | (૧) ૨,૯૧૨ એકમોની અરજીઓ મળી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) ૨,૩૬૭ એકમોને ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

અમદાવાદ જિલ્લામાં ઉદ્યોગ આધાર

* ૬૦૭૭ શ્રી કનુભાઈ પટેલ (સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા ઉદ્યોગ આધાર નોંધાયા છે, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ૮૯૬૬૦ ઉદ્યોગ આધાર નોંધાયેલ છે. |
| (૨) નોંધાયેલ ઉદ્યોગ આધાર પૈકી સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના કેટલા એકમો નોંધાયેલા છે? | (૨) નોંધાયેલા ઉદ્યોગ આધાર પૈકી સૂક્ષ્મ-૭૮૮૦૪, લઘુ-૧૦૪૫૬ અને મધ્યમ કક્ષામાં-૪૦૦ એકમો નોંધાયેલ છે. |

---------

ભરૂચ જિલ્લામાં મેન્યુફેકચરીંગ ક્ષેત્રે એકમો

* ૭૧૨૯ શ્રી શૈલેષભાઈ ભાભોર (લીમખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની અંતિત છેલ્લા બે વર્ષમાં મેન્યુફેકચરીંગ પોલીસી અંતર્ગત ભરૂચ જિલ્લામાં કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેન્યુફેકચરીંગ પોલીસી અંતર્ગત ભરૂચ જિલ્લામાં ૦૩ એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) ઉકત સ્થિતિએ આ એકમો થકી કેટલું મૂડીરોકાણ ઉભું થયેલ છે, અને | (૨) ઉકત સ્થિતિએ આ એકમો થકી રૂ.૪૨૬૦.૭ લાખ મૂડીરોકાણ ઉભું થયેલ છે. |
| (૩) આ એકમો થકી કેટલી રોજગારી ઉભી થયેલ છે ? | (૩) આ એકમો થકી ૧૩૦ રોજગારી ઉભી થયેલ છે. |

---------

ખેડા અને દાહોદ શહેરમાં ગરીબો માટે આવાસ

* ૬૨૮૮ શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર (મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે કેટલા આવાસો ખેડા | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે ખેડા અને દાહોદ શહેરમાં |

અને દાહોદ શહેરમાં શહેરવાર બાંધવામાં આવ્યા,

બાંધવામાં આવેલ આવાસોની સંખ્યા નીચે મુજબ છેઃ

| ક્રમ | શહેરનું નામ | બાંધવામાં આવેલ આવાસની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડા | ૦ |
| ૨ | દાહોદ | ૦ |

(૨) ઉક્ત આવાસો બાંધવા માટે શહેરવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ આવાસો પૈકી કેટલાનો કબ્જો માલિકોને સોંપવામાં આવ્યો અને કેટલાનો કબ્જો સોંપવાનો બાકી છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કેટલા આવાસોનું કામ ચાલુ છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

નવસારી અને ડાંગ જિલ્લા જેલનું નિરીક્ષણ

* ૬૩૬૮ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) રાજ્યના જેલ મેન્યુઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાચી છે,

(૧) હા, જી. જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંક્શન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને ડાંગ જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું,

(૨)

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| નવસારી સબ જેલ જિ. નવસારી | તા.૦૬–૦૯–૨૦૧૬ |

(૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને

(૩) નવસારી અને ડાંગ જિલ્લામાં મધ્યસ્થ જેલ કે જીલ્લા જેલ અસ્તિત્વમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધાં ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ગીરસોમનાથ જિલ્લામાં ડી.એમ.એફ

* ૭૧૧૧ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડીસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન હેઠળ ગીરસોમનાથ જિલ્લામાં કેટલું ભંડોળ એકત્રિત થયેલ છે,

(૧) રૂ.૩૮૭૯ લાખ

(૨) ઉકત સ્થિતિએ ગીરસોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રધાન મંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ કેટલી રકમ ફાળવેલ છે, અને

(૨) શૂન્ય

(૩) ઉકત સ્થિતિએ તે હેઠળ કેટલા કામ ચાલુ કરેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજ્યમાં જીઓકેમીકલ એક્સપ્લોરેશન

* ૭૦૯૮ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશ્નરની કચેરી

(૧) હા,જી.

દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જીઓકેમીકલ એક્સપ્લોરેશન હાથ ધરાવવામાં આવેલ છે કે કેમ, અને

| | |
|---|---|
| (૨) જો હા, તો કયા વિસ્તારમાં કરવામાં આવેલ છે ? | (૨) ભરૂચ, રાજકોટ, મહેસાણા, અમદાવાદ, ખેડા, ડાંગ અને બનાસકાંઠા જિલ્લામાં. |

---------

ભુસ્તરશાસ્ત્રી, વર્ગ-૧ ની ભરતી બાબત

* ૭૦૯૪ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નર કચેરી ખાતે વર્ગ-૧ ભુસ્તરશાસ્ત્રીની ભરતી અંગે કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કાર્યવાહી કઈ કક્ષાએ પડતર છે અને આગામી કેટલા સમયમાં ભરતીની પ્રક્રિયા પૂર્ણ થશે ? | (૨) ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર કક્ષાએ પસંદગી પ્રક્રિયા હેઠળ છે. ઉત્તીર્ણ ઉમેદવારોની યાદી ઉપલબ્ધ થયેથી નિમણૂંક થઈ શકશે. |

---------

રાજ્યમાં ગૌણ ખનિજનો નિકાલ

* ૭૦૯૬ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગૌણ ખનિજનો નિકાલ પારદર્શક અને જાહેર હરાજીથી થાય તેવી ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના વર્ષમાં કોઈ યોજના સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ખનિજવાર ઉક્ત સમયમાં શું આયોજન કરવામાં આવ્યું ? | (૨) સાદી રેતી ખનિજના ૧૦૯ અને ગ્રેનાઈટ ખનિજના ૦૫ બ્લોક બનાવવાનું આયોજન છે. |

---------

અમદાવાદ જિલ્લામાં ડી.એમ.એફ

* ૭૧૦૧ શ્રી લાખાભાઈ સાગઠીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ડીસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલું ભંડોળ એકત્રિત થયેલ છે, | (૧) રૂ.૧૫૨ લાખ. |
| (૨) ઉકત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રધાન મંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ કેટલી રકમ ફાળવેલ છે, અને | (૨) રૂ.૧૩૯ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ તે હેઠળ કેટલા કામ ચાલુ કરેલ છે ? | (૩) ૦૨ (બે). |

---------

અમરેલી અને સુરત જીલ્લામાં રાજીવ આવાસ યોજના

* ૬૩૩૨ શ્રી અમરિષભાઈ ડેર (રાજુલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને સુરત જીલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અન્વયે કેટલા આવાસો | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને સુરત જીલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અન્વયે બાંધવામાં આવેલ આવાસોની વિગત નીચે |

બાંધવામાં આવ્યા,

મુજબ છે.

| ક્રમ | જીલ્લો | શહેરનું નામ | મંજુર આવાસોની સંખ્યા | બાંધવામાં આવેલ આવાસો | |
|---|---|---|---|---|---|
| | | | | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
| ૧ | સુરત | સુરત (SUDA) | ૮૪૮ | ૦ | ૮૪૮ |
| ૨ | અમરેલી | જિલ્લામાં કોઇ પ્રોજેક્ટ રાજીવ આવાસ યોજનામાં | | | |

(૨) ઉક્ત આવાસો બાંધવા માટે રાજ્ય સરકાર અને લાભાર્થીનો કેટલા ટકાનો રેશીયો નક્કી કરવામાં આવેલ છે, અને

(૨) રાજીવ આવાસ યોજના– એફોર્ડેબલ હાઉસીંગ ઈન પાર્ટનરશીપ (એ.એચ.પી.) ઘટક હેઠળ નીચે મુજબનો સહાયની રકમ નિયત કરવામાં આવેલ છે.

| કેટેગરી | રાજ્ય સરકારશ્રીની સહાય પ્રતિ આવાસ | લાભાર્થીનો ફાળો પ્રતિ આવાસ |
|---|---|---|
| EWS | રૂ. ૧,૫૦,૦૦૦/– | રૂ. ૩,૦૦,૦૦૦/– |
| LIG-1 | રૂ. ૧,૦૦,૦૦૦/– | રૂ. ૭,૫૦,૦૦૦/– |

(૩) ઉક્ત આવાસો પૈકી કેટલા આવાસોનું કામ ચાલુ છે, તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩)

| ક્રમ | જીલ્લો | શહેરનું નામ | પ્રગતિ હેઠળના આવાસોની સંખ્યા | આવાસોની કામગીરી પુર્ણ કરવાનું આયોજન |
|---|---|---|---|---|
| ૧ | સુરત | સુરત | ૦ | તમામ આવાસોનું કામ પૂર્ણ થયેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨ | અમરેલી | જિલ્લામાં કોઇ પ્રોજેક્ટ રાજીવ આવાસ યોજનામાં મંજુર થયેલ નથી. | | |

---------

## તાપી અને વલસાડ જિલ્લા જેલનું નિરીક્ષણ

* ૬૩૬૨ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના જેલ મેન્યુઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બૅરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંક્શન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને વલસાડ જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું, | (૨) કોઈ જેલનું નિરીક્ષણ કરવામાં આવેલ નથી. |
| (૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને | (૩) તાપી અને વલસાડ જિલ્લામાં મધ્યસ્થ જેલ કે જીલ્લા જેલ અસ્તિત્વમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધાં ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## પંચમહાલ જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગ માટે ગ્રાન્ટ

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

* ૭૧૧૩ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે સરકારે ૨૦૧૭–૧૮ વર્ષમાં કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પંચમહાલ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમની ફાળવણી કરેલ છે ? | (૨) રૂ. ૦.૪૬ કરોડ. |

---------

### કચ્છ જિલ્લામાં ખનીજ લીઝ

* ૭૦૮૯ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અસ્તિત્વ ધરાવતી ખનીજવાર લીઝોની સંખ્યા કેટલી છે, અને

જવાબ

(૧)

| ખનિજનું નામ | લીઝોની સંખ્યા |
|---|---|
| બોક્સાઇટ | ૧૧ |
| લાઇમસ્ટોન | ૦૮ |
| લિગ્નાઇટ | ૦૫ |
| સિલિકાસેંડ | ૦૮ |
| લેટેરાઇટ | ૦૮ |
| બોલેકલે | ૦૪ |
| જીપ્સમ | ૦૮ |
| ફાયરકલે | ૦૧ |
| પોઝોલેનિકકલે | ૦૨ |
| રેડઓકર | ૦૧ |
| ચાઇના કલે | ૬૮ |
| વ્હાઇટકલે | ૯૬ |
| ખનિજનું નામ | લીઝોની સંખ્યા |
| બ્લેકટ્રેપ | ૨૭૮ |
| સાદીરેતી | ૯૦ |
| બિલ્ડીંગ લાઇમસ્ટોન | ૨૫૦ |
| સેંડસ્ટોન | ૨૮ |
| મોરમ | ૩૧ |
| સાદીમાટી | ૦૪ |

(૨) કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં થયેલ લીઝોમાંથી રોયલ્ટીની કેટલી આવક થઇ?

(૨) રૂ. ૨૪૮૪૧.૯૩ લાખ

---------

### જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં રાજીવ આવાસ યોજના

* ૬૩૬૫ શ્રી હર્ષદકુમાર રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અન્વયે કેટલા આવાસો બાંધવામાં આવ્યા, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અન્વયે કોઇ પ્રોજેકટ મંજુર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત આવાસો બાંધવા માટે રાજ્ય સરકાર અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

લાભાર્થીનો કેટલા ટકાનો રેશીયો નક્કી કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત આવાસો પૈકી કેટલા આવાસોનું કામ ચાલુ છે, તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## આણંદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના

* ૭૦૮૭ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭માં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કેટલા આવાસ બાંધવાનું આયોજન હતું, અને | (૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭માં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૭૬૦૧ આવાસ બાંધવાનું આયોજન હતું. |
| (૨) તે પૈકી વર્ષ ૨૦૧૬-૧૭ તા.૩૧-૦૩-૨૦૧૭ની સ્થિતિએ જિલ્લામાં કેટલા આવાસને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૬-૧૭ તા.૩૧-૦૩-૨૦૧૭ની સ્થિતિએ જિલ્લામાં ૮૫૮ આવાસોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |

---------

## અમરેલી જિલ્લામાં સફાઇ કર્મચારીને વળતર

* ७४३६ શ્રી પ્રતાપ દૂધાત (સાવરકુંડલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નામદાર સુપ્રીમ કોર્ટ સફાઇ કર્મચારી આંદોલન વિ. યુનિયન ઓફ ઇન્ડીયા, રીટ પીટીશન (સીવીલ)નં ૫૮૩/૨૦૦૩ ના કેસમાં ગટર સફાઇ માટે ઉતારવામાં આવતા સફાઇ કામદારોના થઇ રહેલા મોતના વળતર બદલ રૂ. ૧૦,૦૦,૦૦૦/- નું વળતર ચૂકવવા આદેશ આપેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો અમરેલી જિલ્લાના શહેરી વિસ્તારમાં ડીસેમ્બર-૨૦૧૭ ની સ્થિતિએ મૃત્યુ પામેલ કેટલા સફાઇ કર્મચારીઓના કિસ્સામાં રૂ. ૧૦ લાખનું વળતર ચૂકવવાનું બાકી છે, | (૨) કોઇ નહિ. |
| (૩) આ વળતર બાકી રહેવાના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી રહેલ તમામ વળતર કઇ તારીખ સુધીમાં ચૂકવી આપવામાં આવનાર છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## બનાસકાંઠા અને સુરેન્દ્રનગર જિલ્લા જેલનું નિરીક્ષણ

* ૬૩૧૭ શ્રી ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના જેલ મેન્યુઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંક્શન્સ) રૂલ્સ-૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને સુરેન્દ્રનગર જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું, | (૨) |

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| પાલનપુર જિલ્લા જેલ<br>જિ. બનાસકાંઠા | તા.૧૩-૧૨-૨૦૧૬<br>તા.૨૭-૦૬-૨૦૧૭<br>તા.૧૮-૧૧-૨૦૧૭ |
| સુરેન્દ્રનગર સબ જેલ<br>જિ. સુરેન્દ્રનગર | તા.૧૦-૦૧-૨૦૧૭ |

(૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને

(૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધાં ?

(૩) સુરેન્દ્રનગર જિલ્લામાં મધ્યસ્થ જેલ કે જીલ્લા જેલ અસ્તિત્વમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

જામનગર અને દેવભુમિ દ્વારકા શહેરમાં ગરીબો માટે આવાસ

* ૬૨૯૭ શ્રી પ્રવિણભાઇ મુસડિયા (કાલાવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે કેટલા આવાસો જામનગર અને દેવભુમી દ્વારકા શહેરમાં શહેરવાર બાંધવામાં આવ્યા,

(૨) ઉક્ત આવાસો બાંધવા માટે શહેરવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) આ આવાસો પૈકી કેટલાનો કબ્જો માલિકોને સોંપવામાં આવ્યો અને કેટલાનો કબ્જો સોંપવાનો બાકી છે, અને

(૪) કેટલા આવાસોનું કામ ચાલુ છે અને કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શહેરી ગરીબો માટે જામનગર અને દેવભુમી-દ્વારકા શહેરમાં બાંધવામાં આવેલ આવાસની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | શહેરનું નામ | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૧૯૭૬ | ૫૦૪ |
| ૨ | દેવભુમી-દ્વારકા | - | - |

(૨) ઉક્ત આવાસો માટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | શહેરનું નામ | વર્ષ ૨૦૧૬માં કરેલ ખર્ચ રૂ. લાખમાં | વર્ષ ૨૦૧૭માં કરેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૧૪૨૩૩.૫૧ | ૩૦૬૧.૧૮ |
| ૨ | દેવભુમી-દ્વારકા | - | - |

(૩)

| ક્રમ | શહેરનું નામ | કબ્જો સોંપવામાં આવેલ આવાસોની સંખ્યા | કબ્જો સોંપવાનો બાકી હોય તેવા આવાસોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૨૪૮૦ | ૦ |
| ૨ | દેવભુમી-દ્વારકા | - | - |

(૪)

| ક્રમ | શહેરનું નામ | મંજુર થયેલ અન્ય યોજનાના પ્રગતિ હેઠળના આવાસોની સંખ્યા | પુર્ણ થવાનો સમય ગાળો |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૩૯૬૨ | આ આવાસો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ હોઇ તબકકાવાર બનતી ત્વરાએ પુર્ણ |

| | | | |
|---|---|---|---|
| | | | કરવાનું આયોજન છે. |
| ૨ | દેવભુમી–દ્વારકા | – | – |

---------

એફ.એસ.એલ માં ગૌમાંસનું સ્થળ પરિક્ષણ

* ૬૦૦૮ શ્રી રાકેશભાઇ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ગૌ–માંસના સ્થળ પરિક્ષણ માટે કોઈ સવલત ઉપલબ્ધ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ગૌ–માંસને લાગતા કેટલા કેસોનું સ્થળ પરિક્ષણ કરવામાં આવેલ છે? | (૨) તા. ૩૧/૧૨/૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ગૌ–માંસને લગતા ૩૭૯ કેસોના ૨૨૭૯ નમૂનાઓનું સ્થળ પરીક્ષણ કરવામાં આવેલ છે. |

---------

એફ.એસ.એલમાં દસ્તાવેજનું પૃથક્કરણ

* ૫૯૯૬ શ્રી બાબુભાઇ પટેલ (દસક્રોઇ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં દસ્તાવેજોની ચકાસણીને લગતા કેસોનું કોઈ પૃથ્થકરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે ? | (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા દસ્તાવેજોની ચકાસણીને લગતા કુલ–૧૨૬૩ કેસોના ૨,૩૧,૩૧૬ નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. |

---------

ક્રાઇમ અને ક્રિમીનલ નેટવર્ક સીસ્ટમ માટે કેન્દ્ર સરકાર દ્વારા મળેલ રકમ

* ૬૩૫૯ શ્રી આનંદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ક્રાઇમ અને ક્રિમીનલ નેટવર્ક્સ સીસ્ટમ માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, અને | (૧) હા |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે. | (૨) વર્ષ ૨૦૧૬ રૂ. ૧૬,૭૫,૮૩,૦૦૦/–<br>વર્ષ ૨૦૧૭ રૂ. ૨,૩૯,૭૦,૦૦૦/– |

---------

વડોદરા અને વલસાડ જિલ્લામાં રાજીવ આવાસ યોજના

* ૬૨૯૪ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને વલસાડ જિલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અન્વયે કેટલા આવાસો બાંધવામાં આવ્યા, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને વલસાડ જિલ્લામાં શહેરવાર રાજીવ આવાસ યોજના અન્વયે આવાસો બાંધવામાં આવ્યા તેની વિગત નીચે મુજબ છેઃ– |

| ક્રમ | જિલ્લો | શહેરનું નામ | મંજુર આવાસો ની સંખ્યા | બાંધવામાં આવેલ આવાસો | |
|---|---|---|---|---|---|
| | | | | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
| રાજીવ આવાસ યોજના – સ્લમ ઘટક | | | | | |
| ૧ | વડોદરા | વડોદરા | ૧૮૨૬ | ૦ | ૫૮૬ |
| ૨ | વલસાડ | જિલ્લામાં કોઇ પ્રોજેકટ રાજીવ આવાસ યોજનામાં મંજૂર થયેલ નથી. | | | |
| રાજીવ આવાસ યોજના – એ.એચ.પી ઘટક | | | | | |
| ૧ | વડોદરા | વડોદરા | ૧૪૯૧ | ૩૩૬ | ૦ |
| ૨ | વલસાડ | જીલ્લામાં કોઇ પ્રોજેકટ રાજીવ આવાસ યોજનામાં મંજૂર થયેલ નથી. | | | |

(૨)ઉક્ત આવાસો બાંધવા માટે રાજ્ય સરકાર અને લાભાર્થીનો કેટલા ટકાનો રેશીયો નકકી કરવામાં આવેલ છે, અને

(૨) રાજીવ આવાસ યોજના– સ્લમ ઘટક હેઠળ નીચે મુજબનો સહાય રેશીયો નિયત કરવામાં આવેલ છે.

| ધોરણ | કામો માટે | રાજ્ય સરકારશ્રી સહાય | લાભાર્થીનો ફાળો |
|---|---|---|---|
| ૫ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરો માટે | બાંધકામ માટે | ૨૫ ટકા | ૨૫ ટકા |
| | માળખાગત સુવિધા માટે | ૨૫ ટકા | ૦ |

- રાજીવ આવાસ યોજના એફોર્ડેબલ હાઉસીંગ ઇન પાર્ટનરશીપ (એ.એચ.પી)ઘટક હેઠળ નીચે મુજબનો સહાયની રકમ નિયત કરવામાં આવેલ છે.

| કેટેગરી | રાજ્ય સરકારશ્રીની સહાય પ્રતિ આવાસ | લાભાર્થીનો ફાળો પ્રતિ આવાસ |
|---|---|---|
| EWS | રૂ. ૧,૫૦,૦૦૦/- | રૂ. ૩,૦૦,૦૦૦/- |
| LIG-1 | રૂ. | રૂ. |

(૩) ઉક્ત આવાસો પૈકી કેટલા આવાસોનું કામ ચાલુ છે, તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩)

| ક્રમ | જિલ્લો | શહેરનું નામ | પ્રગતિ હેઠળના આવાસોની સંખ્યા | આવાસોની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન |
|---|---|---|---|---|
| રાજીવ આવાસ યોજના – સ્લમ ઘટક | | | | |
| ૧ | વડોદરા | વડોદરા | ૧૨૪૦ | આવાસોની કામગીરી બાંધકામના વિવિધ તબક્કામાં હોઇ બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |

| રાજીવ આવાસ યોજના– એ.એચ.પી. ઘટક | | | | |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા | વડોદરા | ૧૧૫૫ | આવાસોની કામગીરી બાંધકામના વિવિધ તબક્કામાં હોઇ બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

પાલનપુર શહેરના સદરપુર ખાતેની જમીન પર રાજીવગાંધી આવાસ યોજનાનાં આવાસ બાંધવા સામે મુખ્ય અધિકારી વિરૂધ્ધ કાર્યવાહી

* ૫૫૫૨ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલનપુર શહેર માટે મોજે સદરપુર સ.નં. ૮૫ પૈકીની ઓકસીડેશન પોન્ડ માટે ફાળવેલી જમીન પર રાજીવગાંધી આવાસ યોજના માટે નગરપાલિકા પાલનપુરે સરકારની મંજૂરી વગર પોતાની રીતે ૩૫૦૦૦ ચો.મી. જમીન પર આવાસો બાંધવાની કામગીરી કરવા બદલ જવાબદાર સબંધિત મુખ્ય અધિકારી સામે જરૂરી કાર્યવાહી હાથ ધરવા રાજ્ય સરકારે તા.૨૬/૦૫/૨૦૧૭ના રોજ આદેશ કર્યો છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. હકિકત સાચી નથી. |
| (૨) જો હા, તો આદેશના પગલે તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ શા પગલા લેવામાં આવ્યા છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમદાવાદ જિલ્લામાં મૂડિ સહાય યોજના

* ૭૧૨૭ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઔદ્યોગિક નીતિ–૨૦૧૫ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં મૂડી સહાય યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૩,૪૧૧ અરજીઓ |
| (૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૨,૧૧૧ અરજીઓ |
| (૩) તે પૈકી કેટલા ઉદ્યોગકારોને કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) ૩૬૭ ઉદ્યોગકારોને રૂ. ૨,૦૯૫.૫૩ લાખ સહાય ચુકવવામાં આવી. |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લા જેલનું નિરીક્ષણ

* ૬૩૨૬ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના જેલ મેન્યુઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રિઝન (સ્ટાફ ફંકશન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીશ્રીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલનું નિરીક્ષણ કરવાનું હોય છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કઈ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું, | (૨) |

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| હિંમતનગર જિલ્લા જેલ જિ. સાબરકાંઠા | તા.૮–૧૧–૨૦૧૭<br>તા.૮–૧૨–૨૦૧૭ |

(૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને

(૩) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૬માં અને અરવલ્લી જિલ્લામાં મધ્યસ્થ જેલ કે જીલ્લા જેલ અસ્તિત્વમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધાં ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમદાવાદ શહેરમાં પોલીસ બિન રહેણાંક મકાન

* ૬૦૨૧ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં પોલીસ વિભાગ હસ્તકની ઓફિસો માટે કુલ કેટલા બિનરહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) આ માટે નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) કુલ – ૦૩ બિનરહેણાંક મકાનો પૂર્ણ કરવામાં આવ્યા.

(૨) કુલ રૂ. ૨૨૫૭.૦૦ લાખ

---------

પાટણ અને ગાંધીનગર શહેરમાં ગરીબો માટે આવાસ

* ૬૩૨૦ શ્રી ચંદનજી ઠાકોર (સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શહેરી ગરીબો માટે કેટલા આવાસો પાટણ અને ગાંધીનગર શહેરમાં શહેરવાર બાંધવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શહેરી ગરીબો માટે પાટણ અને ગાંધીનગર શહેરમાં બાંધવામાં આવેલ આવાસની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | શહેરનું નામ | બાંધવામાં આવેલ આવાસની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
| ૧ | પાટણ | ૨૪૦ | ૦ |
| ૨ | ગાંધીનગર | ૦ | ૦ |

(૨) ઉક્ત આવાસો બાંધવા માટે શહેરવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ઉક્ત આવાસો માટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | શહેરનું નામ | વર્ષ ૨૦૧૬ માં કરેલ ખર્ચ રૂ. લાખમાં | વર્ષ ૨૦૧૭ માં કરેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૧૫૦.૭૨ | ૨૨૬.૦૮ |
| ૨ | ગાંધીનગર | – | – |

(૩) આ આવાસો પૈકી કેટલાનો કબ્જો માલિકોને સોંપવામાં આવ્યો અને કેટલાનો કબ્જો સોંપવાનો બાકી છે ?

(૩)

| ક્રમ | શહેરનું નામ | કબ્જો સોંપવામાં આવેલ આવાસોની સંખ્યા | કબ્જો સોંપવાનો બાકી હોય તેવા આવાસોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાટણ | | ૨૪૦ |
| ૨ | ગાંધીનગર | – | – |

(૪) કેટલા આવાસોનું કામ ચાલુ છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪)

| ક્રમ | શહેરનું નામ | પ્રગતિ હેઠળના આવાસોની સંખ્યા | પૂર્ણ થવાનો સમયગાળો |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૫૨૫ | અંદાજીત ૧ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૨ | ગાંધીનગર | – | – |

---------

પોઈન્ટ ઓફ ઓર્ડર

અમરેલી જિલ્લા પંચાયતને રેતી રોયલ્ટીની હિસ્સાની રકમ

* ૭૧૦૮ કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીની રકમમાંથી કેટલી આવક જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઇન એઇડ તરીકે ફાળવવામાં આવે છે, અને | (૧) ૯૫ % |
| (૨) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઇન એઇડની કુલ કેટલી રકમ ફાળવેલ છે ? | (૨) રૂા. ૨.૫૩ કરોડ |

---------

દેવભુમી દ્વારકા જિલ્લામાં મુખ્ય ખનીજ લીઝ

* ૭૧૦૭ દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કેન્દ્ર સરકારના એમ.એમ.ડી.આર. અમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૫ અમલમાં આવ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા તારીખ ૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં દેવભુમી દ્વારકા જિલ્લામાં મુખ્ય ખનીજની કેટલી લીઝો મંજુર કરવામાં આવેલ છે, અને | (૧) ૫ (પાંચ) |
| (૨) ઉક્ત મંજુર થયેલ લીઝોમાંથી સરકારશ્રીને આગામી ૨ વર્ષમાં કેટલી આવક પ્રાપ્ત થશે ? | (૨) ખાણકામ શરૂ થયેથી આગામી ૨(બે) વર્ષમાં અંદાજીત રૂા.૨૦૩૫.૮૩ લાખની આવક પ્રાપ્ત થઈ શકે તેમ છે. |

---------

## પોઇન્ટ ઓફ ઓર્ડર

## પ્રશ્નોત્તરીમાં પ્રશ્નોની ચર્ચાની સમયમર્યાદા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આજે પ્રશ્નોત્તરીમાં પહેલાં પ્રશ્નમાં ૧૬ મિનિટ જેટલો સમય થયો.

અધ્યક્ષશ્રી : ૨૧ મિનિટ થઇ પછી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પછી પરેશભાઇ ઉભા થયા એટલે પાંચ મિનિટ વધી. ૨૧ મિનિટનો સમય થયો. અનેક વખત આપની સમક્ષ વિપક્ષના માનનીય ધારાસભ્યશ્રીઓ ફરિયાદ કરે છે. સૂચન કરે છે અને વિનંતી કરે છે કે અમારા પાછળના પ્રશ્નો આવતા નથી. પાંચ–સાત પ્રશ્નોથી વધુ પ્રશ્નો આગળ જતાં નથી. અમે કરેલી તૈયારી વ્યર્થ જાય છે. માટે ઝડપથી પાંચ મિનિટની મર્યાદામાં પ્રશ્ન પતાવીને બીજા પ્રશ્નો હાથ ઉપર લેવા જોઇએ. આપે પણ આ સત્રમાં જ અનેક રૂલિંગ આપીને તેની સમય મર્યાદા ઝડપથી પાંચ–સાત મિનિટમાં પૂરી થાય તે પ્રમાણે સૂચના આપી છે. પણ આજે જે રીતે બન્યું, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે માનનીય વિપક્ષના નેતા સન્માનનીય છે. તેમનો હોદ્દો, આપણે તેમને માન સન્માન આપીએ છીએ. આપના તરફથી પણ વિપક્ષના નેતાને માન–સન્માન આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી આ ગૃહમાં હું જે પ્રણાલિ જોઉં છું કે પ્રશ્નોત્તરી ચાલતી હોય, કોઇ પણ ચર્ચા ચાલતી હોય તે વખતે માનનીય વિપક્ષના નેતાશ્રી ઉભા થઇને કંઇક વાત કરવા માગતા હોય તો અધ્યક્ષશ્રી તરફથી સ્વાભાવિક છે કે નેતા છે તે રીતે તેમને પ્રાયોરિટી આપવામાં આવે છે અને આપવી જોઇએ, તેમાં અમારો કોઇ વાંધો નથી, પણ છેલ્લા કેટલાક દિવસોથી મેં જે જોયું છે કે વિપક્ષ તરફથી લાંબા સમય સુધી સતત પ્રશ્નો પૂછવામાં આવે, સમય લંબાવવામાં આવે. ૧૫ મિનિટ જેવો સમય એક પ્રશ્નમાં થઇ જાય અને પછી છેલ્લે માનનીય વિપક્ષના નેતાશ્રી ઉભા થાય અને આપ પ્રણાલિગત રીતે તેમનું માન–સન્માન જાળવવા માટે, ખૂબ સમય થઇ ગયો હોવા છતાં પણ તેમને તક આપો છો. તેના કારણે સમય લંબાઇ જાય છે. તેમની – પ્રમાણે એ ટીકા–ટિપ્પણ કરે એટલે બીજી પાંચ–સાત મિનિટ આક્ષેપ, પ્રતિ–આક્ષેપ, જવાબ–ખુલાસામાં સમય જાય છે. મારી આપને વિનંતી છે..

અધ્યક્ષશ્રી : તેમાંય બીજાં નંબરનો પ્રશ્ન મૂવ કરી દીધો હતો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા, મૂવ થઇ ગયેલો. આપે સૂચના આપી દીધી હતી. છતાં આપે વિપક્ષના નેતા તરીકે તેમનું માન રાખી તેમને તક આપી. મારું કહેવાનું એટલું જ છે કે પ્રણાલિ ચોક્કસ વિપક્ષના નેતાને માન આપવાની હોય, પણ પ્રણાલિનો મતલબ એવો નથી કે વિપક્ષના નેતા સમય મર્યાદા બહાર ગમે ત્યારે ઉભા થાય અને ગમે ત્યારે એ પોતે ઇન્ટરવીન

થાય. તો પછી કોઇ પણ કામમાં સમય જળવાય નહીં. એટલે મારી વિનંતી છે કે વિપક્ષના નેતા પણ તેમના સભ્યો પૂછતા હોય, પાંચ વિપક્ષના સભ્યો ઉભા થયા હોય તેમાં વિપક્ષના નેતા હાથ ઉંચો કરીને તક માગે તો આપ ચોક્કસ તેમને પ્રાયોરિટી આપો. પણ બધાએ પૂછી લીધું હોય અને પછી છેલ્લે ઉભા થાય અને વિપક્ષના નેતાના અધિકાર તરીકે સમય મેળવે એ મારી દ્રષ્ટિએ યોગ્ય નથી. વિપક્ષના નેતાશ્રીને પણ મારી વિનંતી છે કે સમય મર્યાદા જોઇને આપે પ્રશ્ન કરવો જોઇએ. આપને પ્રશ્ન પૂછવાનો હક્ક છે. આપ પૂછો તો પહેલા પાંચ મિનિટમાં પ્રશ્ન પૂછી લો. તો આપના સભ્યો ન પૂછે. પણ તમે તમારું બધું પતાવ્યા પછી તમે હક્ક ભોગવવા જાવ એ યોગ્ય નથી. પ્રણાલિમાં આટલી સમયની મર્યાદા ધ્યાનમાં રહે અને આ સમય મર્યાદા જળવાય એવી મારી વિનંતી છે. પ્રણાલિમાં આપ રૂલિંગ આપો એવી મારી વિનંતી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો, સન ૨૦૦૩થી ૨૦૦૭. પાના નં.૧૭. તેમાં ચર્ચાના સમયમાં મર્યાદા. દરેક તારાંકિત પ્રશ્નની ચર્ચા માટે પાંચ મિનિટની સમય મર્યાદા જાળવવી વ્યહારિક રીતે મુશ્કેલ છે. (અંતરાય) હું કહું પછી આપ જે રૂલિંગ આપો.

અધ્યક્ષશ્રી : રૂલિંગની વાત જવા દો, પણ પહેલા તમે એક એવો વાંધો લીધો છે કે આટલો બધો સમય કેમ ગયો? હવે એનો જવાબ તમે આપી રહ્યા છો. ચાલો ઠીક છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિરોધપક્ષના નેતા સામે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો થયો છે. એના સંદર્ભમાં કહું છું. ૨ માર્ચ ૨૦૦૭ના રોજ સભ્યશ્રી જીતેન્દ્રકુમાર વાઘેલા દ્વારા અમદાવાદ જિલ્લાના લોક દરબાર યોજવા અંગે તારાંકિત પ્રશ્ન દરમિયાન શ્રી અમિત શાહ માનનીય ગૃહમંત્રીશ્રી જવાબ આપવા માટે ઉભા થયા હતા. ત્યારે વધારાનો સમય લેતાં સભ્યશ્રી પુંજાભાઇ વંશે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો. વધારે પડતો દસેક મિનિટ જેટલો લાંબો સમય ગયેલો છે. આના અનુસંધાનમાં તે વખતના સન્માનનીય અધ્યક્ષશ્રી પ્રોફેસર મંગળભાઇ પટેલે એમનો નિર્ણય જાહેર કર્યો હતો. એમણે એમના નિર્ણયમાં સ્પષ્ટપણે કહ્યું હતું કે નવમી વિધાનસભા દરમિયાન ક્યા ક્યા દિવસોમાં ઓછામાં ઓછા કેટલા તારાંકિત પ્રશ્નો ઉપર ચર્ચા થઇ હતી? તે જોવા માટે તેઓ ત્રીજી વિધાનસભાથી આજ દિન સુધીની તારાંકિત પ્રશ્નોની મૌખિક ચર્ચાઓ, સંબંધિત હકીકતો અને આંકડાઓ હું જોઇ ગયો છું. નિયમ ૮૯ અંતર્ગત એક તારાંકિત પ્રશ્નની મૌખિક ચર્ચા માટે પાંચ મિનિટ આપવાની જે સમય મર્યાદા મૂકવામાં આવી છે તેનું વ્યવહારું પાલન કરવું મુશ્કેલ છે. કોઇપણ પ્રશ્ન પાછળ કેટલો સમય જાય તે પ્રશ્નનું સ્વરૂપ, પ્રશ્નમાં સમાવિષ્ટ વિગતો, પૂરક પ્રશ્નનો વ્યાપ, પૂરક પ્રશ્નો પૂછવા સભ્યોએ બાંધેલી પૂર્વ ભૂમિકા, રાજકીય અવલોકનો, વક્રોક્તિ, ઉચ્ચારણો, તેમજ પ્રત્યુત્તરરૂપે સંબંધિત મંત્રીશ્રી તરફથી બાંધવામાં આવતી પૂર્વ ભૂમિકા, વગેરે પાસાઓ પર આધારિત છે. તેથી નિયમ–૮૯થી અપેક્ષિત પાંચ મિનિટની સમય મર્યાદાનું પાલન દરેક કિસ્સામાં થઇ શકે નહીં. પ્રશ્નમાં વિશાળ જાહેર હિતની સમસ્યાનો સમાવેશ થયેલો હોય તો અધ્યક્ષશ્રી માટે પાંચ મિનિટની સમય મર્યાદા જાળવવામાં નિયમોમાં અપેક્ષિત નથી. ભૂતકાળમાં અનેક પ્રસંગે મહત્વના અને જાહેર હિતના પ્રશ્નોની ચર્ચા માટે પંદરથી ત્રીસ મિનિટનો સમય ફાળવવામાં આવેલો છે. તેનું રેકર્ડ છે. આજે જે રીતે આશારામ આશ્રમ માટેનો પ્રશ્ન હતો. તપાસ પંચનો અહેવાલ આ વિધાનસભામાં મેજ ઉપર મૂકવા માગો છો કે નહીં? એ માટેનો પ્રશ્ન હતો. એ જાહેર હિતનો પ્રશ્ન હતો. જાહેર હિતના પ્રશ્નમાં કોગ્રેસ પાર્ટીના તમામ સભ્યશ્રીઓએ ઉજાગર કરવા માટે પ્રશ્નો પૂછ્યા. વિપક્ષના નેતાની ભૂમિકા એ વિધાનસભામાં મુખ્ય ભૂમિકા હોય છે. વિપક્ષના નેતાએ પહેલા ઉભા થવુ, વચ્ચે ઉભા થવું કે પાછળ ઉભા થવું એ એમનો નૈતિક અધિકાર છે. એમને જ્યારે લાગે કે આ પ્રશ્નમાં મારે ઉભા થવું છે, આ પ્રશ્નમાં મારે પૂરક પ્રશ્નો પૂછવા છે ત્યારે એ ઉભા થઇ શકે છે. માટે ભૂતકાળના અધ્યક્ષશ્રીના રૂલિંગને આપ ધ્યાનમાં લઇને આ જાહેર હિત બાબતનો પ્રશ્ન હોવાના કારણે વધારે સમય ગયો છે. હું આશા રાખું છું કે આપનું રૂલિંગ પણ ભૂતપૂર્વ અધ્યક્ષશ્રીઓને ટાંકીને મજબૂતાઇથી આવશે. જેથી કરીને આવનારા દિવસોમાં તમામને અનુકૂળ થશે. આપનો આભાર માનું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, જાહેર હિતની ચર્ચા હોય તો ચર્ચા લંબાવાય તો એ સ્વીકૃત છે. શ્રી નીતિનભાઇનો મુદ્દો સમય લંબાવવા કરતાં વધારે મહત્વનો એ છે કે વારંવાર બને છે અને કોંગ્રેસના બધા સભ્યોએ એ પ્રશ્નની છણાવટથી ભૂમિકા સાથે રાજકીય અવલોકનો સાથે રજૂઆત કરી હોય અને માનનીય મંત્રીશ્રીએ એના સંતોષકારક.. (અંતરાય) બધાને છૂટ મળે છે. શ્રી શૈલેષભાઇ બોલતા હતા ત્યારે અહીંથી કોઇ બોલતું નહોતું. માનનીય અધ્યક્ષશ્રી, એક સિસ્ટમ તો હોવી જોઇએ. આ વાજબી થતું નથી. તમે સાંભળોને, જે કહેવું હોય એ કહેજોને ! બીજો મુદ્દો એ છે કે બધાએ પ્રશ્નો પૂછાયા હોય અને એના જવાબ સંતોષકારક આપવામાં આવે, બધુ પતી ગયું હોય અને છેલ્લે માનનીય વિપક્ષના નેતા ઉભા થાય છે. આવું વારંવાર બને છે એવો મુદ્દો છે. મોડા આવીને પૂછે છે. મુદ્દો એ છે. કોઇપણ જાહેર હિત હોય, ૨૦ મિનિટ ચાલે, સ્વાભાવિક છે, ચાલે, એ ભાગ્યે જ બને. અધરવાઇઝ પાંચ મિનિટમાં પ્રશ્નનો જવાબ પૂરો થઇ જવો જોઇએ. સમય લંબાવવા માટે વારંવાર બને છે એ, મોડા આવે છે એ, સંપૂર્ણ ચર્ચા થઇ ગયા પછી છેલ્લે પૂછે છે. એટલે માનનીય નીતિનભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે એ એકદમ વાજબી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું લાંબી વાત કરવા માગતો નથી. પરંતુ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા જે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે એના સંદર્ભમાં મારે એટલું જ કહેવું છે કે, અનેક જૂના અધ્યક્ષશ્રીઓના રૂલિંગ્સના સંદર્ભમાં એ અંદર આવી ગયા છે. પરંતુ સભ્યએ પ્રશ્ન પૂછતા પહેલાં પ્રશ્નનો સ્કોપ

આઇડેન્ટીફાઇ કરવો અને સ્કોપ રીલેટેડ જો પ્રશ્ન પૂછવામાં આવે તો એ આપનો અધિકાર છે કે આપ ૫, ૧૦ કે ૨૦ મિનિટ આપી શકો છો. પરંતુ આ સભાગૃહમાં એક નવા પ્રકારની પદ્ધત્તિ ઉભી થઇ રહી છે એ ચિંતાકારક છે. એટલા માટે કે પ્રશ્નનો સ્કોપ ન હોય અને એ પ્રકારના પ્રશ્નો કરીને જ્યારે વિપક્ષના નેતા દ્વારા કોઇ એક પ્રશ્નને ૨૦ મિનિટ જેટલો સમય થયો હોય પછી પોતે દરમિયાનગીરી કરીને રાજકીય અવલોકન કરીને આખા સભાગૃહના તમામ સભ્યોનો સમય જાય અને જેના કારણે પાછળના પ્રશ્નો અટકી જાય એ ચિંતાનું કારણ છે. મારી આપની પાસે બહુ સ્પષ્ટ અપેક્ષા છે કે સ્કોપને આધારિત સમયમર્યાદમાં જો પ્રશ્ન પૂછવામાં આવે તો ૨૦ નહીં આ લોકોને આશારામના સંદર્ભમાં એક કલાક પ્રશ્નો પૂછવા હોય તો એક કલાકનો જવાબ આપવા અમે તૈયાર છીએ. પરંતુ માત્રને માત્ર સ્કોપની બહાર જઇને નવી પદ્ધત્તિ ઉભી થઇ છે એને આપના રૂલિંગ દ્વારા બ્રેક મારવામાં આવે એવી આપની પાસે અપેક્ષા છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે અને ભૂપેન્દ્રસિંહજી, પ્રદિપસિંહ અને શૈલેષભાઇએ એમની જે વાત મૂકી છે એમાં મારે બે બાબતો ઉપર ધ્યાન દોરવું છે. એક તો નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કરીને વિપક્ષના નેતાની વાત કરી કે એ છેલ્લે આવીને ઉભા થાય છે. આ વાત અપ્રસ્તુત એટલા માટે છે કે એ એમનો અબાધિત અધિકાર છે. કોઇ ધારાસભ્ય તરફથી પ્રશ્ન પૂછવામાં આવે અને ટ્રેઝરી બેન્ચ તરફથી મંત્રીશ્રી દ્વારા કોઇ જવાબ આપવામાં આવે અને એ જવાબ સંદર્ભે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો હોય તો માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને પણ વચ્ચેથી જવાબ આપવાનો અધિકાર છે અને માનનીય મુખ્યમત્રીશ્રીને પણ જવાબ આપવાનો અધિકાર છે. ભૂતકાળમાં આવા બનાવો બન્યા છે. ક્યારે ઉભુ થવું, ન થવું, પૂછવું, ના પૂછવું એ અબાધિત અધિકાર છે. એના ઉપર બ્રેક લાગી શકે નહીં કે મારી શકાય નહીં. પ્રદિપસિંહે વાત કરી જે વાત કરી છે, પ્રણાલિકા બન્ને પક્ષે સરખી હોવી જોઇએ. સરકારની જવાબદારી વિશેષ છે. અનુભવો એવા થયા છે, રેકર્ડ આધારિત કહેવું હોય તો કહી શકાય કે વિપક્ષનો કોઇ ધારાસભ્ય પ્રશ્ન પૂછે અને એ બહારનો હોય તો જવાબ આપવાનું સરકાર ટાળે છે અને એ તમારો અધિકાર છે અને અમને એમાં વાંધો ન હોય. પણ શાસક પક્ષના ધારાસભ્ય પૂરક પ્રશ્ન પૂછે અને એ પ્રશ્ન સ્કોપની બહાર હોય તો પણ ટ્રેઝરી બેન્ચ જવાબ આપવા માટેની જે માનસિકતા ધરાવે છે એ રેકર્ડ ઉપર છે. એટલા માટે પ્રદિપસિંહની વાત પણ યોગ્ય નથી. બન્ને બાજુએ સપ્રમાણ જળવાય તો મને લાગે છે કે વાજબી ગણાશે. એટલે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીની વિપક્ષના નેતા માટેની વાત છે એ અપ્રસ્તુત છે. પરંતુ પ્રણાલિકા બન્ને પક્ષે સ્વીકારીને ચાલીએ તો મને લાગે છે કે આવનારા દિવસોમાં વધારે સારું રહેશે.

અધ્યક્ષશ્રી : રૂલિંગ મોકૂફ રાખવામાં આવે છે. (અંતરાય) મારે તમને નથી બોલવા દેવાના. વધારે આ ઇસ્યુમાં ઘણું કહેવાઇ ગયું છે. (અંતરાય)

શ્રી વિક્રમભાઇ અ. માડમ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સવારથી ૧૦ વાર બોલવાની કોશિશ કરું છું. પહેલો પ્રશ્ન શરૂ થયો ત્યારથી મારી આંગળી ઉંચી થઇ છે. મને ૧૯ તારીખથી બોલવા દેવામાં આવતો નથી.

અધ્યક્ષશ્રી : એવી કોઇ વાત નથી. ઘણા બધાને પૂછવા દીધું છે. કોઇ મારું સગું નથી કે કોઇ વિરોધી નથી. પ્રશ્ન પૂછવા નથી દેતા એનો પોઇન્ટ ઓફ ઓર્ડર હોય? આપ બેસી જાવ પ્લીઝ, ( સભ્યશ્રી વિક્રમભાઇ માડમ ઊભા થઇને પૂછવા માટે કાંઇક બોલતા) ચલો આપને કહેવું છે? શૈલેષભાઇ કાંઇ (અંતરાય)

શ્રી વિક્રમભાઇ અ. માડમ : મારી વાત સાંભળતા નથી.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ પ્લીઝ. આપ બેસી જાવ પ્લીઝ, મને ચેમ્બરમાં મળજો. મને આપ ચેમ્બરમાં મળજો. (અંતરાય) કોઇ દ્વીધા હોય તો ચેમ્બરમાં મળજો પ્લીઝ. (અંતરાય) અરે, એમાં કયો પોઇન્ટ ઓફ ઓર્ડર? હમણાં નથી હમણાં તો શૈલેષભાઇની વાત ચાલે છે. (અંતરાય) હમણાં આપ બેસો, પછી હું સાંભળીશ. અરે, નારાજ ના થાવ. તમને નારાજ નથી કરવા આપ બેસો. ભાઇ, ( આ તબક્કે સભ્યશ્રી અમરીષભાઇ ડેર ઊભા થતા) તમે તો બેસી જ જાવ પ્લીઝ, (અંતરાય) તમે બેસી જાવ પ્લીઝ, તમે બેસી જાવ, તમને કોણે કીધું. તમને કોણે કીધું ઊભા થવાનું? તમે બેસી જાવ. ભાઇ, તમે કંટ્રોલ કરો તમારા સભ્યોને. (અંતરાય) અમરીષભાઇ તમે બેસી જાવ પ્લીઝ. અરે, અંદરો અંદર ના લડશો. અમરીષભાઇ અંદરો અંદર નહિ. અરે પણ બેસી જાવ તમે. ( સભ્યશ્રી વિક્રમભાઇ માડમે બોલવાનું ચાલુ રાખતા ) શું ના? ચાલો બોલો શું કહેતા હતા? શું કહેવું છે તમારે?

શ્રી અમરીષભાઇ જી. ડેર : ટ્રેઝરી બેચવાળાને વાંધો નથી તો તમને સાંભળવામાં શું તકલીફ છે?

અધ્યક્ષશ્રી : આ શું વાત કરો છો તમે? તમને શું તકલીફ છે? પહેલા તમે બેસી જાવ. ( આ તબક્કે અમરીષભાઇ ડેર ઊભા થઇને વેલ તરફ ધસી આવતા ) અમરીષભાઇ, આપ જગ્યા છોડીને ના આવશો. પાછા જાવ. આપની જગ્યાએ પાછા બેસી જાવ. ( વિક્રમ માડમ પણ ઊભા થઇને વેલમાં ધસી આવતા) આપની જગ્યાએ પાછા બેસી જાવ. (અંતરાય) તમે બંને ગૃહનું અપમાન કરી રહ્યાં છો. માડમ તમે પણ ગૃહનું અપમાન કરી રહ્યા છો. તમને બંનેને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે. (અંતરાય) આજની કાર્યવાહીમાંથી તમને બંનેને સસ્પેન્ડ કરવામાં આવે છે. માડમ તમને અને અમરીષભાઇ, તમને સસ્પેન્ડ કરવામાં આવે છે. તમે ગૃહ છોડીને જતા રહો. ગૃહ છોડીને આપ જતા રહો. (અંતરાય) ( સતાધારી પક્ષના સભ્યો ઊભા થઇ જતા) તમે બેસી જાવ તમે શું કરવાને ઊભા થાવ છો? ભાઇ. જગદીશભાઇ તમે બેસી જાવ. જગદીશભાઇ આવી રીતે આઇ વિલ ટેઇક કેર ઓફ એવરી થિંગ. તમે બેસી જાવ. તમે બેસી જાવ કિશોરભાઇ, (અંતરાય) તમે બેસી જાવ ને.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

(અંતરાય) જગદીશભાઇ બેસી જાવ (અંતરાય) ( આ તબક્કે સભ્યશ્રી પ્રતાપભાઇ દૂધાતે માઇક તોડીને શ્રી જગદીશભાઇ પંચાલને મારતા) પ્રતાપભાઇ દુધાતને આખી ટર્મ માટે સસ્પેન્ડ કરવા માટે નેઇમ કરું છું. ૧૦ મિનિટ માટે હાઉસને એડજોર્ન કરવામાં આવે છે. (સમય ૧૨-૧૭-૪૦ )

મુલત્વી રહેલી બેઠક બપોરના ૩-૫૫ કલાકે ફરી મળી.

અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રશ્નોત્તરી બાદના સમયમાં મારા પોઇન્ટ ઓફ ઓર્ડર પછી માનનીય શૈલેષભાઇ પરમારે એમના વિચારો વ્યકત કર્યા. માનનીય પૂંજાભાઇ વંશે એમના વિચારો વ્યકત કર્યા. માનનીય ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા અને માનનીય પ્રદિપસિંહ જાડેજાએ પણ એમના વિચારો વ્યકત કર્યા અને જે બાબત ઉપર મેં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો એની સંપૂર્ણ વિગતો બંને પક્ષ પાસેથી સરકાર પક્ષ પાસેથી અને માનનીય વિપક્ષના સભ્યો પાસેથી સાંભળ્યા પછી આપે રૂલિંગ મુલતવી રાખ્યું હતું. ત્યારપછીનો જે ઘટનાક્રમ આ સન્માનનીય ગૃહ જેને આપણે વારેવારે મંદિર તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કરીએ છીએ કે આ લોકશાહીનું મંદિર છે. આ લોકશાહીના મંદિરમાં ગુજરાત રાજયની સ્થાપના થયા પછી અગાઉ એક બનાવ બનેલો અને એના લાંબા વર્ષો પછી એ બનાવને પણ નાના બનાવ તરીકે જોવો પડે એવું હિંસક અને વરવું સ્વરૂપ આ વિધાનસભા ગૃહમાં આજે થયું છે. હું ૧૯૯૦ થી ધારાસભ્ય તરીકે આ ગૃહમાં બેસું છું. વિપક્ષમાં પણ અમે બેઠા છીએ અને સત્તાધારી પક્ષમાં પણ બેઠા છીએ. મારા લાંબાગાળાના અનુભવ ઉપરથી હું કહીશ કે વિરોધ પક્ષ એની ફરજ બજાવે, નાનામોટા દેખાવ કરે, સૂત્રોચ્ચાર કરે, વોકઆઉટ કરે, કોઇકોઇ વખતે વેલમાં આવી જાય અને આપના આદેશથી પછી એમને બહાર જવું પડે અથવા કોઇ એવા સૂત્રોચ્ચાર વગેરે થાય કે જેથી એમને બહાર મોકલવાનો અમારી માગણીથી આપે આદેશ કરવો પડે આવું સ્વાભાવિક દેશની બધી વિધાનસભાઓમાં, લોકસભામાં અને રાજયસભામાં પણ બને છે એટલે આપણે એને લોકશાહીની પરંપરાનો, પ્રણાલિનો એક ભાગ માનીએ છીએ કે આંદોલન, દેખાવ, સૂત્રોચ્ચાર વેલમાં આવી જવું એ મર્યાદાની અંદર રહી અને આ બધું થતું હોય છે અને એ બધું બન્યા પછી તરત પાછું હાઉસ ઓર્ડરમાં આવી જાય અને ફરી પાછું યથાવત ચાલુ પણ થઇ થતું હોય છે. આજે જે બનાવ બન્યો છે એ હું માનું છું કે જે સભ્યશ્રીઓ બંને પક્ષમાંથી નવા ચૂંટાયા છે એમને તો હજી મનમાં પણ ઉતરતું નહીં હોય, પત્રકાર મિત્રો મારફતે, મિડિયા મારફતે આખા ગુજરાતમાં અત્યારે ટી.વી. ચેનલો ઉપર આના અંગેના જે દ્રશ્યો બતાવવામાં આવે છે એ દ્રશ્યો જોયા પછી ગુજરાતની જનતા, નાગરિકો, મતદારો, યુવાનો, વડીલો, આઝાદીની લડતના લડવૈયાઓ કે મહાગુજરાત અલગ માગનાર લડતવીરો અને વિવેચકો. મેં અત્યારે ટી.વી. ઉપર થોડું જોયું કે અત્યારે વિવેચકો દ્વારા ટી.વી. ચેનલોમાં આખા બનાવનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. બધા જ વિવેચકો અને બધા જ બુદ્ધિજીવી લોકો આખા બનાવને દુઃખદ, કલંકરૂપ અને કાળી ટીલી સમાન વર્ણવી રહ્યા છે. એ લોકોએ તો સી.સી. ટી.વી.માં જોયા પછી આ બધો અભિપ્રાય બાંધ્યો છે પણ આ સન્માનનીય ગૃહમાં આપણે સન્માનનીય સભ્યો બન્ને પક્ષના એ વખતે ઉપસ્થિત હતા. પ્રેક્ષકો ઉપસ્થિત હતા, મુલાકાતીઓ, પત્રકાર મિત્રો, અધિકારીશ્રીઓ ઉપસ્થિત હતા એ ૧૦-૧૫ મિનિટનો જે આખો બનાવ જોયો છે. સાહેબ, મને પોતાને એમ લાગે કે પ્રજાએ ૩-૩ લાખ લોકોએ જે વ્યકિતમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હોય, જે પક્ષમાં વિશ્વાસ વ્યકત કર્યો હોય, જે નેતાના ભાષણથી એ લોકોએ મત આપીને આ સન્માનનીય ગૃહના એક સભ્ય બનાવ્યા હોય, ધારાસભ્ય થવું હજારો લોકોની વર્ષો સુધી ઇચ્છાઓ રહેતી હોય છે. થોડા લોકો ધારાસભ્ય બની શકે છે એવા આ સન્માનનીય ગૃહમાં જ્યાંથી આખા ગુજરાતને માર્ગદર્શન આપીએ છીએ. આખા ગુજરાત માટેનું બજેટ, કાયદો અને નીતિ નિયમો બધા અહીંથી આપણે નક્કી કરીને, મંજૂર કરીને પ્રજા પાસે એનો અમલ કરાવવાનો પ્રયત્ન કરીએ છીએ. એવો કાયદો ઘડનાર, કાયદા બનાવનાર અને કાયદાનો અમલ કરવા માટે ચર્ચા કરનાર આ ગૃહમાં આજે જે રીતે કાયદાને કોરાણે મૂકી દેવામાં આવ્યો, જે પ્રકારનો આતંક મચાવવામાં આવ્યો, તોફાનો મચાવવામાં આવ્યા, એ હું માનું છું કે ગુજરાતના ઇતિહાસમાં ૧૯૬૦ માં ગુજરાત અલગ બન્યું ત્યારથી માંડીને અત્યાર સુધીના ગુજરાત વિધાનસભામાં જેટલા સત્રો, દિવસો બેઠક મળી હશે, કોઇપણ પક્ષની સરકાર હોય, કોઇપણ સભ્ય હોય તેમાં સૌથી વધુ કલંકિત દિવસ, આજના બનાવથી આપણા બધાનું માથું શરમથી ઝૂકી જાય છે. પ્રજા, પ્રેક્ષકો, મુલાકાતીઓ, ભાઇઓ, બહેનો, વિદ્યાર્થીઓ આ ગૃહમાં લોકશાહી કેવી રીતે ચાલે છે, અમારા કાયદા બનાવનારા કેવી રીતે ચર્ચા કરે છે, એ બધુ જોયા પછી કોલેજોમાં, સ્કૂલોમાં મોક પાર્લામેન્ટ, મોક વિધાનસભાની રચના કરતા હોય છે, નવી પેઢી, યુવાનો શીખતા હોય છે. એ લોકોએ આ બધુ જોયું, એ મને લાગે છે કે આનાથી દુઃખદ દિવસ હું ભગવાનને પ્રાર્થના કરું હવે પછી ક્યારેય ગુજરાત વિધાનસભાના ઇતિહાસમાં આપણે હોઇએ કે ન હોઇએ કોઇ દિવસ આવો દુઃખદ, કલંકિત, કમનસીબ બનાવ બને નહિ. જે બનાવ બન્યો તે આપણે બધાએ નજરે જોયો છે. પ્રશ્નોત્તરી પતી ગઇ, પોઇન્ટ ઓફ ઓર્ડરની ચર્ચા થઇ ગઇ. આપે રૂલિંગ મુલત્વી રાખ્યું. માનનીય સભ્યશ્રી વિક્રમભાઇ માડમ કહેવા માગતા હતા. સતત ઊભા રહ્યા. આપે વિક્રમભાઇને કહ્યું બેસો, હું તમને સાંભળીશ. પહેલા શૈલેષભાઇ કોઇ મુદ્દા ઉપરનો પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કરીને ઉભેલા જ હતા. એ કંઇક રજૂઆત કરવા માગતા હતા. એ વખતે જે પ્રકારે વિક્રમભાઇએ આગ્રહ કર્યો, મને સાંભળો. વગેરે. પછી આપે તેમને કહ્યું હું તમને પ્રેમથી સાંભળીશ. આપ બેસો. નાના મોટા પ્રશ્નો હોય તો ચેમ્બરમાં આવજો. હું માનું છું કે વિક્રમભાઇ આપની વાત માની ગયેલ અને બેસી ગયેલ. પણ પાછળથી અમરીષભાઇ ડેર એમણે ઊભા થઇ કોઇ કારણ નહોતું. શૈલેષભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો હજુ રેઇઝ નહોતો કર્યો એ પહેલા વિક્રમભાઇને ઉશ્કેરી, હું માનું છું કે કોઇ મહેરબાની કરીને વિપક્ષના મિત્રો કોઇ રાજકીય

રીતે મારી વાતને ન લેતા, તમને બધાને કહી રહેલા કે શા માટે તમે વચ્ચમાં ઊભા થાવ છો? એમને કેમ પહેલા બોલવા દેતા નથી એમ કરીને સતત ઉશ્કેરાટભર્યુ, ઉશ્કેરણીજનક અને એમની બોડી લેન્ગ્વેજ હતી તે ખૂબ અક્ષમ્ય ગણાય તે પ્રકારની બોડી લેન્ગ્વેજ હતી. મને સંતોષ છે કે હું અહીંથી બેઠો બેઠો જોતો હતો કે અલ્પેશભાઇ અને આજુબાજુના એમના બધા મિત્રો, જ્યારે અમરીષભાઇએ દોડતા આવવાનો પ્રયત્ન કર્યો, ત્યારે કોંગ્રેસના મિત્રોએ, અમે તો ત્યાં પહોંચ્યા નહોતા. કોંગ્રેસના જ ધારાસભ્ય મિત્રોએ બાથમાં પકડી રાખ્યા. સાર્જન્ટ મિત્રો પહોંચી ગયા. એમને રોકવાનો પ્રયત્ન કર્યો, સમજાવવાનો પ્રયત્ન કર્યો. મેં જોયું સાહેબ, પરેશભાઇ અને શૈલેષભાઇ સિનિયર નેતાઓ પણ ત્યાં જઇ સમજાવવાનો પ્રયત્ન કરતા હતા. બધું શાંત પડવાની લગભગ તૈયારી હતી, પણ અચાનક ધારાસભ્યશ્રી પ્રતાપ દુધાત, કોઇ કારણ નહોતું, એ આખી વાતમાં કોઇ જગ્યાએ ચિત્રમાં નહોતા. વાત હતી તો શૈલેષભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર હતો. વિક્રમભાઇએ મુદ્દો ઊભો કર્યો હતો. આપની સાથે ચર્ચા અને કોંગ્રેસના મિત્રો સાથે વિવાદ અમરીષભાઇ ડેર કરતા હતા. દુધાત તો કોઇ જગ્યાએ ચિત્રમાં જ ન હતા સાહેબ, પણ ગમે તે કારણસર એકદમ ઉશ્કેરાઇ અને દોડીને આવ્યા. બધા જ અહીં બેઠા હતા. વાતાવરણ ગરમ, ઉશ્કેરણીજનક કરવાનો જે પ્રયત્ન થયેલો તે વખતે આખું ગૃહ સ્તબ્ધ હતું. તે વખતે દુધાત કોઇ કારણ વગર, તેમને લેવાદેવા વગર તેમના ઉપર આપે પણ કોઇ ઓર્ડર પસાર કર્યો ન હતો, તેમના ઉપર પગલાં લેવા માટે અમે કશું કહ્યું ન હતું અથવા તેઓ ચર્ચામાં ભાગ લેવા ઉભા ન્હોતા થયા. તો પણ તેઓ એકદમ દોડતા આવ્યા. તેમની બેઠક છોડી મહેશભાઇ વસાવા ધારાસભ્યશ્રી આજે ગૃહમાં બનાવ વખતે તે ધારાસભ્યશ્રી ઉપસ્થિત ન હતા. પ્રતાપભાઇ દુધાતે દોડીને આવી એકદમ મહેશભાઇ વસાવાની બેઠકનું આખું માઇક, અત્યારે પણ તૂટેલું પડયું છે તે ખેંચ્યું અને તે ખેંચીને કોઇ કારણ વગર અમારા ધારાસભ્ય ભાઇ જગદીશભાઇ પંચાલ ઉપર સીધો આ જે લોખંડનું મટીરીયલ છે, મજબૂત છે તેનાથી તેમના ઉપર વાર કર્યો. માનનીય ધારાસભ્ય ડો.નીમાબેન એ પણ આપ જુઓ છો ત્યાં જ બેસે છે. તેમને પણ વાગી જવાની સ્થિતિ હતી. આપ સીસીટીવી ફૂટેજ જેને જોવા હોય તે જોઇ લેજો. નીમાબેન નમી ગયા અને જીતુભાઇ અમારા પ્રદેશ અધ્યક્ષ ધારાસભ્યશ્રી બેઠા છે તે જગ્યા ખાલી હતી એટલે ત્યાંથી નીકળી ગયા અને બચી ગયા. અમારા ધારાસભ્યો પછી તેમને રોકવા માટે ગયા. કદાચ ન રોક્યા હોત અને માઇકનો દંડો જો દુધાતના હાથમાં હોત તો મને ડર છે કે બે–પાંચ ધારાસભ્યોને આજે ગંભીર પ્રકારની હેમરેજ થઇ જાય, માથું તૂટી જાય, માથામાં ટાંકા લેવા પડે તેવા પ્રકારનું હિંસક સ્વરૂપ તેમનું હતું સાહેબ. હું એમના વિશે આપને કહું બધા સ્વીકારજો કે જયારથી આ ધારાસભ્ય નવા સભ્ય તરીકે આવ્યા છે, એકેય દિવસ લગભગ મોટાભાગનો એવો ખાલી નથી ગયો કે તેઓ ઉશ્કેરાટ કરીને ઉભા ન થયા હોય, મારામારી કરવાની તૈયારીમાં ન આવી ગયા હોય, ઉભા થઇને હાકોટા પડકારા ના કરતા હોય. આપે અનેક વખત અને આજે પણ, આજે પણ જયારે પ્રશ્નોત્તરી ચાલતી હતી ત્યારે આપે તેમને સખત સૂચના આપી હતી કે શાંતિથી બેસજો નહીંતર હું તમને નેઇમ કરીશ. આજે આપે તેમને સૂચના આપી હતી. છતાં એ ગમે તે કારણસર વારંવાર ઉશ્કેરાઇ જાય છે અને ઉશ્કેરાટના સ્વરૂપે માઇક તોડી તેમણે જગદીશભાઇ પંચાલને માર્યુ, પછી બંને પક્ષે જે ધમાસાણ થયું તે બધાએ જોયું છે. ખરેખર તો હું ચોક્કસ કહીશ અને મને કહેવામાં કોઇ વાંધો નથી, હું અહીં બેઠો હતો અને મેં બધું જોયું છે. પરેશભાઇ અને શૈલેષભાઇએ ત્યાં જઇને શાંત પાડવા માટે પ્રયત્ન કર્યો. આગળના ચારેય સિનિયર ધારાસભ્યશ્રીઓ ત્યાં જ બેઠા હતા. કશું કોઇ હલ્યું નથી. પાછળના મિત્રો પણ લગભગ ત્યાં જ બેઠા છે. ત્યાંના મિત્રો અમરીશભાઇને રોકવા માટે, સામે ચાલીને બેસાડવા માટે શાંત કરવા ગયેલા. આવા વખતે આખો બનાવ બન્યો અને પછી ગમે તે કારણ હોય, બધું શાંત થઇ ગયું હતું. આપે ગૃહ મુલતવી રાખી દીધું તે પછી બળદેવજી ઠાકોરને ગમે ત્યાંથી ગુસ્સો, આક્રોશ ચડયો. અહીં બધા શાંત પાડવાનો પ્રયત્ન કરતા હતા. અમારા મંત્રીશ્રી કૌશિકભાઇ અને બીજા મિત્રો, આ બાજુના અમારા મંત્રીશ્રીઓ અને ધારાસભ્યો શાંત પાડવાનું કામ કરતા હતા. બધું પતવા આવ્યું હતું. આ માઇક માર્યા પછીની ઘટનાનો હું ઉલ્લેખ કરું છું. શાંત પાડવાનું ચાલતું હતું તે વખતે ફરી બળદેવજી ઠાકોરે ત્યાં જઇને ચાલુ કર્યુ. પછી સાર્જન્ટો અને બધાને બોલાવી આ બંને પક્ષને આપણે છૂટા પાડયા. આખું વરવું દ્રશ્ય દસ થી પંદર મિનિટનું જે ચાલ્યું, સાહેબ આ ગૃહ પતી જાય પછી મને લાગે છે કે કોઇ દિવસ કશું ન્હોતું બનતું. આજે એનાથી પણ આગળ બન્યું. બધા ધારાસભ્યો ગૃહ મુલતવી રહ્યું અને અમે બધા બહાર નીકળ્યા, આપ આપની ચેમ્બરમાં ગયા તે દરમ્યાન ધારાસભ્ય લોંજમાં પાણી પીવાની અને હાજરી માટે સિગ્નેચર કાઉન્ટર છે ત્યાં આગળ ગયા. ત્યાં અમારા હર્ષભાઇ સંઘવી અને જગદીશભાઇ પંચાલ બંને હતા. તો પાછા ફરી આ લોકો ત્યાં ગયા. બળદેવજી અને અમરીશભાઇ ડેર ત્યાં ગયા. અને જે કહ્યું અમને તે પ્રમાણે બળદેવજીએ એવું કહ્યું કે હજુ અહીં તો પોલીસ છે બહાર આવો તમારા પગ તોડી નાંખીશું. આવું તો વિધાનસભામાં, આવી મારામારી, આવી દાદાગીરી કે આવો આતંક કોઇ જ રીતે ક્ષમ્ય નથી. કોઇપણ રીતે ચલાવી લેવાય નહીં. આ પરંપરા જો આગળ વધે તો ગુજરાતની લોકશાહીને, ગુજરાતની આપણી ઉજ્જવળ પરંપરા છે તેને ખૂબ મોટું નુકસાન થઇ શકે. માટે અમારા બધા જ સિનિયર નેતાઓ સાથે અને માનનીય મુખ્ય મંત્રીશ્રી સાથે પરામર્શ કર્યો, માનનીય ભૂપેન્દ્રસિંહજી અને સંસદીય મંત્રીશ્રી પ્રદિપસિંહજી, માનનીય કૌશીકભાઇ, માનનીય સૌરભભાઇ, માનનીય ગણપતભાઇ અને અન્ય નેતાઓ સાથે અમે વિચારણા કર્યા પછી આ બનાવને બે રીતે મુલવી શકાય, અને બીજું વિપક્ષના મિત્રોના નિવેદનો જોયા ટી.વી.માં એમાં એમણે એમ કહ્યું કે અમને ઉશ્કેરવાનું ચાલે છે વગેરે વગેરે. સાહેબ, હજુ ૨૪ કલાક નથી થયા ગઇ કાલે માનનીય આર.સી. ફળદુ સાહેબનું કૃષિ વિભાગ પરનું જે પ્રવચન હતું એ વખતે જે તોફાન થોડું ઘણું થયું, આપે એમને બહાર કાઢ્યા કેમ કે વેલમાં આવી ગયેલા, હું તો એ વખતે હાઉસમાં પણ ન હતો પણ બધાને બહાર કાઢ્યા પછી માનનીય અમિતભાઇ ચાવડા, કોંગ્રેસના નેતા અને વિપક્ષના દંડકશ્રી આજે ઉપસ્થિત નથી તેઓએ હાઉસ ચાલુ થયું એટલે ઉભા થઇને દરખાસ્ત કરી કે અમારા બધા સભ્યો

મોટા પ્રમાણમાં બહાર છે તો આપ બોલાવી લો અને જે થયું એ માટે હું દિલગીરી વ્યક્ત કરું છું. એવું અમિતભાઇ ચાવડાએ ઓન રેકોર્ડ કહ્યું અને તરત જ અમારા ભૂપેન્દ્રસિંહજીએ એ વખતે આપને વિનંતી કરી કે, જ્યારે એમણે ઇચ્છા પ્રદર્શિત કરી છે અને દિલગીરી વ્યકત કરે છે તો કોંગ્રેસના સભ્યો હાઉસમાં પાછા આવે તો અમને વાંધો નથી. એ આવ્યા પણ ખરા અને સાંજ સુધી અને આખો દિવસ પૂરેપૂરી તંદુરસ્ત ચર્ચા વિચારણા, સૂચનો, ટીકાઓ, માગણીઓ બધું જ થયું અને સાંજે શાંતિથી હાઉસ પૂરું થયું. આવું સુંદર વાતાવરણ જ્યારે આપણું ચાલતું હોય ત્યારે કોઇ ગુસ્સાવાળો માણસ હોય, કોઇ તામસી મગજનો માણસ હોય, કોઇ અંગ્રેજીમાં જેને કહે છે કે શોર્ટટેમ્પર માણસ હોય એ વ્યક્તિ આવું બધું વાતાવરણ ડહોળી નાંખે અને ભયંકર રીતે ગુજરાતની વિધાનસભામાં આવું કૃત્ય કરે જે આજે ટી.વી.માં આવે છે, પણ મને ખાતરી છે કે આવતી કાલના ગુજરાતના દૈનિક પત્રો જોજો આપ  બધા, અમને પણ દુઃખ થશે અને આપને પણ દુઃખ થશે. બધાને શરમ આવે એવું દુઃખદ દ્રશ્ય જે બન્યું છે, એમાં આણે આમ કહ્યું અને તેમણે આમ કહ્યું એ પછીની વાત છે પણ જે શરુઆત થઇ, હિંસક શરુઆત થઇ, તોફાની શરુઆત થઇ એ શરુઆત ફકતને ફકત કોંગ્રેસ પક્ષ ઉપર બ્લેઇમ નથી કરતો, કોંગ્રેસ પક્ષની પણ આ બાબતમાં ટીકા નથી કરતો. કોંગ્રેસ પક્ષના બેથી ત્રણ ધારાસભ્યોએ આખું વાતાવરણ બગાડવાનો પ્રયત્ન કર્યો છે એટલે અમારી પાર્ટીએ, અમારી નેતાગીરીએ અને અમે જે નિર્ણય કર્યો છે એ દરખાસ્ત માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ દુઃખી હૃદયે, ઘણી વખત તો આનંદ થતો હોય કે આ દરખાસ્ત હું કરું છું, પણ આજે દુઃખી હૃદયે અમારી ફરજના ભાગરૂપે ભવિષ્યમાં પણ સાહેબ આવું કરવાની કોઇ ચેષ્ટા ન કરે, હિંમત ન કરે, કોઇ એને પ્રોત્સાહન ન આપે એ માટે સરકાર પક્ષ તરફથી હું દરખાસ્ત રજૂ કરું છું કે, શ્રી  પ્રતાપભાઇ દુધાત અને શ્રી અમરીશભાઇ ડેર જેમણે ગુજરાતને કલંકિલ કરવાનો, ગુજરાત વિધાનસભાને કલંકિત કરવાનો હિન પ્રયત્ન કર્યો છે એ સહેજ પણ ચલાવી લેવાય એવો નથી માટે માનનીય અધ્યક્ષશ્રી, આજે ૧૪ તારીખ છે આજથી માંડીને ત્રણ વરસ સુધી એમને બંનેને ૩૧.૩.૨૦૨૧ સુધી ત્રણ વરસ સુધી શ્રી પ્રતાપભાઇ દુધાત અને શ્રી અમરીશભાઇ ડેરને આ વિધાનસભા ગૃહની તમામ કાર્યવાહીમાંથી, તમામ સત્રોમાંથી અને વિધાનસભાની કમિટીની તમામ કાર્યવાહીમાંથી બાકાત રાખવામાં આવે, સસ્પેન્ડ કરવામાં આવે એવી હું દરખાસ્ત કરું છું. માનનીય બળદેવજી ઠાકોર જેમણે આ તોફાન પાછળથી કર્યું અને તેઓ તો સિનિયર છે, આ બંને નવા સભ્યો છે પણ બળદેવજી તો સિનિયર ધારાસભ્ય છે એમણે બધું શાંત કરવાના બદલે એમની વગ, એમની નેતાગીરીનો ઉપયોગ કરવાના બદલે એમણે પણ અહીંથી જે તોફાન કર્યું અને બહાર અમારા બે ધારાસભ્યોને પગ તોડી નાંખવાની જે ધમકી આપી એ બદલ એમને પણ આજથી એક વર્ષ માટે વિધાનસભાની તમામ સત્રોની કામગીરી અને તમામ કમિટીઓની કામગીરીમાંથી સસ્પેન્ડ કરવાની અમારા પક્ષવતી, અમારી સરકારવતી હું દરખાસ્ત કરું છું. ફરી હું રીપીટ કરું છું કે, આ દરખાસ્ત કરતા અમને કોઇ આનંદ થતો નથી પણ અમારી ફરજના ભાગરૂપે ભવિષ્યમાં કોઇ આવું કરવાની ચેષ્ટા ન કરે, કોઇ હિંમત ના કરે અને ગુજરાતની લોકશાહી, ગુજરાતનું આ પવિત્ર ન્યાયનું મંદિર અને ગુજરાતની જે આપણી ઉજ્જ્વળ પરંપરા છે એને કોઇપણ જાતનું નુકસાન ભવિષ્યમાં આપણે નહિ પણ આવનારી પેઢીના કોઇ ધારાસભ્ય ન કરે એ રીતે દાખલારૂપ આ કાર્યવાહી કરવાનો અમે નિર્ણય કર્યો છે એની હું  આ દરખાસ્ત રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : દરખાસ્તને ટેકો કોણ આપે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : હા, માનનીય અધ્યક્ષશ્રી, મારા સિનિયર સાથી માનનીય નીતિનભાઇએ આખા બનાવનું તાદ્રશ્ય વર્ણન કરીને દુઃખ સાથે જે દરખાસ્ત કરી છે, એનું દુઃખ સાથે હું સમર્થન કરું છું.  આ આખું ગૃહ અહીંયા પ્રવેશવા માટે ગુજરાતના હજારો અને લાખ્ખો બન્ને પક્ષના કાર્યકર્તાઓ જિંદગી આખી મહેનત કરે છે, નંબર લાગતો નથી, અને અહીંયા આવીએ છીએ તો લોકનજરે આપણને બધાને સન્માનથી જૂએ છે, આપણને સાહેબ કહેતા થાય છે, ગઇકાલે ચુંટાયા પહેલાં જે નામથી બોલાવતા હતા એ કદાચ તુકારાથી બોલાવતા હતા પણ ચુંટાયા પછીના બીજા જ દિવસથી સ્થાનિક અધિકારી હોય, સાથી કાર્યકર્તા હોય કે સમાજના કોઇ આગેવાન હોય તો એ ધારાસભ્યને પણ એ સાહેબ કહીને બોલાવે છે. કેટલું સન્માનનીય સ્થાન સમાજમાં આપણે બધા ભોગવીએ છીએ. અહીંયા કદાચ મારા અને તમારા સંબંધો નજીકના હોય તો હું બહાર નીકળીને તું કે તાં કરું, પણ અહીંયા મારે અને તમારે એકબીજા સાથે વાત કરવાની હોય તો? આ સન્માનનીય ગૃહની ગરિમા કેટલી બધી છે? ક્યારેય કોઇ આપ કે હું, સામેથી કે અહીંથી કોઇ માત્ર નામથી બોલાવતા નથી, માનનીય સભ્યશ્રી, માનનીય શૈલૈષભાઇ, માનનીય કહીને આપણે બોલાવીએ છીએ મતલબ કે આ ગૃહની ગરિમા કેટલી ઉંચી છે. આજનું દ્રશ્ય જોયા પછી એમ લાગે કે આપણે દુશ્મન છીએ? હરગીજ નહિ, આપણે હરીફ ચોક્કસ છીએ, પણ આજનું દ્રશ્ય જોયા પછી તો એવું લાગ્યું, ત્રણેયની બોડી લેંગ્વેજ, જાણે બાપે માર્યા વેર ના હોય, વરસોના વેર ના હોય, અને બદલો લેવાની તક મળી છે એવી રીતે? હરગીજ માફ ન થાય અને મારી નમ્રતાપૂર્વક કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓને વિનંતી છે કે, તમે અમને ભલે બ્લેમ કરો કે તમે આવું બોલ્યા એટલે આવું કર્યું, એનો ઉકેલ હતો અને એનો ઉકેલ આજે પણ છે, પણ એનો ઉકેલ કે જવાબ આ નથી, જેના કારણે આજે સમાજના ડાહ્યા માણસોએ મિડિયા ઉપર ચર્ચા શરૂ કરી દીધી છે, અઠવાડિયા સુધી ચાલશે, એ ભૂપેન્દ્રસિંહને કે પરેશભાઇને નહિ કે, એ આખા ગૃહને કહેશે, એમાં હું પણ આવી જાઉં અને તમે પણ આવી ગયા, આપણને બધાને સરખી રીતે જોવાના છે એટલા માટે આ દરખાસ્તને સમર્થન સાથે મારી વિનંતી છે આપ બન્નેને કે અમારી દરખાસ્તને આપ મંજૂરી આપો. તો ને તો જ સાચી લોકશાહી કહેવાય, કે હા વાત સાચી છે ને, માનનીય નીતિનભાઇને કહ્યું અને હું પણ કહું છું કે પરેશભાઇએ, શૈલેષભાઇએ, અલ્પેશભાઇએ બીજા ઘણા મિત્રોએ, કુંવરજીભાઇ અને બીજા બધા લોકોએ, હું પણ બધાની વચ્ચે જ હતો. બધા સાથે મળીને, હું મારા સભ્યોને રોકતો હતો એ લોકો એમના સભ્યોને રોકતા હતા

એકબીજા, આ માત્ર ત્રણ ચાર લોકો, આપણને બધાને બદનામ કરે અને આપણને બધાને ગાળો ખવડાવે, એના કરતાં સમાજ પણ જૂએ, સમાજે તો એક વાગ્યાથી અત્યારસુધી જોઇ લીધું છે, ત્યાંથી માઇક તોડીને આવવું, એનો જો માનનીય પરેશભાઇ કે શૈલેષભાઇ બચાવ કરેને તો એમના મિત્ર તરીકે હું અગાઉથી દુઃખ વ્યક્ત કરું છું, એમને માફ જ ન કરાય. પ્રતાપભાઇ માટે માનનીય નીતિનભાઇએ ઓબ્ઝર્વેશન બહુ સરસ કર્યું છે આપે પણ કર્યું છે અને આપ બધા સાક્ષી છો, ૧૯મી ફેબ્રુઆરીથી આજ સુધી ૧૪મી માર્ચ સુધી એવો કયો દિવસ ગયો છે કે ચાલુ ગૃહમાં ચર્ચામાં પ્રતાપભાઇ દૂધાતે ડિસ્ટર્બ ના કર્યા હોય. બોલ્યા ન હોય, આપે ઠપકો ન આપ્યો હોય એવો એક દિવસ બતાવો. એનો મતલબ શું થાય? કૉંગ્રેસ પાર્ટીને પણ હું વિનંતી કરું છું કે, આ ન ચાલે. આ તો જાણે કોઇ ગામડાંના બજારનું દ્રશ્ય હોય જ્યાં કોઇ વાત-વાતમાં ઉશ્કેરાઇ જાય અને હાથમાં કાંઇ પણ આવે એનાથી મારા-મારી શરૂ કરી દે. આ જગ્યા કઇ છે એ તો જુઓ. ચૂંટાયા પહેલા એના વાણી, વર્તન, વ્યવહાર એ એના વ્યક્તિગત હોય છે. ચૂંટાયા પહેલાંની ભાષા એની વ્યક્તિગત હોય છે. અહીંયા આવ્યા પછી એનું બધું જ જાહેર બની જાય છે એટલે એને સભાનતાપૂર્વક રહેવું જોઇએ. હું કોણ છું? ક્યાંથી આવું છું? કઇ પાર્ટીનો છું. એના વ્યવહારથી વ્યક્તિ બદનામ ન થાય. પાર્ટી બદનામ થાય છે. જ્યાંથી આવે એ વિસ્તાર બદનામ થાય છે. એને જો રોકવામાં ન આવે તો ભવિષ્યમાં પણ આવા બનાવો બનશે. એટલા માટે માનનીય નીતિનભાઇએ દુ: ખ સાથે જે દરખાસ્ત કરી છે એને હું દુ: ખ સાથે સમર્થન આપું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જે દરખાસ્ત મૂકી છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. પ્રશ્નોત્તરી કાળ દરમિયાન અમારા સન્માનનીય સભ્ય વિક્રમભાઇ માડમ પોતે પ્રશ્ન પૂછવા માગતા હતા. એમને પ્રશ્ન પૂછવાનો મોકો ન મળ્યો એટલે એ વચ્ચે ઊભા થઇ ગયા અને એમણે કહ્યું કે, મારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપાડવો છે. ત્યારે મેં એમને ટોક્યા કે, ચાલુ પ્રશ્નકાળ દરમિયાન કોઇ પણ સભ્ય પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપાડી શકતા નથી. પ્રશ્નોત્તરી પત્યા પછી તમે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપાડી શકો છો. પ્રશ્નોત્તરી પૂરી થયા પછી સન્માનનીય નીતિનભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપાડ્યો. એ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર મેં પણ મારા વિચારો રજૂ કર્યા. ત્યારબાદ મેં બીજો એક પોઇન્ટ ઓફ ઓર્ડર આજની પ્રશ્નોત્તરી દરમિયાન જે મારા ધ્યાનમાં આવ્યું હતું એ હાઉસ સમક્ષ હું મૂકવા માગતો હતો પણ એ સમયગાળા દરમિયાન વિક્રમભાઇને એમ થયું કે મેં પણ પોઇન્ટ ઓફ ઓર્ડર માટે હાથ ઉંચો કર્યો હતો. મેં આપને વિનંતી પણ કરી કે, વિક્રમભાઇને આપ પોઇન્ટ ઓફ ઓર્ડર માટે મંજૂરી આપો. આપે એમ પણ કહ્યું કે, શૈલેષ ભાઇ આપ આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપાડી લો. ત્યારબાદ હું એમને મંજૂરી આપીશ. જે રીતે અમરીશભાઇની વાત કરવામાં આવી તો તેઓ નવા ચૂંટાયેલા, પ્રથમ વખત જીતીને આવેલા સભ્ય છે. એમની વાત એમ હતી કે, અમારા નેતા કહે છે કે, તમે વિક્રમભાઇને મોકો આપો તો તમે કેમ ના પાડો છો. મેં રૂબરૂમાં જોયું કે, પૂનમભાઇ પરમાર જ્યાં બેસે છે ત્યાં સુધી તેઓ આવ્યા. સાર્જન્ટ અહીંયાથી ગયા. વિક્રમભાઇ અહીંયા જ ઊભા હતા. આપે રુલિંગ આપ્યું કે આજના દિવસ માટે આ બંને સભ્યોને હું સસ્પેન્ડ કરું છું. ત્યારબાદ આ બંને સભ્યો ને અહીંયાથી બહાર લઇ ગયા. વિક્રમભાઇ તો એમની જગ્યાએ જ ઊભા હતા. તેઓ ધીમે-ધીમે આગળ વધતા હતા. માનનીય નીતિનભાઇ અને માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જે રીતે દરખાસ્ત મૂકી છે કે, આ લોકશાહીનું મંદિર છે અને એની જાળવણી કરવાની આપણા સૌની જવાબદારી છે. અમે પણ તમારી સાથે સંમત છીએ. ૧૯૬૦ થી ૨૦૧૮ સુધી ૫૮ વર્ષ થયા. આ જ વિધાનસભાની અંદર અનેક વખતે આ રીતના દ્રશ્યો આ વિધાનસભા ગૃહની અંદર બનેલા છે. ભૂતકાળમાં આ બાજુ હોય કે આ બાજુ જે પણ બનાવો હતા. ભૂતકાળમાં પણ આ રીતના બનાવો બનેલા છે, માઇકો તૂટેલા છે, છુટ્ટા હાથની મારા-મારી થયેલ છે. અમારા સન્માનનીય ધારાસભ્યશ્રી પ્રતાપ ભાઇ દુધાતનો હું બચાવ નથી કરતો. હું પણ લોકશાહીને માનું છું. લોકશાહીના મંદિરની તમામ સભ્યશ્રીઓએ કદર કરવી જોઇએ, એની ઇજ્જત કરવી જોઇએ એવું હું પોતે માનું છું. મેં વિડિયો પણ જોયો, જે વિડિયો ટી.વી. ઉપર વાયરલ થયો એ વિડિયો મેં પણ જોયો. માનનીય પ્રતાપભાઇ એમની જગ્યાએથી આવીને ત્યાં ઉભા હતા. એવું તો શું થયું હશે? સભાગૃહમાં આટલા બધા સભ્યશ્રીઓ બેઠેલા છે. માનનીય પ્રતાપભાઇ દુધાતે આવીને ખાલી માનનીય જગદીશભાઇ પંચાલ ઉપર જ માઇક તોડીને હુમલો કેમ કર્યો ? કોઇ સભ્યશ્રી શાંત બેઠા હોય, અસંસદીય વાત ના કરી હોય તો આ હુમલો ખાલી કેમ માનનીય જગદીશભાઇ પંચાલ ઉપર જ થયો? દોષિત માનનીય પ્રતાપભાઇ દુધાત હોય, તો જેણે ઉશ્કેરવાનું કામ કર્યું છે એ માનનીય જગદીશભાઇ પંચાલે કર્યું છે માટે માનનીય પ્રતાપભાઇ દુધાત ઉશ્કેરાયા હતા. એમણે અસંસદીય શબ્દો બોલ્યા, મારાથી બોલાય એવા નથી અને એટલી હદ સુધી બોલેલા છે કે જે રીતે ધારાસભ્યશ્રી સાથે અમે પણ ચર્ચા કરી કે આ બનાવ બન્યો એ ખોટો બનાવ છે. એમની જે ઉશ્કેરણી હતી, એમની જે લાગણી હતી એ મારાથી અત્યારે કહેવાય એવી નથી, છેલ્લી પાયરીની જેને કહેવાય, બિભત્સ ગાળ જેને કહેવાય એ જયારે બોલીએ ત્યારે માનનીય પ્રતાપભાઇ દુધાતને ગુસ્સો આવ્યો અને એમણે માઇક લીધું અને ખાલી માનનીય જગદીશભાઇ પંચાલ ઉપર જ એમણે માઇક ફેંક્યું. ગુનેગાર જો માનનીય પ્રતાપભાઇ દુધાત હોય તો ગુનેગાર માનનીય જગદીશભાઇ પંચાલ પણ છે. જે રીતે વિડિયો મેં પણ જોયો કે, માનનીય અમરીષભાઇને આપે સસ્પેન્ડ કર્યા, માનનીય અમરીષભાઇ જતા રહ્યા. વિડીયોની અંદર માનનીય ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી કે જેમની સીટ ત્યાં છે. વિડિયોમાં મેં જોયું છે આપે બધાયે જોયું છે, ગુજરાતની પ્રજાએ પણ જોયું છે. એમની સીટ છોડીને માનનીય હર્ષ સંઘવી એ પોતે પણ અહીંયા છેક અમારી વિપક્ષની બેંચ સુધી આવ્યા હતા અને સાર્જન્ટો દ્વારા એમને રોકવામાં આવ્યા હતા. તો શું ખાલી ગુનેગાર માનનીય અમરીષભાઇ ડેર જ છે? ગુનેગાર માનનીય હર્ષ સંઘવી પણ છે કે જે પોતાની સીટ છોડીને અહીં અમારા વિપક્ષની પાટઇસઅલ સુધી આવ્યા હતા. એને અમારે શું સમજવું? ગુનેગાર જો માનનીય પ્રતાપભાઇ દુધાત હોય, ગુનેગાર માનનીય અમરીષ ડેર હોય તો આ સભાગૃહમાં આપણે જો લોકશાહીની

વાત કરતા હોય તો માનનીય જગદીશભાઇ પંચાલ પણ એમાં આવી જાય છે અને માનનીય હર્ષ સંઘવી પણ એમાં આવી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને એટલું જ કહેવું છે કે, આપનું રૂલિંગ અમારા માથા પર હશે. હું શાસક પક્ષને પણ વિનંતી કરું છું કે, ભવિષ્યમાં આવા બનાવા બનેલા છે, ચોપડીમાં ટાંકેલા છે. આમાં મારે ભૂતકાળ નથી કહેવો. માનનીય અધ્યક્ષશ્રીના રૂલિંગોમાં આપેલા છે કોઇ પણ સભ્યશ્રી જયારે આ રીતનું વર્તન કરતા હોય, અને મેં એ પણ જોયેલું છે કે, વિપક્ષને આખા સત્ર દરમિયાન પણ સસ્પેન્ડ કરવામાં આવેલ છે કે જે વિપક્ષને પોતાને બોલવાનો અધિકાર છે તેમ છતાં પણ વિપક્ષને આખા સત્ર દરમિયાન આ હાઉસમાંથી બહાર ધકેલી દેવામાં આવ્યો છે. એ દિવસો પણ મેં જોયેલા છે અને હાઉસમાં એ આવ્યા નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે તો આપને એટલું કહેવું છે અને સભાગૃહને પણ મારી વિનંતી છે, માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રીને પણ વિનંતી છે, શાસકપક્ષને પણ વિનંતી છે કે જે રીતનો બનાવ બન્યો છે એ બનાવમાં માનનીય પ્રતાપભાઇ સામે તમે પગલાં લઇ રહ્યા છો અને માનનીય અમરીષભાઇ સામે તમે પગલાં લઇ રહ્યા છો અને જો લોકશાહીની વાત કરતા હોય અને હાઉસને કાયમ માટે ઉદાહરણ કે દ્રષ્ટાંત જો આપવું હોય તો ખાલી વિપક્ષ જ ગુનેગાર નથી હોતો. કોઇપણ વ્યક્તિ જયારે માઇક ઉઠાવીને મારવાની કોશીશ કરે છે ત્યારે સામેના પક્ષે એને ઉગ્ર કરવા માટે મજબૂર કર્યો તો જ એ પોતાનું માઇક ખેંચીને મારવા જાય. આ દ્રષ્ટાંત આપે ટાંકવું પડશે. ગુનેગાર તરીકે માનનીય અમરીષભાઇ ડેર અને માનનીય પ્રતાપભાઇ દુધાતને ઠરાવતા હોય તો આ સભાગૃહમાં માનનીય જગદીશભાઇ પંચાલને અને માનનીય હર્ષ સંઘવીને પણ ગુનેગાર ઠેરવવામાં આવે તો સર્વાનુમતે તમે જે ઠરાવ લાવ્યા છો, તમે ત્રણ ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા છે આ બંનેને, તો તમારા પક્ષના બન્ને માનનીય સભ્યોને પણ ત્રણ ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ કરો જેથી કરીને ભવિષ્યમાં વિપક્ષે કે શાસકપક્ષે આવા બનાવો ના બને એ મારે કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બળદેવજીભાઇની વાત માનનીય નીતિનભાઇએ કરી. હું માનનીય નીતિનભાઇ, એનો સાક્ષી છું કે જયારે હાઉસની અંદર બનાવ બન્યો તો માનનીય બળદેવજીભાઇ પોતે પણ આ હાઉસમાં બધાને ઠારવવામાં હતા. બધાને સાઇડ ઉપર લઇ જવામાં હતા. તમે તમારી તરફી બધાને રોકતા હતા અને અમે અમારી તરફી રોકતા હતા. બહાર જે બનાવ બન્યો એમાં પણ માનનીય નીતિનભાઇ આપને કહું, જે પણ કહ્યું હોય માનનીય અધ્યક્ષશ્રી, હું એનો સાક્ષી છું એટલે કહું છું. હું એનો સાક્ષી છું. તમામ સભ્યશ્રીઓ જે મગજમારી કરતા હતા તે તમામ સભ્યોને વાળવામાં પણ સભ્યશ્રી બળદેવજીભાઇ ઠાકોર જ હતા. બહાર બનેલો કોઇ બનાવ માનનીય અધ્યક્ષશ્રી....

### સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ) : આજના એજન્ડા ઉપરની કામગીરીનું કામ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ એજન્ડા ઉપરની કામગીરી પૂરી થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : સભ્યશ્રી બળદેવજીભાઇ પોતે બહાર, એમાં તેઓ અહીંયાં હાઉસમાં પણ બચાવના પક્ષમાં હતા અને બહાર પણ બચાવના પક્ષમાં હતા. માનનીય નીતિનભાઇના કદાચ ધ્યાને આવ્યું હોય કે ન આવ્યું હોય, હું બહુ નિષ્ઠાપૂર્વક અને બહુ સાચી વાત કહું છું. ત્યારે માનનીય અધ્યક્ષશ્રીને અને આપ સૌને વિનંતી છે કે, હું મારા પક્ષ વતી આપને ખાતરી આપું છું અને કહું છું આપ એવો નિર્ણય લો માનનીય અધ્યક્ષશ્રી કે, શાસક પક્ષમાં રહીને વિપક્ષને ગુનેગાર ઠેરવતી હોય તો બન્ને સભ્યશ્રીઓએ વિપક્ષને પણ ઉગ્ર બનવા માટેના જે પ્રયત્ન કર્યા છે, તેના ઉપર પણ એકશન લેવામાં આવે જેથી કરીને ભવિષ્યમાં આ હાઉસની અંદર વિપક્ષ હોય કે શાસક પક્ષ હોય આવા દ્રષ્ટાંત કે આવાં ઉદાહરણો બને નહીં. તેને માટે માનનીય અધ્યક્ષશ્રી હું વિનંતી કરું છું.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ દુઃખની લાગણી સાથે આ હાઉસમાં જે બનાવ બન્યો છે, આ એક પવિત્ર મંદિર જેવા ધામની અંદર આવી જે અનિચ્છનીય ઘટના બની છે, તેનું મને ખૂબ દુઃખ છે. અને હું જયારે લોબીમાં હતો અને લોબીમાં ટી.વી.માં મેં જોયું કે અંદર કાંઇક અવાજ આવી રહ્યો છે અને બધા સભ્યો ભેગા થઇ રહ્યા છે ત્યારે હું અને સભ્યશ્રી પ્રદિપભાઇ પરમાર બહારથી જયારે અહીંયાં આવ્યા ત્યારે જોયું, બધા જ કોંગ્રેસના સભ્યો ઉભા થઇ ગયેલા હતા આ બાજુથી અને અમારા બાજુથી પણ થોડાક સભ્યો અમારા પણ એમની જગ્યાએ ઉભા હતા. આપની તરફ બોલી અરમીશભાઇ ડેર હાથના ઇશારાથી, તેમની બોડી લેંગવેજ એટલી ખરાબ પ્રકારની હતી અને તમને કહી રહ્યા હતા કે કેમ બોલવા નથી આપતા, કેમ બોલવા નથી આપતા અમારા વિપક્ષના મિત્રો કહે છે ત્યારે શું કામ નથી આપતા આવું જયારે તમને એ ઓર્ડર કરી રહ્યા હતા, ત્યારે હું, હસમુખભાઇ અને નીમાબેન બધા જ ધારાસભ્યો અહીં બેઠા હતા. અને જયારે તેમને હસમુખભાઇએ કહ્યું કે ભાઇ બેસી જાઓ, એ જ વખતે હું પણ એ જ બોલ્યો છું કે ભાઇ બેસીજાઓ.

માનનીય અધ્યક્ષશ્રી દુઃખ એ વાતનું છે કે સભ્યશ્રી પ્રતાપભાઇ દુધાત જે દિવસથી હાઉસ ચાલુ થયું એ દિવસથી પોતાના ઉશ્કેરાટ ભર્યા વર્તનના કારણે ગયા વીકમાં પણ અમારે બોલવું પડયું હતું અને બેસાડવા પડયા હતા કે નીરવ મોદી અને લલિત મોદી માટે એમણે રજૂઆત કરી હતી કે આ બન્નેનો એફ.એસ.એલ. માં રિપોર્ટ કરાવવો જોઇએ અને આમનો નાર્કો ટેસ્ટ કરાવવો જોઇએ. અને સાથે સાથે અમારા રાષ્ટ્રીય નેતાને એમણે ટાંકયા ત્યારે અમે ચોકકસ ઉગ્ર થયા હતા અને તેમને

બેસાડવાનો પ્રયત્ન કરેલો, આ વાતને લઈને બહાર એમણે પણ અમને, હાઉસની બહાર મને ધમકી આપવાનો પ્રયત્ન કર્યો હતો અને એ વાત ત્યારે જયારે બીજા, હર્ષભાઇને અમે બધા સાથે હતા, અને હર્ષભાઇએ કહ્યું હતું કે જગદીશભાઇ પણ સાચા છે તમે અમારા રાષ્ટ્રીય નેતા સામે કોઇ પણ નેતા માટે નારકો ટેસ્ટ કરવાની વાત શેના માટે કરી શકો? આ વાતને દાઢમાં રાખીને જયારે અમે અહીં હસમુખભાઇ, નીમાબેન અને અમે બેઠા હતા ત્યારે એમને બેસવાનું કહ્યું, આખું હાઉસ સાક્ષી છે, વીડીયો રેકોર્ડીંગ સાક્ષી છે, પત્રકાર મિત્રો પણ સાક્ષી છે. બધા સાક્ષી છે કે એમણે માઇક ઉઠાવીને જે રીતે મને મારવા માટે હુમલો કર્યો હતો, માનનીય અધ્યક્ષશ્રી મને કદાચ નાક ઉપર વાગ્યું છે, ખૂબ ખરાબ રીતે વાગ્યું છે, ત્યારે અમે બધા જ મિત્રો અહીં ઉભા હતા ત્યારે અમરીશભાઇ ડેર પાછા આવીને પાછળથી જયાંથી આપ આવો છો ત્યાંથી આવીને તેમણે હુમલો કર્યો છે, મુકકાથી ફેંટો મારી છે, માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાસનભાના ગૃહને ખૂબ ખરાબ રીતે ખરડવાનો પ્રયાસ કર્યો છે, આ કદાપી ચલાવી ન લેવામાં આવે, અને હું એક હજારને એક ટકા કહું છું કે, હું મારી પોતાની જગ્યાએથી કશે ખસીને બહાર નથી ગયો કે એક શબ્દ પણ નથી બોલ્યો, હસમુખભાઇ, અરવિંદભાઇ, નીમાબેન આ બધા જ ધારાસભ્યો સાક્ષી છે કે અમે એક પણ અપશબ્દ વાપર્યો નથી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્ય મંત્રીશ્રી એ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે અને સંસદીય મંત્રીશ્રી અને અમારા ઉપનેતાશ્રીએ વાત કરી છે એટલે એ વાતને દોહરાવીશ નહીં. જે બનાવ બન્યો છે તે દુર્ભાગ્યપૂર્ણ છે અને કમનસીબ છે. અમારા ઉપ નેતાશ્રીએ જે રીતે વાત કરી એ પ્રમાણે તાલી એક હાથે નથી પડતી. તાલી બેય હાથ ભેગા કરો ત્યારે પડે છે. કોઇપણ ઘટના બને અને એ ઘટના બનવા પાછળના કારણો માત્રને માત્ર વિપક્ષ જ હોય અને એમાં શાસક પક્ષ જવાબદાર ન હોય એવું કયારેય ન બને. વધતા ઓછા પ્રમાણમાં જે કંઇ ઘટના બને એમાં આક્ષેપો પ્રતિ આક્ષેપો થાય. ભૂતકાળમાં ઘણા બધા પ્રસંગો ગૃહમાં અને બહાર બન્યા છે. કોઇપણ વ્યકિત એકશનમાં આવે ત્યારે એની સામે રીએકશન આવે. મોટા મોટા નેતાઓએ પણ વાતો કરેલી છે કે આઘાતના પ્રત્યાઘાત થાય. ભૂતકાળના એક દાખલાનો હું પણ સાક્ષી છું અને તમે પણ છો. ૧૯૯૦થી આ સભાગૃહમાં ફરજ બજાવીએ છીએ ત્યારે એક બનાવ બન્યો એમાં ભૂતપૂર્વ સ્વર્ગસ્થ ચીમનભાઇ પટેલ નર્મદા વિશેનું નિવેદન વાચતા હતા, નર્મદા યોજના સર્વેની યોજના છે, આપણી જીવાદોરી છે અને આપણી માતા છે. એ જયારે નિવેદન વાંચતા હતા ત્યારે, અત્યારે અમે જે ચેર ઉપર બેઠા છીએ એ ચેર ઉપરથી એક ભાજપના સિનિયર સભ્યશ્રીએ એમના હાથમાંથી કાગળ લઇને ફાડી નાખેલો અને એના ટૂકડા માનનીય મુખ્યમંત્રીશ્રીના માથે નાખેલા. હું એ નેતાશ્રીનું નામ નથી લેતો, કારણ કે ભૂતકાળમાં એ આપની ચેર પર પણ બેઠેલા હતા. આટલું કર્યું છતાં એમને સસ્પેન્ડ નહોતા કર્યા. ખેર એ વાતમાં ન પડીએ પરંતુ અહીંયા સામ સામે જે ઘટના અથવા તો પરિસ્થિતિ પેદા થઇ છે એ પરિસ્થિતિની અંદર જે રીતે શાસક પક્ષ તરફથી દરખાસ્ત કરવામાં આવી છે, આ ચલાવી ન લેવાય એમાં અમે પણ સંમત છીએ. ચલાવી ન લેવાય એવો બનાવ બન્યો છે એના માટે માત્રને માત્ર વિપક્ષ જ જવાબદાર નથી. અમારા ઉપ નેતાએ વાત કરી છે એ પ્રમાણે સામેના સભ્યશ્રીઓ પણ એટલા જ જવાબદાર છે એની સામે પણ કાર્યવાહી થવી જોઇએ. પ્રજાના મતોથી ચૂંટાયેલી વ્યકિતઓ આ લોકશાહીના મંદિરમાં જે રીતની ઘટના ઘટી છે એ દુઃખદ છે એની હું તરફેણ કરતો નથી પણ એમને આ પ્રકારે સંસદીય કાર્યવાહીમાંથી બાકાત રાખવા એ પણ યોગ્ય જણાતું નથી, ઉચિત નથી. તેથી મારી શાસક પક્ષને નમ્રતાપૂર્વક વિનંતી છે કે પગલાં લેવામાં આવે તો બંને પક્ષે લેવામાં આવે જેથી ભવિષ્યમાં આ બાજુ પણ હિંમત ન કરે અને શાસકપક્ષ તરફથી પણ હિંમત ન કરે એના માટે આપ રૂલિંગ આપો તેવી અપેક્ષા સાથે વિરમું છું.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહીના મંદિરમાં આજે જે પ્રકારની ઘટના ઘટી છે. માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પંચાલ બહાર લોન્જમાં માનનીય પ્રદિપભાઇ જોડે હતા અને અંદર આવ્યા અને જે પ્રકારે એમની ઉપર હિંસાત્મક હુમલો કરવામાં આવ્યો અને અમારા સભ્ય ઉપર અને મારા મિત્ર ઉપર, અનેક લોકો ભેગા થઇને આ પ્રકારનો હુમલો કરતા હતા ત્યારે આગળ જ અમારા બહેન નીમાબહેન બેઠેલા છે અને આપે વિડીયોમાં પણ જોયું હશે કે જેમ તેમ બચીને બહાર નીકળ્યા. અહીંયા મારા જેવા અનેક યુવાન સભ્યશ્રીઓ બેઠેલા છે અમે જવાબદારી પૂર્વક આ ઝગડો મોટો ન થાય એ અમારી જવાબદારી સમજીને ત્યાં જઇને માનનીય સભ્યશ્રી પ્રતાપભાઇ દુધાત અમારા મિત્ર હતા એમને સમજાવવા ગયો હતો. જે પ્રકારનો રોષ અને ઉશ્કેરાટ એમની અંદર દેખાતો હતો એ માત્ર જગદીશભાઇ જ નહિ પણ બીજા અનેક સભ્યશ્રીઓ ઉપર પણ હુમલો કરી શકતા હતા. તો મારા સાથી મિત્રોને અને આ સભાગૃહમાં વધારે ધમાલ ન થાય એ માટે આગળ જઇને બચાવવાની કોશિશ કરેલી હતી. પરંતુ જે પ્રકારે ઉપનેતા શૈલેષભાઇએ વાત કરી, આમાં જગદીશભાઇએ બોલવાનો કોઇ વિષય જ આવતો ન હતો. કારણ કે અમરીશભાઇ તો ઓલરેડી વિરોધપક્ષની બેન્ચ તરફ જતા હતા. એ લોકોનો અંદર અંદરનો ઝઘડો હતો. તેમાં ભારતીય જનતા પાર્ટીના કોઇ પણ કાર્યકર્તા કે કોઇ પણ ધારાસભ્યે આના માટે કોઇ ઉશ્કેરણીજનક નિવેદન આપવું પડે એવી જરૂરિયાત જ નહોતી. એટલે શૈલેષભાઇએ આ જે પણ આરોપ લગાવ્યો છે એ એકદમ ખોટો આરોપ છે. અમે કોઇ ધમાલ કરવા માટે એ બાજુ ગયા નહોતા. અમે ખાલી બન્ને પક્ષને છૂટા પાડવા માટે ત્યાં ગયેલા હતા.

ડો. નીમાબેન આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, જે ઘટના બની એ શોકીંગ હતી. અચાનક જ બન્યું. કોઇ વિષય જ નહોતો. એકદમ જ વિક્રમભાઇ બોલતા હતા અને રજૂઆત કરતા હતા. તો અધ્યક્ષ માટે બોલવા માંડ્યા. એ જ સમયે અમરીશભાઇએ દોડીને વેલમાં આવવાની કોશિશ કરી. મને તો એવું લાગ્યું કે એ અધ્યક્ષ પર હુમલો કરવા જાય છે. એવા મુડમાં અને એવું રૌદ્ર રૂપ ધારણ કર્યું હતું. અચાનક જ મેં એવી રીતે જોયું ત્યારે ઘણા બધા સભ્યોએ તેમને રોકવાની કોશિશ

કરી. એમના જ સભ્યોએ એમને રોકવાની કોશિશ કરી. કોઇના હાથમાં નહોતા રહેતા અને અધ્યક્ષ માટે ગમે તેમ બોલવા માંડ્યા. પંચાલભાઇએ પણ સાંભળ્યું, હસમુખભાઇએ પણ સાંભળ્યું. મેં પણ સાંભળ્યું. અમે લોકો તરત ઉભા જ થઇ ગયા એમનું રૂપ જોઇને. એ જ સમયે પંચાલભાઇ કંઇ જ બોલ્યા નથી, આવું ના બોલાય, અધ્યક્ષને આમ ન કહેવાય. એટલું જ કહ્યું છે એમણે. કોઇ અપશબ્દ, કોઇ ગાળ બોલ્યા હોય એવું બિલકૂલ મેં સાંભળ્યું નથી. કારણ કે મારાથી વધારે નજીક કોઇ નહોતું. હું એકદમ અહીં નજીકમાં છું. મને જ પહેલાં સંભળાય. એવું કશું બોલ્યા નથી અને આજ સુધીમાં પંચાલભાઇને કોઇ દિવસ મેં ખરાબ શબ્દ બોલતા સાંભળ્યા નથી. હંમેશા મારી સાથે હોય છે. સમિતિમાં મારી સાથે હોય છે. આજે એ કોઇ જ એવા શબ્દો બોલ્યા નથી, પણ જે ઉશ્કેરાટ હતો, જે ઝનૂન હતું અને જે રીતે ધસી આવ્યા અને પછી સભ્યશ્રી દૂધાતે પણ જે રીતે ધસી આવ્યા એ બન્નેને જોઇને મને તો એવો અહેસાસ થતો હતો કે આ લોકોનો પ્રી-પ્લાન છે કે શું છે? એવો અહેસાસ થયો. આ મારા દિલની વાત કરું છું. જે મેં સિનારિયો જોયો છે. મને થયું કે આ એટેકે મારા પર થાય છે એટલે હું અચાનક જ એકદમ ઝૂકી ગઇ અને હું ઝૂકી ગઇ એટલે પાછળ પંચાલભાઇને માર્યું. આટલો વિષય છે અને હું તો અહીંથી નીકળી જ ગઇ, ઇશ્વરભાઇ પાસે જઇને ઉભી રહી ગઇ. કારણ કે મેં જોયું કે બધા ધડાધડ ધસી આવતા હતા અને અમરીશભાઇ તો હાથમાં જ નહોતા રહેતા. પાંચ-સાત લોકોએ એમને પકડ્યા તો પણ દોડી-દોડીને એટેક કરવા આવતા હતા એટલે સાહેબ, આ વિધાનસભાને યુદ્ધનું રણ બનાવી દે એ કોઇ દિવસ ચાલી શકે નહીં. મારી આપને દરખાસ્ત અને વિનંતી છે કે આમાં કડકમાં કડક પગલાં લેવા જોઇએ અને દાખલારૂપ પગલાં લેવા જોઇએ. જેથી વારંવાર આવી ઘટનાઓ ન બને.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ જે દરખાસ્ત લઇને આવ્યા છે જેને માનનીય સંસદીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ સમર્થન આપ્યું છે તેના સંદર્ભમાં અને સમર્થનમાં મારે એટલું જ કહેવું છે, આ વખતે વિધાનસભાના નવા સત્રની શરૂઆત હતી. તેનો પહેલો દિવસ હતો. હું આ દરવાજેથી અંદર દાખલ થતો હતો. મને યાદ છે કે એ જ વખતે કોંગ્રેસના એક સિનિયર ધારાસભ્યએ મને રોક્યો, મને કહે તમે એમને એમ ન આવો. પહેલાં પગથિયા ઉપર માથું ટેકવીને પછી આવો. મેં એમની વાત સ્વીકારી અને મેં એ પ્રમાણે કર્યું. માત્ર કરવા માટે નહીં, આ વિધાનસભાને મંદિર કહેવા માટે, એની પવિત્રતાના જતન માટે આપણાં સૌનું કર્તવ્ય છે. આ ઘટના બન્યા પછી અમારી ૧૨-૧૩ મહિલા ધારાસભ્યો ભેગા થઇને જે પ્રમાણેની ચર્ચા કરતી હતી. થરથર કાંપતી હતી. જે પ્રકારનું વાતાવરણ થયું અને આપને અમારા ધારાસભ્યશ્રીએ પત્ર લખીને આપ્યો છે. એમને જે પ્રમાણે વાંસાના ભાગમાં વાગ્યું છે. કોઇ સામાન્ય માણસ આ પ્રમાણેની ઘટના ન કરી શકે. ન કલ્પી શકાય. આ કઇ માનસિકતા છે? વચ્ચેના સમયમાં આપે હાઉસ એડજોર્ન કર્યું, બહારથી ફોન કરવા માંડ્યા. તમે જે વિધાનસભામાં બેસો છો એમાં તમે ક્યા પ્રકારના લોકો સાથે બેસો છો? આ ક્યા પ્રકારની માનસિકતાનું પ્રતિબિંબ અહીં કરીએ છીએ. શ્રી પરેશભાઇ ધાનાણી અને શ્રી શૈલેષભાઇએ એ લોકોને રોકવાના પ્રયાસ કર્યા જ છે. અમારા પક્ષે પણ પ્રયાસ કર્યા છે. ઘટના પછીનું જે સ્વરૂપ અહીંયાં જોવા મળ્યું, મને પણ અહીં સમય થયો છે. આ સમયગાળામાં આના કરતાં પણ ખરાબ દ્રશ્યો મેં જોયા છે. પણ એ વૈચારિક લડાઇ માટેના જોયા છે. એ વિભાગોની લડાઇ માટેના જોયા છે, એ સવાલોના જવાબોના અને પૂરક સવાલોના ચર્ચાઓના જોયા છે. આના કરતાં પણ ખરાબ શબ્દોમાં એમણે અમારી આલોચના કરી છે. પણ એ આલોચનાની પ્રતિક્રિયા આવી હાથા-પાઇ કરીને, આવું પ્રદર્શન ગુજરાતની વિધાનસભાને ઝાંખપ આપે એવું પ્રદર્શન ૧૯૬૦થી આજ દિવસ સુધીમાં પહેલી વખત જોવા મળ્યું છે. એવા સંજોગોમાં માનનીય શ્રી નીતિનભાઇએ જે દરખાસ્ત લાવ્યા છે અને એ દરખાસ્તમાં માનનીય ભૂપેન્દ્રસિંહજીએ સમર્થન આપ્યું છે. ગુજરાતની પ્રજાએ મત આપ્યા છે, ગુજરાતના વિકાસ માટે, ગુજરાતના કાયદા માટે, ગુજરાતની શાંતિ, સલામતી, સુરક્ષાની દ્રષ્ટિએ અહીંયાં રાજ્ય પ્રથમ બને એના માટે ચર્ચા થઇ છે અને એવા સંજોગોમાં આ દ્રશ્યો હતા એ ગુજરાત વિધાનસભામાં આવનારા દિવસોમાં જ્યારે વિધાનસભાની આ ઘટનાની ભવિષ્યની અંદર ચર્ચા થશે અને એ વખતની એ ચર્ચાની અંદર ધારાસભ્ય તરીકે હું હાજર હતો અને આના ઉપર આપણે કોઇ એક્શન નહીં લઇએ તો મને લાગે છે કે આવનારા દિવસોની લોકશાહીની આ સંસદીય કાર્યરીતિ, સંસદીય પરંપરાઓ આપણને ક્યારેય માફ ન કરે. આ ઘટના આપણા વખતમાં બની છે અને લોકશાહીના જતન અને એવી સંસદીય પ્રણાલીના જતન માટે આમાં માનનીય નીતિનભાઇએ જે પગલા સજેશ કર્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી પરેશ ધાનાણી ( વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહીનું મંદિર સમાન વિધાનસભાનું ગૃહ અને તેમાં પૂજ્ય ગાંધીનું ગુજરાત, એ ગૃહ હોય કે ગૃહની બહાર હિંસક પ્રવૃત્તિને ક્યાંય સ્થાન હોતું નથી. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ આ દરખાસ્ત લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજનો આ બનાવ સત્તા પક્ષ હોય કે વિપક્ષ, આ ગૃહની બહાર જશે એટલે ગુજરાતની પ્રજાને જવાબ આપવા એકપણ સભ્ય સક્ષમ નહીં હોય. વિધાનસભામાં ખૂબ અનુભવી લોકો, માનનીય મોહનસિંહભાઇ નથી, એ તો દસ વખત, મારી ઉંમર થઇ એના કરતાં પણ વધુ વર્ષથી આ ગૃહના સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. માનનીય નીતિનભાઇ હોય, શ્રી પુંજાભાઇ હોય, હું રાજકારણમાં પા પા પગલી શીખ્યો ત્યારથી તેઓ આ ગૃહના સભ્યો છે. ખૂબ અનુભવી લોકોની સાથે કોઇપણ વ્યક્તિ વિધાનસભામાં પહેલી વખત ચૂંટાઇને આવે, નવા સભ્ય તરીકે ચૂંટાઇને આવે, આ પ્રથમ વખત ચૂંટાયા, આ પહેલી વખતનું સત્ર, એની શરૂઆત, આ ગૃહ સાક્ષી. એમાં અમે હંમેશાં ચર્ચા કરવાની તરફદારી કરીએ છીએ. સત્તા પક્ષ એની સિદ્ધિઓ આ ગૃહ મારફત ગુજરાતની જનતાને જણાવે. વિપક્ષ સરકારની નિષ્ફળતાઓ અને લોકોની સમસ્યાઓ આ ગૃહ મારફતે સરકાર સમક્ષ લાવે તો એનાથી જે આપણી વ્યવસ્થા છે એ સુધરે અને વિધાનસભાગૃહની અંદર જે આપણે નિર્ણયો

કરીએ એનો લાભ છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે. આ ગૃહની અંદર આજની બનેલી કલંકિત ઘટનાને હું પણ વખોડી કાઢું છું. હું માનું છું કે, હિંસાને આ ગાંધીના ગુજરાતમાં, સત્તા પક્ષ હોય કે વિપક્ષ હોય એને ક્યારેય સમર્થન નહીં આપે. અમારા સદસ્યશ્રીઓએ પણ એ વાતમાં સૂર પૂરાવ્યો છે. આ ઘટનામાં લગભગ બધા તાજના સાક્ષી છીએ. અમારા માનનીય દંડકશ્રી અમિતભાઇ આપની ચેમ્બરમાં..

અધ્યક્ષશ્રી : બધા ખૂબ ગંભીર થઇ ગયા છો, સાંભળો તો ખરા, આપણે બધા એટલા બધા ગંભીર થઇ ગયા છીએ અને હોવા જ જોઇએ. પણ લાઇટર ટોનમાં વાત કરું તો આપે કહ્યું કે આપણે બધા તાજના સાક્ષી છીએ. આપણે સાક્ષી ચોક્કસ છીએ પણ તાજના સાક્ષી એટલે ગુનેગારના ભાગીદાર કહેવાઇએ.

શ્રી પરેશ ધાનાણી : આપે મારા હ્રદયની વાત વ્યક્ત કરી. ગુનો કરવો અને નજર સામે ગુનો થતો રોકવો, ગુનો કરવો એ તો ગુનો છે જ પણ નજર સામે ગુનો થાય એને રોકવા પ્રયાસ ન કરીએ તો મને લાગે છે કે એ સીધી કે આડકતરી રીતે ગુનાના આપણે જવાબદાર ઠરીએ. મારે માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીને અભિનંદન આપવા છે. એ પણ આ વિવાદ થયો ત્યારે હું, શૈલેષભાઇ અમે બધા લોકો ગૃહમાં આક્રોશ હતો એને ઠારવા પ્રયાસ કરી રહ્યા હતા. માનનીય ભૂપેન્દ્રસિંહજી ફ્લોરમાં વચ્ચે હતા અને એ સભ્યોને વારી રહ્યા હતા. વિક્રમભાઇથી ઉભો થયેલો મુદ્દો પોઇન્ટ ઓફ ઓર્ડરનો પ્રયાસ, બે દિવસ પહેલાં અમિતભાઇ વિક્રમભાઇને લઇને આપને આપની ચેમ્બરમાં મળવા પણ આવ્યા હતા. આપે અનુમતિ આપી એટલે એ મુદ્દો પૂરો થવામાં હતો. અમરીશભાઇની વાત એટલી હતી, બોડી લેંગ્વેજ એ કુદરતી પ્રકૃતિ છે. મારી હોય કે તમારી કે કોઇ વ્યક્તિની બોડી લેંગ્વેજને બદલી શકાય નહીં. જનરલ કોર્સમાં સામાન્ય રીતે ચર્ચામાં એની વાત કરવાની કળા, એની વર્તણૂંક એ કુદરતની દેન છે એટલે કોઇની બોડી લેંગ્વેજને કુદરતે જે વ્યવસ્થા ઉભી કરી છે અને માનવ તરીકે એને ચેલેન્જ કરી શકીએ નહીં. હું સભ્યોના બચાવમાં નથી. મારા સભ્યો આજના બનાવમાં એની જવાબદારી નક્કી થાય, મેં તો ફ્લોરની બહાર પણ કહ્યું કે નિયમ મુજબ કાર્યવાહી થવી જોઇએ. પણ છેલ્લા એક અઠવાડિયાથી અમારા નવા ચૂંટાયેલા સભ્યો અમારી પાર્ટી મિટીંગમાં પણ વારંવાર ફરિયાદ કરતા હતા. આ ગૃહના જવાબદાર ધારાસભ્ય અમદાવાદ જેવા મહાનગરના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ભાઇશ્રી જગદીશભાઇ પંચાલ, હર્ષભાઇ અને ઘણા બધા નવા મિત્રો એ સતત બિનજરૂરી ટિખળો કરવાની, અસંસદીય શબ્દો બોલવાના, સામાન્ય રીતે ગૃહમાં ચકમક ઝરતી રહેવાની અને એનાથી કાર્યવાહી જીવંત બનતી હોય છે. પણ આજે જેવું ગૃહ એડજોર્ન થયું, હું મારા બધા મિત્રોને લઇને બધાને વિનંતી કરીને ગૃહની બહાર લઇને જતો હતો. આ ગૃહ એનું સાક્ષી છે, આપણે બધા એના સાક્ષી છીએ કે વાત થાળે પડ્યા પછી પણ ભારતીય જનતા પાર્ટીના બેઠકના હિસ્સામાંથી આ ગૃહની સામે ટોળે થઇને આક્રમણના મૂડમાં મિત્રો હતા, એ બાજુ ગુસ્સો હતો અને આ બાજુ પણ ગુસ્સો હતા. આ બધા જ મારા મિત્રો છે. પહેલા ભૂતકાળમાં અમે આ કર્યું છે. માનનીય નીતિનભાઇને બળદેવજી ઉપર પ્રેમ હશે. હું તાજનો સાક્ષી છું કે આજે બળદેવજી ગૃહની અંદર અને ગૃહની બહાર પણ સમાધાનના મૂડમાં, બચાવવાના મૂડમાં હતા. પ્રતાપભાઇ દુધાત ઉભા થઇને આ ગૃહમાં આગળ નીમાબેન બેઠા છે અને એમની બાજુમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ માનનીય જીતુભાઇ બેઠા છે. આ બાજુ હસમુખભાઇ બેઠા છે. જગદીશભાઇ પંચાલ ઉપર જ એનો પ્રત્યાઘાત કેમ કેન્દ્રિત થયો? મેં બન્ને મિત્રોને ઠપકો આપ્યો સૌથી પહેલા, મને ખૂબ દુઃખ થયું. આપના આદેશનું પાલન કરીને હાજર નથી, અને બન્ને મિત્રો હાજર છે એણે જવાબ આપ્યો. વારંવાર એક અઠવાડિયાથી ફરિયાદ કરતા હતા. હું સતત એમને સમજાવતો હતો કે જે શબ્દો આપે સંસદીય ભાષામાં આપણે એનો અસ્વીકાર કર્યો કહીએ તો જેણે આપ્યા હોય એની પાસે રહે. આપણે ચર્ચા કરવી પણ માનનીય અધ્યક્ષશ્રી, જે ગૃહમાં અત્યારે સભ્યો હાજર નથી એવા પ્રતાપભાઇ, અમરીષભાઇ અને એ સિવાયના ઘણા મિત્રો અહીંયા બેઠા છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ પૂછી શકો છો, અહીંયા નહિ આપની ચેમ્બરમાં બોલાવીને દરેક મિત્રોને પૂછી શકો છો. આજે ધમકીની ભાષામાં કોઇ વાત કરવી અને એનાથી ઉપર વ્યક્તિગત કોઇ એકબીજાનો દોષ–પ્રતિદોષ હોઇ શકે પણ કોઇની મા–બહેન, દીકરીને ઉલ્લેખીને ન સાંભળી શકાય એવી ગાળો, એનું વારંવાર પુનરોચ્ચાર, જગદીશભાઇ આ ગૃહમાં ન હતા. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર કાર્યવાહીનું રેકોર્ડીંગ મંગાવીને આપ જુઓ અને ગુજરાતની જનતાને પણ દેખાડો. તેઓ બહારથી દોડીને આવ્યા અને આવતા વેત જે સભ્યશ્રીએ કીધું કે, ભાઇ હું ધારાસભ્ય બન્યો છું. મારી સામે વ્યક્તિગત ટીકા–ટિપ્પણ કે આક્ષેપ અઠવાડિયાથી થાય છે એ હું સહન કરું છું પણ મારી મા–બહેન, દીકરી સામે કોઇ ગાળો આપે અને ગાળો ખાવા માટે થઇને મારે આ ગૃહમાં બંધાઇ રહેવું પડે આ એનો પ્રતિભાવ હતો. મેં સાંભળ્યો, આજે એ અહીંયા નથી એટલે એના વતી હું આ મૂકું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ જગદીશભાઇ ઉપરના હુમલાની હિંસક વૃત્તિને હું વખોડી કાઢું છું, હરગીજ એને માફ કરી શકાય નહિ. માનનીય અધ્યક્ષશ્રી, આ બનાવ પછી આપે ગૃહ એડજોર્ન કર્યુ એ પહેલા આ સભાગૃહની વચ્ચે માનનીય અમરીષભાઇ ડેર જેઓને સભાગૃહમાંથી અમારા સભ્યો સમજાવીને બહાર લઇ જઇ રહ્યાં હતા. ભારતીય જનતા પાર્ટીના ૮ થી ૧૦ માનનીય ધારાસભ્યો આ ફ્લોરમાં એને વચે ટોળામાં લઇને બેફામ ગાળાગાળી સાથે ગડદા–પાટુંનો માર માર્યો. (અંતરાય) ભાઇ, માનનીય અધ્યક્ષશ્રી, હું ટીકા–ટિપ્પણીમાં નથી પડતો. પ્રતાપભાઇએ હુમલો કર્યો હતો એ પણ વાજબી નથી. એના પ્રતિકારમાં ભાજપ તરફથી કોઇ મિત્રોએ હિંસક હુમલો કરીને ગાળાગાળી, અસભ્ય વર્તન કે મારામારી કરી એ પણ વાજબી નથી. એમ છતાં માનનીય અધ્યક્ષશ્રી, મારી પણ આ ત્રીજી ટર્મ છે. આ વિધાનસભા ગૃહમાં મારી ભૂલ ન થતી હોય તો માનનીય અધ્યક્ષશ્રી, કારણો કોઇ પણ હોઇ શકે. ભૂતકાળમાં સૌથી વધુ સસ્પેન્ડ થવાનું મારા ભાગે આવ્યું. આ સસ્પેન્શનનો હું વારંવાર ભોગ બન્યો છું. (અંતરાય)

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮
## પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રી : કોઇ દહાડો કોઇને મારવા ઘસી ગયેલા ખરા?

શ્રી પરેશ ધાનાણી : નહીં, માનનીય અધ્યક્ષશ્રી, મારો સ્વભાવ જે ગૃહની અંદર આજે છે એ જ બહાર છે. આ ટ્રેઝરી બેંચમાંથી કોઇ વ્યકિત અમરેલીમાં જઇને ભાજપના કોઇ સામાન્ય કાર્યકરને પૂછે તો એને એ ફરિયાદ નહીં મળે કે પરેશભાઇએ ગાળ દીધી. માનનીય અધ્યક્ષશ્રી, મારી પ્રકૃત્તિમાં નથી પણ આ તો રાજકીય ચર્ચાઓની અંદર ક્યાંક અમે નિષ્ફળતાઓને ઉજાગર કરવા આક્રમક બનીએ, ક્યાંક નિષ્ફળતાને છૂપાવવા માટે થઇને કોઇને નીમિત્ત બનાવવામાં આવે આવું બને આનો માનનીય અધ્યક્ષશ્રી, હરખ ધોખો નથી કરતો. મેં હંમેશા આ ચેર ઉપરથી થયેલા નિર્ણયોનું પાલન કર્યુ છે અને ક્યારેય બહાર જઇને ખંડન પણ નથી કર્યું. કારણ કે, આ ગૃહની જે પરંપરાઓ છે, ઉચ્ચ કોટીના મૂલ્યો છે એ જળવાઇ રહે. માનનીય અધ્યક્ષશ્રી, આ ચેર સાથે લડાઇ ના હોઇ શકે. વૈચારિક લડાઇ એ સત્તા પક્ષ અને વિપક્ષની હંમેશા રહેવાની અને આ વૈચારિક મતભેદોથી પુખ્ત લોકશાહી પોષાવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, આ આખો બનાવ ગૃહ એડજોર્ન થઇ ગયું. હું છેલ્લામાં છેલ્લા સભ્યને ગૃહમાંથી બહાર લઇ જઇને હું મારી ચેમ્બરમાં બધાને લઇ ગયો. બધા ચેમ્બરમાં આવો કોઇએ લડાઇ ઝઘડો નથી કરવાનો. નીતિનભાઇ સાહેબ, હું તાજનો સાક્ષી છું. હું કોઇના નામ ઉલ્લેખમાં નહીં પડું. વિધાનસભાની ગેલેરીમાં અમે જ્યારે બહાર જતા હતા ત્યારે પણ ભારતીય જનતા પાર્ટીના અમુક સન્માનનીય ધારાસભ્યશ્રીઓ ત્યાં પણ હુમલો કરી રહ્યાં હતા. હું વચ્ચે ઊભો રહ્યો, બળદેવજી પણ બચાવવા આવતા હતા અને મારી ભૂલ ના થતી હોય તો પંકજભાઇ પણ કદાચ ત્યાં હતા.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (બેઠા બેઠા ) : હું અંદર ચેમ્બરમાં હતો.

શ્રી પરેશ ધાનાણી : તમે અંદર હતા. ત્યાં સંઘર્ષ ન થવા દીધો. સાર્જન્ટ મિત્રો પણ વચ્ચે દિવાલ બનીને ઉભા રહ્યા હતા અને છેલ્લામાં છેલ્લા સભ્યને હું દોરવી અને મારા વિધાનસભા કાર્યાલયની ચેમ્બરમાં લઇ ગયો. બનાવ, પ્રતાપભાઇનું પેલું રીએકશન હોય, હું એના સમર્થનમાં નથી. જે બનાવ ઉભો થયો હતો એ માનનીય જગદીશભાઇ, આ ત્રણ જણા એને ઠેકી અને જગદીશભાઇ શું કામ ટારગેટ થયા? એક અઠવાડિયાથી જગદીશભાઇ અને ધારાસભ્યશ્રીઓ અમારા સભ્યોને ઉશ્કેરવા પ્રયાસ કરે છે એવી ફરિયાદ મને વારંવાર મળી, નીતિનભાઇ અને સાહેબ સાક્ષી છે, અમિતભાઇ સાથે વિક્રમભાઇને લઇને મેં ઓફિસમાં મોકલ્યા હતા કે ઓફિસમાં જઇને વિનંતી કરી આવે એટલે બનાવ જગદીશભાઇ ઉપરનો હુમલો હોય, ૭-૮-૧૦ ધારાસભ્યશ્રીઓએ ભેગા થઇને અમરીશભાઇને ઢીકાપાટુનો માર માર્યો હોય કે ગૃહની બહાર લોંજમાં હુમલો કરવા માટે થઇને જેમ યુદ્ધ થતું હોય, આ સ્થિતિ, આ કલંકિત ઘટનાનું અમારે સાક્ષી થવું પડયું એનું દુઃખ છે. હર્ષભાઇ સંઘવીએ આ જ દરખાસ્તની અંદર એના વિચારો રજૂ કર્યા. મારા સાથી મિત્ર છે. એ ધારાસભ્ય નહોતા એ પહેલાનો મારે એની સાથે વ્યવહાર છે અને ગઇ વખતની ટર્મમાં એ સૌથી નાના ધારાસભ્ય હતા. એના પ્રથમ મંતવ્યને મેં તાળી પાડીને વધાવ્યું. આજે તો એ બીજી વખતના ધારાસભ્ય છે. જગદીશભાઇ બીજી વખતના ધારાસભ્ય છે એ સંસદીય પ્રણાલિઓથી સુપેરે વાકેફ હોવા છતાં કોઇ કારણોસર વિપક્ષ સામૂહિક આક્રોશમાં આવી અને કેમ સસ્પેન્શન વહોરે એનો સતત એક અઠવાડિયાથી પ્રયાસ કરી રહ્યા હતા. અસંસદીય શબ્દો, આરોપો, ધમકીઓ, આટલાથી નહીં અટકતા આજે આ ગૃહનો હિસ્સો નથી એવી મારી કે તમારી મા એ મા છે. મારી કે તમારી બહેન એ બહેન છે, મારી કે તમારી દીકરી એ દીકરી છે. એક લેવલથી નીચે બીલો ઘ બેલ્ટ પોલિટીકસને હરગીજ લોકશાહીમાં સ્થાન ન હોવું જોઇએ. આ આખા બનાવમાં મેં મારી નજરે જે જોયું છે આ વડીલો ઉપર પણ મને વિશ્વાસ છે કે કમ સે કમ આ બનાવમાં સાચી વાતને સ્વીકારશે. બંને પાર્ટીમાં જે કોઇ જવાબદાર લોકો છે એની સામે વિધાનસભાના નિયમાનુસાર શિક્ષાત્મક પગલાં લેવાય એવી ગૃહની બહાર પણ મેં તરફેણ કરી હતી અને અહીંયા પણ હું તરફેણ કરું છું. માનનીય મંત્રીસાહેબ, મેં નામોલ્લેખ નથી કર્યો, મારે આ કરવું પણ નથી. હું આપના મારફત માત્ર એટલી વિનંતી કરું છું કે ભૂતકાળમાં આવા કલંકિત બનાવો બન્યા હશે. તેની આક્રમકતા વધતી ઓછી હશે, બનાવના તારણો પણ વિભિન્ન હશે. આ ફલોર એ ચર્ચાનો ફલોર છે, સંવાદનો ફલોર છે અને સરકારની નીતિઓની સફળતા અને વિફળતા એના મૂલ્યાંકનનો ફલોર છે. અહીંયા કોઇ વ્યકિતની વાતને વ્યકિતગત લઇ શકાય નહીં. હું આપના મારફત ટ્રેઝરી બેંચના સન્માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ, માનનીય ભૂપેન્દ્રસિંહજી, પ્રદિપસિંહજી અને બધા સિનિયરોને વિનંતી કરું છું કે ભવિષ્યમાં આવો બનાવ ન બને એના માટે થઇને અમરીશભાઇ હોય કે પ્રતાપભાઇ હોય, જગદીશભાઇ હોય કે હર્ષભાઇ હોય. આ બનાવ પછી અમરીશભાઇને ઢીકાપાટુનો માર મારનારા, બેફામ ગાળો બોલનારા, હું બહાર લઇ આવ્યો છું. આપ વિડીયો કલીપ જોઇને નિર્ણય કરજો. આ બધા જ લોકો ઉપર શિક્ષાત્મક કાર્યવાહી થાય. હું નથી ઇચ્છતો કે ગુજરાતની પ્રજાએ ચૂંટીને મોકલેલો કોઇ પ્રતિનિધિ બેજવાબદાર હોઇ શકે. એની ભૂલ થાય. આ બે સભ્યો નવા છે, નવા છે એટલે ગુનામાંથી માફી ન આપી શકાય. ઘણા મિત્રો જૂના છે. જે જાણતા હોવા છતા ગુનો કર્યો છે તો એને નજર અંદાજ ન કરી શકાય અને તેમ છતા ભૂતકાળમાં આપની ચેર ઉપરથી આવા જ્યારે બનાવ બન્યા છે, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારના નિર્ણયો જાહેર કર્યા છે. આજે સરકાર કોઇ સભ્યને ૩ વર્ષ માટે, લોકોએ ૫ વર્ષના કાર્યકાળ માટે જન પ્રતિનિધિ તરીકે ચૂંટીને મોકલ્યા છે. ભૂલ થઇ હશે. સજા થવી જોઇએ, પણ એ સજાથી પ્રજાએ જે મત આપીને જનપ્રતિનિધિ મોકલ્યા છે, એની સમસ્યાને વિધાનસભામાં ઉઠાવે, એના દુઃખ, દર્દને વિધાનસભામાં વાચા આપે તેના માટે મોકલ્યા છે. એટલે પ્રાયશ્ચિતનો સમય હોવો જોઇએ. બંને પક્ષે જે જવાબદારીઓ નક્કી થતી હોય એ આજની વિધાનસભાની કાર્યવાહીના આ બનાવની ઘટનાની શરૂઆતથી લઇને અંત સુધીમાં જે લોકો આ પક્ષમાં કે આ પક્ષમાં જવાબદાર છે, તેના ઉપર શિક્ષાત્મક કાર્યવાહી થાય તેની સાથે અમારું સંપૂર્ણ સમર્થન છે. બંને પક્ષે જે જવાબદાર લોકો છે, તેની સામે આપણે શિક્ષાત્મક કાર્યવાહી કરીએ. એ શિક્ષાત્મક કાર્યવાહી પ્રજાના પ્રતિનિધિ એ

પ્રતિનિધિ છે, પણ પ્રતિનિધિને રોકવાથી પ્રજાનો અવાજ રૂંધાશે, એટલે સત્ર સમાપ્ત સુધીનો નિર્ણય બંને પક્ષે જે જવાબદાર છે. આવા લોકો માટે થશે તો એ દ્રષ્ટાંત આવતા દિવસોમાં ગુજરાત વિધાનસભાની અંદર સત્તા પક્ષ હોય કે વિપક્ષ એ ચર્ચાઓથી પોતાની વાત કરે. આગ્રહ રાખે પણ દુરાગ્રહ ન સેવે અને તંદુરસ્ત ચર્ચાઓથી લોકશાહી વધુ સુદ્રઢ બને એના માટે આપનું માર્ગદર્શન ખૂબ જ જરૂરી છે. સરકાર પક્ષને વિનંતી કરું છું કે આપણે બધા પહેલો બનાવ, બીજો બનાવ, ત્રીજા બનાવના સાક્ષી છીએ, એટલે પાર્ટી પોલિટિકસથી ઉપર ઉઠી અને વિધાનસભા ગૃહની અંદર એક આક્રોશની મર્યાદા હોય એ આક્રોશ શબ્દો સુધી સિમિત રહે તો ચલાવી શકાય. એ શબ્દો એવા ન હોય કે કોઇના હૃદયને છેદ પાડે તો જે જવાબદારો છે એના ઉપર પગલાં ભરાય એ પગલાં માટે સરકાર જે દરખાસ્ત લાવી છે ૩ વર્ષની તે મને લાગે છે કે અતિશ્યોક્તિ થશે. એટલે સત્ર સમાપ્ત સુધી સિમિત રાખવામાં આવે. માનનીય બળદેવજી આ પહેલો બનાવ છે એનો હું તાજનો સાક્ષી છું. આખી પ્રક્રિયામાં સમાધાનનો હિસ્સો હતા એટલે એ નામને દરખાસ્તમાંથી પરત ખેંચવામાં આવે, આટલી વિનંતી સાથે જે નીતિનભાઇ દરખાસ્ત લાવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રી પરેશભાઇએ જે વાત કરી અને બળદેવભાઇની વાત કરી અને બહાર લોંજની વાત કરી. એમાં બળદેવભાઇ હર્ષ સંઘવીને આમ કરીને મૂક્કો મારતા જતા. અને મેં મારા બે હાથે બળદેવભાઇનો હાથ પકડ્યો છે અને લગભગ ૪૦ થી ૫૦ સેકન્ડ સુધી મેં બળદેવભાઇનો હાથ પકડી રાખેલો. તે સમયે સભ્યશ્રી હિતુભાઇ કનોડિયા પણ મારી બાજુમાં હાજર હતા, આટલી વાત મારે આપશ્રીના ધ્યાને મૂકવી છે.

શ્રી જગદીશ પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, શૈલેષભાઇએ અને વિપક્ષના નેતાશ્રીએ વાત કરી છે. હું ગૃહ સમક્ષ પરેશભાઇએ કહ્યું તેમ કોઇની મા એ આપણી મા છે. કોઇની બહેન એ આપણી બહેન અને કોઇની દીકરી એ આપણી દીકરી છે, આ શબ્દોને હું સ્વીકારું છું. પણ પરેશભાઇ, શૈલેષભાઇ મારા ઉપર બદનક્ષીનો દાવો કરી રહેલ છે. હું અપશબ્દ અને ગાળ બોલ્યો છું અને સંસદીય શબ્દ નથી. જે અસંસદીય શબ્દ સાંભળી શકાય તેવા નથી. હું આ ગૃહમાં જ્યારે અમારા પ્રદેશ અધ્યક્ષ બેઠા છે. મારી પાર્ટી બદનામ થાય છે. મને શહેર અધ્યક્ષ તરીકે નવાજ્યો છે. શહેર અધ્યક્ષ તરીકે, જવાબદાર વ્યક્તિ તરીકે જવાબદાર ધારાસભ્ય તરીકે એક અઠવાડિયાથી હું હેરાન કરું છું, એવી જો વીડિયો કિલપ બતાવે અને હું અસંસદીય શબ્દ બોલ્યો હોઉં તો હું ધારાસભ્યપદેથી રાજીનામું આપવા અત્યારે તૈયાર છું. અધરવાઇઝ પરેશભાઇ અને શૈલેષભાઇ એ શબ્દો પાછા ખેંચે.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી જે દરખાસ્ત લાવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. પહેલા દિવસે માનનીય ગૃહમંત્રી અને હું બંને પ્રવેશતા હતા આ ગૃહમાં ત્યારે મેં એ આ ગૃહમાં તેમનો પગ મૂકે તે પહેલાં કહ્યું કે આ મંદિર છે એટલે પગે લાગીને આપણે અંદર આવીએ. અમે બંને સાથે પગે લાગીને અંદર આવ્યા. તેમણે જયારે વાતનો ઉલ્લેખ કર્યો છે એટલે મેં આ કહ્યું. આ જો મંદિર હોય તો આ મંદિરમાં ઉંચા સ્થાને બેસનાર ભગવાન હોય. મંદિરની અંદર ગુનેગાર આવે છે, ચાર ચપ્પલ ચોર આવે છે તો આપણે મંદિરને તાળું નથી મારતા. જયારે આપ ભગવાન તરીકે સત્યમેય જયતેની નીચે બેઠા હોય તો કોઇપણ ગુનાનો સમય હોય છે. દા.ત. કોર્ટમાં જઇએ તો ૧૫૧ની કલમ હોય તો આટલા સમયની સજા હોય છે. તેવી રીતે આ વ્યક્તિઓને ત્રણ વર્ષ માટે પ્રજાકીય કામોમાંથી મુકત રાખવાની સજા હોઇ ન શકે. આપ એ જગ્યાએ બેઠા છો તો આ નિર્ણય હાલ પૂરતો મુલતવી રાખો. ફરી ચર્ચા કરો, આ બહુ ગહન પ્રશ્ન છે અને આ થવું પણ ન જોઇએ. સવાલ જ નથી. હું પણ ૧૯૯૦ થી અહીં બેસું છું. ઘણા પ્રસંગો બન્યા છે. ફરી આપણે ભેગા થઇ ચર્ચા કરીએ. આનો કોઇ સારો એવો નિવેડો લાવીએ. દાખલો બેસવો જોઇએ અને આની અંદર વૈમનસ્ય ઉભું થવું ન જોઇએ. આપ તો વકીલશ્રી છો એટલે ગુનાના પ્રમાણમાં તેની સજા હોવી જોઇએ. પબ્લીકમાંથી ચૂંટાયેલો માણસ છે તો તેને પ્રજાકીય કામો કરવાની તકથી અલિપ્ત રાખવો કેટલો ન્યાયજોગ છે તે આપણે બધા વિચારીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો મારી દરખાસ્ત રજૂ કરતાં મારા મનની વ્યથા મૂકી છે. માનનીય પરેશભાઇ, શૈલેષભાઇ અને પુંજાભાઇએ જે શબ્દોના આવરણથી અગાઉના બનાવો આગળ કરીને, આ ગંભીર અને બધાએ સ્વીકાર્યુ કે અશોભનીય કૃત્ય છે, તેને હળવું કરવાનો જે પ્રયત્ન કર્યો છે તે મારી દ્રષ્ટિએ યોગ્ય નથી. ફરી કહું કે આવા બનાવો કદી નથી બન્યા. શૈલેષભાઇએ કહ્યું કે ચીમનભાઇના હાથમાંથી કોઇએ કાગળ લઇ લીધા. સોરી પુંજાભાઇએ કહ્યું છે. સાહેબ ચીમનભાઇ સાપરીયા ગઇ સરકાર વખતે મંત્રી હતા અને માનનીય પરેશભાઇએ ત્યાંથી આવીને તેમના કાગળો લઇ લેવાનો પ્રયત્ન કર્યો હતો. અમે તેમને સસ્પેન્ડ ન્હોતા કર્યા. વીરજીભાઇ અનેક વખત અનેક પ્રકારનું ન બોલવાનું બોલે છે તો અમે તેમને સસ્પેન્ડ નથી કર્યા. અમે તમને દબાવી દેવા માટે કે તમને પીછેહઠ કરાવવા માટે આ દરખાસ્ત નથી લાવ્યા. હજુ હું કહું છું કે આને ગંભીરતાથી નહીં સમજો તો આનાથી ખરાબ દિવસો અને ખરાબ વ્યક્તિઓ આ હાઉસમાં આવી શકે છે. આપણે એક પાઠ ભણાવવાનો, દાખલો બેસાડવાનો આ પ્રયત્ન છે. બીજુ ભૂતકાળમાં પણ જે બનાવો બન્યા છે. તેમાં કોઇ દિવસ આવી પરાકાષ્ઠા નથી થઇ. પરેશભાઇએ કહ્યું કે વિચારો, તે નવા છે, વગેરે વગેરે તો મેં શરૂઆતમાં કહ્યું છે કે તમે અમારી ટીકા કરો, અમે અમારી વાત કરીએ. તે ત્યાંથી અને અહીંથી જ થાય. વચ્ચે વેલ રાખી છે. તેમાં કોઇએ જવાનું નથી. જે જાય તો તે ખોટું કરે છે. તેમાં આજનો બનાવ તેને કોઇ રીતે કોઇ બાબતમાં ભૂતકાળના બનાવ થકી સરખામણી કરી શકાય તેમ નથી. આ બનાવને સહેજપણ હળવો કરવાનો કે શબ્દોના આવરણ આપવાનો કોઇ પ્રયત્ન ન કરે. માનનીય બળદેવજી વિશે જે વાત કરી

છે. અમારા સભ્યએ જે વિગતો આપી છે અને માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે જે બનાવ બન્યો તેની વાત કરી છે. હિતુભાઇ કનોડીયા પણ તે વખતે સાક્ષી હતા. આ બધુ રેકર્ડ પર છે અને તમારી હાજરીમાં કહ્યું છે પરેશભાઇ. તમે આવ્યા પહેલાં બન્યું હોય, આ બન્યું છે તે નક્કી છે. આ બાબતમાં અત્યારે અમારી આ દરખાસ્ત છે. મને આનંદ છે કે પરેશભાઇએ વિપક્ષના નેતાશ્રીએ અમારી દરખાસ્તને સમર્થન આપ્યું છે. તેમણે કહ્યું છે કે હું નીતિનભાઇની દરખાસ્તને સમર્થન આપું છું. એટલે અત્યારે આ નિર્ણય કરીએ. ભવિષ્યની વાત ભવિષ્યમાં.

શ્રી પરેશ ધાનાણી : માનનીયદ અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ જે દરખાસ્ત લાવ્યા તેમાં મારા સ્પષ્ટ વિચારો રજૂ કર્યા હતા. હિંસાને આ ગાંધીજીના ગુજરાતમાં ગૃહની અંદર કે ગૃહની બહાર કયારેય સમર્થન હોઇ શકે નહીં. પછી હિંસા કરનાર, હિંસા કરવા માટે ઉશ્કેરનાર કે ત્યારપછીના ત્રણ બનાવો અને હું તો ત્યાં હતો, હું તો ત્યાં હતો બાપુ સાહેબ સમાધાનમાં વચ્ચે ત્યારે ઉભા હતા. માનનીય અધ્યક્ષશ્રી, પ્રતાપભાઇએ જગદીશભાઇ ઉપર કરેલો હુમલો એ હિંસકવૃતિને પણ સ્વીકારી શકાય નહીં, ભારતીય જનતા પાર્ટીના સાત આઠ ધારાસભ્યોશ્રીઓએ મળીને અમરીશભાઇને આ ગૃહમાં બેફામ ગાળો આપતા ઢીકા પાટુનો માર માર્યો અને હું એમને પકડીને બહાર લઇ ગયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આપ વિડિયો રેકોર્ડીંગ જોઇ લેજો, આ ગૃહની અંદર આપની સામે અને ત્યાર પછી હું બહાર લઇને જતો હતો નીતિનભાઇ, માનનીય મંત્રીશ્રી હતા એટલે મેં ઉલ્લેખ નામનો નહોતો કર્યો ફ્લોર ઉપર હું ત્યાં હાજર હતો. માનનીય મંત્રીશ્રી હતા એટલે મારે ઉલ્લેખ નહોતો કરવો અને આને રાજકીય રીતે નહોતું લઇ જવું પણ ત્યાં પણ હું સાક્ષી છું એટલે કહું છું કે ત્યાં પણ અમે વચ્ચે ઉભા રહ્યા અને બધા સભ્યશ્રીઓને મારી ઓફિસમાં લઇ ગયા. બળદેવજી અને હું અમે બંનેએ આ સાથે કામ કર્યું છે એટલે આજનો એમનો સંપૂર્ણ રોલ એ સમાધનનો હતો અંદર પણ અને બહાર પણ, એટલે મારી માનનીય અધ્યક્ષશ્રી, વિનંતી છે કે, આખાય બનાવનું શરૂઆતથી અંત સુધીનું વિડિયો રેકોર્ડીંગ છે એ કાર્યવાહી આપ જુઓ. પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને, તાળી બે હાથે વાગે, બંને બાજુ જે કોઇ જવાબદાર હોય એના ઉપર શિક્ષાત્મક કાર્યવાહી થાય એનું અમે સમર્થન આપ્યું છે પણ એ શિક્ષાત્મક કાર્યવાહી એનાથી પ્રજાનો અધિકાર છે એ ન છીનવાય અને એક દાખલો બેસે એટલા માટે આ ત્રણ વર્ષ સુધી કોઇ સભ્યશ્રીને ગૃહની કાર્યવાહીથી બહાર રાખવાની કે વરસ દિવસ ગૃહની કાર્યવાહીથી બહાર રાખવાની સજા યોગ્ય નથી અને ૧૯૬૦થી અત્યાર સુધીમાં આવું ક્યારેય બન્યું નથી. બીજું જે નામનો ઉલ્લેખ કર્યો છે એ બંને મિત્રો ગૃહમાં પહેલી વખત ચૂંટાઇને આવેલા સભ્યો છે અને પહેલી વખત ગૃહના હિસ્સેદાર બન્યા છે, યુવાન છે અને જે રીએકશન ઉભું થયું છે એ આગળ નીમાબહેન બેઠાં છે, હસમુખભાઇ બેઠાં છે, ભાઇશ્રી જીતુભાઇ બેઠાં છે તો આ બધાની ઉપર જઇ અને ફકત જગદીશભાઇ ઉપર જ હુમલો કર્યો તો એવું કોઇ કારણ બન્યું હશે એટલે મારી વિનંતી છે કે, ગૃહની કાર્યવાહી જોઇ અને હર્ષભાઇ સંઘવી વગેરેને તમે જોઇ લો અને માનનીય અધ્યક્ષશ્રી, આપની પાસે અપેક્ષા છે કે, પક્ષા–પક્ષીથી ઉપર ઉઠી બંને બાજુ જે લોકો જવાબદાર છે એના ઉપર એક દ્રષ્ટાંત પૂરું પાડી શકાય એવી કામગીરી થાય અને એ કામગીરીની અવધિથી સામાન્ય જનતાએ ચૂંટેલા પ્રતિનિધિનો અધિકાર છે એ અવરોધાય પણ નહીં એને ભવિષ્યમાં આવી ભૂલ ન કરે એને માટેની પણ તક મળે, એટલે માનનીય નીતિનભાઇ, થોડુંક ઉપર ઉઠી અને આનો સકારાત્મક નિર્ણય થાય અને ભવિષ્યમાં આવા બનાવો ન બને એના માટે આપણે સંવાદ સ્થાપિત કરીએ એવી આપના મારફત વિનંતી.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતા આદરણીય પરેશભાઇ ધાનાણીનો હું રીસ્પેક્ટ કહું છું, પણ આજે જે વાત હતી અમરીશભાઇ ડેર વાળી વાત એમાં મારે દુઃખ સાથે કહેવું પડે છે કે વિપક્ષના નેતા ત્યાં ન હતા. અમરીશભાઇ ડેરને હું બહાર લઇ ગયો છું. (અંતરાય) તમે સી.સી.ટી.વી.ના ફૂટેજ જોઇ લો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બધા શા માટે બોલો છો? એમને બોલવા દો, બધા હાથ આમ આમ કરો છો, પ્લીઝ.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, અમરીશભાઇ ડેરને હું એકલો જ બહાર લઇ ગયો છું અને અમે બંને સાથે બહાર ગયા છીએ અને પછી એમને મેં શાંતિથી ખુરશીમાં બેસાડીને પછી પાછો અંદર આવ્યો છું આટલું ખાસ મારે કહેવું છે.

અધ્યક્ષશ્રી : હું જોઇ લઇશ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, વિડિયોગ્રાફી સાર્વજનિક કરવી જોઇએ. જ્યારથી ગૃહ શરુ થયું અને જયારથી આ બનાવ બન્યો અને ગૃહ આપે એડજોન કર્યું ત્યાં સુધીની વિડિયોગ્રાફી સાર્વજનિક કરવામાં આવે એ પણ જરુરી છે કે જેથી ગુજરાતની પ્રજાને વાસ્તવિકતાનો ખ્યાલ આવે.

અધ્યક્ષશ્રી : બધાએ બોલવું જરૂરી નથી પ્લીઝ. પ્લીઝ, મને ખબર છે, મેં જોયું છે, હું તાજનો નહીં પણ હું ઘટનાનો સાક્ષી છું. માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇએ જે દરખાસ્ત કરી છે અને માનનીય ભૂપેન્દ્રસિંહજીએ આ દરખાસ્તને ટેકો કર્યો છે એ સંબંધે માનનીય પુંજાભાઇ વંશ, શૈલેષભાઇ પરમારને પણ સાંભળ્યા અને જેઓ આપણા ગૃહના બે બે વાર પ્રોટેમ સ્પીકર રહ્યા છે એવા નીમાબેનની પણ વાત સાંભળી અને ભાઇશ્રી જગદીશભાઇ પંચાલની વાત પણ સાંભળી, આદરણીય પરેશભાઇ ધાનાણી, ઇશ્વરભાઇ પરમાર આ બધાની વાતો મેં સાંભળી, ખૂબ ધ્યાનથી સાંભળી રહ્યો હતો. મારે કેટલીક વાતો ગૃહ સમક્ષ મૂકવી છે. ગાંધીજીના ગુજરાતની અંદર અને આ ગુજરાતના વિધાનસભા ગૃહમાં, પહેલે જ દિવસે મેં આ વાત તમામ માનનીય સભ્યશ્રીઓને ખૂબ મથામણથી, વિગતવાર સમજાવવાનો પ્રયાસ કરેલો છે. મારા શબ્દોની અંદર એ વાત આવે છે કે શબ્દોની તાકાતથી લડો, તેમ નહિ કરતાં હુમલો કરવા સુધી કોઇ આવી જાય, એ કોઇ કાળે, કોઇ સભાગૃહે

ચલાવી લેવું જોઇએ નહિ એક વાત. બીજી વાત કે આજે સવારે અગિયારમા પાંચ ક્મે હું અહીંયા પાછળ આવી ગયેલો અને અગિયાર વાગ્યાની રાહ જોતો હતો એની દોઢ મિનિટ પહેલાં, મને સાર્જન્ટે આવીને એવું કહ્યું કે, સાહેબ પહેલાં પ્રશ્નની અંદર કેટલાક મિત્રો ધમાલ કરવાના છે. મેં કહ્યું આઇ વીલ મીટ વીથ ધેમ. એવો કોઇ પ્રશ્ન નહિ થવા દઇએ. પહેલાં પ્રશ્નની અંદર એકવીસ મિનિટ સુધી કાર્યવાહી ચાલી. આદરણીય વિપક્ષ તરફથી આ બાબતે અગાઉ મારા વિરુદ્ધમાં લખવામાં આવ્યું કે સમય વધારે પસાર થાય છે અને એ સમયની અંદર આ બાજુના કેટલાક ધારાસભ્યશ્રીઓ પૂછે છે, લાંબા જવાબો મંત્રીશ્રી આપે છે વિગેરે વિગેરે અને એ વખતે પણ વીસ મિનિટ ગયેલી હતી. એ દોષારોપણ તે વખતે હતું, મેં પ્રયાસ કર્યો છે કે એ સમય ઘટે અને વધારેમાં વધારે પ્રશ્નો પુછાય, આજે પ્રશ્ન નંબર–૧ ની અંદર સૌથી વધારે પ્રશ્નો કોંગ્રેસ પક્ષના માનનીય ધારાસભ્યશ્રીઓને પૂછવાની તક આપવામાં આવી. ૨૧ મિનિટ પસાર થાય તેવું જરૂરી નહોતું, હું સ્ટ્રીક થઇ શક્યો હોત તમારી જ વાત લઇને કે પાંચ મિનિટમાં પૂરો કરત, દસ મિનિટમાં પૂરો કરી શકત, આજના દિવસની અંદર ઘણા એવા મિત્રો છે જેમણે હાથ ઉંચા કરેલા તેમ છતાંય તેમને પ્રશ્ન પૂછવા દઇ શકાયા નથી, માનનીય સભ્ય માડમજીએ ત્યાંથી હાથ ઉંચો કર્યો હશે, પરંતુ એટલા બધા પ્રશ્નો થઇ ગયા પછી, ૨૧ મિનિટ થઇ ગયા પછી મારે એમને પ્રશ્ન પૂછવા જ દેવો જોઇએ એવો આગ્રહ એમનો હોઇ શકે નહિ, એવો આગ્રહ કોઇ સભ્યનો હોઇ શકે નહિ, આ સંજોગોની અંદર આજની બાબતમાં પોઇન્ટ ઓફ ઓર્ડર જેવું કશું જ હતું નહિ, તેમ છતાં એમના તરફથી વારંવાર આમ કરવામાં આવેલ, બે દિવસ પહેલાં મને મળવા આવ્યા ત્યારે એમણે કહ્યું હતું કે મને પ્રશ્ન પૂછવા દેજો મેં હકારાત્મક જવાબ આપેલો, પણ સંભવ છે કે જ્યારે પ્રથમ લાઇનની અંદરના જ સિનિયર મોસ્ટ સભ્યશ્રીઓ પ્રશ્ન પૂછવા માટે હાથ ઉંચા કરતા હોય તો મારે પ્રાયોરિટી કોને આપવી એ તમે મને કહો અને એ પ્રાયોરિટી જ્યારે હું તમને આપું અને તેમાંય હું જુનિયર સભ્યને આપું અને આ તકરાર આજે મને દેખાતી હતી. ભાઇ શ્રી ડેરે એવું કહેવાની કોઇ જરૂર નહોતી, આજે એમના વકીલ થવાની જરૂર નહોતી. તેઓ એમના પગ ઉપર ઉભા હતા એમણે પ્રશ્ન રજૂ કર્યો, એ ઉભાં થઇને જવા લાગ્યા તો મને દુઃખ થયું, મેં કીધું કે આપ બેસો, હું તમને પૂછવા દઇશ, એટલે હકારાત્મક વલણથી જ્યારે આપણે ચાલતા હોઇએ ત્યારે એ પ્રશ્ન માટે ભાઇ શ્રી ડેરે ઉભાં થવાનું જરાય ડેરીંગ કરવું જોઇતું નહોતું. વારંવાર જ્યારે સભ્યો ગૃહનો અનાદર, આ હું વ્યક્તિ તરીકે નથી કહેતો, અધ્યક્ષ તરીકે આ ગરિમા ગૃહની હોય છે અને જ્યારે જ્યારે કોઇનું પણ અપમાન થાય, એ શબ્દોથી થાય, એકશનથી થાય, કોઇ પણ રીતે થાય તો એ ગૃહની ગરિમા ઝંખવાય છે અને આજે જે ઘટના બની એની અંદર એવો કોઇ તર્ક લઇ શકાય નહિ કે જગદીશભાઇને જ મારવા કેમ ગયા? ખૂબ આદર સાથે કહુ છું, કે માની લો કે જગદીશભાઇની જગ્યાએ બીજા કોઇને માર્યું હોત, તો પણ આજ પ્રશ્ન ઉભો રહેત કે આમને મારવા કેમ ગયા? મુદ્દો એ નથી, મુદ્દો એ છે કે પોતાની જગ્યા ઉપરથી આ જ માનનીય સભ્ય, હજી ગઇકાલે જ્યારે એમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા એ લિસ્ટની અંદર હતા, ડેર પણ એ જ લિસ્ટમાં હતા અને બન્ને જણાએ ફરી આજે જે રીતે આ પ્રવૃત્તિ કરી પોતાની જગ્યા છોડીને આવ્યા અને જે વર્તન કર્યું છે એ વર્તન ખાલી હું વાંચી જઉં છું, જે ઘટનાક્રમ નોંધાયો છે અને બોલાયો છે. આ આટલું પૂરતું છે. ગુજરાતની જનતાને જાણવા માટે કે આવા કૃત્ય કરનારને આપણે મોટી સજા કરવી જોઇએ, હળવી સજા કરવી જોઇએ કે માફ કરવા જોઇએ?

''ભાઇશ્રી માડમ પ્રશ્ન પૂછવા નથી દેતાં એનો પોઇન્ટ ઓફ ઓર્ડર હોય?'' એ મેં કહ્યું છે. ''આપ બેસી જાવ.'' પ્રશ્ન પૂછવા માટે વિક્રમભાઇ માડમ કંઇક બોલતા હતા. ''ચલો, આપને કહેવું છે?''મેં એવું કીધું. એટલામાં શૈલેષભાઇ ઊભા થયા. એ ઊભા થયેલા જ હતા. વિક્રમભાઇ એવું બોલ્યા કે, ''મારી વાત સાંભળતા નથી.'' મેં કહ્યું, ''આપ બેસી જાવ પ્લીઝ, આપ બેસી જાવ પ્લીઝ. મને ચેમ્બરમાં મળજો. મને આપ ચેમ્બરમાં મળજો. કોઇ દ્વિધા હોય તો ચેમ્બરમાં મળજો, પ્લીઝ. અરે એમાં કયો પોઇન્ટ ઓફ ઓર્ડર હમણાં નથી હમણાં તો શૈલેષભાઇની વાત ચાલે છે. હમણાં પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. હમણાં શૈલેષ ભાઇની વાત ચાલે છે. (અંતરાય) હમણાં આપ બેસો હું એમને કહું છું હમણાં આપ બેસો પછી હું સાંભળીશ. અરે નારાજ ના થવાય.'' એ નારાજ થયા. મેં કહ્યું, ''અરે, નારાજ ના થવાય. તમને નારાજ નથી કરવા. આપ બેસો ભાઇ.'' આ તબક્કે સભ્યશ્રી અમરીશભાઇ ડેર ઉભા થતાં મેં એમને કહ્યું, ''તમે તો બેસી જાવ, પ્લીઝ.'' બીજીવાર કીધું, '' તમે બેસી જાવ, પ્લીઝ'' ત્રીજી વાર કીધું, ''તમે બેસી જાવ. તમને કોણે કીધું ઊભા થવાનું? તમને કોણે કીધું ઊભા થવાનું? તમે બેસી જાવ ભાઇ.'' પછી આપ બંને નેતાઓ ઊભા થયા એટલે મેં આપને કીધું કે,''તમે તમારા સભ્યોને કંટ્રોલ કરો. એ સાંભળતા નથી. અમરીશ ભાઇ તમે પ્લીઝ બેસી જાવ.'' ત્યારપછી મેં કીધું, ''અરે, અંદરો–અંદર ના લડશો.'' એ અંદરો–અંદર લડતા હતા એટલે મેં કીધું કે, ''અંદરો–અંદર ના લડશો. અમરીશ ભાઇ અંદરો અંદર નહિ. અરે પણ બેસી જાવ તમે.'' એટલામાં સભ્યશ્રી વિક્રમભાઇ માડમે બોલવાનું ચાલુ રાખતા મેં કીધું, ''શું ના. ચાલો બોલો શું કહેતા હતા?. શું કહેવું છે તમારે?'' એટલામાં અમરીશ ભાઇ ડેરે કીધું કે, ''ટ્રેઝરી બેંચ વાળાને વાંધો નથી.'' એ તમને ટ્રેઝરી બેંચ કહે છે.''ટ્રેઝરી બેંચ વાળાને વાંધો નથી તો તમને સાંભળવામાં શું તકલીફ છે.? આ ''શું તકલીફ છે?'' એ બોલ્યાને એમાં મને કંઇ વાંધો નથી પણ એમણે જે એક્ટીંગ કરી હતી એ તમે જુઓ તો જે ઉશ્કેરાટ દુધાત ભાઇનો લાગ્યો એ ઉશ્કેરાટ તમને લાગે. આ તબક્કે અમરીશ ભાઇ ડેર ઊભા થઇને વેલ તરફ ધસી આવતા હતા. મેં કીધું, ''અમરીશ ભાઇ આપ જગ્યા છોડીને ના આવશો. પાછા જાવ. પાછા જાવ. આપની જગ્યાએ પાછા બેસી જાવ.'' વિક્રમ માડમ પણ ઊભા થઇને વેલમાં ધસી આવતા મેં કહ્યું, '' આપની જગ્યાએ પાછા જાવ. બેસી જાવ. તમે બંને ગૃહનું અપમાન કરી રહ્યા છો.'' આ હું ૨૬મી વખત બોલી રહેલો હતો. પછી મેં કીધું,''તમે બંને ગૃહનું અપમાન કરી રહ્યા છો. તમને બંનેને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે. આજની કાર્યવાહીમાંથી તમને

બંનેને સસ્પેન્ડ કરવામાં આવે છે. માડમ તમને અને અમરીશ ભાઇને સસ્પેન્ડ કરવામાં આવે છે. તમે ગૃહ છોડીને જતા રહો. ગૃહ છોડીને આપ જતા રહો.'' આ પછીના દ્રશ્યો જે બન્યાં છે તેમાં પ્રતાપભાઇ દુધાત માઇક લઇને જે દોડ્યા છે, અને જે સ્પીડથી એ ધસ્યા છે. આ માઇક તમે મને હમણાં ઉખાડીને કાઢી આપો. નહિ ઉખડે પણ ગુનાહિત વૃત્તિ જેના મગજમાં હોય એને ખબર હોય કે હાથથી ના ખેંચાય. એને બોડી ફોર્સ લાવવો જોઇએ. એ સ્પીડમાં ધસીને આવતાં આવતાં વચ્ચેનું માઇક ખેંચ્યું એટલે તુટ્યું અને પછી જે રીતે ઉગામ્યું છે. તો કોઇપણ ધારાસભ્યશ્રીને માથે વાગી ગયું હોય, કોઇની પણ હત્યા થઇ શકે એવો આ પ્રયાસ હતો. આનાથી સહેજ પણ ઓછું આ કૃત્ય નહોતું અને એમને ઊભા થવાનું કોઇ કારણ જ નહોતું. ના તો એમનો વિષય હતો. ના તો એમની વાત હતી પણ એવું દેખાય છે કે મને થોડીવાર પહેલા જે કહેવાયું કે આજે આ પ્રશ્નના સંદર્ભમાં ધમાલ કરવાની છે એ જનરલ વાત નહોતી પણ મારે આવવાનો સમય હતો એટલે હું એની ઉતાવળમાં હતો અને મને એમ હતું કે ધમાલ એટલે બોલે. ત્યાં સુધી તો આપણે ચલાવીએ જ છીએ. આ ત્રણ જણા સાથે મળીને જાણે કે શોચી–સમજી સાજીસ હોય એવું કૃત્ય થયેલ છે અને પાંચ –પાંચ સાર્જન્ટ અમરીશ ભાઇ ડેરને પકડીને લઇ જતા હોય તોય એ ધસમસતા આગળ આવી જાય આ સીન મેં જોયો છે અને તમે બધાએ જોયો છે. અમરીશ ભાઇને તો કોઇએ ગાળ આપી નહોતી. તમારા કહેવા મુજબ ગાળ દુધાતને આપી હતી એટલે દુધાત દોડ્યા. અમરીશ ભાઇ ડેર કેમ દોડ્યા? આ બધા સંજોગોને હંમેશા ધ્યાનમાં લેવા જોઇએ. બોડી લેંગ્વેજની વાત કરીએ છીએ તો બોડી લેંગ્વેજ અત્યંત ખરાબ હતી. અહીં આ રીતે વર્તી શકાય નહિ. જાણે કે કોઇ ગલી–મહોલ્લાની અંદર રહેલો કોઇ, મારે અયોગ્ય શબ્દ નથી વાપરવો પણ એ રીતે વર્તી શકાય નહિ. હવે જો આ ધારાસભા ગૃહમાં વર્તન કરવા દઇએ તો ભવિષ્યમાં આ પદ આપણને માફ નહિ કરે અને મેં એ તો સત્તાપક્ષ, ટ્રેઝરી બેચ ઉદાર છે. મેં એમને પૂરેપૂરી ટર્મ માટે નેઇમ કરવા માટેનું ઉચ્ચારણ કરેલું છે. હું વાંચી બતાવું છું આપને. તમે બેસી જાઓ. જગદીશભાઇ તમે બેસી જાઓ. જયાં મારી નજર પડી છે એમને પણ કહ્યું છે. તમે બેસી જાઓ. આ તબક્કે સભ્યશ્રી પ્રતાપભાઇ દુધાતે માઇક તોડીને જગદીશભાઇ પંચાલને મારતાં પ્રતાપભાઇ દુધાને આખી ટર્મ માટે સસ્પેન્ડ કરવા માટે નેઇમ કરું છું અને દસ મિનિટ માટે હાઉસને adjourn કરવામાં આવે છે. આ સ્થિતિ સુધી જો હાઉસ જાય તો હાઉસ કેવી રીતે ચાલે, મને કહો, અને આ ગુજરાતનું ખોટું દેખાયું છે. તમારૂં કે અમારૂં એવી કોઇ રાજકીય પાર્ટી નહીં, આપણે તમામ માનનીય ધારાસભ્યશ્રીઓ તરીકે, શા માટે મારવા આવ્યા? એ અગત્યનું નથી. મારવા આવ્યા એ આપણી આંખ સામે છે અને એ સત્યને સ્વીકારીને ચાલવું જોઇએ. શા માટે મારવા આવ્યા તે પછીનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે પણ એનાથી એવું વર્તન થઇ જ કેવી રીતે શકે કે કોઇ ધારાસભ્યશ્રી આવી રીતે મારવા ધસી શકે અને બીજી વાત, આગળના દિવસે જ તમને સસ્પેન્ડ કરવામાં આવેલા હતા. ગઇ કાલની વાત છેને, એ બબ્બેવાર સસ્પેન્ડ થયેલા હોય અને ઓછામાં ઓછું મને અત્યારે ધ્યાન નથી, મેં ગણતરી કઢાવી નથી. ઓછામાં ઓછું ૬૦ વાર મેં કીધું છે. માનનીય દુધાતને મેં ૬૦ વાર ટોક્યા છે. માનનીય ડેરને પણ અનેકવાર ટોક્યા છે અને એમને માફ કરી દીધા છે, જવા દીધા છે. મને ખરેખર દુઃખ થાય છે. મને આ સારું નથી લાગતું પણ અહીં આગળ તો બળદેવજીભાઇને તો છેલ્લે મારે એવું કહેવું પડેલું કે આ ૯૯ વાર કહી રહ્યો છું, તમને પ્લીઝ, તમે ડિસ્ટર્બ ના કરો. એટલે વારેઘડીએ સભ્યશ્રીઓને ટોકતા હોય અને પછી બહાર જઇને મારામારી કરતા હોય, હુમલો કરતા હોય, આ ચલાવી કેવી રીતે લેવાય? મારો સવાલ આટલો જ છે. મારી આંખ સામે આ ગૃહની અંદર જે થયું છે એનો આજે નિર્ણય કરવો છે અને ભવિષ્યમાં કોઇ એવી હિંમત ના કરી શકે. નવા છે એ બચાવ નથી કારણ કે નવાને પહલાં જ ટીચીંગ મળી ગયું છે. પહેલા સાત દિવસની અંદર આપણે અધ્યક્ષ તરીકે મારો વર્તાવ હતો કે આવું, આમાં આવી સજા થાય, આ અસંસદીય કહેવાય, એકેએક શબ્દોમાં ત્યાં સુધી કે, મારી સામે જયારે એમ કહેવાયું, પ્રતિ પક્ષ તરફથી, વિરોધપક્ષ તરફથી આ પણ શબ્દ અસંસદીય છે તો મારે ચોપડીમાંથી કાઢીને બતાવવો પડ્યો. કહેવાનો ભાવાર્થ મારો હું એવો ધરાર પ્રયાસ કરું છું કે બેલેન્સ કોઇપણ જગ્યાએ ખૂટે નહીં અને એ બે જણા ધમાલ કરવાથી નેઇમથી ધમાલ કરી રહ્યા હતા એવું મને લાગ્યું અને એક બીજાને ટેકો કરી રહ્યા હતા. બાકી માનનીય અમરીષભાઇ ડેરે બોલવાની કયાં જરૂર હતી અને વાત સોલ્વ થઇ ચૂકેલી હતી. મિત્રો, કાગળ ફેંકવો અને માઇક તોડીને મારવું એ બેમાં બહુ મોટો ફરક છે. કાગળ ફેંકીને ગયા હોય તો એકવાર એને માફ કરી દેવાય, એ પણ ક્ષમ્ય નથી, એ કૃત્ય પણ ક્ષમ્ય નથી પણ જે સજાની અવધિની વાત કરીને એમાં માઇક તોડીને મારવું અને unaware મારવું, એ મેં કલીક જોઇ છે એની અંદર સભ્યશ્રીને માર્યા પછી તમે બરડા પર મારો, આ કયાંની વાત? બરડે મારવું એટલે કાયદાની દ્રષ્ટિમાં જે માણસ પોતે બચાવ પોતાનો નથી કરતો એને બરડે મારવામાં આવે છે. એનો ગુનો વધારે લાગુ પડે છે અને જે રીતે આ દોડ્યા હતા અને જે જયારે એ Protem Speaker એક સિનિયર મોસ્ટ ધારાસભ્યશ્રી આપણે ત્યાં બેઠા હોય, બહેન બેઠાં છે એમની પાછળ જ એ જયારે બેઠાં છે, બહેન કહે છે કે અહીં કોઇ અપશબ્દ નથી બોલાયો. તો આપણે એ વાત માનવી નહીં જોઇએ? અગાઉ તમારી જોડે ચર્ચા થઇ હોય એની વાત નથી. આજની વાત કરીએ તો અહીંથી કોઇએ પોતાનું સ્થાન છોડ્યું નથી, આ લાઇનમાં હું જોતો હતો કે કોઇએ પોતાનું સ્થાન છોડ્યું નહતું. તો સ્થાન છોડીને કોઇ ધસમસીને આવે તો એના માટે કોઇ કૂણી લાગણી હોઇ શકે નહીં. આ મારું સ્પષ્ટ એમાં માનવું છે. આજે આ પ્રસંગે હું સાર્જન્ટને પણ અભિનંદન આપું છું કે એમણે ખૂબ જહેમત કરી બંને પક્ષને છૂટા પાડવામાં, વાત વધી, વણસી ગયા પછી આપની મદદમાં રહ્યા છે તેમ છતાંય કોઇએ સાર્જન્ટ વિરૂદ્ધ એક શબ્દ આજે કહ્યો નથી એટલે એમણે પણ ખૂબ નમ્રતાપૂર્વક વ્યવહાર કરેલો છે એવું દેખાય છે અને જયારે આંખ સમક્ષ દેખાતી વાત હોય એને પછી બીજા સંજોગો સાથે મૂલવવી જોઇએ નહીં. આંખ સમક્ષ જોઇ રહ્યા છીએ કે આવું ધસીને આવે એના માટે તો મેં આખી ટર્મ માટે, ધારાસભ્ય તરીકે નહીં, આખી ટર્મ માટે એવા વ્યક્તિ

પોઈન્ટ ઓફ ઓર્ડર

અહીં હોવા ન જોઇએ એવું મારૂં નેઇમ કરેલું સજેસન્સ છે. બીજી વાત અને બહુ મહત્વની વાત કે જો ખરેખર કંઇક માની લો કે, કોઇ એમને ગાળ બોલ્યું, એવો આક્ષેપ કરીએ છીએ અત્યારે, તો કોઇએ કેમ મને ફરિયાદ ન કરી? મને ફોન કરી શકાતો હતો. કોઇએ ફોન નથી કર્યો, આમણે મને ગાળ બોલ્યા એટલે હું મારવા આવ્યો. ત્યાં પ્રેસમાં જવાય છે, નીચે ઉભા રહેવાય છે મિડિયામાં જઇને બોલી શકાય છે, મિડિયામાં જઇને વર્જન અપાય છે. તમે અધ્યક્ષશ્રીને મળવા આવી શકતા હતા. તમે કારણ આપી શકતા હતા. તો તે વખતે તમારો હું આધારસ્તંભ બનીને ઉભો રહેત કે આ આવું બન્યું છે માટે આ ઉશ્કેરાયા છે, અને ઉશ્કેરાવું એ તો વાજબી છે જ નહીં, માની લો કે કોઇ ગાળ બોલ્યા હોય તો તેમણે મને ત્યાંથી કહેવું જોઇતું હતું કે માનનીય અધ્યક્ષશ્રી આ મને આ ગાળ બોલ્યા, એમને પણ સસ્પેન્ડ કરો, તો હું કરત, એમાં હું કોઇ પાછી પાની કરીશ નહીં, પછી આ પાર્ટી ના કે તે પાર્ટીના હોય એ મારે માટે મહત્વનું રહેતું નથી, કારણ કે મેં પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે.

આજરોજ પ્રશ્નોત્તરી બાદ કોંગ્રેસ પક્ષના ઉપ નેતાશ્રી શૈલેષભાઇ પરમારને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવાની મેં પરવાનગી આપી હતી. આ જે ઘટના ક્રમ બન્યો છે તેનું નિરૂપણ કરું છું. તે સમયે સભ્યશ્રી વિક્રમ માડમે પોતાના સ્થાન ઉપર ઉભા થઇ એવી રજૂઆત કરી કે, પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન મેં વારંવાર હાથ ઉંચો કરી અને પ્રશ્ન પૂછવાની તક આપવાનો મને નિર્દેશ કર્યો હોવા છતાં મને તક આપી નહીં. મેં પહેલાં કહ્યું હતું કે આ પ્રશ્નમાં ૨૧ મિનિટ ગઇ હતી, તત્સમયે મેં તેમને પોતાના સ્થાન ઉપર બેસી જવા વારંવારં વિનંતી કરી હતી. એ કારણસર કરી હતી કે, તે સમયે તેમના પક્ષના ઉપનેતાનો પોઇન્ટ ઓફ ઓર્ડર હતો, હમણાંની વાત. પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવાની મેં પરવાનગી આપી હતી અને તેમને સાંભળ્યા બાદ સભ્યશ્રી માડમને તક અપાશે, એમ પણ મેં કહેલું. મને આજે એક વાત જે જણાઇ છે કે, આ તબક્કે હું કહેવા માગીશ કે, કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો તેમના નેતાઓનું સાંભળતા નથી, ઉભા થયા પછી બેસી કેમ ન જાય? એ રીતે હું ભાજપના ધારસભ્યોને પણ કહીશ કે, દંડકશ્રી આજે અહીં ઉભા થઇને તમામને બેસવા માટે કહેતા હતા, તમને બધાને બેસવા માટે કહેતા હતા તો તમારે તમારી જગ્યા ઉપર બેસી જવું જોઇએ. એ ગરિમા જાળવવી જોઇએ. તત્સમયે એ વાતથી સૌ સભ્યશ્રીઓ સુવિદીત છો કે વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન અધ્યક્ષ તરીકે વારાફરતી ઘણા માનનીય સભ્યશ્રીઓને પ્રશ્નો પૂછવાની તક આપું છું, જે આજ સુધીની કાર્યવાહીથી પણ પ્રતિપાદીત થાય છે. સાથે સાથે એ બાબતમાં મારે એ બાબત જણાકવાનું કે, પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન પૂરક પ્રશ્નો પૂછવા માટે બધા જ સભ્યોને તક આપવી એ મારા માટે અશકય છે. ખાસ કરીને સભ્યશ્રી વિક્રમ માડમને પૂરક પ્રશ્ન પૂછવાની તક નહીં આપવા પાછળ મારો કોઇ ગમો કે અણગમો ન હોય, હું અધ્યક્ષ તરીકે તટસ્થતાથી અને નિષ્પક્ષભાવે વારાફરતી સભ્યોશ્રીઓને પૂછવાની તક આપું છું. તેમ છતાં વારંવાર મારી વિનંતી કરવા છતાં સભ્યશ્રી વિક્રમભાઇ માડમ પોતાના સ્થાન ઉપર બેઠા ન હતા. આ સમયે મેં આખો ઘટના ક્રમ મેં વાંચી બતાવ્યો છે. તત્સમયે કોંગ્રેસ પક્ષના ઉપનેતાએ પણ તેમને બેસી જવાની વિનંતી કરવા છતાં તેઓ પોતાના સ્થાન પર બેઠા ન હતા. અને પોતાની રજૂઆત કરવાનો દુરાગ્રહ કર્યો હતો, તે સમયે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી અમરીશભાઇ ડેર પોતાનું સ્થાન છોડીને મારા તરફ જુસ્સાભેર ધસી આવીને એવી રજૂઆત કરી કે સભ્યશ્રી વિક્રમભાઇ માડમને તક આપવામાં તમને શું વાંધો છે? અધ્યક્ષના રૂલિંગ સામે પ્રશ્ન ન કરી શકાય આ વાત સામાન્ય રીતે સમજાય તેવી છે. આ વખતના શબ્દોના ઉચ્ચારણ વખતે જે પ્રકારની તેમની બોડી લેંગવેજ હતી, અને મારા માટે ઉચ્ચારાયેલા શબ્દો અપમાનજનક અને અધ્યક્ષશ્રીના ગૌરવ અને ગરિમા માટે કોઇ પણ રીતે યોગ્ય ન હતા. અધ્યક્ષના પદના ગૌરવ અને ગરિમાના જતનમાં જ સંસદીય લોકશાહીની સફળતા છે, અધ્યક્ષપદના આદેશના અનાદરને ગૃહના વિશેષાધિકારના ભંગ અને અવમાન સમાન ગણવામાં આવે છે. અગાઉ અને આજે પણ સભ્યશ્રી અમરીશભાઇ ડેરને અને સભ્યશ્રી પ્રતાપભાઇ દુધાતને કુલ ૨૬ વાર મેં અવારનવાર તેમની આ પ્રકારની વર્તણૂક બાબતે ઠપકો આપ્યો હતો. અને ત્યારબાદ ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા હતા, તેમ છતાં તેમના વર્તનમાં કોઇ ફેર મને જોવા મળ્યો નથી. હજુ ગઇ કાલેજ કોંગ્રેસ પક્ષના દંડકશ્રીએ ૨૯ સભ્યોના કરેલા આ ગૃહના અપમાન અને ગરિમા બદલ માફી માગી હતી. જેમાં કુણુ વલણ અપનાવી ટ્રેઝરી બેન્ચ તરફથી દરખાસ્ત આવતાં તેમને માફ કર્યા હતા અને આગળની કાર્યવાહીમાં ભાગ લેવા માટે પરવાનગી આપી હતી.

ત્યારે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી પ્રતાપભાઇ દુધાત એકદમ ઉશ્કેરાઇને પોતાનું સ્થાન છોડી માઇક તોડીને હાથમાં લઇ સભ્યશ્રી જગદીશભાઇ પંચાલ પર હુમલો કર્યો હતો જેના કારણે સભ્યશ્રી પંચાલને ઇજાઓ થઇ છે, તે સમયે કેટલાક સભ્યશ્રીઓએ ઝપાઝપી કરી અને અપશબ્દોના ઉચ્ચારણો કર્યાં હતાં, જે આ ગૃહના ગૌરવ અને ગરિમા સાથે કોઇ પણ રીતે યોગ્ય નથી. આજ રોજ બનેલ ઘટના એ સંસદીય લોકશાહીના મંદિર સમાન આ ગૃહની ગરિમાને લાંછનરૂપ છે. આપણે સૌ જાણીએ છીએ ગુજરાત વિધાનસભા ગૃહની સંસદીય કાર્યવાહી આખા દેશમાં નમૂનારૂપ અને અગ્રસ્થાન ધરાવે છે, ભૂતકાળમાં કયારેય ઉશ્કેરાટમાં આવી ઘટનાઓ બની નથી. પરંતુ આ હદે, અને એક મવાલી અને ગુંડા કરતાં પણ વધુ ખરાબ અને શરમજનક રીતે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને શોભાસ્પદ ન ગણાય તેવી આ ઘટના બની છે. જયારે મેં અધ્યક્ષનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી નિયમો અને પ્રણાલીઓનું સુસંગત અને ચૂસ્તપણે સંચાલન કરવાનો મારો પ્રયાસ રહ્યો છે. સમગ્ર રીતે ગૃહની કાર્યવાહી મેં નિષ્પક્ષ રીતે બજાવી છે જેના આપ સૌ સાક્ષી છો. આજની ગુજરાતની ગરિમાને લાંછનરૂપ ઘટના કોઇપણ રીતે ચલાવી લેવાય તેમ નથી. આ ઘટના જયારે બની ત્યારે મેં સભ્યશ્રી પ્રતાપભાઇ દુધાતને સમગ્ર વિધાનસભાની ટર્મ દરમિયાન સસ્પેન્ડ કરવા માટે નેઇમ કર્યા હતા એની સાથે સભ્યશ્રી વિક્રમભાઇ માંડમ અને અમરીષ ડેરને સસ્પેન્ડ કરવાનો નિર્દેશ કર્યો હતો. મારા આ નિર્દેશ ટ્રેઝરી બેંચ તરફથી સભ્યશ્રી પ્રતાપભાઇ દુધાત અને અમરીષભાઇ ડેરને તારીખ ૧૪-૩-

તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮

પોઇન્ટ ઓફ ઓર્ડર

૧૮ થી ૩૧–૩–૨૧ એમ ત્રણ વર્ષ સુધી સત્રો, કમિટીઓમાં  હાજર રહેવામાંથી સસ્પેન્ડ કરવાની તેમજ માનનીય સભ્યશ્રી બળદેવજી ઠાકોરને આજથી એક વર્ષ સુધીના સૌ સત્રો અને તમામ કમિટીમાંથી સસ્પેન્ડ કરવાની દરખાસ્ત રજૂ કરી છે. માનનીય મંત્રીશ્રીએ રજૂ કરેલ દરખાસ્ત હું મત માટે મૂકીશ. કોઇને કંઇ કહેવું હોય તો કહી શકે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષ તરીકે આ ગૃહની આપની પાસે ખૂબ મોટી અપેક્ષા છે. આ વિધાનસભા ગૃહમાં આપની હાજરીમાં વિધાનસભાના ફલોરમાં માનનીય ભારતીય જનતા પાર્ટીના આઠ–૧૦ ધારાસભ્યોએ અમરીષ ડેરને પછાડીને ઢીકા પાટુનો માર મારેલો છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ,  હું દસ મિનિટનો વિરામ આપીને જતો રહ્યો હતો. આ અંગેની કોઇ ફરિયાદ મારી પાસે કોઇ સભ્યશ્રીએ કરેલી નથી કે નથી આપની તરફથી આવી.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને જે પ્રમાણે દરખાસ્ત છે એ પ્રમાણે આ વિધાનસભાના તમામ સત્રોમાંથી અને તમામ કમિટીઓમાંથી હાજર રહેવામાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે અને વિધાનસભા ગૃહ અને એના પરિસરમાં પ્રવેશવાનો ઉકત નિયમ સુધી પ્રતિબંધ ફરમાવામાં આવે  છે. અને પૂર્વ પરવાનગી વિના પ્રવેશે તો ગેરકાયદેસર કૃત્ય ટ્રેસ પાસની ફરિયાદ દાખલ કરવામાં આવશે.   માનનીય બળદેવજી ઠાકોર માટે પણ જે પ્રમાણે કહ્યું છે એ પ્રમાણેની દરખાસ્ત મંજૂર કરવામાં આવે છે. નેકસ્ટ.

શ્રી શૈલેષ  મ. પરમાર : •(×××) લીધેલો આપનો નિર્ણય માન્ય રાખીએ છીએ.

અધ્યક્ષશ્રી :  ના, ના. *(×××) એ શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી શૈલેષ  મ. પરમાર :  જે બનાવ બન્યો છે એ આખા બનાવનો પહેલા વિડિયો કલીપીંગ જોઇ લો.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, શૈલેષભાઇ, એકવાર મને સાંભળી લો. એકવાર અધ્યક્ષે રૂલિંગ આપ્યા પછી એ રૂલિંગ ઉપર ચર્ચા ન કરવી જોઇએ એ આપ જેવા સિનિયર સભ્ય જાણે છે  એટલે આપને બેસી જવા વિનંતી કરું છું.

શ્રી શૈલેષ  મ. પરમાર : અમે આપના નિર્ણયથી નારાજ થઇને વોકઆઉટ કરીએ છીએ.

(આ તબક્કે સભાગૃહમાં હાજર વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ ગૃહ છોડીને જતાં રહ્યાં)

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

તારાંકિત પ્રશ્નોત્તરીમાં અપાયેલ લેખિત જવાબોની વિસંગતતા દૂર કરતું સ્પષ્ટીકરણાત્મક નિવેદન

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું  તા. ૨૭–૦૨–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નોત્તરીમાં અનુક્રમે અગ્રતા–૧૪૯ અને અગ્રતા–૧૬૬ તથા તા. ૦૭–૦૩–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નોત્તરીમાં અનુક્રમે અગ્રતા–૦૧ અને અગ્રતા–૧૭૩ના અપાયેલ લેખિત જવાબોની વિસંગતતાઓને દૂર કરતું સ્પષ્ટીકરણાત્મક નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

સ્પષ્ટીકરણાત્મક નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)**

**શિક્ષણ વિભાગ**

**માગણી ક્રમાંક.૯**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા  ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૪૧,૭૩,૩૯,૮૨,૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની  રૂ. ૭,૯૮,૪૩,૨૧,૦૦૦/–ની માગણી ક્રમાંક–૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા  (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૦૮,૫૪,૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની  રૂ. ૪૦,૬૦,૦૧,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૧૦ રજૂ કરવામાં આવી.**

**કાયદા વિભાગ**

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨૩, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

**માગણી ક્રમાંક-૬૦**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાયતંત્રનો વહીવટ સેવાને લગતી કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯,૪૪,૬૩,૦૭,૦૦૦ /-ની માગણી ક્રમાંક-૬૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૬૦ રજૂ કરવામાં આવી.**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**

**માગણી ક્રમાંક-૮૯**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની સેવાને લગતી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૮૬,૧૬,૧૦,૦૦૦ /-ની માગણી ક્રમાંક-૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૮૯ રજૂ કરવામાં આવી.**

**કલાઈમેટ ચેઈન્જ વિભાગ**

**માગણી ક્રમાંક-૧૦૭**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કલાઈમેટ ચેઈન્જ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલાઈમેટ ચેઈન્જ વિભાગ સેવાને લગતી કલાઈમેટ ચેઈન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૦૦,૭૦,૦૦૦ /-ની માગણી ક્રમાંક-૧૦૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૧૦૭ રજૂ કરવામાં આવી.**

સન ૨૦૧૮-૨૦૧૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા. ૧૪-૩-૨૦૧૮ (પાંચમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | શિક્ષણ વિભાગ<br>માગણી નં. ૯ | |
| *૧ | ૨૨૦૨ - સામાન્ય શિક્ષણ<br>૦૧ - પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧ - નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૪૯,૨૭,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં.૪, પાના નં. ૧૪ થી ૧૬ | ૧૦૦ | શાળાની સુરક્ષા અંગેના પરિપત્રોનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ (પ્રધુમનસિંહ જાડેજા) |
| *૨ | _ _ " _ _ | ૧૦૦ | સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકોની સતત ઘટતી જતી સંખ્યાના કારણોની તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી (સંતોકબેન આરેઠીયા) |
| *૩ | _ _ " _ _ | ૧૦૦ | શિક્ષણ ક્ષેત્રે પ્રાથમિક શાળાઓના વધતા જતા ખાનગીકરણ સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઇ કોટવાલ (નથાભાઇ પટેલ) |
| *૪ | _ _ " _ _ | ૧૦૦ | ગુણોત્સવ જેવા કાર્યક્રમો યોજવા છતાં બાળકોને પૂરતું લાખતા-વાંચતા પણ આવડતું નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઇ રાઠવા (ગેનીબેન ઠાકોર) |
| *૫ | _ _ " _ _ | ૧૦૦ | ગુણોત્સવમાં શિક્ષણની ગુણવત્તા ખૂબ જ નબળી સાબિત થઈ છે, તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા (અલ્પેશ ઠાકોર) |
| *૬ | _ _ " _ _ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ (કીરીટકુમાર પટેલ) |
| *૭ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાઓને જરૂરિયાત મુજબની વધુ સારી સવલતો મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મંગળભાઇ ગાવિત (કાંતિભાઇ પરમાર) |
| *૮ | _ _ " _ _ | ૧૦૦ | રાઇટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ ઠાકોર (મોહનસિંહ રાઠવા) |
| *૯ | _ _ " _ _ | ૧૦૦ | ફી પેટે મોટી રકમ વસૂલતી ખાનગી પ્રાથમિક શાળાઓ સામે સત્વરે પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઇ ચૌધરી (સુનિલભાઇ ગામીત) |
| *૧૦ | ૨૨૦૨ - સામાન્ય શિક્ષણ<br>૦૧ - પ્રારંભિક શિક્ષણ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓની ઇમારતોની જાળવણીમાં અને મરામતમાં થતી ગેરરીતિઓની તપાસ કરવામાં તંત્રની | શ્રી પુનાભાઇ ગામીત (અનંતકુમાર પટેલ) |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૫૩– ઈમારતોની જાળવણી<br>રૂ. ૧૫,૨૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪, પાના નં. ૧૪ થી ૧૭ | | નિષ્ફળતા | |
| *૧૧ | _ _ " _ _ | ૧૦૦ | શાળાઓની જર્જરિત થયેલ ઇમારતોને સ્થાને નવી ઇમારતો બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી (અક્ષયકુમાર પટેલ, પુનમભાઇ પરમાર અને ચંદનજી ઠાકોર ) |
| *૧૨ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૧ – પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬ – શિક્ષકો... સેવા<br>રૂ. ૧,૧૯,૯૨,૬૭,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪, પાના નં. ૧૪ થી ૨૪ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં અનુભવી શિક્ષકોની ઘટ નિવારી શિક્ષણ કાર્ય વેગવંતુ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | ડો. અનિલ જોષિયારા (સંજયભાઇ સોલંકી) |
| *૧૩ | _ _ " _ _ | ૧૦૦ | શૈક્ષણિક સેવાઓ પાછળ મોટી રકમ ખર્ચવા છતાં શિક્ષણનું સ્તર કથળતું જાય છે, તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (ડો. આશા પટેલ) |
| *૧૪ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૨ – માધ્યમિક શિક્ષણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૬૪,૪૪,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪, પાના નં. ૨૯ થી ૩૩ | ૧૦૦ | રાજ્યમાં ઊંચી ફી વસુલતી શાળાઓ સામે સત્વરે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (ભરતજી ઠાકોર, ડો.સી.જે.ચાવડા અને ધવલસિંહ ઝાલા) |
| *૧૫ | _ _ " _ _ | ૧૦૦ | ખાનગી શાળાઓને જરૂરી ચકાસણી કર્યા સિવાય મંજૂરી અપાય છે તે અંગે જવાબદાર સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઇ કોળીપટેલ (ઇમરાન ખેડાવાલા) |
| *૧૬ | _ _ " _ _ | ૧૦૦ | શિક્ષણ પદ્ધતિમાં જરૂરીયાત મુજબના સુધારાઓ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા (રાજેશભાઇ ગોહિલ) |
| *૧૭ | _ _ " _ _ | ૧૦૦ | યોગ્ય શિક્ષણ નીતિના અભાવે પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણ સુધી થતુ શિક્ષણનું વ્યાપારીકરણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (ઋત્વિકભાઇ મકવાણા) |
| *૧૮ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૨ – માધ્યમિક શિક્ષણ<br>૧૦૯– સરકારી .... શાળાઓ<br>૦૧–E N D –19 સરકારી..શાળાઓ<br>રૂ. ૧,૮૨,૩૦,૧૬,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં. ૨૯ થી ૩૮ | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓમાં વિષયવાર શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (નૌશાદજી સોલંકી, વિક્રમભાઇ માડમ અને લલીતભાઇ કગથરા) |
| *૧૯ | _ _ " _ _ | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાં વધુ નવી સરકારી માધ્યમિક શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂંજાભાઇ વંશ (મહમદજાવીદ પીરઝાદા) |
| *૨૦ | _ _ " _ _ | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાં સરકારી માધ્યમિક શાળાઓને વધુ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઇ ઠુંમર (વિમલભાઇ ચુડાસમા) |
| *૨૧ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૩ – યુનિવર્સિટી.... શિક્ષણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૬,૫૯,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં. ૫૧ અને ૫૨ | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ અને અનિયમિતતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઇ જોષી (પરસોત્તમ સાબરિયા) |
| *૨૨ | ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ<br>૦૩ – યુનિવર્સિટી.... શિક્ષણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૬,૫૯,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં.૪,પાના નં. ૫૧ અને ૫૨ | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં રાજકીય હસ્તક્ષેપ વધતાં અભ્યાસની કામગીરીમાં ઊભા થતા અવરોધો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઇ બાવળિયા (લાખાભાઇ ભરવાડ) |
| *૨૩ | ૨૨૩૬ – પોષણ<br>૦૨ – પોષણ....વિતરણ<br>૧૦૨ – મધ્યાહન ભોજન<br>રૂ. ૭,૩૪,૨૩,૪૨,૦૦૦<br>અં.પ્ર.નં.૪,<br>પાના નં.૧૨૫ થી ૧૨૮ | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનામાં ભોજનની નબળી ગુણવત્તાને કારણે શાળામાં ભોજન લેતા બાળકોની સંખ્યામાં થતો ઘટાડો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા (હિંમતસિંહ પટેલ) |
| *૨૪ | _ _ " _ _ | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનામાં સડેલું અનાજ ફળવાય છે તે અંગે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા (જવાહરભાઇ ચાવડા) |

| | | | | |
|---|---|---|---|---|
| *૨૫ | _ _ " _ _ | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને પૂરતો પગાર ચૂકવી તેઓનું આર્થિક શોષણ થતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઇ બારડ (લલીત વસોયા) |
| | | માગણી નં. ૧૦ | | |
| *૨૬ | ૨૨૦૫–કલા અને સાંસ્કૃતિક<br>૧૦૧– લલિતકલા શિક્ષણ<br>રૂ. ૫૩, ૨૧, ૦૦૦<br>અં.પ્ર.નં.૪, પાના નં. ૧૧૯ | ૧૦૦ | લલિત કલા અને શિક્ષણ માટે વધુ રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા (વલ્લભભાઇ ધારવિયા) |
| *૨૭ | ૩૪૨૫ – અન્ય... સંશોધન<br>૬૦ – અન્યો<br>૨૦૦ – અન્ય.... સહાય<br>રૂ. ૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪, પાના નં. ૧૩૫ | ૧૦૦ | વૈજ્ઞાનિક સંસ્થાઓને સહાય ચૂકવ્યા બાદ તેમની કામગીરીની પ્રસિધ્ધિ કરાવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મારૂ (મોહનલાલ વાળા) |
| | | કાયદા વિભાગ<br>માગણી નં. ૬૦ | | |
| *૨૮ | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫ – સિવિલ...કોર્ટ<br>૦૧ – જિલ્લા..જજ<br>રૂ. ૨,૪૪,૫૨,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬,<br>પાના નં.૧૩ અને ૧૪ | ૧૦૦ | આમ જનતાને ઝડપી ન્યાય મળે તે માટે જજોની સંખ્યામાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદ્રીકાબેન બારીયા (ચિરાગભાઇ કાલરિયા) |
| *૨૯ | _ _ " _ _ | ૧૦૦ | કોર્ટોમાં વારંવાર કેસની મુદ્દતો પડતા કેસોનો ઝડપી નિકાલ થતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે.વી.કાકડીયા (રાજેન્દ્રસિંહ પરમાર) |
| *૩૦ | _ _ " _ _ | ૧૦૦ | કોર્ટોમાં જરૂરી પ્રાથમિક સુવિધાઓ સત્વરે પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા (ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| *૩૧ | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૮ – ફોજદારી...કોર્ટ<br>૦૧ – અદાલતી મેજિસ્ટ્રેટ<br>રૂ. ૩૬,૯૦,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬,<br>પાના નં.૨૭ અને ૨૮ | ૧૦૦ | ફોજદારી કોર્ટોમાં ગુનેગારોને સમન્સની બજવણી કરવા છતાં હાજર ન થતા હોઇ, કેસોની મુદ્દત લંબાતી જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમરિષભાઇ ડેર (શીવાભાઇ ભુરીયા) |
| *૩૨ | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૧૪–કાનુની...ધારાશાસ્ત્રીઓ<br>૦૧ – કાયદા અધિકારીઓ<br>રૂ. ૧,૧૧,૫૪,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬,<br>પાના નં.૩૦ અને ૩૧ | ૧૦૦ | હાઇકોર્ટે અને સુપ્રિમ કોર્ટમાં સરકાર પક્ષે અસરકારક રજૂઆતો કરતા ધારાશાસ્ત્રીઓને ચૂકવતા મહેનતાણાની પ્રસિધ્ધિ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રતાપ દુધાત (કાળાભાઇ ડાભી) |
| | | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ<br>માગણી નં. ૮૯ | | |
| *૩૩ | ૨૦૫૨ – સચિવાલય..સેવાઓ<br>૯૦ – સચિવાલય<br>૦૧–S T P –૧૨ વિજ્ઞાન..વિભાગ<br>રૂ. ૧,૪૭,૮૯,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૩૪ પાના નં.૫ અને ૬ | ૧૦૦ | જી–સ્વાનની નબળી કામગીરી સંદર્ભે ફરીયાદો થવા છતાં પણ નેટવર્કમાં સુધારો આવતો નથી તે સામે જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કનુભાઇ બારૈયા (ભાવેશભાઇ કટારા) |
| *૩૪ | _ _ " _ _ | ૧૦૦ | સ્માર્ટકાર્ડનો દુરુપયોગ થતો અટકાવવા માટે બાયોમેટ્રીક મશીનો મૂકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઇ બારડ |
| *૩૫ | _ _ " _ _ | ૧૦૦ | નિવૃત્તિ પછી સ્માર્ટકાર્ડ પરત જમા ન લેવાથી તેનો વ્યાપક દુરુપયોગ થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| *૩૬ | _ _ " _ _ | ૧૦૦ | ઇન્ટરનેટની પૂરતી કનેક્ટીવીટી અને તેની સ્પીડ ન મળતાં વહીવટી કામગીરીમાં પડતી અગવડતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા |
| *૩૭ | _ _ " _ _ | ૧૦૦ | જી–સ્વાનમાં આવતી ફરિયાદોનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઇ જોષી |
| *૩૮ | _ _ " _ _ | ૧૦૦ | સરકારી વેબસાઇટ નિયમિત અપડેટ થતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ |
| *૩૯ | _ _ " _ _ | ૧૦૦ | વિભાગોની અધૂરી–અપૂરતી માહિતી વેબસાઇટ પર | શ્રી બ્રિજેશ મેરજા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | મૂકાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૪૦ | _ _ " _ _ | ૧૦૦ | અમદાવાદ ખાતેની સાયન્સ સીટીના ફેઝ-૨ના વિકાસ માટે કેન્દ્ર સરકાર પાસેથી પૂરતી ગ્રાન્ટ ઉપલબ્ધ કરાવવા માટે પૂરતા પ્રયાસો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાખાભાઇ ભરવાડ |
| | | ક્લાઇમેન્ટ ચેઇન્જ વિભાગ<br>માગણી નં. ૧૦૭ | | |
| *૪૧ | ૩૪૫૧ – સચિવાલય...સેવાઓ<br>૯૦ – સચિવાલય<br>રૂ. ૧,૦૦,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૮,પાના નં.૯ અને ૧૦ | ૧૦૦ | ગ્લોબલ વોર્મિંગની માનવ જીવન પર પડતી અસરોનો અભ્યાસ કરી તેની વિગતો પ્રસિદ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદજી સોલંકી |
| *૪૨ | _ _ " _ _ | ૧૦૦ | ક્લાઇમેટ ચેઇન્જ વિભાગને જરૂરી સંશોધનો માટે પૂરતી સવલતો અને નાણા ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇમરાન ખેડાવાલા |
| *૪૩ | _ _ " _ _ | ૧૦૦ | ક્લાઇમેન્ટ ચેઇન્જ વિભાગે અત્યાર સુધીમાં કરેલ કામગીરીની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત |
| *૪૪ | ૩૪૫૧ – સચિવાલય...સેવાઓ<br>૯૦ – સચિવાલય<br>રૂ. ૧,૦૦,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૮,પાના નં.૯ અને ૧૦ | ૧૦૦ | ક્લાઇમેન્ટ ચેઇન્જ વિભાગ દ્વારા થતી કાર્યવાહીની અને આયોજનની વિગતો ઓનલાઇન મૂકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર |
| *૪૫ | _ _ " _ _ | ૧૦૦ | ક્લાઇમેન્ટ ચેઇન્જ વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમમાં પડેલ ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ પર ચર્ચા કરવામાં આવશે.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રીજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક-૮૯ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, સાયન્સ અને ટેક્નોલોજી વિષય પર હું વાત કરવા માગું છું ત્યારે આજે એક દુઃખદ સમાચાર પણ છે કે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષય સ્ટીફન હોકીંગ એક દિવ્યાંગ ભાઇ કે જેઓ પોતે બ્રહ્માંડ વિજ્ઞાનના લેખક હતા. કેમ્બ્રીજ વિશ્વ વિદ્યાલયમાં સૈદ્ધાંતિક બ્રહ્માંડ વિદ્યાના એ કેન્દ્રના શોધક હતા. એ પોતે દિવ્યાંગ હતા. નાસાના બ્રાન્ડ એમ્બેસેડર હતા. એમનું આજ રોજ ૭૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. આ ગૃહના માધ્યમથી તેમને હું શ્રદ્ધાંજલી પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ વિજ્ઞાનના મોટા જનક હતા. વિજ્ઞાનનો વિષય આવે ત્યારે આપણે જ્ઞાન-વિજ્ઞાનની ચર્ચા કરતા હોઇએ છીએ. ત્યારે તે સમયના આપણા મુખ્યમંત્રીશ્રી અને આજના આપણા દેશના માનનીય વડાપ્રધાનશ્રીએ સૂત્ર આપ્યું હતું કે, જય જવાન, જય કિસાનના સૂત્રની સાથે એમણે જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જ્યારે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી જેવા વિભાગ ઉપર ચર્ચા કરતા હોઇએ ત્યારે સ્વાભાવિક છે કે બાયસેગને આપણે ભૂલી ન જઇએ. ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓ-ઇન્ફોર્મેટીક્સ (બાયસેગ)ની સરકારે સ્થાપના કરી છે. સરકારશ્રીના જુદા જુદા વિભાગો અને વપરાશકારો દ્વારા એનો મહત્તમ ઉપયોગ થાય. એમાં એમને દૂરવર્તી તાલીમ, શિક્ષણ, વિસ્તરણ, કૌશલ્યવર્ધન અંગેના બિન વાણિજ્યક કાર્યક્રમો ઘર સુધી પહોંચાડવા માટે ''વંદે ગુજરાત ચેનલ''નો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. આ નેટવર્ક માટે ૧૬ ચેનલો (૨૪×૭ ચેનલો) કાર્યરત છે. ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલય(એમએચઆરડી)ના ''સ્વયં પ્રભા'' કાર્યક્રમ અંતર્ગત ૩૨ બિનવાણિજ્યક શૈક્ષણિક ચેનલોનું (૨૪×૭) પણ પ્રસારણ કરવામાં આવે છે. બાયસેગ ખાતેથી ભારત સરકારના ઇલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રાદ્યોગિક મંત્રાલયની ડિજિટલ ચૂકવણી અંગેના માર્ગદર્શન માટેની ''Digishala'' નામની ટી.વી. ચેનલનું પણ પ્રસારણ કરવામાં આવે છે. વિકાસલક્ષી આયોજન અને નિર્ણય સહાયક પ્રણાલીનો ઉપયોગ કરીને રાજ્યની કુદરતી અને માનવસર્જીત સંપદાઓનો જીઓ-ઇન્ફોર્મેટીક્સ તકનીકનો ઉપયોગ કરી ભારત સરકારના તથા રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોની જરૂરિયાત મુજબના સોફ્ટવેર તથા એપ્લીકેશનો તૈયાર કરી આપવામાં આવે છે. જે તેઓની કાર્ય -માં તથા સરકારશ્રીના ઇ-ગવર્નન્સ પ્રોગ્રામમાં મદદરૂપ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (જી.એસ.બી.ટી.એમ.) આ રાજ્ય સરકારે, રાજ્યમાં બાયોટેકનોલોજીના વિકાસ માટે ગુજરાત રાજ્ય બાયોટેકનોલોજી મિશન નામની નોડલ એજન્સીની સ્થાપના કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યની અગત્યની વિકાસલક્ષી સમસ્યાઓ કે જે બાયોટેકનોલોજી વડે ઉકેલી શકાય તેમ છે. તેના સંશોધન માટે

ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટરની સ્થાપના કરવામાં આવેલ છે. રાજય સરકાર દ્વારા સ્થાપવામાં આવેલા ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટરને રાજ્યના સંશોધકો માટે સેન્ટ્રલ શેર્ડ લેબોરેટરી ફેસીલીટી તરીકે વિકાસ કરવામાં આવશે. આ સેન્ટરમાં બાયો બેંકીંગ, જીનોમિક્સ, બાયો ઇન્ફોર્મેટિક્સ, બાયો પ્રોસ્પેક્ટીંગની અદ્યતન ફેસીલીટી વધુ અદ્યતન બનાવવામાં આવશે. આ ઉપરાંત ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર દ્વારા સરકારના વિવિધ વિભાગો તેમજ ઉદ્યોગોને વિવિધ પ્રકારની બાયોટેકનોલોજી સેવાઓ આપવામાં આવે છે. મને કહેતાં આનંદ થાય છે કે, રાજ્ય સરકારે બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન માટે ખૂબ જ અગત્યની ''સંશોધન સહાય યોજના(રિસર્ચ સપોર્ટ સ્કીમ)'' અમલમાં મૂકેલ છે. આ સહાય વિવિધ વિષયના પ્રોજેક્ટ કે જેમાં પ્લાન્ટ અને એગ્રીકલ્ચર બાયો ટેકનોલોજી, એનિમલ બાયો ટેકનોલોજી, ફાર્મા અને હેલ્થકેર બાયોટેકનોલોજી, એન્વાયરમેન્ટલ બાયોટેકનોલોજી તેમજ મરીન બાયો ટેકનોલોજી ક્ષેત્રોનો સમાવેશ થાય છે. અત્યાર સુધી બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન માટે મંજૂર કરવામાં આવેલ ૧૩૩ પ્રોજેક્ટમાં સંસ્થાઓમાં ૧૪૩ સંશોધકો અને ૧૫૯ ફેલોઝને લાભ મળેલ છે. તેમાં કુલ ૨૮ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવેલ છે. બાયોટેકનોલોજીની એક અતિ મહત્વની શાખા બાયો ઇન્ફોર્મેટીક્સ છે. આ ક્ષેત્રે સંશોધન પ્રયાસોને વેગ આપવા માટે કુલ રૂપિયા બસો લાખના ખર્ચે રાજ્યની ૧૨ શૈક્ષણિક/સંશોધન સંસ્થાઓને તેઓના સંકુલમાં બાયો ઇન્ફોર્મેટીક્સ લેબ/સુપર કમ્પ્યુટીંગ ફેસીલીટીની રચના માટે સહાય આપવામાં આવેલ છે. જે રાજ્યમાં પ્રોત્સાહન આધારિત વિકાસની તક છે એને ઝડપી લેવા માટે સરકારે બાયો ટેકનોલોજી પોલિસી થકી બાયોટેક પાર્ક, ફિનિસીંગ સ્કૂલ અને ઇન્ક્યુબેટર યુનિટ સહિત સ્ટાર્ટ–અપ વગેરે નાણાકીય સહાયની જોગવાઇ કરી છે. સ્ટાર્ટ–અપની વાત આવે તો હમણાં જ બે દિવસ પહેલા માનનીય મંત્રીશ્રીએ મારા જ વિસ્તારમાં આવીને સ્ટાર્ટ–અપની એક અનોખી યોજનાને આગળ ધપાવવા માટે ખૂબ જ મદદરૂપ થયા છે. જ્યારે હું સાયન્સ એન્ડ ટેકનોલોજી વિષય ઉપર વાત કરતો હોઉં, અમદાવાદ શહેરમાંથી ધારાસભ્ય તરીકેની જવાબદારી હોય, તો અમદાવાદમાં આવેલી સાયન્સ સિટીને પણ કેમ વિસરી જઇએ? આ ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટીની સ્થાપના તા. ૩૧–૫–૨૦૦૧ના રોજ કરવામાં આવી હતી. ૧૦૫ હેક્ટરના વિસ્તારમાં આવેલ આ સાયન્સ સિટી વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સાયન્સ પ્રત્યે રુચી છે એ લોકો માટે વિજ્ઞાનમાં રસ કેળવવા તેના પ્રસાર અને જાગૃતિ માટે એક સુંદર મજાનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ ઉપરાંત સાયન્સ સિટી દ્વારા વિવિધ વૈજ્ઞાનિક દિવસો, વર્કશોપ, સેમિનાર, ટ્રેનિંગ, પ્રોગ્રામ, સાયન્સ કાર્નિવલ તેમજ વેકેશન જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે આ સાયન્સ સિટીની વાર્ષિક અંદાજે ૭ લાખ લોકો અને અત્યાર સુધીમાં ૯૬ લાખ લોકોએ વિઝિટ લીધી છે. રોજના ૨ હજારથી ૨૫૦૦ લોકો અમદાવાદ સાયન્સ સિટીની મુલાકાત લે છે. આ સાયન્સ સિટીનું એક ફેઝ–૧ ચાલુ થયું એની કામગીરી ૨૦૦૩ થી લઇ ૨૦૧૨ સુધીમાં પૂરી કરવામાં આવી છે. એમાં ૧૦ પેવેલિયનનો સમાવેશ થયેલો છે. એ ૧૦ પેવેલિયનોમાં એક એમ.પી. થિયેટર, આઇ–મેક્સ થ્રી ડી થિયેટર છે, એનર્જી એજ્યુકેશન પાર્ક પણ છે, સિમ્યુલેટર રાઇડ છે, હોલ ઓફ સ્પેસ, હોલ ઓફ સાયન્સ, મ્યુઝિકલ ફાઉન્ટેન્સ, લાઇફ સાયન્સ પાર્ક, પ્લાનેટ અર્થ અને ચિલ્ડ્રન એક્ટિવિટી સેન્ટર પણ છે. આ સાયન્સ સિટીમાં એક હજારથી પણ વધારે મોડલ પ્રદર્શન અને નિદર્શન કરવામાં આવેલા છે. જેનો અંદાજિત ખર્ચ ૨૬૦ કરોડ રૂપિયા થયો છે. આના ઉપરથી આપણે સમજી શકીએ કે સરકાર આ સાયન્સ અને ટેકનોલોજી સંબંધે કેટલી ગંભીરતાપૂર્વક ચિંતા કરી આ વિષયમાં વધુ લોકોને રસ પડે એની ચિંતા કરી છે. જે ૧૦ વર્કશોપ, પેવેલિયનો છે એની ટૂંકમાં વાત કરીશ તો એમ.પી. થિયેટર, એક ખૂબસુરત વિજ્ઞાન એ કલાકારોને પ્રેરણા આપે છે એવું એક સ્લોગન છે ત્યારે યુવાન નોબેલના શોધનને વિજ્ઞાન અને નાટકો, જાદુના ખેલ અને અન્ય મનોરંજક પ્રોગ્રામો માટે ૧૨૦૦ સીટનું એક થિયેટર છે. આઇમેક્સ થ્રી ડી થિયેટરની વાત કરું તો એનો અનુભવ એ આઠ માળ ઉંચી જેવી એક ચોખ્ખી ચિત્ર કલ્પના હોય, ભવ્ય ડિઝિટલ સાઉન્ડ હોય અને તમે કલ્પનામાં જ જોઇ શકો એવી દુનિયામાં એ આઇમેક્સ થિયેટર આપણને લઇ જાય છે. ગુજરાત સાયન્સ સિટી ખાતે આવેલ વિશાળ એલ.ઇ.ડી. સ્ક્રીન એ લાઇટ એમિટિંગ ડાયોડ સ્ક્રીન જે ૨૦ ફૂટ પહોળી અને ૧૨ ફૂટ ઉંચી છે. ૧ લાખ ૮૪ હજાર ૩૨૦ ટચૂકડા એલ.ઇ.ડી.ઓ એ ધરાવે છે. જે વાર્તાની કથા કે પાત્રની રજૂઆત કરવામાં આવે છે એમાં આ વિશાળ એલ.ઇ.ડી. સ્ક્રીન અંગ્રેજી ભાષાના ૫૩ શબ્દોને ૨૪ લાઇનમાં દર્શાવી શકે છે. એનર્જી એજ્યુકેશન પાર્ક ૯ હજાર ચોરસમીટર વિસ્તારમાં પથરાયેલ ષટકોણીય ડિઝાઇન ધરાવતો એનર્જી એજ્યુકેશન પાર્ક છે એનો મુખ્ય હેતુ એ ઉર્જાનું ઉત્પાદન હોય, ઉપભોગના વિવિધ સ્વરૂપો એ વિશે સામાન્ય જનતા અને બાળકોમાં જાગૃતિ કેળવવાનું કામ કરે છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા જે શિક્ષણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે બદલાતા જતા વિશ્વમાં અને ટેકનોલોજીના વિસ્ફોટથી નાના થતા વિશ્વમાં ભારતનો યુવાન ક્યાંય બાકીની દુનિયાથી પાછળ રહી જાય નહીં, ગુજરાતનો યુવાન પાછળ રહી જાય નહીં એના માટે એ યુવાનને ટેકનોલોજી સાથે જોડવો પડશે. સાધન–સગવડો પૂરા પાડવા પડશે. ગુજરાત સરકારે ગઇ વખતે અને આ વખતે પણ યુવાનોને સજ્જ કરવા ટેકનોલોજી સાથે જોડવા માટે આવતા સમયમાં ઇ–ટેબ્લેટ આપવાની શરૂઆત અને એની જોગવાઇ આ બજેટમાં કરી છે. લગભગ ૧૦ અને ૧૨ પછી ડિપ્લોમા અને સ્નાતક કક્ષાના કોર્ષમાં એડમિશન લે એને ૧૦૦૦ રૂપિયાના ટોકન દરે લેપટોપ આપવામાં આવે. આજે યુવાનને ટેબ્લેટ આપવામાં આવે મૂળ એનો હેતુ એ દુનિયા સાથે જોડાય, એ એની શિક્ષણની પ્રવૃત્તિઓ સાથે, પ્રોફેસર સાથે, ઇ–લાઇબ્રેરી સાથે અને જ્યાં બેઠો હોય ત્યાં એ એના શૈક્ષણિક વાતાવરણની અંદર

બેઠો હોય, એના ઘરે બેઠો હોય તો તરત જ એ એના વિષય સાથે કનેક્ટ થઇ શકે, દુનિયા સાથે કનેક્ટ થઇ શકે, એને જે અભ્યાસક્રમ મળતો હોય, મળ્યો હોય એનું દુનિયામાં અપગ્રેડેશન થયું હોય તો એને જોવું હોય તો એ જોઇ શકે એવા ઉમદા હેતુથી આ ટેબ્લેટ આપવાનું આપણે નક્કી કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે આપણે Namo-E tab મોબાઇલ એપના માધ્યમથી તમામ વિદ્યાર્થીઓને Student corner online, education linked online software material, education linked job portal, start-up success stories વગેરે જેવી અદ્યતન માહિતીઓથી એ અપડેટ થતો હોય છે. આ વખતે આપણે જે બજેટ રજૂ કરીએ એમાં પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ સુધીના શિક્ષણમાં અનેકવિધ જોગવાઇઓ કરીને છેલ્લા ૧૬-૧૭ વર્ષથી, એના પરિણામે આજે ડ્રોપ આઉટ રેશિયોથી માંડીને ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ સુધીમાં જે સુધારા આવે છે. પરંતુ આ સુધારાથી જ્યારે વિદ્યાર્થીઓ ભણતા થતા હોય, વધારે ભણવા જતા હોય અને મોટી સંખ્યામાં ટેકનિકલ વિદ્યાર્થીઓ બહાર પડતા હોય. એટલે એના માટે તકો શું? તો એ તકો શોધવાનું કામ આખી દુનિયાની અંદર જે સ્ટાર્ટઅપનો આઇડિયા આદરણીય નરેન્દ્રભાઇએ આપ્યો. એ આ દેશમાં હજુ સુધી ૨૧મી સદીની જે વાત કરતા હતા. ૨૧મી સદી આવી કદી એમાં implementation થયું નહિ. સ્ટાર્ટઅપ એટલે શું? સમસ્યા સાથેનું સમાધાન. સ્ટાર્ટઅપ એટલે શું? જે સમસ્યા હોય એનો અંત અને એનો અંત લાવવા માટે સરકારી વિભાગો હોય, સોસાયટી હોય કે ઉદ્યોગો હોય, અહીંયા આગળ એમના રોજબરોજના કામ-ધંધાની અંદર નાની મોટી સમસ્યાઓ ઊભી થતી હોય, મિકેનીકલ, ઇલેક્ટ્રિકલ્સ સમસ્યાઓ ઊભી થતી હોય, વેપાર-ધંધાને લગતી નાની-મોટી સમસ્યાઓ ઉદભવતી હોય તો દુનિયા શું કરે છે? તો વિદ્યાર્થીઓ યુનિવર્સિટીઓમાં જાય છે. પોતાની સમસ્યાઓનું એક વર્ગીકરણ કરીને એનું સ્ટેટમેન્ટ બનાવીને સારી મોટી યુનિવર્સિટીમાં એ સમસ્યાઓને મૂકે છે અને એ સમસ્યાઓને મૂકીને એમની પાસે સમાધાન મેળવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, આ જ પ્રકારનું વાતાવરણ સર્જવાનો પ્રયત્ન ભારત સરકારે કર્યો છે. ભારત સરકારની ૨૯ મિનિસ્ટ્રીની ૫૯૮ જેટલી સમસ્યાઓ હલ કરવા એપ્રિલ ૨૦૧૭માં દેશના ૨૬ શહેરોની પ્રતિષ્ઠિત કોલેજો, યુનિવર્સિટીઓ ખાતે દેશની પ્રથમ જે આ વખતે નવી બાબત છે આપણા બજેટમાં એવી National Hechathon સ્પર્ધા યોજાય હતી. એમાં સરકારી વિભાગોના કેવા કેવા પ્રશ્નો મળ્યા? આર એન્ડ બી વિભાગ હોય, સામાજિક ઉત્થાન માટેના વિભાગ હોય, રેલવે હોય, બહેરા-મૂંગા વ્યક્તિઓની સાઇનની ભાષાને અવાજમાં તબદીલ કરવી, ફાટક વગરના રેલવે ક્રોસિંગ ખાતે સેન્સરની મદદથી આવતી-જતી ટ્રેઇનની જાણકારી મેળવવી, પરીક્ષાનું મોનિટરીંગ કરવું, લાઇસન્સ વગરના ડ્રાઇવરની જાણકારી તેમજ પર્યાવરણ અને ટ્રાફિક મેનેજમેન્ટની સમસ્યાઓનો ઉકેલ આવા બધા પ્રશ્નો મળ્યા હતા અને મને કહેતા આનંદ થાય છે કે એ વખતે National Hechathon માં આપણા ૮ ગુજરાતના વિદ્યાર્થીઓને એવોર્ડ મળ્યા હતા. એ શ્રેણીમાં આગળ ચાલતી કનેક્ટિવિટી માટે ૨૦૧૭ સપ્ટેમ્બરની અંદર આવી સ્પર્ધાઓ યોજવાનું આયોજન થયું અને એના પરિણામે આપણે ત્યાં પણ એ પ્રકારની જે National Hechathon ની તર્જ ઉપર આપણે ગુજરાતમાં જે Hechathon સ્પર્ધા પસંદ કરી. એમાં રાજય સ્તરે ૨૧૩ જેટલા પ્રશ્નો આપણી પાસે આવ્યા. અમદાવાદ, આણંદ, સુરત, અને રાજકોટ એમ ચાર સ્થળોએ અને ફાઇનલ અમદાવાદ મુકામે રાખવામાં આવી છે. વિજેતા ટીમને આપણે પુરસ્કૃત કરવાના છીએ. દેશ અને દુનિયામાં આપણા વિદ્યાર્થીઓ ઉભા રહે અને એમની પાસે જે સમજ અને આવડત છે. સરકારી વિભાગમાંથી જે આ પ્રશ્નો મળ્યા છે એ પ્રશ્નોમાંથી સારા પ્રશ્નોનું નિરાકરણ જે લાવશે એનું ચયન થશે. હેકાથોન થકી દુનિયાની અંદર ઉબેર, ફલીપચેટ, સ્નેપચેટ જેવી અનેક ગુગલએપ Stanford યુનિવર્સિટીનું સંશોધન છે. ફલીપકાર્ટ, એમેઝોન, પેટીએમ, સ્ટાર્ટઅપ વગેરે જેવી જે કહી શકાય માઇલસ્ટોન દુનિયાની અંદર માઇલ સ્ટોન કહી શકાય એવી એપ્લીકેશનો પણ આ સ્ટાર્ટ-અપ થકી મળી છે. મહત્વની બાબત એ છે કે આપણે પરંપરાગત રીતે જે પ્રાથમિક શિક્ષણથી લઇ અને યુનિવર્સિટી સુધી બજેટની જોગવાઇ કરતા હોઇએ, ગામડાંનું શિક્ષણ સુધારવાના, શિક્ષક, વર્ગખંડ અને આ બધું આપણે કરતા હોઇએ છીએ પરંતુ પ્રથમ વખત આ ૨૦૧૭ થી ૨૦૧૮માં ૧૦ કરોડની જોગવાઇ કરી છે આગામી સમયમાં એક આખી ગેમ ચેન્જર, આખું વિઝન, દિશા અને દ્રષ્ટિ બદલી શકે એવી આ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલીસીનો સમાવેશ પણ આપણા બજેટની અંદર કરવામાં આવ્યો છે. સ્ટાર્ટ અપ, સ્ટુડન્ટ, ઇનોવેશન અને એની પોલીસી આવતા સમયની અંદર દર વર્ષે જો આ વિદ્યાર્થીઓ સ્ટાર્ટ અપ સાથે જોડાય, પોતાને મળેલી સમસ્યાઓ અથવા તો ન પણ મળેલી સમસ્યાઓ હોય તો એના મનમાં કોઇ વિચાર આવ્યો હોય તો એ પણ રજૂ કરી શકે અને આવતા સમયમાં પોતાના કરેલા ઇનોવેશનને દુનિયા સમક્ષ મૂકી શકે અને દુનિયા સમક્ષ મૂકી એ પોતાની રીતે પોતાની કારકિર્દીની રીતે, પોતાને મળેલી શોધની રીતે અથવા તો કોઇ ઉદ્યોગો તરફથી એને મળેલી સમસ્યાઓનું નિરાકરણ કરી શકે એટલી એબીલીટી આ ગુજરાતના વિદ્યાર્થીમાં આવે જેથી કરીને આવતા સમયની અંદર દેશ અને દુનિયા સમક્ષ ટકી શકે. માનનીય ભૂપેન્દ્રસિંહજીને મારે ચાર બાબતમાં અભિનંદન આપવા છે. એક, ટેબ્લેટની બાબતમાં, એક, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલીસી માટે અને ગુજરાતની હેકાથોન જે સ્પર્ધા છે એ યોજવા બદલ ખૂબ નવી બાબત છે અને આવતા સમયની અંદર ગુજરાતના ટેકનિકલ વિદ્યાર્થીઓ માટે ખૂબ માઇલ સ્ટોન સાબિત થવાની છે. આગામી સમયમાં ગુજરાતનો વિદ્યાર્થી પોતાના પગ ઉપર ઉભો રહી શકે, કેવળ સરકારી નોકરી ન શોધી શકે પરંતુ પોતે પોતાના ઉદ્યોગ થકી આગળ વધી શકે એના માટેની જે જોગવાઇ કરી છે અને જે નવી બાબત આ વખતના બજેટમાં લાવ્યા છે, હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને સમર્થન આપી અને મારી વાત પૂરી કરું છું.

ફાલ્ગુન ૨૩, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સિનિયર કેબીનેટ મિનિસ્ટર કાયદા વિભાગ દ્વારા આ વખતે માનનીય નાણામંત્રીશ્રી સમક્ષ અમારા વિભાગની જે માગણીઓ હતી એ વિભાગની માગણીઓ પૈકી માનનીય નાણામંત્રીશ્રી દ્વારા રૂ. ૧૮૧૭.૩૫ કરોડની બજેટની જોગવાઇઓ જે અમારા માટે કરી છે એના માટે એમનો આભાર વ્યકત કરીને એના સંદર્ભમાં હું મારી વાત રજૂ કરવા માગું છું. આપણે સૌ જાણીએ છીએ કે કાયદા વિભાગની મુખ્ય જવાબદારીઓ કાયદા ઘડવા, કાયદા મુજબ રાજય ચલાવવું, કાયદાનું અમલીકરણ કરવું , કાયદાનો ભંગ કરે એને દંડ કરવો અને જેમના હકકો છીનવાયા હોય એને યોગ્ય ન્યાય આપવો. ગુજરાત ગુડ ગવર્નન્સ તરીકે સમગ્ર દેશ અને દુનિયામાં જાણીતું છે. મુખ્યમંત્રીશ્રી તરીકે નરેન્દ્રભાઇ મોદી હતા ત્યારથી અને આજ સુધીના તમામ મુખ્યમંત્રીશ્રીઓએ આ ગુજરાતના વિકાસમાં કાયદા વિભાગને મહત્તમ સ્થાન આપ્યું છે. મહત્તમ સ્થાન એટલા માટે આપ્યું છે આપણે સૌ જાણીએ છીએ કે સંસ્કૃતમાં એક શ્લોક છે સરાજા પુરુષો દંડ, નેતા શાસિતા ચસઃ અર્થાત ન્યાય સર્વશ્રેષ્ઠ છે અને તે સર્વત્ર અનુશાસન કાયમ કરે છે અને આ કાયદાના શાસનથી પ્રજા સુરક્ષીત રહે છે. આ રાજ્ય સરકારનું સૂત્ર સૌનો સાથ સૌનો વિકાસ છે. અમે કાયદા વિભાગના માધ્યમથી સૌનો સાથ સૌનો વિકાસ અને સૌને ન્યાય એના માધ્યમથી ગુજરાતની ૬ કરોડની પ્રજાની ચિંતા કરી છે. જે બજેટના એલોકેશનની વાત કરું તો રાજ્યની અંદર ૨૦૦૪ માં માત્ર ૧૪૦ કરોડ રૂપિયા જેટલું જ બજેટ કાયદા વિભાગને અપાતું હતું. આજે ૧૮૧૭.૩૫ કરોડના વિક્રમી રકમ સુધી પહોંચ્યું છે. આ એટલા માટે પહોંચ્યું છે કે માનનીય વિજયભાઇ રૂપાણીની સરકાર પારદર્શક, સંવેદનશીલ, નિર્ણાયક અને પ્રગતિશીલતાના ૪ પાયા ઉપર ચાલે છે. એમાંનો એક પાયો એટલે સંવેદના. ગુજરાતના લોકોને સસ્તો ન્યાય, ઝડપી ન્યાય અને ઘર આંગણે ન્યાય મળે એના માટે રાજ્ય સરકારે સમગ્ર બજેટમાં તમામ પાસાઓને અનુલક્ષીને બજેટનું આયોજન કર્યુ છે. સાથે સાથે આપણા સૌની ચિંતા છે કે સમયસર ન્યાય ન મળે તે અન્યાય બરાબર છે. Justice delayed is justice denied. એટલે માનનીય પ્રધાનમંત્રીશ્રીએ બ્રાન્ડ ઇન્ડિયા, રેઇનબો ઓફ ઇન્ડિયાના વિઝનને ધ્યાનમાં રાખીને આ દેશને, રાજ્યના વિકાસ માટે રાજ્યની પ્રજા સમક્ષ મત માગ્યા છે, એના માટે કાયદાના શાસન અને સર્વને ન્યાય એ અભિગમની પરિપૂર્તતા કરીને મીનીમમ ગવર્નમેન્ટ અને મેકિસમમ ગવર્નન્સના આધાર ઉપર આ બજેટની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. બજેટની સંપૂર્ણ વ્યવસ્થાનો આધાર વખતો વખત નામદાર હાઇકોર્ટ સાથે પરામર્શ કરીને નામદાર હાઇકોર્ટ દ્વારા સૂચવવામાં આવેલ ગુજરાતના વિવિધ જિલ્લાઓ અને વિવિધ તાલુકાઓ, આના ઉપરાંત જે સેપરેટ સબ્જેકટ હોય એના સ્પેસિફિક જે કોર્ટનું પ્રમાણ વધારીને pendencyના reduction માટે એક અભિયાન લીધું છે. છેલ્લાં ૩ વર્ષના અભિયાનની વાત કરું તો રાજ્યની અંદર ૭ જેટલા નવા જિલ્લા બન્યા. એ પૈકીના ૬ નવા જિલ્લામાં જિલ્લા અદાલતો શરૂ કરી દીધી છે. આ ઉપરાંત એડિશનલ ડિસ્ટ્રિકટ કોર્ટ પણ છેલ્લાં ૩ વર્ષમાં ૧૦ કરતા વધારે આપી છે. ફેમિલી કોર્ટની અંદર પણ વધારો કર્યો છે. આમ ૩૧-૩-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં ૮૯૪ જેટલી કોર્ટો હતી. વિવિધ સંવર્ગોની વાત કરી. ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭ માં ૨૨, ૨૨ અને ૭૫ એ પ્રમાણેની કોર્ટોનો વધારો કર્યો છે. ત્યાંથી અટકીને આગળ વધીને ૨૦૧૮-૧૯ ચાલુ વર્ષના બજેટમાં તાલુકા કક્ષાએ એડિશનલ ડિસ્ટ્રિકટ કોર્ટ એમાં ખાસ કરીને ધારી, પેટલાદ, વંથલી, કોડીનાર, થરાદ અને રાધનપુર ૬ જેટલી જગ્યાએ એડિશનલ ડિસ્ટ્રિકટ કોર્ટ માટેનું પ્રોવિઝન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તાલુકા કક્ષાએ સાણંદ, ખંભાત, પેટલાદ સિનિયર સિવિલ જજની કોર્ટની આ વખતના બજેટમાં રજૂઆત કરવામાં આવી છે. એટલી જ કોર્ટની સ્થાપનાની સાથે સાથે એમાં મેનપાવર અગત્યનો હોય છે. એ મેન પાવર વડી અદાલતનો હોય કે તાબાની અદાલતનો હોય એની અંદર પણ ૨૦૧૬-૧૭ ની સ્થિતિએ જે ખાલી જગ્યાઓ હતી, એમાં વ્યાપક ઘટાડો કર્યો છે. આગામી વર્ષમાં નવી કોર્ટોનું એસ્ટાબ્લિશમેન્ટ કરવાના છીએ એ ૮૫ જેટલી કોર્ટો માટે ૮૧૦ જેટલો મેનપાવર ૧૯૮ કરોડનું પ્રોવિઝન આ બજેટમાં કરવામાં આવ્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે ફેમિલી કોર્ટ એ અત્યંત અગત્યનું અંગ છે. આજદિન સુધીમાં ફેમિલી કોર્ટની સંખ્યા ઘણી ઓછી હતી. રાજ્ય સરકારે આવી મહિલાઓ છે જે મહિલાઓ ઉપરના જાતજાતના કેસીસ છે. ભરણપોષણના કે અન્ય કેસીસ હોય એના માટે ફેમિલી કોર્ટ ઓછી હોવાના કારણે ઘણા પેન્ડિંગ હતા, એના કારણે છુટાછેડાના કેસ હોય એમાં ૨૫ વર્ષની ઉંમરે દીકરીના લગ્ન થયા હોય એનો કેસ ૧૦-૧૫ વર્ષ સુધી ચાલે અને એને ૪૦ વર્ષે છુટાછેડા મળે તો આખી જિંદગી બરબાદ થઇ જતી હોય છે. એવા સંજોગોમાં આવા બધા જ ફેમિલી કોર્ટ રીલેટેડ જેટલા ઇશ્યુ હતા તેના પ્રત્યે સંવેદના કેળવીને રાજય સરકાર દ્વારા રાજયના કુલ ૨૯ જિલ્લાઓમાં ૪૬ જેટલી ફેમિલી કોર્ટો મંજૂર કરવામાં આવી છે. ૧૪ જેટલી ફેમિલી કોર્ટ ઉપરાંત ૩૬ જેટલી ફેમિલી કોર્ટ કાર્યરત થઇ ગઇ છે. અગાઉ કહ્યું તેમ માનનીય પ્રધાનમંત્રી જયારે અહીં મુખ્યમંત્રી હતા ત્યારે વિકેન્દ્રિત વ્યવસ્થા કરીને મોટા જિલ્લામાંથી નાના જિલ્લા બનાવ્યા. મોટા તાલુકામાંથી નાના તાલુકા બનાવ્યા. સ્વાભાવિક છે કે રાજય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા મહેસૂલી જિલ્લા અમલમાં આવ્યા ત્યારે નામદાર હાઇકોર્ટ દ્વારા તે મોટા જિલ્લાની અંદર નવી ન્યાયિક કોર્ટ અને તાલુકાની અંદર તાલુકા કોર્ટની દિશામાં અવાર નવાર રાજય સરકાર દ્વારા જે એસ્ટાબ્લીશમેન્ટની મંજૂરી આપવામાં આવી તેની પ્રક્રિયા અમે ઘણી આગળ વધારી છે. ઘણી જગ્યાએ એડીશનલ ડિસ્ટ્રિકટ કોર્ટની વ્યવસ્થા ન હોય તો સ્વાભાવિક છે કે ડિસ્ટ્રિકટ કોર્ટમાં તેનું ભારણ વધતું જાય છે. લીટીગન્ટસને ડિસ્ટ્રિકટ પ્લેસ સુધી જવું પડે તેવા સંજોગોમાં એડીશનલ ડિસ્ટ્રિકટ કોર્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. મેં અગાઉ કહ્યું તેમ ધારી, પેટલાદ, વંથલી, કોડીનાર અને રાધનપુર ખાતે આવી વ્યવસ્થા કરવામાં આવી છે. ઔદ્યોગિક મજૂર અદાલતો બાબતમાં કહું તો ગુજરાત એ ભારતનું ગ્રોથ એન્જિન છે. સમગ્ર દેશ અને દુનિયાના ઉદ્યોગકારો ગુજરાતની ધરતી ઉપર તેમના ઉદ્યોગો સ્થાપી રહ્યા છે તેનું કારણ આજે ગુજરાતની અંદર ઔદ્યોગિક શાંતિ છે. મજૂર અદાલતોમાં તેમના પ્રશ્નોનું પ્રમાણ ઘટતું જાય છે. છતાંપણ આવા

## તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

કોઈપણ કામદારને લીટીગન્ટને ન્યાય મેળવવો છે ત્યારે તે ન્યાયની અંદર અસુવિદ્યા ન થાય અને સુરત એ એક ઇન્ડસ્ટ્રીયલ હબ છે એટલે ત્યાં એક ઔદ્યોગિક અદાલતની મંજૂરી આપવામાં આવી છે. તાલુકા કક્ષાએ સિનિયર સિવિલ કોર્ટ મંજૂર કરવામાં આવી છે. રાજયની અંદર ૨૪૯ જેટલા તાલુકાઓ છે. આ તાલુકાઓ પૈકી મહત્તમ તાલુકાની અંદર કોર્ટની સ્થાપનની મંજૂરી કરી આપી છે. હવે ડોલવણ, જોટાણા અને વિંછીયા આ ત્રણ તાલુકાની કોર્ટની સ્થાપનાની મંજૂરી રાજય સરકાર દ્વારા આપવામાં આવી છે. આગામી દિવસોમાં આ ૨૪૯ તાલુકામાં કોર્ટની સ્થાપના થતાં ગુજરાતનો એકપણ તાલુકો ન્યાયિક કોર્ટ વગર રહી ન જાય તેવી આદર્શ વ્યવસ્થા આપણે ઉભી કરી છે. તાલુકા કોર્ટ, જિલ્લા કોર્ટ, હાઇકોર્ટની સાથે સાથે  સમાજ જીવનમાં આપણે જુદા જુદા એકટ બનાવીએ છીએ. એકટના આધાર ઉપર આપણે નવી કોર્ટો બનાવીએ છીએ. તેના માટે કોર્ટોની આવશ્યકતા હોય છે. ગુજરાતની પ્રસંશા આખા દેશની અંદર થઇ. તેમાં એસ.સી., એસ.ટી. એટ્રોસીટી એકટ પ્રમાણે કોર્ટની સ્થાપનામાં ૨૦૧૮ની અંદર ૧૮ કોર્ટ અને ૨૦૧૭માં ૩ કોર્ટ આમ કરીને સ્પેસિફીક એટ્રોસીટી એકટની કોર્ટો બનાવી. પોસ્કોની ૪૫ જેટલી કોર્ટ છે. નેગોસિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળની ૪૬ કોર્ટ છે. એન્ટી કરપ્શન એકટ ૧૯૮૮ હેઠળની ૧૩ કોર્ટ છે. એનડીપીએસ એકટ હેઠળની કોર્ટ છે. આમ જુદી જુદી પ્રકારની સ્પેશ્યલ કોર્ટો બનાવવામાં આવી છે. કોમર્શિયલ ડિવિઝન એન્ડ કોમર્શિયલ  એપેલેટ ડિવિઝન ઓફ હાઇકોર્ટ એકટ ૨૦૧૫ પ્રમાણે સામાન્ય રીતે રાજયની અંદર કોમર્શિયલ કોર્ટ બનાવવામાં આવી છે તેમાં રાજકોટ, વડોદરા અને અમદાવાદ  એમ ત્રણ જગ્યાએ આ કોર્ટ બનાવવામાં આવી છે. ત્રણેના જયુરીસડીકશન નકકી કરવામાં આવ્યા છે. તેના કારણે સૌરાષ્ટ્રના, મધ્ય ગુજરાતના અને દક્ષિણ ગુજરાતના લોકોને ન્યાય મળશે. તેની સિસ્ટમ જોઇએ તો આમાં વ્યાપારી તકરારો એક કરોડથી ઉપરની હોય તો તેવા કેસોમાં એક વર્ષની અંદર કેસ પૂરો કરવાનો હોય છે. જે જૂરી રેગ્યુલર –ની પ્રોસીઝર હતી તેમાં કાયદા હેઠળ સ્પેશ્યલ સુધારો કરીને દરેક તબક્કે મુદત એટલે કે દિવસો નકકી કરવામાં આવે છે. જેથી કેસ ચલાવવામાં ડીલે ન થાય. ડીસએબીલીટી એકટ હેઠળની કોર્ટો રાજયની અંદર ઉભી કરવામાં આવી છે. આમ, લીટીગન્ટસ તે ગરીબ, મધ્યમ વર્ગનો કે અમીર હોય , વેપારી હોય કે કામદાર હોય આ સમાજ જીવનના દરેક ક્ષેત્રોની અંદર લીટીગન્ટસને પૂરો ન્યાય મળે તેના માટે રાજય સરકારે વ્યવસ્થાઓ કરી છે. મેં અગાઉ કહ્યું તેમ નવી કોર્ટોની સ્થાપના, તેના માટેનો મેનપાવર, જુદા જુદા પ્રકારની કોર્ટો અને સાથે સાથે ૨૧મી સદીમાં આપણે ડીઝીટલ યુગની અંદર છીએ. આપ સારી રીતે જાણો છો કે તેના એટલા બધા ડોકયુમેન્ટસ હોય છે અને આ ડોકયુમેન્ટસને મેઇન્ટેઇન કરવા તે આવનારા દિવસોમાં આખી જયુડીશ્યરી સિસ્ટમ માટે અનેક પ્રશ્નો ઉભા થવાના છે. એવા વખતમાં એક નવતર અભિગમ સાથે ગુજરાત હાઇકોર્ટ તથા રાજયની તાબાની અદાલતો માટે રેકર્ડનું ડિજિટેલાઇઝેશન માટે ૧૭ કરોડ રૂપિયાનું આ બજેટમાં આયોજન કરવામાં આવ્યું છે. સી.સી.ટી.વી. એક એવી સિસ્ટમ છે કે સી.સી.ટી.વી.ના માઘ્યમથી આખી પરિસ્થિતિનું મોનિટરીંગ કરી શકાય છે અને આ સી.સી.ટી.વી.ના કેમેરાનું ઇન્સ્ટોલેશન આગામી દિવસોમાં કોર્ટ રૂમમાં થવાના કારણે ન્યાયીક પ્રક્રિયામાં પારદર્શકતા વધશે, પક્ષકારો કે વકીલોની ગેરહાજરીમાં કેસની કોઇ કાર્યવાહી ચાલી હોય એમાં પક્ષકાર કે કોઇ વકીલને શંકા–કુશંકા ઉભી થાય તેવા સંજોગોમાં એની ઉપયોગીતા થશે. ઉપરાંત ઘણી વાર કોર્ટ રૂમની અંદર પણ કેટલાક પ્રકારની ઘટનાઓ, બનાવો બને છે એવા સંજોગોમાં કોર્ટની ગરિમા જાળવવા માટે પણ આ ઉપયોગી થશે. આમ, આ માટે નામદાર હાઇકોર્ટ માટે ૩ કરોડ, રાજયની સબ ઓર્ડીનેટ કોર્ટ માટે ૫૩.૩૦ કરોડ અને જ્યુડિશિયલ એકેડમી માટે  ૪.૨૫ કરોડો એમ સમગ્ર રાજયની અંદર ૬૧.૫૫ કરોડ રૂપિયાના સી.સી.ટી.વી.ના ઇન્સ્ટોલેશનના માઘ્યમથી સિસ્ટમનું સારું મોનિટરીંગ થશે. વર્ષોથી આપણી પરંપરા રહી છે મહાભારતના વખતથી કે લોક અદાલત એક માઘ્યમ છે એ લોક અદાલતના માઘ્યમથી નહીં કોઇની હાર, નહીં કોઇની જીત અને પ્રિવેન્શન જ્યુડિશિયરી સિસ્ટમ પરનો લોડ ઘટાડવા માટે એક લોક અદાલતના માઘ્યમથી પણ આપણે ગયા વર્ષની અંદર ૧૭,૪૪૨ જેટલી લોક અદાલતો કરીને ૬,૮૬,૪૦૧ કેસો મૂકીને એમાં ફેસલ થયેલા કેસો ૨.૩૫,૦૦૦ અને એમાં જુદા જુદા એવોર્ડ અને વળતર છે એ ૭૯૧ કરોડના વળતર ચૂકવવામાં આવ્યા છે અને ૫ કાયમી લોક અદાલતની વ્યવસ્થા કરવામાં આવી છે. માનનીય અઘ્યક્ષશ્રી, મિડિએશમ સેન્ટરના માઘ્યમથી પણ આ વખતે ૬૩ લાખની જોગવાઇ કરવામાં આવી છે. રિક્રૂટમેન્ટ, ઇન્ફ્રાસ્ટ્રકચર, નવી કોર્ટની સાથે સાથે સમયની સાથે સ્કીલ અપગ્રેડેશન અત્યંત જરૂરી છે. હવે જે કોર્ટોની અંદર કેસીસ આવે છે એ નવા પ્રકારના કેસીસ હોય છે. આ હાઇફાઇ યુગની અંદર લોકો વાઇફાઇ કરીને નવા પ્રકારના ક્રાઇમ આચરતા હોય છે અને સમાજની અંદર કાયદાનો ભય ત્યારે જ પ્રસ્થાપિત કરીએ કે કાયદાના ઓઠા હેઠળ જે ગુનેગાર પકડાય એને જો કન્વિકશન રેટ આપણે સારો લાવી શકતા હોઇએ અને કન્વિકશન રેટ સારો લાવવા માટે સારા વકીલો એના માટે ઉપયોગી થતા હોય છે અને એક વાર એને જો કન્વિક કરાવીએ તો એ ફરીથી ગુનો ન આચરે જેના કારણે એક શાંતિનું વાતાવરણ આપણે એસ્ટાબ્લિશ કરવા માટે રાજય સરકારે સ્કીલ અપગ્રેડેશન માટે પણ ચાલુ વર્ષના બજેટમાં જ્યુડિશિયલ એકેડમીમાં ૮૯ કરોડ અને હાઇકોર્ટ ખાતે એકદમ મોર્ડન ઓડિટોરીયમ માટે ૪૩ કરોડની ઇન્ફ્રાસ્ટ્રકચર માટે અને ૧૫ કરોડ રૂપિયા સ્કીલ અપગ્રેડેશન માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. કાયદા મંત્રી તરીકે રાજય કક્ષામાં મારો નાનો મોટો સાત આઠ વર્ષનો જે અનુભવ થયો છે એમાં ગુજરાત સરકારનું નાણાં વિભાગ હોય કે રાજયના અન્ય વિભાગો હોય સૌથી વધારે જો વહીવટી મંજૂરીઓ આપી હોય તો ગુજરાત રાજયના કોર્ટના ઇન્ફ્રાસ્ટ્રકચર માટે રાજય સરકારે ખુલ્લા હાથે પોતાની તિજોરીમાંથી ફંડ આપ્યા છે અને એ બે, પાંચ, સાત કરોડના નહીં, હમણા જ ૧૭મી તારીખે આપના દ્વારા જે લોકાર્પણ થવા જઇ રહયું છે એ વડોદરાની કોર્ટ ૧૩૦ કરોડના ખર્ચે બનાવીને આપણે લોકાર્પણ કરવાના છીએ. માનનીય અઘ્યક્ષશ્રી, અમદાવાદ ખાતે ૧૨૮ કરોડના ખર્ચે કોર્ટનું બાંધકામ ચાલુ છે, સુરત ખાતે ૪૮ કરોડ, મહેસાણામાં ૬૨ કરોડના ખર્ચે એકદમ મોર્ડનાઇઝ કોર્ટ, હિંમતનગરમાં ૪૦ કરોડના ખર્ચે

કોર્ટનું કામ ચાલુ છે. હાઇકોર્ટની અંદર ગવર્મેન્ટ પ્લીડરની ઓફિસમાં આટલા બધા એ.જી.પી., આટલા એ. પી.પી., એ.જી., ડબલ એ.જી., જી.પી. અને આટલા બધા સ્ટેટની અંદરથી આપણા ઓફિસર્સ આવતા હોય તો બહુ કન્જેક્ટેડ અને પ્રોપર વેની અંદર એની સાથે વાતચિત ન થઇ શકે એવી સ્થિતિ હતી એના માટે માનનીય અધ્યક્ષશ્રી, ૨૯ કરોડના ખર્ચે આપણું જી.પી. ભવન તૈયાર થઇ ગયું છે અને આગામી એક મહિનાની અંદર એનું પણ લોકાર્પણ થવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રિમ કોર્ટના નામદાર જજ ગોગઇ સાહેબ આવ્યા હતા, માનનીય ભૂપેન્દ્રસિંહજીને અને અમારે મળવાનું થયું, એમણે આપણે હાઇકોર્ટના પ્રિમાઇસીસમાં ૮૯ કરોડના ખર્ચે જે જ્યુડિશિયલ એકેડમી અને ૪૩ કરોડ રૂપિયાના ખર્ચે ઓડિટોરિયમ બનાવ્યું છે, એમણે કહ્યું કે મેં દેશભરની જ્યુડીશીયલ સિસ્ટમ, એનું ઓડિટોરિયમ અને એકેડેમીના ઇન્ફ્રાસ્ટ્રક્ચર જોયા છે પણ મને કહેતા આનંદ થાય છે કે, માનનીય સુપ્રિમ કોર્ટના જજ દ્વારા ગુજરાતના આ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે ગણી એની પ્રસંશા કરવામાં આવી છે. મેં કહ્યું એમ હું બધી ડિટેઇલમાં વાત નથી કરતો પણ છેલ્લાં ત્રણ વરસમાં ગુજરાત સરકાર દ્વારા કોર્ટ બિલ્ડીંગ, માત્ર બિલ્ડીંગો નહિ એના જે જ્યુડીશીયલ ઓફિસર્સ હોય એમના માટે અને એમના સ્ટાફના રહેઠાણ માટે ૧,૦૫૩ કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી છે અને ચાલુ વરસે પણ આ બજેટમાં ૧૮૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે અને એ રીતે રાજ્ય સરકાર દ્વારા કોર્ટના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને પણ પૂરતું મહત્વ આપવામાં આવ્યું છે. ચેરીટી તંત્રની આપણને બધા લોકોને અવારનવાર જરૂર પડતી હોય છે, પણ આ ચેરીટી તંત્ર એટલું મોટું છે કે જેમાં રાજ્યમાં ૨,૪૪,૩૦૪ ટ્રસ્ટો આવેલા છે, સોસાયટી એકટ હેઠળના ૮૯૭૬૧ ટ્રસ્ટો આવેલા છે એને વસ્ત્રાપુર ખાતે બહુમાળી ભવનમાં ખસેડીને એનું ડીઝીટલાઇઝેશન, એનું કમ્પ્યુટરાઇઝેશન અને આજ સુધીમાં નહોતું, નવા આઠ જિલ્લાઓ થયા એ તમામ જિલ્લાઓમાં જાહેર ટ્રસ્ટોની નોંધણીની કચેરી તેમજ ભાવનગર અને મહેસાણા ખાતે જોઇન્ટ ચેરીટી કમિશનરની બે નવી કચેરીઓ પણ કાર્યરત કરવામાં આવી છે. તુમાર નિકાલ હેઠળ એમાં પણ ઘણી સ્પીડ કરવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઇ મોદીજીએ ગુજરાતમાં ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, જેના માધ્યમથી ક્રાઇમ ઇન્વેસ્ટીગેશનમાં મદદરૂપ થવાય, રક્ષાશક્તિ યુનિવર્સિટી, જેના માધ્યમથી સ્કીલવાળા લોકો પોલીસફોર્સને મળે અને એવી જ નેશનલ લો યુનિવર્સિટી, જેના માધ્યમથી લોની અંદર સ્કીલ લોકો આપણને મળે તો આગામી દિવસોમાં આપણને સારા જજીસ મળે, સારા એડવોકેટ્સ મળે અને સારી કોરપોરેટ કંપનીઝને પોતાના લો પોઇન્ટ માટે સારા લોકોને પણ એક જોબ ઓપર્ચ્યુનીટી ઉભી થઇ જાય. મારે ગૌરવ સાથે કહેવું છે કે આપણી નેશનલ લો યુનિવર્સિટી એ દેશની અંદર નામાંકિત લો યુનિવર્સિટીમાં ગણાય છે અને એની અંદર જે જુદી જુદી ફેકલ્ટીઓ છે એમાં ૬૫ ટકા ફેકલ્ટી એ ડોકટરેટની ડીગ્રી ધરાવતી ફેકલ્ટી છે અને આમાં જુદા જુદા કોર્સીસ પણ કરાવવામાં આવે છે.

લિગલ સર્વિસ ઓથોરિટિના માધ્યમથી પણ ગુજરાતના ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને વકીલ રોકી આપીએ છીએ અને વકીલને મળવાપાત્ર માનદવેતન હતું એની અંદર પણ ખાસ્સો વધારો કરવામાં આવ્યો છે. જેના કારણે લિગલ સર્વિસ ઓથોરિટિમાં સહાય લેવાવાળાને પણ ઉત્તમ પ્રકારના વકીલો મળી શકે છે. ગુજરાતમાં જ્યારથી આપણા નવા મુખ્ય ન્યાયમંત્રીશ્રી આવ્યા છે, એમણે એક ઝુંબેશ ઉપાડી છે અને હું જુના આંકડા જોતો હતો તો જુના આંકડામાં ગુજરાતના પડતર કેસોની સંખ્યા ૩૮.૩૬ લાખની હતી. ગુજરાત સરકાર આના માટે ખર્ચ કરી રહેલ છે અને પડતર કેસોનો ઝડપથી નિકાલ થાય, લિટિગન્ટસને સસ્તો, ઘરઆંગણે ઝડપી ન્યાય મળે એના માટેની આ આખી મહેનત છે, એના સારા પરિણામ પણ મળ્યા છે. આ ૩૮ લાખના કેસોમાં ઘટતા ઘટતા ૨૦૧૨માં આ કેસોની સંખ્યા ૨૨ લાખની થઇ અને આ ૨૦૧૭માં હાઇકોર્ટમાં દ્વારા આ પડતર કેસોની ઝુંબેશ અને રાજ્ય સરકારે છૂટાં હાથે આપેલા બજેટના કારણે આ પડતર કેસો એ ૧૬ લાખ જેટલા થયા છે. પેન્ડન્સીનું ઘણું રિડકશન થયું છે. ગુજરાત સરકાર આ ન્યાય વિભાગને વધારે પડતું જરૂરિયાત કરતાં વધારે ફંડ આપીને ગુજરાતના લિટિગન્ટસને ઝડપી ન્યાય મળે એના માટેનું આ સમગ્ર બજેટની અંદર આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સોમવાર તારીખ ૧૨મીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરિક્ષાઓ શરૂ થઇ છે અને એમાં છેલ્લાં ત્રણ દિવસમાં એક ગાયત્રી હાઇસ્કૂલ, રાણીપનો એક વિદ્યાર્થી રોહિત ચંદુજી ઠાકોર પરિક્ષા આપીને પરત ફરતા અકસ્માતમાં સ્લીપ થયો અને પછી એનું મૃત્યુ થયું છે, એવી રીતે અગિયાર તારીખે હેત ગૌરાંગભાઇ શાહ, હિંમતનગર અને માનસી સંજયભાઇ પટેલ, નારણપુરા, અમદાવાદ એ ગઇકાલે. આ ત્રણેયની આત્માને શાંતિ મળે એટલા માટે હું શિક્ષણમંત્રી તરીકે ઇશ્વરને પ્રાર્થના કરું છું અને ઉંડા દુ: ખની લાગણી વ્યક્ત કરું છું. આ પરીક્ષા ચાલે છે ત્યારે વિદ્યાર્થીઓના મનમાં એક પ્રકારનો ભાર હોય છે, ડર હોય છે, ટેન્શન હોય છે. એ ઓછો કરવા માટે શિક્ષણ વિભાગ તરફથી બાયસેગ દ્વારા સમાજ જીવનના સાહિત્યકારો, કવિઓ, શિક્ષણ શાસ્ત્રીઓ બધાને અમે સીધી વિદ્યાર્થીઓ સાથે અને વાલીઓ સાથે વાત કરાવીને આ પહેલી પરીક્ષા છે, અંતિમ પરીક્ષા નથી એ સ્વરૂપે આશ્વત કરીએ છીએ અને એના પરિણામે ગુણવત્તાને ધ્યાનમાં રાખીને અમે છેલ્લા ચાર વર્ષથી ગેરરીતિ રોકવા માટેના પ્રમાણિત પ્રયત્નો કર્યા અને સી.સી.ટી.વી. કેમેરા મૂક્યા. આપણે બધાં સાક્ષી છીએ કે, પહેલાં આપણે કોપીઓના ઢગલા જોતા હતા અને ફરિયાદો જોતા હતા. આજે મને એ વાતનો ગર્વ છે કે, નહિવત અથવા નગણ્ય કહી શકાય એટલા જ કિસ્સા મળ્યા છે. શિક્ષણ વિશે ઘણાં લોકોએ ખૂબ સરસ વાત કરી છે. વિદ્યાર્થીરૂપી રત્ન મહાન ધન છે.

**जिसका बंटवारा नहीं हो सकता है ,जिसका चोर भी चोरी नहीं कर सकते है,**

તા. ૧૪મી માર્ચ, ૨૦૧૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

**जिसको दान करने से कमी नहीं आती है, जो चोरों को नजर नहीं आता है,**
**देने से जिसका विस्तार होता है, प्रलय में भी विनाश नहीं होता है वह विद्‌या है,**
**उसके अलावा और कया हो सकता है।**

આપણા વડાપ્રધાનશ્રીએ પણ આ અંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં એવું કહ્યું છે કે, માહિતીનો કદાચ ટેકાની લાકડી તરીકે ઉપયોગ થઇ શકે અને તમારો રસ્તો કદાચ ક્રોસ થઇ શકે પણ જો તમે અંધારામાં હોવ અને રસ્તો શોધવા માગતા હોવ તો ફક્ત જ્ઞાન જ એનો રસ્તો બતાવી શકે. તેમણે આગળ કહ્યું છે કે, શિક્ષણ હશે તો જીવનમાં બધું જ હોઇ શકે. સરકાર, રસ્તા, હોસ્પિટલ અને શાળાની ઇમારતો બનાવી શકે પરંતુ જો તમારા ઘરમાં માત્ર શિક્ષિત બાળકો હોય તો તમારું ઘર ઝળહળે. કમનસીબે સામે કોઇ નથી પણ એમને જ્યારે પણ તક મળે ત્યારે ટપલી મારવાનું ચૂકતા નથી. એમના સમયમાં શરૂઆતથી ૩૫ વર્ષ અને અમને મળેલ ૨૨ વર્ષની હું થોડાક મુદ્દાઓ સાથે કમ્પેરીઝન કરવા માગું છું. આ રાજ્યમાં દરેક બાળક ભણે એ ખૂબ જરૂરી છે અને ભણે એટલે પહેલા ધોરણમાં ભણીને ઉઠી જાય એમ નહિ પણ અક્ષરજ્ઞાન થાય, થોડીક જાણકારી મળે. એમના ૩૫ વર્ષના શાસનમાં ૫૮.૩ ટકા સાક્ષરતા દર હતો. આજે મને કહેતા આનંદ થાય છે કે, આ સમયે ૭૮ ટકા એટલે ૨૦ ટકાનો વધારો અમે કર્યો છે. એ વખતે પહેલું, બીજું, ત્રીજું અને ચોથું ધોરણ ભણીને ઉઠી જાય એને આપણે ડ્રોપ આઉટ રેશિયો કહીએ છીએ. એ વખતે ૩૬.૯૩ એટલે કે ૩૭ ટકા ડ્રોપ આઉટ રેશિયો હતો. એ લોકો પ્રવેશોત્સવ અને ગુણોત્સવ માટે અપમાનિત ભાષમાં વાત કરતાં હોય છે. એના થકી આપણા સમાજને કેટલું મળ્યું છે. સમાજ જીવનના ગરીબ વિદ્યાર્થીઓ, દીકરા-દીકરીઓ ઉઠી જતા હતા. એનો આંકડો ૩૮ ટકા હતો એ આજે માત્ર ૧.૫૪ ટકા થયો છે. સરકારી કોલેજો ૩૫ વર્ષમાં ૨૬ હતી અત્યારે ૧૪૦ છે. અનુદાનિત કોલેજો ૩૦૦ હતી આજે ૩૫૬ છે. સાયન્સ કોલેજો ૯ હતી આજે ૩૧ છે. સાયન્સની ગ્રાન્ટેડ કોલજો ૮ હતી આજે ૨૫ છે. ઇજનેરી કોલેજો ૨૦ હતી આજે ૧૩૮ છે. બેઠકોની સંખ્યા ૧૪,૦૨૯ હતી આજે ૧,૬૯,૩૮૪ છે. પોલીટિકનિક કોલેજો ૪૯ હતી આજે ૧૧૫ છે. ડીગ્રી એન્જીનીયરીંગમાં પ્રવેશ માત્ર ૨૨૯૫ હતો આજે ૭૦,૦૦૦ છે. જે અભ્યાસ કરવા બહાર જતા અને ખર્ચો કરતા હતા, પણ હવે આપણે અહીં વ્યવસ્થા ઉભી કરી છે. ડિપ્લોમા અભ્યાસક્રમ માટેની ક્ષમતા ૬૦૨૦ હતી, આજે એ ૫૭૦૦૦ની છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫-૯૬માં ૧,૮૩૩ કરોડ રૂપિયાનું બજેટ હતું એ આજે ૨૭,૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ છે અને એના માટે હું મારા સાથી માનનીય નીતિનભાઇનો શિક્ષણ વિભાગ તરફથી અને વ્યક્તિગત હું પણ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ફરિયાદો આવે છે કે, એકથી પાંચ ધોરણ ભણાવે એની જ જવાબદારી, છ થી આઠ આટલી જ જવાબદારી, દસથી બાર આટલી જ જવાબદારી, કોલેજમાં આટલી જ જવાબદારી. લખતાં વાચતાં નથી આવડતું અને કહે કે, મારી જવાબદારી નહીં એટલે નીચેથી આવું જ આવે એટલે મારા વિભાગે હમણાં ચિંતન શિબિર કરી અને એક એજયુકેશન એઝ આ હોલ. કોલેજના વિદ્યાર્થી પણ પ્રવેશ મહોત્સવમાં આવે અને નાના બાળકની ચિંતા કરે. આ પ્રકારનો એક માહોલ ઉભો કરવાનો અમારો પ્રયાસ છે અને આજે લીધેલા નિર્ણયની અસર પાંચ દસ વર્ષે આવે છે એટલે મારી વ્યાખ્યા છે કે, એજ્યેકેશન એઝ આ લોંગ એન્ડ સ્લો પ્રોસેસ. અને જયારે પણ તમે નિર્ણય લો છો એની અસર દા. ત. ૨૦૦૯માં નિર્ણય લીધો કે, છ થી ચૌદ વર્ષના બાળકોને મફત ભણાવવના. બહુ સારો નિર્ણય કહેવાય પણ એમાં નાપાસ નહીં કરવાના. પરીક્ષા લેવાની પણ નાપાસ નહીં કરવાના. આ લીધેલા નિર્ણયની એટલી બધી નેગેટીવ અસર થઇ, શિક્ષણની ગુણવત્તા ઉપર નેગેટીવ અસર થઇ. ન બાળકને ચિંતા, તો નાપાસ થશે એની ચિંતા વાલીને હોય એટલે ઘરે વાલી પૂછે કે, આજે શિક્ષકે શું ભણાવ્યું? તું લેશન કરવા બેસ. શિક્ષકને એમ થાય કે, મારા વર્ગમાંથી જો ૫-૨૫ ટકા વિદ્યાર્થીઓ નાપાસ થશે તો મને આચાર્ય પૂછશે, કોઇક પૂછશે, સરકાર પૂછશે, ન વિદ્યાર્થીને ચિંતા, ન વાલીને ચિંતા, ન શિક્ષકને ચિંતા તો માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૯માં લીધેલા નિર્ણયની અસર આજે ૨૦૧૬ દેખાય છે અને મારા સાથી મિત્રો ટીકા કરે અમે ગયા હતા અને ચોથા ધોરણમાં ભણતા વિદ્યાર્થીને વાંચતાં નહોતું આવડતું, લોંગ પ્રોસેસ સ્લો પ્રોસેસ, સને ૨૦૦૯માં લીધેલા નિર્ણયની અસર અત્યારે લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણ એ વ્યક્તિના સમગ્ર શિક્ષણનો પાયો છે. પ્રાથમિક શિક્ષણ સુદ્રઢ કરવા માટે અમે સો ટકા પ્રવેશ, ઝીરો ટકા ડ્રોપઆઉટ, પૂરતી શાળા, શિક્ષકો, અભ્યાસક્રમ, પાઠ્ય પુસ્તક, આનુષાંગિક વ્યવસ્થા, મધ્યાહન ભોજન, ટ્રાન્સપોર્ટ, નાણાકીય વ્યવસ્થા આ બધાની સાથે સાથે આજે આપણે જે વરવાં દ્રશ્યો જોયાંને એમાં કારણ શું? માની લો કે, બધા શિક્ષિત હશે પણ શિક્ષણ સાથે જો સંસ્કાર ન હોયને એનું આ પરિણામ આજે આપણે આ ગૃહમાં જોયુંને તો એ એનું પરિણામ હતું. એ શિક્ષિત થાય પણ સંસ્કાર ના મળે તો, રાજય સરકાર બાળકમાં શિક્ષણની સાથે સાથે સંસ્કારનું પણ સિંચન થાય એના માટે અને કેળવણી તે કેળવણી, સંસ્કારના સિંચન દ્વારા ચારિત્ર્ય ઘડતર થાય અને રાષ્ટ્રપ્રેમ આવે,

સત્યનિષ્ઠા થાય, પ્રામાણિકતા આવે એના માટેના પણ અમે પ્રયત્ન કરીએ છીએ અને એના ભાગરૂપે શાળા પ્રવેશ મહોત્સવમાં ૭૫ ટકા નામાંકન હતું, પહેલાં ૫૮ ટકા હતું અને આજે ૯૯ ટકા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યા સહાયકોની ભરતી અંગે જોઇએ તો, પહેલાં એવું હતું કે કોઇ શિક્ષકની નોકરી, તલાટીની નોકરી લેવી હોય, નાની નોકરી લેવી હોય તો લાયકાત વગરના લાગવગવાળા લોકોને નોકરી મળતી હતી. લાયકાત વગરના લાગવગવાળાને. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આનંદીબેન ૧૯૯૮માં પહેલાં શિક્ષણ મંત્રીશ્રી બન્યાંને ત્યારથી જ એ વ્યવસ્થા ગોઠવી છે. અત્યાર સુધી જે જે ભરતી થઇ એક પણ ટાંકણી મૂકી શકાય એવો પણ કિસ્સો બહાર નથી આવ્યો એ શિક્ષણ વિભાગ માટે ગૌરવની વાત છે. આ માત્ર ભરતીમાં નથી બદલીમાં પણ, ઓનલાઇનના કારણે ક્યાંય પણ નથી. કોંગ્રેસના મિત્રો કેટલીક વાર ફિક્સ પગાર માટે બહુ જ ફરિયાદો કરતા હોય છે પણ એમના સમયની અંદર ૧૯૮૪માં માત્ર ૩૨૫ રૂપિયાના ફિક્સ પગારથી ભરતી કરી હતી પછી બાલગુરુ નામની ૧૯૯૭માં યોજના આવી, એમાં ૨૫૦૦ રૂપિયા ફિક્સ આપવામાં આવતા હતા. આજે અમે ૧૯૯૫૦ રૂપિયા ફિક્સ પગારમાં આપીએ છીએ. આજના બાળકને આપણે આવતી કાલે નેશનલ ઇન્ટરનેશનલ હરિફાઇમાં મૂકવાનો છે.અને અમે વિચાર કર્યો છે માનનીય વિજયભાઇની સૂચનાથી કે, આપણું જે ગુજરાત બોર્ડ છે તેમાં ભણેલ બાળક એનો અભ્યાસક્રમ અને નેશનલ અભ્યાસક્રમ એ બેમાં ફેર છે એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી નેશનલ અભ્યાસક્રમને અમે દાખલ કરવાનો નિર્ણય કર્યો છે. જે બદલી નીટમાં એનસીઆરટી દ્વારા ધોરણ–૧ થી ૮માં ગણિત અને ૬ થી ૮ માં વિજ્ઞાન અને ૯ માં ગણિત, વિજ્ઞાન અને ૧૧ માં ગણિત, અને રસાયણશાસ્ત્ર અને ભૌતિક શાસ્ત્ર તેના માટે નિર્ણય લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુણોત્સવ શરૂ કરેલો ૨૦૦૯ માં, પણ એ માત્ર અને માત્ર આખા રાજયમાંથી એ–પ્લસવાળી પાંચ શાળાઓ હતી, એ–વાળી ૨૬૫ શાળાઓ હતી, જયારે ૭ ગુણોત્સવ પૂરા કર્યા ત્યારે માનનીયઅધ્યક્ષશ્રી, પાંચમાંથી ૨૧૧૭ થઇ અને જે ૨૬૫ હતી તેમાંથી ૧૭૬૫૩ થઇ. સી–ગ્રેડની , બી અને એ થઇ. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર અક્ષરજ્ઞાનની નહીં પણ ટેકનીકલ યુગ છે એટલા માટે જ્ઞાન કુંજ પ્રોજેકટ અમે શરૂ કર્યો છે અને તેમાં અમે સફળ થયા છીએ. થર્ડ પાર્ટી ઇન્સપેકશન અમે સોંપ્યું તેમાં પણ અમે સફળ રહ્યા છીએ. સ્માર્ટ કલાસ, ગયા વખતે ૩૧૭૩ વર્ગ ખંડોમાં અમે પ્રયોગ કર્યો અને ૨.૮૫ લાખ બાળકોને અમે લાભ આપ્યો. આને ધ્યાનમાં રાખીને આ વખતે ૮ હજાર કલાસરૂમ આપવા માટે જઇ રહ્યા છીએ. ઓન લાઇન મોનીટરીંગ સિસ્ટમ બીઆરસી અને સીઆરસી દ્વારા થાય અને ગુણવત્તામાં વધારો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, સીઝન હોસ્ટેલ – જેના મા–બાપ મજૂરી કરવા બહાર જતા હોય છે, તેમના બાળકો અક્ષરજ્ઞાનથી વંચિત રહેતા હોય છે તેમને રહેવા અને જમવાની વ્યવસ્થા. દિવ્યાંગ બાળકોનો શું વાંક આ સમાજમાં તેમને માટે પણ ૧૯ હજાર જેટલા દિવ્યાંગ બાળકોને માટે તાલુકા કક્ષાએ ૧૧ કરોડના ખર્ચે વ્યવસ્થા કરવાની અને તેવી જ રીતે મોડેલ સ્કૂલના કમ્પાઉન્ડમાં ચાર બોઇઝ અને ચાર ગર્લ્સ કોલેજ –હોસ્ટેલ શરૂ કરી છે ભરતીની પ્રક્રીયા પણ અમે જેમ જેમ જરૂરીયાત ઉભી થાય છે તેમ તેમ દા.ત. ૨૦૧૬–૧૭માં ગ્રાન્ટઇન એડ શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ૪૦૪ ૩ નીભરતી કરવામાં આવી છે. અને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ૧૧૧૫ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. મોંઘા ટયુશનની ફરિયાદ કરવામાં આવે છે આના માટે બાયસેફનો ઉપયોગ કરીને તેના ઘર આંગણા સુધી ધોરણ–૫ થી ૧૨ સુધી અને તેનું તો એક વર્ષ પૂરું થઇ ગયું અને હમણાં પાછું ગણિત, વિજ્ઞાન, ગુજરાતી, ભાષા, સમાજ વિજ્ઞાન બધું જ તે અને કોના દ્વારા માનનીય અધ્યક્ષશ્રી, જાણકાર અને તજજ્ઞો દ્વારા શિક્ષકો દ્વારા ઘર સુધી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. નીટની પરીક્ષામાં બેસવા માટે બે મહિના પહેલાંની વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહન ભોજન વ્યવસ્થામાં અમે થોડોક ફેરફાર કર્યો છે. અમુક કેલરી ભોજન એકવાર આપવાથી આરોગ્ય વિભાગ ખબર પડી કે વૈનિક તપાસ કરતાં ખબર પડી કે એકટાઇમ ભોજનથી આ કેલેરી આપી શકાતી નથી પણ એટલું ભોજન તમે બે વાર આપો તો એટલી જ કેલેરી અને પ્રોટીન આપી શકો છો. એટલે આ વખતે માનનીય અધ્યક્ષશ્રી અમે આમ નાસ્તો અને ભોજન બન્ને આપવાની યોજના કરી છે.

મુખ્ય મંત્રીશ્રી સ્વાવલંબન યોજના ૮૭ હજાર વિદ્યાર્થીઓને ૩૧૬ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. યુનિવર્સિટીઓની ગુણવત્તા સુધારવા માટે અમે જે પગલાં ભર્યા છે તેમાં રાજયની કુલ ૧૮ યુનિવર્સિટીઓમાં મોક એડમીશન પૂર્ણ થયું છે અને ૨૦૧૩–૧૪ માં એક પણ એ ગ્રેડ યુનિવર્સિટી નહોતી આજે ૧૩ જેટલી યુનિવર્સિટીઓ બની છે.

કારકીર્દી ઘડતર યોજના, આ ઘડતર માટે ભાવિ યોજના માટે પૂરી રીતે રાજય સરકારે આયોજન કર્યું છે અને તેના ભાગરૂપે ૨, ૩, ૪, ૫ ફેબ્રુઆરી ના રોજ એક ગ્રાન્ડ એજયુકેશન ફેર કર્યો ૧૨ મા ધોરણ પછી શું કરવું ?મારા મા–બાપ અભણ છે તો મારે શું કરવું ? એના માટે ફેર કર્યો અને આ ફેર દ્વારા તેમના માર્ગર્દશન માટે અમે ચાર દિવસનો કેમ્પ કર્યો. તેમાં ૯૩ હજારથી વધારે વિદ્યાર્થીઓ આવ્યા.

ટેકનિકલ શિક્ષણ સ્ટાર્ટ અપ એમાં મારા સાથી સભ્યશ્રી ઋષિકેશભાઇએ જે વ્યાખ્યા આપી. સમાજની સમસ્યાઓનું સુવિધા સાથેનું બે દિવસ પહેલા રવિવારે સુરેશ પ્રભુ આવેલા એમણે પણ આ પોલિસી લોન્ચ કરી અને કહ્યું કે કેન્દ્ર સરકાર તમને જોઇએ તે આપશે. હું આ હાઉસના ધ્યાન ઉપર મૂકવા માગું છું એમાં નવા વિચાર નવી શોધ. આઇ ક્રિએટ, બહેરા વ્યકિતઓ સાંભળી શકે તેવું ડીવાઇસ. મેં જાતે કાન બંધ કરીને આ જગ્યાએ ડીવાઇસ મૂકયું, સુરેશ પ્રભુએ મૂકયું અમે સાંભળી શકયા. અમે એની આંગળી પકડીને બજારમાં મૂકીને એને પ્રોત્સાહન આપીને નરેન્દ્રભાઇ અને અહીંયા વિજયભાઇ બંને કામ

કરી રહ્યા છે. હવે આપણે કી બોર્ડ ઉપર આંગળી ફેરવવાની જરૂર નથી. કી બોર્ડ ઉપર આંગળી ફેરવીએ તો જ સ્ક્રીન ઉપર આવે એવું નથી. આપણને આશ્ચય લાગે, મેં નજરે જોયું મને જે વિચાર આવે અને હું બોલું એ કી બોર્ડ ઉપર આવી જાય, આંગળી ફેરવવાની જરૂર નથી. હું બોલું અને કી બોર્ડ ઉપર આવી જાય. આ એક અદભૂત બાબત કહેવાય. નકસલવાદ અને આતંકી વિસ્તાર હોય છે ત્યાં શું ચાલી રહ્યું છે એ ડ્રોન ફરે તો એકે એક નાની મોટી માહિતી આપણને મળી જાય આવું ૨૨ વર્ષના વિદ્યાર્થી દ્વારા સંશોધન થયું આને સ્ટાર્ટ અપ કહેવાય. સામેવાળાને ખબર જ નથી કે નરેન્દ્રભાઇએ આવી શોધ કરી કરીને સાયન્સ સિટી આપી, આઇ ક્રિએટ આપી એ ભવિષ્યમાં આપણા નવા જનરેશનને કેટલો ફાયદો કરશે. ભૂતકાળમાં હું ક્રિકેટ રમ્યો છું. ત્યાં ક્રિકેટ ઉપર એક ડીવાઇસ હતી મેં કહ્યું આ શું છે સમજાવો. તેમણે સમજાવ્યું કે બોલીંગની સ્પીડ અને ફટકો મારે અને તાકાત અને સ્પીડ એનામાં આવી જાય છે. એ જ રીતે ત્રણ મિનિટમાં હેમરેજ છે કે નહિ એની ખબર પડી જાય.

ખાનગી યુનિવર્સિટીની ટીકા કરવામાં આવે છે. મેં ગોકુલ વખતે કહ્યું હતું પણ નિરમા હોય, પી.ડી.પી.યુ. હોય એના ખૂબ સારા અનુભવ થયા છે. અમે કન્યા કેળવણીમાં કામ કર્યું છે એ આપણે બધા જાણીએ છીએ. કસ્તુરબા ગાંધી વિદ્યાલયમાં પછાત અને અતિ પછાત જાતિની દીકરીઓની ઉત્તમ વ્યવસ્થા થઇ છે. જોત જોતામાં આપણને ખબર ના પડે કે દીકરીઓ અભણ છે. વિદ્યાલક્ષી બોન્ડ આપવાની શરૂઆત માનનીય નરેન્દ્રભાઇએ કરી. એમાં પહેલા હજાર પછી બે હજાર જયાં ૩૫ ટકાથી ઓછું અક્ષરજ્ઞાન કે સાક્ષરતાદર હોય એને આપવું, આજે ૩૫ ટકાથી ૫૦ ટકા સુધી એ સાક્ષરતા પહોંચી ગઇ છે.

મારે જાહેરાત કરવાની છે હમણાં એક ફેસ્ટીવલમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી અને ગુજરાતના માતૃભાષા પ્રેમી લોકો અને સાહિત્યકારો છેલ્લા છ મહિનામાં માનનીય મુખ્યમંત્રીશ્રીને અને મને ખૂબ વખત મળ્યા છે. અને આખા ગુજરાતની પણ એક લાગણી છે અને એના ધ્યાનમાં રાખીને છેલ્લા કેટલાક દાયકાથી રાજયમાં સીબીએસઇ અને ગુજરાત બહારની પરીક્ષાઓ લેતી શાળાઓનો વધારો થઇ રહ્યો છે એમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હોય છે. ઉપરાંત અન્ય ભાષા તરીકે હિન્દી અથવા અન્ય કોઇ ભાષા હોય છે એમને ગુજરાત સરકાર સાથે સંલગ્ન ધરાવતી અન્ય માધ્યમની શાળામાં અભ્યાસ કરતાં તમામ બાળકોને સાચુ શુદ્ધ ગુજરાતી બોલતા વાંચતા લખવાની તક પ્રાપ્ત થાય એ માટે ગુજરાતી ભાષાથી પરિચિત થાય એના માટે ૨૦૧૮-૧૯ થી ધોરણ-૧ અને ૨ માં અનૌપચારિક અને ૩ થી ૮માં ઔપચારિક રીતે ફરજિયાત માતૃભાષા ભણાવવાનો નિર્ણય લીધો છે.

હમણા એક આંશિક સમાચારની વાત કરું. માનનીય નીતિનભાઇએ કહ્યું હતું કે હાથીનું પૂછડું જોઇએ હાથી પૂંછડા જેવો છે. ગુજરાત પાછું પડી ગયું છે એવું એક સંસ્થા જે રેકેગ્નાઇઝ નથી એણે ગુજરાતના એક જિલ્લાનો અને એમાં પણ માત્રને માત્ર પાંચ ટકા લોકોનો સરવે કરાવ્યો. અને તેમાં કંઇક નેગેટીવ આવ્યું, તો એમણે કહ્યું કે આ આખા રાજયને લાગુ પડે છે એવી રીતે. મારી પાસે નેશનલ એચિવમેન્ટ સરવે જે લીગલ છે, ઓથોરાઇઝ છે. રેકગ્નાઇઝ છે અને જે આખા જિલ્લાની અંદર ૩, ૫ અને ૮ ધોરણ. ૬૧, ૬૧ અને ૫૧ શાળાનું સેમ્પલ લે છે તેણે એવું કહ્યું કે સરવેમાં ગુજરાતમાં ૯.૭૫ ટકાનો ગુણવત્તાનો વધારો છે. પેલો એક જિલ્લાનો પણ પાંચ-દસ ટકાનો અને આ મારી પાસે છે N.A.S. નો સરવે એ આખા રાજયનો સરવે. કઇ ઓથોરિટી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે આ સિવાય પણ બે વિભાગ છે તેની હું ટૂંકમાં વાત કરવા માગું છું. સાયન્સ એન્ડ ટેક્નોલોજી. ૩ લાખથી પણ વધુ પાસ વિદ્યાર્થીઓને અમે નમો ટેબ્લેટ પૂરા પાડ્યા છે. સાથી એપ્લીકેશન એવી ડેવલપ કરવામાં આવી છે કે જેથી રજાઓ, ખાનગી અહેવાલ, દસ્તાવેજોની જાળવણી કરવામાં કાર્યદક્ષતા આવે. ઓજસ. આ એવી વસ્તુ છે કે તેને ડેવલપ કરવાથી ઇન્ફર્મેશન ઇન્ટીગ્રેટેડ ફાયનાન્સિયલ મેનેજમેન્ટ સિસ્ટમ, આ એક સાધનના આધારે ગુણવત્તામાં વધારો થશે. સ્માર્ટ સિટી પ્રોજેકટ. અમદાવાદમાં આપણે જોઇએ છે. ઇ-ગવર્નન્સ એવોર્ડ ૨૦૧૮-૧૯માં આઇ.ટી.ની નવી બાબતો સાયન્સ સિટીમાં આપણે જોઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂકંપ આવે છે ત્યારે અચાનક આવે છે. પણ હવે એક રિસર્ચ થયું છે, આઇ.એસ.આર. સમગ્ર ભારતમાં એક માત્ર સંસ્થા છે અને એ ગુજરાતમાં છે. જે સંપૂર્ણ રીતે થોડી આગાહી કરી શકે છે. આ સંસ્થા દ્વારા અત્યારે અમદાવાદ, ભૂજ, ગાંધીનગર, ધોલેરા-એસ.આઇ.આર. આ બધી જગ્યાએ seismic micro sensor કરીએ છીએ. અન્ય રાજયો ખાતે પણ બાંધકામ થતી ઇમારતો માટે પણ સલાહ પૂરી પાડવામાં આવે છે. નવી મોટી ૧૦ માળની કે ૫૦ માળની બિલ્ડીંગ બનાવવાની હોય તો પહેલેથી જો આ ખ્યાલ આવી જાય તો આપણને આનુષાંગિક પગલાં લેવાની ખબર પડે.

માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઇની દૂરંદેશી કેટલી? બાયોટેક્નોલોજી, તેમણે શું કહ્યું ખબર છે? બી. ટી. એટલે ભારત ટુ ડે. પ્લસ બાયોટેક્નોલોજી એટલે બી. ટી. ઇક્વલ ટુ ભારત ટુમોરો. તમે બાયોટેક્નોલોજી સિવાય નહીં ચલાવી શકો. ભારત ટુ ડે પ્લસ ટેક્નોલોજી, ઇક્વલ ટુ ભારત ટુમોરો. આગામી દિવસોમાં બાયોટેક્નોલોજી સંશોધન માટે નવી સ્થાપેલ સંસ્થા બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર ખાતે ૪૬૦ લાખના ખર્ચે bio-molecule બનાવવામાં આવનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે બીજો પણ એક વિભાગ છે. એ છે કલાઇમેટ ચેઇન્જ. અચાનક છેલ્લા ૩૦-૩૫ વર્ષમાં શું થયું કે ન ધારી હોય એવી ગરમી પડે, ન ધારી હોય એવી ઠંડી પડે. ચોમાસામાં વરસાદ પડે. તેને આપણે ગ્લોબલ વોર્મીંગ કહીએ છીએ. તેના ઉપાય માટે આપણાં નરેન્દ્રભાઇ મોદી જયારે અહીંયા ચીફ મિનિસ્ટર હતા ત્યારે દુનિયામાં બીજાં નંબરના એ લેખક હતા કે આ વિષયની ચિંતા કરીને એમણે એક પુસ્તક લખ્યું હતું. ગુજરાત આ પ્રકારની પહેલ કરનારું સમગ્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર એશિયા ખંડનું પહેલું રાજય બન્યું છે. આ કલાઇમેટ ચેઇન્જ દ્વારા મારા વિભાગે ખૂબ મોટી

સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરી છે. છેલ્લા બે વર્ષથી રહેણાંકના મકાનો ઉપર સૌર ઉર્જા પેનલ બેસાડવા માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકારની સબસિડી આપવામાં આવે છે. જે અંતર્ગત ૧૬,૯૦૦ લાભાર્થીઓને ઘરના ધાબા ઉપર સોલાર પેનલો ગોઠવવામાં મદદ કરી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપર બેટરી બેકઅપ સાથે સૌર પેનલો ગોઠવવામાં આવી છે. આપને ત્યાં વડોદરામાં પણ નર્મદા કેનાલ ઉપર જોઇએ તો બાષ્પીભવન અટકે છે. આદિવાસી વિસ્તાર સહિતની સમગ્ર રાજયની ૫,૦૦૦ શાળાઓમાં ૪૫,૦૦૦ એલ.ઇ.ડી. ટ્યૂબલાઇટો અને ૧૦,૦૦૦ ઉર્જા કાર્યક્ષમ પંખાઓ કરેલ છે. હવે પછીનું અમારું આયોજન કલાઇમેટ ચેઇન્જ વિભાગની વિવિધ યોજનાઓનો વ્યાપ વધારવા અને તેની અમલવારી માટે ૨૦૧૮–૧૯ માટે ૧૦૩ કરોડ રૂપિયાની મોટી રકમની જોગવાઇ કરી છે. બેટરી સંચાલિત રિક્ષા ખરીદવા માટે ૧૨૫૦ ચાલકોને રૂ.૨૦,૦૦૦/–ની સબસીડિ આપીએ છીએ. મારા સૌ સાથી સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે મારી ત્રણેય વિભાગોની માગણીઓને સર્વાનુમતે સ્વીકારે એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : કાપદરખાસ્તો રજૂ થયેલ ન હોઇ હું માગણીઓ મંજૂર કરવાની પ્રક્રિયા હાથ ધરું છું.

**માગણી ક્રમાંક–૯, ૧૦, ૬૦, ૮૯ અને ૧૦૭ મત ઉપર મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૬.૫૬ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા.૧૫મી માર્ચ ૨૦૧૮ના રોજ સવારના ૧૧.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮
તારાંકિત પ્રશ્નો
**ગુજરાત વિધાનસભા**

**ગુરૂવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮**
**ફાલ્ગુન ૨૪, ૧૯૩૯ શાકે**

**સભાગૃહ સવારે ૧૧-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

મોરબી જિલ્લામાં ટપક સિંચાઈ સહાય

* ૫૦૧૭ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ ટપક સિંચાઈ સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી, | (૧) ૭૦૪૩ અરજીઓ મંજૂર કરી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) રૂ. ૪૪૦૨.૯૦ લાખ સહાય ચૂકવી |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) ૮૫૪ અરજીઓની સહાય ચૂકવવાની બાકી |

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે એ પ્રમાણે ખૂબ જ મોટા પ્રમાણમાં મોરબી જિલ્લાના લોકોએ ટપક પદ્ધતિનો લાભ લીધો છે અને મોટાભાગનું પેમેન્ટ થઇ ગયું છે. ૨૦૦૬-૦૭ થી શરૂ કરીને અત્યાર સુધીમાં મોરબી જિલ્લામાં ભૌતિક તેમજ નાણાકીય કયા પ્રકારની વ્યવસ્થાઓ થઇ છે તેના આંકડા હું જાણવા માગું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ખેડૂતોને સિંચાઇ માટેની વધુ સારી વ્યવસ્થા મળી રહે, આપણા વિવિધ ડેમોમાંથી ખેડૂતોને પોતાના કૂવા કે ટ્યૂબવેલમાંથી જે પાણી સિંચાઇ માટે પ્રાપ્ત થાય એનો વધુ સક્ષમ ઉપયોગ કરી શકે અને ઓછા ખર્ચે, ઓછા પાણીએ, ઓછા ખાતરે, ઓછી શક્તિથી વધુ ઉત્પાદન ખેડૂતો મેળવી શકે એ માટે રાજ્ય સરકાર તરફથી ગુજરાતમાં ટપક સિંચાઇ અને ફુવારા પદ્ધત્તિ યોજનાને લાગુ કરવામાં આવી છે. ગુજરાતના ખેડૂતોએ એને ખૂબ સારો આવકાર આપ્યો છે. સરકાર તરફથી મોટા પ્રમાણમાં સબસિડી પણ આપવામાં આવે છે. જે ખેડૂત ભાઇઓ પોતાના ખેતરમાં આ ટપક અને ફુવારા પદ્ધત્તિ અપનાવે એનો જે ખર્ચ થાય એ ખર્ચમાં રાજ્ય સરકાર મોટા પ્રમાણમાં સબસિડી પણ આપે છે અને એનો લાભ, માનનીય ગોવિંદભાઇએ જે મોરબી જિલ્લા માટે પ્રશ્ન પૂછીને માહિતી માગી છે એ મોરબી જિલ્લાના હળવદ તાલુકાના ૫૨૫૭ ખેડૂતોએ લીધો છે અને એમને અત્યાર સુધી ૪૪.૨૪ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. માળિયા તાલુકાના ૩૯૩ ખેડૂતોએ લાભ લીધો છે અને એમને ૧.૫૨ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. મોરબી તાલુકામાં ૧,૬૨૭ ખેડૂતોએ લાભ લીધો છે અને એમને ૯.૨૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. ટંકારા તાલુકામાં ૩,૨૦૯ ખેડૂતોએ ટપક સિંચાઇ અપનાવી છે અને એમને ૨૦.૩૩ કરોડનો લાભ આપવામાં આવ્યોછે. વાંકાનેર તાલુકામાં સૌથી વધુ ૬,૬૬૧ ખેડૂતોએ લાભ લીધો છે અને એમને ૪૧.૪૮ કરોડની સહાય આપવામાં આવી છે. આ જ પરિસ્થિતિ અને આ જ ચિત્ર આખા રાજ્યમાં દરેક જિલ્લા અને તાલુકામાં ખેડૂતો આ યોજનાનો લાભ લઇ અને પાણીની બચત કરી વધુ ઉત્પાદન કરી રહ્યા છે.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ખેડૂતોને કેન્દ્ર સરકારની મળતી સબસિડી ઉપરાંત અપાતી વધારાની સહાય કેટલી હોય છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ગુજરાત રાજ્યમાં આપણે પોતે જી.જી.આર.સી. કંપનીની સ્થાપના કરી અને આ પદ્ધત્તિનો અમલ ચાલુ કરેલો અને ભારત સરકારે પણ આ જ પ્રકારની ટપક સિંચાઇ અને ફૂવારા પદ્ધત્તિને પ્રોત્સાહન આપવાની યોજના અમલમાં મૂકી અને ભારત સરકારે પણ રાજ્ય સરકારને આમાં મદદ કરી છે. ગુજરાતમાં પણ જુદાજુદા વિસ્તારના ખેડૂતોને અને જુદા જુદા સમાજના ખેડૂતોને વધુ સહાય કરવાની યોજના અમલમાં છે. એમાં જે નોન-ડાર્ક ઝોન વિસ્તાર છે ગુજરાતમાં અગાઉ ભૂગર્ભના પાણી મોટા પ્રમાણમાં ખેંચાઇ ગયા. એ વખતે અગાઉની સરકારો વખતે લગભગ મારી જાણકારી પ્રમાણે ૧૯૯૦ થી ડાર્ક ઝોન પ્રથા અમલમાં મૂકવામાં આવેલી. જે વિસ્તારમાંથી પાણી વધુ ખેંચાયું, પાણી ઊંડા થઇ ગયા, ફ્લોરાઇડવાળા પાણી થઇ ગયા એટલે પાણીનું ખેંચાણ મર્યાદિત થાય એ માટે સરકારે ડાર્ક ઝોન અમલમાં મૂક્યો હતો અને ડાર્ક ઝોનમાં પાણી વધુ ન ખેંચાય એ પ્રમાણેના પ્રતિબંધ રાજ્ય સરકારોએ કરેલા. બાકીનો જે રાજ્યનો વિસ્તાર છે કે જ્યાં પાણી ઉપર હતા અને ડાર્ક ઝોન વિસ્તારમાં એ વિસ્તાર નહોતા આવતા એવા વિસ્તારની અંદર અત્યારે ગુજરાત સરકાર તરફથી

ખેડૂતોને વધારાની સબસિડી, આપણે કેન્દ્ર સરકારની સહાય ઉપરાંત વધારાની સહાય આપીએ છીએ અને થોડા વર્ષ પહેલા માનનીય નરેન્દ્રભાઇ અહીંયા મુખ્યમંત્રી હતા ત્યારે સૂજલામ્ સૂફલામ્ યોજના, તળાવો ઊંડા કરવાનું કામ અને જેની બહુ અહીંયા મશ્કરીરૂપ શબ્દ કેટલાક મિત્રો બોલે છે પણ બોરીબંધ અમે જે કર્યા. ઘણા લોકો કહે છે કે, બોરીબંધમાં કેટલો ખર્ચો કર્યો? સાહેબ, બિલકૂલ સામાન્ય પદ્ધતિ છે. પ્લાસ્ટિકની સિમેન્ટની જૂની થેલીઓની અંદર ગામ લોકો અને વિદ્યાર્થીઓ કે કોઇ સેવાભાવી સંસ્થાઓ રેતી ભરી, સિમેન્ટની કોઇ થેલીઓની થપ્પીઓ મારીને આડબંધ જેવું કરે એટલે ગામમાંથી પાણી વોકળા મારફતે જે વહી જતું હોય એ આ ફક્ત બોરીબંધ રેતીના બનેલા છે, સિમેન્ટની જૂની થેલીમાં રેતી ભરી આડશ કરેલા છે જેના માટે કોઇ સિમેન્ટ કામ, કોઇ કોંક્રિટ કામ કે કોઇ લોખંડનું સ્ટ્રકચર બનાવવામાં કદી નથી આવ્યું એવી લોકોએ સેવાની ભાવનાથી જે બોરીબંધ બનાવ્યા હતા. એ બોરીબંધે પણ એ જ્યાં સુધી ભારે પૂર ના આવે ત્યાં સુધી એ થપ્પી એમની એમ પડી રહે અને પાણી રોકાતું હતું એનો લાભ જે મળ્યો એના કારણે ડાર્ક ઝોન વિસ્તારમાં પણ પાણીના તળ ઊંચા આવ્યા એના કારણે અમારી સરકારે અગાઉ જે કોંગ્રેસ સરકાર વખતથી ડાર્ક ઝોન જુદા જુદા તાલુકામાં અમલમાં હતો એ અમે દૂર કર્યો અને એ વિસ્તારના ખેડૂતોને અમે વીજળીના કનેકશન ટ્યૂબવેલ મારફત આપવાની શરૂઆત કરી પણ સામે એક શરત રાજ્ય સરકારે રાખી છે કે, ડાર્ક ઝોનની અંદર જે ખેડૂતોને ટપક સિંચાઇની સબસિડીનો લાભ સરકારમાંથી લેવો હોય એમણે વીજળીના કનેશન મેળવવા તે વખતે ટપક સિંચાઇ ફરજિયાત મેળવવાની રહેશે જેથી પાણીનો બચાવ થાય અને ખેડૂતોને વધુ લાભ મળે એ પ્રમાણે આ યોજનામાં ડાર્ક ઝોનમાં પણ અમે સબસિડી આપીએ છીએ.

શ્રી અરવિંદ રૈયાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, યોજનાનો અમલ ૨૦૦૫થી જી. જી. આર. સી. અમલીકરણ એજન્સી તરીકે રહેલ છે તો અત્યાર સુધીમાં કેટલી પ્રગતિ થઇ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે આખા દેશમાં લગભગ મારી જાણકારી પ્રમાણે સાઉથના એક-બે રાજ્યોએ શરૂઆત કરેલી એ જ વખતે આપણે પણ ૨૦૦૫ માં આ ટપક સિંચાઇ યોજનાની અમલવારી શરૂ કરી અને જી. જી. આર. સી. નામની રાજ્ય સરકારની કંપનીની આપણે રચના કરી. આખી યોજનાનું અમલીકરણ એ જી. જી. આર. સી. દ્વારા થાય છે. જી. જી. આર. સી., ખેડૂતો અને ટપક સિંચાઇની કામગીરી કરતી માન્યતા પ્રાપ્ત કંપનીઓ ત્રણેયના સહયોગથી અત્યાર સુધીમાં ગુજરાત રાજ્યની અંદર આપણે જે કામ કર્યુ છે એમાં ટપક સિંચાઇમાં જે ખેડૂતોએ લાભ લીધો એ ૪,૯૪,૮૪૦ ખેડૂતોએ ટપક સિંચાઇ યોજનાનો લાભ લીધો અને એમને ૮૧૭૩૫૦ હેકટરમાં ટપક સિંચાઇ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. જે ફુવારા પદ્ધતિ સ્પ્રીંકલર પદ્ધતિ પાણી ઉડાડી અને ખેતીના પાકને ભેજ આપવાનું કામ જે પદ્ધતિથી થાય છે એ પદ્ધતિનો અત્યાર સુધી ૫૨૫૬૯૭ ખેડૂતોએ લાભ લીધો અને ૮૨૯૨૬૦ હેકટર વિસ્તારને આપણે એમાં આવરી લીધો છે. આમ બંનેનું ભેગુ કરીએ અત્યાર સુધીમાં ગુજરાતમાં ૧૦૨૦૫૩૭ ખેડૂતોએ આ યોજનાનો સરકારની સબસિડી સાથેનો લાભ લીધો છે અને અત્યાર સુધીમાં રાજયની અંદર કુલ ૧૬૪૬૬૧૦ હેકટર જમીન એ સિંચાઇમાં ટપક સિંચાઇ અથવા ફુવારા પદ્ધતિથી આપણે આવરી લીધી છે.

શ્રી લાખાભાઇ સાગઠીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભારત સરકાર અને રાજય સરકારના સહાયના ધોરણ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા જે સહાય આપવામાં આવે છે એમાં પણ બે પ્રકાર મેં અગાઉ કીધું એ પ્રમાણેના આપણે રાખ્યા છે. એક સામાન્ય ખેડૂત જે સિમાંત ખેડૂત નથી એવા ખેડૂતો માટે આપણે લાભ આપીએ છીએ એમને એકમદીઠ જે ખર્ચ થાય, નોન ડાર્ક ઝોન વિસ્તારમાં બે હેકટર સુધીના ખેડૂતને જે ખર્ચ થયો હોય એની ૭૦ ટકા સબસિડી રાજય સરકાર આપે છે અને વધુમાં વધુ ૭૦૦૦૦ રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. આવું જ સામાન્ય વર્ગના ખેડૂતો માટે ડાર્ક ઝોન વિસ્તારમાં જે રાજયમાં ૫૭ તાલુકા છે અગાઉ ૫૭ તાલુકા રાજયના જુદાજુદા વિસ્તારોમાં એ ડાર્ક ઝોન જાહેર થયેલા એમાં હવે અમારી સરકારે ટપક સિંચાઇ માધ્યમથી જે ખેડૂતો વીજળી કનેકશન લેવા માગતા હોય એમને આપણે આપીએ છીએ. ડાર્ક ઝોન વિસ્તારના ખેડૂતો માટે પણ ૭૦ ટકા અને ૭૦૦૦૦ બેમાંથી જે ઓછી રકમ હોય એનો લાભ આપીએ છીએ. નાના અને સિમાંત ખેડૂત એમને જે લાભ આપીએ છીએ એ પ્રતિ હેકટર ૮૦૦૦૦ ની મર્યાદામાં આપીએ છીએ. પેલામાં ૭૦૦૦૦, નાના ખેડૂતને ૮૦૦૦૦ એ પ્રમાણે લાભ આપીએ છીએ અને ખાસ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના જે ખેડૂતો છે એ ટપક સિંચાઇ યોજનાનો ઉપયોગ કરે, લાભ લે તો એમને ૮૫ ટકા સબસિડી ગુજરાત સરકાર અને ભારત સરકાર તરફથી આપવામાં આવે છે અને પ્રતિ હેકટર એક લાખ રૂપિયાની સબસિડી રાજય સરકાર તરફથી આપવામાં આવે છે. મારે બીજું એ પણ કહેવું છે કે ગયા વર્ષે જયારે જી.એસ.ટી. અમલમાં આવ્યો ત્યારે ખેડૂતોએ જી.એસ.ટી. સિવાયના સેટની ખરીદી કરી રાખી હતી તો જી.એસ.ટી.નો બોજો એમના ઉપર આવતો હતો એ વખતે અમારી ખેડૂતલક્ષી સરકારે, અમે નિર્ણય કર્યો કે જી.એસ.ટી.ના કારણે ખેડૂતો ઉપર જે બોજો આવે છે એ બોજો ખેડૂતોને પાસ ઓન ના કરવો અને એમના વતી ગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકાર ખેડૂતો વતી એ જી.એસ.ટી.નું ભારણ ઉપાડી લે અને એમાં લગભગ ૭૦ કરોડ રૂપિયા કરતા વધુ રકમ જી.એસ.ટી. ટેકસની એક વર્ષ માટેની છે એ બોજો ગુજરાત સરકારે ખેડૂતો માટે ઉપાડેલો છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની સબસિડી દ્વારા ખેડૂતોને ટપક પદ્ધતિમાં જે લાભ મળે છે એનાથી ખેડૂતોને ઘણો ફાયદો થયો છે પરંતુ જુદીજુદી કંપનીઓ દ્વારા જે આ ટપક સિંચાઇ થાય છે એની લાઇનો નખાય છે એ લાઇનો નાખ્યા પછી એની સર્વિસ આપવાની હોય છે વર્ષમાં એકવાર, બે વાર કે ત્રણવાર એ આપવામાં આવતી નથી. એટલે ખેડૂતોને એનાથી

નુકસાન થાય છે, તો આમાં મંત્રીશ્રી કંઇ કરવા માગે છે કે કેમ? અને બીજું આ જૈન ઈરિગેશન મોટી કંપની છે. એનું થાણું પહેલા વડોદરા હતું, અત્યારે ભાવનગર લઇ ગયા છે, તો સિંચાઇ માટેના પાર્ટસ જોઇએ એ ૩–૩, ૪–૪ અઠવાડિયા સુધી આપી શકતા નથી, તો આમાં કઇ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું ફરી રિપીટ કરું કુલ ૫૯ કંપનીને આપણે માન્યતા આપી છે. આ ૫૯ કંપનીઓ પૈકી કોઇપણ કંપનીનો સેટ ખેડૂત પોતાની ઇચ્છા પ્રમાણે, પોતાની પસંદગી પ્રમાણે એ પોતાના ખેતરમાં નંખાવી શકે છે. ખેડૂતો પસંદગી કરે એ કંપની ખેતરમાં એ સેટ લગાવે એનું ટેસ્ટિંગ થઇ જાય, એની ટ્રાયલ થઇ જાય, એનું થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન થઇ જાય એ પછી સરકાર તરફથી પેમેન્ટ આપવામાં આવે છે. બીજું અગાઉ વિધાનસભામાં અહીંયા પણ માનનનીય સભ્યશ્રીએ અનેક વખત ચર્ચામાં કહ્યું છે કે બજારમાં સસ્તું મળે છે. બજારમાં ખાનગી કંપની પાસેથી ખરીદવાની ખેડૂતોને પરવાનગી આપતા નથી. ડ્રીપ ઈરિગેશન પાઇપલાઇન એમાં કોઇ સભ્યશ્રીએ કહ્યું હતું કે પાઇપો છે એમાં શું છે? સભ્યશ્રીને કહીશ કે પાઇપોની સાથે એટેચમેન્ટ છે, તેને સાદી ભાષામાં કહીએ તો તેના ફુવારાના દાગીના છે, એના સ્પ્રીંકલર માટે ટપક સિંચાઇ માટેની વ્યવસ્થાના પંપ વગેરે છે. એની જે પ્રેસર પાઇપ સાથેની ટેકનોલોજી છે એ બધુ જ સારી કંપની, માન્યતા પ્રાપ્ત કંપની આપણે નક્કી કરેલ છે. બજારમાં ૨૫ રૂપિયાની પ્લાસ્ટિકની ડોલ મળે છે અને એટલા જ લિટરની સારી જેન્યુઇન પ્લાસ્ટિકની ડોલ પણ ૧૦૦ રૂપિયામાં મળે છે. કોઇ એમ કહે કે ૨૫ રૂપિયાની પ્લાસ્ટિકની ડોલ મળે છે, તો એ રી–સાઇકલિંગ કરેલી ડોલ ૨૫ રૂપિયામાં મળી શકે. એક ડબલું ૨ રૂપિયામાં પણ મળી શકે, પણ જે વર્જિન આઇટમ, શુદ્ધ પ્લાસ્ટિકનું, નવા પ્લાસ્ટિકનું, રી–સાઇકલિંગ નહિ કરેલું એવું મટીરિયલ વાપરવાનું અને સારા એટેચમેન્ટ વાપરવાનું, એ આ ૫૯ કંપનીઓ પાસે આપણી લેબોરેટરીમાં મંજૂર કરાવેલ છે. બીજું યોગેશભાઇએ ફરિયાદ કરીને કહ્યું કે ૫ વર્ષ સુધી બધી ગેરંટી આપણે ખેડૂતોને આપીએ છીએ. કોઇપણ પાર્ટમાં તકલીફ પડે, કોઇપણ સિસ્ટમમાં તકલીફ પડે તો ૫ વર્ષ સુધી વિદ્યાઉટ પેમેન્ટ ખેડૂતોને એની ગેરંટીનો લાભ આપીએ છીએ. ખેડૂતો તકલીફ હોય એના માટે જી.જી.આર.સી. માં અલગ સેલ બનાવેલ છે. એ સેલમાં આખા રાજ્યમાં કોઇપણ ખેડૂત કમ્પ્લેઇન કરે તરત જ કંપની માણસ મોકલીને નાની મોટી ભૂલ, ખામી હોય તો દૂર કરાવીએ છીએ. ખેડૂતોનો સંપૂર્ણ સહયોગ મળ્યો છે, એટલે અત્યારે જે વ્યવસ્થા છે એમાં ૫ વર્ષ સુધીનાં સાધન ચલાવવાની અને ક્વોલિટીની ગેરંટી કંપનીએ આપી છે. તો હું માનું છું કે ખેડૂતોને તકલીફ નથી, છતા કોઇ ખેડૂતોને તકલીફ હોય તો સર્વે સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે પોતાના વિસ્તારમાં ૭ વર્ષ સુધીની જે કઇ સિસ્ટમ બેસાડેલ હોય એની ૫ વર્ષ સુધીની ગેરંટી છે. સેલ ચલાવીએ છીએ. એનો નંબર ખેડૂતોને આપેલ છે. કોઇને પણ તકલીફ હોય તો અમારું ધ્યાન દોરશો તો નિયમ પ્રમાણે જ્યાં સુધી ગેરંટીમાં આવતું હશે, સંપૂર્ણ મેઇન્ટેનન્સ સરકાર કરાવી આપશે.

રાજ્યમાં ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ અંતર્ગત રજીસ્ટ્રેશન

* ૬૧૦૩ શ્રી કાંતિભાઈ બલર (સુરત ઉત્તર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૫–૦૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) અંતર્ગત રજીસ્ટ્રેશન, રીટર્ન, પેમેન્ટ અંગે રાજ્ય સરકારે ડેટાની આપ–લે માટે કોઈ વ્યવસ્થા કરેલી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| Hb-835-1 | |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) તા. ૦૧–૦૭–૨૦૧૭ના રોજથી રાજ્યમાં જી.એસ.ટી.નો અમલ શરૂ કરાયેલ છે. જી.એસ.ટીમાં રજીસ્ટ્રેશન, રીટર્ન તથા પેમેન્ટની પધ્ધતિ જી.એસ.ટી. પોર્ટલ (https://www.gst.gov.in) થકી ઓનલાઇન થાય છે. ગુજરાત રાજ્યે Model-2 સિલેક્ટ કરેલ છે. જેથી GSTN દ્વારા રજીસ્ટ્રેશન, રીટર્ન, પેમેન્ટ અને MIS વગેરે એપલીકેશન ડેવલોપ કરવામાં આવશે.<br>રજીસ્ટ્રેશનની માહિતી : હાલમાં જી.એસ.ટી.એન. દ્વારા ગુજરાત રાજ્યના વેપારીશ્રીઓના નવા રજીસ્ટ્રેશન અંગેની માહિતી રોજબરોજ Secure File Transfer Protocol (SFTP) ના માધ્યમથી મોકલવામાં આવે છે. જેમાં ટેક્ષપેયર વાઈઝ ટેક્ષપેયરને મળેલ GST નંબર, ફર્મનેમ, લિગલ નેમ, મોબાઈલ નંબર, ઈમેલ આઈ.ડી. અને જ્યુરીડીક્શન વિગેરે માહિતી આપવામાં આવે છે. વધુમાં રોજબરોજની રજીસ્ટ્રેશનની માહિતી સમરી રીપોર્ટ સ્વરૂપે રાજ્યવેરા |

વિભાગને જી.એસ.ટી.એન. દ્વારા ઈમેલથી આપવામાં આવે છે. જેમાં જે તે દિવસ સુધીમાં કેટલા નોંધણી નંબર અપાયેલ છે તેની વિગતો મળે છે. તદુપરાંત ટેક્ષપેયર વાઈઝ રજીસ્ટ્રેશનની માહિતી GST back office portal પરના અધિકારીશ્રીના લોગીનમાં પણ જોઈ શકાય છે.

રીટર્નની માહિતી : ગુજરાત રાજ્યના વેપારીશ્રીઓના રીટર્નની માહિતી પણ Secure File Transfer Protocol (SFTP) ના માધ્યમથી જી.એસ.ટી.એન. દ્વારા મોકલવામાં આવે છે. જેમાં ટેક્ષ પેયર્સે ભરેલ GSTR 3B માં બતાવેલ ટેક્ષની જવાબદારી અને ભરેલ ટેક્ષની વિગતો મળે છે. તેમજ કયા ટેક્ષ પેયર્સ કયુ રીટર્ન કઈ તારીખે ફાઈલ કરેલ છે તે અંગેની માહિતી SFTP પર GSTN દ્વારા આપવામાં આવે છે. વધુમાં રોજબરોજના ભરાયેલ રીટર્નની માહિતી સમરી સ્વરૂપે રાજ્યવેરા વિભાગને જી.એસ.ટી.એન. દ્વારા ઈમેલથી આપવામાં આવે છે. તદુપરાંત ટેક્ષ પેયર્સ વાઈઝ ભરાયેલ તમામ રીટર્નની વિગતો GST back office portal પર અધિકારીશ્રીના લોગીનમાં પણ જોઈ શકાય છે.

પેમેન્ટની માહિતી : વેપારીશ્રીઓ દ્વારા ઓનલાઈન કરાયેલ પેમેન્ટની વિગતોમાં હિસાબ અને તિજોરીની કચેરી પાસેથી ફક્ત SGST ના પેમેન્ટની વિગતો મળી રહે છે. રોજબરોજની આવકની માહિતી સમરી સ્વરૂપે રાજ્યવેરા વિભાગને જી.એસ.ટી.એન. દ્વારા ઈમેલથી આપવામાં આવે છે. તદુપરાંત વેપારી વાઈઝ થયેલ પેમેન્ટની માહિતી GST back office portal પર અધિકારીશ્રીના લોગીનમાં પણ જોઈ શકાય છે.

શ્રી કાંતિભાઇ હિં. બલર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે વેપારીશ્રી દ્વારા કરવામાં આવતી માલની મૂવમેન્ટ ઇ–વે બિલ અંગે માહિતીની આપ–લે માટે શું વ્યવસ્થા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય સભ્યશ્રી કાંતિભાઇનો પ્રશ્ન છે એ બહુ અગત્યનો પ્રશ્ન છે. કારણ કે દેશના બધા જ રાજ્યો અને કેન્દ્ર સરકારે જીએસટી લાગુ કર્યો છે. જીએસટી લાગુ થતાં એકસાઇઝ, ઓકટ્રોય, અન્ય જે જુદા જુદા ટેક્સીસ વેપારીઓ, ઉત્પાદકો અને ગ્રાહકોને ભોગવવા પડતા હતા તે બધાનું નિરાકરણ કરી એક દેશ એક ટેક્સ એ રીતે જીએસટીનો અમલ કર્યો છે. તેની સાથે જે પદ્ધતિ છે તે લગભગ ઓનલાઇન કોમ્પ્યુટરાઇઝ સિસ્ટમ છે. તેના માટે ભારત સરકારે આખા દેશનું મોટામાં મોટું સર્વર સાથેનું કોમન પોર્ટલ વિકસાવ્યું છે. જીએસટીના આ કોમન પોર્ટલનો ઉપયોગ દેશના ૩૧ રાજ્યો, પાંચ કેન્દ્રશાસિત પ્રદેશો અને ભારત સરકાર પોતે એમ ૩૭ સંસ્થાઓ એટલે કે બંધારણીય સંસ્થાઓ તેનો ઉપયોગ કરે છે. આ પોર્ટલનો ઉપયોગ કરી વેપારીઓએ અત્યાર સુધી જે જીએસટીના રજીસ્ટ્રેશન કરાવ્યા અથવા અમલ થઇ ગયા પછી ટેક્સ ભરવાની, ચલણો–ફોર્મ વગેરે ભરવાની જે પ્રક્રિયા ચાલુ કરી દીધી છે તેમાં ૧ કરોડ ૦૩ લાખ આખા દેશના રજીસ્ટર્ડ વેપારીઓ, ઉત્પાદકો આનો લાભ લે છે. આખા દેશની વાત કરીએ તો આ ૧ કરોડ ૦૩ લાખમાંથી જીએસટીનો અમલ થયા પછી ૩૯ લાખ ૨૯ હજાર નવા વેપારીઓ આ કાયદા નીચે રજીસ્ટર્ડ થયા છે. જે લોકો અત્યાર સુધી નાનો મોટો વેપાર કરતા હતા કે સેલ્સ ટેક્સ કે વેટમાં રજીસ્ટ્રેશન કરાવ્યું ન હતું તેવા આમાં નવા ઉમેરાયા છે. આની અંદર ગુજરાત રાજયની માહિતી આપું તો ૩,૬૬,૦૩૬ જેટલા વેપારીઓ જીએસટી આવ્યા પછી નવા ઉમેરાયા છે. તેનું નેટવર્ક, વ્યાપ અને કર ભરવાવાળા જેની જવાબદારી છે તે બધાની નોંધણી થઇ છે. અગાઉ વેટમાં કે સેન્ટ્રલ એકસાઇઝમાં જે વેપારીઓ કે ઉત્પાદકો નોંધાયેલા હતા તે બધા જ હવે આ પોર્ટલ નીચે આવી ગયા છે. આ કોમન પોર્ટલ માટે ભારત સરકારે એક કંપની બનાવી છે. જીએસટીએન તે કંપનીનું નામ છે. ભારત સરકારે પોતે એક સર્વર બનાવ્યું છે. ટેકનોલોજી ઉભી કરી છે. કેન્દ્ર સરકાર તથા દેશના બધા રાજયો જીએસટીએન કંપનીમાં ભાગીદાર છે. બધાની સંયુકત માલિકીની તે કંપની આખા દેશમાં દરરોજ જેટલા બિલો બને, જેટલા માસિક ચલણો ભરાય, ત્રિમાસિક ચલણો ભરાય તે બધું જ કામ આ નેટવર્કથી થાય છે. વેપારીઓ માટે, સરકાર માટે, આવક માટે ઉપયોગી છે. તેનાથી કરચોરી નહીં થાય અને ક્રોસ ચેકિંગ થઇ જવાનું છે. જે વેપારીએ માલ વેચેલો બતાવ્યો હોય અને સામેના વેપારીએ ખરીદેલ હોય તે ખરીદેલો નહીં બતાવે તો ઓટોમેટિક સોફ્ટવેર ઉપર આ કોમ્પ્યુટરાઇઝ સિસ્ટમથી તેનું નામ અને નંબર આવી

જશે અને બતાવશે કે આ વેપારીએ આટલો ટેક્સ ભરવાનો થાય છે તે ભર્યો નથી અથવા આ વેપારીને આટલું રીફંડ મળવાનું થાય છે તે ઓટોમેટિક તેના ખાતામાં જમા થઇ જાય તેવી વ્યવસ્થા આ સિસ્ટમથી કરવામાં આવી છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જીએસટીએન શું છે અને તેની રચના શા માટે કરવામાં આવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જીએસટીએન ભારત સરકારની એક કંપની છે કે જેમાં દેશના બધા જ રાજયો ભાગીદાર છે. આપણા ગુજરાત રાજયએ પણ તેમાં ભાગીદાર તરીકે આપણો જે શેર આવે તેટલું તેમાં રોકાણ કરેલ છે. આ કંપની મેં કહ્યું તે પ્રમાણે દેશનું મોટામાં મોટું સર્વર એક સિસ્ટમથી ચાલે છે. જયારે સિઝન હોય ત્યારે ચલણ ભરવાનો કે રિટર્ન ભરવાનો કે બીજા કોઇ અપલોડ કરવાનો સમય હોય ત્યારે દરરોજના કરોડોની સંખ્યામાં એનાથી અપલોડ કરી શકાય એવી વ્યવસ્થા છે. દરેક રાજયો, દરેક જી.એસ.ટી. કમિશનરોની કચેરીમાં આની સંપૂર્ણ દેખરેખ રાખવામાં આવે છે, એનું મેન્ટેનન્સ આ કંપની દ્વારા કરવામાં આવે છે અને એની વ્યવસ્થા એ ભારત સરકારના નેતૃત્વમાં આ જી.એસ.ટી.એન. કંપની કરે છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જી.એસ.ટી.એન. કંપની દ્વારા ઇન્ટરનેટ ડેટાની આપ–લે માટે શું વ્યવસ્થા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સરળ પણ કહેવાય અને કોમ્પ્લીકેટેડ પણ કહેવાય એ પ્રમાણેની એની વ્યવસ્થા છે. કોઇ પણ વેપારી કોઇ પણ માલનું ખરીદ વેચાણ કરે, એનું જે બિલ હોય એ બિલ એને એ પોતે અથવા એકાઉન્ટન્ટ અથવા એના વકીલ મારફતે એ સમયાંતરે જે કંપનીનું જેવું ટર્નઓવર હોય એ પ્રમાણે એણે અપલોડ કરવાનું હોય છે, એણે કેટલો ટેકસ ભરવાનો થાય છે એ માહિતી આપવાની થાય છે અને સામા પગલે એણે માલ ઉત્પાદન કરવા માટે જે રો–મટિરિયલ્સ ખરીદેલું હોય અને એ રો–મટિરિયલ્સ ખરીદવા માટે એ વેપારીએ જેટલો ટેકસ આગળના વેચનાર વેપારીને ભર્યો હોય એ એને બાદ લેવાનો હોય છે એટલે એને મજરે મેળવવાનો હોય છે અને આ બધી જ સિસ્ટમ આ એક સોફ્ટવેરમાં અપલોડ કરવાની હોય છે અને એના આધારે કયા વેપારીને માસીક અથવા ત્રિમાસીક કેટલો ટેકસ ભરવાનો થાય છે એ નક્કી થાય છે અને સાથે સાથે આ જી.એસ.ટી.માં હવે કન્ઝયુમર્સ બૈઇઝ ટેકસ થઇ ગયો છે, કન્ઝયુમર્સ બૈઇઝ એટલે પહેલા આપણે ગુજરાતમાં સિમેન્ટનું ઉત્પાદન થાય, લોખંડનું ઉત્પાદન થાય, દવાઓનું ઉત્પાદન થાય, પ્લાસ્ટીકની કોઇ ચીજવસ્તુનું ઉત્પાદન થાય, કાપડનું ઉત્પાદન થાય કે જે પણ ઉત્પાદન થાય તો ગુજરાતમાં ઉત્પાદન થતા માલ ઉપર એ ગુજરાત સરકાર ટેક્સ લેતી હતી, પછી બીજા રાજયમાં જાય તો સી–ફોર્મે સેન્ટ્રલ ટેક્સના પ્રમાણ ભાગે, પહેલા બહુ હતો પછી ઘટાડીને ર ટકા કર્યો હતો એ પણ આપણને આવક થતી હતી હવે જી.એસ.ટી.માં આખી પ્રક્રિયા બદલાઇ ગઇ છે, આખી ફોર્મ્યુલા બદલાઇ ગઇ છે. હવે જે ઉત્પાદક રાજય છે એને કોઇ મોટો લાભ નથી થતો, જે રાજયની અંદર ગ્રાહક ચીજવસ્તુઓની વપરાશ કરે એ રાજયમાં જે ટેક્સ ગ્રાહક ચૂકવે એ રાજયની આવકમાં એ ટેક્સ જાય અને એમાં પણ ૫૦ ટકા ભારત સરકારનો ભાગ અને ૫૦ ટકા રાજય સરકારનો ભાગ. દા.ત. સમજી લો કે આપણા ગુજરાતમાંથી દરરોજ એક લાખ થેલી સિમેન્ટ બીજા રાજયોમાં જાય છે તો આપણને કશું જ નહીં મળે, ભલે ગુજરાતમાં ઉત્પાદન થતું હોય એ એક લાખ થેલી સિમેન્ટ જે રાજયમાં જાય, સમજી લો કે એમાંથી ૫૦ હજાર થેલી મુંબઇ, મહારાષ્ટ્રમાં ગયો તો એ ૫૦ હજાર થેલી મહારાષ્ટ્રમાં વેચાઇ એના ઉપરનો જે ટેક્સ છે એ મહારાષ્ટ્ર સરકારને મળશે કારણ કે એનો વાપરનાર એનો ગ્રાહક એ મહારાષ્ટ્રનો હતો એટલે એ ટેક્સની આવક ૫૦ ટકા મહારાષ્ટ્ર સરકારને મળશે અને ૫૦ ટકા ભારત સરકારને મળશે. કોઇને એમ પ્રશ્ન થાય કે, આમાં ભારત સરકારને શું લેવાદેવા? તો ભારત સરકાર એટલા માટે એમાં ભાગ લે છે કે, ભારત સરકારે પોતાની એક્સાઇઝની જે આવક હતી એ એક્સાઇઝ કાયદો રદ કરી દીધો એટલે હવે કોઇ ફેક્ટરીમાં કોઇ ઉત્પાદનમાં એક્સાઇઝ લેવાની રહેતી નથી, એક્સાઇઝ ઇન્સ્પેક્ટરો નથી, એક્સાઇઝ તંત્ર નાબૂદ થઇ ગયું છે. એક્સાઇઝની જે આવક આવતી હતી એ ભારત સરકારને મળતી હતી તો ભારત સરકારે પોતાની આવક આ જી.એસ.ટી.માં મર્જ કરી દીધી એનો ભાગ ભારત સરકારને ૫૦ ટકા લેખે આપવાનો. સામે બીજો દાખલો આપુ કે, સમજી લો કે મહારાષ્ટ્રમાંથી કે બીજા રાજયમાંથી કોઇ ચીજવસ્તુ ગુજરાતમાં આવી અને આપણા ગુજરાતના ગ્રાહકે એને ખરીદી, ભલે તે ગમે તે રાજયનું ઉત્પાદન આપણે ખરીદીએ પણ ગુજરાતના ગ્રાહકે ખરીદી તો એની આવક એટલે કે વેરો જે આવશે એ ગુજરાત સરકારને મળશે, ૫૦ ટકા આપણો અને ૫૦ ટકા કેન્દ્ર સરકારનો એમાં હિસ્સો થશે. એટલે જે વાપરનાર ટેક્સ ભરે છે એ ટેકસ ભરનાર રાજયને એનો વધુ ફાયદો થવાનો. આપણે ગુજરાતીઓ જેટલો ખર્ચ વધુ કરીએ, જેટલી ખરીદી વધુ કરીએ, જેટલો ગુજરાતમાં મોટા પ્રમાણમાં ટેક્સ ચૂકવીએ, એટલી મોટી આવક એ આપણા રાજયને થાય એટલે આ બધું જ, હિસાબો પણ જે કહીએ, હું આ વાત વિગતે એટલા માટે અહીં કહું છું કે માનનીય બાબુભાઇએ જે પુછ્યું કે સિસ્ટમ કેવી રીતે કામ કરશે?, તો જે આવક થઇ ગુજરાતમાં સમજો કે ગુજરાતમાં દરરોજ ૨૫ કરોડ રૂપિયાનો ટેક્સ ચૂકવાયો, હજારો બિલો દ્વારા ચૂકવાશે, તો હજારો બિલોનો હિસાબ એ આ સોફ્ટવેર રાખશે, એમાંથી ભારત સરકારના ભાગમાં કેટલું, ગુજરાતનું કેટલું? આ બધી આંતરરાજ્ય અને આંતરિક રાજ્ય બધી જ વ્યવસ્થા આ સોફ્ટવેરથી થશે.

## ફાલ્ગુન ૨૪, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

### ભાવનગર મહાનગરપાલિકામાં મંજૂર કરેલ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો

* ૬૧૨૩ શ્રી રાઘવભાઈ મકવાણા (મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભાવનગર મહાનગરપાલિકામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અને કઈ જગ્યાએ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવ્યા ? | નીચે મુજબના ત્રણ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવ્યા.<br>૧. વડવા–બ (કુંભારવાડા)<br>૨. રૂવાટી. પી. સ્કીમ વિસ્તાર<br>૩. નારીગામ |

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ''દર્દી દેવો ભવ'' ને ધ્યાનમાં રાખીને અને રાજ્યની સરકારે તબીબી ક્ષેત્રે છેવાડાના ગરીબ લોકોના આરોગ્યના ક્ષેત્રમાં ધ્યાન રહે એના માટે ખૂબ કાળજી લીધી છે ત્યારે 'માં અમૃતમ યોજના' અને 'માં વાત્સલ્યમ યોજના' દ્વારા અનેક દર્દીઓએ આ તબીબી ક્ષેત્રની અંદર ખૂબ સારામાં સારી સારવાર લીધી છે એના માધ્યમથી આજે છઠ્ઠી વખત ભારતીય જનતા પાર્ટી આ ગુજરાતમાં સત્તારૂઢ થઇ છે ત્યારે, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પુછવું છે કે, મહાનગરો પૈકી ભાવનગર મહાનગરમાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શહેરી વિસ્તારની અંદર કાર્યરત છે અને ૨૦૧૭માં આ શહેરી વિસ્તારના આરોગ્ય કેન્દ્રોમાં કેટલા દર્દીઓએ લાભ લીધો છે અને બીજો મારો એક પ્રશ્ન એ પણ છે કે આ આરોગ્ય કેન્દ્રો છે એ વસતિના ધારાધોરણ પ્રમાણે નક્કી થતાં હોય છે તો એનું ધોરણ શું છે અને ભાવનગર મહાનગરપાલિકામાં વસતિના ધારાધોરણ મુજબ મળવાપાત્ર શહેરી આરોગ્ય કેન્દ્રો કેટલા છે અને એમાંથી કેટલા મંજૂર કરવામાં આવેલા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર એ વિકાસ કરતી સરકાર છે, અમારી સરકાર પ્રજાલક્ષી સરકાર છે અને નાગરિકોના આરોગ્યની વધુમાં વધુ જાળવણી સરકારના આરોગ્ય વિભાગના માધ્યમથી થાય એવા અમારા સતત પ્રયત્નો છે. આપણને બધાને ખ્યાલ છે, અહીંયા વિપક્ષના મિત્રો બેઠાં છે એમને પણ ખ્યાલ છે કે અત્યારસુધી આરોગ્ય વિભાગ એ અર્બન સેન્ટરો અને ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ આપતું હતું, મહાનગરપાલિકા વિસ્તારમાં જે આરોગ્યની સેવાઓ હોય એ કોરપોરેશન દ્વારા આપવામાં આવતી હતી. આપણું ગુજરાતનું મોટામાં મોટું શહેર અમદાવાદ તો અમદાવાદની પણ જો વાત કરીએ તો અમદાવાદ કોરપોરેશન દ્વારા વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ કે અન્ય હોસ્પિટલો દ્વારા એના નાગરિકોના આરોગ્યની સારવારની સેવા આપવામાં આવે છે. ૫૦, ૫૫ કે ૬૦ લાખની વસતિ ધરાવતું શહેર હોય, એમાં ભૂતકાળમાં રાજ્ય સરકાર દ્વારા કોઇ આરોગ્યવિષયક સેવાઓ સીધી આપવામાં આવતી નહોતી, અમદાવાદમાં આપણી સિવિલ હોસ્પિટલ ખરી, જેમાં દર વરસે લાખ્ખો દર્દીઓને સરકારી ખર્ચે સારવાર આપવામાં આવે છે, પણ શહેરના નાગરિકો, બધાજ સિવિલમાં ના જઇ શકે, બધાજ વી.એસ.માં ના જઇ શકે કે બધાજ એલ.જી.માં ના જઇ શકે. કારણકે શહેર સેંકડો ચોરસકિલોમીટરમાં ફેલાઇ ગયેલું હોય તો એના નાગરિકોને સારવાર કઇ રીતે આપવી? ગામડાંની અંદર તો આપણે ત્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે, સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે, પેટાઆરોગ્ય કેન્દ્રો છે. એના બધા દ્વારા આપણે આરોગ્યની સેવાઓ આપીએ છીએ. અમે અગાઉ સરકારમાં આ નિર્ણય કર્યો કે શહેરો મોટાં થતાં જાય છે, કોરપોરેશનની નાણાંકીય જવાબદારી ઘણી વધારે છે એમને મદદરૂપ થવા માટે રાજ્ય સરકારના બજેટમાંથી ખર્ચ કરીને અને શહેરોને પણ આરોગ્ય સેવાઓ પ્રાપ્ત કરાવવી અને તેના ભાગરૂપે જેમ ગામડાંમાં પી.એચ.સી. હોય છે તે જ પેટર્ન ઉપર મહાનગરપાલિકાઓમાં પણ અર્બન હેલ્થ સેન્ટર અને જેમ ગામડાંમાં આપણે તાલુકામાં સી.એચ.સી. હોય છે એ રીતે શહેરમાં પણ અમુક વસતિએ એક સી.એચ.સી. તેનુ નિર્માણ તે રાજ્ય સરકાર કરે, તેની જગ્યા, તેની વ્યવસ્થા અને તે જમીન કોર્પોરેશન ફાળવે બાકીનું તમામ ખર્ચ મકાન બનાવવાનું, તેમાં સ્ટાફ મૂકવાનો અને તેનો પગાર વિગેરેનો ખર્ચ તે રાજ્ય સરકાર કરે એ પદ્ધતિ આપણે ચાલુ કરી દીધી છે, અમલમાં આવી ગઇ છે અને લાખો દર્દીઓ તેનો લાભ લેતા થઇ ગયા છે ત્યારે માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તેમાં ભાવનગર મહાનગરપાલિકામાં ૧૩ પી.એચ.સી. કક્ષાના, ૧૩ અર્બન હેલ્થ સેન્ટર અમે બનાવી દીધા છે તેની સેવાઓ ચાલુ થઇ ગઇ છે અને ૨૦૧૭માં ૧,૯૬,૬૧૬ દર્દીઓએ તે સેવાઓનો ઓ.પી.ડી.માં અને ૪૫,૮૬૫ દર્દીઓએ તેની લેબૉરેટરીની સેવાઓનો લાભ લીધો છે. તેમ શહેરોની અંદર પણ આવો આરોગ્ય વિભાગ રાજ્ય સરકાર નાગરિકોના આરોગ્ય માટે, પ્રસુતા બહેનો માટે, કુપોષિત બાળકો માટે, રસીકરણ માટે બધાજ પ્રકારના કાર્યક્રમોનો અમલ અને આરોગ્યની સેવાઓ અમે પૂરી પાડીએ છીએ.

શ્રી કેશુભાઇ હી. નાકરાણી: માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ભાવનગર મહાનગરપાલિકામાં મંજૂર થયેલ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં રાજ્ય સરકારનો નાણાકીય ફાળો કેટલો છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શહેરોની અંદર જે સી.એચ.સી.પ્રકારના એટલે કે પી.એચ.સી.થી મોટી એવી જે આ હોસ્પિટલો અમે બનાવીએ છીએ તેનો સંપૂર્ણ ખર્ચ સો ટકા ગુજરાત સરકાર ઉપાડે છે અને મેં કહ્યું તેમ અમારી ભારતીય જનતા પક્ષની ગરીબો માટે, દર્દીઓ માટે, વૃદ્ધો માટે, પ્રસૂતાઓ માટે, નાના બાળકો માટે, રસીકરણ ઇન્દ્રધનુષ કાર્યક્રમ માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇએ દેશમાં ઇન્દ્રધનુષ કાર્યક્રમ લાગુ કર્યો છે કે બાળકોને નાના મોટા પ્રકારની અનેક

રસીઓ આપવાની હોય છે. હમણાં જ પોલીયોની રસી આપવાનો રાઉન્ડ પૂરો થયો. મુખ્યમંત્રીશ્રીએ પણ પોલીયોની રસીના ટીપાં બાળકોને પીવડાવ્યાં, અમે પણ પીવડાવ્યાં અને આપણે બધા જોઇએ છીએ ગુજરાતમાં લગભગ ૯૦ લાખ કરતા વધુ બાળકોને આપણે પોલીયોના ટીપાં તેના રાઉન્ડ વખતે પીવડાવીએ છીએ અને ૧ થી ૫ વર્ષ સુધીના તમામ બાળકોને આપણે પોલીયોના ટીપાં પીવડાવીએ છીએ અને એ બધુજ આવા પી.એચ.સી.સેન્ટરો અને તેના માધ્યમથી આપણાં આખા રાજયની અંદર કરીએ છીએ. અને સી.એચ.સી.માં વધારે સેવા ઓપરેશન, ટ્રીટમેન્ટ અને દર્દીઓની જે સારવાર હોય તેના ઉપર ભાર મૂકીએ છીએ અને તેનો સંપૂર્ણ ખર્ચ તે રાજય સરકાર ઉપાડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર શહેરની અંદર જે અમારા પ્રદેશ પ્રમુખ જીતુભાઇનો પણ મત વિસ્તાર છે અને તેમનું વતન પણ છે ત્યાં આગળ એક વડવા એટલે કે કુંભારવાડા વિસ્તાર છે ત્યાં આગળ એક સી.એચ.સી.મંજૂર કર્યુ છે. બીજુ એક રૂવાટી કે જે કોર્પોરેશનનો ટી.પી.સ્કીમ વિસ્તાર છે ત્યાં એક સી.એચ.સી. મંજૂર કર્યુ છે અને એક લારીગામ વિસ્તારમાં મંજૂર કર્યુ છે. અને આ ત્રણેય સી.એચ.સી.ના કામના ટેન્ડર બહાર પડી ગયા છે અને ટેન્ડર મંજૂર થવાથી બાંધકામ ચાલુ કરવામાં આવશે. અને ત્યાં સ્ટાફ મૂકી અને નાગરિકોને આરોગ્યની સુવિધા આમ તો સર–ટી હોસ્પિટલ મહારાજા વખતની મોટી હોસ્પિટલ છે તે પણ ભાવનગરમાં દર વર્ષે લાખો દર્દીઓની સારવાર સુવિધા ધરાવે જ છે પણ નાના નાના કોઇ તાવ હોય, કોઇ ઝાડા–ઉલટી હોય કે કોઇ નાની બિમારી હોય તો બધાને મોટી હોસ્પિટલમાં જવુ જરૂરી નથી એ આવી નજીક નજીકની, વિસ્તાર નજીકની હોસ્પિટલ બને તો દર્દી તુરત જ ત્યાં જાય અને સારવાર મેળવે એ રીતની વ્યવસ્થા અમારી સરકારે કરી છે.

### વાત્રક યોજનામાં નહેર સુધારણાના કામો

* ૬૧૪૧ શ્રી શૈલેષભાઈ મહેતા (ડભોઈ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વાત્રક યોજનામાં નહેર સુધારણાના કામો કેટલા વિસ્તારમાં પૂર્ણ થયેલ છે, | (૧) મુખ્ય નહેરની ૭.૫૦ કિ.મી. લંબાઈ જેના થકી ૧૪૩૩૫ હેક્ટર લાભાન્વિત વિસ્તારમાં |
| (૨) ચાલુ વર્ષે કેટલા વિસ્તારમાં નહેક સુધારણાના કામો હાથ ધરવાનું આયોજન છે, | (૨) ૫૬૫૯ હેક્ટર |
| (૩) તે પેટે કેટલો ખર્ચ કરવાનું આયોજન છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૩) અદાજે રૂ. ૭.૦૬ કરોડ, જુન ૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) તેનાથી થનાર લાભોની વિગત શું છે ? | (૪) બે તાલુકાના ૩૫ ગામોને નિર્ધારિત આયોજન મુજબ પિયતનો લાભ મળી શકશે. |

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું ધ્યાન દોરવા માગું છું કે, આપણી પાસે શુદ્ધિ પત્રક આવેલ છે. મેં પ્રશ્ન પૂછ્યો છે એમાં શુદ્ધિ પત્રકમાં ઉલ્લેખ કરવાનો રહી ગયો છે. 'નહેર'ના બદલે 'નહેક' છપાયેલ છે. આ મારી ફરિયાદ નથી પણ માત્ર ધ્યાન દોરું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વાત્રક સિંચાઇ યોજનાની સંગ્રહ શક્તિ કેટલી છે. તેનાથી કયા–ક્યા તાલુકાના કેટલા ગામોને અને નગરોને પીવાના પાણીનો લાભ મળે છે. આ વર્ષે પીવાના પાણી માટે વાત્રક યોજના જળાશયમાં પર્યાપ્ત પાણી છે કે કેમ અને આ વર્ષે કેટલા તાલુકાના કયા ગામોને અને નગરોને પીવાના પાણીનો લાભ મળવાનો છે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપે આ શુદ્ધિ પત્રકમાં શું કહ્યું?

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, શુદ્ધિ પત્રકમાં નાનામાં નાની બાબત સુધારવામાં આવે છે. મારા પ્રશ્નમાં નહેરની બદલે નહેક છપાયું છે પણ એનો સુધાર નથી થયો.

અધ્યક્ષશ્રી : શુદ્ધિ પત્રકમાં આપેલ છે.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, નથી આપ્યો. મેં બરાબર ચેક કરી લીધું છે.

અધ્યક્ષશ્રી : એ ધ્યાન રાખવું જોઇએ.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તેમાં વાત્રક સિંચાઇ યોજના છે એમની કુલ સંગ્રહ શક્તિ ૧૫૮.૨૦ મિલિયન ઘન મીટર છે. તે પૈકી ૧૩૪.૭૯ મિલિયન ઘન મીટર જીવંત જથ્થો છે. તેના પિયત વિસ્તારમાં જે તાલુકા, ગામો અને વિસ્તાર આવે છે તે નીચે પ્રમાણે છે. માલપુર તાલુકાના ૧૭ ગામોના ૨૪૮૨ હેક્ટર, બાયડ તાલુકાના ૫૪ ગામોના ૧૩૮૨૦ હેક્ટર, ધનસુરા તાલુકાના ૧૮ ગામના ૧૯૮૧ હેક્ટર, કપડવંજ તાલુકાના ૩ ગામોના ૭૮ હેક્ટર આમ કુલ ૯૨ ગામોના ૧૮,૩૬૧ હેક્ટર વિસ્તારમાં એ સિંચાઇનો લાભ મળવાનો છે. એમણે જે પીવાના પાણીની વાત કરી છે એમાં બાયડ, માલપુર, ધનસુરા અને મેઘરજ એમ ચાર તાલુકા આવે છે. જેમાં બાયડ તાલુકાના ૧૨૧ ગામો, માલપુર તાલુકાના ૯૮ ગામો, ધનસુરા તાલુકાના ૪૬ ગામો અને મેઘરજ તાલુકાના ૪૯ ગામો મળીને કુલ ૩૧૪ ગામો અને બાયડ, માલપુર અને મેઘરજ આ ત્રણ શહેરોનો જેમાં સમાવેશ થયા છે. પીવાના પાણી માટે ૫૦.૧૦ એમ.એલ.ડી. પાણી

આરક્ષણ કર્યું છે અને લગભગ ૩,૨૫,૦૦૦ લોકોને પીવાના પાણીનો લાભ મળે છે અને હાલમાં આ ડેમમાં ૯૪ મિલિયન ઘન મીટર પાણી ઉપલબ્ધ છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છેલ્લા ચાર વર્ષમાં કઇ–કઇ નહેરોના સમારકામ કરવામાં આવેલ છે અને તેની પાછળ કરેલ ખર્ચ કેટલો છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ (જળસંપત્તિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ચાર વર્ષ દરમિયાન નહેરના સમારકામ તથા નવિનીકરણ માટે જમણા કાંઠા નહેરની ક્ષમતા ૧૦૨ ક્યુસેક થી વધારી ૧૨૩ ક્યુસેક કરવા માટે જરૂરી અસ્તર કામ, માટી કામ તથા હયાત સ્ટ્રક્ચરનું નવિનીકરણ કરવામાં આવ્યું. કુલ ૫,૫૬,૪૨૬ ઘન મીટર માટી કામ, ૨,૮૯,૭૬૩ મીટર લાઇનીંગ તેમજ ૬૨ સ્ટ્રક્ચરનું મરામતનું કામ કરવામાં આવેલ છે. તેમાં જમણા કાંઠાની મુખ્ય નહેર, ડાબા કાંઠાની શાખા નહેર, છેવાડાની ટેઇલ ડિસ્ટ્રીબ્યુટરી તેમજ એક્ષ્ટેન્ડેડ ટેઇલ ડિસ્ટ્રીબ્યુટરીના કામ કરવામાં આવેલ છે. એ માટે કુલ ૧૫૬૧ લાખનો ખર્ચ થયેલ છે.

શ્રી હિતુ કનોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ જે સમારકામનું આયોજન છે તેનાથી કયા–કયા તાલુકાના, કયા–કયા ગામોને લાભ થવાના છે?

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે સમારકામ કરવામાં આવેલું છે એમાં આગામી વર્ષના આયોજનમાં ડાબા કાંઠામાંથી નીકળતી શાખા નહેરના છેવાડાના નરસિંહપુરા, ચોઇલા તથા અમરગઢ શાખાના પુનઃસ્થાપન તથા નવીનીકરણ માટે રૂપિયા ૭.૦૬ કરોડના ખર્ચનું આયોજન કર્યું છે. ત્યાર પછીના આયોજનમાં જમણા કાંઠાના નહેરની ૧૩.૫૦ કરોડ રૂપિયાની લંબાઇની હયાત ટેઇલ એક્ષ્ટેન્શન ડીસ્ટ્રીબ્યુટરી નહેરના માટીકામ તથા અસ્તરકામ તથા હયાત સ્ટ્રકચરોના સુધારણા તથા નવીનીકરણના કામો માટે તબક્કાવાર અંદાજે રૂપિયા ૧૦ કરોડનું આયોજન છે. જેનાથી વધારાના ૨૪૦૦ હેકટર વિસ્તારને સિંચાઇનો કાર્યક્ષમ લાભ તબક્કાવાર થશે. કુલ મળીને માલપુર તથા ધનસુરા તાલુકાના ૩૫ ગામોને એટલે કે કુલ ૫૬૫૯ હેકટર વિસ્તારને નિર્ધારિત આયોજન મુજબ સિંચાઇનો લાભ આપી શકાશે અને આ માટે જે ૩૫ ગામો છે તે ગામો આ પ્રમાણે છે. ભેંમપોડા–૭૨ હેકટર, જાલમખાંટના મુવાડા–૧૯૮ હેકટર, હાથિખાંટના મુવાડા–૧૧૬ હેકટર, સખવાણીયા–૧૭ હેકટર, ગોહિલના મુવાડા–૨૩ હેકટર, ઉભરાણના મુવાડા ૧૬૭ હેકટર, પટેલિયાના મુવાડા–૬૪ હેકટર, વાંકાનેડા–૮૫ હેકટર, ખાલિકપુર–૨૩૩ હેકટર, કોઠિયા–૬૮ હેકટર, અણિયોર–૨૧૭ હેકટર, મોલ્લી/પરપોટીયા–૬૯ હેકટર, વાડીનાથ–૨૭ હેકટર, બારનોલી, કમાલીયા, સુકાવાંટડા, શેરડી, ધનસુરા, વ્રજપુરા, રામાપીરકંપા, બિલવણીયા, ધામણીયા, કેશરપુરા, સીમલી, વાટડા, જશવંતપુરા, સીમલીકંપા, મોતીવેણી, મોતીવેણીકંપા, ચોગામડાં, રાયનોમાળ, હીરાપુર, હીરાપુરકંપા, કરોલી, ખેડા, પોયડા આમ, આ ૩૫ ગામોના ૫૬૫૯ હેકટરને આનો લાભ મળશે.

નવસારી જીલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૦૭૯ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જીલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૦૮૮ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૪૭૧૨.૪૨ લાખનો ખર્ચ થયેલ છે. |

શ્રી નરેશભાઇ મ. પટેલ (ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા નવસારી જિલ્લા માટેનો પ્રશ્ન હતો કે, ટીએસપી યોજના હેઠળ નવસારી જિલ્લામાં ખેતીવાડીના કુલ કેટલા કનેકશનો અપાયા? મને જે જણાવ્યું છે એ પ્રમાણે ૩૦૮૮ કનેકશન ટીએસપી યોજના હેઠળ અપાયા એટલે હું સરકારને અભિનંદન આપું છું એટલા માટે કે હું પણ ખેડૂત છું. મેં ભૂતકાળમાં ૧૯૯૦માં અરજી કરેલી અને ૨૦૦૩માં કનેકશન મળેલું છે. ત્યારે આટલા ઝડપથી ૨૦૧૬–૧૭માં આટલાં કનેકશનો અપાયાં એટલે મેં અભિનંદન આપ્યા છે પણ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે, આ જે ૩૦૮૮ કનેકશનો અપાયાં તો તાલુકાવાર કેટલાં અપાયાં, અને એના પાછળનો ખર્ચો કેટલો થયો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી તાલુકામાં ૨૦૧૬ની અંદર ૧૬૧ કનેકશનો અપાયાં અને ૨૦૧૭માં ૧૫૯ કનેકશનો અપાયાં છે. આમ, કુલ ૩૨૦ અપાયાં છે. જે ખર્ચો થયો છે એ ૩ કરોડ અને ૩૪ લાખ રૂપિયા થયો છે. જલાલપોરમાં ૨૦૧૬ની અંદર–૭૪, ૨૦૧૭ની અંદર–૭૧, આમ, કુલ ૧૪૫ અને ખર્ચ ૨ કરોડ ૭૧ લાખ થયો છે. ગણદેવીમાં ૨૦૧૬માં ૬૫, ૨૦૧૭માં ૪૮ આમ, કુલ ૧૧૩ અને કુલ ખર્ચો ૫૨ લાખ થયો છે. ચીખલીમાં ૨૦૧૬માં ૪૧૫, ૨૦૧૭માં ૪૦૬ આમ, કુલ ૮૨૧ છે જે ખર્ચ થયો છે એ ૧૩ કરોડ અને ૧૬ લાખ રૂપિયા થાય છે. વાંસદામાં ૨૦૧૬માં ૬૯૯ કનેકશન અને ૨૦૧૭માં ૭૧૬, આમ કુલ ૧૪૧૫ કનેકશનો અપાયાં અને ખર્ચ ૨૫ કરોડ અને ૧૮ લાખ રૂપિયા થયો છે. ખેરગામમાં ૨૦૧૬માં ૧૩૪, ૨૦૧૭માં ૧૪૦ આમ, કુલ ૨૭૪ કનેકશનો અને ખર્ચ ૨ કરોડ અને ૧૯ લાખ રૂપિયા થયો છે. આમ જોઇએ તો ૨૦૧૬માં ૧૫૪૮ કનેકશનો અપાયાં અને ૨૩ કરોડ અને ૪૩ લાખ ખર્ચમાં થયાં છે. ૨૦૧૭માં ૧૫૪૦ કનેકશન ૨૩ કરોડ ૬૯ લાખ ખર્ચમાં થયાં છે. કુલ કનેકશન ૩૦૮૮ અને રૂ.૪૭૧૨.૪૨ લાખનો ખર્ચ થયેલ છે.

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને ખાસ ધ્યાન દોરવું છે કે, આ સિવાય બીજી પણ એક યોજના છે એની અંદર પણ કનેકશનો આપવામાં આવે છે તો આમ કુલ કનેક્શનો ઓવરઓલ જોવા જઇએ તો જિલ્લાની અંદર ૩૪૦૧ કનેકશન આપવામાં આવ્યાં છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ ટ્રાયબલ તાલુકામાં મારા નવસારીના જે ખેતીવાડી વીજ જોડાણની જે વાત થઇ ટીએસપી મારફત એની પ્રોસેસ અને એની સબસિડીની રકમ કેટલી છે અને અત્યાર સુધીના આ પેન્ડીંગ કોઇ કનેક્શનો છે કે નહીં?

શ્રી સૌરભ પટેલ : જે કનેકશનો પેન્ડીંગ છે,તે વિશે વાત કરી લઉં. ૨૦૧૫માં કોઇ કનેકશન કોઇ પણ તાલુકામાં પેન્ડીંગ નથી. ૨૦૧૬માં નવસારીમાં–૪, જલાલપુરમાં–૧, ગણદેવીમાં–૬, ચીખલીમાં–૧૨૯, વાંસદામાં–૧૬૪, ખેરગામમાં–૬ એમ કુલ ૩૫૦ કનેકશનો પેન્ડીંગ છે અને ૨૦૧૭ માં કુલ બધાજ તાલુકાના ભેગા કરીએ તો ૧૫૮૧ કનેકશનો પેન્ડીંગ છે. એટલેઆખા જિલ્લામાં ૧૯૩૧ કનેકશન ટીએસપી યોજના હેઠળ અને નોર્મલ કેટેગરીમાં–૩૯૫ એમ કુલ મળીને ૨૩૨૬ કનેકશનો બાકી છે. એની અંદર અન્ડર પેમેન્ટમાં–૩૪૪, પેઇડ પેન્ડીંગમાં–૯૯૦ એમ કરીને જોવા જઇએ તો આખા રાજયની અંદર પેમેન્ટ પેઇડ કર્યું હોય, અન્ડર પેમેન્ટ હોય એ બધા મળીને ૩૭૪૯ કનેકશનો પેન્ડીંગ છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નવસારીમાં તાલુકાવાર નવા ખેતી વીજ જોડાણની કેટલી અરજીઓ પેન્ડીંગ છે ? અને આના માટે સબસિડીની પ્રોસિઝર શું છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રોસેસ અને પ્રોસિઝરની વાત કરું તો, આ ટી.એસ.પી યોજનાની અંદર આપવામાં આવે છે, એની અંદર જે કુલ ખર્ચ જે થાય છે તે રૂ.૧.૭૪ લાખ થતો હોય છે. આપણે જોઇએ તો આ રૂ. ૧.૭૪ લાખ ખર્ચો થાય છે તેની સામે આપણે ટ્રાયબલ એરિયાની અંદર જે પૈસા લેવામાં આવે છે તે ઘણા ઓછા લેવામાં આવે છે. ૩ એચ.પી.નો લોડ હોય તો ૨૦૦ રૂપિયા રજીસ્ટ્રેશન ફી લેવામાં આવે છે, ફીકસ ચાર્જ કોઇ લેવામાં નથી આવતો, ડીપોઝીટ ૫૦૧ રૂપિયા લેવામાં આવે છે. એગ્રીમેન્ટ ચાર્જ ૧૦૦ રૂપિયા લેવામાં આવે છે. ટેસ્ટ રિપોર્ટ ૨૦૦ રૂપિયા લેવામાં આવે છે. એટલે કે માત્ર ૮૨૧ રૂપિયા તેમની પાસેથી લઇએ છીએ. એજ રીતે ૧૦ એચ.પી.માં જોવા જઇએ તો ૨૩૪૦ રૂપિયા લઇએ છીએ. એટલે આટલા ઓછા ખર્ચે આપણે તેમને કનેકશન આપીએ છીએ. આપણે તેનો ખર્ચ જોવા જઇએ તો રૂ.૧.૭૪ લાખ થાય છે. એટલે મોટા ભાગનો ટોટલ ખર્ચ રાજય સરકાર ભોગવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એની જે પ્રોસેસ અને પ્રોસિઝરની વાત કરી તો આ પ્રોસીઝરની અંદર એ લોકોને એ એપ્લીકાન્ટે એક લેટર ડોકયુમેન્ટ ૭/૧૨ અને ૮–અ ના હક્ક પત્રકની સાથે આપવો પડતો હોય છે. અધિકારીઓ તેની અંદર સાઇટ સરવે કરતા હોય છે અને તે પછી બોરવેલ માટેની તૈયારી થતી હોય છે, પછી એસ્ટીમેટ આપવામાં આવે છે અને એસ્ટીમેટ આપ્યા પછી તેને એકઝીકયુશન એગ્રીમેન્ટ થાય છે, આ એગ્રીમેન્ટ સહી થયા પછી કામની કામગીરી એકઝીકયુશનની લાઇનો માટે સબડીવીઝન કામ કરે છે, કામ પૂરું થાય પછી નોટિસ આપે છે અને નોટિસ આપ્યા પછી ટેસ્ટ રિપોર્ટ આપવામાં આવે છે અને તે આપ્યા પછી ઓફિસીયલ ફિઝીકલ કનેકશન રીલીઝ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : કેટલી અરજી પેન્ડીંગ છે એવું એમણે પૂછ્યું એનો જવાબ બાકી છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળના જવાબમાં ઉત્તર આપ્યો હતો એટલે મેં આપ્યું નહીં, પરંતુ કુલ ૩૭૪૯ અરજી પેન્ડીંગ છે અને તેની અંદર પેઇડ પેન્ડીંગની ૧૦૪૮ આવી ગઇ અન્ડર પેમેન્ટની ૩૭૫ આવી ગઇ એટલે એ બાદબાકી કરીએ તો ટોટલ ટી.એસ.પી યોજના અને નોર્મલ કેટેગરીની વાત કરીએ તો ૨૩૨૬ કનેકશનો ૨૦૧૬–૧૭ નાં બાકી છે.

### ખેડા જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૧૫ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે,અને | (૧) ૩૮ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો, | (૨) રૂ.૪૦૪.૦૩ લાખનો ખર્ચ થયેલ છે. |

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી આપના માધ્યમ દ્વારા પૂછવા માગું છું કે ખેડા જિલ્લામાં ૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ફીડરો જુદા કરવામાં આવેલા છે ?

સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી જે તાલુકાવાર ૨૦૧૬–અને ૨૦૧૭ ના છે એની અંદર નડીયાદ તાલુકામાં ૨૦૧૬ માં ૮ ફીડરો કર્યા છે, ૨૦૧૭ માં ૩ કર્યા છે, એમ કરીને કુલ ૧૧ ફીડરો નડીયાદ તાલુકામાં છે, કપડવંજમાં ૨૦૧૬ માં –૨, ૨૦૧૭માં–૧ એમ ૩ ફીડરો કરવામાં આવ્યા છે. ખેડાની અંદર ૨૦૧૭ માં–૩ ફીડરો કર્યા છે એટલે કુલ ૩ છે. ગલતેશ્વરમાં

૨૦૧૬માં–૫ અને ૨૦૧૭ માં ૨ એમ કુલ મળીને ૭ ફીડરો કરવામાં આવ્યાં છે. ઠાસરામાં ૨૦૧૭ માં ૨ ફીડર કરવામાં આવ્યા છે એટલે બે છે. મહેમદાવાદ તાલુકામાં ૨૦૧૬માં–૬, ૨૦૧૭ માં–૧ એમ ૭ છે. કઠલાલમાં ૨૦૧૬માં ૫ અને ૨૦૧૭ માં એક પણ નથી એટલે કુલ –૫ છે. એમ જોવા જઇએ તો ૨૦૧૬ની અંદર ૨૬ અને ૨૦૧૭ નીઅંદર ૧૨ એમ કુલ ૩૮ ફીડર જુદા જુદા તાલુકામાં કરવામાં આવ્યાં છે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : ખેડા જિલ્લામાં કઇ કઇ કેટેગરીમાં કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું. એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલા ફીડરોનું વિભાજન બાકી છે?

શ્રી સૌરભ પટેલ : જુદી જુદી કેટેગરીમાં લોડ વધતો હોય ત્યારે વિભાજન કરવામાં આવતું હોય છે. ખેતીવાડીના ૧૯ ફીડરો છે, ૨૯ એચ.ટી. લાઇન ૨૯ કિલોમીટરની જેની પાછળ ૧ કરોડ ૫૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયોતિગ્રામના ૧૧ ફીડર કરવામાં આવ્યા છે એમાં ૧૭ કિલોમીટરની લાઇન જુદી કરી છે એની પાછળ ૮૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. એ જ રીતે અર્બન હેતુ માટે પાંચ કિલોમીટરની લાઇન પાછળ ૧ કરોડ ૫૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ઇન્ડસ્ટ્રીઝ એક કિલોમીટર એમાં બે લાખ ૯૩ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. એચ.ટી. અક્સ્પ્રેસમાં એક કરેલ છે એની પાછળ ૩ લાખ ૬૨ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ કુલ ૩૮ ફીડરો પાછળ ૪ કરોડ ૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે જયારે એક ફીડર પેન્ડિંગ છે.

ચોર્યાસી તાલુકાના વાંઝ–વકતાણા રોડ પહોળો કરવાની કામગીરી

*૬૧૪૪ શ્રીમતિ ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૧૭–૧૮ ના વર્ષમાં સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના વાંઝ વકતાણા રોડને પહોળો કરવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યુ છે, અને | (૨) રૂા. ૧૨૫ લાખ |
| (૩) તા.૩૧/૦૧/૨૦૧૮ ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું કે મારા ચોર્યાસી તાલુકામાં એક પણ રસ્તો બાકી નથી ત્યારે આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારો વાંઝ–વડતાણા ગામનો રસ્તો પહોળો કરવાથી કેટલા ગામોને અને કેટલી વસતિને એના થકી લાભ મળશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બધા જ રસ્તા ખુલ્લા છે. કોઇ રસ્તાનો સારો ઉપયોગ કરે અને કોઇ રસ્તાનો ખોટો ઉપયોગ પણ કરે, હું ઇચ્છુ છું કે રસ્તા બધા માટે ખુલ્લા છે. એ રસ્તાનો બધા ઉપયોગ કરે. માનનીય ઝંખનાબહેન પટેલ ખૂબ જ સક્રિયા મહિલા ધારાસભ્ય છે. આગળની ટર્મમાં પણ તેઓ માર્ગ અને મકાન વિભાગના એમના વિસ્તારના રસ્તાઓ ખાસ કરીને ગામડાંના માર્ગો માટે ખૂબ સક્રિય રહ્યા હતા. એમનો અડઘો શહેરી વિસ્તાર છે અને અડઘો ગ્રામ્ય વિસ્તાર છે. અને મોટા ભાગનો ઓ.બી.સી. એટલે કે કોળી સમાજની વસતિ ઘરાવતો અને નાના નાના ગામડાંમાં લોકો વસતા હોય ત્યારે એમને વાહનોની હેરાફેરી માટે, બાળકોને સ્કૂલે જવા માટે, માર્કેટયાર્ડે ઉત્પાદન લઇ જવા માટે કે સુરત શહેરમાં આવવા જવા માટે સારા રસ્તા હોય તો એનો લાભ પ્રાપ્ત થતો હોય છે. એમની સક્રિયતાથી ઘણા રસ્તાઓ મંજૂર કરાવ્યા છે. એજ રીતે સારાયે ગુજરાતમાં દરેક માનનીય ધારાસભ્યશ્રીઓના વિસ્તારોમાં પણ રસ્તાઓના કામો થાય એ માટે અમારો વિભાગ ગ્રાન્ટ ફાળવે છે અને રસ્તા અને માર્ગોના કામો કરે છે. આ વાંઝ–વકતાણા રોડ પહોળો થવાથી વાંઝ ગામની ૨૫૦૦ની વસતિને, વકતાણાની એક હજારની વસતિને, વડતરા નાનું ગામ છે જેની ૯૦૦ જેટલી વસતિ છે, ભાટીયા ગામ ૯૦૦ની વસતિ, ઓપડ ગામ હજારની વસતિ છે, બોળત ગામ ૧૨૦૦ની વસતિ છે, ગોઝા ગામ બિલકૂલ નાનુ પેટાપરા ૩૫૦ની વસતિ છે, ખરવાસા ગામની ૧૩૦૦ની વસતિ આમ લગભગ દસેક હજાર જેટલી વસતિના ગામોને આ રસ્તો પહોળો થવાથી વધુ સારી રીતે વાહનોની અવર–જવર માટે અને સલામતી માટે સુવિધા પ્રાપ્ત થશે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય મંત્રીશ્રીને ધન્યવાદ આપું છું કે મારા પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન ઓલપાડ તાલુકાના રસ્તાઓ માટે ૯૮૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી એ બદલ એમને અભિનંદન આપું છું. હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સુરત જિલ્લામાં ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં ગ્રામ્ય માર્ગો પહોળા કરવા માટેના કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા એની પાછળ કેટલી રકમ આપવામાં આવી અને હાલ આ કામોની સ્થિતિ કયા તબક્કે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : જુદા જુદા કામો જુદા જુદા તબક્કે છે. કોઇ કામકાજના તબક્કે હોય તો કોઇ એસ્ટીમેટના તબક્કે હોય કોઇ ટેન્ડરીંગના તબક્કે હોય.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નોત્તરી**
**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

આશાવર્કર બહેનોનું મહેનતાણું

* ૪૧૩૩ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ આશાવર્કર બહેનો પ્રસૂતાની પ્રસૂતિ ખાનગી હોસ્પિટલોમાં કરાવે તો મહેનતાણું ચૂકવવામાં આવતું નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ આપવાનું રહેતું નથી. |
| (૩) આશાવર્કર બહેનો ખાનગી હોસ્પિટલમાં પ્રસૂતિ કરાવે તો કોઈ મહેનતાણું આપવા સરકારનું શું આયોજન છે ? | (૩) ના, જી. |

---------

દાહોદ જિલ્લાના દૂધીમતી અને નશીરપુર ગામના ડુબાઉ પુલની દરખાસ્ત

* ૩૬૦૪ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં દૂધીમતી અને નશીરપુર ગામે આવેલ દૂધેશ્વર સ્મશાન તરફ જતા રસ્તા ઉપરના ડુબાઉ પુલની કોઈ દરખાસ્ત તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મળેલ છે કે કેમ, અને | (૧) અને (૨) : હા, જી. પરંતુ ઉપલબ્ધ વૈકલ્પીક રસ્તાઓને ધ્યાને લેતાં તથા આંતરીક અગ્રતા મુજબ હાલ કોઈ આયોજન નથી. |
| (૨) જો હા તો, તે દરખાસ્ત કેટલા સમયમાં મંજુર કરવામાં આવશે ? | |

---------

કલ્પસર યોજનાનો ખર્ચ

* ૭૪૪૭ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખંભાતના અખાતમાં મીઠા પાણીનું સરોવર બનાવવા સરકારે કલ્પસર યોજનાની જાહેરાત તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કરેલ છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની જાહેરાત ક્યારે કરેલ અને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે. |

| ક્રમ | વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૫–૧૬ | ૨૧૦૨.૯૧ |
| ૨ | ૨૦૧૬–૧૭ | ૬૨૩.૧૬ |
| ૩ | ૨૦૧૭–૧૮ (તા. ૩૧.૧૨.૨૦૧૭ સુધી) | ૩૪૪.૯૯ |
| | કુલ | ૩૦૭૧.૦૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર થયા પછી સદર અહેવાલને સક્ષમ સ્તરેથી જરૂરી મંજુરીઓ મળ્યેથી, આ યોજના સત્વરે શરૂ કરી, શક્ય બને તેટલું જલ્દી પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં ક્ષાર નિયંત્રણ માટે બંધારા યોજનાની કામગીરી

* ૩૮૪૦ શ્રી કનુભાઈ બારૈયા (તળાજા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ક્ષાર નિયંત્રણ માટે બંધારા યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના સરતાનપર અને મેથલા ગામે બંધારા બાંધવાનું કામ કયા તબક્કે છે.

(૨) સદર કામ કામ માટે ક્યારે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, અને

(૩) આ કામ ક્યારે અને કેટલા ખર્ચે પુર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧)

- સરતાપર ગામ પાસે ભરતી નિયંત્રકની અવેજીમાં સીરીઝ ઓફ ચેકડેમ પૈકી સરતાનપર ચેકડેમ–૧ નું વિગતવાર મોજણી તથા ભુસ્તરીયા શારકામ પુર્ણ કરવામાં આવેલ છે અને હાલ ભુસ્તરીયા અહેવાલ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- મેથળા ગામ પાસે ભરતી નિયંત્રકનું પણ વિગતવાર મોજણી તથા ભુસ્તરીય શારકામ પુર્ણ કરવામાં આવેલ છે અને હાલ ભુસ્તરીય અહેવાલ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) આલેખન તથા મંજુરીઓના તબક્કા પુર્ણ થયે મુળ યોજનાની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાનું આયોજન છે.

(૩) હાલ બંને યોજના અન્વેષણના પ્રારંભિક તબક્કામાં છે જેથી આલેખન પૂર્ણ થયે તે મુજબ નકશા અંદાજો તૈયાર કરી વહીવટી મંજુરી મેળવવામાં આવશે.

---------

### અમદાવાદ જિલ્લામાં નર્મદા યોજનાની નહેરો

* ૪૧૨૮ શ્રી રાજેશભાઈ ગોહિલ (ધંધુકા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં નર્મદા યોજનાની કેટલી નહેરોના કેટલા કિ.મી.ના કામો બાકી છે, અને

(૨) તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં નર્મદા નહેરની નીચે મુજબના કામો બાકી છે.

| નહેરનો પ્રકાર | બાકી કામોની લંબાઈ (કિ.મી.) |
|---|---|
| અમદાવાદ જિલ્લો | |
| મુખ્ય નહેર | કામો પૂર્ણ |
| શાખા નહેરો | કામો પૂર્ણ |
| વિશાખા નહેરો | ૭૯.૩૩૬ |
| પ્રશાખા | ૬૦૦.૯૬૯ |
| પ્રપ્રશાખા | ૨૪૩૦.૩૪૨ |
| કુલ લંબાઈ | ૩૧૧૦.૬૪૭ |

(૨) વિશાખા નહેર અને પ્રશાખા નહેરોનાં બાકી કામો જમીન સંપાદન અને અન્ય યુટીલીટી ક્રોસિંગ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ–ઓઈલ પાઈપ લાઈન, ટેલિફોન–ઈલેક્ટ્રિક લાઈન વિગેરેની સંબંધિત વિભાગની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. પ્રપ્રશાખાની કામગીરી ખેડૂતોની ભાગીદારીમાં કરવાની થતી હોઈ તેમની સંમતી તથા ફાળો મળ્યાથી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

### પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર લેવાતો વેરો

* ૭૪૯૪ શ્રી પ્રવિણભાઈ મુસડિયા (કાલાવડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેરો વસુલવામાં આવે છે, અને

(૧)

| | વેટ | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | – |
| પી.એન.જી. | ૧૫% | – |
| જીએસટી | | |
| રાસાયણિક ખાતર | ૫% | |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતરના વેરા પેટે સરકારને કેટલી આવક થઈ ?

(૨) (રકમ રૂ. કરોડમાં)

| | ૨૦૧૬–૧૭ | | ૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ | |
|---|---|---|---|---|
| | વેટ+સીએસટી | સેસ | વેટ+સીએસટી | સેસ |
| પેટ્રોલ | ૨૮૬૨.૪૧ | ૫૯૨.૯૨ | ૨૪૮૫.૨૯ | ૪૮૨.૮૮ |
| ડીઝલ | ૬૩૭૧.૧૯ | ૧૩૧૯.૭૨ | ૫૫૩૧.૭૮ | ૧૦૭૪.૭૯ |
| સી.એન.જી. | ૪૪૦.૧૮ | | ૨૨૯.૧૫ | |
| પી.એન.જી. | ૯૨૫.૦૫ | | ૫૭૦.૦૨ | |
| | ૨૦૧૬–૧૭ (વેટ) | | ૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ (વેટ+એસજીએસટી) | |
| રાસાયણિક ખાતર | ૯૫.૯૯ | | ૬૮.૦૬ | |

---------

### નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ અંગે

* ૪૩૭૦ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત કેટલી ગ્રાન્ટ મળી,

(૧)

| ક્રમ | વર્ષ | રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧. | ૨૦૧૫–૧૬ | ૭૭૪.૦૭* |
| ૨. | ૨૦૧૬–૧૭ | ૮૬૦.૮૪* |
| ૩. | ૨૦૧૭–૧૮ | ૫૪૩.૬૭* |

(તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ)

*(ઉક્ત રકમોમાં કેન્દ્ર સરકાર દ્વારા મળેલ જે તે વર્ષની ગ્રાન્ટ ઉપરાંત પૂરા થયેલ આગલા વર્ષની વણવપરાયેલ ગ્રાન્ટનો સમાવેશ થાય છે.)

(૨) તે પૈકી કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧. | ૨૦૧૫–૧૬ | ૫૯૮.૬૬ |
| ૨. | ૨૦૧૬–૧૭ | ૭૦૯.૯૫ |
| ૩. | ૨૦૧૭–૧૮ | ૪૪૨.૨૨* |

(તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ)

(૩) ગીર–સોમનાથ અને જુનાગઢ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને તે પૈકી કેટલી રકમ ખર્ચ થઈ ?

(૩) સામેલ પત્રક મુજબ

પત્રક

રકમ રૂ. કરોડમાં

| કયા કામ માટે ? | ૨૦૧૫–૧૬ | | | | ૨૦૧૬–૧૭ | | | | ૨૦૧૭–૧૮ ( તા. ૩૧/૧૨/૧૭ સુધી) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જુનાગઢ | | ગીર–સોમનાથ | | જુનાગઢ | | ગીર–સોમનાથ | | જુનાગઢ | | ગીર–સોમનાથ | |
| | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ |
| માતૃ અને બાળ કલ્યાણ કાર્યક્રમ (આર.સી.એચ.ફલેક્ષીપુલ) | ૪.૮૭ | ૪.૭૬ | ૪.૭૧ | ૪.૫૩ | ૫.૪૩ | ૫.૦૫ | ૫.૬૬ | ૫.૦૭ | ૨.૮૮ | ૨.૩૧ | ૪.૧૦ | ૧.૯૯ |
| એચ.એસ.એસ. | ૫.૯૧ | ૫.૭૬ | ૬.૧૧ | ૫.૦૬ | ૬.૬૪ | ૬.૨૫ | ૫.૩૬ | ૫.૩૦ | ૬.૦૦ | ૫.૯૨ | ૬.૯૦ | ૪.૮૩ |

| કયા કામ માટે ? | ૨૦૧૫-૧૬ | | | | ૨૦૧૬-૧૭ | | | | ૨૦૧૭-૧૮ ( તા. ૩૧/૧૨/૧૭ સુધી) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જુનાગઢ | | ગીર-સોમનાથ | | જુનાગઢ | | ગીર-સોમનાથ | | જુનાગઢ | | ગીર-સોમનાથ | |
| | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ |
| (મિશન ફલેક્ષીપુલ) | | | | | | | | | | | | |
| રસીકરણ નિયંત્રણ(આર.આઈ.) | ૧.૪૫ | ૦.૬૧ | ૦.૭૧ | ૦.૬૦ | ૧.૫૮ | ૦.૬૨ | ૦.૮૦ | ૦.૭૨ | ૧.૩૩ | ૦૪૨ | ૦.૭૦ | ૦.૪૧ |
| પોલીયો નિયંત્રણ (પલ્સ પોલીયો) | ૦.૨૨ | ૦.૨૦ | ૦.૨૩ | ૦.૨૩ | ૦.૨૭ | ૦.૧૦ | ૦.૨૪ | ૦.૧૨ | ૦.૧૭ | ૦.૧૦ | ૦.૬૬ | ૦.૧૨ |
| રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ(એન.ટી.સી.પી.) | ૦.૧૦ | ૦.૦૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૮ | ૦.૧૦ | ૦.૧૫ | ૦.૧૧ | ૦.૨૩ | ૦.૦૯ | ૦.૨૩ | ૦.૦૮ |
| રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ (આર.એન.ટી.સી.પી.) | ૧.૦૦ | ૦.૯૭ | ૦.૬૮ | ૦.૬૬ | ૧.૧૧ | ૧.૦૪ | ૦.૭૭ | ૦.૭૩ | ૦.૮૨ | ૦.૬૫ | ૦.૫૭ | ૦.૪૬ |
| રાષ્ટ્રીય શહેરી આરોગ્ય મિશન(એન.યુ.એચ.એમ) | ૦.૫૪ | ૦.૩૬ | ૦.૭૫ | ૦.૭૩ | ૦.૫૮ | ૦.૫૦ | ૦.૯૧ | ૦.૮૫ | ૦.૪૫ | ૦.૩૭ | ૦.૭૨ | ૦.૭૨ |
| સંકલીત રોગ સર્વેક્ષણ કાર્યક્રમ(આઈ.ડી.એસ.પી) | ૦.૧૨ | ૦.૧૧ | ૦.૦૩ | ૦.૦૨ | ૦.૧૭ | ૦.૧૫ | ૦.૦૮ | ૦.૦૬ | ૦.૧૧ | ૦.૧૧ | ૦.૦૫ | ૦.૦૪ |
| રાષ્ટ્રીય રકતપિત નિર્મુલન કાર્યક્રમ (એન.એલ.ઈ.પી.) | ૦.૦૪ | ૦.૦૪ | ૦.૦૨ | ૦.૦૨ | ૦.૦૫ | ૦.૦૪ | ૦.૦૪ | ૦.૦૪ | ૦.૦૩ | ૦.૦૧ | ૦.૦૩ | ૦.૦૨ |
| રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમ (એન.પી.સી.બી.) | ૦.૧૭ | ૦.૧૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૯ | ૦.૧૯ | ૦.૦૨ | ૦.૦૨ | ૦.૦૯ | ૦.૦૨ | ૦.૦૮ | ૦.૦૩ |
| વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ (એન.વી.બી.ડી.સી.પી.) | ૧૫.૦૧ | ૧૪.૪૭ | ૮.૫૩ | ૮.૫૧ | ૩૧.૭૬ | ૩૧.૩૮ | ૨૦.૦૭ | ૧૯.૨૯ | ૨૫.૩૮ | ૨૫.૬૫ | ૨૨.૭૭ | ૨૧.૦૦ |
| રાષ્ટ્રીય મુખ સ્વાસ્થ્ય કાર્યક્રમ (ઓરલ હેલ્થ) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| બહેરાશ નિયંત્રણ કાર્યક્રમ (એન.પી.પી.સી.ડી) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૮ | ૦.૦૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૩ | ૦.૦૩ | ૦.૦૦ | ૦.૦૦ |
| નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ કેન્સર, ડાયાબિટીસ, કાર્ડીયોવાસ્કયુલર ડીસીસ એન્ડ સ્ટ્રોક્સ (એન.પી.સી.ડી.સી.એસ.) | ૨.૭૪ | ૧.૧૧ | ૦.૫૪ | ૦.૩૧ | ૨.૩૭ | ૦.૯૨ | ૦.૬૭ | ૦.૫૬ | ૨.૭૨ | ૦.૭૩ | ૦.૭૧ | ૦.૫૮ |
| નેશનલ પ્રોગ્રામ ફોર ધ હેલ્થકેર ઓફ ધ એલ્ડરલી. (એન.પી.એચ.સી.ઈ.) | ૦.૬૭ | ૦.૪૧ | ૦.૦૭ | ૦.૦૧ | ૦.૪૫ | ૦.૩૬ | ૦.૧૨ | ૦.૧૦ | ૦.૩૮ | ૦.૨૨ | ૦.૧૦ | ૦.૦૯ |
| ન્યુટ્રીશન કાર્યક્રમ | ૦.૨૪ | ૦.૧૩ | ૦.૧૬ | ૦.૧૪ | ૦.૪૯ | ૦.૨૬ | ૦.૩૬ | ૦.૨૬ | ૦.૮૬ | ૦.૩૧ | ૦.૫૮ | ૦.૨૩ |
| આયોડીન ઉણપ નિયંત્રણ કાર્યક્રમ | ૦.૦૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૬ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૧ | ૦.૦૦ | ૦.૦૧ | ૦.૦૦ |
| ફલોરોસીસ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ન | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| માનસિક આરોગ્ય કાર્યક્રમ (મેન્ટલ હેલ્થ) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૨૧ | ૦.૦૪ | ૦.૨૪ | ૦.૦૧ | ૦.૦૮ | ૦.૦૭ |

---------

## નવસારી જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના માર્ગોનું નવીનીકરણ

* ૩૫૯૫ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓનું નવીનીકરણ તથા રસ્તાની પહોળાઈ વધારવાની કેટલી દરખાસ્તો વર્ષવાર મંજુર થઈ, અને | (૧) પરિશિષ્ટ મુજબ |

પરિશિષ્ટ

| વર્ષ | તાલુકો | નવીનીકરણ મંજુર કામોની સંખ્યા | | વાઈડનીંગ મંજુર કામોની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| ૧/૧/૨૦૧૬ થી | | પંચાયત | રાજય | પંચાયત | રાજય |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧/૧૨/૨૦૧૬ | નવસારી | ૨૧ | ૧ | ૧ | – |
| | જલાલપોર | ૨૦ | ૩ | – | – |
| | ગણદેવી | ૨૬ | – | ૫ | – |
| | ચીખલી | ૨૩ | ૨ | ૪ | ૧ |
| | ખેરગામ | ૧૧ | – | – | – |
| | વાંસદા | ૧૬ | ૨ | ૩ | – |
| ૧/૧/૨૦૧૭ થી ૩૧/૧૨/૨૦૧૭ | નવસારી | ૧૯ | ૧ | ૫ | – |
| | જલાલપોર | ૧૩ | ૧ | ૪ | ૪ |
| | ગણદેવી | ૧૮ | – | ૬ | ૧ |
| | ચીખલી | ૨૧ | ૧ | ૩ | ૪ |
| | ખેરગામ | ૩ | – | ૧ | ૨ |
| | વાંસદા | ૧૩ | ૨ | ૩ | – |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તેની કાર્યવાહી કયા તબક્કે છે ?

(૨) નવીનીકરણના ૨૧૭ કામો પૈકી ૧૪૦ કામો પૂર્ણ, ૧૦ કામો પ્રગતિમાં અને ૬૭ કામો હવે શરૂ થનાર છે. જ્યારે વાઈડનીંગના ૪૭ કામો પૈકી ૧૦ કામો પૂર્ણ, ૧૫ કામો પ્રગતિમાં અને ૨૨ કામો હવે શરૂ થનાર છે.

---------

યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચને ફાળવેલ ગ્રાન્ટ

* ૬૧૧૫ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ, અમદાવાદને સને ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ના વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) આ સમય દરમ્યાન કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | રૂ.૨૭૬.૧૨ કરોડ |
| ૨૦૧૭–૧૮ | રૂ.૧૭૨.૦૮ કરોડ |

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૬–૧૭ | રૂ.૨૦૨.૫૭ કરોડ |
| ૨૦૧૭–૧૮ | રૂ.૧૯૪.૩૪ કરોડ |

---------

સચિવાલયમાં ફરજ બજાવતા રોજમદાર કર્મચારીઓને ચુકવવામાં આવતો પગાર

* ૭૯૦૨ શ્રી ડો.સી.જે.ચાવડા (ગાંધીનગર ઉત્તર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ નવા સચિવાલય ખાતે સરકારના વિભાગોની કચેરીઓમાં ફરજ બજાવતા રોજમદારોને કુલ રૂ.૯૫૭૬/– પગાર ચુકવવામાં આવે છે. તે હકિકત ખરી છે કે કેમ અને કઈ એજન્સી મારફત ચુકવવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ રોજમદારોને પ્રતિવ્યક્તિ દીઠ પગાર બીલમાં રૂ.૯૫૭૬/– બતાવવામાં આવે છે, પરંતુ હકીકતમાં રૂ.૫૮૫૦/– ચુકવવામાં આવે છે. વ્યક્તિદીઠ રૂ.૨૯૦૦/– ઓછા ચુકવવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત બાબતે જવાબદાર સામે સરકારે શી કાર્યવાહી કરી ?

જવાબ

(૧), (૨) અને (૩) સેવકો પુરા પાડવાનો કોન્ટ્રાક્ટ રાજદિપ એન્ટરપ્રાઈઝને આપેલ છે. આ એજન્સીને દ્વારા તેમના કર્મચારીઓને ચોખ્ખા પગાર પેટે રૂ.૫૮૪૬.૪૧/– પ્રોવીડન્ડ ફંડના ફાળા પેટે રૂ.૧૬૪૯.૦૮/– ઈ.એસ.આઈ.ના ફાળા પેટે રૂ.૪૪૬.૬૨/– અને વ્યવસાય વેરા પેટે રૂ.૮૦/– મળી કુલ રૂ.૮૦૨૨.૧૧/– આપવામાં આવે છે. જાહેર રજાના દિવસે આ કર્મચારીઓએ કામ કરવાનું રહેતું નથી.

ફાલ્ગુન ૨૪, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

રાજ્ય સરકારે વીજળીનું કરેલ વેચાણ

* ૭૪૮૦ શ્રી જે વી કાકડીયા (ધારી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કયા રાજ્યને યુનિટ દીઠ શા ભાવે કેટલી વીજળી વેચી, અને

જવાબ

(૧) ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જી.યુ.વી.એન.એલ દ્વારા અન્ય રાજ્યને વેચવામાં આવેલ વીજળીની માહિતી નીચે મુજબ છે.

| | વર્ષ ૨૦૧૬ | | વર્ષ ૨૦૧૭ | |
|---|---|---|---|---|
| રાજ્ય | છતીસગઢ | ઉત્તર પ્રદેશ | - | - |
| મિલિયન યુનિટસ | ૨૫.૯૬ | ૪.૪૪ | - | - |
| રૂ./યુનિટ | ૨.૩૫ | ૨.૬૦ | - | - |

આ, ઉપરાંત વર્ષ ૨૦૧૬માં ૮.૦૧ મિલિયન યુનિટસ વીજળી રૂ. ૩.૧૦ પ્રતિ યુનિટના દરે અને વર્ષ ૨૦૧૭ દરમ્યાન ૬૩૫ મિલિયન યુનિટસ વીજળી રૂ. ૩.૦૨ પ્રતિ યુનિટના દરે પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવેલ છે. પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવતી વીજળીના અનેક ખરીદદાર હોય છે જેવા કે અન્ય રાજ્યની વીજ કંપનીઓ, ઓપન એક્ષેસ ગ્રાહકો વિગેરે. આથી તે વીજળી કયા રાજ્યએ ખરીદ કરી તેની વિગતો સ્પષ્ટ થઈ શકે નહિ.

પ્રશ્ન (૨) રાજ્ય બહાર વીજળી વેચવાના કારણો શા છે ?

જવાબ (૨) ઉત્પાદિત વીજળીનો સંગ્રહ કરવો શક્ય નથી. આ કારણોસર શિયાળો/વર્ષાઋતુ વખતે રાજ્યના તમામ ગ્રાહકોની વીજ માંગ ઓછી હોય ત્યારે વીજ મથકોનો મહતમ ઉપયોગ કરી વીજળી પૂરી પાડવાનો ખર્ચ ઘટાડવાના હેતુથી રાજ્યની વીજ માંગને કોઈ પણ પ્રકારની અસર કર્યા સિવાય વીજળી વેચવામાં આવેલ છે.

---------

જંબુસર અને આમોદ તાલુકાના રસ્તાઓના રીપેરીંગની કામગીરી

* ૩૬૦૭ શ્રી સંજયભાઈ સોલંકી (જંબુસર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ જંબુસર અને આમોદ તાલુકાના કેટલા રસ્તાઓનું મરામત-રીપેરીંગ કામ ચાલુ છે,

(૨) મરામત-રીપેરીંગ થતા હોય તેવા રસ્તાઓની રસ્તાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને

(૩) આ રસ્તાઓના કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧), (૨) અને (૩) રસ્તાવાર ગ્રાન્ટ ફાળવણી થતી નથી. છેલ્લા બે વર્ષમાં રૂ. ૫૨૪૧.૪૦ લાખની રકમ પરિશિષ્ટ મુજબના રસ્તા પર મરામત-રીસરફેસીંગ માટે મંજુર કરેલ છે.

ઉક્ત સ્થિતિએ તે પૈકી જંબુસર તાલુકાના ૬ અને આમોદ તાલુકાના ૪ રસ્તાની કામગીરી પ્રગતિમાં છે. જે બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

પરિશિષ્ટ

છેલ્લા બે વર્ષમાં રસ્તાવાર મંજુર કરેલ રીસરફેસીંગની વિગત (તા.૩૧/૧/૧૬ થી ૩૧/૧/૧૮)

| તાલુકો | રસ્તાનું નામ | મંજુર રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| જંબુસર | છીદ્રા ઝામડી રોડ કિ.મી.૦/૦ થી ૧/૮ | ૪૦.૦૦ |
| જંબુસર | જંબુસર જંત્રાણા દહેગામ કાવી રોડ કિ.મી. ૦/૦ થી ૧૫/૦ | ૬૦૦.૦૦ |
| જંબુસર | ભરૂચ જંબુસર વડોદરા રોડ કિ.મી. ૪૪/૦ થી ૫૩/૨૦૦ | ૭૦૦.૦૦ |
| જંબુસર | વ્હેલમ બોજાદ્રા રોડ તા.જંબુસર | ૭૬.૮૦ |
| જંબુસર | ન્હારથી રૂપેશ્વર રોડ તા.જંબુસર | ૪૪.૮૦ |
| જંબુસર | પાણીની ટાંકી દુધીવાવથી કપુરીયા રોડ તા.જંબુસર | ૪૮.૦૦ |
| જંબુસર | ભાણખેતરથી કાલીકા માતાના મંદિર જંબુસર શહેરને જોડતો રસ્તો તા.જંબુસર | ૩૬.૦૦ |
| જંબુસર | નાડા દેવલા ભડકોદ્રા રોડ તા.જંબુસર | ૧૨૪.૮૦ |
| જંબુસર | વ્હેલમ માસર રોડ જીલ્લા હદ સુધી તા.જંબુસર | ૧૬.૦૦ |
| જંબુસર | કનગામ ઔરંગપુર ટીંબી રોડ તા.જંબુસર | ૫૪.૪૦ |
| જંબુસર | કાવી કંબાઈ રોડ તા.જંબુસર | ૪૮.૦૦ |
| જંબુસર | નહારથી મંદિર સુધી એપ્રોચ રોડ તા.જંબુસર | ૩૮.૦૦ |
| જંબુસર | નહાર કનગામ રૂનાડ સીગામ નેઝા રોડ તા.જંબુસર | ૧૨૪.૮૦ |
| જંબુસર | ઠાકોર તલાવડી સિંઘવ રોડ તા.જંબુસર | ૧૨૪.૮૦ |
| જંબુસર | ઉમરા ઉબેર રોડ તા.જંબુસર | ૧૩૦.૦૦ |
| જંબુસર | ટંકારીથી ટંકારી બંદર રોડ તા.જંબુસર | ૬૫.૦૦ |
| આમોદ | દાદાપોર-અદવાડા રોડ કિ.મી.૪/૭ થી ૪/૮૫૦ | ૧૦૦.૦૦ |
| આમોદ | નાહિયેર બુવા કેરવાડા કિ.મી.૭/૦ થી ૧૪/૪ | ૩૨૦.૦૦ |
| આમોદ | પાલેજ ઈખર સરભાણ રોડ | ૧૬૦૦.૦૦ |
| આમોદ | આમોદ ભીમપુર રોડ તા.આમોદ | ૩૨.૦૦ |
| આમોદ | સરભાણ વેડચા કોબલા મંજોલા વાસણા રોડ તા.આમોદ | ૧૭૬.૦૦ |
| આમોદ | સરભાણ ધમણાદ રોડ તા.આમોદ | ૯૬.૦૦ |
| આમોદ | માલકીનપુરા એપ્રોચ રોડ તા.આમોદ | ૨૫.૬૦ |
| આમોદ | આમોદ પુરસા રોડ તા.આમોદ | ૮૦.૦૦ |
| આમોદ | રોઝા ટંકારીયા થી માંગરોલ રોડ | ૯૫.૦૦ |
| આમોદ | આછોદથી બુવા રોડ તા.આમોદ | ૧૨૦.૦૦ |
| આમોદ | આમોદ રાણીપુરા દાદાપોર વાયા જુનાવાડીયા રોડ | ૧૧૫.૦૦ |
| આમોદ | નિણમ થી અનોર રસ્તો તા.આમોદ | ૧૪૦.૦૦ |
| આમોદ | નવા વાડીયા થી જુના વાડીયા રોડ તા.આમોદ | ૫૧.૨૦ |
| આમોદ | ચકલાદ એપ્રોચ રોડ તા.આમોદ | ૧૯.૨૦ |
| | કુલ | ૫૨૪૧.૪૦ |

---------

### લુણાવાડા તાલુકાના થાણા સાવલી અને ગઘનપુર ગામે સિમેન્ટ કોક્રીટ રોડની કામગીરી

* ૬૧૪૬ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના થાણા સાવલી અને ગઘનપુર ગામે સિમેન્ટ કોક્રીટ રોડ કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ માટે કેટલી રકમનું મંજુર કરવામાં આવેલ છે અને મંજુર કામ કયા તબક્કે છે, | (૨) ૧. થાણાસાવલી માટે રૂ.૫૦.૦૦ લાખ અને ૨. ગઘનપુર માટે રૂ.૫૦.૦૦ લાખ મંજુર બન્ને કામો ટેન્ડર મંજૂરી તબક્કે. |

---------

અતારાંકિત પ્રશ્નોત્તરી

આણંદ જિલ્લામાં ઉજાલા યોજના

*૬૦૯૦ શ્રી ગોવિંદભાઈ પરમાર (ઉમરેઠ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે. | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૪,૯૨,૭૧૨ એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલઈડી બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજિત ૧૧.૧૧ કરોડ યુનિટની વીજ બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ? | (૩) એલઈડી બલ્બ વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂપિયા ૫૦.૦૧ કરોડની બચત થશે. |

---------

સાબરમતી રેલ્વે સ્ટેશનના વિકામ માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૪૭૧ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સાબરમતી રેલ્વે સ્ટેશનના વિકાસ બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) ત્રણ વખત |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો. | (૨) રેલ્વે વિભાગ દ્વારા સાબરમતી ખાતે બીજા કોચીંગ ટર્મીનલને વિકસાવવાની કામગીરી મંજુર કરેલ છે અને કામગીરી મંજુર કરેલ છે અને કામગીરી હાલ પ્રગતીમાં છે. વધુમાં અમદાવાદ–મુંબઈ બુલેટ ટ્રેન માટે પણ સાબરમતી સ્ટેશનનો સમાવેશ થયેલ હોઈ બુલેટ ટ્રેનના સ્ટેશન સાથે સાબરમતી રેલ્વે સ્ટેશનનો વિકાસ હાથ ધરાનાર છે. |

---------

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી

* ૭૯૨૪ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઉંડા કરવાના કામો મંજૂર કરવામાં આવ્યા.

જવાબ

(૧)

| અ.નં. | તાલુકો | તળાવો ઉંડા કરવાના મંજૂર કરવામાં આવેલ કામો |
|---|---|---|
| ૧ | વિસનગર | ૧૬ |
| ૨ | મહેસાણા | ૧૨ |
| ૩ | ઉંઝા | ૮ |
| ૪ | બેચરાજી | ૧૨ |
| ૫ | વડનગર | ૯ |
| ૬ | કડી | ૩ |
| ૭ | જોટાણા | ૧૨ |
| ૮ | ખેરાલુ | ૫ |
| ૯ | વિજાપુર | ૭ |

| | | |
|---|---|---|
| ૧૦ | સતલાસણા | ૧ |
| ૧૧ | દહેગામ | ૧૨ |
| ૧૨ | માણસા | ૯ |
| ૧૩ | કલોલ | ૮ |
| ૧૪ | ગાંધીનગર | ૧૨ |
| | કુલ | ૧૨૬ |

(૨) તે પૈકી વર્ષવાર તાલુકાવાર કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા કામો પૂર્ણ કરવાના બાકી છે, અને

(૨)

| અ.નં. | તાલુકો | તળાવો ઉંડા કરવાના પૂર્ણ કામો | | | તળાવો ઉંડા કરવાના પૂર્ણ કરવાના બાકી કામો |
|---|---|---|---|---|---|
| | | વર્ષ–૨૦૧૬ | વર્ષ–૨૦૧૭ | કુલ | |
| ૧ | વિસનગર | ૧૩ | ૩ | ૧૬ | ૦ |
| ૨ | મહેસાણા | ૯ | ૨ | ૧૧ | ૧ |
| ૩ | ઉંઝા | ૬ | ૨ | ૮ | ૦ |
| ૪ | બેચરાજી | ૧૧ | ૦ | ૧૧ | ૧ |
| ૫ | વડનગર | ૫ | ૪ | ૯ | ૦ |
| ૬ | કડી | ૩ | ૦ | ૩ | ૦ |
| ૭ | જોટાણા | ૯ | ૩ | ૧૨ | 0 |
| ૮ | ખેરાલુ | ૩ | ૨ | ૫ | ૦ |
| ૯ | વિજાપુર | ૧ | ૬ | ૭ | ૦ |
| ૧૦ | સતલાસણા | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૧ | દહેગામ | ૧૧ | ૦ | ૧૧ | ૧ |
| ૧૨ | માણસા | ૬ | ૦ | ૬ | ૩ |
| ૧૩ | કલોલ | ૧ | ૫ | ૬ | ૨ |
| ૧૪ | ગાંધીનગર | ૯ | ૧ | ૧૦ | ૨ |

(૩) બાકી રહેલ તળાવો ઉંડા કરવાની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૩) બાકી રહેલ તળાવો ઉંડા કરવાની કામગીરી જૂન–૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## કચ્છ જિલ્લામાં કૃષિ વીજ જોડાણો

* ૬૦૯૩ ડૉ. નીમાબેન આચાર્ય (ભૂજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો છે, અને

(૧) ૫૨,૧૧૩

(૨) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭માં કચ્છ જીલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસિડી ચૂકવવામાં આવી ?

(૨)

| નાણાંકીય વર્ષ | ચુકવેલ સબસિડીની રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૩૩૨.૪૨ |
| ૨૦૧૬–૧૭ | ૩૭૨.૨૬ |
| કુલ | ૭૦૪.૬૮ |

---------

ફાલ્ગુન ૨૪, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

દાહોદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાઓ

* ૬૧૧૮ શ્રી શૈલેષભાઈ ભાભોર (લીમખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે,અને | (૧) ૨૭ |
| (૨) ઉક્ત સ્થિતિે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં આ સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) વર્ષ–૨૦૧૬ માં ૫૭૦૯૬ અને વર્ષ–૨૦૧૭ માં ૫૮૯૪૪ |

---------

જુનાગઢ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૬૨૦૩ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જીલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને | (૧) ૩૩૬.૩૫ કીમી જર્જરીત વીજ વાયરો અને ૪૭૩ વીજ થાંભલા બદલવામાં આવેલ છે. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૩૩.૭૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

રાજ્યમાં આવેલ ખાનગી માલિકીના અને પીપીપી હસ્તકના વીજ મથકો

* ૭૫૨૬ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાજ્ય સરકાર હસ્તક, ખાનગી માલિકીના અને પીપીપી હસ્તકના ક્યા અને કેટલી ક્ષમતા ધરાવતા વીજ મથકો આવેલા છે, અને

જવાબ

(૧) અને (૨)

તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સ્થાપિત અને રાજ્ય બહાર સ્થાપિત સરકારી, ખાનગી/પીપીપી વીજ મથકો જેમાંથી રાજ્યની વીજ કંપનીઓ દ્વારા વીજ પુરવઠો મેળવવામાં આવે છે તેની વિગત નીચે મુજબ છે.

| | પાવર પ્લાન્ટનું નામ | જી.યુ.વી.એન.એલ.નો હિસ્સો (મે.વો) |
|---|---|---|
| ક | રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકો | |
| | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. | |
| | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | ૧૧૧૦ |
| | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૧૪૭૦ |
| | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૬૩૦ |
| | સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ |
| | કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૨૯૦ |
| | ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૩૭૫ |
| | ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૯૫ |
| | ઉકાઈ હાઈડ્રો | ૩૦૫ |
| | કડાણા અને પાનમ હાઈડ્રો | ૨૪૨ |
| | કુલ | ૫૫૧૭ |
| | રાજ્ય સરકાર હસ્તક સ્વતંત્ર વીજ મથકો | |
| | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. | ૫૦૭ |

| | | |
|---|---|---|
| | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૪૨ |
| | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી.–સુરત લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૫૦૦ |
| | ગુજરાત મીનરલ ડેવલમેન્ટ કોર્પોરેશન–અક્રીમોટા | ૨૫૦ |
| | જી.પી.પી.સી. પીપાવાવ | ૭૦૨ |
| | ભાવનગર એનર્જી કંપની લી. | ૫૦૦ |
| | કુલ | ૨૫૦૧ |
| ખ | કેન્દ્ર સરકાર હસ્તકના મથકોમાંથી રાજ્યનો હિસ્સો | |
| | રાજ્યમાં સ્થિત મથકો | |
| | ક્વાસ ગેસ આધારીત વીજ મથક | ૧૮૭ |
| | ગાંધાર ગેસ આધારીત વીજ મથક | ૨૩૭ |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન કાકરાપાર– | ૧૨૫ |
| | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૨૩૨ |
| | રાજ્યની બહાર સ્થિત મથકો | |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન તારાપુર | ૧૬૦ |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન તારાપુર ૩–૪ | ૨૭૪ |
| | એનટીપીસી વિંધ્યાચલ | ૧૦૬૮ |
| | એનટીપીસી–કોરબા | ૪૫૬ |
| | એનટીપીસી–કહલગાવ | ૧૪૧ |
| | એનટીપીસી–સીપત | ૮૧૩ |
| | એનટીપીસી–મૌડા | ૫૩૪ |
| | કુલ | ૪૨૨૭ |
| ગ | ખાનગી સાહસો–પી પી પી | |
| | ચાઈના લાઈટ પાવર લી. (ગુજરાત પશુગન પાવર કંપની) | ૬૫૫ |
| | મુન્દ્રા પાવર પ્રોજેક્ટ ઓફ અદાણી | ૨૦૦૦ |
| | એસ્સાર પાવર ગુજરાત લી. | ૧૦૦૦ |
| | કોસ્ટલ ગુજરાત પાવર લી. મુન્દ્રા યુ.એમ.પી.પી. | ૧૮૦૫ |
| | એ.સી.બી.(ઇન્ડિયા ) લી. (રાજ્ય બહાર સ્થિત) | ૨૦૦ |
| | કુલ | ૫૬૬૦ |
| | કુલ–પરંપરાગત સ્ત્રોત | ૧૭૯૦૫ |
| ઘ | બિન પરંપરાગત સ્ત્રોત | |
| | પવન ઊર્જા | ૩૬૬૫ |
| | સૌર ઊર્જા | ૧૧૧૬ |
| | બાયોમાસ | ૩૦ |

| | | |
|---|---|---|
| | મીની હાઈડ્રો | ૯.૬ |
| | કુલ–બિન પરંપરાગત સ્ત્રોત | ૪૮૨૧ |
| | કુલ | ૨૨૭૨૬ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વીજ મથકોવાર વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો ?

તા.૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં સરકારી, ખાનગી અને જાહેર સાહસોની વીજ ઉત્પાદન ક્ષમતામાં થયેલ વધારાની માહિતી નીચે મુજબ છે.

| સેક્ટર | મે.વો. | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
| (ક) ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.(જી.એસ.ઈ.સી.એલ) | | |
| જી.એસ.ઈ.સી.એલ ધુવારણ એક્ષ્પાન્શન | ૩૭૬ | |
| (ખ)જાહેર સાહસો | | |
| (૧) રાજ્ય સરકારના જાહેર સાહસો | | |
| ભાવનગર એનર્જી કંપની લી. | ૨૫૦ | ૨૫૦ |
| (૨) કેન્દ્ર સરકારના જાહેર સાહસો | | |
| એન.ટી.પી.સી. મૌડા | – | ૨૯૪ |
| (ગ) ખાનગી વીજ મથકો | | – |
| (ઘ) બિન–પરંપરાગત સ્ત્રોત | | |
| પવન ઊર્જા | ૩૮૧ | ૮૮૨ |
| સૌર ઊર્જા | – | ૨૫૫ |
| કુલ | ૧૦૦૭ | ૧૬૮૧ |

* ઉપરોક્ત વિગતે દર્શાવેલ વીજ ઉત્પાદન ક્ષમતામાં ખાનગી એકમો કે જેમની પાસેથી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા વીજ પુરવઠો મેળવવામાં આવતો નથી, તેમનો સમાવેશ કરેલ નથી.

---------

## રાજ્યમાં બંધ સરકારી વીજ મથકો

* ૭૪૭૭ શ્રી લલિતભાઈ કગથરા (ટંકારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ક્યા સરકારી વીજ મથકો કેટલા સમય બંધ પડી રહ્યા હતા ?

(૨) આ વીજ મથકો બંધ પડવા પાછળના કારણો શા છે, અને

જવાબ

(૧) અને (૨)
એક પણ નહી.
ઉક્ત સ્થિતિએ ઉપર્યુક્ત તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી અને ઉત્પાદન સમયે જ તેનો વપરાશ કરવો જરૂરી છે. આમ, વીજ ઉત્પાદન જે–તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે અને આ સ્થિતિ દરેક દિવસે દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલું હોય છે પરંતુ આકસ્મિક રીતે ખોટકાઈ જવું. સમારકામની જરૂરિયાત, બળતણ ઉપલબ્ધ ન હોય તેવા કપરા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે. ગેસ આધારિત વીજ મથકો માટે ડોમેસ્ટિક ગેસનો પુરવઠો ઉપલબ્ધ ન હોઈ, મથકો બંધ રહે છે, તદ્ઉપરાંત હાઈડ્રો

પાવર પ્રોજેક્ટ્સ સિંચાઈ વિભાગની જરૂરિયાત મુજબ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત નામ. વીજ નિયમન આયોગની "મેરિટ ઓર્ડર"ની માર્ગદર્શિકાને ધ્યાને લઈ તેમજ લો ડિમાન્ડ (low demand)ને કારણે SLDC(સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર)ની સૂચના મુજબ જે તે સમયે વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં ઉપર્યુક્ત અનિવાર્ય કારણોસર તત્પૂરતા સમય માટે હંગામી ધોરણે બંધ રાખવા પડે છે અથવા જે તે સમયની જરૂરિયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે.

(૩) વીજ મથકો બંધ પડવા કે પડી રહેવાના કારણે કેટલા યુનીટ વીજળી ઉત્પન્ન ન થઈ શકી ?

(૩) ઉપર(૧) અને (૨)માં જણાવ્યા પ્રમાણે જે તે સમયની વીજ માંગ અને નામદાર વીજ નિયમન આયોગના મેરીટ ઓર્ડરને અનુલક્ષીને વીજ ઉત્પાદન મેળવવામાં આવતું હોવાથી, વીજ ઉત્પાદન ન થઈ શકતું હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર લેવાતો વેરો

* ૭૫૦૪ શ્રી ઋત્વિકભાઈ મકવાણા (ચોટીલા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેરો વસુલવામાં આવે છે, અને

(૧)

| | વેટ | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | - |
| પી.એન.જી. | ૧૫% | - |
| | | |
| | જીએસટી | |
| રાસાયણિક ખાતર | ૫% | |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતરના વેરા પેટે સરકારને કેટલી આવક થઈ ?

(૨) (રકમ રૂ. કરોડમાં)

| | ૨૦૧૬-૧૭ | | ૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ | |
|---|---|---|---|---|
| | વેટ+સીએસટી | સેસ | વેટ+સીએસટી | સેસ |
| પેટ્રોલ | ૨૮૬૨.૪૧ | ૫૯૨.૯૨ | ૨૪૮૫.૨૯ | ૪૮૨.૮૮ |
| ડીઝલ | ૬૩૭૧.૧૯ | ૧૩૧૯.૭૨ | ૫૫૩૧.૭૮ | ૧૦૭૪.૭૯ |
| સી.એન.જી. | ૪૪૦.૧૮ | | ૨૨૯.૧૫ | |
| પી.એન.જી. | ૯૨૫.૦૫ | | ૫૭૦.૦૨ | |
| | ૨૦૧૬-૧૭ (વેટ) | | ૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ (વેટ+એસજીએસટી) | |
| રાસાયણિક ખાતર | ૯૫.૯૯ | | ૬૮.૦૬ | |

---------

ભરૂચ જિલ્લામાં મધ્યબારા, ઉત્તરબારા અને નર્મદાબારા યોજના

* ૫૫૬૯ શ્રી અરુણસિંહ રણા (વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આવેલ મધ્યબારા, ઉત્તરબારા, અને નર્મદાબારા યોજનાની શરૂઆત કયારે થઈ,

(૧) આ સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આવેલ મધ્યબારા યોજના તા.૧૫/૦૪/૧૯૭૧, ઉત્તરબારા યોજના તા.૧૯/૦૨/૧૯૬૪ અને નર્મદાબારા યોજના

તા.૧૬/૦૭/૧૯૮૮ થી શરૂઆત થયેલ.

(૨) આ યોજનાઓ ક્યારે પૂર્ણ થશે,

(૨) મધ્યબારા યોજના વર્ષ ૧૯૭૩માં, ઉત્તરબારા યોજના વર્ષ ૧૯૭૨ માં અને નર્મદાબારા યોજના વર્ષ ૧૯૯૨માં પૂર્ણ થયેલ છે.

(૩) આ યોજના અંતર્ગત તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ભરૂચ અને વાગરા તાલુકાના કેટલા અને ક્યા ક્યા ગામોને પાણી પૂરૂં પાડવાનું આયોજન છે, અને

(૩) આ સ્થિતિએ ઉક્ત યોજનાઓ અંતર્ગત ભરૂચ તાલુકાના ૪૯ ગામો અને વાગરા તાલુકાના ૬૩ ગામોને પાણી પુરૂ પાડવાનું આયોજન હતું. (પરિશિષ્ટ)

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોને પાણી પુરૂ પાડવામાં આવેલ છે અને બાકી ગામોને ક્યારે પાણી પુરૂ પાડવાનું આયોજન છે ?

(૪) ઉક્ત સ્થિતિએ આ આયોજન પૈકી ભરૂચ તાલુકાના ૩૦ ગામો, વાગરા તાલુકાના ૬૦ ગામોને પાણી પુરૂ પાડવામાં આવે છે અને બાકીના ભરૂચ તાલુકાના ૧૯ ગામો અને વાગરા તાલુકાના ૩ ગામો માટે મધ્યબારા સુધારણા યોજના તેમજ નર્મદાબારા સુધારણા યોજનાના કામો સમયબદ્ધ રીતે પૂર્ણ કરી પાણી પુરૂ પાડવામાં આવનાર છે.

પરિશિષ્ટ

| અ.નં. | ગામનું નામ |
|---|---|
| તાલુકો–ભરૂચ | |
| ૧ | ધોડી |
| ૨ | પારખેત |
| ૩ | અડોલ |
| ૪ | નાંદ |
| ૫ | કહાન |
| ૬ | પરીએજ |
| ૭ | બંબુસર |
| ૮ | ડભાલી |
| ૯ | ત્રાલસી |
| ૧૦ | મહુધલા |
| ૧૧ | અસુરીયા |
| ૧૨ | ઉમરા |
| ૧૩ | કવિઠા |
| ૧૪ | કરમાલી |
| ૧૫ | સિંધોત |
| ૧૬ | અંગારેશ્વર |
| ૧૭ | મંગલેશ્વર |
| ૧૮ | કરજણ |
| ૧૯ | ઓસારા |
| ૨૦ | થામ |
| ૨૧ | ઉમરાજ |
| ૨૨ | હલદરવા |

| અ.નં. | ગામનું નામ |
|---|---|
| તાલુકો–ભરૂચ | |
| ૩૯ | વડવા |
| ૪૦ | આમદડા |
| ૪૧ | વેરવાડા |
| ૪૨ | ભુવા |
| ૪૩ | વહાલુ |
| ૪૪ | કરમાડ |
| ૪૫ | કુકરવાડા |
| ૪૬ | સરનાર |
| ૪૭ | ચૌલાદ |
| ૪૮ | કાંસવા |
| ૪૯ | પીપલીયા |
| તાલુકો–વાગરા | |
| ૧ | નાંદીડા |
| ૨ | નાંદરખા |
| ૩ | જણીયાદરા |
| ૪ | સંભેટી |
| ૫ | વાવ |
| ૬ | કડોદરા |
| ૭ | ગલેન્ડા |
| ૮ | અંભેલ |
| ૯ | ગોલાદરા |
| ૧૦ | પણીયાદરા |

| અ.નં. | ગામનું નામ |
|---|---|
| તાલુકો–વાગરા | |
| ૨૭ | નરણાવી |
| ૨૮ | કેશવાણ |
| ૨૯ | લખીગામ |
| ૩૦ | લુવારા |
| ૩૧ | જાગેશ્વર |
| ૩૨ | દહેજ |
| ૩૩ | અંભેટા |
| ૩૪ | અખોડ |
| ૩૫ | કલાદરા |
| ૩૬ | સડથલા |
| ૩૭ | ખોજબલ |
| ૩૮ | ભેંસલી |
| ૩૯ | સાચખા |
| ૪૦ | કોઠીયા |
| ૪૧ | બદલપુર |
| ૪૨ | વોરા સમની |
| ૪૩ | જુનેદ |
| ૪૪ | આંકોટ |
| ૪૫ | સાચણ |
| ૪૬ | પહાજ |
| ૪૭ | ચાંચવેલ |
| ૪૮ | વસતીખંડાલી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩ | તવરા | ૧૧ | અલાદર | ૪૯ | સલાદરા |
| ૨૪ | રહાડપોર | ૧૨ | લીમડી | ૫૦ | ઓચ્છણ |
| ૨૫ | કારેલા | ૧૩ | ત્રાંકલ | ૫૧ | અરગામા |
| ૨૬ | એકસાલ | ૧૪ | પાલડી | ૫૨ | અટાલી |
| ૨૭ | નવેઠા | ૧૫ | મુલેર | ૫૩ | રહિયાદ |
| ૨૮ | અમલેશ્વર | ૧૬ | પખાજણ | ૫૪ | જોલવા |
| ૨૯ | કેશલરોલ | ૧૭ | વાગરા | ૫૫ | સુવા |
| ૩૦ | મનાડ | ૧૮ | સામંતુર(ગલેન્ડી) | ૫૬ | કોલીયાદ |
| ૩૧ | મહેગામ | ૧૯ | પીપલીયા | ૫૭ | વેંગણી |
| ૩૨ | ભાડભૂત | ૨૦ | વહીયાલ | ૫૮ | વડદલા |
| ૩૩ | શંખવાડ | ૨૧ | પાદરીયા | ૫૯ | વછનાદ |
| ૩૪ | વેસદડા | ૨૨ | વીંછીયાદ | ૬૦ | વિલાયત |
| ૩૫ | કુરલા | ૨૩ | ઓરા | ૬૧ | સારણ |
| ૩૬ | વાંસી | ૨૪ | કલમ | ૬૨ | રહાડ |
| ૩૭ | દહેગામ | ૨૫ | પીસાદ | ૬૩ | ગંધાર |
| ૩૮ | હીંગલોટ | ૨૬ | સુતરેલ | | |

---------

રાષ્ટ્રીય પરિવાર કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૫૩૬ શ્રી મોહનલાલ વાળા (કોડીનાર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાષ્ટ્રીય ચેપી પરિવાર કલ્યાણ કાર્યક્રમ/કુટુંબ કલ્યાણ કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રાષ્ટ્રીય ચેપી પરિવાર કલ્યાણ કાર્યક્રમ/કુટુંબ કલ્યાણ કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર તરફથી નીચે મુજબની ગ્રાન્ટ મળેલ છે.

| વર્ષ | નેશનલ હેલ્થ મીશન અંતર્ગત (રૂ. કરોડમાં) | | | |
|---|---|---|---|---|
| | ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેઈન્ટેનન્સ | નેશનલ અર્બન હેલ્થ મીશન | આર.સી.એચ. ફ્લેક્ષીબલ પુલ | કુલ |
| ૨૦૧૫–૧૬ | ૧૬૨.૪૯ | ૪૮.૯૮ | ૧૯૨.૩૪ | ૪૦૩.૮૧ |
| ૨૦૧૬–૧૭ | ૩૧૨.૯૪ | ૪૩.૩૧ | ૧૯૪.૮૩ | ૫૫૧.૦૮ |
| ૨૦૧૭–૧૮ (તા. ૩૧–૧૨–૧૭ સુધી) | ૨૯૯.૭૧ | ૧૧૭.૦૪ | ૯૨.૭૪ | ૫૦૯.૪૯ |

---------

મોરબી–કંડલા બાયપાસ રોડ ઉપરના નવલખી ફાટકને પહોળો કરવાની કામગીરી

* ૫૫૯૬ શ્રી બ્રિજેશ મેરજા (મોરબી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મોરબી

જવાબ

(૧) હા જી.

શહેરના કંડલા બાય-પાસ ઉપરના નવલખી ફાટકને પહોળુ કરવા અંગે જિલ્લા વહીવટી તંત્રને કોઈ રજૂઆતો મળી છે ખરી,

(૨) જો હા, તો ઉક્ત ફાટક પહોળુ કરવા શું આયોજન કરવામાં આવ્યું છે, અને

(૩) કેટલા સમયમાં ફાટક પહોળ કરવાનું આયોજન છે ?

(૨) અને (૩) : રાજકોટ-મોરબી રસ્તાનાં ચાર માર્ગીયકરણ માટેના પ્રગતિ હેઠળના કામમાં નવલખી ફાટકની જગ્યાએ ચારમાર્ગીય આર.ઓ.બી. બનાવવાના કામનો સમાવેશ થાય છે.

---------

કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૫૧૯ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૧) ઉક્ત સ્થિતિએ કચ્છ જિલ્લામાં ૨૩૧.૬૧ એમ.એલ.ડી. જ્યારે બનાસકાંઠા જીલ્લામાં ૨૮૬.૬૧ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમોની વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | કચ્છ | ટપ્પર ડેમ | ૯.૫૨ |
| ૨ | કચ્છ | ગોધાતડ | ૭.૨૭ |
| ૩ | કચ્છ | મીઠી | ૧૨.૬૩ |
| ૪ | કચ્છ | કનકાવટી | ૨.૫૮ |
| ૫ | કચ્છ | ગજણસર | ૩.૭૯ |
| ૬ | કચ્છ | કારાઘોઘા | ૧.૧૪ |
| ૭ | કચ્છ | ગજોડ ડેમ | ૦.૨૫ |
| ૮ | કચ્છ | ફતેહગઢ | ૨.૨૮ |
| ૯ | કચ્છ | સુવઈ ડેમ | ૨.૫૦ |
| ૧૦ | કચ્છ | રૂદ્રામાતા | ૨.૨૧ |
| ૧૧ | કચ્છ | કાયલા | ૦.૫૪ |
| ૧૨ | કચ્છ | મથલ | ૧.૨૮ |
| ૧૩ | કચ્છ | નિરૂણા | ૦.૪૨ |
| ૧૪ | કચ્છ | સાન્ધ્રો | ૧.૧૮ |
| ૧૫ | કચ્છ | બેરાચિયા | ૦.૪૨ |
| ૧૬ | કચ્છ | નરા | ૬.૪૯ |
| ૧૭ | કચ્છ | કસવાતી | ૦.૩૯ |
| ૧૮ | કચ્છ | ઘ્રોણ | ૦.૮૯ |
| ૧૯ | કચ્છ | ઝંગડિયા | ૩.૫૩ |
| ૨૦ | કચ્છ | ભૂખી | ૦.૬૪ |
| ૨૧ | બનાસકાંઠા | મુક્તેશ્વર | ૨૧.૫૨ |
| ૨૨ | બનાસકાંઠા | સીપુ | ૧૧૩.૮૩ |
| ૨૩ | બનાસકાંઠા | દાંતીવાડા | ૨૩૦.૬૭ |

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે ?

(૩) કચ્છ અને બનાસકાંઠા જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા તથા સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા

યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા

●સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા

●જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા

●વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા

---------

ભરૂચ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૧૯૬ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ભરૂચ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૬૩૪ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૫૭.૨૦ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

ધરોઈ યોજનાની નહેરો સુધારણાની કામગીરી

* ૬૧૫૨ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધરોઈ યોજનાની નહેરોમાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નહેર સુધારણામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) ૧૧૪૧.૩૨ લાખ |
| (૨) કેટલા હેક્ટર વિસ્તારને લાભ થયો ? | (૨) ૬૯૨૫ હેક્ટર |

---------

ગુજરાતને સિંધુ બેસિનનું પાણી ફાળવવા માટે કેન્દ્ર સરકારને કરેલ રજુઆત

* ૭૪૯૧ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ગુજરાતની સિંધુ બેસિનની પાણી ફાળવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજુઆત/દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) સિંધુ બેસનના પાણી અંગેની પંજાબ વિધાનસભામાં આ બાબતે પંજાબ ટર્મીનેશન ઓફ એગ્રીમેન્ટ એક્ટ ૨૦૦૪ના સંદર્ભમાં નામદાર સર્વોચ્ચ અદાલતમાં પ્રેસિડેન્સિઅલ રેફરન્સ થયેલ છે. જેને ધ્યાને લેતા રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં રજુઆત કરેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ભાવનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ

* ૬૦૮૪ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે | (૧) ૪૦૩૦ |

વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ. ૧૫૨.૧૫ લાખનો ખર્ચ થયેલ છે.

---------

રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૦૮૮ શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪૦૦ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૬૮૮.૩૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૨૫૫ શ્રી કુબેરભાઈ ડીંડોર (સંતરામપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૬૦૯ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૨૩૬૧.૯૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૬૧૮૩ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કયા પ્રકારની બિમારીઓ જણાઈ આવી,

(૩) તેમની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી, અને

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં નીચે મુજબના વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી.

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬ | ૨,૮૩,૫૬૮ |
| ૨૦૧૭ | ૨,૬૫,૧૧૮ |
| કુલ | ૫,૪૮,૬૮૬ |

(૨) તે પૈકી નીચે મુજબના વિદ્યાર્થીઓમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ અને ચામડી, હૃદય, કિડની અને કેન્સરની બિમારીઓ જણાઈ આવી.

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬ | ૩૪,૭૭૫ |
| ૨૦૧૭ | ૪૩,૪૮૧ |
| કુલ | ૭૮,૨૫૬ |

(૩) તેમની સારવાર માટે સરકાર દ્વારા નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી.

(૧) સ્થળ પર સારવાર,
(૨) વધુ બિમારીવાળા બાળકને સામુહિક આરોગ્ય કેન્દ્ર/જિલ્લા હોસ્પીટલ ખાતે સંદર્ભ સેવા
(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

(૪) કેટલા બાળકોને કીડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા?

(૪) એક પણ બાળકને કીડની ટ્રાન્સપ્લાન્ટ સારવાર આપવામાં આવેલ નથી.

---------

## નડીયાદ સિવિલ હોસ્પિટલનું મંજુર મહેકમ

* ૫૫૬૬ શ્રી ઈન્દ્રજિતસિંહ પરમાર (મહુધા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા. ૩૧−૧૨−૨૦૧૭ની સ્થિતિએ નડીયાદની સિવિલ હોસ્પિટલમાં કુલ કેટલા કર્મચારી−તબીબી સ્ટાફનું મહેકમ મંજુર થયેલ છે,

(૨) આ પૈકી કઈ જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શાં પગલાં લીધેલ છે ?

જવાબ

(૧) કુલ − ૧૬૭ કર્મચારી−તબીબી સ્ટાફનું મંજુર મહેકમ

(૨) સામેલ પત્રક મુજબ

(૩)

● વર્ગ−૧ તજજ્ઞ તથા વર્ગ−૨ તબીબી અધિકારીની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે નિયમિત નિમણૂંકથી ભરવામાં આવેલ છે. તે ઉપરાંત, બોન્ડેડ, એડહોક તેમજ સી.એમ.સેતુ અંતર્ગત સેવાઓ લેવામાં આવે છે.

● વર્ગ−૩ની નર્સિંગ, પેરામેડીકલ, ટેકનીકલ તેમજ અન્ય વહીવટી સંવર્ગની જગ્યાઓ સીધી ભરતી/બઢતીથી ભરવામાં આવે છે.

● વર્ગ−૪ની ખાલી જગ્યાઓની કામગીરી આઉટસોર્સીંગથી લેવામાં આવે છે.

પત્રક

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૧ | આર.એમ.ઓ. | ૧ | ૩૧−૮−૨૦૧૩ |
| ૨ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૨૮−૪−૨૦૧૩ |
| ૩ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૬−૧૦−૨૦૦૧ |
| ૪ | માનદ્ કાર્ડિયોલોજીસ્ટ | ૧ | ૨૨−૭−૨૦૧૦ |
| ૫ | માનદ્ નેફ્રોલોજીસ્ટ | ૧ | ૨૨−૭−૨૦૧૦ |
| | વર્ગ−૧ કુલ | ૫ | |
| | વર્ગ−૨ | | |
| ૬ | તબીબી અધિકારી | ૧ | |
| | વર્ગ−૨ કુલ | ૧ | |

| | | | |
|---|---|---|---|
| | વર્ગ–૩ | | |
| ૭ | કચેરી અધિક્ષક | ૧ | ૩–૪–૨૦૧૭ |
| ૮ | હેડક્લાર્ક | ૧ | ૧૬–૯–૨૦૧૫ |
| ૯ | સીનીયર કલાર્ક | ૨ | ૩૦–૯–૨૦૧૦ |
| ૧૦ | જુનીયર કલાર્ક | ૧ | ૩૧–૭–૨૦૧૩ |
| ૧૧ | કેસ રાઈટર | ૨ | ૩૧–૧૨–૨૦૧૩ |
| ૧૨ | ચીફ ફાર્માસીસ્ટ | ૧ | ૩૦–૬–૨૦૧૭ |
| ૧૩ | એક્સ–રે આસીસ્ટન્ટ | ૧ | ૩૧–૮–૨૦૧૬ |
| ૧૪ | લેબોરેટરી ટેકનીશ્યન | ૧ | ૨૨–૫–૨૦૧૨ |
| ૧૫ | લેબોરેટરી આસીસ્ટન્ટ | ૧ | ૧૭–૯–૨૦૧૨ |
| ૧૬ | ડ્રાયવર | ૨ | ૨૮–૮–૨૦૧૨ |
| ૧૭ | ઈલેક્ટ્રીશ્યન | ૧ | ૧–૧–૨૦૧૧ |
| ૧૮ | સેનેટરી ઈન્સ્પેક્ટર | ૧ | ૩૧–૭–૨૦૧૪ |
| ૧૯ | આસીસ્ટન્ટ નર્સીંગ સુપ્રિન્ટેન્ડન્ટ | ૧ | ૩૧–૭–૨૦૧૫ |
| ૨૦ | સ્ટાફનર્સ | ૨ | ૩૦–૯–૨૦૧૬ |
| | વર્ગ–૩ કુલ | ૧૮ | |

---------

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૫૦૭ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) **:** માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

જવાબ

(૧) ઉક્ત સ્થિતિએ ગીરસોમનાથ જિલ્લામાં ૧૧૨.૮૭ એમ.એલ.ડી. તથા જૂનાગઢ જીલ્લામાં ૧૫૨.૪૪ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમોની વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | ડેમનું નામ | તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ ડેમમાં પીવાના પાણીનો ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | અંબાજળા | ૩.૧૮ |
| ૨ | જુનાગઢ | બાટવાખારો | ૧.૫૯ |
| ૩ | જુનાગઢ | ઓઝત–૨ ડેમ | ૩૦.૧૧ |
| ૪ | જુનાગઢ | ધ્રાફડ ડેમ | ૧.૬૭ |
| ૫ | જુનાગઢ | ઓઝત વીયર (વંથલી) | ૦.૪૫ |
| ૬ | જુનાગઢ | ઓઝત વીયર | ૦. |
| ૭ | જુનાગઢ | ઝાંઝેસરી | ૦.૭૭ |
| ૮ | જુનાગઢ | મધુવંતી | ૩.૯૫ |
| ૯ | જુનાગઢ | ઉબેણ | ૧.૧૪ |
| ૧૦ | જુનાગઢ | હસ્નાપુર ડેમ | ૪.૦૫ |
| ૧૧ | જુનાગઢ | મોટા ગુજારીયા | ૧.૦૩ |
| ૧૨ | જુનાગઢ | પ્રેમપરા | ૦. |
| ૧૩ | જુનાગઢ | સાબલી | ૧.૯૬ |
| ૧૪ | જુનાગઢ | વ્રજમી | ૦.૯૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | ગીર સોમનાથ | હિરણ-૧ | ૯.૭૬ |
| ૧૬ | ગીર સોમનાથ | હિરણ-૨ | ૨૭.૬૧ |
| ૧૭ | ગીર સોમનાથ | મચ્છુન્દ્રી ડેમ | ૨૮.૫૬ |
| ૧૮ | ગીર સોમનાથ | રાવલ ડેમ | ૨૪.૮૨ |
| ૧૯ | ગીર સોમનાથ | શિંગોડા | ૧૫.૭૫ |

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે ?

(૩) ગીર સોમનાથ અને જુનાગઢ જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

● નર્મદા તથા સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા

● સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા

● જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા

● વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા

---------

## મહેસાણા જિલ્લામાં થેલેસીમીયાના દર્દીઓ

* ૬૧૩૨ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર થેલેસેમીયાના કુલ કેટલા દર્દીઓ છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૧-૧૬થી તા. ૩૧-૧૨-૧૬ | તા. ૧-૧-૧૭થી તા. ૩૧-૧૨-૧૭ |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૫ | ૧૭ |
| ૨ | બેચરાજી | ૦૦ | ૦૦ |
| ૩ | કડી | ૦૦ | ૦૦ |
| ૪ | ખેરાલુ | ૦૦ | ૦૦ |
| ૫ | ઊંઝા | ૦૦ | ૦૦ |
| ૬ | વિસનગર | ૦૦ | ૦૦ |
| ૭ | વિજાપુર | ૦૦ | ૦૦ |
| ૮ | જોટાણા | ૦૦ | ૦૦ |
| ૯ | સતલાસણા | ૦૦ | ૦૦ |
| ૧૦ | વડનગર | ૦૦ | ૦૦ |
| | કુલ | ૧૫ | ૧૭ |

(૨) આ દર્દીઓને માસિક કેટલા લોહીની જરૂરી પડે છે ?

(૨) આ દર્દીઓને માસિક ૧ થી ૨ બોટલ લોહીની જરૂર પડે છે.

---------

## નડિયાદ-ડાકોર રાજ્યધોરી માર્ગને ચાર માર્ગીય કરવાની કામગીરી

* ૬૧૪૮ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના નડિયાદથી

(૧) હા જી.

અતારાંકિત પ્રશ્નોત્તરી

ડાકોર રાજ્ય ધોરી માર્ગને ચાર માર્ગીય કરવાનું આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ. ૬૫ કરોડ

(૩) સદર કામગીરી તા. ૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ કયા તબક્કે છે ?

(૩) પ્રગતિ હેઠળ

---------

ગાંધીનગર અને દાહોદ જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૪૯૦ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ ગાંધીનગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે ?

જવાબ

(૧) ઉક્ત સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ૧૩૮.૪૮ એમ.એલ.ડી. જ્યારે દાહોદ જીલ્લામાં ૧૮૨.૭૯ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમોની વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | | |
| ૨ | દાહોદ | માછણનાળા | ૧૭.૦૦ |
| ૩ | દાહોદ | પાટાડુંગરી | ૧૫.૬૨ |
| ૪ | દાહોદ | ઉમરીયા | ૫.૫૪ |
| ૫ | દાહોદ | વાંકલેશ્વર ભે. | ૧૦.૦૫ |
| ૬ | દાહોદ | ઈડલવાડા | ૯.૨૩ |
| ૭ | દાહોદ | કબુતરી | ૪.૬૧ |
| ૮ | દાહોદ | કાલી-૨ | ૯.૮૭ |

(૩) ગાંધીનગર અને દાહોદ જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા તથા સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા

---------

રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને રાજ્ય ધોરીમાર્ગ પર અકસ્માતમાં ઈજા પામેલાને ઈમરજન્સી સારવાર આપવા

* ૬૧૧૯ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને રાજ્ય ધોરીમાર્ગ પર અકસ્માત દરમ્યાન ઈજા પામેલ લોકોને ઈમરજન્સી સારવાર આપવા

જવાબ

(૧) હા જી.

માટે કોઈ સુવિધા ઉભી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યની કઈ-કઈ હોસ્પિટલો ખાતે ઈમરજન્સી સારવાર આપવા માટેની સુવિધા ઉભી કરવામાં આવેલ છે ?

(૨) રાજ્યની તમામ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો, જિલ્લા તથા પેટા જિલ્લા હોસ્પિટલો તથા તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ઈમરજન્સી સારવાર આપવા માટેની સુવિધા ઉભી કરવામાં આવેલ છે.

---------

મહીસાગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૧૯૮ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૩૭૪ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૦૫.૬૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

ગોધરા તાલુકાના દલવાડા-પાદરડી-ધામણોદ રોડ મજબુતીકરણની કામગીરી

* ૬૧૪૯ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગોધરા તાલુકાના દલવાડા-મગલીયાણા-પાદરડી-ધામણોદ રોડ કિ.મી.૦/૦ થી ૧૬/૦ ને મજબુતીકરણની માટે કોઈ આયોજન કરવામાં આવેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૪૬૦.૦૦ લાખ. |
| (૩) આ કામગીરી તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) કામ પ્રગતિમાં છે. |

---------

નર્મદાના ફ્લડ વોટર અન્વયે સૌરાષ્ટ્ર-કચ્છને આપવામાં આવેલ પાણી

* ૭૪૯૮ શ્રી અમરીશભાઈ ડેર (રાજુલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદાના ફ્લડ વોટર (પુરના પાણી) સૌરાષ્ટ્ર-કચ્છમાં આપવા અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર કેટલું પાણી સૌરાષ્ટ્ર-કચ્છને આપવામાં આવ્યું, અને | (૧) પત્રક મુજબ |
| (૨) જો નર્મદાનું ફ્લડ વોટર સૌરાષ્ટ્ર-કચ્છને આપવામાં ન આવ્યું હોય તો તેના કારણો શા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પત્રક

| ક્રમ | માસ | આપવામાંઆવેલ પાણીનો જથ્થો (મીલીયન ઘન ફૂટ) | |
|---|---|---|---|
| | | સૌરાષ્ટ | કચ્છ |
| ૧ | જાન્યુઆરી-૧૬ | ૦ | ૧૦૮.૦૬ |
| ૨ | ફેબ્રુઆરી-૧૬ | ૦ | ૧૧૩.૦૧ |
| ૩ | માર્ચ-૧૬ | ૦ | ૨૩.૩૧ |
| ૪ | એપ્રીલ-૧૬ | ૦ | ૦ |
| ૫ | મે-૧૬ | ૦ | ૦ |

| ક્રમ | માસ | આપવામાંઆવેલ પાણીનો જથ્થો (મીલીયન ઘન ફૂટ) | |
|---|---|---|---|
| | | સૌરાષ્ટ | કચ્છ |
| ૬ | જુન–૧૬ | ૦ | ૦ |
| ૭ | જુલાઈ–૧૬ | ૫૦ | ૦ |
| ૮ | ઓગષ્ટ–૧૬ | ૧૪૩૪ | ૧૦૮.૭૭ |
| ૯ | સપ્ટેમ્બર–૧૬ | ૧૧૩૧ | ૧૦૬.૬૫ |
| ૧૦ | ઓક્ટોબર–૧૬ | ૩૪૮ | ૧૧૦.૫૪ |
| ૧૧ | નવેમ્બર–૧૬ | ૧૦૨૦ | ૧૦૯.૪૮ |
| ૧૨ | ડિસેમ્બર–૧૬ | ૬૯૮ | ૧૨૦.૧૯ |
| ૧૩ | જાન્યુઆરી–૧૭ | ૬૪૮ | ૮૪.૭૬ |
| ૧૪ | ફેબ્રુઆરી–૧૭ | ૩૮૫ | ૧૦૮.૦૬ |
| ૧૫ | માર્ચ–૧૭ | ૧૦૦૧ | ૭૪.૧૬ |
| ૧૬ | એપ્રીલ–૧૭ | ૧૯૬૦ | ૦ |
| ૧૭ | મે–૧૭ | ૯૨૮ | ૦ |
| ૧૮ | જુન–૧૭ | ૮૭૮ | ૪૩૧.૨૦ |
| ૧૯ | જુલાઈ–૧૭ | ૮૨૨ | ૧૧.૩૦ |
| ૨૦ | ઓગષ્ટ–૧૭ | ૦ | ૦ |
| ૨૧ | સપ્ટેમ્બર–૧૭ | ૦ | ૦ |
| ૨૨ | ઓક્ટોબર–૧૭ | ૦ | ૦ |
| ૨૩ | નવેમ્બર–૧૭ | ૦ | ૨૩.૧૭ |
| ૨૪ | ડિસેમ્બર–૧૭ | ૦ | ૧૮૪.૩૪ |
| | કુલ | ૧૧૩૦૩ | ૧૭૧૭ |

---------

વલ્લભીપુર તાલુકાના પાટણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફનર્સનું મહેકમ

* ૩૮૭૪ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલ્લભીપુર તાલુકાના પાટણા ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફનર્સનું મહેકમ કેટલું છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલ્લભીપુર તાલુકાના પાટણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફનર્સનું રેગ્યુલર મહેકમ મંજુર થયેલ નથી. પરંતુ, નેશનલ હેલ્થ મિશન અંતર્ગત સ્ટાફનર્સની ૧ (એક) જગ્યા (કરાર આધારિત) મંજુર થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૨) ઉક્ત જગ્યા તા. ૧૫–૦૮–૨૦૧૫થી ખાલી છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) જીલ્લા પંચાયત દ્વારા દર સોમવારે સ્ટાફનર્સના વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવે છે. |

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના

* ૫૯૩૩ શ્રી સોમાભાઈ કોળી પટેલ (લીંબડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જીલ્લામાં તાલુકાદિઠ તા. ૩૧–૧૨–૧૭ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓ નોંધાયેલ છે અને કેટલા

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ લાભાર્થીની | કુલ લાભ આપેલ | લાભ આપવાનો બાકી હોય તેવા |
|---|---|---|---|---|

લાભાર્થીઓને ચુકવણું કરવાનું બાકી છે, અને

| | | સંખ્યા | લાભાર્થીની સંખ્યા | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૧૦૯૩ | ૧૦૯૩ | ૦ |
| ૨ | ધ્રાંગધ્રા | ૪૫૪ | ૨૮૫ | ૧૬૯ |
| ૩ | લીંબડી | ૧૮૯૩ | ૬૧૫ | ૧૨૭૮ |
| ૪ | પાટડી | ૧૬૫૬ | ૫૧૨ | ૧૧૪૪ |
| ૫ | સાયલા | ૬૨૯ | ૬૨૯ | ૦ |
| ૬ | વઢવાણ | ૪૮૬૬ | ૧૦૫૭ | ૩૮૦૯ |
| ૭ | ચુડા | ૯૨૪ | ૯૨૪ | ૦ |
| ૮ | લખતર | ૭૪૭ | ૨૩૦ | ૫૧૭ |
| ૯ | મુળી | ૭૪૧ | ૩૫૮ | ૩૮૩ |
| ૧૦ | થાનગઢ | ૧૪૯૩ | ૨૦૫ | ૧૨૮૮ |
| | કુલઃ- | ૧૪૪૯૬ | ૫૯૦૮ | ૮૫૮૮ |

(૨) ચુકવણું કરવામાં ન આવ્યુ હોય તો તેના કારણો શા છે?

(૨) બાકીના લાભાર્થીઓનું ચુકવણું કરવાની કાર્યવાહી ચાલી રહેલ છે.

---------

મોરબી જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ

* ૬૧૯૯ શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ પૂર્વ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મોરબી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૧) ૧૩૦૪

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો?

(૨) રૂ. ૬૪.૯૯ લાખનો ખર્ચ થયેલ છે.

---------

ઉકાઈ-કાકરાપાર યોજનાની કમાન્ડ વિસ્તારમાં નહેરો સુધારણાનાં કામો

* ૬૧૫૩ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉકાઈ-કાકરાપાર યોજનાની કમાન્ડ વિસ્તારમાં વર્ષ ૨૦૧૭-૧૮માં નહેર સુધારણાનાં કામો હાથ ધરવાનું આયોજન છે, કે કેમ

(૧) હા

(૨) જો હા, તો તાલુકાવાર કેટલા ગામોને આ કામોથી લાભ થશે, અને

(૨) ઉકાઈ-કાકરાપાર યોજનાના નહેર સુધારણાનાં કામોથી ૨૧ તાલુકાઓના ૪૫૬ ગામોને લાભ થશે. જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં | તાલુકો | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | કામરેજ | ૨૨ |
| ૨ | બારડોલી | ૨૦ |
| ૩ | પલસાણા | ૪૦ |
| ૪ | ચોર્યાસી | ૩ |
| ૫ | માંડવી | ૧૨ |
| ૬ | ઓલપાડ | ૬૩ |
| ૭ | માંગરોળ | ૨૬ |
| ૮ | મહુવા | ૨૪ |

| | | |
|---|---|---|
| ૯ | નવસારી | ૨૩ |
| ૧૦ | જલાલપોર | ૩૮ |
| ૧૧ | ગણદેવી | ૩૦ |
| ૧૨ | ચીખલી | ૩૭ |
| ૧૩ | વાંસદા | ૨ |
| ૧૪ | ખેરગામ | ૪ |
| ૧૫ | વલસાડ | ૪૫ |
| ૧૬ | ધરમપુર | ૧ |
| ૧૭ | અંકલેશ્વર | ૧૬ |
| ૧૮ | હાંસોટ | ૨૩ |
| ૧૯ | વ્યારા | ૧૪ |
| ૨૦ | વાલોડ | ૧૧ |
| ૨૧ | ડોલવણ | ૨ |
| | કુલ | ૪૫૬ |

(૩) કુલ કેટલા સિંચાઈ વિસ્તારને લાભ થશે?

(૩) ૧,૦૪,૨૬૬ હેક્ટર

---------

અમદાવાદ જિલ્લામાં મેલેરીયાના દર્દીઓ

* ૬૧૨૮ શ્રી કનુભાઈ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા, અને

(૨) અમદાવાદ જિલ્લામાં મેલેરિયા નિયંત્રણ માટે શી કાર્યવાહી હાથ ધરી?

જવાબ

(૧) કુલ ૪૮૩ મેલેરિયાના કેસો નોંધાયેલ છે.

(૨) અમદાવાદ જિલ્લામાં મેલેરિયા નિયંત્રણ માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- ફીવર સર્વેલન્સ.
- પોરાનાશક કામગીરી.
- જંતુનાશક દવા છંટકાવ કામગીરી.
- ફોગીંગ કામગીરી.
- જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીના ઉપયોગ.
- આરોગ્ય શિક્ષણ.

---------

બનાસકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૦૮૭ શ્રી કિર્તીસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યુ, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) ૧૮૫૧૭

(૨) રૂ. ૩૪૧૨૩.૦૯ લાખનો ખર્ચ થયેલ છે.

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં ટપક સિંચાઇ સહાય

* ૫૦૨૪ શ્રી ધનજીભાઇ પટેલ (વઢવાણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ

જવાબ

(૧) ૧૪,૪૪૧ અરજીઓ મંજુર કરી.

| | |
|---|---|
| યોજના હેઠળ ટપક સિંચાઇ સહાય માટે કેટલી અરજીઓ મંજુર કરી, | |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચુકવવામાં આવી, અને | (૨) રૂ. ૮૯૪૫.૪૧ લાખ સહાય ચૂકવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓની સહાય ચુકવવાની બાકી છે? | (૩) ૧૮૯૧ અરજીઓની સહાય ચુકવવાની બાકી. |

---------

અરવલ્લી જિલ્લામાં સિવિલ હોસ્પિટલની કામગીરી

* ૪૧૨૦ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અરવલ્લી જીલ્લામાં સિવિલ હોસ્પિટલની કામગીરી તા. ૩૧/૧૨/૧૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) આયોજન અને જમીન નિયત કરવાના તબક્કે છે. |
| (૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) ઉક્ત હોસ્પિટલ માટે અંદાજીત રૂ. ૪૫૦૦.૦૦ લાખનો સંભવિત ખર્ચ થનાર છે. જમીન મળ્યેથી જરૂરી કામગીરી શરૂ થશે. |
| (૩) સિવિલ હોસ્પિટલ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે. | (૩) મકાન બન્યા બાદ કાર્યરત થશે. |

---------

ધરોઈ યોજનાની નહેરોથી તળાવો જોડવાની કામગીરી

* ૬૦૯૪ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઇડર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધરોઇ યોજનાની નહેરોથી કેટલા તળાવો જોડવામાં આવ્યા, અને | (૧) ૭ તળાવ. |
| (૨) આ તળાવો જોડવાથી જળ સંગ્રહશક્તિમાં કેટલો વધારો થયો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજકોટ મેડીકલ કોલેજની ગર્લ્સ હોસ્ટેલ અને ન્યુ પી.જી. હોસ્ટેલમાં ફર્નિચર

* ૪૧૭૭ શ્રી મહમદ જાવીદ પિરઝાદા (વાંકાનેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ મેડીકલ કોલેજની ગર્લ્સ હોસ્ટેલ અને ન્યુ પી.જી.હોસ્ટેલને ફર્નિચર પુરુ પાડવા સરકારને છેલ્લા બે વર્ષમાં ડીન દ્વારા કેટલી રજુઆતો મળી, અને | (૧) તા. ૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ ૧ (એક) રજુઆત મળેલ છે. |
| (૨) ઉક્ત હોસ્ટેલમાં ફર્નિચર પુરુ ન પાડવાનાં કારણો શા છે અને કેટલા સમયમાં ફર્નિચર પુરુ પાડવામાં આવશે? | (૨) ઉક્ત બન્ને હોસ્ટેલમાં ફર્નિચર વ્યવસ્થા છે. પરંતુ ખુટતા ફર્નિચર અંગે પી.આઇ.યુ. દ્વારા ટેન્ડર નિવિદા નં. ૨૦૧૬-૧૭/૦૬/૦૩ થી ટેન્ડર મંગાવવામાં આવેલ. જે અંગે નામદાર કોર્ટ દ્વારા સ્ટે છે. જેનો નિકાલ થયેથી ખુટતું ફર્નિચર પુરૂ પાડવામાં આવશે. |

---------

કલ્પસર યોજનાની કામગીરી

* ૩૫૮૫ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કલ્પસર યોજનાની કામગીરી કયા તબક્કે છે, | (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કલ્પસર યોજનામાં પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની |

કામગીરી પ્રગતિ હેઠળ છે. કલ્પસર યોજનામાં ખંભાતના અખાતમાં બંધ બનાવવાનો હોવાથી સમુદ્રશાસ્ત્ર અને પર્યાવરણીય અભ્યાસો ઉપરાંત બંધના સંલગ્ન પાસાઓ તથા અસરો સહિત વિવિધ અભ્યાસો હાથ ધરવામાં આવ્યાં છે, જે પૈકી કુલ ૨૧ અભ્યાસો પૂર્ણ થયેલ છે, જ્યારે ૧૦ અભ્યાસો હાલમાં પ્રગતિ હેઠળ છે. વધુ ૧૯ અભ્યાસો આયોજન હેઠળ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર યોજનાને કેટલી ગ્રાન્ટ ફાળવી અને તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૨) પત્રક-૧ મુજબ

(૩) આ પ્રોજેક્ટ કયા વર્ષમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે?

(૩) કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર થયા પછી સદર અહેવાલને સક્ષમ સ્તરેથી જરૂરી મંજુરીઓ મળ્યેથી, આ યોજના સત્વરે શરૂ કરી, શક્ય બને તેટલુ જલદી પૂર્ણ કરવાનું આયોજન છે.

<u>પત્રક-૧</u>

રૂ. લાખમાં

| અનુ. નં. | વર્ષ | યોજના અમલીકરણ એકમ ૧, ભાવનગર | | યોજના અમલીકરણ એકમ ૨, વડોદરા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ | ખર્ચ | ગ્રાન્ટ | ખર્ચ | કુલ ગ્રાન્ટ | કુલ ખર્ચ |
| ૧ | ૨૦૧૫-૧૬ | ૧૯૨૦.૦૦ | ૧૯૨૦.૦૦ | ૧૯૩.૯૨ | ૧૮૨.૯૧ | ૨૧૧૩.૯૨ | ૨૧૦૨.૯૧ |
| ૨ | ૨૦૧૬-૧૭ | ૨૪૫.૦૦ | ૨૪૫.૦૦ | ૪૨૩.૧૬ | ૩૭૮.૧૬ | ૬૬૮.૧૬ | ૬૨૩.૧૬ |
| ૩ | ૨૦૧૭-૧૮ (તા. ૩૧/૧૨/૨૦૧૭ અંતીત) | ૪૯૦.૩૬ | ૨૧૭.૨૫ | ૧૭૯.૨૫ | ૧૨૭.૭૪ | ૬૬૯.૬૧ | ૩૪૪.૯૯ |
| | કુલ | ૨૬૫૫.૩૬ | ૨૩૮૨.૨૫ | ૭૯૬.૩૩ | ૬૮૮.૮૧ | ૩૪૫૧.૫૯ | ૩૦૭૧.૦૬ |

---------

વલસાડ તાલુકાના રાબડા-નવેરા-વેલ્વાચ રોડ પરનો ડૂબાઉ પુલ

* ૬૦૮૧ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના રાબડા નવેરા ઓઝર રોડથી કચીગામ કાકડ મતી વેલ્વાચ રોડ પર આવેલ ડુબાઉ પુલને સ્થાને ઉંચો બારમાસી પુલ બનાવવા માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

(૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

---------

તારાપુર સામુહીક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવાની દરખાસ્ત

* ૩૮૩૯ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તારાપુર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં હાલ ૩૦ પથારીની સગવડ છે. આ હોસ્પિટલને અપગ્રેડ કરી ૫૦ થી ૧૦૦ પથારીની હોસ્પિટલ બનાવવાની દરખાસ્ત તા.૨૧/૦૯/૨૦૧૭ થી પેન્ડીંગ છે કે કેમ?

(૧) જુદી જુદી રજુઆતો મળેલ છે.

(૨) જો હા, તો સરકાર આ દરખાસ્ત ક્યારે મંજૂર કરશે, અને

(૨) અને (૩)ચકાસણી કરી જરૂરિયાત હશે તો અપગ્રેડ કરવાનો નીતી વિષયક નિર્ણય થયેથી.

(૩) ઉક્ત દવાખાનાનું સેક્સ્ટેન્શન કામ ક્યારે હાથ ધરવામાં આવશે?

---------

રાજ્યમાં ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષના કાયદા સંબંધોમાં માર્ગદર્શન

* ૬૦૯૮ શ્રી અરવિંદ રાણા (સુરત પુર્વ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) કાયદાના પ્રશ્નો અંગે અધિકારી અને કરદાતાને માર્ગદર્શન આપવા કોઈ વ્યવસ્થા કરવામાં આવી હતી કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) સામેલ *પત્રક મુજબ. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

રાજ્યની જિલ્લા તિજોરી કચેરીઓને કોમ્પ્યુટરાઈઝેશન કરવાની કામગીરી

* ૬૧૬૧ શ્રીમતી મનીષા વકીલ (વડોદરા શહેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની કેટલી જિલ્લા તિજોરી કચેરીઓ ખાતે કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે, | (૧) રાજ્યમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તમામ જિલ્લા તિજોરી કચેરીઓ ખાતે કોમ્પ્યુટરાઈઝેશન થઈ ગયેલ છે. જે અંતર્ગત ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓ, ૧૩૮ પેટા તિજોરી કચેરીઓ, ૨ પગાર અને હિસાબ કચેરીઓ, ૫ પેન્શન ચૂકવણાં કચેરીઓ તથા ૧ વિભાગીય તિજોરી કચેરી અમદાવાદનો સમાવેશ થાય છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી કોમ્પ્યુટરાઈઝેશન કરવાના બાકી છે, અને | (૨) એક પણ નહિ. |
| (૩) બાકી રહેલ કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) લાગુ પડતુ નથી. |

---------

રાજ્યમાં આવેલ સરકારી, ખાનગી માલિકીના અને પીપીપી હસ્તકના વીજ મથકો

* ૭૫૩૧ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાજ્ય સરકાર હસ્તક, ખાનગી માલિકીના અને પીપીપી હસ્તકના ક્યા અને કેટલી ક્ષમતા ધરાવતા વીજ મથકો આવેલા છે, અને | (૧) અને (૨) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સ્થાપિત અને રાજ્ય બહાર સ્થાપિત સરકારી, ખાનગી/પીપીપી વીજ મથકો જેમાંથી રાજ્યની વીજ કંપનીઓ દ્વારા વીજ પુરવઠો મેળવવામાં આવે છે તેની વિગત નીચે મુજબ છે. |

| | પાવર પ્લાન્ટનું નામ | જી.યુ.વી.એન.એલ.નો હિસ્સો (મે.વો) |
|---|---|---|
| ક | રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકો | |
| | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. | |
| | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | ૧૧૧૦ |
| | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૧૪૭૦ |
| | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૬૩૦ |
| | સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ |
| | કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૨૯૦ |

| | | |
|---|---|---|
| | ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૩૭૫ |
| | ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૯૫ |
| | ઉકાઈ હાઈડ્રો | ૩૦૫ |
| | કડાણા અને પાનમ હાઈડ્રો | ૨૪૨ |
| | કુલ | ૫૫૧૭ |
| | રાજ્ય સરકાર હસ્તક સ્વતંત્ર વીજ મથકો | |
| | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. | ૫૦૭ |
| | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૪૨ |
| | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી.–સુરત લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૫૦૦ |
| | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન–અક્રીમોટા | ૨૫૦ |
| | જી.પી.પી.સી. પીપાવાવ | ૭૦૨ |
| | ભાવનગર એનર્જી કંપની લી. | ૫૦૦ |
| | કુલ | ૨૫૦૧ |
| ખ | કેન્દ્ર સરકાર હસ્તકના મથકોમાંથી રાજ્યનો હિસ્સો | |
| | રાજ્યમાં સ્થિત મથકો | |
| | ક્વાસ ગેસ આધારીત વીજ મથક | ૧૮૭ |
| | ગાંધાર ગેસ આધારીત વીજ મથક | ૨૩૭ |
| | ન્યુકલીયર પાવર કોર્પોરેશન કાકરાપાર– | ૧૨૫ |
| | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૨૩૨ |
| | રાજ્યની બહાર સ્થિત મથકો | |
| | ન્યુકલીયર પાવર કોર્પોરેશન તારાપુર | ૧૬૦ |
| | ન્યુકલીયર પાવર કોર્પોરેશન તારાપુર ૩–૪ | ૨૭૪ |
| | એનટીપીસી વિંધ્યાચલ | ૧૦૬૮ |
| | એનટીપીસી–કોરબા | ૪૫૬ |
| | એનટીપીસી–કહલગાવ | ૧૪૧ |
| | એનટીપીસી–સીપત | ૮૧૩ |
| | એનટીપીસી–મૌડા | ૫૩૪ |
| | કુલ | ૪૨૨૭ |
| ગ | ખાનગી સાહસો–પી પી પી | |
| | ચાઈના લાઈટ પાવર લી. (ગુજરાત પથુગન પાવર કંપની) | ૬૫૫ |
| | મુન્દ્રા પાવર પ્રોજેક્ટ ઓફ અદાણી | ૨૦૦૦ |
| | એસ્સાર પાવર ગુજરાત લી. | ૧૦૦૦ |
| | કોસ્ટલ ગુજરાત પાવર લી. મુન્દ્રા યુ.એમ.પી.પી. | ૧૮૦૫ |

| | | |
|---|---|---|
| | એ.સી.બી.(ઇન્ડિયા ) લી. (રાજ્ય બહાર સ્થિત) | ૨૦૦ |
| | કુલ | ૫૬૬૦ |
| | કુલ–પરંપરાત સ્ત્રોત | ૧૭૯૦૫ |
| ઘ | બિન પરંપરાગત સ્ત્રોત | |
| | પવન ઊર્જા | ૩૬૬૫ |
| | સૌર ઊર્જા | ૧૧૧૬ |
| | બાયોમાસ | ૩૦ |
| | મીની હાઈડ્રો | ૯.૬ |
| | કુલ–બિન પરંપરાગત સ્ત્રોત | ૪૮૨૧ |
| | કુલ | ૨૨૭૨૬ |

(૨) વર્ષમાં વર્ષવાર વીજ મથકોવાર વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો ?

ઉત્પાદન ક્ષમતામાં થયેલ વધારાની માહિતી નીચે મુજબ છે.

| સેક્ટર | મે.વો. | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
| (ક) ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.(જી.એસ.ઈ.સી.એલ) | | |
| જી.એસ.ઈ.સી.એલ ધુવારણ એક્ષ્પાન્શન | ૩૭૬ | – |
| (ખ)જાહેર સાહસો | | |
| (૧) રાજ્ય સરકારના જાહેર સાહસો | | |
| ભાવનગર એનર્જી કંપની લી. | ૨૫૦ | ૨૫૦ |
| (૨) કેન્દ્ર સરકારના જાહેર સાહસો | | |
| એન.ટી.પી.સી. મૌડા | – | ૨૯૪ |
| (ગ) ખાનગી વીજ મથકો | | – |
| (ઘ) બિન–પંરપરાગત સ્ત્રોત | | |
| પવન ઊર્જા | ૩૮૧ | ૮૮૨ |
| સૌર ઊર્જા | – | ૨૫૫ |
| કુલ | ૧૦૦૭ | ૧૬૮૧ |

* ઉપરોક્ત વિગતે દર્શાવેલ વીજ ઉત્પાદન ક્ષમતામાં ખાનગી એકમો કે જેમની પાસેથી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા વીજ પુરવઠો મેળવવામાં આવતો

---------

મહામહીમ રાષ્ટ્રપતિશ્રીની ગુજરાત મુલાકાત વખતની કોન્વોય એમ્બ્યુલન્સ

* ૭૫૨૮ શ્રી સુનિલભાઈ ગામીત (નીઝર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સપ્ટેમ્બર–૨૦૧૭માં મહામહીમ રાષ્ટ્રપતિની ગુજરાત મુલાકાત વખતે કોન્વોયની એમ્બ્યુલન્સમાં જે ગ્રુપનું લોહી રાખવાનું હતું તેના બદલે અન્ય ગ્રુપનું લોહી ગોઠવવામાં આવેલ હતું તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### જસદણ-વિંછીયા રસ્તાને વાઇડનીંગ તેમજ ડામર સપાટી બનાવ્યા બાબત

* ૭૨૨૯ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ જસદણ-વિંછીયા જિલ્લા હદ સુધીનો રસ્તો છેલ્લા બે વર્ષથી ક્યારે કઈ યોજના હેઠળ વાઇડનીંગ તેમજ ડામર સપાટી કરવામાં આવેલ, (૨) તે પૈકી વિંછીયા ગામ વચ્ચેથી પસાર થતો રસ્તો અધુરો છોડી દેવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને (૩) જો હા, તો તેના કારણો શું અને ક્યાં સુધીમાં તે કામ પૂર્ણ કરવામાં આવશે? | (૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ રસ્તાની કામગીરી થયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અમદાવાદ સિવિલ હોસ્પિટલનું નવીનીકરણ

* ૬૧૧૪ શ્રી પ્રદિપભાઈ પરમાર (અસારવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (તબીબી શિક્ષણ)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદના નવીનીકરણ/વિસ્તરણની કોઈ યોજના છે, અને | (૧) હા, જી. |
| (૨) આ યોજના માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે? | (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૨૦૦-૦૦ કરોડ (બસો કરોડ)ની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે. |

---------

### વડોદરા પ્રયોગશાળા દ્વારા ઔષધના નમૂનાઓની ચકાસણી

* ૬૧૧૦ શ્રીમતી સીમાબેન મોહિલે (અકોટા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા પ્રયોગશાળા દ્વારા સને ૨૦૧૭ના વર્ષ દરમ્યાન ઔષધના કેટલા નમૂનાઓની ચકાસણી કરવામાં આવેલ છે, | (૧) ૧૧૭૩૭ |
| (૨) કેટલા નમૂનાઓ પ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, અને | (૨) ૧૧૨૪૭ |
| (૩) કેટલા નમૂનાઓ અપ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, અને | (૩) ૪૯૦ |
| (૪) સને ૨૦૧૭ના વર્ષમાં અપ્રમાણસર દવાના કિસ્સામાં શા પગલાં લેવામાં આવ્યા ? | (૪) અપ્રમાણસર થયેલ દવાના તમામ નમૂનાના કિસ્સામાં ૨૦૧૭ના વર્ષ દરમ્યાન નીચે મુજબનાં પગલાં લેવામાં આવ્યા. |

| પગલાંની વિગત | |
|---|---|
| ઉત્પાદકના પરવાના સ્થગિત કરવામાં આવ્યા | ૩૩૫ |
| ઉત્પાદકની બનાવટની પરવાનગી પરત ખેચવામાં આવી અને પરવાના સ્થગિત કરવામાં આવ્યા | ૨૨ |
| ઉત્પાદક સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા | ૫ |
| ઉત્પાદકને સખત ચેતવણી આપવામાં આવી | ૫ |

---------

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

### દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં સૌની યોજના હેઠળ ડેમો ભરવાની કામગીરી

* ૪૩૭૮ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાના ડેમો ને સૌની યોજનાથી ભરવાની કામગીરી કેટલા સમયમાં પુર્ણ કરવામાં આવશે, અને

(૨) ઉક્ત કામગીરી પુર્ણ થયે કયા ડેમોમાં કેટલું પાણી ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તાંત્રિક બાબતો અને નાણાકીય ઉપલબ્ધતા અનુસાર કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) જામનગર જિલ્લાના ડેમી–૩, આજી–૪, ઉન્ડ–૨, ઉન્ડ–૧, બાલંભા–બંધારા, કંકાવટી, ખીરી ટી.આર., હડીયાણા ટી.આર., રૂપારેલ બેરાજા, સપડા, વીજરખી, રણજીતસાગર, વાગડીયા, રંગમતી, સસોઈ, રૂપાવટી, પુના, બેડ બંધારા, કુલઝર–૨, ઉન્ડ–૪, ઉન્ડ–૩, કુલઝર, વોડીસંગ, કુલઝર (કેબી) તથા વેણૂ–૧ ડેમોમાં તેમજ દેવભૂમિ દ્વારકાના મહાદેવીયા, સિહણ, ગઢકી, ઘી, સાની, વેરાડી–૧, વેરાડી–૨, વર્તુ–૨, કાબરકા, વર્તુ–૧ અને સોનમતી ડેમોમાં નર્મદાના પુરના વધારાના પાણીની ઉપલબ્ધતા અનુસાર અને જળાશયોની જરૂરીયાત મુજબ ભરવાનું આયોજન છે.

---------

### માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં ‘‘મુખ્યમંત્રી અમૃતમ યોજના’’ ના કાર્ડ બાબત

* ૬૬૩૯ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં ‘‘માણાવદર, વંથલી તથા મેંદરડા તાલુકાના કેટલા બી.પી.એલ. પરિવારોને છેલ્લા એક વર્ષમાં મુખ્યમંત્રી અમૃતમ યોજના’’ હેઠળ કાર્ડ અપાયા,

(૨) બી.પી.એલ. યાદીમાં નોંધાયેલા પરિવારોને આ કાર્ડ આપવાના બાકી હોય તો તેના શા કારણો છે, અને

(૩) ઉકત બાકી તમામને આ કાર્ડ ક્યાં સુધીમાં પુરા પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં ‘‘માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાના નીચે મુજબના બી.પી.એલ. પરિવારોને તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ‘‘મુખ્યમંત્રી અમૃતમ યોજના’’ હેઠળ કાર્ડ અપાયા છે.

| તાલુકાનું નામ | મુખ્યમંત્રી અમૃતમ યોજના | ‘‘મા વાત્સલ્ય’’ યોજના | કુલ |
|---|---|---|---|
| માણાવદર | ૦ | ૨,૫૭૭ | ૨,૫૭૭ |
| મેંદરડા | ૦ | ૯૦૪ | ૯૦૪ |
| વંથલી | ૦ | ૧,૪૦૫ | ૧,૪૦૫ |
| કુલ | ૦ | ૪,૮૮૬ | ૪,૮૮૬ |

(૨) ઉકત સ્થિતિએ નોંધણી કરાવવા આવેલ તમામ લાભાર્થીને કાર્ડ આપવામાં આવેલ છે. આમ કાર્ડ આપવાના બાકી રહેતા નથી.

(૩) લાગું પડતું નથી.

---------

### રેલ્વે ક્રોસીંગની પરવાનગીમાં થતા વિલંબ સંબંધમાં કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૪૮૫ શ્રી ભીખાભાઈ જોશી (જુનાગઢ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રેલ્વે ક્રોસીંગની પરવાનગીમાં થતાં વિલંબના લીધે પાણી પુરવઠાની

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્નો પૈકી રેલ્વે ક્રોસીંગની તમામ દરખાસ્તો માહે ૮/૨૦૧૫ સુધીમાં ક્રમશઃ મંજુર થયેલ હોય તા.૩૧–૧૨–૨૦૧૭ની

યોજનાઓને પૂર્ણ કરવામાં થતા વિલંબ બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શાં પ્રતિભાવ આપ્યો?

સ્થિતિએ વર્ષ ૨૦૧૩ ના ૫ડતર પ્રશ્નો અન્વયે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણ

* ૬૧૦૪ શ્રી લાખાભાઈ સાગઠીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૦૫૨ |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૨) ૩.૪૨.૪૨ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

સૂક્ષ્મ સ્તરની સિંચાઈ યોજના માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ

* ૭૫૧૩ શ્રી વલ્લભભાઈ ધારવીયા (જામનગર ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૂક્ષ્મ (Micro) સ્તરની સિંચાઈ યોજનાઓ (ટપક/ ફુવારા પદ્ધતિને સબસીડી) માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ? | (૨) છેલ્લા બે વર્ષમાં ઉક્ત સ્થિતિએ નીચેની રકમ મળેલ છે.<br>વર્ષ ૨૦૧૬ - ૩.૨૪,૪૮૪.૬૭ લાખ.<br>વર્ષ ૨૦૧૭ - ૩.૩૩,૭૫૦.૦૦ લાખ. |

---------

અરવલ્લી જિલ્લામાં આવેલ ડેમો

* ૬૨૭૫ ડો. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા અને ક્યા ડેમ આવેલા છે,

જવાબ

(૧)

| તાલુકો | ડેમની સંખ્યા | ડેમનું નામ |
|---|---|---|
| મોડાસા | ૭ | માઝમ |
| | | અમલાઈ |
| | | બોરડી |
| | | કઉ |
| | | મેઢાસણ |
| | | શામપુર |
| | | ભેરૂન્ડા |
| માલપુર | ૫ | વાત્રક |
| | | ચોરીવાડ |
| | | ભેમપુરા |
| | | નવા |
| | | કાટકુવા |
| ભિલોડા | ૧૮ | મેશ્વો |

| | | |
|---|---|---|
| | | હાથમતી |
| | | નાપડા |
| | | નાંદોજ |
| | | ચોરીમાલા |
| | | અભાપુર |
| | | કુંડોલ |
| | | ગોઢ કુસ્કી |
| | | જાબ ચીતરીયા |
| | | ખેરાડી |
| | | લક્ષ્મણપુરા |
| | | વિરપુર |
| | | મેરૂ |
| | | ભાણમેર |
| | | બીલવણીયા |
| | | મોટા કંથારીયા |
| | | દહેગામડા |
| | | નવા ભેટાલી |
| બાયડ | ૨ | લાંક |
| | | પ્રાંતવેલ |
| મેઘરજ | ૧૮ | વૈડી |
| | | બોરસી |
| | | પટેલઢુંઢા |
| | | બાંઠીવાડા |
| | | નાલ |
| | | રામગઢી |
| | | શણગાલ |
| | | માનડા ઢેકવા |
| | | ભુંજેરી |
| | | ભેમાપુર |
| | | કાલીયાકુવા |
| | | નારણપુર ઓઢા |
| | | બસ્કાદાંતી |
| | | નેસડા |
| | | રાયવાડા |
| | | સરકીલીમડી |
| | | ડચકા |
| | | સીમલેટી |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આ ડેમોમાંથી ડીસીલટીંગની કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો તાલુકાવાર એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને જો ના, તો તેના કારણો શા છે ?

(૩) પીવાના પાણી માટે જથ્થો અનામત રાખવાનો હોવાથી તેમજ ખરીફમાં વરસાદ ખેંચાય તો આપવાની થતી સુરક્ષાત્મક સિંચાઈની જોગવાઈને લઈને જળાશયો ખાલી કરી શકાતા ન હોવાના કારણે.

---------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### ગુજરાતમાં નવી રેલ્વે લાઈનોના વિકાસ માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૫૧૧ શ્રી હર્ષદકુમાર રીબડીયા (વિસાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ગુજરાતમાં નવી રેલ્વે લાઈનોના વિકાસ બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) છેલ્લા બે વર્ષમાં દરખાસ્ત કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણો

* ૪૯૨૭ શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણો મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રેગ્યુલર અને તત્કાલ કેટલા નવા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

જવાબ

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર રેગ્યુલર અને તત્કાલ યોજના હેઠળ આપેલ વીજ જોડાણો તેમજ તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણો મેળવવાની પડતર અરજીઓની વિગતો પત્રક-અ માં દર્શાવ્યા પ્રમાણે છે.

પ ત્ર ક – અ

| અરવલ્લી જિલ્લો | | | |
|---|---|---|---|
| તાલુકાનું નામ | આપવામાં આવેલ વીજ જોડાણ | | કૃષિ વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ |
| | કૃષિ વિષયક | તત્કાલ | |
| મોડાસા | ૧૯૬૧ | ૧ | ૮૯૯ |
| બાયડ | ૧૧૩૪ | ૧૦ | ૫૫૮ |
| ધનસુરા | ૧૩૧૮ | ૦ | ૨૮૭ |
| માલપુર | ૭૩૭ | ૦ | ૫૧૧ |
| ભીલોડા | ૧૦૮૯ | ૦ | ૩૭૮ |
| મેઘરજ | ૬૫૨ | ૦ | ૧૨૪૮ |
| કુલ | ૬૮૯૧ | ૧૧ | ૩૮૮૧ |
| સાબરકાંઠા જિલ્લો | | | |
| તાલુકાનું નામ | આપવામાં આવેલ વીજ જોડાણ | | કૃષિ વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ |
| | કૃષિ વિષયક | તત્કાલ | |
| હિંમતનગર | ૧૦૯૭ | ૨૯ | ૮૩૬ |
| ઇડર | ૧૫૪૮ | ૩ | ૭૬૮ |
| ખેડબ્રહ્મા | ૭૦૨ | ૪ | ૨૮૪ |
| પોશીના | ૯૭૩ | ૦ | ૪૩૧ |
| પ્રાંતિજ | ૫૬૩ | ૧ | ૩૦૧ |
| તલોદ | ૬૫૮ | ૦ | ૩૧૩ |
| વડાલી | ૩૯૭ | ૦ | ૨૬૯ |
| વિજયનગર | ૫૦૩ | ૦ | ૨૯૩ |

(૩) બાકી રહેલ વીજ જોડાણો વહેલી તકે મળે તે માટે સરકારે શું કાર્યવાહી કરી ?

(૩) ખેતી વિષયક વીજ જોડાણ આપવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે પ્રતિવર્ષ નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા

અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને પડતર અરજીઓનો અગ્રતાક્રમ અનુસાર શક્ય તેટલી ઝડપથી નિકાલ કરવાનું આયોજન છે.

---------

વડોદરા જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૧૪૨ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૨૬,૮૯,૨૦૪ એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલઈડી બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજિત ૨૦.૦૨ કરોડ યુનિટની વીજ બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ? | (૩) એલઈડી બલ્બ વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂપિયા ૯૦.૦૮ કરોડની બચત થશે. |

---------

અમરેલી જિલ્લામાં સૌની યોજના

* ૭૧૮૮ શ્રી વિરજીભાઈ ઠુમ્મર (લાઠી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે નર્મદાના પાણીથી રાજ્યના જળાશયો ભરવા માટે વર્ષ–૨૦૧૪ માં સૌની યોજના અમલમાં મૂકી છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ આ યોજના હેઠળ અમરેલી જિલ્લામાં આવેલ જળાશયો પૈકી કેટલા જળાશયોમાં કેટલા ખર્ચે કેટલું પાણી ભરવામાં આવ્યું, અને | (૨) યોજનાની બીજા તબક્કાની કામગીરી પ્રગતિ હેઠળ છે, જે પૂર્ણ થયે જળાશયોમાં પાણી ભરવામાં આવશે. |
| (૩) ઉકત યોજના હેઠળ જિલ્લાના તમામ જળાશયો ભરવાનું સરકારનું શું આયોજન છે ? | (૩) યોજનાની બીજા તબક્કાની કામગીરી પૂર્ણ થયે અમરેલી જિલ્લાના ઘેલો (ઈ) તથા સાંકરોલી જળાશય ભરવાનું આયોજન છે. ત્યારબાદ તાંત્રિક પાસાઓ અને નાણાકીય ઉપલબ્ધી અનુસાર ત્રીજા તબક્કાની કામીગીર હાથ ધરી અમરેલી જિલ્લાના વધુ ૧૦ જળાશય ભરવાનું આયોજન છે. |

---------

રાજ્યમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેકસ અંતર્ગત રજીસ્ટ્રેશન

* ૬૦૯૭ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૫–૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) અંતર્ગત રજીસ્ટ્રેશન, રીટર્ન, પેમેન્ટ અંગે રાજ્ય સરકારે ડેટાની આપ–લે માટે કોઈ વ્યવસ્થા કરેલી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) તા.૧–૭–૨૦૧૭ના રોજથી રાજ્યમાં જી.એસ.ટી. નો અમલ શરૂ કરાયેલ છે. જી.એસ.ટી.માં રજીસ્ટ્રેશન, રીટર્ન તથા પેમેન્ટની પધ્ધતિ જી.એસ.ટી. પોર્ટલ (https://www.gst.Gov.in) થકી ઓનલાઈન થાય છે. ગુજરાત રાજ્યે Model-2 સિલેકટ કરેલ છે. જેથી GSTN દ્વારા રજીસ્ટ્રેશન, રીટર્ન, પેમેન્ટ અને MIS વગેર |

એપલીકેશન ડેવલોપ કરવામાં આવશે.

રજીસ્ટ્રેશનની માહિતીઃ હાલમાં જી.એસ.ટી.એન. દ્વારા ગુજરાત રાજ્યના વેપારીશ્રીઓના નવા રજીસ્ટ્રેશન અંગેની માહિતી રોજબરોજ Secure File Transfer Protocol (SFTP) ના માધ્યમથી મોકલવામાં આવે છે. જેમાં ટેક્ષપેયર વાઈઝ ટેક્ષપેયરને મળેલ GST નંબર, ફર્મનેમ, લિગલ નેમ, મોબાઈલ નંબર, ઈમેલ આઈ.ડી. અને જયુરીડીકશન વિગેરે માહિતી આપવામાં આવે છે. વધુમાં રોજબરોજની રજીસ્ટ્રેશનની માહિતી સમરી રીપોર્ટ સ્વરૂપે રાજ્યવેરા વિભાગને જી.એસ.ટી.એન દ્વારા ઈમેલથી આપવામાં આવે છે. જેમાં જે તે દિવસ સુધીમાં કેટલા નોંધણી નંબર અપાયેલ છે તેની વિગતો મળે છે. તદુપરાંત ટેક્ષપેયર વાઈઝ રજીસ્ટ્રેશનની માહિતી GST back office portal પરના અધિકારીશ્રીના લોગીનમાં પણ જોઈ શકાય છે.

રીટર્નની માહિતીઃ ગુજરાત રાજ્યના વેપારીશ્રીઓના રીટર્નની માહિતી પણ Secure File Transfer Protocol (SFTP) ના માધ્યમથી જી.એસ.ટી.એન. દ્વારા મોકલવામાં આવે છે. જેમાં ટેક્ષ પેયર્સે ભરેલ GSTR 3B માં બતાવેલ ટેક્ષની જવાબદારી અને ભરેલ ટેક્ષની વિગતો મળે છે. તેમજ ક્યા ટેક્ષ પેયર્સ ક્યુ રીટર્ન કઈ તારીખે ફાઈલ કરેલ છે તે અંગેની માહિતી SFTP પર GSTN દ્વારા આપવામાં આવે છે. વધુમાં રોજબરોજના ભરાયેલ રીટર્નની માહિતી સમરી સ્વરૂપે રાજ્યવેરા વિભાગને જી.એસ.ટી.એન. દ્વારા ઈમેલથી આપવામાં આવે છે. તદુપરાંત ટેક્ષ પેયર્સ વાઈઝ ભરાયેલ તમામ રીટર્નની વિગતો GST back office portal પર અધિકારીશ્રીના લોગીનમાં પણ જોઈ શકાય છે.

પેમેન્ટની માહિતીઃ વેપારીશ્રીઓ દ્વારા ઓનલાઈન કરાયેલ પેમેન્ટની વિગતોમાં હિસાબ અને તિજોરીની કચેરી પાસેથી ફક્ત SGST ના પેમેન્ટની વિગતો મળી રહે છે. રોજબરોજની આવકની માહિતી સમરી સ્વરૂપે રાજ્યવેરા વિભાગને જી.એસ.ટી.એન. દ્વારા ઈમેલથી આપવામાં આવે છે. તદુપરાંત વેપારી વાઈઝ થયેલ પેમેન્ટની માહિતી GST back office portal પર અધિકારીશ્રીના લોગીનમાં પણ જોઈ શકાય છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૦૮૯ શ્રી શશીકાન્ત પંડ્યા (ડીસા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૦૩. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૫૩૦.૬૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૧૯૩ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર-દક્ષિણ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૨૨૮૭. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૧૪.૫૧ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૫૩૮ શ્રી પરસોત્તમ સાબરીયા (ધ્રાંગધ્રા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ? | (૨) રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને નીચે મુજબ રકમ મળેલ છે. |

| વર્ષ | વર્ષવાર મળેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૧-૧-૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬ | ૨૪,૨૭૩.૦૩ |
| ૧-૧-૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ | ૩૩,૧૧૭.૩૧ |

---------

પાદરા તાલુકાના ચોકારી તથા ડબકા ગામે મહી નદીમાં રોડ/પાળા બનાવવા માટેની મંજૂરી

* ૩૬૦૮ શ્રી જશપાલસિંહ ઠાકોર (પાદરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ મહી નદીમાં ચોકારી તથા ડબકા ગામ તા.પાદરા ખાતે ગેઇલ ઓઇલ કંપની અને જેટકો વીજ કંપનીને નદીમાં રોડ બનાવવા/પાળા બનાવવા કોઇ મંજૂરી આપેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) ઉક્ત કંપનીઓ દ્વારા નદીમાં રસ્તો/પાળો બનાવવાથી નદીનું વહેણ બદલાઇ ગયેલ હોવાનું સરકારના ધ્યાનમાં આવેલ છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો નદીનું વહેણ બદલાવાથી આસપાસના ખેડૂતોને થયેલ નુકશાનનું વળતર આપવા શું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

કલ્પસર યોજનાનો ખર્ચ

* ૭૫૨૨ શ્રી કાન્તીભાઈ સોઢાપરમાર (આણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખંભાતના અખાતમાં મીઠા પાણીનું સરોવર બનાવવા સરકારે કલ્પસર યોજનાની જાહેરાત તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ કરેલ છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |

(૨) જો હા, તો આ યોજનાની જાહેરાત ક્યારે કરેલ અને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૫-૧૬ | ૨૧૦૨.૯૧ |
| ૨ | ૨૦૧૬-૧૭ | ૬૨૩.૧૬ |
| ૩ | ૨૦૧૭-૧૮ તા.૩૧-૧૨-૨૦૧૭ સુધી) | ૩૪૪.૯૯ |
| | કુલ | ૩૦૭૧.૦૬ |

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર થયા પછી સદર અહેવાલને સક્ષમ સ્તરેથી જરૂરી મંજુરીઓ મળ્યેથી, આ યોજના સત્વરે શરૂ કરી, શક્ય બને તેટલું જલદી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૮ પર ઝાડેશ્વર નજીક નર્મદા નદી પર પુલ બાંધવા માટે કેન્દ્ર સરકારને કરેલ રજુઆત

* ૭૪૫૩ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) વર્ષ ૨૦૧૩ ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.૮ પર ઝાડેશ્વર નજીક નર્મદા નદી પર વધારાના પુલના બાંધકામ બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો?

(૧) અને (૨)
ભારત સરકાર દ્વારા આ કામગીરી મંજુર કરી નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્વારા પૂર્ણ કરવામાં આવતા, માન.વડાપ્રધાનશ્રી દ્વારા તા.૦૭-૦૩-૨૦૧૭ ના રોજ લોકાર્પણ કરેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

આશા હેલ્થ વર્કરને દર માસે આપવામાં આવતી પ્રોત્સાહક રકમ

* ૭૪૫૦ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં આશા હેલ્થ વર્કરને દર માસે પ્રોત્સાહક રકમ કેટલી આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત રકમમાં છેલ્લા બે વર્ષમાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત રકમમાં કોઇ વધારો કરવાનું આયોજન છે કે કેમ ?

(૧) આશાએ કરેલ કામગીરી પ્રમાણમાં ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ દર માસે રૂ.૨૦૦૦ થી રૂ.૨૫૦૦.

(૨) ચાલુ નાણાંકીય વર્ષમાં તા.૧૮-૧૦-૨૦૧૭ ના ઠરાવથી ૩૦% અને તા.૩૦-૧૨-૨૦૧૭ ના ઠરાવથી ૨૦% ઉમેરી કુલ ૫૦% નો ઉક્ત રકમ ઉપરાંત વધારો કરવામાં આવેલ છે.

(૩) તાજેતરમાં જ વધારો કરેલ હોઇ હાલના તબક્કે આવું કોઇ આયોજન નથી.

---------

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવેલ વાહનો

* ૭૫૦૧ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૮ ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કેટલી એમ્બ્યુલન્સ શબવાહિની,

(૧) તા.૩૧-૦૧-૨૦૧૮ ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નીચે મુજબના વાહનો આવેલા

કાર અને અન્ય આવેલા છે,

છે.
૩ (ત્રણ) આઇસીયુઓન વ્હીલ એમ્બ્યુલન્સ
૧૨ (બાર) એમ્બ્યુલન્સ
૨ (બે) શબ વાહીની
૧ (એક) સ્ટાફકાર
૧ (એક) ટેમ્પો (છોટા હાથી)
આમ, કુલ ૧૯ (ઓગણીસ) વાહનો આવેલા છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ક્યા પ્રકારના કેટલા વાહનો ક્યારથી બંધ હાલતમાં છે, અને

(૨) ઉક્ત દર્શાવેલ ૧૯(ઓગણીસ) વાહનો હાલ ચાલુ હાલતમાં છે.

(૩) ઉક્ત વાહનો માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩)

| ખર્ચ | ૨૦૧૬ | ૨૦૧૭ |
|---|---|---|
| મેઇન્ટેનન્સ | ૬,૭૧,૨૧૭ | ૭,૩૨,૮૫૨ |
| પેટ્રોલ ડીઝલ | ૨૭,૮૫,૪૬૦ | ૩૪,૩૬,૦૭૦ |
| કુલ ખર્ચ | ૩૪,૫૬,૬૭૭ | ૪૧,૬૮,૯૨૨ |

---------

વલસાડ જિલ્લામાં કસ્તુર બા પોષણ સહાય યોજના

* ૬૧૩૬ શ્રી અરવિંદ પટેલ (ધરમપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) અને (૨)

| સમયગાળો | લાભાર્થીની સંખ્યા | કરવામાં આવેલ ખર્ચ |
|---|---|---|
| તા.૧–૨–૧૬ થી તા.૩૧–૧–૧૭ | ૨૯૮૧ | રૂ.૫૯,૬૨,૦૦૦/– |
| તા.૧–૨–૧૭ થી તા.૩૧–૧–૧૮ | ૧૦૪૫૯ | રૂ.૨,૦૯,૧૮,૦૦૦/– |
| કુલ | ૧૩૪૪૦ | રૂ.૨,૬૮,૮૦,૦૦૦/– |

---------

મહિસાગર અને દાહોદ જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી

* ૬૧૪૦ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર અને દાહોદ જિલ્લામાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) મહિસાગર જિલ્લામાં ૩૫ (પાંત્રીસ) અને દાહોદ જિલ્લામાં ૫૧ (એકાવન) તળાવો.

(૨) મહિસાગર જિલ્લામાં રૂ.૨૨૯.૦૮ લાખ દાહોદ જિલ્લામાં રૂ.૨૬૩.૬૯ લાખ કુલ રૂ.૪૯૨.૭૭ લાખ.

---------

સુખી સિંચાઈ યોજના હેઠળ થયેલ કામો

* ૩૮૮૬ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ સુખી સિંચાઈ યોજનાના જુદા જુદા ડીવીઝનોમાં છેલ્લાં બે વર્ષમાં મનરેગા યોજના હેઠળ કેટલા કામો કરવામાં આવેલ છે,

જવાબ

(૧) કુલ ૪૭૩ કામો કરવામાં આવેલ છે.

(૨) થયેલ કામોમાં કેટલા નાણાં ચુકવાયા છે અને કેટલા નાણાં બાકી છે, અને

(૨) કુલ રૂ. ૭૮૨.૭૧ લાખનું ચૂકવણું કરવામાં આવેલ છે. કુલ રૂ. ૨૭૩.૨૧ લાખનું ચૂકવણું બાકી છે.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કામો કરવાના બાકી છે?

(૩) કુલ ૫૫ કામો બાકી છે.

---------

કર્માવદ તળાવ, મુક્તેશ્વર અને દાંતીવાડા ડેમમાં નર્મદાનું પાણી નાખવા માટેનો સર્વે

* ૪૯૨૩ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં વડગામ તાલુકાના જલોત્રા પાસેના કર્માવદ તળાવ, મુક્તેશ્વર ડેમ અને દાંતીવાડા ડેમમાં નર્મદાનું પાણી નાંખવા માટે સર્વેની કામગીરી થયેલ છે, તે હકીકત સાચી છે,

(૧) હા, અને કર્માવદ તળાવ સૂચિત પથરેખાથી દસ કિલોમીટરથી વધુ અંતરે હોવાથી પ્રાથમિક સર્વેક્ષણ કરેલ નથી.

(૨) જો હા, તો આ કામગીરી કેટલા ખર્ચે અને ક્યારે પૂર્ણ થયેલ છે, અને

(૨)

| ડેમ | પ્રાથમિક સર્વેક્ષણનો ખર્ચ રૂ. લાખમાં | પૂર્ણ થયા તારીખ |
|---|---|---|
| મુક્તેશ્વર | ૨.૫૯ | ૨૩/૦૭/૨૦૧૫ |
| દાંતીવાડા | ૨.૬૦ | ૨૫/૦૩/૨૦૧૪ |

(૩) ઉક્ત સર્વેમાં ક્યા પ્રકારની મુખ્ય ભલામણો કરવામાં આવેલ છે?

(૩) મુક્તેશ્વર અને દાંતીવાડા ડેમમાં પાણી નાખવા માટે જુદી-જુદી પાઇપલાઇનોની ટેક્નોઇકોનોમિક પથરેખા માટે સર્વેક્ષણ કરવામાં આવેલ હોઇ ભલામણોનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ઉમરગામ તાલુકામાં દરિયાઇ ધોવાણ અટકાવવા

* ૬૦૯૫ શ્રી કનુભાઇ દેસાઇ (પારડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉમરગામ તાલુકામાં દરિયાઇ ધોવાણથી થતું નુકશાન અટકાવવા કોઇ કાર્યવાહી કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી લંબાઇમાં કામગીરી કરવામાં આવી,

(૨) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ કામગીરી થયેલ નથી. પરંતુ તા. ૩૧/૧૨/૨૦૧૫ પહેલાં ઉમરગામ તાલુકામાં ૭૧૫૪મી. લંબાઇમાં દરિયાઇ ધોવાણ અટકાવવાના કામો કરવામાં આવેલ છે.

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આ કામોથી કેટલા ગામોને લાભ થયેલ છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કાકરાપાર યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં નહેર સુધારણાના કામો

* ૬૧૫૫ શ્રી પિયુષભાઇ દેસાઇ (નવસારી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ૨૦૧૭-૧૮માં કાકરાપાર યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં નહેર સુધારણાના કામો મંજુર કરવામાં આવ્યા છે કે કેમ,

(૧) હા.

(૨) જો હા, તો આ કામો નહેરની કુલ કેટલી લંબાઇમાં અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવાનું

(૨) નવસારી જિલ્લામાં કુલ-૯૭.૮૧ કિ.મી. નહેરની લંબાઇમાં અંદાજીત રૂ. ૩૪.૨૩ કરોડનો ખર્ચ કરવાનું

| | |
|---|---|
| આયોજન છે, અને | આયોજન છે. |
| (૩) આ કામો થવાથી નવસારી જિલ્લાનાં કેટલાં સિંચાઈ વિસ્તારને લાભ થશે? | (૩) ૧૯,૮૨૧ હેક્ટર. |

---------

રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને રાજ્ય ધોરીમાર્ગ પર અકસ્માતમાં ઈજા પામેલાને ઈમરજન્સી સારવાર આપવા

* ૬૧૨૦ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને રાજ્ય ધોરીમાર્ગ પર અકસ્માત દરમ્યાન ઈજા પામેલ લોકોને ઈમરજન્સી સારવાર આપવા માટે કોઈ સુવિધા ઉભી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યની કઈ–કઈ હોસ્પિટલો ખાતે ઈમરજન્સી સારવાર આપવા માટેની સુવિધા ઉભી કરવામાં આવેલ છે? | (૨) રાજ્યની તમામ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો, જિલ્લા તથા પેટા જિલ્લા હોસ્પિટલો, તથા તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ઈમરજન્સી સારવાર આપવા માટેની સુવિધા ઉભી કરવામાં આવેલ છે. |

---------

ઠાસરા તાલુકામાં શેઢી શાખા યોજના હેઠળ માઈનોર કેનાલો

* ૪૧૧૫ શ્રી કાન્તીભાઈ પરમાર (ઠાસરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઠાસરા તાલુકામાં શેઢી શાખા યોજના હેઠળ માઈનોર કેનાલમાં રીપેરીંગ કામ કેટલું બાકી છે, | (૧) અંદાજે રૂ. ૯૫૫.૨૫ લાખની કિંમતનું. |
| (૨) બાકી કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) તબક્કાવાર જૂન–૨૦૨૦ સુધીમાં. |
| (૩) શેઢી શાખા યોજના હેઠળ માઈનોર કેનાલોમાં પૂર્ણ ક્ષમતાથી પાણીનું વહન થતું ન હોય તો તેના નિવારણ સંબંધમાં શા પગલા લેવાનું આયોજન છે? | (૩) સમારકામની કામગીરી તબક્કાવાર કરવાનું આયોજન છે. |

---------

ગુજરાત મેડીકલ એન્ડ રીસર્ચ સોસાયટીને તબદીલ કરેલ મિલકતો અને સ્ટાફ

* ૭૪૫૯ ડો. આશા પટેલ (ઊંઝા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ગુજરાત મેડીકલ એન્ડ રીસર્ચ સોસાયટીને સરકારની માલિકીની મિલ્કતો અને સ્ટાફ તબદીલ કરવામાં આવેલ છે કે કેમ, | (૧) તબદીલ કરવા સૈધ્ધાંતિક નિર્ણય લેવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સ્થાવર અને જંગમ મિલ્કતો તથા સંવર્ગવાર કેટલો સ્ટાફ તબદીલ કરવામાં આવેલ છે, અને | (૨) તબદીલ કરેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તબદીલ કરેલ સ્ટાફના પગાર ભથ્થાનો કેટલો ખર્ચ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં ભોગવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તાપી જિલ્લામાં દિકરી યોજનાના લાભાર્થીઓ

* ૬૧૨૧ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તાપી જિલ્લામાં દિકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ | (૧) ૨૦૨ લાભાર્થીઓને લાભ મળેલ છે. |

મળેલ છે,

(૨) તે અન્વયે તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલો છે, અને

(૨)

| વર્ષ | કરવામાં આવેલ ખર્ચ |
|---|---|
| ૨૦૧૬ | રૂ. ૬,૫૭,૦૦૦/- |
| ૨૦૧૭ | રૂ. ૪,૨૨,૦૦૦/- |
| કુલઃ- | રૂ. ૧૦,૭૯,૦૦૦/- |

(૩) આ યોજના માટે ભારત સરકારશ્રી તરફથી રાજ્ય સરકારને કોઇ ફંડ ફાળવવામાં આવે છે કે કેમ?

(૩) ના, જી.

---------

## પાલનપુર વેડંચા, મંડાણા ગ્રામ્ય માર્ગ પર વેડંચા પાસે લડબી નદી પર કોઝવે બનાવવાનું આયોજન

* ૬૬૪૬ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પાલનપુરથી સાખેસણ, વેડંચા, ગોબાસણ, ગઢ, મંડાણાના ગ્રામ્ય માર્ગ પર વેડંચા પાસે લડબી નદી પર કોઝવે કે પુલ ન હોવાને કારણે પ્રતિવર્ષ ચોમાસાના પુરમાં આ રસ્તો બંધ થઈ જાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો ખેડૂતો તથા વિદ્યાર્થીઓ ચોમાસામાં અવરજવર કરી શકે તે માટે ઉક્ત સ્થિતિએ સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) અને (૨) ઉક્ત રોડ પર લડબી નદી પર હયાત કોઝવે છે જે વાહન વ્યવહાર યોગ્ય છે. વૈકલ્પિક રસ્તાઓ ઉપલબ્ધ હોઈ અને તાંત્રિક જરૂરીયાતને ધ્યાને લેતાં નવા પૂલ/કોઝવેનું હાલમાં આયોજન નથી.

---------

## અમદાવાદ સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં વેસ્ટ બ્લડનો નિકાલ

* ૭૨૧૧ શ્રી ઇમરાન ખેડાવાળા **S** (જમાલપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા યુનિટ બ્લડની આવક થઇ,

(૨) બ્લડ બેંકે આ સમયગાળામાં છેલ્લા યુનિટ વેસ્ટ બ્લડ બતાવી નિકાલ કર્યો, અને

(૩) આ વેસ્ટ બ્લડનો નિકાલ ક્યાં અને કેવી રીતે કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અમદાવાદની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૯૨૧૬/- યુનિટ બ્લડની આવક થઈ.

(૨) એક પણ યુનિટનો વેસ્ટ બ્લડ બતાવી નિકાલ કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## દાહોદ જિલ્લામાં કડાણા આધારિત સિંચાઈ યોજના

* ૪૧૧૦ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કડાણા આધારિત સિંચાઈ યોજના ક્યા તાલુકાના કેટલા ગામોને આવરી લે છે,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | આવરી લીધેલ ગામોની સંખ્યા |
|---|---|
| ઝાલોદ | ૨૦ |
| ગરબાડા | ૭ |
| ધાનપુર | ૨૦ |
| દેવગઢ બારીયા | ૨ |
| લીમખેડા | ૧૫ |
| ફતેપુરા | ૧૦ |

| દાહોદ | ૧૫ |
|---|---|

(૨) ઉકત ગામોમાં પાણી પહોંચાડવા માટે ક્યા સ્થળે પમ્પીંગ સ્ટેશન બનાવવામાં આવેલ છે, અને

(૨) ગોઠીબ, કુંડલા, પારેવા અને આંબા ગામ પાસે પમ્પીંગ સ્ટેશન બનાવવામાં આવી રહેલ છે.

(૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) જાન્યુઆરી–૨૦૨૦ સુધીમાં.

---------

## ડાંગ જિલ્લામાં આવેલ સરકારી દવાખાનાનું મંજૂર મહેકમ

* ૪૧૧૩ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં આવેલ સિવિલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સબ સેન્ટરોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં આવેલ સિવિલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સબ સેન્ટરોમાં સંવર્ગવાર મહેકમની વિગત નીચે મુજબ છે.

| આરોગ્ય કેન્દ્રો | સંવર્ગ | મંજુર | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|
| ડીસ્ટ્રીકટ હોસ્પિટલ–૧ | વર્ગ–૧ | ૧૫ | ૮ | ૭ |
| | વર્ગ–૨ | ૧૩ | ૯ | ૪ |
| | વર્ગ–૩ | ૭૭ | ૫૮ | ૧૯ |
| | વર્ગ–૪ | ૬૧ | ૬૧ | ૦ |
| સા.આ. કેન્દ્રો–૩ | વર્ગ–૧ | ૭ | ૦ | ૭ |
| | વર્ગ–૨ | ૧૩ | ૧૦ | ૩ |
| | વર્ગ–૩ | ૪૩ | ૨૦ | ૨૩ |
| | વર્ગ–૪ | ૩૦ | ૧૮ | ૧૨ |
| પ્રા.આ. કેન્દ્રો–૧૦ | વર્ગ–૨ | ૨૮ | ૧૧ | ૧૭ |
| | વર્ગ–૩ | ૫૦ | ૩૬ | ૧૪ |
| | વર્ગ–૪ | ૪૦ | ૩૮ | ૨ |

(૩) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

---------

## પાલનપુર જનરલ હોસ્પિટલને ખાનગી ટ્રસ્ટ/સંસ્થાને સોંપવા બાબત

* ૬૬૪૨ શ્રી જિગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પાલનપુર ખાતે ૩૦૦ પથારીવાળી અપગ્રેડ કરવામાં આવેલી જનરલ હોસ્પિટલને તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ લાંબાગાળાના વહીવટ માટે એક ખાનગી સંસ્થા/ટ્રસ્ટ સામે કરાર કર્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, જિલ્લાની સરકારી હોસ્પિટલ ખાનગી ટ્રસ્ટ/સંસ્થાને સોંપી દેવાના શા કારણો છે, અને

જવાબ

(૧) હા, જી. આરોગ્ય નીતિ–૨૦૧૬ અન્વયે રાજ્યમાં નવી સ્વનિર્ભર બ્રાઉનફીલ્ડ મેડીકલ કોલેજોની સ્થાપના કરવા માટેની પ્રોત્સાહક યોજના અંતર્ગત આ ટ્રસ્ટને મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) જિલ્લાની સરકારી હોસ્પિટલ ખાનગી ટ્રસ્ટ/સંસ્થાને સોંપવાનાં કારણો નીચે મુજબ છે.

(૧) નવી સ્વનિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના કરવી.

(૨) મેડીકલ કોલેજ સાથે અત્યાધુનિક સુવિધાવાળી હોસ્પિટલની સ્થાપના કરવી.

(૩) એમ.બી.બી.એસ. ની બેઠકોમાં વધારો કરવો.

(૪) જિલ્લા હોસ્પિટલની પથારીમાં વધારો કરવો અને

સ્થાનિક પ્રજાજનોને સ્પેશ્યાલીટીની સેવાઓ સહીત વધુ તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવી.

(૩) આ ખાનગી ટ્રસ્ટ/સંસ્થાને ક્યા અનુભવો અને લાયકાતને આધારે સરકારી હોસ્પિટલનો વહીવટ સોંપવામાં આવ્યો છે ?

(૩) ખાનગી ટ્રસ્ટ/સંસ્થાને નીચે જણાવેલ અનુભવો અને લાયકાતને આધારે સરકારી હોસ્પિટલનો વહીવટ સોંપવામાં આવ્યો છે.

(૧) અનુભવ–વ્યવસ્થા તંત્રનો સામાન્ય અનુભવ

(૨) નાણાંકીય સ્ત્રોતો–ફંડ ઉભું કરવું. નેટવર્થ/ટર્ન ઓવર

(૩) વ્યવસ્થાકીય ક્ષમતા–પ્રોજેક્ટ અનુભવ, શૈક્ષણિક, હાલની માનવ સંશાધનની ક્ષમતા.

(૪) સુચિત પ્રોજેક્ટ રીપોર્ટ–પ્લાન, એચઆર, હોસ્પિટલ પ્લાન, એકેડેમીક પ્લાન, ટાઈમટેબલ, મેનેજમેન્ટ ટીમ, વધારાની પ્રવૃતિઓ વગેરે.

---------

બનાસકાંઠા તથા મહેસાણા જિલ્લામાં કિશાનપથ, વિકાસપથ તથા પ્રગતિપથ યોજના

* ૫૫૫૩ શ્રી કાંતીભાઈ ખરાડી (દાંતા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા તથા મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કિસાનપથ, વિકાસપથ અને પ્રગતિપથ યોજના અંતર્ગત કેટલા કિલોમીટરની લંબાઈના કેટલા ગ્રામ્ય માર્ગોની સુધારણા કરવામાં આવી, અને

(૧) છેલ્લા બે વર્ષમાં કિસાનપથ, વિકાસપથ અને પ્રગતિપથ યોજના અંતર્ગત સુધારણાના કામોને પરિશિષ્ટ મુજબ મંજૂરી આપવામાં આવી.

પરિશિષ્ટ

| જિલ્લો | તાલુકો | યોજના | રસ્તાની સંખ્યા | લંબાઈ (કિ.મી.) | મંજુર રકમ રૂ.લાખમાં |
|---|---|---|---|---|---|
| બનાસકાંઠા | સુઈગામ | કિસાનપથ | ૧ | ૧.૧૦ | ૮૦.૦૦ |
| બનાસકાંઠા | લાખણી | કિસાનપથ | ૧ | ૮.૭૯ | ૩૫૧.૦૦ |
| બનાસકાંઠા | કાંકરેજ | કિસાનપથ | ૧ | ૭.૦૦ | ૩૦૦.૦૦ |
| બનાસકાંઠા | પાલનપુર | કિસાનપથ | ૧ | ૬.૦૦ | ૨૪૦.૦૦ |
| બનાસકાંઠા | વડગામ | કિસાનપથ | ૨ | ૬.૨૩ | ૩૧૦.૦૦ |
| બનાસકાંઠા | થરાદ | કિસાનપથ | ૧ | ૯.૧૦ | ૩૨૦.૦૦ |
| બનાસકાંઠા | ડીસા | કિસાનપથ | ૨ | ૮.૦૦ | ૩૬૦.૦૦ |
| બનાસકાંઠા | ધાનેરા | કિસાનપથ | ૧ | ૯.૯૦ | ૩૯૦.૦૦ |
| બનાસકાંઠા | લાખણી | કિસાનપથ | ૧ | ૨.૬૦ | ૧૨૦૦.૦૦ |
| બનાસકાંઠા | સુઈગામ | પ્રગતિપથ | ૧ | ૨૦.૭૫ | ૬૦૫૦.૦૦ |
| | | કુલ | ૧૨ | ૭૯.૪૭ | ૯૬૦૧.૦૦ |
| મહેસાણા | વડનગર | કિસાનપથ | ૨ | ૪.૨૦ | ૧૪૮.૦૦ |
| મહેસાણા | ઉંઝા | કિસાનપથ | ૧ | ૨.૮૦ | ૧૫૦.૦૦ |
| મહેસાણા | કડી | કિસાનપથ | ૪ | ૧૧.૮૦ | ૫૫૦.૦૦ |
| મહેસાણા | મહેસાણા | કિસાનપથ | ૧ | ૨.૮૦ | ૧૦૦.૦૦ |
| મહેસાણા | બેચરાજી | કિસાનપથ | ૧ | ૮.૨૦ | ૪૦૦.૦૦ |
| મહેસાણા | ખેરાલુ | પ્રગતિપથ | ૧ | ૨૦.૮૦ | ૫૨૬૧.૦૦ |
| | | કુલ | ૧૦ | ૫૦.૬૦ | ૬૬૦૯.૦૦ |

(૨) તે અન્વયે જિલ્લાદીઠ, તાલુકાવાર કેટલો ખર્ચ થયો?

(૨) બનાસકાંઠાના લાખણી તાલુકામાં રૂ.૧.૨૩ લાખ.

---------

દહેગામ તાલુકાના ખાનપુર એપ્રોચ રોડને પહોળો કરવાની કામગીરી

* ૬૦૮૩ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ગાંધીનગર

(૧) હા, જી.

જિલ્લાના દહેગામ તાલુકાના ખાનપુર એપ્રોચ રોડને પહોળો કરવા સરકારનું આયોજન છે કે કેમ,

| | |
|---|---|
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) રૂ.૧૩૫.૦૦ લાખ. |
| (૩) ઉકત સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) ડીટીપી મંજુરી હેઠળ. |

---------

રેલ્વે હોસ્પિટલ અમદાવાદ ખાતે નવી મેડીકલ કોલેજ સ્થાપવા કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૪૫૬ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રેલ્વે હોસ્પિટલ અમદાવાદ ખાતે, નવી મેડીકલ કોલેજની સ્થાપના કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રેલ્વે હોસ્પિટલ અમદાવાદ ખાતે, નવી મેડીકલ કોલેજની સ્થાપના કરવા બાબતે છેલ્લા બે વર્ષમાં કોઈ દરખાસ્ત કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વડોદરા જિલ્લામાં હિમોફીલીયાના દર્દીઓ

* ૬૧૩૩ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં હિમોફીલીયાના દર્દીઓ માટે સરકારે કોઈ વ્યવસ્થા કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શું વ્યવસ્થા કરેલ છે ? | (૨) (૧) એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા અને જીએમઈઆરએસ હોસ્પિટલ, ગોત્રી, વડોદરા ખાતે હિમોફીલીયાના દર્દીઓની સારવાર માટે તબીબો, સાધન સામગ્રી, દવાઓ અને લોહીની વ્યવસ્થા ઉપલબ્ધ છે.<br>(૨) હિમોફીલીયાના દર્દીઓને સઘન સારવાર મળી રહે તે માટે સરકારશ્રી તરફથી જરૂરી અનુદાન ફાળવેલ છે. |

---------

લીલીયા અને સાવરકુંડલા તાલુકાના ગામોને શેત્રુંજી નદીના પુરના પાણીથી નુકશાન

* ૭૪૩૮ શ્રી પ્રતાપભાઈ દુધાત (સાવરકુંડલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના અને સાવરકુંડલા તાલુકાના ગામો પાસેથી પસાર થતી શેત્રુંજી નદીના પુરના પાણીથી દર વર્ષે ખેડુતોના જાનમાલ અને મકાનોને ભારે નુકશાન પહોંચાડે છે તે ફરીયાદથી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સમસ્યાના કાયમી ઉકેલ માટે પુર સંરક્ષણ પાળાઓ/દિવાલો બનાવવા સરકારનું શું આયોજન છે ? | (૨) આ સમસ્યાના કાયમી ઉકેલ માટે શેત્રુંજી નદીના પુરના પાણીથી ખેડુતોના જાનમાલ અને મકાનોને થતા નુકશાન સામે રક્ષણ આપવા ક્ષેત્રિય કક્ષાએથી આવતી રજુઆતો પરત્વે સ્થળ–સ્થિતિ આધારિત તાંત્રિક જરૂરીયાતવાળા સ્થળોએ સરકારશ્રીના પુર સંરક્ષણ કામો |

અંગેના પ્રવર્તમાન ઠરાવો/પરિપત્રો અને બજેટ ઉપલબ્ધીને આધિન પુર સંરક્ષણ પાળાઓ/દિવાલો બનાવવાનું સરકારનું આયોજન છે.

---------

### અમદાવાદ જિલ્લામાં ટપક સિંચાઈ સહાય

* ૫૦૨૮ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ ટપક સિંચાઈ સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી, | (૧) ૪૪૮૯ અરજીઓ મંજૂર કરી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી સહાય ચુકવવામાં આવી, અને | (૨) રૂ.૧૨૪૫.૪૨ લાખ સહાય ચૂકવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓની સહાય ચુકવવાની બાકી છે ? | (૩) ૬૯૩ અરજીઓની સહાય ચુકવવાની બાકી. |

---------

### કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૦૮૦ માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૯૮ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૪૭૭.૩૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

### નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત આયુષ ડોક્ટરોની નિમણૂંક અંગે

* ૭૫૧૬ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત આયુષ ડોક્ટરોને રાજ્યમાં કાયમી નિમણૂંક આપવામાં આવે છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો તેના કારણો શું, અને | (૨) નેશનલ હેલ્થ મિશન અંતર્ગત રાજ્યમાં ડોક્ટરોની કાયમી જગા મંજુર થયેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આયુષ ડોક્ટરોને કયમી નિમણૂંક આપવાનું સરકારનું આયોજન છે ? | (૩) ના, જી. |

---------

### મહેસાણા જિલ્લામાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજનાના કાર્ડ બાબત

* ૬૧૩૫ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ‘‘મા’’ યોજના અને ‘‘મા વાત્સલ્ય’’ કાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ‘‘મા’’ યોજના અને ‘‘મા વાત્સલ્ય’’ યોજનાના કાર્ડ નીચે મુજબ આપવામાં આવ્યા છે. |

| વર્ષ | ‘‘મા’’ યોજના | ‘‘મા વાત્સલ્ય’’ યોજના | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૬ | ૧૩ | ૭૫,૪૮૨ | ૭૫,૪૯૫ |

| | | | |
|---|---|---|---|
| કુલ | ૨૦ | ૧,૦૨,૫૮૫ | ૧,૦૨,૬૦૫ |

(૨) જિલ્લામાં તમામ લાભાર્થીને આ કાર્ડ મળી રહે તે માટે શું પગલાં લેવામાં આવ્યા છે ?

(૨) જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે જિલ્લાના દરેક તાલુકાઓમાં એક (૧) એમ કુલ ૧૦(દસ) કીઓસ્ક ઉભા કરવામાં આવેલ છે. અને વધુમાં સમગ્ર રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ કાઢી આપવાની કામગીરી કરવામાં આવેલ છે.

---------

પાટણ જિલ્લામાં કેનાલ મારફત તળાવો ભરવાની કામગીરી

* ૭૫૪૩ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તળાવો કેનાલ મારફત ભરવામાં આવે છે કે કેમ,

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામના તળાવો કઇ કેનાલ મારફત ભરવામાં આવે છે, અને

(૨) (અ) સુજલામ સુફલામ કેનાલ મારફત.

| તાલુકો | ગામ | તળાવ |
|---|---|---|
| પાટણ | ૧૫ | ૧૮ |
| સરસ્વતી | ૪ | ૪ |
| ચાણસ્મા | ૪ | ૫ |
| કુલઃ | ૨૩ | ૨૬ |
| (બ) ધરોઇ નહેર મારફત | | |
| તાલુકો | ગામ | તળાવ |
| ચાણસ્મા | ૧ | ૧ |
| સિધ્ધપુર | ૨ | ૨ |
| પાટણ | ૭ | ૯ |
| કુલઃ | ૧૦ | ૧૨ |
| (ક) નર્મદા મુખ્ય કેનાલ આધારિત નહેરો | | |
| તાલુકો | ગામ | તળાવ |
| સાંતલપુર | ૮ | ૯ |
| રાધનપુર | ૮ | ૮ |
| ચાણસ્મા | ૩ | ૩ |
| હારીજ | ૬ | ૮ |
| સમી | ૧૮ | ૧૮ |
| શંખેશ્વર | ૫ | ૬ |
| કુલઃ | ૪૮ | ૫૨ |

(૩) બાકી રહેતા ગામોના તળાવો સરકારનું આયોજન છે કે કેમ ?

(૩) પાણીની ઉપલબ્ધિને ધ્યાને લઇ તાંત્રિક તથા આર્થિક રીતે પોષણક્ષમ હોય તેવા તળાવો ભરવાનું આયોજન છે.

---------

રાજ્યમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષના કાયદા સંબંધમાં માર્ગદર્શન

* ૬૦૯૬ શ્રી પુર્ણેશ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) કાયદાના પ્રશ્નો અંગે અધિકારી અને કરદાતાને માર્ગદર્શન આપવા કોઇ વ્યવસ્થા કરવામાં આવી હતી કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

(૨) સામેલ પત્રક મુજબ.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

રાજ્યમાં બંધ સરકારી વીજ મથકો

* ૭૪૬૮ શ્રી ભરતજી ઠાકોર (બેચરાજી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ક્યા સરકારી વીજ મથકો કેટલા સમય બંધ પડી રહ્યા હતા,<br>(૨) આ વીજ મથકો બંધ પાડવા પાછળના કારણો શા છે, અને | (૧) અને (૨) એક પણ નહી.<br>ઉક્ત સ્થિતિએ ઉપર્યુક્ત તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી અને ઉત્પાદન સમયે જ તેનો વપરાશ કરવો જરૂરી છે. આમ, વીજ ઉત્પાદન જે–તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે અને આ સ્થિતિ દરેક દિવસે દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલુ હોય છે પરંતુ આકસ્મિક રીતે ખોટકાઇ જવું, સમારકામની જરૂરિયાત, બળતણ ઉપલબ્ધ ન હોય તેવા કપરા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે. ગેસ આધારિત વીજ મથકો માટે ડોમેસ્ટિક ગેસનો પુરવઠો ઉપલબ્ધ ન હોઇ, મથકો બંધ રહે છે. તદ્ઉપરાંત હાઇડ્રો પાવર પ્રોજેક્ટ્સ સિંચાઇ વિભાગની જરૂરિયાત મુજબ ચલાવવામાં આવે છે આ ઉપરાંત નામ. વીજ નિયમન આયોગની ‘‘મેરિટ ઓર્ડર’’ ની માર્ગદર્શિકાને ધ્યાને લઇ તેમજ લો ડિમાન્ડ (low demand) ને કારણે SLDC (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) ની સૂચના મુજબ જે તે સમયે વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં ઉપર્યુક્ત અનિવાર્ય કારણોસર તત્પૂરતા સમય માટે હંગામી ધોરણે બંધ રાખવા પડે છે અથવા જે તે સમયની જરૂરિયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે. |
| (૩) વીજ મથકો બંધ પડવા કે પડી રહેવાના કારણે કેટલા યુનીટ વીજળી ઉત્પન્ન ન થઇ શકી ? | (૩) ઉપર (૧) અને (૨) માં જણાવ્યા પ્રમાણે જે તે સમયની વીજ માંગ અને નામદાર વીજ નિયમન આયોગના મેરીટ ઓર્ડરને અનુલક્ષીને વીજ ઉત્પાદન મેળવવામાં આવતું હોવાથી, વીજ ઉત્પાદન ન થઇ શકતું હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

એન.યુ.ઇ.ટી.ના ધોરણે રેલ્વે ઓવરબ્રીજ બાંધવા અંતર્ગત કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૪૪૪ શ્રી ચિરાગભાઈ કાલરીયા (જામજોધપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ એન્યુઇટીના ધોરણે રેલ્વે ઓવર બ્રીજ બાંધવાની કામગીરી બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને<br>(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો? | (૧) અને (૨)<br>વર્ષ ૨૦૧૩ ના પડતર પ્રશ્ન અન્વયે રેલવે વિભાગ દ્વારા માર્ચ–૨૦૧૩ માં એન્યુઇટી ધોરણે આર.ઓ.બી.ની કામગીરીની મંજૂરી આપેલ હોઇ વર્ષ ૨૦૧૪ માં પ્રશ્ન પડતો મુકેલ હોઇ છેલ્લા બે વર્ષમાં દરખાસ્ત કરવાનો પ્રશ્ન રહેતો નથી. |

---------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### મહેસાણા જિલ્લાના ગાંધીનગર લીંક રોડ ઉપર પુલ પહોળો કરવાની કામગીરી

* ૬૦૮૨ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના ગાંધીનગર લીંક રોડ ઉપર (માનવ આશ્રમ ચોકડી થી સાંઇબાબા મંદિર) નો પુલ પહોળો કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૧૦૦૦.૦૦ લાખ. |
| (૩) સદર કામગીરી તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) નકશા અંદાજો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. |

---------

### પોરબંદર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજ જોડાણ

* ૬૦૭૮ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૩૧૮. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૯૯૮.૦૪ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

### અમદાવાદ જિલ્લામાં મેલેરીયાના દર્દીઓ

* ૬૧૨૭ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા, અને | (૧) કુલ ૪૮૩ મેલેરિયાના કેસો નોંધાયેલ છે. |
| (૨) અમદાવાદ જિલ્લામાં મેલેરિયા નિયંત્રણ માટે શી કાર્યવાહી હાથ ધરી ? | (૨) અમદાવાદ જિલ્લામાં મેલેરિયા નિયંત્રણ માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.<br>● ફીવર સર્વેલન્સ<br>● પોરાનાશક કામગીરી<br>● જંતુનાશક દવા છંટકાવ કામગીરી<br>● ફોગીંગ કામગીરી<br>● જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીના ઉપયોગ<br>● આરોગ્ય શિક્ષણ. |

---------

### નસવાડી તાલુકામાં ડબ્બા ખોખરા રોડ પરના નાળાની કામગીરી

* ૬૧૪૫ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં ડબ્બા ખોખરા રોડ પર બે નાળા નવા બનાવવા માટે રાજ્ય સરકારનું આયોજન છે, કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો આ કામ મંજુર કરવામાં આવેલ હોય તો | (૨) રૂ.૧.૬૦ લાખ. |

| | |
|---|---|
| કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યુ છે, અને | |
| (૩) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

આશા હેલ્થ વર્કરને દર માસે આપવામાં આવતી પ્રોત્સાહક રકમ

* ૭૪૬૫ શ્રી સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આશા હેલ્થ વર્કરને દર માસે પ્રોત્સાહક રકમ કેટલી આપવામાં આવેલ છે, | (૧) આશાએ કરેલ કામગીરીના પ્રમાણમાં ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ દર માસે રૂ. ૨૦૦૦ થી રૂ. ૨૫૦૦. |
| (૨) ઉક્ત રકમમાં છેલ્લા બે વર્ષમાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવેલ છે, અને | (૨) ચાલુ નાણાકીય વર્ષમાં તા. ૧૮.૧૦.૨૦૧૭ના ઠરાવથી ૩૦% અને તા. ૩૦.૧૨.૨૦૧૭ના ઠરાવથી વધુ ૨૦% મળી કુલ ૫૦% નો ઉક્ત રકમ ઉપરાંત વધારો કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત રકમમાં કોઇ વધારો કરવાનું આયોજન છે કે કેમ? | (૩) તાજેતરમાં જ વધારો કરેલ હોઇ હાલના તબક્કે આવું કોઇ આયોજન નથી. |

---------

વડોદરા પ્રોયોગશાળા દ્વારા ઔષધના નમૂનાઓની ચકાસણી

* ૬૧૦૯ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા પ્રયોગશાળા દ્વારા સને ૨૦૧૭ના વર્ષ દરમ્યાન ઔષધના કેટલા નમૂનાઓની ચકાસણી કરવામાં આવેલ છે, | (૧) ૧૧૭૩૭ |
| (૨) કેટલા નમૂનાઓ પ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, | (૨) ૧૧૨૪૭ |
| (૩) કેટલા નમૂનાઓ અપ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, અને | (૩) ૪૯૦ |
| (૪) સને ૨૦૧૭ના વર્ષમાં અપ્રમાણસર દવાના કિસ્સામાં શા પગલાં લેવામાં આવ્યા? | (૪) અપ્રમાણસર થયેલ દવાના તમામ નમૂનાના કિસ્સામાં ૨૦૧૭ના વર્ષ દરમ્યાન નીચે મુજબનાં પગલાં લેવામાં આવ્યા. |

| પગલાંની વિગત | |
|---|---|
| ઉત્પાદકના પરવાના સ્થગિત કરવામાં આવ્યા | ૩૩૫ |
| ઉત્પાદકની બનાવટની પરવાનગી પરત ખેચવામાં આવી અને પરવાના સ્થગિત કરવામાં આવ્યા | ૨૨ |
| ઉત્પાદક સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા | ૫ |
| ઉત્પાદકને સખત ચેતવણી આપવામાં આવી | ૫ |

---------

ભરૂચ જિલ્લામાં ઉજાલા યોજના

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૬૦૯૧ શ્રી દુષ્યંતભાઇ પટેલ (ભરૂચ) : માનનીય ઉર્જામંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ ભરૂચ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા. ૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ ભરૂચ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૨,૦૨,૫૩૩ એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજીત કેટલા યુનીટની વીજ બચત થશે, અને | (૨) એલઇડી બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજીત ૮.૯૫ કરોડ યુનીટની વીજ બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત કેટલા રૂપીયાની બચત થશે? | (૩) એલઇડી બલ્બના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂ. ૪૦.૨૮ કરોડની બચત થશે. |

---------

ગીર સોમનાથ જિલ્લામાં મુખ્ય નદીઓ સાથે અન્ય નદીઓનું જોડાણ

* ૪૯૦૭ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર-સોમનાથ જિલ્લામાં કઈ નદીઓને મુખ્ય નદીઓ સાથે જોડવામાં આવી, અને | (૧) શૂન્ય. |
| (૨) આ નદીઓને મુખ્ય નદી સાથે જોડવા અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

સરસ્વતી નદીમાં ઠાલવવામાં આવેલ નર્મદાનું પાણી

* ૭૪૪૧ શ્રી ચંદનજી ઠાકોર (સિદ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરસ્વતી નદીમાં નર્મદાનું કુલ કેટલું પાણી ઠાલવવામાં આવ્યું, અને | (૧) ૧.૫ મી. ક્યુબીક મીટર.<br>(૫૨.૯૭ મી. ઘન ફૂટ) |
| (૨) આ પાણી ઠાલવવા પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) ૩૨.૧૩ લાખ. |

---------

નર્મદા યોજના ભાગીદાર રાજ્યો પાસેથી વસુલવાની રકમ

* ૪૧૧૭ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી કેટલી રકમ મેળવવાની બાકી છે, અને | (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી બિનવિવાદિત રકમ રૂ. ૩૪૧.૮૫ કરોડ અને વિવાદિત રકમ રૂ. ૩૨૭.૫૨ કરોડ મળી કુલ રૂ. ૬૬૯.૩૭ કરોડની રકમ મેળવવાની બાકી છે. |
| (૨) આ રકમ મેળવવા સરકારે શી કાર્યવાહી કરી? | (૨) સંબંધિત રાજ્યોને છેલ્લાં બે વર્ષમાં આ બાબતે વિનંતી કરતા ૨૭ પત્રો લખેલ છે તથા સરદાર સરોવર કન્સ્ટ્રક્શન એડવાઇઝરી કમિટિની મીટીંગ નં. ૮૩,૮૪ અને ૮૫માં આ સંદર્ભમાં જરૂરી રજુઆતો કરવામાં આવેલ છે. |

---------

કામરેજ તાલુકાના નાના વરાચા-મોરથાણા-વિહાણ રોડને રીસરફેસ કરવાની કામગીરી

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૬૧૪૩ શ્રી વી.ડી.ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં નાના વરાચા કઠોદરા મોરથાણા શેવડી વિહાણ રોડને રીસરફેસ કરવા માટે રાજ્ય સરકારનું આયોજન છે, કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો આ કામ મંજુર કરવામાં આવેલ હોય તો કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યુ છે, અને | (૨) રૂ. ૬૨૫ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

### કચ્છ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૧૦૦ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૩૧૭ |
| (૨) ઉક્ત સમયગાળા દરમ્યાન તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૮૧૩૩.૯૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

### શહેરા આંકડીયા બામરોલી રોડ પર આંકડીયા ગામ પાસેનો કોઝવે

* ૬૧૪૭ સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના શહેરા આંકડીયા બામરોલી રોડ પર આંકડીયા ગામ પાસે કોઝ વે સાંકડુ પડે તે તે સ્થળે પુલ બનાવવા સરકારનું શું આયોજન છે, અને<br>(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે તથા આ કામ તા. ૩૧–૦૧–૧૮ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૧) અને (૨) હયાત સાંકડા ડીપના સ્થાને નવીન સ્લેબ ડ્રેઈન બનાવવા રૂ. ૧૦૧ લાખ મંજુર કરેલ છે જે ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

### ભાવનગર જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૧૦૫ શ્રી ભીખાભાઈ બારૈયા (પાલીતાણા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૩૬,૭૩૩ એલઈડી ટ્યુબલાઈટ અને ૧૮,૯૩૭ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે ઉક્ત સ્થિતિએ વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની બચત થશે, અને | (૨) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૧૮.૭૭ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજિત ૧૩.૫૪ લાખ યુનિટની બચત થશે. |
| (૩) ઉક્ત સ્થિતિએ વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે? | (૩) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂ. ૮૪.૪૯ લાખની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક |

અંદાજિત
રૂ. ૬૦.૯૮ લાખની બચત થશે.

---------

પશ્ચિમ રેલ્વેનું મુખ્ય મથક અમદાવાદ ખાતે ખસેડવા

* ૭૪૬૨ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પશ્ચિમ રેલવેનું મુખ્ય મથક અમદાવાદ ખાતે ખસેડવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) ત્રણ વખત |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો ? | (૨) રાજ્ય સરકાર દ્વારા આ બાબતે સમયાંતરે માંગણી કરવામાં આવી રહેલ છે. |

---------

ખાનગી વીજ કંપની પાસેથી વીજ ખરીદીના થયેલ કરારો

* ૭૪૮૩ શ્રી લલિત વસોયા (ધોરાજી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. પરંતુ તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માત્ર બિનપરંપરાગત ક્ષેત્રે ખાનગી વીજ કંપની સાથે નવા વીજ ખરીદી કરાર થયેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારે કરાર મુજબ કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપરોક્ત ખાનગી કંપનીઓ પાસેથી કરવામાં આવેલ વીજ ખરીદી અને તેના ભાવની વિગત * પરિશિષ્ટ–અ મુજબ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ વીજળી ખરીદી ન હોય અને કરાર મુજબ કોઇ વીજ કંપનીને રકમ ચૂકવેલ હોઇ તો કઈ કંપનીને કેટલી રકમ ચૂકવેલ છે ? | (૩) તે અન્વયે કોઈપણ ખાનગી વીજ કંપની પાસેથી વીજળી ખરીદી ન હોય અને નાણા ચુકવવામાં આવેલ હોય તેવું બન્યું નથી. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

જુનાગઢ જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ બાબત

* ૬૧૩૪ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) ''મા'' યોજના ૧૨૬<br>''મા વાત્સલ્ય'' યોજના ૮૨,૯૨૦ |
| (૨) આ કાર્ડ લાભાર્થીઓને આપવા માટે જિલ્લામાં હાલ શું વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે ? | (૨) ઉક્ત સ્થિતિએ તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે જિલ્લાના દરેક તાલુકાઓમાં એક (૧) એમ કુલ નવ (૦૯) તથા શહેરી કક્ષાએ બે (૨) એમ કુલ ૧૧ કીઓસ્ક ઉભા કરવામાં આવેલ છે અને વધુમાં સમગ્ર રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ કાઢી આપવાની કામગીરી કરવામાં આવેલ છે. |

---------

કલ્પસર યોજનામાં ખર્ચ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૭૫૬૨ શ્રી અમિતભાઈ ચાવડા (આંકલાવ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ કલ્પસર પ્રોજેક્ટ માટે પ્રાથમિક સર્વે ક્યારે કરવામાં આવેલ, | (૧) કલ્પસર પ્રોજેક્ટ માટે આવિક્ષણ અહેવાલ ૧૯૮૯માં, પૂર્વ શક્યતાદર્શી અહેવાલ ૧૯૯૬માં, છ વિશિષ્ટ અભ્યાસો ૧૯૯૯માં પૂર્ણ થયા બાદ, યોજનાના પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરી સને–૨૦૦૩થી પ્રગતિમાં છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કયા કયા પ્રકારના સર્વે/રિપોર્ટ કરવામાં આવ્યા, | (૨) પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવામાં કુલ ૨૧ અભ્યાસો પૂર્ણ થયેલ છે, ૧૦ અભ્યાસો પ્રગતિ હેઠળ છે અને ૧૯ અભ્યાસો આયોજન હેઠળ છે. જેની વિગતો *પત્રક–૧ માં આપેલ છે. |
| (૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂ. ૩૧૦૧.૧૬ રકમનો ખર્ચ કરવામાં આવેલ છે. |

| ક્રમ | વર્ષ | કુલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | સને ૨૦૧૫–૧૬ | ૨૧૦૨.૯૧ |
| ૨ | સને ૨૦૧૬–૧૭ | ૬૨૩.૧૬ |
| ૩ | સને ૨૦૧૭–૧૮ (તા. ૩૧.૦૧.૨૦૧૮ સુધી) | ૩૭૫.૦૯ |
| | કુલ | ૩૧૦૧.૧૬ |

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ તાપી અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કટેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે ?

જવાબ

(૧) ઉક્ત સ્થિતિએ તાપી જીલ્લામાં ૬૭.૦૪ એમ.એલ.ડી. જ્યારે નવસારી જીલ્લામાં ૧૩૧.૬૬ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમની વિગત નીચે મુજબ છે.

| અનું | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | તાપી | ઉકાઈ ડેમ | ૩૨૦૩.૦૯ |
| ૨ | તાપી | ડોસાવાડા | ૩.૧૪ |
| ૩ | નવસારી | કેલીયા ડેમ | ૧૫.૩૦ |
| ૪ | નવસારી | જુજ ડેમ | ૨૩.૦૪ |

(૩) તાપી અને નવસારી જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

●સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

●સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

●જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.

●વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

---------

## રાજકોટ જિલ્લામાં નાની સિંચાઈ યોજનાના કામો

* ૭૨૩૦ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નાની સિંચાઈના જાળવણી અને મરામતના કેટલા કામોની દરખાસ્ત સરકારમાં આવેલ,

(૨) તે પૈકી કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) મંજુર થયેલ કામ કયાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧)

| વર્ષ | દરખાસ્ત કરેલ કામો |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧૯ |
| ૨૦૧૭–૧૮ થી (જાન્યુઆરી–૧૮ સુધી) | ૨૯ |
| કુલ કામોઃ | ૪૮ |

(૨) તે પૈકી ૨૯–કામો મંજુર કરવામાં આવ્યા.

(૩) ૫–કામો રૂ.૮૪.૮૭ લાખના ખર્ચે પૂર્ણ થયેલ છે તેમજ ૨૪–કામો રૂ.૨૪૮.૫૪ લાખના અંદાજિત ખર્ચે તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૨૨૬ શ્રી પ્રદીપભાઈ પરમાર (અસારવા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) ૬૦૫

(૨) રૂ. ૫૫.૪૮ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## રાજ્યની જિલ્લા તિજોરી કચેરીઓને કોમ્પ્યુટરાઈઝેશન કરવાની કામગીરી

* ૬૧૬૨ શ્રીમતી સીમાબેન મોહિલે (અકોટા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની કેટલી જિલ્લા તિજોરી કચેરીઓ ખાતે કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે,

જવાબ

(૧) રાજયમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તમામ જિલ્લા તિજોરી કચેરીઓ ખાતે કોમ્પ્યુટરાઈઝેશન થઈ ગયેલ છે. જે અંતર્ગત ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓ, ૧૩૮ પેટા તિજોરી કચેરીઓ, ૨ પગાર અને હિસાબ કચેરીઓ, ૫ પેન્શન ચૂકવણાં કચેરીઓ તથા ૧ વિભાગીય તિજોરી કચેરી અમદવાદનો સમાવેશ થાય છે.

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી કોમ્પ્યુટરાઈઝેશન કરવાના બાકી છે, અને | (૨) એક પણ નહિ. |
| (૩) બાકી રહેલ કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૩) લાગુ પડતુ નથી. |

---------

જામનગરની જી.જી. હોસ્પીટલમાં આઇ.સી.યુ. ઓન વ્હીલ સુવિધા

* ૪૩૭૯ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જામનગર ખાતેની જી.જી. હોસ્પીટલમાં આઇસીયુ ઓન વ્હીલ ઉપલબ્ધ છે અને તે સ્ટાફ ના હોવાના કારણે બંધ છે તે હકીકત સરકાર વાકેફ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જામનગર ખાતેની જી.જી. હોસ્પીટલમાં આઇસીયુ ઓન વ્હીલનો સ્ટાફ ઉપલબ્ધ છે અને તે ચાલુ સ્થિતિમાં છે. |
| (૨) જો હા, તો કેટલા સમયથી બંધ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં આઇસીયુ ઓન વ્હીલ ચાલુ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

માણાવદર, વંથલી અને મેદરડા તાલુકાના સરકારી દવાખાનામાં દર્દીઓને લખી આપવામાં આવતી દવાઓ

* ૬૬૪૦ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં માણાવદર, વંથલી અને મેદરડા તાલુકાની જનરલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને છેલ્લા બે વર્ષથી બહારથી દવાઓ લખી આપવામાં આવે છે, તે હકીકત સાચી છે કે કેમ, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં માણાવદર, વંથલી અને મેદરડા તાલુકાઓમા જનરલ હોસ્પિટલ આવેલ નથી.<br>ઉક્ત ત્રણેય તાલુકમાં કુલ–૩(ત્રણ)સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા ૧૦(દસ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે, જેમાં દર્દીઓને બહારથી દવાઓ લખી આપવામાં આવતી નથી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇમરજન્સી અને ગંભીર પ્રકારની બિમારીમાં કેટલા દર્દીઓને રોગી કલ્યાણ સમિતિ ફંડમાંથી ઉક્ત વર્ષવાર કેટલી રકમની દવાઓ ખરીદ કરી આપવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ગરીબ દર્દીઓને ઉક્ત હોસ્પિટલમાંથી જ દવા પુરી પાડવા શી વ્યવસ્થી કરવામાં આવી છે ? | (૩) ઉક્ત સ્થિતિએ ગરીબ દર્દીઓને દવા પુરી પાડવા માટે નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.<br>●ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ, ગાંધીનગર દ્ધારા સામુહિક આરોગ્ય કેન્દ્રો માટે અધિક્ષક દ્ધારા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મારફતે વાર્ષિક જરૂરિયાત મુજબની દવાઓનું ઓનલાઈન માંગણાપત્રક મંગાવવામાં આવે છે.<br>●સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે વિભાગીય પેટા ડેપો મારફતે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી મારફતે માંગણી મુજબની દવાઓ તબક્કાવાર વિતરણ કરવામાં આવે છે,<br>સરકારી દવાખાનામાં આવતા તમામ દર્દીઓને નિઃશુલ્ક દવાઓ આપવામાં આવે છે. |

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

### ખાનગી વીજ કંપની પાસેથી વીજ ખરીદીના થયેલ કરારો

* ૭૪૮૬ શ્રી ભીખાભાઈ જોશી (જુનાગઢ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો થયેલ છે તે હકીકત સાચી છે. | (૧) હા,જી. પુરંતુ તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માત્ર બિનપરંપરાગત ક્ષેત્રે ખાનગી વીજ કંપની સાથે નવા વીજ ખરીદી કરાર થયેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારે કરાર મુજબ કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી અને, | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપરોક્ત ખાનગી કંપનીઓ પાસેથી કરવામાં આવેલ વીજ ખરીદી અને તેના ભાવની વિગત પરિશિષ્ઠ–અ મુજબ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ વીજળી ખરીદી ન હોય અને કરાર મુજબ કોઈ વીજ કંપનીને રકમ ચૂકવેલ હોય તો કઈ કંપનીને કેટલી રકમ ચૂકવેલ છે? | (૩) તે અન્વયે કોઈ પણ ખાનગી વીજ કંપની પાસેથી વીજળી ખરીદી ન હોય અને નાણાં ચુકવવામાં આવેલ હોય તેવું બન્યું નથી. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

### જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણ

* ૬૨૨૮ શ્રી લાખાભાઈ સાગઠીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૫૬૮ |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૧.૭૮ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

### ગુજરાતમાં નવી ટ્રેનો શરૂ કરવા તેમજ ટ્રેનોનો રૂટ બનાવવા કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૫૧૪ શ્રી વલ્લભભાઈ ધારવીયા (જામનગર ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગુજરાતમાં નવી ટ્રેનો શરૂ કરવા તથા ટ્રેનોનો રૂટ લંબાવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) ત્રણ વખત |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો ? | (૨) રાજ્ય સરકારને રેલ્વે બાબતે મળતી સ્થાનિક માંગણીઓ અને જરૂરીયાતના આધારે કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા તેના પ્રતિભાવ સ્વરૂપે નાણાકીય ઉપલબ્ધતા અને ટ્રાફીકની જરૂરીયાતના ધારાધોરણો અનુસાર કાર્યવાહી કરવામાં આવે છે અને તે મુજબ રેલવે વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજ્યમાં કુલ ૧૬ નવી ટ્રેનો શરૂ કરવામાં આવેલ છે અને ૪ ટ્રેનોના રૂટ લંબાવવામાં આવેલ છે. |

---------

### ભિલોડા અને મેઘરજ તાલુકામાં વનબંધુ યોજના અંતર્ગત પાણી આપવાની યોજના

* ૬૨૭૧ ડો. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં વનબંધુ યોજના હેઠળ દરેક આદિવાસીના ઘર સુધી નળથી પાણી આપવાની યોજનામાં ઉક્ત સ્થિતિએ કેટલા ગામોની કામગીરી પુર્ણ કરવામાં આવી,

(૧) ભિલોડા તાલુકામાં ૪૪ ગામોમાં ૫૪ યોજનાઓમાં તથા મેઘરજ તાલુકામાં ૩૪ ગામોમાં ૬૯ યોજનાઓમાં ઘર સુધી નળથી પાણી આપવાની યોજનાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

(૨) કેટલા ટકા કામગીરી બાકી છે, અને

(૨) અરવલ્લી જિલ્લામાં ભિલોડા તાલુકામાં કુલ ૭૮.૪૩ ટકા ઘર સુધી પાણી આપવામાં આવેલ છે. જ્યારે ૨૧.૫૭ ટકા કામગીરી બાકી છે અને મેઘરજ તાલુકામાં કુલ ૬૪.૩૩ ટકા ઘર સુધી પાણી આપવામાં આવેલ છે. જ્યારે ૩૫.૬૭ ટકા કામગીરી બાકી છે.

(૩) ઉક્ત સ્થિતિ સુધીમાં આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) રૂ. ૧૨૯૧.૬૯ લાખ

---------

માલપુર અને બાયડ તાલુકાના પેટા પરાને એપ્રોચ રોડની સુવિધા

* ૪૯૩૩ શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના માલપુર અને બાયડ તાલુકાના ૫૦૦ થી ૨૫૦૦ સુધીની વસ્તી ધરાવતા કેટલા પેટા પરાને એપ્રોચ રોડની સુવિધા આપવામાં આવેલ છે અને કેટલા પેટા પરા સુવિધાથી વંચિત છે, અને

(૧)

| તાલુકો | પેટાપરાની સંખ્યા | |
|---|---|---|
| | એપ્રોચ રોડની સુવિધા | એપ્રોચ રોડની સુવિધાથી વંચિત |
| માલપુર | ૧ | ૦ |
| બાયડ | ૨૭ | ૦ |

(૨) આવા પેટા પરાને ક્યાં સુધીમાં સુવિધા પૂરી પાડવામાં આવશે ?

(૨) તમામ પેટાપરાઓ પાકા રસ્તાથી જોડાયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં ના લેણા પ્રમાણપત્રની પડતર અરજી

* ૬૧૫૯ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મકાન/વાહન પેશગી અન્વયે ના લેણાં પ્રમાણપત્રની કેટલી અરજીઓ પડતર છે, અને

(૧) (અ) મકાન પેશગી – ૫૨ (બાવન)
(બ) વાહન પેશગી – ૦૪ (ચાર)

(૨) આ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૨) હાલમાં તે પૈકીની કોઇ પણ અરજી પડતર નથી.

---------

અમરેલી જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૭૧૮૯ શ્રી વિરજીભાઈ ઠુમ્મર (લાઠી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા ઝૂંપડાવાસીઓને ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને કેટલા આપવાના બાકી છે, અને

(૧) અને (૨) :અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર આપવામાં આવેલ વીજ જોડાણોની વિગતો નીચે મુજબ છે.

| તાલુકા | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|
| અમરેલી | ૧૬૨ |

| | |
|---|---|
| બાબરા | ૨૧૩ |
| બગસરા | ૨૩ |
| ધરી | ૩૨૨ |
| જાફરાબાદ | ૩૩૨ |
| ખાંભા | ૩૬ |
| કુકવાવ વાડિયા | ૪૨ |
| લાઠી | ૪૨ |
| લીલીયા | ૮૨ |
| રાજુલા | ૧૨૯૫ |
| સાવરકુંડલા | ૩૦૬ |
| કુલ | ૨૮૪૨ |

વીજ જોડાણ માટે એક પણ અરજી પડતર ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) બાકી વીજ જોડાણો કેટલા સમયમાં આપવામાં આવશે ?

---------

અમરેલી જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૧૩ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને | (૧) ૭૦ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૮૯૫.૩૮ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

બનાસકાંઠા જિલ્લામાં મંજૂર કરેલ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૬૧૩૯ શ્રી શશીકાન્ત પંડ્યા (ડીસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે, | (૧) ૨૭ (સત્યાવીસ) |
| (૨) વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે તેની સામે કેટલા મંજુર કરવામાં આવ્યા છે અને કેટલી ઘટ છે, અને | (૨) મળવાપાત્ર – ૧૨૧<br>મંજુર – ૧૨૧<br>ઘટ – ૦૦ |
| (૩) ઉક્ત ઘટ પુરી કરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ગાંધીનગર જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૦૭ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર–દક્ષિણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને | (૧) ૨૪ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૩૩૩.૯૫ લાખનો ખર્ચ થયેલ છે. |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### આણંદ જિલ્લામાં પાદરા આરોગ્ય કેન્દ્રને મોડર્ન બનાવવાની કામગીરી

***** ૩૮૪૩ શ્રી જશપાલસિંહ ઠાકોર (પાદરા) **:** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લાના પાદરા ખાતે આવેલ આરોગ્ય કેન્દ્રને મોડર્ન બનાવવા કે આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાવવા કોઈ મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કામ માટે વર્ક ઓર્ડર ક્યારે કઈ એજન્સીને આપવામાં આવેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાદરા આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા બે વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત આરોગ્ય કેન્દ્રનું કામ કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વર્ગ–૧ની ખાલી જગ્યાઓ

***** ૭૫૨૩ શ્રી કાંતિભાઈ સોઢાપરમાર (આણંદ) **:** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં બ્લડ બેંક વિભાગમાં વર્ગ–૧ની કુલ કેટલી જગ્યાઓ છે, | (૧) તારીખ ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બ્લડ બેંક વિભાગમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ સંલગ્ન બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે આઈ.એચ.બી.ટી. સંવર્ગની વર્ગ–૧ની નીચે મુજબ કુલ–૦૫(પાંચ) જગ્યાઓ મંજૂર થયેલ છે. મુજબની વર્ગ–૧ની જગ્યાઓ એડહોક નિમણૂકથી ભરાયેલ છે. |

| ક્રમ | સંવર્ગ | મંજુર |
|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક | ૧ |
| ૨ | સહપ્રાધ્યાપક | ૨ |
| ૩ | મદદનીશ પ્રાધ્યાપક | ૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ, કેટલા સમયથી એડહોક નિમણૂંકથી ભરાયેલ છે, અને | (૨) પ્રાધ્યાપક સંવર્ગ વર્ગ–૧ની ૧ જગ્યા અને સહપ્રાધ્યાપક વર્ગ–૧ સંવર્ગની ૧ જગ્યા તા. ૨૦–૦૯–૨૦૧૦થી એડહોક નિમણુકથી ભરાયેલ છે. |
| (૩) આવી જગ્યાઓ કાયમી ભરવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી ? | (૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ–૨૦–૦૩–૨૦૦૨ના જાહેરનામાથી તબીબી શિક્ષકોના ભરતી નિયમો બહાર પાડેલ છે. તે મુજબ તબીબી શિક્ષકોની ભરતી માટે ગુજરાત જાહેર સેવા આયોગને માગણીપત્રક મોકલતા તબીબી શિક્ષકોના ભરતી નિયમોમાં ડી.એન.બી.ની લાયકાત ઉમેરવા સૂચવતા તેમજ એમ.સી.આઈ. દ્વારા મીનીમમ ક્વાલીફીકેશન ફોર મેડીકલ ટીચર્સ એમેન્ડમેન્ટ તારીખ–૮–૬–૨૦૧૭થી બહાર પાડવામાં આવેલ છે તે સુધારાને ધ્યાનમાં લઈને નવા ભરતી નિયમો તૈયાર કરીને મોકલી આપવા ગુજરાત જાહેર સેવા આયોગે જણાવેલ. આયોગે સૂચવ્યા મુજબ સુધારા સામેલ કરીને નવા ભરતી નિયમો તૈયાર કરવાની કાર્યવાહી ચાલુ છે. |

તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮
અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

વડોદરા અને દાહોદ જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૫૫૪ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ વડોદરા અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૪૨ | ૧૦ |
| ૨ | દાહોદ | ૯૭ | ૨૧ |

(૨) એક પણ નહિ.
ઉક્ત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની "ક્વોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ" મુજબના છે.

(૩) લાગુ પડતું નથી.

---------

મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૪૫૧ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

જવાબ

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | મહિસાગર | ૩૫ | ૮ |
| ૨ | પંચમહાલ | ૫૦ | ૧૩ |

(૨) એકપણ નહિં. ઉકત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની ''ક્વોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ'' મુજબના છે.

(૩) લાગુ પડતું નથી.

---------

રાજ્ય સરકારે વીજળીનું કરેલ વેચાણ બાબત

* ૭૫૦૨ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ક્યા રાજ્યને યુનિટ દીઠ શા ભાવે કેટલી વીજળી વેચી, અને

જવાબ

(૧) ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જી.યુ.વી.એન.એલ. દ્વારા અન્ય રાજ્યને વેચવામાં આવેલ વીજળીની માહિતી નીચે મુજબ છે.

| | વર્ષ ૨૦૧૬ | | વર્ષ ૨૦૧૭ | |
|---|---|---|---|---|
| રાજ્ય | છતીસગઢ | ઉત્તરપ્રદેશ | - | - |
| મિલિયન યુનિટસ | ૨૫.૯૬ | ૪.૪૪ | - | - |
| રૂ./યુનિટ | ૨.૩૫ | ૨.૬૦ | - | - |

આ ઉપરાંત વર્ષ ૨૦૧૬માં ૮.૦૧ મિલિયન યુનિટસ વીજળી રૂ.૩.૧૦ પ્રતિ યુનિટના દરે અને વર્ષ ૨૦૧૭ દરમ્યાન ૬૩૫ મિલિયન યુનિટસ વીજળી રૂ.૩.૦૨ પ્રતિ

યુનિટના દરે પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવેલ છે. પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવતી વીજળીના અનેક ખરીદદાર હોય છે જેવા કે અન્ય રાજ્યની વીજ કંપનીઓ, ઓપન એક્ષેસ ગ્રાહકો વિગેરે આથી તે વીજળી ક્યા રાજ્યએ ખરીદ કરી તેની વિગતો સ્પષ્ટ થઈ શકે નહિં.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) રાજ્ય બહાર વીજળી વેચવાના કારણો શા છે ? | (૨) ઉત્પાદિત વીજળીનો સંગ્રહ કરવો શક્ય નથી. આ કારણોસર શિયાળો/વર્ષાઋતુ વખતે રાજ્યના તમામ ગ્રાહકોની વીજ માંગ ઓછી હોય ત્યારે વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરી વીજળી પૂરી પાડવાનો ખર્ચ ઘટાડવાના હેતુથી રાજ્યની વીજ માંગને કોઈપણ પ્રકારની અસર કર્યા સિવાય વીજળી વેચવામાં આવેલ છે. |

---------

## વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ

* ૬૨૫૪ શ્રી અરવિંદ પટેલ (ધરમપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૬૩૯ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૫૦૦૧.૬૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

## રાજ્યમાં પેન્શન મેળવતા પેન્શનરો

* ૬૧૫૮ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા પેન્શનરો પેન્શન મેળવે છે, | (૧) ૪,૩૪,૫૬૧ |
| (૨) ઉકત સ્થિતિએ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરીમાં કેટલા પેન્શનના કેસો પડતર છે, અને | (૨) ૬૮૦ |
| (૩) આ પડતર કેસોનો ક્યારે નિકાલ થશે ? | (૩) હાલમાં તે પૈકી કોઈ કેસ પડતર નથી. |

---------

## સુખી સિંચાઈ યોજનાની સીલ્ટીંગ, કેનાલો, સાઈફૂન તથા કૂવા રીપેરીંગના કામો

* ૩૮૮૭ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ સુખી સિંચાઈ યોજનાની સીલ્ટીંગ, કેનાલો–સાઈફૂન–કૂવા રીપેરીંગ કરવા માટેની છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧૨ (બાર) અરજીઓ. |
| (૨) જમણા કાંઠા અને ડાબા કાંઠાની ક્યાંથી ક્યાં સુધીની કેનાલો રીપેરીંગ કરવા–સીલ્ટીંગ માટી કાઢવા સાઈફૂન, કૂવા રીપેરીંગ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ થયો ? | (૨) છેલ્લા બે વર્ષમાં જમણા કાંઠાની ૭.૮ કિ.મી. લંબાઈમાં અને ડાબા કાંઠાની ૬.૩ કિ.મી. લંબાઈમાં તા.૧–૨–૨૦૧૬ થી તા.૩૧–૧–૨૦૧૭ સુધીમાં રૂ.૩૩.૨૫ લાખનો તથા તા.૧–૨–૨૦૧૭ થી તા.૩૧–૧–૨૦૧૮ સુધીમાં રૂ.૯૨.૩૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

## બનાસકાંઠા જિલ્લામાં કેનાલોના રીપેરીંગની કામગીરી

* ૪૯૨૪ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેનાલોના રીપેરીંગ હેતુ સિંચાઇનું પાણી બંધ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) ના.

(૨) જો હા, તો કઈ કેનાલોનું કેટલા ખર્ચે ક્યાં સુધીમાં રીપેરીંગ કરવાનું આયોજન છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) છેલ્લા બે વર્ષમાં કઈ કેનાલોના રીપેરીંગ માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩)

ખર્ચ રૂ.લાખમાં.

| વર્ષ | દાંતીવાડા જળાશય યોજના | સીપ જળાશય યોજના | મુકતેશ્વર જળાશય યોજના | સુજલામ સુફલામ કેનાલ | સરદાર સરોવર યોજનાની નેહેરો |
|---|---|---|---|---|---|
| ૧૬-૧૭ | ૫૫૬.૫૮ | ૧૨૦ | ૯૫ | ૪૩૩.૮૩ | ૧૪૩૦ |
| ૧૭-૧૮ | ૧૦૦ | ૯૮ | ૮૦ | ૭૮.૦૫ | ૪૯૫૯ |
| કુલ | ૬૫૬.૫૮ | ૨૧૮ | ૧૭૫ | ૫૧૧.૯૩ | ૬૩૮૯ |

---------

## વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ

* ૬૨૫૩ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૬૩૯ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૫૦૦૧.૬૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

## નવસારી જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૨૬૯ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી ટયુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૫,૭૧૬ એલઈડી ટયુબલાઈટ તથા ૮,૧૦૨ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલઈડી ટયુબલાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૮.૦૩ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજીત ૫.૭૯ લાખ યુનિટસની બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ? | (૩) એલઈડી ટયુબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂ.૩૬.૧૪ લાખની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને અંદાજિત રૂ.૨૬.૦૮ લાખની બચત થશે. |

---------

## સુરત જિલ્લાના માંડવી-શેરૂલ્લા રોડ પહોળો કરવાની કામગીરી

* ૬૧૭૫ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી શેરૂલ્લા રોડ પહોળો કરવાનું કોઈ આયોજન | (૧), (૨) અને (૩) ટ્રાફિકનું ભારણ જોતાં હાલમાં આ રસ્તાને પહોળો કરવાની કોઈ જરૂરીયાત નથી. પરંતુ આ |

છે કે કેમ,

(૨) જો હા,તો ઉકત સ્થિતિએ આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૩) સદર કામગીરી તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

રસ્તાની જરૂરીયાત વાળી ૧૧.૫ કિ.મી. લંબાઈમાં મજબુતીકરણની કામગીરી માટે રૂ.૨૦૦૦.૦૦ લાખની મંજુરી આપવામાં આવેલ છે. જેની કામગીરી નકશા અંદાજ તબક્કે છે.

---------

ઠાસરા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ

* ૪૧૧૬ શ્રી કાન્તીભાઈ પરમાર (ઠાસરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઠાસરા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટર તથા અન્ય સ્ટાફની ભરતી પૂર્ણ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફની ભરતી પૂર્ણ ન હોઈ તો ડોકટર તથા નર્સની ભરતી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે ? | (૨) ડોકટરોની ૩ (ત્રણ) જગ્યા ખાલી છે, જે યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યા ભરવાનું સરકારનું આયોજન છે.<br>પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની પેટર્નમાં નર્સની જગ્યા મંજુર થયેલ નથી. |

---------

નેશનલ મિશન ઓન આયુષ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૪૬૦ ડો. આશા પટેલ (ઊંઝા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નેશનલ મિશન ઓન આયુષ યોજના અન્વયે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે? | (૨) (રૂ. લાખમાં) |

| | |
|---|---|
| તા. ૦૧/૦૧/૨૦૧૬ થી ૩૧/૧૨/૨૦૧૬ | ૧૪૪૦.૬૮૪ |
| તા. ૦૧/૦૧/૨૦૧૭ થી ૩૧/૧૨/૨૦૧૭ | ૧૨૪૨.૯૧૭ |

---------

ભાવનગર જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૬૨૦૪ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને | (૧) ૫૯૨.૩૪ કીમી જર્જરીત વીજ વાયરો અને ૯૦૮ વીજ થાંભલા બદલવામાં આવેલ છે. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૩૩૪.૯૬ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### અમદાવાદ જિલ્લામાં બોગસ મેડીકલ સર્ટીફીકેટ

* ૭૨૧૩ શ્રી ઇમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડોક્ટરોએ આપેલ બોગસ મેડીકલ સર્ટીફિકેટના આધારે આરોપીઓને જામીન અપાવવા કેટલા કીસ્સા તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બન્યા, અને | (૧) તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવો એક પણ કિસ્સો બનેલ નથી. |
| (૨) આ સબબ શા પગલાં લેવામાં આવ્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### દાહોદને બીજા જિલ્લાઓ સાથે જોડતા રસ્તાઓ

* ૪૧૧૧ શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા (ગરબાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં બીજા જિલ્લાઓને જોડતા રસ્તાઓને સ્ટેટ હાઇવેમાં રૂપાંતરિત કરવાની દરખાસ્ત આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) અને (૨) ઉક્ત સ્થિતિએ દાહોદ જિલ્લામાં બીજા જિલ્લાઓને જોડતા રસ્તાઓને સ્ટેટ હાઇવેમાં રૂપાંતરિત કરવાની કોઇ દરખાસ્ત અત્રે મળેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો ક્યારે દરખાસ્ત કરવામાં આવેલ છે અને તેમાં કયા રસ્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે? | |

---------

### વડગામ અને પાલનપુર તાલુકામાં જર્જરીત વીજ વાયરો

* ૬૬૪૪ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વડગામ અને પાલનપુર તાલુકામાં નાંખવામાં આવેલી વીજ લાઈનો જર્જરીત થઈ ગઈ હોવાથી શોટસર્કિટને કારણે ખેડૂતોની મોટરો બળી જવાની હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આવા જર્જરીત વીજ વાયરો ક્યાં સુધીમાં બદલવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાના નોન પ્લાન રસ્તાના કામો

* ૫૫૫૪ શ્રી કાંતીભાઈ ખરાડી (દાંતા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર, વર્ષદીઠ કેટલી નોન-પ્લાન રસ્તાઓ મંજુર કરવામાં આવેલ છે, અને | (૧) અને (૨) પરિશિષ્ટ મુજબ.* |
| (૨) તે પૈકી આંતરિક અગ્રતા હેઠળના જિલ્લાદીઠ, તાલુકાવાર કયા રસ્તાઓ છે? | |

* (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે)

---------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### અરવલ્લી જિલ્લાના ઉભરાણ–હેલોદર–રંભોડા રોડ પહોળો કરવાની કામગીરી

* ૬૧૭૬ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ઉભરાણ–હેલોદર–રંભોડા રોડ કિ.મી. ૦/૦ થી ૨૦/૪૦ રોડ પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૪૦૦૦.૦૦ લાખ. |
| (૩) સદર કામગીરી તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

### કેન્દ્રીય માર્ગ નિધી ફંડ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૪૫૭ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્રીય માર્ગ નિધી ફંડ (સેન્ટ્રલ રોડ ફંડ–રાજ્ય ધોરી માર્ગ તથા મુખ્ય માર્ગની સુધારણા) માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે? | (૨) |

| જાન્યુઆરી–૨૦૧૬ થી ડીસેમ્બર–૨૦૧૬ | જાન્યુઆરી–૨૦૧૭ થી ડીસેમ્બર–૨૦૧૭ |
|---|---|
| રૂ. ૧૩૩.૮૭ કરોડ | રૂ. ૭૪.૫૭ કરોડ |

---------

### ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૨૨૧ શ્રી કેતનભાઈ ઈમાનદાર (સાવલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૯૦૫ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૩૧.૭૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

### સાવરકુંડલા તથા લીલીયા તાલુકાના નોન–પ્લાન રસ્તાઓ

* ૪૪૪૦ શ્રી પ્રતાપ દુધાત (સાવરકુંડલા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તથા લીલીયા તાલુકામાં એક ગામથી બીજા ગામને જોડતા કોટલા નોન–પ્લાન રસ્તાઓ તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડામર સપાટીએ બનાવવાના બાકી છે, અને<br>(૨) બાકી રહેલા તમામ રસ્તાઓ ક્યાં સુધી ડામર સપાટીના બનાવવાનું આયોજન છે? | (૧) અને (૨) સાવરકુંડલા તથા લીલીયા તાલુકાના ૬૫ નોનપ્લાન રસ્તાઓ પૈકી ૨૦ રસ્તા ડામર સપાટી થયેલ છે. જ્યારે ૧૯ રસ્તાઓને ડામર સપાટી કરવા મંજુર કરેલ છે. ૩ રસ્તા જંગલ જમીનમાં આવતા હોઈ તથા ૬ રસ્તામાં જમીનનો પ્રશ્ન હોઈ ડામર સપાટી થઈ શકે તેમ નથી. બાકી રહેતા ૧૭ રસ્તાઓ ડામર સપાટી કરવા માટે હાલ કોઈ |

અતારાંકિત પ્રશ્નોત્તરી

આયોજન નથી.

---------

અરવલ્લી જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૨૧૬ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૧૧૭૩ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૫૫.૧૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

કચ્છ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૨૦૧ માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૨૦૧ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૬૨.૦૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

સહાયક પરિચારિકા, દાયણ વગેરે તાલીમ આપવા માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૫૧૭ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સહાયક પરિચારિકા, દાયણો, દાઈઓ અને આરોગ્ય તપાસનીશોને તાલીમ આપવા માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વિજાપુર તાલુકાના કરબટીયા-ગુંદરાસણ જંત્રાલ રોડ મંજુર કરવા

* ૬૧૭૭ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના કરબટીયા ગુંદરાસણ રોડથી જંત્રાલ રોડ મંજુર કરવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ રસ્તો બનાવવા કેટલો ખર્ચ થાય તેમ છે, અને | (૨) રૂ. ૪૮૨.૪૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ? | (૩) કરારખત હેઠળ. |

---------

પાટણ-ડીસા-હાઈવે પર સરસ્વતી નદી પરનો પુલ

અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૭૫૪૪ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાટણ–ડીસા હાઈવે પર સરસ્વતી નદી ઉપરના બ્રિજની પહોળાઈ સ્ટ્રક્ચર પ્રમાણેની નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) સિંચાઈ વિભાગ હસ્તકનો બરાજ કમ ટ્રી–માર્ગીય બ્રિજ છે. |
| (૨) જો હા, તો સદર બ્રિજની પહોળાઈ વધારવા અથવા નવીન બનાવવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૨) હયાત બ્રિજના હેઠવાસમાં નવીન ચાર માર્ગીય પુલ બનાવવાનું આયોજન છે. |
| (૩) જો હા તો ક્યાં સુધીમાં કેટલા ખર્ચે કામગીરી પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ, અંદાજીત રૂ. ૬૫ કરોડના ખર્ચે. |

---------

ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૨૨૦ શ્રી પૂર્ણેશ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૯૦૫ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૩૧.૭૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

મહેસાણા અને પાટણ જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૪૬૯ શ્રી ભરતજી ઠાકોર (બેચરાજી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે ?

જવાબ

(૧) ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ૧૮૧.૯૩ એમ.એલ.ડી. જ્યારે પાટણ જિલ્લામાં ૧૨૫.૧૦ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) ડેમોની વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ધરોઈ ડેમ | ૩૩૩.૪૪ |
| ૨ | પાટણ | – | – |

(૩) મહેસાણા અને પાટણ જિલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા તેમજ સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને

તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નોત્તરી

ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૪૪૫ શ્રી ચિરાગભાઈ કાલરીયા (જામજોધપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૩૩ | ૯ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૨૩ | ૪ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૨) એક પણ નહિ.
ઉક્ત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની "ક્વોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ" મુજબના છે.

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

(૩) લાગુ પડતુ નથી.

---------

રાજ્યમાં થેલેસીમીયાના દર્દીઓ

* ૬૧૦૧ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં થેલેસેમીયાના દર્દીઓ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા જી.

(૨) જો હા, તો થેલેસેમીયાના દર્દીઓની સારવાર માટે સરકાર દ્વારા કેવા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવેલ છે ?

(૨) (૧) થેલેસેમીયાના દર્દીઓના નિદાન અને લેબોરેટરીની વ્યવસ્થા કરવામાં આવે છે.
(૨) લોહી અને લોહીના ઘટકો તેમજ ચીલેટીંગ એજન્ટની વ્યવસ્થા કરવામાં આવે છે.
(૩) શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ તથા સારવાર કરવામાં આવે છે.
(૪) પોઝીટીવ દર્દીઓની કાઉન્સેલર મારફતે મેરેજ કાઉન્સેલીંગ કરવામાં આવે છે.
(૫) સદર દર્દીઓની દવાઓ માટે જીએમએસસીએલ ને રૂ. ૫૦ લાખનું અનુદાન મળેલ છે.
(૬) નિશ્ચિત જાતિઓમાં થેલેસેમીયા બાળકોમાં ન ઉતરે તેના માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે લગ્ન પહેલાં યુવક યુવતિઓની થેલેસેમીયા ટ્રેટના નિદાન માટે આયોજન કરવામાં આવે છે.

---------

રાજ્યમાં પેન્શન મેળવતા પેન્શનરો

* ૬૧૫૬ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા પેન્શનરો પેન્શન મેળવે છે,

(૧) ૪,૩૪,૫૬૧

(૨) ઉક્ત સ્થિતિએ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ

(૨) ૬૮૦

નિયામકની કચેરીમાં કેટલા પેન્શનના કેસો પડતર છે, અને

(૩) આ પડતર કેસોનો ક્યારે નિકાલ થશે ? — (૩) હાલમાં તે પૈકી કોઈ કેસ પડતર નથી.

---------

ગાંધીનગર જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૦૬ કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને | (૧) ૨૪ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૩૩૩.૯૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

પેન્શનરોની માહિતી ઓનલાઈન કરવા

* ૬૧૬૦ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પેન્શનર તેમની પેન્શનને લગતી માહિતી ઓનલાઈન મેળવી શકે તે માટે શું વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે, અને | (૧) પેન્શન પોર્ટલ, ગુજરાતની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. |
| (૨) આ ઓનલાઈન પ્રથાનો અમલ ક્યારથી કરવામાં આવશે ? | (૨) તા. ૨/૧૦/૨૦૧૧ થી અમલ કરવામાં આવેલ છે. |

---------

પાંચમી નાની સિંચાઈ ગણતરી અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ફાળવેલ રકમ

*૭૪૬૬ સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાંચમી નાની સિંચાઈ ગણતરી અન્વયે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કટેલી રકમ રાજ્ય સરકારને મળેલ છે? | (૨)<br>વર્ષ ૨૦૧૬–૧૭ રૂપિયા શૂન્ય<br>વર્ષ ૨૦૧૭–૧૮ રૂપિયા ૮૮.૯૩ લાખ<br>(ડીસેમ્બર–૧૭ સુધી) |

---------

વડોદરા જિલ્લામાં હિમોફીલીયાના દર્દીઓ

* ૬૧૭૮ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં હિમોફીલીયાના દર્દીઓ માટે સરકારે કોઈ વ્યવસ્થા કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શું વ્યવસ્થા કરેલ છે ? | (૨) (૧) એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા અને જીએમઈઆરએસ હોસ્પિટલ, ગોત્રી, વડોદરા ખાતે હિમોફીલીયાના દર્દીઓની સારવાર માટે તબીબો, સાધન સામગ્રી, દવાઓ અને લોહીની વ્યવસ્થા ઉપલબ્ધ છે.<br>(૨) હિમોફીલીયાના દર્દીઓને સઘન |

સારવાર મળી રહે તે માટે સરકારશ્રી તરફથી જરૂરી અનુદાન ફાળવેલ છે.

---------

ભરૂચ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ

* ૬૧૯૫ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ભરૂચ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૬૩૪ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૫૭.૨૦ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં નદીઓને ઉંડી ઉતારવાની કામગીરી

* ૪૯૦૮ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આવેલ નદીઓ ઉંડી ઉતારવાની કામગીરી અન્વયે ગીર–સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કઈ નદીઓ ઉંડી ઉતારવામાં આવી, અને | (૧)<br>●ગીર સોમનાથ જિલ્લો–શૂન્ય<br>●જુનાગઢ જિલ્લો–વેઘલી, મટીયાણા, ખારો, સાબલી, ધુંધવી અને ઓઝન નદી |
| (૨) ઉક્ત કામગીરી પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયો? | (૨)<br>●વર્ષ ૨૦૧૬–૧૬.૧૩ લાખ<br>●વર્ષ ૨૦૧૭–૧૯.૦૦ લાખ |

---------

પૂર નિયંત્રણ અને બાંધકામ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ

*૭૪૪૨ શ્રી ચંદનજી ઠાકોર (સિદ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પૂર નિયંત્રણ અને બાંધકામ માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને | (૧) પૂર નિયંત્રણ અને બાંધકામ માટેના કેન્દ્ર સરકારની યોજનાના માપદંડો સંતોષાતા ના હોઇ રાજ્ય સરકાર તરફથી કોઇ દરખાસ્ત રજુ કરેલ ન હોઈ, કોઈ રકમ મળેલ નથી. |
| (૨) કેટલી મળવાની બાકી છે? | (૨) પ્રશ્ન ઉદભવતો નથી. |

---------

રાજયમાં રાંધણ ગેસના બાટલા ઉપર વાર્ષિક આવક

* ૪૧૧૮ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં રાંધણ ગેસના બાટલા ઉપર કેટલો વેરો ક્યારથી લેવાનું નક્કી કરેલ છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં રાંધણ ગેસના બાટલા ઉપર નીચે દર્શાવ્યા મુજબ વેરો લેવામાં આવે છે.<br>(૧) વેટ કાયદા હેઠળ રાંધણગેસના બાટલા ઉપર ૫% ના દરે વેરો લાગતો હતો.<br>(૨) જીએસટી કાયદા હેઠળ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન કે ભારત |

પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સપ્લાય થતા રાંધણગેસ પર કુલ ૫% જીએસટી લેવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે રાજ્ય સરકારને વાર્ષિક કેટલી આવક થઈ?

(૨)

રકમ રૂ. કરોડમાં

| ૨૦૧૬-૧૭ | ૧/૪/૧૭ થી ૩૦/૬/૧૭ (VAT) | ૧/૭/૧૭ થી ૩૧/૬/૧૭૨ (SGST) |
|---|---|---|
| ૧૦૧.૫૬ | ૨૪.૯૧ | ૭૪.૯૮ |

---------

સુરત જિલ્લામાં ટપક સિંચાઇ સહાય અરજીઓ

* ૬૫૬૦ શ્રી વી.ડી.ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ ટપક સિંચાઇ સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી, | (૧) ૪૪૪૮ અરજીઓ મંજૂર કરી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૪૧૧૧ અરજીઓની સહાય ચૂકવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) ૩૧૪ અરજીઓની સહાય ચૂકવવાની બાકી. |

---------

કચ્છ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૨૦૦ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૨૦૧ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૬૨.૦૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

પંચમહાલ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

*૬૨૩૨ સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૬ (છ) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) તે માટે કુલ રૂ.૩૦૯૨.૧૦ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

જુનાગઢ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

*૬૨૦૨ શ્રી ભીખાભાઈ બારૈયા (પાલીતાણા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ | (૧) ૩૩૬.૩૫ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૪૭૩ વીજ થાંભલા બદલવામાં આવેલ છે. |

જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ.૧૩૩.૭૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

અમદાવાદ પુના હાઈ સ્પીડ રેલ્વે પ્રોજેકટ માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

*૬૩૭૦ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ હાઈ સ્પીડ રેલ્વે પ્રોજેકટ અને અમદાવાદ–મુંબઈ–પુના કોરીડોર બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો?

જવાબ

(૧) અને (૨) અમદાવાદ–મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેનની કામગીરીને ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪ માં મંજુર કરવામાં આવેલ છે. અને માન.વડાપ્રધાનશ્રી દ્વારા માન.વડાપ્રધાન (જાપાન) ની ઉપસ્થિતિમાં તા.૧૪–૯–૨૦૧૭ના રોજ ખાતમુર્હત કરેલ છે.

---------

રાજકોટ અને જામનગર જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૪૮૪ શ્રી લલીત વસોયા (ધોરાજી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉકત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

જવાબ

(૧) ઉકત સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ૪૦૭.૨૧ એમ.એલ.ડી. જ્યારે જામનગર જિલ્લામાં ૧૯૫.૬૦ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) જિલ્લાવાર મુખ્ય ડેમની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ભાદર–૧ ડેમ | ૬૮.૯૭ |
| ૨ | રાજકોટ | ભાદર–૨ ડેમ | ૨૨.૮૩ |
| ૩ | રાજકોટ | મોજ ડેમ | ૭.૪૮ |
| ૪ | રાજકોટ | વેણુ–૨ ડેમ | ૫.૬૧ |
| ૫ | રાજકોટ | આજી–૧ ડેમ | ૧૨.૯૪ |
| ૬ | રાજકોટ | આજી–૨ ડેમ | ૧૭.૫૫ |
| ૭ | રાજકોટ | ન્યારી–૧ ડેમ | ૧૩.૮૬ |
| ૮ | રાજકોટ | આજી–૩ ડેમ | ૨૪.૭૦ |
| ૯ | રાજકોટ | ન્યારી–૨ ડેમ | ૧૦.૮૬ |
| ૧૦ | રાજકોટ | છાપરવાડી–૨ | ૩.૫૦ |
| ૧૧ | રાજકોટ | ધારી | ૦.૬૨ |
| ૧૨ | રાજકોટ | ડોંડી | ૦.૮૩ |
| ૧૩ | રાજકોટ | ઘેલો–(સો) | ૧.૪૩ |
| ૧૪ | રાજકોટ | કબીર સરોવર | ૦.૩૩ |
| ૧૫ | રાજકોટ | ગોંડાલી | ૨.૯૬ |
| ૧૬ | રાજકોટ | ફોફળ–૧ | ૨૪.૫૬ |
| ૧૭ | રાજકોટ | ઈશ્વરીયા ડેમ | ૨.૧૮ |
| ૧૮ | રાજકોટ | વાછપરી ડેમ | ૨.૯૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | રાજકોટ | વેરી ડેમ | ૧.૨૭ |
| ૨૦ | રાજકોટ | કરમલ | ૪.૩૫ |
| ૨૧ | રાજકોટ | કરનુકી | ૧.૯૦ |
| ૨૨ | રાજકોટ | ખોડાપીપર | ૧.૧૨ |
| ૨૩ | રાજકોટ | લાલપરી | ૩.૬૭ |
| ૨૪ | રાજકોટ | માલગઢ ડેમ | ૦.૩૭ |
| ૨૫ | રાજકોટ | મોતીસર | ૦.૦૨ |
| ૨૬ | રાજકોટ | ફડંગબેટી | ૨.૦૩ |
| ૨૭ | રાજકોટ | સોડવદર | ૦.૭૧ |
| ૨૮ | રાજકોટ | સુર્વો | ૫.૦૫ |
| ૨૯ | જામનગર | સસોઈ | ૧૨.૦૧ |
| ૩૦ | જામનગર | ઉંડ–૧ | ૩૭.૩૧ |
| ૩૧ | જામનગર | ઉંડ–૨ | ૪.૩૭ |
| ૩૨ | જામનગર | કુલઝર–૧ | ૧.૮૭ |
| ૩૩ | જામનગર | પન્ના | ૪.૭૧ |
| ૩૪ | જામનગર | કુલઝર (કો.બા.) | ૮.૫૨ |
| ૩૫ | જામનગર | ઉંડ–૩ | ૦.૨૪ |
| ૩૬ | જામનગર | કંકાવટી ડેમ | ૧.૩ |
| ૩૭ | જામનગર | આજી–૪ ડેમ | ૧૯.૦૮ |
| ૩૮ | જામનગર | ડાય મિણસર | ૦ |
| ૩૯ | જામનગર | કુલઝર–૨ | ૦.૭૭ |
| ૪૦ | જામનગર | ફોફળ–૨ ડેમ | ૦.૨૧ |
| ૪૧ | જામનગર | રંગમતી | ૦.૮૯ |
| ૪૨ | જામનગર | રૂપારેલ | ૧.૨૪ |
| ૪૩ | જામનગર | રૂપાવતી | ૦ |
| ૪૪ | જામનગર | સાપડા | ૨.૩૪ |
| ૪૫ | જામનગર | ઉમિયાસાગર | ૦.૫૩ |
| ૪૬ | જામનગર | વેરાડી | ૦.૭૯ |
| ૪૭ | જામનગર | વેરાડી–૨ | ૩.૭૭ |
| ૪૮ | જામનગર | વિજર્ખી | ૩.૬૪ |
| ૪૯ | જામનગર | વોડીસંગ | ૨.૭૬ |

(૩) ઉકત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યુ છે ?

(૩) રાજકોટ અને જામનગર જિલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

● નર્મદા તથા સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

● સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યકિતગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

● જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.

● વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

---------

જુનાગઢ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૬૨૪૮ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૦૧૧૧. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૪૫૫૦.૭૪ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

આણંદ જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રની ઘટ

* ૭૫૬૩ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં કેટલી વસ્તીએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવાની જોગવાઈ છે, | (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં વસ્તીના ધોરણે એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવાના ધોરણોની વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | આરોગ્ય કેન્દ્રો | બિન આદિજાતિ વિસ્તાર | આદિજાતિ/ડેઝર્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ વિસ્તાર |
|---|---|---|---|
| ૧ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૩૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| ૨ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૧,૨૦,૦૦૦ | ૮૦,૦૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉકત સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર વસ્તી પ્રમાણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રની કેટલી ઘટ છે, અને | (૨) સામેલ પત્રક મુજબ. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા શું કાર્યવાહી કરી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પ ત્ર ક – ૧

આણંદ જિલ્લામાં સને ૨૦૧૧ની વસ્તીએ મળવાપાત્ર, મંજૂર સા.આ.કેન્દ્રો અને પ્રા.આ. કેન્દ્રોની વિગત દર્શાવતું પત્રક

તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ

| તાલુકા અ.નં. | તાલુકાનું નામ | ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તી | સા.આ. કેન્દ્રની જરૂરીયાત | હયાત સા.આ. કેન્દ્ર/ડીસ્ટ્રીકટ હોસ્પિટલ/ સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ | | | | સા.આ. કેન્દ્રની ઘટ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સા.આ. કેન્દ્ર | ડીસ્ટ્રીકટ હોસ્પિટલ | સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ | કુલ | | જરૂરીયાત | હયાત | વધ/ઘટ |
| ૧ | આણંદ | ૨૬૩૮૩૫ | ૨ | ૩ | ૧ | ૦ | ૪ | ૦ | ૯ | ૧૧ | ૨ |
| ૨ | આંકલાવ | ૧૨૬૧૦૫ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૪ | ૩ | ૧ |
| ૩ | બોરસદ | ૩૧૬૧૦૭ | ૩ | ૩ | ૦ | ૦ | ૩ | ૦ | ૧૧ | ૧૧ | ૦ |
| ૪ | ખંભાત | ૧૮૬૫૧૫ | ૨ | ૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૬ | ૮ | ૨ |
| ૫ | પેટલાદ | ૨૨૭૦૩૧ | ૨ | ૨ | ૧ | ૦ | ૩ | ૦ | ૮ | ૮ | ૦ |
| ૬ | સોજીત્રા | ૮૧૨૮૫ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ |
| ૭ | તારાપુર | ૮૮૫૨૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ |
| ૮ | ઉમરેઠ | ૧૫૪૨૬૭ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૫ | ૬ | ૧ |
| | જિલ્લાનું કુલ | ૧૪૪૩૬૬૭ | ૧૩ | ૧૪ | ૨ | ૦ | ૧૬ | ૦ | ૪૯ | ૫૩ | ૪ |

નોંધઃ આણંદ જિલ્લામાં વસ્તીના ધોરણે ૧૩ મળવાપાત્ર સામુહિક આરોગ્ય કેન્દ્રો સામે ૧૪ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે. તથા ૨(બે) ડીસ્ટ્રીકટ હોસ્પિટલ આવેલી હોવાથી તેમજ મળવાપાત્ર ૪૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સામે

અતારાંકિત પ્રશ્નોત્તરી

૫૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ હોવાથી સામુહિક આરોગ્ય કેન્દ્રો તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ઘટ રહેતી નથી.

---------

અમદાવાદ જિલ્લામાં મેલેરીયાના દર્દીઓ

*૬૧૮૧ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ (ઘાટલોડિયા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા, અને | (૧) કુલ ૪૮૩ મેલેરિયાના કેસો નોંધાયેલ છે. |
| (૨) અમદાવાદ જિલ્લામાં મેલેરિયા નિયંત્રણ માટે શી કાર્યવાહી હાથ ધરી ? | (૨) અમદાવાદ જિલ્લામાં મેલેરિયા નિયંત્રણ માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.<br>● ફીવર સર્વેલન્સ<br>● પોરાનાશક કામગીરી<br>● જંતુનાશક દવાછંટકાવ કામગીરી<br>● ફોગીંગ કામગીરી<br>● જંતુનાશક દવાયુકત મચ્છરદાનીના ઉપયોગ<br>● આરોગ્ય શિક્ષણ |

---------

અમરેલી જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

*૬૨૧૨ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને | (૧) ૭૦ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) ૩.૮૯૫.૩૮ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

પિયત સહકારી મંડળીને લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ

*૬૨૬૧ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ખેડૂતો પિયત સહકારી મંડળી સ્થાપી લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ મેળવવા માંગતા હોય તો તે અંગેના નિયમમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા છે કે કેમ, અને<br>(૨) જો હા, તો કેવા ફેરફાર કરવામાં આવ્યા છે ? | (૧) અને (૨) હા, જી. રાજ્ય સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ સુચનાઓ અન્વેય ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. નાં પરિપત્ર ક્રઃ જીયુવીએનએલ–ટેક–૨–એનએએસ–૨૮૬૩, તા.૮–૨–૨૦૧૭ થી રાજ્યનાં ખેડૂતો પિયત સહકારી મંડળી સ્થાપી લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ મેળવવા માંગતા હોય તો તેમના વ્યકિતગત હયાત કૃષિ વીજ જોડાણ રદ/પરત ન કરવાની શરતે એચટીપી–૫ વીજ જોડાણ આપવા સુનિશ્ચિત નીતિ અને ધારા–ધોરણોને આધીન મંજૂરી આપવામાં આવે છે. વધુમાં, પિયત સહકારી મંડળીના સભ્યો હોય એવા ખેડૂતો, સરફેસ લેવલ પર પાણી ઉપલબ્ધ ન હોય તેવા વ્યકિતગત રીતે પોતાના હયાત વીજ કનેકશનથી પિયત કરી શકશે. |

---------

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો

|---|---|---|
| ૧. | ૨૦૧૫–૧૬ | ૫૨૦.૩૧ |
| ૨. | ૨૦૧૬–૧૭ | ૫૨૩.૫૦ |
| ૩. | ૨૦૧૭–૧૮ | ૪૦૯.૪૯ |

---------

### ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

*૬૬૩૮ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૧) ૨૨૮૭

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ. ૧૧૪.૫૧ લાખનો ખર્ચ થયેલ છે.

---------

### છોટાઉદેપુર જિલ્લામાં હાફેશ્વર પાણી પુરવઠા યોજના

* ૩૮૮૮ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં હાફેશ્વર પાણી પુરવઠા યોજનાની કેટલી કેટલી રકમની મંજૂરી ક્યારે ક્યારે મળી,

(૨) આ યોજનામાં તાલુકાવાર કેટલા ગામોને લાભા મળશે,

(૩) આ યોજનામાં તાલુકાવાર તબક્કાવાર કઇ કઇ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૪) આ કામગીરી ક્યા ઇજારદાર પાસે કરાવવામાં આવે છે તેની કામ પૂર્ણ કરવાની મુદત કઇ છે ?

(૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં હાફેશ્વર પાણી પુરવઠા યોજનાની અંદાજીત કિંમત રૂ.૧૨૧.૨૨ કરોડ (ગ્રોસ) માટે તા.૨૪-૮-૨૦૦૯થી મંજૂરી મળેલ છે.

(૨) આ યોજનામાં ક્વાંટ તાલુકાના ૯૬ ગામ અને જેતપુરપાવી તાલુકાના ૪૨ ગામ એમ કુલ ૧૩૮ ગામોને પીવાના પાણીનો લાભ મળશે.

(૩) આ યોજનામાં ક્વાંટ અને જેતપુરપાવી તાલુકામાં પરિશિષ્ટ મુજબ ખર્ચ થયેલ છે.

(૪)

| અનું. | કામની વિગત | ઇજારદારશ્રીનું નામ | કામ પૂર્ણ કરવાની મુદત |
|---|---|---|---|
| ૧ | હાફેશ્વર ગામ ખાતે ઇન્ટેકવેલ પંપ રૂમ તથા હાફેશ્વર ગામ તળ વિસ્તારમાં બુસ્ટીંગ સ્ટેશન નં.૧, બુસ્ટીંગ સ્ટેશન નં.૨ ખાતે ટ્રાન્સફોર્મનું પ્લેટફોર્મનું કામ | વિપુલ જે. દવે | ૪-૨૦૧૭ |
| ૨ | ઇન્ટેકવેલ ઉપરનાં ક્રમ નં.૧ ના પંપરૂમની વધુ ઉંચાઇ વધારવાની બાકીની કામગીરી | નટરાજ કન્સ્ટ્રક્શન | ૮-૨૦૧૭ |
| ૩ | ઇન્ટેકવેલ ખાતે પેનલ રૂમ (હાફેશ્વર ગામ ખાતે) | દયાલ બિલ્ડર્સ | ૬-૨૦૧૭ |
| ૪ | બુસ્ટીંગ સ્ટેશન નં.૨ ખાતે પેનલ રૂમ (ઇન્ટેકવેલથી કડીપાણી ગામ ખાતેના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ સુધીની રાઇઝીંગ મેઇન ઉપર સાંકળ ૫.૪૭ કી.મી. હાફેશ્વર ગામ તળ વિસ્તાર) | દયાલ બિલ્ડર્સ | ૬-૨૦૧૭ |
| ૫ | બુસ્ટીંગ સ્ટેશન નં.૧ ખાતે પેનલ રૂમ (ઇન્ટેકવેલથી કડીપાણી ગામ ખાતેના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ સુધીની રાઇઝીંગ મેઇન ઉપર સાંકળ ૨.૯૫૫ કી.મી. હાફેશ્વર ગામ તળ વિસ્તાર) | શાંતિ સ્ટ્રક્ચર | ૩-૨૦૧૮ |
| ૬ | હાફેશ્વર ઇન્ટેકવેલથી કડી પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ સુધીની રાઇઝીંગ અને હાઇડ્રો ટેસ્ટીંગ અને ૧ વર્ષ ઓ. એન્ડ એમ. સાથે | માનસી કોર્પોરેશન | ૩-૨૦૧૮ |
| ૭ | ઇન્ટેકવેલ, બુસ્ટીંગ સ્ટેશન નં.૧ તથા ૨ માટે પંપીંગ મશીનરી ઇન્સ્ટોલેશન | એચ.એમ. એન્જીનીયર્સ | ૫-૨૦૧૮ |
| ૮ | ૨૫.૦ એમ.એલ.ડી. ક્ષમતાના શુધ્ધિકરણ પ્લાન્ટની કામગીરી (કડીપાણી ગામ ખાતે) | બી.એમ.એસ. | ૩-૨૦૧૮ |
| ૯ | ઝોન-એ અને એ૧ (૪૭ ગામ/પરા) ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | વ્રજ કન્સ્ટ્રક્શન | ૧૨-૨૦૧૭ |
| ૧૦ | ઝોન-બી (૨૮ ગામ/પરા)ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | વિનોદ એચ. પટેલ | ૧-૨૦૧૮ |
| ૧૧ | ઝોન-સી અને ડી (૬૭ પરા/ગામ)ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | પુજા બિલ્ડર્સ | ૧૨-૨૦૧૭ |
| ૧૨ | ઇ અને ઇ-૧ (૩૮ ગામ/પરા) ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | જયંતિસુપર કન્સ્ટ્રક્શન લિ. | ૪-૨૦૧૮ |

અતારાંકિત પ્રશ્નોત્તરી

પરિશિષ્ટ

| અનુ. | તાલુકો | કામની વિગત | અત્યાર સુધી થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| | | પ્રથમ તબક્કો | |
| ૧ | ક્વાંટ/પાવી જેતપુર | હાફેશ્વર ગામ નજીક ઇન્ટેકવેલ, કડીપાણી ખાતે ૨૫.૦૦ એમ.એલ.ડી. ક્ષમતાનો પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ, પંપીંગ સ્ટેશન, પંપીંગ મશીનરી, આર.સી.સી. ઉંચી ટાંકીઓ, ભુગર્ભ ટાંકાઓ તથા જુદા જુદા વ્યાસની પાઇપલાઇનની વિગેરે કામગીરી સહિતનું પાંચ વર્ષની મરામત–નિભામણી સાથેનું ટર્નકી કામ | ૫૯૨૬.૦૦ |
| | | બીજો તબક્કો | |
| ૨ | ક્વાંટ/પાવી જેતપુર | હાફેશ્વર ગામ ખાતે ઇન્ટેકવેલ પંપ રૂમ તથા હાફેશ્વર ગામ તળ વિસ્તારમાં બુસ્ટીંગ સ્ટેશન નં.૧, બુસ્ટીંગ સ્ટેશન નં.૨ ખાતે ટ્રાન્સફોર્મનું પ્લેટફોર્મનું કામ | ૧૩.૦૦ |
| | | ઇન્ટેકવેલ ઉપરનાં ક્રમ નં.૧ ના પંપરૂમની વધુ ઉંચાઇ વધારવાની બાકીની કામગીરી | ૫.૦૦ |
| | | ઇન્ટેકવેલ ખાતે પેનલ રૂમ (હાફેશ્વર ગામ ખાતે) | ૨૦.૦૦ |
| | | બુસ્ટીંગ સ્ટેશન નં.૨ ખાતે પેનલ રૂમ (ઇન્ટેકવેલથી કડીપાણી ગામ ખાતેના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ સુધીની રાઇઝીંગ મેઇન ઉપર સાંકળ ૫.૪૭ કી.મી. હાફેશ્વર ગામ તળ વિસ્તાર) | ૨૦.૦૦ |
| | | બુસ્ટીંગ સ્ટેશન નં.૧ ખાતે પેનલ રૂમ (ઇન્ટેકવેલથી કડીપાણી ગામ ખાતેના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ સુધીની રાઇઝીંગ મેઇન ઉપર સાંકળ ૨.૯૫૫ કી.મી. હાફેશ્વર ગામ તળ વિસ્તાર) | ૦.૦૦ |
| | | હાફેશ્વર ઇન્ટેકવેલથી કડી પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ સુધીની રાઇઝીંગ અને હાઇડ્રો ટેસ્ટીંગ અને ૧ વર્ષ ઓ.એન્ડ એમ. સાથે | ૦.૦૦ |
| | | ઇન્ટેકવેલ, બુસ્ટીંગ સ્ટેશન નં.૧ તથા ૨ માટે પંપીંગ મશીનરી ઇન્સ્ટોલેશન | ૮૦.૦૦ |
| ૩ | ક્વાંટ/પાવી જેતપુર | ૨૫.૦ એમ.એલ.ડી. ક્ષમતાના શુધ્ધિકરણ પ્લાન્ટની કામગીરી (કડીપાણી ગામ ખાતે) | ૨૦૦.૦૦ |
| ૪ | ક્વાંટ | ઝોન–એ અને એ૧ (૪૭ ગામ/પરા)ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | ૮૧૬.૦૦ |
| ૫ | ક્વાંટ | ઝોન–બી (૨૮ ગામ/પરા) ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | ૫૩૨.૦૦ |
| ૬ | ક્વાંટ/પાવી જેતપુર | ઝોન–સી અને ડી (૬૭/પરા ગામ) ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | ૧૬૦૬.૦૦ |
| ૭ | ક્વાંટ/પાવી જેતપુર | ઇ અને ઇ–૧ (૩૮ ગામ/પરા) ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | ૨૮૪.૦૦ |

---------

વલસાડ જિલ્લામાં ઉજાલા યોજના

*૬૨૬૭ શ્રી કનુભાઇ દેસાઇ (પારડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૬,૪૯,૮૧૭ એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનીટની વીજ બચત થશે, અને | (૨) એલઇડી બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજિત ૧૨.૨૮ કરોડ યુનીટની વીજ બચત થશે. |

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ?

(૩) એલઇડી બલ્બ વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂપિયા ૫૫.૨૬ કરોડની બચત થશે.

---------

તાપી જિલ્લામાં ઉજાલા યોજના

*૬૨૬૩ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનીટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪,૨૫,૦૧૩ એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઇડી બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજિત ૩.૧૬ કરોડ યુનીટની વીજ બચત થશે.

(૩) એલઇડી બલ્બ વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂપિયા ૧૪.૨૩ કરોડની બચત થશે.

---------

પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર લેવાતો વેરો

* ૭૫૩૯ શ્રી કાંતિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેરો વસુલવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી.અને રાસાયણિક ખાતરના વેરા પેટે સરકારને કેટલી આવક થઇ ?

જવાબ

(૧)

| | વેટ | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | – |
| પી.એન.જી. | ૧૫% | – |
| જીએસટી | | |
| રાસાયણિક ખાતર | ૫% | |

(૨)

(રકમ રૂ.કરોડમાં)

| | ૨૦૧૬–૧૭ | | ૧–૪–૧૭ થી ૩૧–૧૨–૧૭ | |
|---|---|---|---|---|
| | વેટ + સીએસટી | સેસ | વેટ + સીએસટી | સેસ |
| પેટ્રોલ | ૨૮૬૨.૪૧ | ૫૯૨.૯૨ | ૨૪૮૫. ૨૯ | ૪૮૨.૮૮ |
| ડીઝલ | ૬૩૭૧.૧૯ | ૧૩૧૯.૭૨ | ૫૫૩૧.૭૮ | ૧૦૭૪.૭૯ |
| સી.એન.જી. | ૪૪૦.૧૮ | | ૨૨૯.૧૫ | |
| પી.એન.જી. | ૯૨૫.૦૫ | | ૫૭૦.૦૨ | |
| | ૨૦૧૬–૧૭ (વેટ) | | ૧–૪–૧૭ થી ૩૧–૧૨–૧૭ (વેટ + એસજીએસટી) | |
| રાસાયણિક ખાતર | ૯૫.૯૯ | | ૬૮.૦૬ | |

---------

આયોડીનની ઉણપને થતા રોગોનો નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

*૭૪૬૧ ડો. આશા પટેલ (ઉંઝા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આયોડીનની ઉણપને કારણે થતા રોગોના નિયંત્રણ અંગેના રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને નીચે મુજબ રકમ મળેલ છે. |

| સમયગાળો | મળેલ રકમ |
|---|---|
| તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧૨-૧૬ | ૮,૩૪,૦૦૦ |
| તા.૧-૧-૧૭ થી તા.૩૧-૧૨-૧૭ | ૭૧,૫૫,૦૦૦ |

---------

### દાહોદ જિલ્લામાં મુખ્યમંત્રી સડક યોજના હેઠળ બનાવેલ રસ્તાઓ

*૪૧૧૨ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં મુખ્યમંત્રી સડક યોજના હેઠળ જે રસ્તાઓ બનાવવામાં આવ્યા છે તે રસ્તાઓમાં જૂના રસ્તાઓ ઉપર જે રી-કાર્પેટીંગ કરી ગેરરીતિ આચરવામાં આવેલ છે તેવી ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) અને (૨) આવી કોઇ ફરીયાદ મળેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો આ સંબંધમાં કેટલા ઇસમો સામે કેવા પ્રકારના પગલાં લીધા ? | |

---------

### બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા તથા સિપુ સિંચાઇ યોજનાની કેનાલો

* ૫૫૫૫ શ્રી કાંતીભાઈ ખરાડી (દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ દાંતીવાડા તથા સીપુ સિંચાઇ યોજનાઓની બનાસકાંઠા જિલ્લામાં આવેલ મુખ્ય કેનાલો તથા બ્રાન્ચ કેનાલોની મરામત ક્યારે કરવામાં આવી, | (૧) વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭માં. |
| (૨) ઉક્ત મુખ્ય તથા બ્રાન્ચ કેનાલોની ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન મરામત ન થઇ હોય તો તેના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) એવી મરામત કેટલા સમયમાં કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

*૬૬૩૩ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪૬૬૬. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૭૨૫૨.૧૮ લાખનો ખર્ચ થયેલ છે. |

અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

આણંદ અને ભરૂચ જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૪૫૮ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ આણંદ અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૫૩ | ૧૪ |
| ૨ | ભરૂચ | ૪૧ | ૧૦ |

(૨) એક પણ નહિ.

ઉક્ત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની ''ક્વોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ'' મુજબના છે.

(૩) લાગુ પડતું નથી.

---------

રાજકોટ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

*૬૨૩૪ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૭ (સત્તર) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૨) તે માટે કૂલ રૂ.૧૭૭૩૭.૪૩ લાખનો ખર્ચ થયેલછે.

---------

મોરબી જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ

*૬૬૩૬ માલતી મહેશ્વરી (ગાંધીધામ ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મોરબી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) ૧૩૦૪

(૨) રૂ. ૬૪.૯૯ લાખનો ખર્ચ થયેલ છે.

---------

નરોડા અમદાવાદ ખાતે નવી મેડીકલ કોલેજ સ્થાપવા કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

*૭૫૧૮ શ્રી બાબુભાઇ વાજા (માંગરોળ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ફેફસાના રોગોની કા.રા.વિ.યો. હોસ્પિટલ, નરોડા અમદાવાદ ખાતે નવી મેડીકલ કોલેજની સ્થાપના કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને

જવાબ

(૧) કોઇ દરખાસ્ત કરવામાં આવેલ નથી.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે કયારે શો પ્રતિભાવ આપ્યો?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મહેસાણા જિલ્લામાં થેલેસીમીયાના દર્દીઓ

*૬૧૯૨ શ્રી રમણભાઇ પટેલ (વિજાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર થેલેસેમીયાના કુલ કેટલા દર્દીઓ છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૦૧-૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | તા.૧-૦૧-૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૫ | ૧૭ |
| ૨ | બેચરાજી | ૦૦ | ૦૦ |
| ૩ | કડી | ૦૦ | ૦૦ |
| ૪ | ખેરાલુ | ૦૦ | ૦૦ |
| ૫ | ઊંઝા | ૦૦ | ૦૦ |
| ૬ | વિસનગર | ૦૦ | ૦૦ |
| ૭ | વિજાપુર | ૦૦ | ૦૦ |
| ૮ | જોટાણા | ૦૦ | ૦૦ |
| ૯ | સતલાસણા | ૦૦ | ૦૦ |
| ૧૦ | વડનગર | ૦૦ | ૦૦ |
| | કુલ | ૧૫ | ૧૭ |

(૨) આ દર્દીઓને માસિક કેટલા લોહીની જરૂર પડે છે.

(૨) આ દર્દીઓને માસિક ૧ થી ૨ બોટલ લોહીની જરૂર પડે છે.

---------

પાટણ જિલ્લામાં આવેલ સરકારી દવાખાનામાં મંજૂર મહેકમ

*૭૫૪૫ શ્રી કીરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર સરકારી સિવિલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ધારપુર મેડીકલ કોલેજમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧)અને(૨) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સરકારી સિવિલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ધારપુર મેડીકલ કોલેજની મહેકમની માહિતીની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| સરકારી સિવિલ હોસ્પિટલ | *પત્રક - ૧ સામેલ છે. |
| સામુહિક આરોગ્ય કેન્દ્રો | *પત્રક - ૨ સામેલ છે. |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | *પત્રક- ૩ સામેલ છે. |
| ધારપુર મેડીકલ કોલેજન | *પત્રક -૪ સામેલ છે. |

(૩) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવાનું સરકારનું આયોજન છે?

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએથી.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

તાપી જિલ્લામાં ઉજાલા યોજના

*૬૨૬૪ શ્રી પૂર્ણેશ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪,૨૫,૦૧૩ એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનીટની વીજ બચત થશે, અને

(૨) એલઇડી બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજિત ૩.૧૬ કરોડ યુનીટની વીજ બચત થશે.

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

(૩) એલઇડી બલ્બ વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂપિયા ૧૪.૨૩ કરોડની બચત થશે.

---------

## રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૪૭૦ શ્રી ભરતજી ઠાકોર (બેચરાજી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ (પાણી પુરવઠા વિભાગ)માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે,

(૧) હા, જી

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) તા.૩૧-૧૨-૧૭ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકારને મળેલ રકમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૮૪૯૮.૨૨ |
| તા.૧-૪-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ સુધી | ૩૨૬૩.૯૮ |

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી નાણાંકીય વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૯૪૧૭.૫૫ |
| તા.૧-૪-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ સુધી | ૩૮૬૬.૨૦ |

---------

## પારબંદર જિલ્લામાં ઉજાલા યોજના

*૬૨૭૧ શ્રી બાબુભાઇ બોખરીયા (પોરબંદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પોરબંદર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઇડી ટ્યુબલાઇટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પોરબંદર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૩૫,૯૦૫ એલઇડી ટ્યુબલાઇટ અને ૧૮,૫૧૦ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનીટની વીજ બચત થશે, અને

(૨) એલઇડી ટ્યુબલાઇટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૧૮.૩૪ લાખ યુનીટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજિત ૧૩.૨૪ લાખ યુનિટની બચત થશે.

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

(૩) એલઇડી ટ્યુબલાઇટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂ. ૮૨.૫૮ લાખની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક

અંદાજિત
રૂ. ૫૯.૬૦ લાખની બચત થશે.

---------

રાષ્ટ્રીય ચેપી રોગ અંકુશ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૪૬૭ સંતોકબેન અરેઠીયા (રાપર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ચેપી રોગ અંકુશ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે. | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને નીચે મુજબ રકમ મળેલ છે. |

| ક્રમ | સમયગાળો | મળેલ રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧-૦૧-૧૬ થી તા.૩૧-૧૨-૧૬ | ૩૭,૨૨,૩૭,૦૦૦/- |
| ૨ | તા.૦૧-૦૧-૧૭ થી તા.૩૧-૧૨-૧૭ | ૫૮,૨૯,૬૨,૩૩૩/- |

---------

ભરૂચ જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

*૬૨૧૦ શ્રી દુષ્યંતભાઇ પટેલ (ભરૂચ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીટરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને | (૧) ૧૯ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૬૯૪.૧૬ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

ડેમોમાંથી સિંચાઇના હેતુ માટે ખેડૂતોને આપવામાં આવતા પાણીનો ભાવ

*૪૯૦૯ શ્રી ભગાભાઇ બારડ (તાલાલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલા ડેમોમાંથી સિંચાઇના હેતુસર ખેડૂતોને શું ભાવથી પાણી આપવામાં આવે છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં ૮૪૯ ડેમોમાંથી સિંચાઇના હેતુસર પાણી આપવામાં આવે છે. જળ સંપત્તિ વિભાગ દ્વારા અપાતા સિંચાઇના પાણીના ભાવો નીચે મુજબ છે. |

| સીઝન | વહેણ સિંચાઇના દર પ્રતિ પાણ પ્રતિ હેક્ટર |
|---|---|
| બારમાસી | રૂ. ૫૩૫.૦૪ |
| ખરીફ/રવી/ઉનાળુ/બેમોસમી | રૂ. ૨૮૫.૩૬ |
| ઉદવહન (લીફ્ટ) સિંચાઇ | વહેણ સિંચાઇના દરનાં ૧/૩ (ત્રીજા ભાગનાં) |

સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ના સિંચાઇ માટે અપાતા પાણીના ભાવ નીચે મુજબ છે.

| | |
|---|---|
| વહેણ સિંચાઇના દર પ્રતિ પાણ પ્રતિ હેક્ટર | રૂ. ૩૦૩.૧૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ભાવમાં | (૨) ના |

કોઈ વધારો–ઘટાડો કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૩) જો હા, તો તેના કારણો શું?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પાટણ અને મહેસાણા જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

*૭૪૪૩ શ્રી ચંદનજી ઠાકોર (સિધ્ધપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૫૧ | ૧૫ |
| ૨ | મહેસાણા | ૫૭ | ૧૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ન્ડ મુજબના છે, અને

(૨) એકપણ નહિં. ઉકત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની ''કવોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ'' મુજબના છે.

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ન્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

(૩) લાગુ પડતું નથી.

---------

રાજ્યમાં વાણિજિયક વેરામાં વેપારીઓ માટે સુવિધા

*૪૧૧૯ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં વાણિજિયક વેરા વિભાગમાં વેપારી વર્ગની સુવિધા માટે આધુનિકરણ તથા ઈન્ફર્મેશન ટેકનોલોજીની કોઈ પધ્ધતિ અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો કઈ પધ્ધતિ અમલમાં મુકવામાં આવી છે?

(૨) (૧) Investor Facilitation Portal

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં રોકાણકર્તા વેપારીશ્રીઓને વિવિધ હેતુઓ માટે એક જ માધ્યમ દ્વારા અરજી કરી રજીસ્ટ્રેશન/લાયસન્સ/પરમીટ મળી શકે તે હેતુથી Investor Facilitation Portal (IFP) શરૂ કરાયેલ છે.

વેપારીશ્રીઓ ગુજરાત મુલ્યવર્ધિતવેરા અધિનિયમ, કેન્દ્રિય વેચાણવેરા અધિનિયમ, વ્યવસાય વેરા અધિનિયમ અને રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સ હેઠળ નોંધણી નંબરો મેળવી શકે તે માટે વાણિજિયકવેરા ખાતાના પોર્ટલને Investor Facilitation Portal સાથે Link કરવામાં આવેલ છે. જેનાથી રાજ્યમાં વેપાર કરતાં વેપારીશ્રીઓ સરળતાથી નોંધણી નંબર મેળવી શકે છે.

(૨) ઈ–પેમેન્ટ પધ્ધતિ

રાજ્ય સાથે સંકળાયેલ વેપારીવર્ગને વેરાની ચુકવણી હેતુ બેંકમાં જઈ લાઈનમાં ઉભું રહેવું ન પડે તેમજ મેન્યુઅલ ચુકવણી ન કરવી પડે તે સારૂ હાલ વેપારીશ્રીઓ ૪૨ જેટલી બેંકો મારફતે ઈ–પેમેન્ટ કરી શકે તે માટે એસ.બી.આઈ. ઈ–પેમેન્ટ ગેટ વેની સુવિધા ઉભી કરાયેલ છે.

(૩) સિંગલ આઈ.ડી. થી લોગ ઈન થવાય તેવી પધ્ધતિ.

રાજ્યના વેટ, સીએસટી, વ્યવસાયવેરો તથા મનોરંજન અને સુખસુવિધા કર ભરતા વેપારીશ્રી એક જ યુઝર આઈ.ડી.થી ખાતાની વેબસાઈટ ઉપર લોગ ઈન કરી કામગીરી કરી શકે તેવી વ્યવસ્થા વિકસાવવામાં આવેલ છે.

(૪) જીએસટી માઈગ્રેશન

ગુડ્ઝ તથા સર્વિસ ટેક્ષના અમલીકરણ સારૂ વાણિજ્યિકવેરા ખાતા સાથે સંકળાયેલ વેપારીઓનું જીએસટીએન પોર્ટલ ઉપર માઈગ્રેશન કરાવવા માટે ખાતા દ્ધારા તમામ વેપારીઓના પાન નંબર વેરીફાય કરી જીએસટીએન પાસેથી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવામાં આવેલ છે. આ યુઝર આઈડી અને પાસવર્ડ વેપારી પોતાના વેટ લોગ ઈનથી જ મેળવી શકે તે સારૂ સોફ્ટવેર ડેવલપ કરી નિયત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરેલ છે.

(૫) e-Permit System

વેપારીવર્ગ વેલીડેશન યુનીટ ખાતે રજુ કરવાના રહેતા અલગ-અલગ ફોર્મ્સની ચકાસણી ઝડપથી કરાવી શકે તે હેતુથી વાણિજ્યિકવેરા ખાતાની થરાદ, થાવર, ગુંદરી, સોનગઢ અને સામાખિયાલી વેલીડેશન યુનીટ પર વાઈ-ફાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનાથી વેપારીશ્રીઓ ઓનલાઈન ફોર્મ ૪૦૨, ૪૦૩, અને ૪૦૫ ને સરળતાથી ચકાસણી કરાવી શકે છે.

---------

## ભાવનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

*૬૬૩૪ શ્રી વી.ડી.ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૬,૦૪૯. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૦,૦૦૩.૮૦ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

## કચ્છ જિલ્લામાં ખુશી યોજના

*૬૨૨૪ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખુશી યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ-ભુજ જિલ્લામાં નાની ક્ષમતાના કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને | (૧) ૧૬૧૪ |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૩૫૫/- લાખનો ખર્ચ થયેલ છે. |

---------

## પંચમહાલ જિલ્લામાં એલઈડી યોજના હેઠળ એલઈડીનું વિતરણ

*૬૬૨૬ શ્રીમતી સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૨૨,૦૬૦ એલઈડી ટ્યુબલાઈટ અને ૧૧,૩૭૪ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૧૧.૨૭ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વાર્ષિક અંદાજીત ૮.૧૩ લાખ યુનિટની બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે? | (૩) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂ. ૫૦.૭૩ લાખની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂ. ૩૬.૬૨ લાખની બચત થશે. |

---------

## રાજકોટ જિલ્લામાં ઉજાલા યોજના

*૬૨૭૨ શ્રી ભીખાભાઈ બારૈયા (પાલીતાણા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૭૪,૦૪૭ એલઈડી ટ્યુબલાઈટ અને ૩૮,૧૭૪ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૩૭.૮૩ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજીત ૨૭.૩૧ લાખ યુનિટની બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે? | (૩) એલઈડી ટ્યુબલાઇટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂ. ૧.૭૦ કરોડની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂ. ૧.૨૨ કરોડની બચત થશે. |

---------

## અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ વિભાગમાં થયેલ મરણ

*૭૪૬૩ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ વિભાગમાં ૬૦ થી વધુ બાળકોના મરણ થયેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) ઉકત બાળકોના મરણ થવાના શાં કારણો હતા, અને | (૨) બાળકોના મરણ થવાના કારણો આ પ્રમાણે હતા. (૧) ડીપ્થેરિયા (૨) સેપ્ટીસિમિયા (૩) એક્યુટ ફેબ્રાઈલ એન્કીફેલોપથી (૪) એક્યુટ ફલેસિડ પેરાલિસીસ (AFP) અતિગંભીર ન્યુમોનીયા, લીવર ફેલીયર (૫) મેન્નીજાઈટીસ. |
| (૩) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ સરકાર દ્વારા આ સંબંધે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા દવાઓનો પુરતો જથ્થો તથા વેન્ટીલેટર, ઈમ્યુનોગ્લોબ્યુલીન અને પ્લાસમા ફેરેસીસની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. રૂટીન ઈમ્યુનાઈઝેશનને પણ સઘન કરવામાં આવેલ છે. ઈન્ફેકેશન કંટ્રોલ કરવા માટે જરૂરી પગલા લેવામાં આવેલ |

છે. ઈન્ફેકેશન કંટ્રોલના ભાગ રૂપે જરૂરી તાલીમ તમામ સ્ટાફને આપવામાં આવેલ છે.

---------

રાજકોટ અને પોરબંદર જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

*૭૪૯૭ શ્રી લલિત વસોયા (ધોરાજી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ન્ડ મુજબના છે, અને

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ન્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

જવાબ

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૫૪ | ૧૩ |
| ૨ | પોરબંદર | ૧૧ | ૦૪ |

(૨) એકપણ નહિં. ઉકત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની ''કવોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ'' મુજબના છે.

(૩) લાગુ પડતું નથી.

---------

જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

*૬૨૫૭ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) ૧૬૯

(૨) રૂ.૨૯૬.૦૨ લાખનો ખર્ચ થયેલ છે.

---------

સરદાર સાહેબની પ્રતિમા બનાવવા માટે આપવામાં આવેલ કોન્ટ્રાકટ

*૭૫૬૪ શ્રી અમિતભાઈ ચાવડા (આંકલાવ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ સરદાર સાહેબની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવવા માટે કઈ એજન્સીને ક્યારે કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે,

(૨) ઉકત સ્થિતિએ કેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે,

(૩) ઉકત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૪) ઉકત સ્થિતિએ પ્રતિમા ક્યારે પૂર્ણ થવાનો અંદાજ છે અને કુલ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

જવાબ

(૧) મે.લાર્સન એન્ડ ટુબ્રો લીમીટેડ, ચેન્નાઈને તા.૨૭-૧૦-૨૦૧૪ ના રોજ કોન્ટ્રાકટ (ઈજારો) આપવામાં આવેલ છે.

(૨) આશરે ૬૫ ટકા ભૌતિક કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) ફેબ્રુઆરી-૨૦૧૭ થી જાન્યુઆરી-૨૦૧૮ સુધીમાં રૂ.૮૦૧.૪૭ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૪) વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. બાંધકામ પાછળ થનાર ખર્ચ રૂ.૨૩૩૨ કરોડ અંદાજેલ છે.

---------

રાજકોટ જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલઈડીનું વિતરણ

*૬૬૨૩ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા

યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૭ માં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે,

યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૭૪,૦૪૭ એલઈડી ટ્યુબલાઈટ અને ૩૮,૧૭૪ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૨) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૩૭.૮૩ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજીત ૨૭.૩૧ લાખ યુનિટ્સની બચત થશે.

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

(૩) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂ. ૧.૭૦ કરોડની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને અંદાજીત રૂ. ૧.૨૨ કરોડની બચત થશે.

---------

સાબરકાંઠા જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલઈડીનું વિતરણ

*૬૬૨૧ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૭ માં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૫૯,૪૨૩ એલઈડી ટ્યુબલાઈટ અને ૩૦,૬૩૫ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૩૦.૩૬ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વાર્ષિક અંદાજીત ૨૧.૯૧ લાખ યુનિટની બચત થશે.

(૩) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂ. ૧.૩૬ કરોડની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને અંદાજીત રૂ. ૯૮.૬૪ લાખની બચત થશે.

---------

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

## ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

## નવસારી કૃષિ યુનિવર્સિટીનો ઓડિટ અહેવાલ

શ્રી રણછોડભાઈ ચ. ફળદુ ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૩–૧૪નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

**આણંદ કૃષિ યુનિવર્સિટીનો ઓડિટ અહેવાલ**

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧–૧૩નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ**

શ્રી સૌરભ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક હિસાબ અને વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબ તથા અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

**ગુજરાત રાજ્ય મહિલા આયોગનો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

**અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૬–૧૭નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ**

શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આંદ્યોગિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

**ગૃહ વિભાગ**

**માગણી ક્રમાંક–૪૨**

શ્રીપ્રદિપસિંહ ભ. જાડેજા(રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૭,૮૮,૬૩,૦૦૦/–ની માગણી ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી નાથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રા.ક.ના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪૨,૨૧,૨૪,૦૭,૦૦૦ /-ની માગણી ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.

ડૉ. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

ડૉ. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ૨. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.

તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રા.ક.ના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૫૪,૩૦,૮૯,૦૦૦ /-ની માગણી ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી ભાવેશભાઇ બા. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૮-૨૦૧૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂવાર, તા. ૧૫-૩-૨૦૧૮ (છઠ્ઠો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ગૃહ વિભાગ<br>માગણી નં ૪૨ | | | | |
| ૧ | ૨૦૫૨ - સચિવાલય ... સેવાઓ<br>૦૯૦ - સચિવાલય<br>૦૧ - G E S - 23 ગૃહ વિભાગ<br>રૂ. ૧૫,૧૫,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨,પાના નં. ૧૫ અને ૧૬ | ૧૦૦ | પોલીસ તંત્રના આધુનિકીકરણ માટે ફળવાતી રકમનો યોગ્ય ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી (સુનિલભાઇ ગામીત) |
| ૨ | - - " - - | ૧૦૦ | પોલીસ દળમાં ખાલી પડેલ જગ્યાઓ પૂરા પગારથી ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અક્ષયકુમાર પટેલ (મોહનસિંહ રાઠવા) |
| ૩ | - - " - - | ૧૦૦ | ગુજરાત પોલીસ પાસે સત્તાવાર કોઇ ફ્લેગ નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઇ કોટવાલ (નથાભાઇ પટેલ) |
| ૪ | - - " - - | ૧૦૦ | પોલીસ પાસે પૂરતા સાક્ષી/પુરાવા હોવા છતાં રાજકીય માર્ગદર્શન/દબાણ હેઠળ પોલીસ ખોટા નિર્ણયો લે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુખરામભાઇ રાઠવા (ગેનીબેન ઠાકોર) |
| ૫ | - - " - - | ૧૦૦ | પોલીસ તંત્રમાં થતો રાજકીય હસ્તક્ષેપ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા (અલ્પેશ ઠાકોર) |
| ૬ | - - " - - | ૧૦૦ | અનામત આંદોલન પછી સરકાર દ્વારા કેસો પાછા ખેંચવાની જાહેરાત કર્યા પછી હજુ સુધી કેસો પરત ખેંચવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ (કીરીટકુમાર પટેલ) |
| ૭ | - - " - - | ૧૦૦ | નવા જેલ મેન્યુઅલ તૈયાર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર (ચંદનજી ઠાકોર) |
| ૮ | - - " - - | ૧૦૦ | મહિલા સુરક્ષા સમિતિની બેઠકો નિયમિત મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત (કાંતિભાઇ પરમાર) |
| ૯ | - - " - - | ૧૦૦ | રાજ્યની સ્થાપનાથી લઇને આજદિન સુધી પોલીસ ઓળખથી વંચિત છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ (સંતોકબેન આરેઠીયા) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | --"-- | ૧૦૦ | પોલીસ દ્વારા આંતરિક સુધારણાની કાર્યવાહી સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઇ ખરાડી (પ્રદ્યુમનસિંહ જાડેજા) |
| માગણી નં ૪૩ | | | | |
| ૧૧ | ૨૦૫૫ – પોલીસ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧–MEP –30 પોલીસ...મહાનિરીક્ષક<br>રૂ. ૨૩,૭૦,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨,પાના નં.૨૨ અને ૨૩ | ૧૦૦ | પોલીસ દરોડામાં બુટલેગરો પાસેથી પૈસા લેતાં પોલીસ અધિકારીઓ સામે તાકીદે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | ડો. સી.જે.ચાવડા (ભરતજી ઠાકોર) |
| ૧૨ | --"-- | ૧૦૦ | પોલીસ કર્મીઓના પડતર પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (ડો. આશા પટેલ) |
| ૧૩ | --"-- | ૧૦૦ | રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોની કામગીરી ઉપર ચાંપતી નજર રાખવામાં તંત્રની નિષ્ફળતા | ડો.અનિલ જોષિયારા (સંજયભાઇ સોલંકી) |
| ૧૪ | --"-- | ૧૦૦ | જર્જરિત પોલીસ આવાસોની મરામત કામગીરી સત્વરે હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી (અક્ષયકુમાર પટેલ) |
| ૧૫ | --"-- | ૧૦૦ | ઉચ્ચ પોલીસ અધિકારીઓની ગેરરીતિ સામે ઝડપી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત (અનંતકુમાર પટેલ) |
| ૧૬ | ૨૦૫૫ – પોલીસ<br>૧૦૧ – ગુના ....તકેદારી<br>૦૪ – ગુના .... ગાંધીનગર<br>રૂ. ૨,૭૯,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨, પાના નં. ૨૮ થી ૩૩ | ૧૦૦ | વિવિધ ગુનાઓની નોંધણીની વિગતો સમયસર વેબસાઇટ ઉપર મૂકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (નૌશાદજી સોલંકી) |
| ૧૭ | --"-- | ૧૦૦ | ગુનાવિષયક કોમ્પ્યુટર સેન્ટરમાંથી સચોટ માહિતીઓ મળે તેવી કાર્યવાહી હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઇ કોળીપટેલ (ધવલસિંહ ઝાલા) |
| ૧૮ | ૨૦૫૫ – પોલીસ<br>૧૦૯ – જિલ્લા પોલીસ<br>૦૧ – MEP - 6 જીલ્લા ... ખુદ<br>રૂ. ૨૦,૭૫,૮૪,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨,પાના નં.૩૭ અને ૩૮ | ૧૦૦ | રીઢા ગુનેગારોને વહેલા જામીન મેળવી આપનાર જવાબદાર પોલીસો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઇ જોષી (પરસોત્તમ સાબરિયા) |
| ૧૯ | --"-- | ૧૦૦ | દારૂબંધીના કાયદાનું પાલન કરાવનાર પોલીસ કર્મીઓ જ દારૂ પીતા પકડાય છે તેઓની સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઋત્વિકભાઇ મકવાણા (જવાહરભાઇ ચાવડા) |
| ૨૦ | --"-- | ૧૦૦ | પોલીસ તંત્રને હાઇટેક સાધનો ફાળવવા છતાં તેનો યોગ્ય ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા (રાજેશભાઇ ગોહિલ) |
| ૨૧ | --"-- | ૧૦૦ | ખાનગી વાહનોની સાથોસાથ સરકારી વાહનોમાંથી પણ ડાર્ક ફીલ્મ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે.વી.કાકડિયા (ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| ૨૨ | --"-- | ૧૦૦ | બુટલેગરો દ્વારા જાહેરમાં પોલીસ કર્મીઓને માર મારવાના અને હુમલાના થયેલ બનાવો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમરિષભાઇ ડેર (ચિરાગભાઇ કાલરિયા) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩ | – – " – – | ૧૦૦ | આમ જનતા દ્વારા દારૂ–જુગારના અડ્ડાની જાણ કરાયા છતાં પણ પોલીસ રેડ પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઇ ઠુંમર (મોહનલાલ વાળા) |
| ૨૪ | ૨૦૫૫ – પોલીસ<br>૧૦૯ – જિલ્લા પોલીસ<br>૦૧ – MEP - 6 જીલ્લા ... ખૂદ<br>રૂ. ૨૦,૭૫,૮૪,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨, પાના નં.૩૭ અને ૩૮ | ૧૦૦ | અસરકારક પોલીસ પેટ્રોલિંગ ના અભાવે ધોળા દિવસે દુકાનો–ઘરના તાળા તૂટે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ (વલ્લભભાઇ ધારવિયા) |
| ૨૫ | – – " – – | ૧૦૦ | પોલીસ તંત્ર દ્વારા થતી નાણાંકીય લેવડ–દેવડને કારણે જાહેર જગ્યાઓનો વાહન પાર્કિંગ માટે ગેરકાયદેસર રીતે થતો ઉપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઇ માડમ (વિમલભાઇ ચુડાસમા) |
| ૨૬ | – – " – – | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં ગુનાની નોંધણી ન થાય તે માટે થતી નાણાકીય લેવડ–દેવડ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઇ બારડ (લલીતભાઇ કગથરા) |
| ૨૭ | – – " – – | ૧૦૦ | બુટલેગરો પકડાયા પછી જામીન અરજી વખતે બુટલેગરોના અગાઉના રેકોર્ડની નોંધ થતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઇ બાવળિયા (લાખાભાઇ ભરવાડ) |
| ૨૮ | ૨૦૫૫ – પોલીસ<br>૧૦૯ – જિલ્લા પોલીસ<br>૦૩ – MEP –16 રાજ્ય...શાખા<br>રૂ. ૫,૫૦,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨, પાના નં. ૩૭ થી ૪૧ | ૧૦૦ | ટ્રાફિક પોલીસની પાયાની સમસ્યાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા (મહમદજાવીદ પીરઝાદા) |
| ૨૯ | – – " – – | ૧૦૦ | આયોજનના અભાવે અને ભ્રષ્ટાચારના કારણે સર્જાતી ટ્રાફિકની સમસ્યાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા (લલીત વસોયા) |
| ૩૦ | ૨૦૫૫ – પોલીસ<br>૧૦૯ – જિલ્લા પોલીસ<br>૦૬ – પોલીસ ... અમદાવાદ<br>રૂ.૫,૧૯,૪૦,૩૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨, પાના નં. ૩૭ થી ૪૫ | ૧૦૦ | શહેરમાં બુટલેગરોની ધાક કાયમી ધોરણે બંધ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૩૧ | – – " – – | ૧૦૦ | દરેક પોલીસ કર્મીને નોકરીમાં પોઇન્ટ સ્થળો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| *૩૨ | – – " – – | ૧૦૦ | અમદાવાદ પોલીસ કમિશ્નરના તાબાના પોલીસ સ્ટેશનોનો કથળેલો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૩૩ | – – " – – | ૧૦૦ | અમદાવાદ શહેરની પોલીસ રસ્તા ઉપર ઓછી અને પોલીસ સ્ટેશનોમાં વધુ દેખાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ |
| | | માગણી નં ૪૪ | | |
| *૩૪ | ૨૦૫૬ – જેલ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – MEP –22 જેલ મહાનિરીક્ષક<br>રૂ. ૨૨,૬૩,૭૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨, પાના નં. ૬૬ અને ૬૭ | ૧૦૦ | મહિલા કેદીઓને શિક્ષણ અને કોમ્પ્યુટર શિક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૫ | — — " — — | ૧૦૦ | મહિલા કેદીઓ માટે જેલમાં મહિલા પોલીસ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુરેશકુમાર પટેલ |
| *૩૬ | ૨૦૫૬ – જેલ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – MEP –22 જેલ મહાનિરીક્ષક<br>રૂ. ૨૨,૬૩,૭૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨, પાના નં. ૬૬ અને ૬૭ | ૧૦૦ | કેદીઓને જેલમાં હરવા–ફરવા માટેની છુટ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રતાપ દુધાત |
| ૩૭ | — — " — — | ૧૦૦ | મહિલા કેદીઓ સાથે ખરાબ વર્તન કરતા પોલીસ કર્મીઓ સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાળાભાઇ ડાભી |
| ૩૮ | — — " — — | ૧૦૦ | કેદીઓ પાસેથી મળતી પ્રતિબંધિત વસ્તુઓ સંદર્ભે ઊંડાઇથી તપાસ કરાવી, વસ્તુ પહોંચાડનાર સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભાવેશભાઇ કટારા |
| *૩૯ | — — " — — | ૧૦૦ | જેલમાં નિયમિત ચેકીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કનુભાઇ બારૈયા |
| ૪૦ | — — " — — | ૧૦૦ | પોલીસ જાપ્તામાંથી કેદીઓ છૂટી જાય છે તેના જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા (શીવાભાઇ ભુરીયા) |

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગનું જે બજેટ રજૂ થયું છે એમાં મારો વિરોધી સૂર પુરાવું છું. એટલા માટે કે આ સરકાર અને આ ગૃહ ખાતું રાજ્યમાં રાજ્યની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે એવા જે કુકર્મો થયા અને ગુજરાતની પ્રતિષ્ઠાને હાનિ કરતા દુષ્કૃત્યો થયા એના માટે કમિશનોની રચના પણ કરી. કારણ કે જે તે વખતે પ્રજાનો રોષ ભભૂકી ઉઠ્યો એટલે કમિશનો રચવાની ફરજ પડી અને કમિશનો રચ્યા. એમ.બી.શાહ કમિશન હોય, નલિયાકાંડ થયો હોય, સામૂહિક રેપ થયો હોય અને કમિશન રચાયું હોય, આશારામને ત્યાં બે બાળકોનો બલિ ચડ્યો હોય એનું કમિશન રચાયું હોય. કચ્છના સફેદ રણમાં એક દીકરીની જાસૂસી થતી હોય. ડી.એસ.પી. કક્ષાના અધિકારી એની જાસૂસી કરતા હોય એના માટે કમિશન રચાયું હોય. પણ દલિતો ઉપર અત્યાચાર, મધ્ય યુગને પણ શરમાવે એવો અત્યારચાર થયો હોય અને એના માટે કમિશન રચાયું હોય, આ બધા કમિશનો રચાયા પણ એ કોઇ કમિશનનો રિપોર્ટ નથી જાહેર થતો, નથી વિધાનસભાના ટેબલ ઉપર મૂકાતો કે નથી એક્શન ટેકન રિપોર્ટ જાહેર થતો. પણ જે તે વખતે પ્રજાનો ભભૂકેલો રોષ ફક્ત શાંત પાડવો અને પછી એની પાછળ કોઇ પગલાં નહીં લેવા. એટલે ગૃહ ખાતું નિષ્ફળ ગયું છે. સમગ્ર દેશમાં ન બન્યું હોય એવું ગુજરાતમાં બન્યું છે. ગાંધી અને સરદારનું ગુજરાત, ઇન્દુલાલ યાજ્ઞિક અને રવિશંકર મહારાજનું ગુજરાત અને એ ગુજરાતમાં એક સમય હતો કે એક પણ મોટો ગુનેગાર, એક પણ વોન્ટેડ આરોપી ગુજરાત રાજ્યમાં ફરી શકતો ન હતો. પણ આ રાજ્યમાં એક સમય એવો પણ આ રાજ્યની પ્રજાએ જોયો કે પોલીસ કોન્સ્ટેબલ, પી.આઇ., પી.એસ.આઇ., ડી.વાય.એસ.પી., ડી.એસ.પી., ડી.આઇ.જી., ડી.જી.પી. અને આ રાજ્યના ગૃહમંત્રીને પણ જેલમાં જતા જોયા. આ રાજ્યમાં તમામ ગૃહ ખાતુ જેલમાં અને તમામ દોષિતો અને ગુનેગારો ગેલમાં એવી પરિસ્થિતિ ગાંધીના ગુજરાતમાં સર્જાઇ છે. માનનીય ગૃહમંત્રી અને આ સરકાર કહે છે કે ગુનેગારોને પકડવા સ્ટ્રોંગ વિલ જોઇએ. ચૂંટણીઓમાં ઘણી બધી જાહેરાતો થઇ કે અમારી સરકારને બેસવા દો, અમે દાઉદને પાતાળમાંથી પકડી લાવીશું અને દાઉદને આ દેશની જેલમાં રજૂ કરીશું. ક્યાં ગયું સ્ટ્રોંગ વિલ? ક્યાં પંકચર પડ્યું? વાતો કરતા હતા દાઉદને પકડવાની અને જ્યારે જુઓ ત્યારે હાર્દિકને પકડી પકડીને જેલમાં મૂકવાનો? મારે આ સરકારને વાત કરવી છે કે તમે નિર્દોષ ખેડૂતોના પુત્રો ઉપર, કોઇપણ પ્રજા, કોઇપણ સમાજ પોતાના પ્રશ્નો આંદોલન દ્વારા રજૂ કરી શકે અને જ્યારે આંદોલનો થાય ત્યારે સમજાવટથી સરકારે કૂનેહપૂર્વક રસ્તો કાઢવો એ સરકારની ફરજ છે. આ રાજ્યમાં ખેડૂત પુત્રો ઉપર ગોળીબાર થતા હોય અને આ નિર્દોષ ખેડૂતના પુત્રો શહિદ થતા હોય ત્યારે આ ગૃહ ખાતું કેટલા અંશે સફળ કહેવાય?

તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

સભાપતિશ્રી (ડો. નીમાબેન આચાર્ય) અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ભૂલી ગયા હતા અંગ્રેજોને, આપણે ભૂલી ગયા હતા જનરલ ડાયરને. આ ગુજરાતના ગૃહ ખાતાએ ફરીથી ગુજરાતમાં જનરલ ડાયર શબ્દ વપરાતો કર્યો. ચૂંટણીઓ આવી ત્યારે વચનો આપી દીધા અને કહી દીધું કે અમે નિર્દોષ ૭૮ હજાર લોકો પર દેશદ્રોહના જે કેસ કર્યા છે એ પરત ખેંચી લઇશું. ચૂંટણીઓ પૂરી થઇ ગઇ. તમારા ઉપર વિશ્વાસ મૂક્યો પણ આજે તમે વિશ્વાસભંગ કર્યો છે. કેટલા કેસો પાછા ખેંચાયા એનો જવાબ આજે ગુજરાતની પ્રજા તમારી પાસો માગી રહી છે. આપ તો કહેતા હતા કે એક માથું પાકિસ્તાન કાપીને લઇ જશે તો અમે ૧૦ માથા કાપીને લાવીશું. આખા વિશ્વમાં આ વાત પહોંચાડી કે હવે અમે પાકિસ્તાનની દાદાગીરી સહેજ પણ નહીં ચાલવા દઇએ. આપણે રોજ ન્યૂઝ પેપરમાં અને ટી.વી.માં જોઇએ છીએ કે કેટલાય માથા કપાય છે. સૈનિકો શહિદ થઇ રહ્યા છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચા ગુજરાત રાજ્યના ગૃહ વિભાગની ચાલે છે કે કેન્દ્રના ગૃહ વિભાગની ચાલે છે?

ડો. સી. જે. ચાવડા : પાકિસ્તાનની સરહદ ગુજરાતને અડે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ગુજરાત રાજ્યના ગૃહ વિભાગની વાત કરીએ છીએ. કેન્દ્રની નથી કરતા.

સભાપતિશ્રી: ચાવડાભાઇ, ગુજરાતના મુદ્દા હોય એની વાત કરો. આપના વિસ્તારમાં કંઇ જરૂરિયાત હોય એની વાત કરો.

ડો. સી. જે. ચાવડા : ગુજરાતની ચૂંટણીમાં આપણે સરક્રીકની, પાકિસ્તાનની, ચાઇનાની સરહદની વાતો કરતા હતા. આજે ચાઇના સરહદ ઉપર ડોકલામ ઉપર ચાઇનાની પોલીસ ચોકી બની ગઇ આપણે શું કર્યુ? ૫૬ ઇંચની છાતી અને સ્ટ્રોંગ વિલ જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, શરમાવા જેવી બાબત છે. (અંતરાય)

સભાપતિશ્રી : આપના ગુજરાત વિષેના સૂચનો અને જે કાંઇ વાત કરવી હોય એ કરોને પ્લીઝ. (અંતરાય) નિરંજનભાઇ આપનો વારો આવે ત્યારે બોલજો.

ડો. સી. જે. ચાવડા : ૫૬ ઇંચની છાતીની વાત (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ચર્ચાઓ માગણીઓ ઉપર ગૃહ વિભાગની છે ને?

સભાપતિશ્રી : બિલકૂલ. (અંતરાય) આપ માગણીઓ ઉપરની ચર્ચા વિષે જ બોલો.

ડો. સી. જે. ચાવડા : ગૃહ ખાતું, ગુજરાતમાં બનતા બનાવો, ગુજરાતમાં બનતા અણબનાવો, સામૂહિક બળાત્કારો, ગુજરાતની દીકરીઓની થતી જાસૂસી, ગુજરાતના લોકો લૂંટાઇ રહ્યાં છે, લૂંટ અને ધાડ થઇ રહી છે, શાહુકારો લોકોને લૂંટી રહ્યાં છે, સામૂહિક આત્મહત્યાઓ થઇ રહી છે, ધાડ–લૂંટ કે ફરિયાદ જેવું સંભળતાનું નથી. એટલા માટે આજે ગુજરાત અને દેશની પણ ચિંતા કરવી પડે છે. કારણ કે ગુનાખોરી ગુજરાતમાંથી દેશમાં પણ જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વાત કરું, ગુજરાતની વાત કરું અમારા એક સિનિયર ધારાસભ્યની વાત કરું. જેના ઘરના આંગણે સીસીટી.વી. કેમેરા મૂકેલા છે. આ સીસીટી.વી. કેમરા તૂટી જાય છે, કોઇ રાજકીય વ્યક્તિ તોડી જાય છે. માનનીય ધારાસભ્યશ્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપે છે કે મારા કેમેરા તોડી ગયા. બીજી વખત મારા કેમેરા ચોરી ગયા. એ એના સીસીટી.વી.ના ફુટેજ રજૂ કરે છે કે કોણ ગુનેગાર છે, કોને પકડવા પાત્ર છે, જાણવા જોગ ફરિયાદ લે છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે ત્રણ મહિના થયા એની કોઇ તપાસ થતી નથી. ગુનેગારોને છૂટોદોર અપાય છે શાના કારણે? ધારાસભ્યશ્રીએ રૂબરૂ જઇને માનનીય ગૃહ મંત્રીશ્રીનું પણ ધ્યાન દોર્યું છતાં આ વસ્તુને સહેજ પણ ગંભીરતાથી લેતા નથી. માનનીય ગૃહ મંત્રીશ્રીને ધન્યવાદ આપું છું. એ કહેતા હતા કે, માનનીય રૂપાણી સાહેબે ૬ ફૂટનો આવડો મોટો ગૃહ મંત્રી મૂક્યો છે કોઇ ચિંતા કરવાની જરૂર નથી. એમને અભિનંદન અને ધન્યવાદ પણ આપું છું કે કુદરતે એમને ૬ ફૂટની ઉંચાઇ આપી છે પણ તમને ૬ ફૂટ ઉપર દેખાય છે ૬ ફૂટ નીચે શું બની રહ્યું છે એ તમારે જોવાની જરૂર નથી? જે ગુનાઓ થઇ રહ્યાં છે એ ૬ ફૂટની નીચે નલિયામાં ક્યાંક આપણી દીકરી ઉપર સામૂહિક બળાત્કારો થઇ રહ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આવા ગુનાઓને રોકવા માટે આપણે સ્ત્રી સશક્તિકરણની વાતો કરીએ છીએ પણ ગુનાઓ રોકવામાં આ તંત્ર નિષ્ફળ ગયું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ધારાસભ્ય બન્યો એ પહેલા ડેપ્યુટી કલેક્ટર હતો. પહેલા હું વેટરનરી સર્જન હતો. પશુચિકિત્સા અધિકારી હતો. આ ગૃહનું ધ્યાન દોરવા માગુ છું કે, કયા શબ્દો કોના માટે વપરાય. માનનીય અધ્યક્ષશ્રી, હાથી હોય એની જે છાતી છે એ ૧૨૦ ઇંચની હોય છે, ઊંટ હોય એની છાતી ૯૬ ઇંચની હોય છે, ઘોડાની છાતી ૭૦ ઇંચની હોય છે, •(×××). (અંતરાય) માણસની છાતી વધુમાં વધુ ૩૬ ઇંચ હોય છે. એટલે ૩૬ ઇંચની વાતો કરો તો શોભાસ્પદ છે અને ૩૬ ઇંચની છાતી ફૂલાવીને વાત કરજો કે ૩૬ ઇંચના અમે બેઠા છીએ, ગૃહખાતું બેઠું છે એ ગુજરાત રાજ્યને આંચ નહિ આવવા દે. એ વાતો કરનારા લોકોને મારે ચેતવવા છે. આજે પોલીસતંત્ર તમે જ્યાં જુઓ ત્યાં દારૂની રેલમ–છેલ થઇ રહી છે. દારૂબંધીની વાત કરતા હતા. દારૂબંધીના કડક અમલની વાત કરી છીએ, ગાંધી–સરદારના ગુજરાતની વાત કરીએ છીએ, ઇન્દુલાલ યાજ્ઞિક અને રવિશંકર મહારાજની વાતો કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આજે દરેક જિલ્લામાંથી કેટલો દારૂ પકડાયો એ એક જગ્યાએ ભેગો કરવામાં આવેને અને એક ડેમમાં નાખવામાં આવેને તો હાલ નર્મદામાં જેટલું નીર વધ્યું છેને એના કરતા દારૂનો

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જથ્થો વધારે છે. એ પરિસ્થિતિનું નિર્માણ થાય છે ત્યારે ગૃહખાતું કેવું બોલે છે? તો બોલે છે કે અમને ગૌરવ છે કે અમારા પોલીસે કેટલો દારૂ પકડ્યો પણ તમને એય દુઃખ નથી થતું કે તમારા પોલીસે કેટલો દારૂ ગુજરાતમાં ઘૂસવા દીધો?

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, તમામ ક્ષેત્રે દારૂબંધીની વાત હોય, કાયદો અને વ્યવસ્થાની વાત હોય, લૂંટ અને ધાડની વાત હોય, અપહરણની વાત હોય, બાળકોના અપહરણની વાત હોય, મહિલા ઉપરના અત્યારની બાબત હોય, દુષ્કર્મની બાબત હોય, હત્યાકાંડની બાબત હોય તમામ બાબતોમાં સરકાર આંખ આડા કાન કરે છે અને કોઇ જગ્યાએ ગુનેગારોને છાવરી રહી છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા ગૃહખાતાનું ધ્યાન દોરવા માગુ છું કે, આ બધું કરવા માટે તમારું પોલીસતંત્ર પણ સજ્જ જોઇશે. પોલીસ તંત્રમાં જગ્યાઓ ખાલી ના ચાલે. આઉટ સોર્સિંગથી તમે બીજા બધા ખાતામાં ભરતી કરો છો પણ પોલીસ તંત્રમાં તાત્કાલિક ટાઇમસર જાહેરાતો પાડીને કોન્સ્ટેબલથી માંડીને, ડી. જી. પી. સુધી ફૂલચાર્જમાં જગ્યાઓ ભરાયેલી હોવી જોઇએ અને તો જ આ ગુજરાતની પ્રજાનું તમે રક્ષણ કરી શકશો. માનનીય અધ્યક્ષશ્રી, આઉટ સોર્સિંગ, આઉટ સોર્સિંગ. શું આઉટ સોર્સિંગ? તો *(×××) શું કામ નથી લાવતા? તમારે ભરતી જ કરવી છે આઉટ સોર્સીંગથી તો રોજગાર, એમ્પ્લોટમેન્ટ કચેરીમાં ૩૦ લાખ લોકો બેકાર બેઠા છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચાવડાજી જે બોલ્યા *(×××) મંત્રીમંડળ એ બંધારણીય સંસ્થા છે. એનું અપમાન કરવું, એના વિશે ટીકા કરવી, બીજું તમે જે ઘણું બોલ્યા છો, અમે સાંભળ્યું છે પણ મંત્રીમંડળ હોય, ગવર્નર હોય, રાષ્ટ્રપતિ હોય કે નાના ગામનો સરપંચ હોય ઇવન એના માટે પણ ઘસાતુ બોલવું એ યોગ્ય નથી. એ શબ્દો રેકર્ડ ઉપરથી રદ કરાય એવી મારી વિનંતી છે.

સભાપતિશ્રી : ચાવડાભાઇના શબ્દો રેકર્ડ ઉપરથી દુર કરવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર નીતિનભાઇએ ઉપસ્થિત કર્યો છે. આમ પણ આપના મારફત હું નીતિનભાઇને પૂછવા માગું છું કે તમારું આ સરકારમાં ચાલે છે કયાં? તમારે પણ દિલ્હીથી સૂચનાની રાહ જોવી પડે છે. જે કીધું ઇ ખોટું શું કીધું છે?

સભાપતિશ્રી : એની તમે ચિંતા ન કરો. માનનીય જગદીશભાઇ પંચાલ.

શ્રી જગદીશ પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા બાહોશ ગૃહમંત્રીશ્રી અનુદાનની માગણી ૪૨, ૪૩ અને ૪૪ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા ઉભો થયો છું. પ્રબળ ઇચ્છાશક્તિથી ચાલતો આ ગૃહ વિભાગ અને ગમે તેવા ચમરબંધીને પણ ચલાવી ન લે એવા આ ગૃહ વિભાગની માગણીઓ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. શાંતિ, સલામતિ, સુરક્ષા એટલે ગુજરાત રાજય. સમગ્ર દેશની અંદર એક આગવું ઉદાહરણ પૂરું પાડતું આ રાજય છે. મને આજે ગર્વ થાય છે કે એક સમયે આ રાજયના ગૃહમંત્રી તરીકે અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ પણ રહી ચૂકયા છે અને એવા જ બીજા બાહોશ ગૃહમંત્રી તરીકે પ્રદિપસિંહ જાડેજા પણ છે. અને જયારે આવા બાહોશ ગૃહમંત્રી રાજયને મળ્યા હોય ત્યારે કોઇપણ ચમરબંધીને નહીં ચલાવી લેવાથી અમારું ગૃહ રાજય સરખી રીતે ચાલી રહ્યું છે. કાયદો અને વ્યવસ્થા હોય તો ગુજરાત પ્રથમ છે. સુરક્ષા અને સલામતિ હોય તો ગુજરાત પ્રથમ છે. મહિલાઓ અને બાળકોનું રક્ષણ હોય તો ગુજરાત પ્રથમ છે. યુવકોની સલામતિ હોય તો ગુજરાત પ્રથમ છે. વરિષ્ઠ નાગરિકોની સલામતિ હોય તો ગુજરાત પ્રથમ છે. ઘરઆંગણે નાગરિકોને સલામતિ મળી રહે એ માટે ગુજરાત પ્રથમ છે. ટ્રાફિકની બાબત હોય તો ગુજરાત પ્રથમ છે. હાઇવે ઉપરના ટ્રાફિકની બાબત હોય તો ગુજરાત પ્રથમ છે. મને ગર્વ છે કે ગુજરાત રાજયની અંદર જે રીતે સમગ્ર રાજયમાંથી સ્વરોજગાર માટે, ધંધા માટે, નોકરી અર્થે બીજા બધા રાજયોમાંથી માઇગ્રેશન થઇને લોકો આવે છે ત્યારે મારે કોંગ્રેસના લોકોને પૂછવું છે કે શા માટે લોકો ગુજરાતને પસંદ કરે છે? શા માટે અમદાવાદને પસંદ કરે છે? કારણ કે ગુજરાતની અંદર રોજગારી મળી રહે છે. ગુજરાતની અંદર રોજીરોટી મળી રહે છે. ગુજરાતની અંદર શાંતિ, સલામતિ અને સુરક્ષા મળી રહે છે. જયારે આવા બાહોશ ગૃહમંત્રી મળ્યા હોય, જયારે આવા બાહોશ મુખ્યમંત્રી મળ્યા હોય એટલે ગુજરાતની અંદર એ લોકોને ખૂબ લોકચાહના મળી રહી છે. નાયબ મુખ્યમંત્રી અને અમારા નાણામંત્રી એ એટલા ચતુર છે, એ ચાણકયને પણ શોભાવે એવા પદવાળા હોંશિયાર નાણામંત્રી ગુજરાત રાજયને આજે મળ્યા છે. એની તુલનામાં કોંગ્રેસમાં કદાચ કોઇપણ વ્યક્તિ નથી આવતી. મને આનંદ થાય છે કે આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનો હું સભ્ય છું. મારે ખેદ સાથે કહેવું પડે છે કે ૨૦૧૭ના ઇલેકશનની અંદર ચોકકસ પાર્ટીઓ દ્વારા એક સૂત્ર બનાવવામાં આવ્યું હતું, નવસર્જન આવે છે, કોંગ્રેસ આવે છે, નવસર્જન આવે છે. ખૂબ દુઃખ થાય છે. આ ૧૮૨ ધારાસભ્યોને જે દુઃખ થયું છે એના કરતા પણ વધારે દુઃખ ગુજરાતની ૬.૫ કરોડ જનતાને થયું છે કાલે આ લોકશાહીના મંદિરમાં જે ઘટના બની છે એ ઘટના આ લોકશાહીના મંદિરમાં ન બનવી જોઇએ. ગુજરાતની જનતાએ એ નવસર્જન જોયું છે, આ કોંગ્રેસનું નવસર્જન જોયું છે, આ ઘટનાને કદાચ ગુજરાતની જનતા કયારેય માફ નહીં કરે. ગુજરાત રાજયની અંદર હું માત્ર સિદ્ધિઓની વાત કરું કે અમારા ગૃહ વિભાગની જે સિદ્ધિઓ છે અત્યાર સુધીમાં ૧૦૪૦ મહિલાઓ જે નાનામોટા દારૂના વ્યવસાયમાં જોડાયેલી હોય એને અમારા ગૃહ વિભાગ દ્વારા સારી નોકરી કે ધંધો મળી રહે, શાકની લારી, બ્યુટીપાર્લર, સિવણ કલાસ આ બધામાં જોડી અને એ મહિલાઓનું ઘર વસે અને રોજગારી પૂરી પડે એ પ્રકારના કામો કર્યા છે. ૯૨૦૦ કરતા વધુ મહિલાઓને ૧૦૯૧ હેલ્પલાઇન દ્વારા અમારા ગૃહ વિભાગે મદદ કરી છે. ૭૫,૦૦૦ મહિલાઓ, કિશોરીઓને પોતાના સ્વ રક્ષણ માટે આર્ટ માર્શલ

જેવી તાલીમ આપવામાં આવી છે. ઘરેલું હિંસા, કૌટુંબિક હિંસા હોય આના માટે ગૃહ વિભાગ એકદમ કટિબદ્ધ રહ્યું છે. ૮૦,૦૦૦ કરતા વધુ બાળકોને વ્યસનમુકિત માટે પોલીસે પોતે અભિયાન કરીને આવા બાળકોને વ્યસન છોડાવવા માટેના પ્રયત્નો અમારી સરકાર કરી રહી છે. પોલીસ અને પ્રજા વચ્ચે મિત્રતા વધે એના માટે મેરેથોનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. સુખ, શાંતિ અને સલામતી જાળવવાની જવાબદારી આ ગૃહ વિભાગની છે, ત્યારે સરકારને જણાવવા માગુ છું અને આ ગુજરાતની પ્રજા વતિ સરકારનું ધ્યાન દોરું છું કે, ડર વગર જ્યાં જીવાય એવું ગુજરાત આપો, સુખ, શાંતિથી રહેવાય એવું ગુજરાત આપો, ના ખપે કેવળ વિકાસની ભ્રામક વાતો, વાસ્તવિક અમલ થાય તેવું ગુજરાત આપો, ના વાદવિવાદ, ના ભેદભાવ, ના ભ્રમણાવાળી, સૌનું હિત જોવાય તેવું ગુજરાત આપો, કૃષિ ઉદ્યોગોનો વિકાસ ને રોજીરોટી મળે, એકતા પરસ્પર જળવાય એવું ગુજરાત આપો, કુલડા ડૂબે ને પથ્થરો તરે એવું બને ના, મળે તમામને ન્યાય એવું ગુજરાત આપો. ભૂલકા ભણે ગણે અને નામ રોશન કરે, શિક્ષણ મૂલ્યો સચવાય એવું ગુજરાત આપો, પ્રવચનોમાં વચનો દીધા ને વિશ્વાસ જગાવ્યો, સ્મરણ રહે સદાય એવું ગુજરાત આપો, કંગાળો બિચારા ન્યાયને બસ પ્યાર પામે, જીવન ઉજ્જવળ થાય તેવું ગુજરાત આપો. આ કાવ્ય દેવકી ત્રી. થાનકીનું છે, જે સંપૂર્ણપણે ગૃહ વિભાગને લાગુ પડે છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન ગુજરાતમાં હતા, ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી જ્યારે ગુજરાતમાં હતા ત્યારે છાશવારે આંતકવાદી પ્રવૃત્તિઓ થતી અને આંતકવાદીઓ જુદા જુદા ખૂણેથી આવતા રહેતા. આ બંને મહાનુભાવો દિલ્હી ગયા પછી આંતકવાદીઓ ગુજરાતમાં આવતા બંધ થઇ ગયા. ગૃહ વિભાગ વિચારે કે એનાં કારણોમાં શું છે? સાબરમતી સુરંગકાંડ બન્યો. ટેરરીસ્ટો ગંભીર પ્રકારના ગુનેગારો આ સબરમતી જેલમાં સજા ભોગવતા હતા. આટલી મોટી સુરંગ ખોદાઇ ગયા પછી, આટલી મોટી વ્યવસ્થા હોવા પછી પણ આ સરકારને અને ત્યાં જે જવાબદારી સંભાળતા હતા, તેને કોઇને ખબર ન પડી? ગંભીર સવાલ એ છે કે એ વખતની સાબરમતી જેલના જેલ સુપ્રીન્ટેન્ડન્ટની જવાબદારીઓ હતી, આ સુરંગ કાંડ ખોદાયા પછી સરકારે તપાસ કરીને જવાબદારો સામે પગલાં લેવાની જવાબદારી હતી, તેના બદલે તે જેલ સુપ્રીન્ટેન્ડન્ટને આ સરકારે પ્રમોશનો આપ્યા, પછી કાયદા અને વ્યવસ્થાની અપેક્ષા રાખીએ છીએ, ત્યારે આપના મારફત ગુજરાતની જનતા જાણવા માગે છે કે જેલમાં સુરંગકાંડ પછી આજની તારીખે સરકારે તપાસ શું કરી છે? તપાસ કર્યા પછી તેની વિરુદ્ધ પગલાં શાં લીધાં? સી.સી.ટી.વી. કેમેરા, ટાવર હતા કે નહોતા? આ ગુજરાતની પ્રજા સંપૂર્ણપણે જાણવા માગે છે. ગૃહ મંત્રી આ ગૃહના રેકર્ડ ઉપર મૂકે કે તમે અત્યાર સુધી તપાસ કરી છે એમાં આજની સ્થિતિએ શું છે? આવા સ્વાભાવિક પ્રશ્નો ઊભા થાય. આમાં જે જેલમાં સજા ભોગવતા હતા તેને બહાર કાઢીને કોઇ ચૂંટણી જીતવાનું તો ષડયંત્ર નહોતું ને? એવા સવાલો ઊભા થાય છે. (અંતરાય) હકીકતો છે એ નહિ રહે, ભાઇ. સ્થિતિ એવી છે. સામાન્ય રીતે શીરસ્તો ચાલ્યો આવ્યો છે કે ૧૮૨ ધારાસભ્યો ચૂંટાયેલા પોતાનો મત વ્યક્ત કરે, પોતાની રજૂઆત કરે એ રજૂઆતને જ સ્વીકારીને રાજ્ય સરકારે આમાં આગળ તપાસ કરવી જોઇએ, પગલાં લેવાં જોઇએ. શીરસ્તો એવો થઇ ગયો છે સતત કોઇપણ ધારાસભ્ય રજૂઆત કરે તો પુરાવા આપો, પુરાવાઓ રેકર્ડ ઉપર મૂકો. આ સરકારે ધારાસભ્યોની વિશ્વસનીયતા ઉપર શંકા કરવી ઊચિત નથી. આ ઉચિત નથી. ધારાસભ્યો જે કંઇ રજૂઆત કરે તેને ગંભીરતાથી લઇ તેમાં તમારે આગળ વધવું જોઇએ. અત્યારે સ્થિતિ એવી છે કે ગાંધીનગરથી જે સૂચનાઓ આપવામાં આવે છે તેમાં સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓનો અવાજ નથી રહ્યો અને અધિકારીઓ હાવી થતા જાય છે. રાજ્ય સરકારને ગંભીરતાપૂર્વક હું ચેતવું છું કે, અસામાજિક પ્રવૃત્તિઓ ત્યારે જ ફૂલેફાલે કે અસામાજિક તત્વોની સાથે સંપૂર્ણપણે રાજય સરકારમાં કામ કરતા વહીવટી તંત્રનો સાથ અને સહકાર હોય, અને તો જ અસામાજિક પ્રવૃત્તિઓ બને તે સિવાય કયારેય આ શકય બને નહીં અને આ પ્રકારની પ્રવૃતિ બને નહીં. સ્થિતિ એવી છે કે, એફ.આઇ.આર. નોંધાય છે. •(xxx) જે એફ.આઇ.આર.

પોઇન્ટ ઓફ ઓર્ડર

ન્યાયાલયોની કામગીરીની ટીકા કરવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે *(xxx). ન્યાયાલયોની સંપૂર્ણ પ્રક્રિયામાં રાજય સરકારની સીધી કે આડકતરી રીતે દખલગીરી હોતી નથી. ન્યાયતંત્ર સ્વતંત્ર રીતે કામ કરે છે. તેના કારણે માનનીય સભ્યશ્રીના ન્યાયાલયો અંગેના શબ્દો આજના રેકર્ડમાંથી દૂર કરવામાં આવે.

સભાપતિશ્રી : આપના ન્યાયાલયની કામગીરી અંગેના શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે. ન્યાયાલય વિશે આપ આવી કોમેન્ટ કરી શકો નહીં.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : સાહેબ આપને લાગે તો કાઢી નાખો બાકી સમગ્ર દેશ...

સભાપતિશ્રી : આ શબ્દો દૂર કરવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : *(xxx)

સભાપતિશ્રી : આપના ન્યાયાલયો અંગના શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રેસ કોન્ફરન્સ કરી છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨૪, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

સભાપતિશ્રી : પુંજાભાઇ...

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : સાહેબ *(×××) તેની ટીકા ટિપ્પણમાં નથી પડવું.

સભાપતિશ્રી : પુંજાભાઇ ન્યાયાલય વિશેની ટીકાના આપના તમામ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હકીકત છે કે ગુનેગારોને મૉકળું મેદાન શા માટે મળે છે? જે એફ.આઇ.આર. પોલીસ સ્ટેશનમાં નોંધાય છે તે નોંધાયા પછી તે તમામને આપણે સજા અપાવી શકીએ છીએ ખરા? મોટાભાગના નિર્દોષ છૂટી જાય છે તેના કારણોમાં એફ.આઇ.આર. નોંધવી તે મહત્વની વસ્તુ છે. પોલીસ સ્ટેશનમાં એફ.આઇ.આર. કોણ નોંધે છે? જવાબદાર પી.એસ.આઇ. કે પી.આઇ. એફ.આઇ.આર. નથી નોંધતા. એ તો પી.એસ.ઓ. બેઠા હોય અને કોઇ ફરિયાદ કરવા આવે ત્યારે પી.એસ.ઓ. નોંધી લે ત્યારે આ ફરિયાદ યોગ્ય રીતે ન નોંધાવાના કારણે જે લોકો તહોમતદાર કે ગુનેગાર હોય છે તે કાયદાની ચુંગાલમાંથી છટકી જતા હોય છે અને નિર્દોષ છૂટતા હોય છે. ત્યારે ગૃહ વિભાગે આ બાબતમાં ગંભીર પ્રકારે વિચારવું પડે અને તેમાં પગલાં લેવા પડે. સી.જે. ચાવડાએ કાયદો અને વ્યવસ્થાની ઘણીબધી વાતો કરી.

સભાપતિશ્રી : આપના માટે બે મિનિટ છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, દારૂ, જુગાર, વરલી મટકા આ બધી જે પ્રવૃતિઓ ચાલે તે કોના આધારે ચાલે છે? છેલ્લા વર્ષોની અંદર જોવા જઇએ તો ધર્મના નામે તિરસ્કાર ફેલાવનારાઓના વધતા જતા પ્રભાવને કારણે સમાજમાં ન બનવા જેવા બનાવો બની રહ્યા છે અને તે દેશ અને રાજય માટે ચિંતાનો વિષય છે. ત્યારે હું રાજયના ગૃહ વિભાગને અને આ સરકારને ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવા માગુ છું. કીધા જે પાપ તેનું મનન હોવું જોઇએ, થોડું મનન કરીને વધુ રોવું જોઇએ. પહોંચે છે ગામેગામે અહીંથી જ ગંદવાડ, ગાંધીનગરને ગંગાજળે ધોવું જોઇએ. આ સરકાર ગંભીરતાપૂર્વક વિચારે. ગૃહમંત્રીશ્રીએ તો ગયા વખતના બજેટ સત્રની અંદર અમારે ત્યાં ઉનાની અંદર મોટા સમઢીયાળાનો એક બનાવ બન્યો હતો. એક દલિતકાંડ થયેલો ત્યારે પણ મેં ગૃહ વિભાગનું ધ્યાન દોરેલું. ત્યારે ગૃહમંત્રીશ્રી જે રીતે જવાબ આપતા હતા, જે રીતે તેમની બોડી લેંગ્વેજ હતી ત્યારે અમને પણ ઘણા પ્રકારનો અહેસાસ થયો હતો. એ અહેસાસ થયો હતો તે આજે આ ગૃહના રેકર્ડ પર મૂકવા માગુ છું. જે લોકો જેલમાં છે તે આજે પણ નિર્દોષ છે, તેની પાછળ કોણ હતા, કોણ ઉશ્કેરવામાં હતા, આ કૃત્ય કરવા માટે કોણ જવાબદાર હતા ત્યાં સુધી હજું તમે આજની તારીખે પણ પહોંચી શક્યા નથી. ત્યારે તેના નામે વાતો કરીને અલગ અલગ નિર્દોષ લોકોને ચઢાવી દેવાય, હમણાં હિમાચલપ્રદેશની અંદર એક બાળકી ઉપર બળાત્કાર થયો, તેના ઉપર કેસ થયા. ત્યાંની પોલીસે ડુપ્લીકેટ તહોમતદારોને પકડી લીધા. ત્યારપછી તેના લેબૉરેટરીના ટેસ્ટીંગ માટે ગુજરાતની લેબૉરેટરીમાં આવ્યું અને તેમણે સાચા તહોમતદારને પકડી દીધા તેવું ગૃહમંત્રીશ્રીએ કહ્યું છે. ત્યારે શ્રી હરેન પંડયાનું ખૂન થયું, તેના તહોમતદારોને પકડવામાં આવ્યા, હાઇકોર્ટે નિર્દોષ છોડયા તો સાચા તહોમતદારો કયાં છે?

સભાપતિશ્રી : પુંજાભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી હર્ષભાઇ સંઘવી.

શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રી ગૃહ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું વહાલું ગુજરાત. આ ગુજરાત રાજય જ્યારે ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે એમાં સિંહફાળો ગૃહ વિભાગનો છે ત્યારે અનેક મિત્રો ગુજરાત સરકારની જ્યારે વાતો લાવ્યા છે ત્યારે મારે કહેવું છે કે, પૂજ્ય ગાંધી બાપુની વાતોથી જ્યારે વાત ચાલુ કરી તો હું એમને યાદ અપાવવા માગુ છું કે, જયારે કોંગ્રેસનું રાજ હતું ત્યારે પૂજ્ય બાપુનું પોરબંદર શહેર છે એ પોરબંદરમાં એન્ટ્રી કરીએ ત્યારે, મેં એક લેખમાં વાચેલું કે, કોંગ્રેસનું રાજ હતું ત્યારે પોરબંદર શહેરમાં એન્ટ્રી મારીએ તો એવા બોર્ડ જોવા મળતા હતા કે ગુજરાત રાજયની હદ પૂરી થાય છે અને ગુંડાગીરીની હદ ચાલુ થાય છે. આ પ્રકારની પરિસ્થિતિમાં જયારે ગુજરાત રાજયનું સૂકાન સંભાળવાનો મોકો ભારતીય જનતા પાર્ટીને મળ્યો ત્યારથી શહેરમાં શાંતિ સ્થપાઇ છે, પહેલા કાયદો માત્ર કાગળ ઉપર હતો.

માનનીય અધ્યક્ષશ્રી, ડોકલામની વાત કરી, પાકિસ્તાનની વાત કરી ત્યારે હું યાદ અપાવવા માગુ છું કે, ભૂતકાળમાં ચાઇનાએ ભારત દેશની અનેક આપણી જગ્યાઓ ઉપર કબજો કરી લીધેલો. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં એક સ્વમાની સરકાર આવી, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને આદરણીય પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું નેતૃત્વ આવ્યું પછી આજે ડોકલામમાં ચાઇનાને રોકી લેવાનો અગર કોઇને શ્રેય જતો હોય તો અમારી સરકારને જાય છે. (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય વિક્રમભાઇ માડમ, આપ બેસી જાવ. પ્રવચન ચાલુ છે આપ બેસી જાવ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાનની વાતો કરી, પાકિસ્તાન તો છાસવારે આપણી સેના ઉપર હુમલો કરતું હતું અને અનેક આતંકવાદી હુમલા આપણી સેના ઉપર થતા હતા પણ આપણી સેના તરફથી એને જવાબ નહોતો આપવામાં આવતો પણ આ ભારતીય જનતા પક્ષની સરકાર આવી, આ નરેન્દ્રભાઇની સરકાર આવી ત્યારે સેનાને સામે હુમલો કરવાનો મોકો મળ્યો છે. (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય હર્ષભાઇ, આપ થોભો, પુંજાભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સી.જે.ચાવડા બોલતા હતા અને કેન્દ્ર સરકારની વાત કરતા હતા ત્યારે સંસદીય મંત્રીશ્રીએ પોઇન્ટ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે, (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય પુંજાભાઇ, આ એમની વાતનો જવાબ આપે છે, આપ બેસી જાવ. આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. (અંતરાય) માનનીય હર્ષભાઇ, આપ ગુજરાતની વાત કરો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇએ અનેક વાતો કરી, શ્રી સી.જે.ચાવડાજીએ અનેક વાતો કરી. માનનીય અધ્યક્ષશ્રી, ૬ ફૂટની વાતો કરી, ૫૬ ઇંચની વાતો કરી, માત્ર ૬ ફૂટ, ૫૬ ઇંચ નહીં, (અંતરાય) ૬ ફૂટના અમારા પ્રદિપસિંહજીએ આ જગન્નાથજીની યાત્રા, આ દેશની ચાર મોટી યાત્રા જ્યારે નીકળતી હતી ત્યારે આ જગન્નાથજીની યાત્રામાં ગુજરાતમાં કોઇ રાહદારીઓએ આવવું હોય, કોઇને સેવા કરવા આવવું હોય તો તપાસ કરવી પડતી હતી કે ગુજરાતમાં કરફ્યુ છે કે નહીં? પરંતુ અમારા ગૃહ મંત્રીશ્રીની હું વાત કરવા માગુ છું.(અંતરાય)

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બેસો, આપના સભ્યશ્રીઓને કહો બેસી જાય. મેં સૂચના આપી દીધી છે, મેં સૂચના આપી દીધી છે અને તેઓ માત્ર ગુજરાતની વાત કરે છે. (અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગૃહ મંત્રીશ્રીની હું વાત કરવા માગુ છું. આખી જગન્નાથપુરીની યાત્રા તેઓ પોતે ચાલીને, નિરીક્ષણ કરીને જો કોઇએ સલામત કર્યું હોય તો અમારા ગૃહ મંત્રીશ્રીએ કર્યું છે. (અંતરાય)

સભાપતિશ્રી : આપ બેસો, તેઓ માત્ર ગુજરાતની જ વાત કરે છે. આપ બેસો, માનનીય સી.જે. ચાવડા બોલતા હતા ત્યારે બધાએ બધું સાંભળ્યું છે, આપ પણ સાંભળો કેમ કે એની વાતનો જવાબ મળે તો સાંભળવો પડે આપણે. (અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું જણાવવા માગુ છું કે, (અંતરાય)

સભાપતિશ્રી : એક મિનિટ, એક મિનિટ માનનીય હર્ષભાઇ, હા બોલો આપ માનનીય પરેશભાઇ, આપનું શું કહેવું છે? વચ્ચે ના બોલો માનનીય પરેશભાઇને બોલવા દો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સન્માનીય સભ્યશ્રી પુંજાભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર રેઇસ કર્યો હતો, માનનીય સી. જે. ચાવડા જ્યારે વક્તવ્ય આપતા હતા ત્યારે માનનીય સંસદીય મંત્રીશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો અને અમારા સભ્યશ્રી આપની આજ્ઞાનું પાલન કરીને એ વખતે બેસી ગયા. માનનીય અધ્યક્ષશ્રી, આપ રુલિંગ આપો કે આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી એ વાત જુદી છે પણ માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો હોય અને આપે બોલવા માટે છૂટ આપી હોય ત્યારે પણ એ વખતે બીજા કોઇ સભ્યશ્રી આપની સૂચનાનું પાલન કરીને બેસે નહીં અને રાજય બહારની વાતો કરે એને એલાઉ કરવામાં આવે અને આજ ગૃહમાં ભૂતકાળમાં કેન્દ્ર સરકારની ટીકાઓ કરનારી સરકાર આજે કેન્દ્રમાં બેઠાં એટલે જવાબ આપતા ડરે એટલે પોઇન્ટ ઓફ ઓર્ડરથી ડસ્ટર લઇ અને રેકોર્ડ ઉપરથી શબ્દો ભૂંસાવે આ બેધારી તલવારે સરકારે ન ચાલવું જોઇએ, સરકાર કહે કે નહીં ચર્ચા કરવી તો અમને મંજૂર છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, આખી સમજફેર માનનીય પરેશભાઇને થાય છે, માનનીય પ્રદીપસિંહજીએ પોઇન્ટ ઓફ ઓર્ડર એ મુદ્દા ઉપર કર્યો કે માનનીય પુંજાભાઇએ એમ કહ્યું કે અત્યારે કોર્ટોના ગુનેગારો છૂટી જાય છે, કોર્ટમાં કામ થતું નથી માટે ..

સભાપતિશ્રી : એ બીજો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રદીપસિંહની વાત કરું છું, પ્રદીપસિંહજીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે આપ રેકર્ડ જોઇ લો, પરેશભાઇ રેકર્ડ જોઇ લોને, આપણે બન્ને અહીંયા બેઠાં છીએ, તમે રેકર્ડ જોઇ લો, પ્રદીપસિંહજીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર, કોર્ટોની ટીકા ના થાય, કોર્ટો આપણા હસ્તક નથી, કોર્ટો નામદાર હાઇકોર્ટના અંડરમાં કામ કરે છે એમ કહીને વાત કરી, માટે પોઇન્ટ ઓફ ઓર્ડર હતો, ભારત સરકાર વિશેની કામગીરીનો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નહોતો અને બેઠાં બેઠાં જ એમણે કહ્યું હતું.

સભાપતિશ્રી : માનનીય નીતિનભાઇ એમણે સી.જે. ચાવડાની વાત કરી છે આપે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપાડ્યો એની વાત કરે છે. (અંતરાય)

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ચાવડા સાહેબ બોલતા હતા એ વખતે મેં કહ્યું હતું કે આ ચર્ચા છે એ ગુજરાત રાજ્યની છે અને એમણે વાત કરી હતી કેન્દ્ર સરકારની, મેં મારા અધિકારનો ઉપયોગ કર્યો હતો અને માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય લીધો હતો, તમે તમારા અધિકારનો ઉપયોગ કરો માનનીય અધ્યક્ષશ્રી, નિર્ણય લેશે.

સભાપતિશ્રી : એકજ જણ બોલો તો કંઇક સંભળાય અને સમજાય.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ :માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ વાત કરવા માગું છું કે માનનીય ધારાસભ્ય શ્રી હર્ષભાઇ સંઘવી જે વાત કરે છે એમાં એમણે પાકિસ્તાનનો પણ ઉલ્લેખ કર્યો અને કેન્દ્ર સરકારની સેનાનો પણ ઉલ્લેખ કર્યો, સેના કેન્દ્ર સરકારમાં આવે છે, ગૃહ વિભાગની ચર્ચા અહીંયા થઇ રહી છે, ગુજરાતના પરવ્યુમાં રહે એ જ અમારી માગણી છે અને જે કોઇ શબ્દો એમણે રેકર્ડ ઉપર રજૂ કર્યા હોય એ દૂર કરવામાં આવે.

સભાપતિશ્રી : સી.જે. ચાવડાએ પણ કેન્દ્રની વાતો કરી હતી, એ વાતની પણ આપણે ના પાડી હતી, તમે માત્ર ગુજરાતની વાત કરો, કેન્દ્ર સરકારની વાત ના કરો. બસ એટલી જ વાત છે.

ફાલ્ગુન ૨૪, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એ ગુજરાતની જ્યારે વાત કરતા હતા, એ ગુજરાતના કાયદો અને વ્યવસ્થાની વાત કરતા હતા, આપણે જગન્નાથજીની રથયાત્રાની વાત કરીએ તો એમાં દેશમાંથી અને વિદેશમાંથી અનેક લોકો સામેલ થવા માટે અમદાવાદ આવવાનું હોય તો પુછવું પડતું હતું કે અમદાવાદની અંદર કરફ્યુ છે કે નહિ? પરંતુ અમારા ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપવા ઘટે..

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે,

શ્રી હર્ષ ર. સંઘવી : એક મિનિટ માનનીય અધ્યક્ષશ્રી,

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી અલ્પેશભાઇ ઠાકોર,

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું દુઃખ અને દર્દ વ્યક્ત કરવા માગું છું. સર્વપ્રથમ ગુજરાતની અંદર જે પોલીસની વાત કરવામાં આવે છે, તો પોલીસ સાથે આ રાજ્ય સરકાર ગુલામો જેવો વ્યવહાર કરે છે, કારણકે અંગ્રેજોએ દાખલ કરેલી ઓર્ડલી પ્રથા આ ગુજરાતના સૈનિકો પર દાખલ કરી અને આ ગુજરાતમાં દાખલ કરેલ ઓર્ડલી પ્રથા નાબૂદ કરી અંગ્રેજોના શાસનનો ઈતિહાસ અને એની યાદગીરી ભૂંસવાનું કામ જો આ રાજ્ય સરકાર કરશે તો સૌથી વધારે આનંદ થશે.

જે રીતે પોલીસના કામના કલાકો નક્કી નથી થતાં ચોવીસ કલાક, અડતાળીસ કલાક વી.આઇ.પી. ઓની સુરક્ષામાં દોડવાનું, ક્યાંક આમથી તેમ દોડવાનું, પોલીસના કામના કલાકો નક્કી કરવામાં આવે, નહિતર આ રાજ્ય સરકાર પોલીસનું શોષણ કરવા માગે છે એવું હું સ્પષ્ટપણે માનું છું. જે રીતે વી.આઇ.પી.નો બંદોબસ્ત હોય કે પછી દિવાળી હોય આ પરિવારો જે પોલીસના પરિવારો છે એ પોતાના ઘરના મોભીને જોઇ નથી શકતા તો આ રાજ્ય સરકાર કામના માત્ર આઠ કે બાર કલાક નક્કી કરે અને પછી જે કંઇ વધારાના કામના કલાકોનું ભથ્થું આપવાનું થાય તો એ વ્યવસ્થા ઉભી કરવામાં આવે અને આ રીતે શોષણ કરવાનું બંધ કરે.

આ રાજ્ય સરકારમાં એકબાજુ આઇ.પી.એસ. ના યુનિયનની મંજૂરી આપવામાં આવે છે પણ બીજીબાજુ સામાન્ય પોલીસ જવાનો જે પોતાના હક્ક અને અધિકારની વાત કરે તો એમને આ મંજૂરી આપવામાં નથી આવતી તો અવાજને દબાવવાનું કામ પણ આ રાજ્ય સરકાર કરે છે. એકબાજુ અહીંયા પાંચ વાગ્યે હાઉસ બંધ થઇ જાય તો હાઉસની અંદર વિધાનસભાનમાં જે બહેનો અહીંયા ફરજ બજાવે છે એમને નવ નવ વાગ્યા સુધી અહીં બેસાડવાનું જે અહીંયા કરવામાં આવે છે, તો માનનીય અધ્યક્ષશ્રી, હું આપને વિનંતી કરું છું કે, હાઉસ પાંચ વાગ્યે બંધ થાય એ પછી એના મહિલા પોલીસ કર્મચારીઓ, પોલીસના જવાનોને ઘરે મોકલવામાં આવે કારણકે એમને ઘેર જઇને જમવાનું બનાવવાનું હોય છે એમના પરિવાર માટે. એમના પરિવાર સાથે રહેવાનું હોય છે.

દારૂબંધીની વાત કરું તો આ રાજ્ય સરકારને દારૂના અડ્ડાઓ ચાલે અને હપ્તાખોરી ચાલે એમાં જ રસ છે બીજા કોઇમાં રસ નથી. ગુજરાતની અંદર લાખો લિટર દારૂ પકડવાનો ગર્વ લેતી આ સરકારને મારે પુછવું છે કે આ બોર્ડર ઉપર દારૂ ક્યાંથી આવે છે એનો જવાબ પણ રાજ્ય સરકારે આપવો પડશે. હજારો, લાખો લિટર દારૂ પકડાય છે અને આ દારૂના કારણે દર વરસે પંદરથી વીસ હજાર બાળકો મૃત્યુ પામે છે. યુવાનો મૃત્યુ પામે છે. ગુજરાતનું યુવાધન બરાબર થઇ રહ્યું છે અને માફ કરશો આજે તો અમદાવાદની સારી સ્કૂલોની બહાર પેપ્સી બોટલની અંદર આ ભદ્ર સમાજના દીકરા દીકરીઓ પણ દારૂ પીતા થયા છે તે આ રાજ્ય સરકારની નિષ્ફળતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ રાજય સરકારને કહેવા માગુ છું કે, આ તમામ જે ચેક પોસ્ટો છે તે ચેક પોસ્ટો ઉપરના સી.સી.ટી.વી. કેમેરાઓ બંધ છે તો એ ચાલુ કરવા માગો છો કે કેમ ? કારણ એ સી.સી.ટી.વી. કેમેરાઓ એટલે બંધ છે કે આ દારૂ બેરોકટોક લાવી શકાય અને તેના કારણે ગુજરાતનું યુવાધન બરબાદ થાય. માત્ર સંસ્કાર, માત્ર સભ્યતા, માત્ર માનવતાની આપણે વાતો કરીએ છીએ પરંતુ આ દારૂના કારણે લાખો પરિવારો મરી રહ્યાં છે, લાખો પરિવારો બરબાદ થઇ રહ્યાં છે. જે રીતે ગુજરાતની અંદર ઓ.બી.સી.નો અવાજ દબાવવાનો પ્રયત્ન થાય છે, જે રીતે પાટીદારનો અવાજ દબાવવાનો પ્રયત્ન થાય, જે રીતે અમારા દલિતનો અવાજ દબાવવાનો પ્રયત્ન થાય મને માફ કરશો આદિવાસીની દુહાઇ આપનારી આ સરકાર આદિવાસી વિસ્તારની અંદર કોઇ પણ વ્યકિત.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે કયારેય પણ કોઇ પર્ટીકયુલર જ્ઞાતિનો અવાજ દબાવવાની કોશિષ કરી નથી અમે હંમેશ માટે એ ઓ.બી.સી. હોય, (અંતરાય ) માનનીય અલ્પેશભાઇ કહે છે ઓ.બી.સી., દલિત, કયારેય પણ રાજય સરકારે કોઇ દિવસ (અંતરાય) કોઇ ઓ.બી.સી.નો અવાજ કયારેય પણ રાજય સરકારે દબાવ્યો નથી, કોઇ દલિતનો અવાજ કયારેય પણ રાજય સરકારે દબાવ્યો નથી આ બધી ભૂતકાળની વાતો છે અત્યારની નથી.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે કોઇ સામાન્ય માણસ ચાહે બેરોજગાર હોય કે ખેડૂત હોય ચાહે કોઇ પણ વર્ગનો માણસ હોય પોતાના હક્ક અને અધિકાર માટે જયારે નીકળે ત્યારે તેને દબાવવાનો પ્રયત્ન થાય, આંદોલનકારીઓની જાસુસી કરવાનો પ્રયત્ન થાય અને જે રીતે આંદોલનકારીઓ સાથે દુર્ભાગ્યપૂર્ણ વ્યવહાર થાય છે આ દુઃખદ બાબત છે. કોઇ પણ વર્ગને પોતાના હક્ક, અધિકાર અને પોતાની પીડાઓ માટે આંદોલન કરવાનો હક્ક છે અને તેનો અવાજ

મૂકવાનો પણ અધિકાર છે અને એ અવાજ સાંભળવાનું કામ આ રાજ્ય સરકારનું છે અને રાજ્ય સરકારે આ અવાજ સાંભળવો જ જોઇએ અને રાજ્ય સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, જય સરદાર. મારા મિત્ર બોલ્યાં ચીનની સરહદ વિશેની વાત તો •(×××) તેમાં ખટલો ચલાવવો જોઇએ તેના બદલે આ ગુજરાતની અંદર એક ખેડુતનો દીકરો તેના સમાજ માટે અવાજ ઉઠાવવાનો પ્રયત્ન કરે અને *(×××)

માનનીય અધ્યક્ષશ્રી, યુવાનો ઉપર આ ગુજરાતની અંદર હમણાં ભૂપેન્દ્રસિંહ બાપુએ કહ્યું કે કોઇ આંદોલન દબાવવાનો પ્રયત્ન કરવામાં નથી આવતો પણ આપના માધ્યમથી હું કહેવા માગુ છું કે, આ ગુજરાતની અંદર છેલ્લા બે વર્ષની અંદર પાટીદાર અનામત આંદોલન દરમિયાન ૨૨ હજાર યુવાનો ઉપર કેસ ઠોકી બેસાડવામાં આવ્યા. ચૂંટણીઓ આવી, ચૂંટણીઓ વખતે વાત કરી કે તમામ કેસો પાછા ખેંચી લેવામાં આવશે. મોટી મોટી જાહેરાતો થઇ પરંતુ આજની તારીખની અંદર આ પોલીસ કેસો પાછા ખેંચવામાં આવ્યા નથી. અને દુઃખની વાત એ છે કે, કાનુની પ્રક્રિયામાં કાયદા મુજબ જે કેસ ચાલતા હોય તેમાં પણ અમારા ખેડૂત સમાજનો દીકરો તેની ઉપર રાજદ્રોહ અને રાષ્ટ્ર દ્રોહની તારીખો હોય ત્યારે ઇરાદાપૂર્વક તેને હેરાન–પરેશાન કરવામાં આવે છે. રાષ્ટ્રદ્રોહ અને રાજ્ય દ્રોહની ધમકીઓ આપવામાં આવે છે અને એ કેસો પાછા ન ખેંચવાની વાતો કરવામાં આવે છે. ૨૨ હજાર યુવાનો તેની અંદર કેટલાય લોકો એવા છે કે યુવાનોને નોકરી માટે જે સર્ટીફિકેટ આપવાનું હોય તે સર્ટીફિકેટ પણ આપી શકતા નથી અને તેની નોકરીની વય–મર્યાદા પણ પૂરી થઇ જાય છે. જે લોકોને ફોરેન અભ્યાસ માટે જવું છે એવા યુવાનો તેને પાસપોર્ટ નથી મળતો. એને પોલીસ કેસના કારણે વીઝા નથી મળતા અને માનનીય નીતિનભાઇએ એવું કહ્યું હતું કે, હું બધાની વાતો સાંભળું છું. એ ખાલી વાતો સાંભળે જ છે પણ સાંભળ્યા પછી એની અમલવારી નથી કરતા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની ચર્ચા છે એટલે આમ તો જવાબ માનનીય પ્રદિપસિંહજીએ આપવાનો છે અને તમે મારા નામનો ઉલ્લેખ કર્યો એટલે મારે બોલવું પડે છે. (અંતરાય) તમે મારું નામ બોલ્યા છો એટલે મારો હક્ક છે. માનનીય અધ્યક્ષશ્રી, ૯૦ ટકાથી વધારે કેસો પાછા ખેંચી લેવામાં આવ્યા છે. રેકર્ડ ઉપર છે પણ તમારે હજી લોકોને ભડકાવવાનું ચાલુ જ રાખવું છું. મારે ગુજરાતના પાટીદારોનો આભાર માનવો છે કે, એ તમારી વાતોમાં આવ્યા નહિ અને ભાજપની સરકાર બની.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની આ જ નીતિ રહી છે એટલે ૧૨૬ થી ૯૯ પર અમે જ લાવી દીધા છે અને આવનારી લોકસભાની ચૂંટણીની અંદર સરકારની આ જ નીતિ રહી તો મોટું મીંડુ આવવાનું છે. યુ.પી. અને બિહારનું પરિણામ આવી ગયું છે. આવતા દિવસોની અંદર કોઇ એક સમાજને અન્યાય કરવામાં આવશે તો એ જ સ્થિતિનું નિર્માણ થશે.

શ્રી <p a g e નૌશાદજી ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય ગૃહ મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એની ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઉપસ્થિત થયો છું. જ્યારથી ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીનું શાસન સ્થાપિત થયું છે ત્યારે હું કોઇ ભ્રામક વાતો કરતો નથી પરંતુ આંકડાઓ એ સરકારનો અરીસો હોય છે અને જ્યારથી ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીનું શાસન સ્થાપિત થયું છે ત્યારથી આ ગુજરાતની ધરતી ઉપર અનુસૂચિત જાતિ, દલિતો ઉપરના અત્યાચારોમાં અનેકગણો વધારો થયો છે એવું આંકડા સાબિત કરે છે. હમણાં કહ્યું કે અન્ય રાજ્યોની વાતો ન કરો. મારે અન્ય રાજ્યની વાત પણ નથી કરવી. પરંતુ જેટલા રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે તે તમામ રાજ્યોની અંદર દલિતો ઉપરના અત્યાચાર અનેકગણા વધી ગયા છે. હમણાં ૧૦ સપ્ટેમ્બરના રોજ *(×××)

સભાપતિશ્રી : જે વ્યક્તિ ગૃહમાં હાજર નથી એના વિશે ન બોલી શકાય. હું આ શબ્દો દૂર કરું છું.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમના યુવા સંમેલનમાં દેશને ભરમાવવા માટે એમ કહ્યું કે, ગુજરાતની અંદર દલિતો ઉપરના અત્યાચારમાં જબરજસ્ત ઘટાડો થયો છે. ત્યારે મારે રાષ્ટ્રીય કક્ષાએ દલિતો ઉપર જે અત્યાચાર થાય છે એનું પ્રમાણ ૨૦.૪ ટકા છે જ્યારે ગુજરાતની અંદર ૩૨.૫ ટકા અત્યાચાર થાય છે. દેશની અંદર દલિતો ઉપર જે અત્યાચાર થાય અને એમાં જે કેસો થાય એની અંદર સજાનું પ્રમાણ ૨૭.૩ ટકા ની સામે ગુજરાતમાં આ પ્રમાણ માત્ર ૪.૭ ટકા લોકોને જ સજા થાય છે. આની પાછળ જો કોઇ જવાબદાર હોય તો એ ભારતીય જનતા પાર્ટીની શાસન વ્યવસ્થા છે. એણે હંમેશા યેનકેન પ્રકારે કેવી રીતે ગુજરાતના દલિતો ઉપર અત્યાચારોમાં કેવી રીતે વધારો થાય એ પ્રકારનું શાસન આપ્યું છે. ગુજરાતની અંદર દરરોજ ચાર એટ્રોસીટીના કેસો નોંધાય છે. હાલના વડાપ્રધાનશ્રી અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી હતા, ત્યારે ગુજરાતની અંદર ૩૦૭ દલિત બહેનો ઉપર બળાત્કારની ઘટના ઘટી. સમગ્ર દેશની અંદર ગુજરાતની શાસન વ્યવસ્થાના કારણે આજે ગુજરાત બદનામ થઇ રહ્યું છે. જે પ્રકારનાં દ્રશ્યો આપણે ઉનામાં જોયાં, જે પ્રકારનાં દ્રશ્યો આપણે થાનગઢની અંદર જોયાં અને જે પ્રકારની ઘટનાઓ ગુજરાતના ઠેકઠેકાણે થાય છે. શિક્ષણના ધામ પાટણની અંદર એક દલિત દીકરી ઉપર શિક્ષકો જ સામૂહિક બળાત્કાર કરતા હોય તો આ વિકાસ નહીં પરંતુ વિનાશ અને વિકારનું મોડલ ગુજરાતમાં (અંતરાય)બની રહ્યું છે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨૪, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, બે મિનિટમાં આપનું વક્તવ્ય પૂરૂં કરો.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર જે પ્રકારે સફાઇ કર્મચારીઓ કેસ બની રહ્યા છે. મેનહોલમાં અંદર ઉતરીને એમનાં મૃત્યુ થઇ રહ્યાં છે. કેન્દ્રની અંદર કોંગ્રેસની સરકાર હતી ત્યારે એમણે Prohibition of employment as manual scavengers and their rehabilitation act, 2013 પાસ કર્યો પણ એ એક્ટ પાસ કર્યા પછી ગુજરાતની અંદર ૩૨ સફાઇ કર્મચારીઓનાં મૃત્યુ થયાં છે પરંતુ મને દુઃખ થાય છે અને પીડા થાય છે કે, ભારતીય જનતા પાર્ટીએ એક પણ અધિકારી વિરૂદ્ધ કોઇ જ કાર્યવાહી કરી નથી. ગુજરાતને વાયબ્રન્ટ ગુજરાત કહેવામાં આવે છે અને વાયબ્રન્ટ ગુજરાતનું કોઇ વિકસિત મોડલ હોય તો અમદાવાદ કહેવામાં આવે અને આ અમદાવાદની અંદર રોજેરોજની ઘટના એ સફાઇ કર્મચારીઓ પાસે માનવ મળ સાફ કરાવવાનું કામ કરાવવામાં આવી રહ્યું છે અને ત્યારે આ કાયદા વિરૂદ્ધ, આ કાયદા અન્વયે મ્યુનિસિપલ કમિશનર ઉપર તાત્કાલિક એટ્રોસીટીનો ગુનો દાખલ કરીને કેસ કરવો જોઇતો હતો પરંતુ મને દુઃખ અને પીડા થાય છે કે, ક્યારેય આ પ્રકારની ચેષ્ટા આ સરકાર દ્વારા કરવામાં આવી નથી. ગુજરાતની અંદર પોલીસ જવાનોનું પણ મનોબળ હોવું જોઇએ..

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરૂં થાય છે. આપ બેસો. માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહની.

પોઇન્ટ ઓફ ઓર્ડર

આંદોલન કરનારા સામે કેસો અંગેના નિવેદન અંગે

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, ગૃહના ઉપનેતા માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇએ આ વિધાનસભા ફ્લોરમાં કહ્યું કે, આ ગુજરાતના જે યુવાનો આંદોલન કરી રહ્યા હતા એ પાટીદાર આંદોલન હોય, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. આંદોલન હોય કે દલિત આંદોલન હોય. માનનીય અધ્યક્ષશ્રી, એ ગુજરાતના એ યુવાનો એના અધિકારનો અવાજ હતો. એના ઉપર ૨૨૦૦૦ કરતાં વધુ કેસો થયા, અને એ કેસો ૯૦ ટકા કરતાં વધુ પાછા ખેંચી લીધા છે. એ નિવેદન ગુજરાતની જનતાને ગેરમાર્ગે દોરનારું છે. માનનીય નીતિનભાઇને આડા ધરી અને (અંતરાય) માનનીય નીતિનભાઇએ કહ્યું છે.

સભાપતિશ્રી : તપાસ કરાવીને આપને કહીશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહની અંદર ગૃહ વિભાગની માગણીના સંદર્ભમાં મારી અપેક્ષા હતી કે, ગૃહ વિભાગ, પોલીસ વિભાગ એના કર્મચારીઓ, એની કામગીરી અને ૨૪ કલાક ખડાપગે ઉભો રહેતો મારો પોલીસ જવાન એના માટે આ સન્માનનીય સભાગૃહની અંદર એણે કરેલા કામના સંદર્ભમાં હકારાત્મક વાતો થશે, પરંતુ આ સભાગૃહની અંદર વક્તૃત્વ અને કર્તૃત્વનો ભેદ મેં જે જોયો છે એની હું આ સભાગૃહની અંદર વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દ્વિતિય વિશ્વયુદ્ધના સમય દરમિયાન અમેરિકાના સફળ જનરલ અને ત્યાર પછી અમેરિકાના ૩૪મા રાષ્ટ્રપતિ Dwight D. Eisenhower ના કથન પ્રમાણે Moral is the greatest single factor in successful wars.

માનનીય અધ્યક્ષશ્રી, આ કથન એ સફળ યુદ્ધમાં મનોબળ એ સૌથી મહાન પરિબળ છે. એ કથન પોલીસ દ્વારા ગુનેગારો અને ગુનાખોરી સામે લડવામાં આવતા સતત યુદ્ધ માટે પણ એટલા જ અંશે લાગુ પડે છે. આ ગૃહની અંદર બીજી વાત કરવી અને મારા પોલીસ અધિકારીઓ સામે બેફામ ભાષામાં વાત કરવી આ વકૃત્વ અને કર્તૃત્વ ભેદ છે. તમે એમ કરીને ગુજરાતના પોલીસ તંત્રનું મોરલ તોડવાનો પ્રયાસ કરી રહ્યા છો. હું ગુજરાતના પોલીસ અધિકારીઓને કહેવા માગું છું કે, તમે ફરજ યોગ્ય રીતે બજાવો છો, તે રીતે બજાવો ગુજરાતની સરકાર તમારી પડખે છે. ગુજરાતના પોલીસ અધિકારીઓને બીવડાવવામાં આવે ધમકાવવા માટે પોતાના ધારાસભ્ય પદનો દૂરપયોગ કરે, ગુજરાતની સરકાર આ હરગીઝ ચલાવી લેવા માગતી નથી. આવું કરવાવાળા લોકો ગુજરાતની પોલીસનું મોરલ તોડવાનો પ્રયાસ કરે છે તેને ગુજરાતની સરકાર હરગીઝ ચલાવી લેવા માગતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, અમે પોલીસ અધિકારી અને પોલીસ કર્મચારીઓને જોઇએ છીએ...

સભાપતિશ્રી : માનનીય નિરંજનભાઇ, બેઠા બેઠા આ રીતે વાત ન કરો, પ્રવચન સાંભળો, આપનો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો ઉભા થઇને વાત કરો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આજે ગુજરાત સમગ્ર દેશમાં બેસ્ટ રોડ કનેક્ટીવીટી, બેસ્ટ રેલ કનેક્ટીવીટી અને બેસ્ટ પોર્ટ કનેક્ટીવીટી એમ કરીને ગુજરાત એ ગ્રોથ એન્જિજ બન્યું છે, અને ગુજરાતની શાંતિપ્રીય રાજય તરીકે ગણતરી સમગ્ર દેશ અને દુનિયામાં થાય છે, આનો જશ કોઇને આપવાનો હોય તો, ગુજરાતની કાયદો વ્યવસ્થા અને તેની શાંતિ સલામતીને જાય છે. માનનીય અધ્યક્ષશ્રી આપણે એક નવી દુકાન ખોલવી હોય ૨૦ લાખ રૂપિયાની, તો ચેક કરીએ છીએ, આપણે જે ઘરમાં રહેવા જવાના હોઇ તે પણ ચેક કરીએ છીએ કે આજુબાજુનો વિસ્તાર શાંતિ વાળો છે, સલામતિ વાળો છે. અમને કોઇ હેરાનગતિ તો નથી ને. આજે દુનિયાભરના ઉધોગપતિઓ ગુજરાતમાં પોતાના ઉધોગો સ્થાપવા માટે લાઇન લગાવીને બેઠા છે. આટલું મોટું મૂડીરોકાણ આવે, ફોરેનનું ડાયરેક્ટ ઇનવેસ્ટમેન્ટ આવે, આ એટલા માટે આવે છે કે ગુજરાતનો અમારો જવાન ગુજરાતના પ્રજાના સંત્રી તરીકે ગુજરાતની સલામતી અને શાંતિ માટે ખડા પગે અને અડીખમ ગુજરાત માટે ઉભો રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શૈલેષભાઇએ બે દિવસ પહેલાં વાત કરી હતી કે,

તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

સભાપતિશ્રીઃ જોશીભાઇ આપ વચ્ચે ન બોલો, અહીંયાંથી રજૂઆત થતી હતી બધાએ શાંતિથી સાંભળ્યા છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ભીખાભાઇ હું મારી વાત કરું છું, તમારી વાત કરીશ તો કાંઇક નવું નીકળશે. જરા મને કરવા દો. સભાપતિશ્રીઃ આપ એ રીતે બેઠા બેઠા લાંબા હાથ કરીને વાત કરી શકતા નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : તમારા સલામતી ફોર્સની અંદર એમ કહીને એમ કહેલ કે, અમારા સલામતી ફોર્સની અંદર લઘુમતિ કે બહુમતિનો ભેદ અમે ક્યારેય જોયો નથી. અમારા માટે પોલીસ એટલે પોલીસ છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના પોલીસ વડા સબ્બીરહુસેન ખંડવાવાલા આઇ.પી.એસ. ૧૯૭૩ ની બેચના હતા, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદી હતા ત્યારે એમને રાજયના ડી.જી.પી બનાવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, પુંજાભાઇએ વાત કરી કે પોલીસ સ્ટેશનમાં જઇએ છીએ ત્યારે તો ફરિયાદ લેવા વાળા પી.એસ.ઓ. હોય છે. હું પુંજાભાઇને એ પૂછવા માગું છું કે શું તમે શાસન ઉપર હતા ત્યારે ફરિયાદ લેવા માટે તમે ડી.એસ.પી.ને બેસાડતા હતા? આ પોલીસ તંત્રનો ભાગ છે, ફરિયાદ પી.એસ.ઓ. એ જ લેવાની હોય, તમારી આટલી સમજણ ન હોય તો સમજણ સ્પષ્ટ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક આક્ષેપો કર્યા છે, મારો આજનો વિષય એવો હતો કે કદાચ આજના દિવસે સભ્યશ્રીઓ મારા ગૃહ વિભાગની માગણીઓ વિશે સારી વાત કરશે. મારા પોલીસના જવાનોની સાચી વાત અને એમની પ્રસંશા કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ ભારતીય જનતા પાર્ટીમાંથી આવું છું કે, મને ગૌરવ છે મારા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ માટે કે જેમણે ૨૧ જેટલા રાજયોમાં કોંગ્રેસનો સફાયો કરી નાંખ્યો હતો. મને ગૌરવ છે કે તેઓ જયારે આ રાજયના ગૃહ મંત્રી તરીકે અહીંયાંથી તેમણે સંચાલન કર્યું હતું. હવે માનનીય અધ્યક્ષશ્રી તેમના કેસના સંદર્ભમાં જે વાત કરી છે. ત્યારે મારે એમને કહેવું છે કે....

સભાપતિશ્રી : એક મિનિટ માનનીય મંત્રીશ્રી..

શ્રી પરેશભાઇ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં અને યુ.પી.માં...

સભાપતિશ્રી : આ કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એ જયારે આ રાજયના ગૃહમંત્રી હતા ત્યારે પણ ગુજરાતની શાંતિ માટે જે કરવું પડે એ બધું જ કર્યું છે. આજે એ આખા દેશની અંદર ભ્રમણ કરે છે અને એમને તમામ પોલીસ કેસોમાંથી નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે એટલે આવા અનાપ સનાપ શબ્દોમાં વાત કરે છે એ અયોગ્ય છે.

માનનીય નીતિનભાઇના વડપણ હેઠળની અમારી કમિટીએ ગુજરાતમાં જાતિવાદ ભડકાવીને સત્તા ઉપર બેસવાના જેના મનસુબાઓ સફળ નથી થયા એ મનસુબાઓ સફળ નહિ થવાના કારણે મનની મનમાં રહી ગઇ છે અને એના કારણે ફરીથી એ સમાજને ઉશ્કેરવા માટે પ્રયાસ કરે છે. પણ ગુજરાતની પ્રજામાં તમારી કોઇ કારી ચાલી નથી. હું એમના કેસોના સંદર્ભમાં વાત કરવા માગું છું, આ હાઉસના રેકર્ડ ઉપર કહું છું. ભારતીય જનતા પાર્ટીની સરકાર નીતિનભાઇ પટેલના વડપણ હેઠળ બનેલી કમિટી અને એ કમિટીએ લીધેલા નિર્ણયો જસ્ટીસ કુંજ કમિશનની શરૂઆત થઇ ગઇ છે. આયોગ માટે પણ બજેટની અંદર વ્યવસ્થા થઇ ગઇ છે, નિગમના સંદર્ભમાં પણ બજેટમાં ફાળવણી થઇને આગામી દિવસોમાં એનું અમલીકરણ થવાનું છે. જે કેસોની વાત છે એમાં નોંધાયેલા ગુના ૫૩૭ છે આ ૫૩૭માં સરકારે પરત ખેંચેલા ગુના, કેસોની વાત કરું તો સરકારે પરત ખેંચીને કોર્ટને જાણ કરવાની હોય છે એવા ૨૪૭ છે. તપાસ હેઠળના કેસો હવે માત્ર ૪૧ છે અને ૧૪ ગુના એવા છે કે અમે ખેંચી શકીએ તેવા નથી. આ પ્રમાણે ફાઇનલ ભરાયેલા કેસો પણ ૨૨૩ છે ખાનગી ફરિયાદો ૧૨ છે એ અમે પરત ખેંચી નહિ શકીએ. અમે જે બોલ્યા હતા એ અમે પાળ્યું છે પરંતુ તમારે જે મેળવવું હતું ગુજરાતની અંદર ચારેબાજુ જાતિવાદ ભડકે, ચારે બાજુ તોફાનો થાય, ગુજરાત આગની જવાળાની અંદર ધકેલાઇ જાય, ગુજરાતમાં રસ્તે જતાં લોકો ધંધામાંથી તારાજ થઇ જાય એટલા માટે ગમે તેમ કરો અમારે સત્તાસ્થાને બેસવા માટે ગુજરાતની પ્રજા તમને મત નથી આપતી તમે ભારતીય જનતા પાર્ટીને સીધી રીતે પરાસ્ત નથી કરતાં એટલે જાતિવાદી રાજકારણનો સહારો લઇને ભાજપને પરાસ્ત કરવાવાળા સફળ નથી થયા. અમે કહ્યું હતું ૫૬ ઇંચની છાતીની વાત અમે કરી હતી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જવાબદાર વ્યક્તિ છે એમણે આંકડાઓ આપ્યા અને અમે સ્વીકાર્યા પરંતુ તેઓ જાતિવાદ ફેલાવવાની વાત કરતા હતા તો સરકાર એ જ આંદોલનકારીઓ સાથે ચાર ચાર વાર સમાધાન શા માટે કર્યા હતા?

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ, અહીંયા ડીબેટ નથી કરવાની, આપે વાત કરી હતી એનો મંત્રીશ્રી જવાબ આપે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હા, માનનીય પરેશભાઇ, આ સરકાર પાટીદાર અનામત આંદોલન સાથે સંકળાયેલા તમામ સાચા આંદોલનકારીઓ સાથે એક, બે, ત્રણ નહિ ચાર વખત વાત કરી છે, અમે વાત કરી એ યોગ્ય કરી છે. પાટીદાર સમાજ એ ભારતીય જનતા પાર્ટીનું પિંડ છે અને એ અમારી સાથે રહેવાનું છે. તમને નેતા બનાવવાથી પાટીદારો તમારી સાથે નથી આવવાના એ વાતે તમે ભ્રમમાં ન રહેતા. કોંગ્રેસ ફેંકાઇ જવાની છે. ઓ.બી.સી. સમાજના લોકોએ મહેનત કરી, દલિત સમાજના લોકોએ મહેનત કરી અને નેતાગીરીમાં તમે બેસી ગયા એનાથી તમને મતો નથી મળવાના. આ ખુશી તમારી કાલ્પનિક ખુશી છે એ લાંબી નથી ટકવાની હું જે વિસ્તારમાંથી ચૂંટાઇને આવ્યો છું. હું એક વાર કાઉન્સિલર અને

ચાર વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયો. અમદાવાદ શહેરમાં જયાં સૌથી વધારે ઉશ્કેરાઇને તોફાનો કરાવવાનો વિસ્તાર હતો વટવા, વસ્ત્રાલ. એમાંથી હું ૬૪,૦૦૦ જેટલા મતોથી ચૂંટાઇને આવ્યો છું. હું આ ઉલ્લેખ એટલા માટે કરું છું કે હું ચારથી પાંચ વખત ચૂંટાયો. મારા વિસ્તારમાં ૫૦,૦૦૦ કરતા વધારે પાટીદારો છે. એ પાટીદારોએ ભારતીય જનતા પાર્ટીને મત આપ્યા છે. તમારા લાખ પ્રયત્નો છતાં પણ આજે પાટીદાર સમાજ ભારતીય જનતા પાર્ટીની સાથે રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, 'સૌનો સાથ, સૌનો વિકાસ' એ અમારો મંત્ર છે. તૃષ્ટિકરણની રાજનીતિને જાકારો આપીને વિકાસની રાજનીતિના સંદેશ સાથે ભારતીય જનતા પાર્ટી કામ કરે છે. અમારા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ છે તમે કંઇ બાકી નથી રાખ્યું. તમારા સપનાઓ જાત જાતના હતા. તમારા સપનાઓ ચકનાચૂર કરીને તમારી છાતી ઉપર જીત્યા હોય તો અમારા નીતિનભાઇ પટેલ જીત્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખુ સુરત આંદોલનમય કરી નાખ્યું હતું. આમનું કંઇ ન ચાલ્યું. આખુ સુરત આવ્યું હોય તો ભારતીય જનતા પાર્ટી સાથે આવ્યું છે. મહેસાણા અમારો ગઢ. આવું હું બોલ્યો હોઉં અને અમારે પાછું ગળવું હોય તો મને તો શરમ આવે. આવી શરમભરી હાલતમાં મૂકાઇ ગયા છે અને એવી સ્થિતિમાં હજી પણ આ સરકારે જે વચનો આપ્યા છે કિરીટભાઇ, અમે જે કેસ પાછા ખેંચવાના કહ્યા છે. અમે માનીએ છીએ કે અમે જે કહ્યું છે એ અમે કરવાના છીએ. આ બધું અમે નેટ ઉપર મૂક્યું છે. આ નેટના માધ્યમથી હજી પણ કચાશ હોય, તમે ધારાસભ્યશ્રી છો. તમે આવજો. સરકારે જે આ નક્કી કરેલા છે એ કેસમાં કોઇ કચાશ હશે તો એ કેસમાં લલિતભાઇ, તમે ગમે ત્યારે આવી શકો છો. એમાં હું તૈયાર છું. હું એ પણ જણાવું કે, કિરીટભાઇ એ કોંગ્રેસના કાર્યકર્તા હતા કે નહીં એ ખબર નથી. પણ પાટીદાર સમાજના માટે અમે સાત કલાક એમની સાથે મંત્રણા ઉપર બેઠાં હતા. પછી એમને ટિકીટ મળી ગઇ. સ્થાનિકને ન મળી અને એમને મળી. કોંગ્રેસના કાર્યકર્તાની અલગ વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરવા માગું છું. સરહદની વાત થઇ. તેમાં બહુ સ્પષ્ટ છે. અમે કહ્યું હતું. છપ્પન ઇંચ કા સીનાની વાત. આજે પણ કહીએ છીએ કે કોકને ખચ્ચરની છાતી દેખાતી હોય તો જૂએ. અમને એનો કંઇ વાંધો નથી. અમે તો ઉંચા વિચારોવાળા માણસો છીએ. અમે આજે પણ કહીએ છીએ. અમને ગર્વ છે, નરેન્દ્ર મોદી ઉપર.''સર ઉઠાકે જીના હૈ, છપ્પન ઇંચકા સીના હૈ.'' આ અમારું સુત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે કે શ્રીનગરના લાલ ચોકમાં આતંકવાદીઓની વચ્ચે ત્યાં ચેલેન્જ ફેંકતા હતા. આપણે ભારત માતાનો ત્રિરંગો ઝંડો ફરકાવી શકતા નહોતા. આ ગુજરાતના મુખ્યમંત્રી જે દેશના પ્રધાનમંત્રી છે, એ જયારે રાષ્ટ્રીય મહામંત્રી હતા ત્યારે આતંકવાદીઓની ચેલેન્જ ઉપાડીને કાશ્મીર ગયા, શ્રીનગર ગયા. લાલચોકમાં ગયા. આતંકવાદીઓની ગોળીઓની મો-ફાડ વચ્ચે ભારત માતાનો ત્રિરંગો ઝંડો કોઇએ ફરકાવ્યો હોય તો એ ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદીએ ફરકાવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, આજે એક રાષ્ટ્રવાદી માણસ દેશના પ્રધાનમંત્રી તરીકે બેઠાં છે. દેશના સીમાડા સુરક્ષિત છે. સામેથી ગોળી આવે તો ભારતનું લશ્કર ગોળા ફોડીને તેનું જતન કરે છે. ઓપરેશન સર્જીકલ સ્ટ્રાઇક ભૂતકાળમાં નહોતી થઇ. એ સર્જીકલ સ્ટ્રાઇકના માધ્યમથી આજે આતંકવાદીઓને કડકમાં કડક જવાબ આપવામાં આવ્યો છે.

સભાપતિશ્રી : માનનીય નિરંજનભાઇ, આપ બેઠાંબેઠાં હાથ લાંબા કરીને કોમેન્ટ ન કરો. પ્લીઝ. હું બીજી વાર આપને સૂચના આપું છું. પ્લીઝ. તમે તમારી વાત તમારો સમય હોય ત્યારે બોલજો. અત્યારે વચ્ચે નહીં બોલી શકો. પ્લીઝ. યુ કાન્ટ ટોક લાઇક ધીસ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ વિભાગની માગણીઓ છે, આ બજેટમાં ૫,૪૨૦ કરોડ રૂપિયાની માગણીઓ આપવામાં આવી છે. તેમાં જુદી જુદી માગણીઓ જુદા જુદા સ્વરૂપે લાવવામાં આવી છે. તેમાં ખાસ કરીને જિલ્લાઓ ખાતે સી.સી.ટી.વી.ના માટે ૧૦૨ કરોડ આ બજેટમાં લાવવામાં આવ્યા છે. હું સમગ્ર સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા દેશમાં અમારી ૧૦૦ પોલીસ માટે, ૧૦૧ ફાયર બ્રિગેડ, ૧૦૨ એમ્બ્યુલન્સ સર્વિસ, ૧૦૮ ઇમરજન્સી સર્વિસ, ૧૮૧ મહિલા સુરક્ષા, ૧૦૯૧ પોલીસ. આ બધા જ ટેલીફોન નંબરોને ઇન્ટીગ્રેટ કરીને અલગ અલગ યાદ રાખવા ન પડે અને એક જ નંબરના માધ્યમથી કરી શકાય. એના માટે રાષ્ટ્રીય આપત્તિકાલ નંબર(નેશનલ ઇમરજન્સી નંબર) ૧૧૨ એક જ ટેલીફોન નંબર કરવા રાજ્ય સરકારે આ વખતના બજેટમાં પ્લાનીંગ કર્યું છે. આ બધી જ સેવાઓ એક જ નંબર ઉપરથી એવું આયોજન કરેલ છે. મહારાષ્ટ્રમાંથી જે દારૂના જુદા જુદા દર અને એક્સાઇઝ ડ્યૂટીમાં અને ટ્રાન્સપોર્ટેશન ફીમાં વધારો કર્યો છે. એનાથી ૧૨૭ કરોડ રૂપિયાની આવક થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યની મહાનગરપાલિકાઓ અને ૩૪ જિલ્લા સ્થાનો અને આપણા ૬ યાત્રાધામો આ બધાને સીસીટીવીના માધ્યમથી કનેક્ટ કરવા માટે રૂ.૨૨૪/-કરોડ તથા ઇન્સ્ટોલેશન ચાર્જ સહિત આ ખર્ચ થશે અને એનાથી આ વિસ્તારની તપાસ કરાશે. આના ઉપરાંત જુદુ જુદુ મહેકમ છે એની અંદર પણ વધારો કર્યો છે. આ ગુજરાત એક એવું રાજ્ય છે કે ગુજરાતની અંદર ઉદ્યોગની સાથે ઇન્ટરનેશનલ કક્ષાના સેમીનાર અહીંયાં થાય છે અને તેમાં દેશના અને દુનિયાના લોકો આવે છે. એમને સુરક્ષા આપવી ખૂબ જરૂરી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશના વડા પ્રધાન બન્યા છે ત્યારથી ગુજરાતને સમગ્ર દેશની અંદર એક અલગ સ્થાન મળ્યું છે. ચીનના રાષ્ટ્રપતિ હોય, જાપાનના વડાપ્રધાન હોય, ઇઝરાયેલના વડાપ્રધાન હોય, કેનેડાના વડાપ્રધાન હોય આ બધા અહીં આવે છે. એમના આવવા માત્રના કારણે અમદાવાદ અને ગુજરાતનું સ્થાન વિશ્વભરમાં પ્રસિદ્ધ થયું છે. તેઓ અહીં આવે ત્યારે રોડ શો કરવામાં આવે છે. આ રોડ શોને જોવા માટે મોટી સંખ્યામાં લોકો આવે છે. એના

માટે તમામ પ્રકારની વ્યવસ્થા આપણા દ્વારા કરવામાં આવે છે. એમના લાખ પ્રયત્નો છતાં પણ ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા જાળવવામાં આપણે સફળ રહ્યા છીએ. મેં હમણાં જ કહ્યું તેમ ડાકોર ખાતે ૧૦ લાખ કરતાં વધુ પદયાત્રીઓ ગયા. ભગવાન જગન્નાથજીની રથયાત્રા ત્યાં નીકળે છે. આ રથયાત્રા દેશની બીજા નંબરની રથયાત્રા છે. એ રથયાત્રામાં કાયદો અને વ્યવસ્થાની ઉત્તમ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે છે. આ ઉપરાંત ગુના નિવારણાની જે વિધિઓ છે એ પોલીસ તંત્ર દ્વારા વિશિષ્ટ રીતે કરવામાં આવે છે. જુદા જુદા આંકડાઓ જુદા જુદા સ્વરૂપે કહ્યા. મારે કહેવું છે કે નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોના જે આંકડાઓ છે એ કોંગ્રેસના શાસનમાં ક્યા હતા અને આજે શું છે એ આપને જણાવું છું. ૧૯૯૦માં એક લાખ વ્યક્તિઓએ ક્રાઇમરેટ ૨૮૩ હતો. ૨૦૧૫માં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં એક લાખ વ્યક્તિઓએ ક્રાઇમ રેટ ૨૦૩.૬ થયો છે. આ ક્રાઇમ રેટના દરમાં વધારો કહેવાય કે ઘટાડો? ૨૦૧૬માં આ ક્રાઇમ રેટના આંકડા મુજબ દેશના કુલ ૩૬ રાજ્યોમાં ગુજરાતની સ્થિતિ ક્યાં છે એ હું આપના માધ્યમથી આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવામા માગું છું. હિંસાત્મક ગુનામાં કુલ ૩૬ રાજ્યોમાંથી ગુજરાતનો નંબર ૩૦મો છે. મહિલા વિરુદ્ધના ગુનામાં આખા દેશમાં ગુજરાતનો નંબર ૨૭મો છે. બાળકો વિરુદ્ધના ગુનામાં આખા દેશમાં ગુજરાતનો નંબર ૨૫મો છે. મિલકત વિરુદ્ધના ગુનામાં આખા દેશમાં ગુજરાતનો ૨૪મો નંબર છે અને આર્થિક ગુનામાં ગુજરાતનો નંબર ૨૮મો છે. આ આંકડા બહુ સ્પષ્ટ બતાવે છે કે આખા દેશમાં ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની આ સરકારે ગુજરાતની અંદર શાંતિ, સલામતિ અને સુરક્ષા બક્ષી છે. એવા અનેક ઇન્વેસ્ટિગેશન કરેલા કેસો છે કે જેમાં પોલીસ તંત્રે પોતાની કુનેહ, કુશળતાથી એફ.એસ.એલ.ની મદદના માધ્યમથી બાળક રૂદ્રનો બનાવ હોય, ખંડણી માગવાનો બનાવ હોય, સિનિયર સિટિઝનની હત્યા કે આંગડિયા લૂંટનો બનાવ હોય કે નાર્કોટિક્સ એક્ટ હેઠળ ગુનેગારોને પકડવાના ગુના હોય એમાં આ વિભાગે ઉત્તમ પ્રકારની કામગીરી કરી છે. મહિલાઓ માટેના આંકડાના સંદર્ભમાં મારે કહેવું છે કે ૨૦૧૩માં મહિલાઓ ઉપરના ગુનાની સંખ્યા ૧૧,૭૨૮ હતી, ૨૦૧૪માં ૮,૧૫૪ થઇ, ૨૦૧૫માં ૬,૩૨૧ થઇ અને ૨૦૧૬માં આ ગુનાની સંખ્યા ૫,૮૭૯ થઇ. આમ, ૫૦ ટકા ઘટાડો રાજ્યમાં મહિલા સુરક્ષા માટે રાજ્ય સરકારની ચિંતાને કારણે થયો છે. આ ઉપરાંત નાના બાળકો અને બાળક મિસિંગ થાય તો મિશન ચાઇલ્ડના માધ્યમથી બાળ સુરક્ષાના માધ્યમથી કાર્યક્રમ હાથ ઉપર લીધો છે. હમણાં નૌશાદભાઇએ અનુસૂચિત જાતિઓ પરના અત્યાચાર સંદર્ભમાં ચિંતા વ્યક્ત કરી. હું સ્પષ્ટ કરું છું કે ઉનાનો બનાવ હોય, પાટણનો બનાવ હોય, થાનગઢનો બનાવ હોય, કોઇ દીકરીનો બનાવ હોય કે અન્ય કોઇપણ બનાવ હોય, આ રાજ્ય સરકાર એટલી જ સંવેદનશીલતાથી આ રાજ્યના કોઇપણ અનુસૂચિત જાતિના કોઇપણ વ્યક્તિ ઉપર ક્યારેય પણ અત્યાચાર ન થાય અને જો અત્યાચાર થયો છે તો અત્યાચાર પછી એને મળવાપાત્ર કાનૂની સહાય વગેરેમાં અમે કોઇ કચાશ ન રહે એની કાળજી રાખી છે. આખા દેશમાં ગુજરાત એક એવું રાજ્ય છે કે ૧૭ જેટલી સ્પેશિયલ કોર્ટો આ એટ્રોસિટી એક્ટ માટે કરી હોય તો ગુજરાત રાજ્ય દ્વારા કરવામાં આવી છે. મેં કહ્યું હતું તેમ ગુજરાત એ ગાંધીનું ગુજરાત અને અગાઉ કહ્યું છે એ રીપિટ કરું છું કે, વિજયભાઇ રૂપાણી પાસે હું ગૃહમંત્રીના શપથ લીધા પછી ગયો ત્યારે એમણે એક જ વાત કરી છે કે આપણે ગુજરાતમાં કોઇપણ હિસાબે દારુબંધીમાં કોઇ કચાશ નથી છોડવી. એમાં કડકાઇ કરવી છે. આ અંગેનો તમારા વખતમાં કાયદો હતો છતાં પણ આ કાયદાની અંદર વ્યાપક સુધારા કર્યા અને હવે ગુજરાતની ધરતી ઉપર કેફી પદાર્થની ખરીદી, વેચાણ કે ઉત્પાદન કરવાવાળાને ૧૦ વર્ષ સુધીની કેદ અને ૫ લાખ રૂપિયાનો દંડ એ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. દારૂ પીને કોઇ છાટકો ફરે તો એને ૩ વર્ષ સુધીની સજા કરવાના કારણે પહેલાં દારૂડિયા ખુલ્લામાં ફરતા હતા એ આજે દારૂ પીને છાટકા ફરવા વાળા કોઇપણ હોય તો એની સામે એકશન લેવાનું કર્યું છે. •(×××) એટલે તમે મને રહેવા દો ને? (અંતરાય)

સભાપતિશ્રી : આપ ચાલુ રાખો. હર્ષદભાઇ, આપ બેસો. (અંતરાય) એટલે જ હું કહું છું કે, ક્રોસ ટોક ન કરો. વચ્ચે ડિસ્ટર્બ શા માટે કરો છો? (અંતરાય) શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. (અંતરાય) રેકોર્ડ ઉપરથી દૂર કર્યા. આપ બેસો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : વિરજીભાઇ, તમે રહેવા દો ને. અત્યારે મને ભાષણ કરવા દો ને. મારે બધું કહેવું અયોગ્ય લાગશે વિરજીભાઇ. (અંતરાય) તમારું કહેતા હોય તો તમારું પણ કહું. હું મારા કાયદાની વાત કરું છું. દારૂનું પીઠું ખોલે તો એને ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને ૧ લાખ સુધીનો દંડ. આમ આ નવા કાયદાના અમલના કારણે રાજ્ય સરકારની કટિબદ્ધતાના કારણે, આ અમારો રાજકીય વિષય નથી, દારૂબંધીની નીતિ અમે એટલા માટે કરી હતી કે આ દારૂના દૂષણના કારણે કેટલીય બહેનો અકાળે વિધવા થાય છે. આ દારૂના દૂષણના કારણે કેટલાય યુવાનો અકાળે હરતી ફરતી લાશ જેવી જીંદગી જીવતા હોય છે. આ દારૂના દૂષણના કારણે, સમાજમાં દારૂની બદીના કારણે સમાજ ખોખલો બનતો જાય છે. રાજ્ય સરકારની સંવેદનશીલતાના કારણે રાજ્યની અંદર દારૂબંધી સામે લડવું એ અમારી કટિબદ્ધતા છે. અમારી રાજકીય લડાઇ નથી. પરંતુ સ્વસ્થ ગુજરાતના નિર્માણ માટે વિજયભાઇ રૂપાણીની સરકારનો આ દારૂબંધી સામે લડવા માટેનો કડક નિર્ધાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, એકવીસમી સદી આઇ.ટી.નો યુગ છે, ડિઝિટલાઇઝેશનવાળો યુગ છે. નાના-મોટા તમામ પ્રકારના ટ્રાન્ઝેકશન હોય, threat perception, child pornography, cyber terrorism, cyber laundering, cyber theft આ બધાની સામે આ વખતના બજેટમાં માનનીય નાણામંત્રી નીતિનભાઇએ અમને ૪ જેટલા સાયબર પોલીસ સ્ટેશનોની પરવાનગી આપી છે જેના કારણે મારી પાસે ઘણા ધારાસભ્યો આવે છે કે જેના એકાઉન્ટમાંથી પૈસા બારોબાર નીકળી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જતા હોય અને એવા સંજોગોમાં skilled manpower ના માધ્યમથી આપણે એમાં પ્રયાસ કરી રહ્યા છીએ. આમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ બધા જ શહેરોમાંથી આપણે બધા ચૂંટાઇને આવીએ છીએ. હાઇ–વે ઉપર જોઇએ છીએ કે ટ્રાફિકની સમસ્યા આવનારા દિવસોમાં બહુ મોટી સમસ્યા છે તો આવનારા દિવસોમાં ટ્રાફિકની સમસ્યા માટે પણ ૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને ૪૦૦૦ કરતા વધારે સ્વયંસેવકો એમાં ૩૩% મહિલા સાથે ટ્રાફિક બ્રિગેડ ૧૦,૦૦૦નું કરવામાં આવ્યું છે અને એને મળતું વેતન ૨૦૦ રૂપિયાથી ૩૦૦ રૂપિયા કરવા માટે ટ્રાફિકમાં પણ રોડ એન્જિનિયરિંગના બ્લેક સ્પોટ હતા એ રિમૂવ કરીને એના માટે પ્રયાસ કર્યો છે. આ રાજ્ય સરકારે ઉત્તમ પ્રકારનું કામ કર્યું હોય તો પોલીસ ભરતીનું કામ કર્યુ છે. રાજ્યની અંદર છેલ્લા ૪ વર્ષની અંદર ૪૯૬૬૦ પોલીસ કોન્સ્ટેબલથી હાયર ઓફિસર અને આ પોલીસ અધિકારીઓને એ.એસ.આઇ. ટુ પી.એસ.આઇ., પી.એસ.આઇ. ટુ પી.આઇ. , પી. આઇ. ટુ ડી.વાય.એસ.પી. આ બધા જ લોકોને યોગ્ય સમયે (અંતરાય)

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે આ પ્રમાણેના પોલીસ તંત્રના મોર્ડનાઇઝેશનથી માંડીને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી અને અમારી રક્ષાશક્તિ યુનિવર્સિટીના માધ્યમથી સ્કીલ અપગ્રેડેશનના માધ્યમથી સમગ્ર રાજ્યની અંદર ગુજરાતના ગૃહ વિભાગ દ્વારા, ગુજરાતના પોલીસ તંત્ર દ્વારા ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા માટે ઉત્તમ પ્રકારનું કામ કર્યુ છે. કદાચ એમને દેખાતું નથી તો એમને સલામ. બાકી આજે ગુજરાતની પ્રજાએ છટ્ઠી વખત ભારતીય જનતા પાર્ટીને મેન્ડેટ આપ્યો અને એનું કારણ હોય તો ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ છે.

સભાપતિશ્રી: હવે હું પહેલા માગણીઓ ઉપરની રજૂ થયેલ કાપ દરખાસ્તો મત માટે મૂકીશ. (અંતરાય) (આ તબક્કે સભ્ય શ્રી વિરજીભાઇ ઠુમર અને વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ઊભા થઇ જતા) વિરજીભાઇ કે પરેશભાઇ કોને કહેવું છે? (અંતરાય) વિરજીભાઇ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય પરંપરા એ છે કે, જેને પ્રવચનમાં ભાગ લીધો હોય એ જ પ્રશ્ન પૂછી શકે. માનનીય અધ્યક્ષશ્રી, આ નવી પરંપરા છે. ઇતિહાસમાં પણ ક્યારેય થયું નથી. એમને અમના પક્ષ તરફથી એલાઉ કર્યા હોય, એમને એલાઉ કર્યા હોય અને એલાઉ કર્યા પછીય હોય તો બરાબર છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય (અંતરાય)

સભાપતિશ્રી : એક જણને પ્રશ્ન પૂછવાનો છે. તમે કહો એને પૂછવા દઉં.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આવી પરંપરા નથી. જે લોકોએ મંતવ્ય આપ્યા હોય એ તો પ્રશ્ન રજૂ કરી દે. એ સિવાયના સભ્યોને પ્રશ્ન હોય એના મંત્રીશ્રીએ જવાબ આપવા જોઇએ.

સભાપતિશ્રી : પરેશભાઇ કોને બોલવાનું છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા ગૃહના સભ્યોએ આ વખત ગૃહ વિભાગની ચર્ચામાં ભાગ લઇને મોટા ગજાના ગૃહ મંત્રી ખૂબ (અંતરાય)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સમય થઇ ગયો હોય પ્રોપર મતદાન થઇ જાય એ જરૂરી છે.

સભાપતિશ્રી : સમય પૂરો થયો છે, મતદાન અમારે કરાવવાનું છે.

શ્રી પરેશ ધાનાણી : સમય અમે વધાર્યો. સમય વધારી દીધો. પંકજભાઇની દરખાસ્ત સ્વીકારી લીધી.

સભાપતિશ્રી : પંકજભાઇ સમય નથી વધારતા. (અંતરાય) આપ જલ્દી પ્રશ્ન પૂછો.

શ્રી પરેશ ધાનાણી : મારા ધારાસભ્યોએ જે પ્રશ્નો પૂછ્યા હતા કે એમ.બી.શાહ કમિશને વિધાનસભાની અંદર જે મુદ્દાઓ ચર્ચા અર્થે પાછા મોકલ્યા એના એકશન ટેકન રિપોર્ટ, અઢી લાખ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર જે સમયે થયો એનો જવાબ ના મળ્યો. (અંતરાય)

સભાપતિશ્રી : પરેશભાઇ આપને કોઇ પ્રશ્ન હોય તો પૂછો.

શ્રી પરેશ ધાનાણી : નલિયા કાંડ (અંતરાય)

સભાપતિશ્રી : પરેશભાઇ આપ બેસો. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : જાસૂસી કાંડનો સવાલ કર્યો હતો એનો જવાબ ના મળ્યો, (અંતરાય)

સભાપતિશ્રી : હવે હું માગણી ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો મત માટે મૂકીશ.

સભાપતિશ્રી : હવે હું માગણીઓ મત માટે મુકીશ (અંતરાય)(સતત ઘોંઘાટ) પરેશભાઇ, આપ બેસો, પ્લીઝ, પરેશભાઇ, આપ બેસો.

**માગણી ક્રમાંક–૪૨, ૪૩, ૪૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**( વિરામ ૧–૩૧ થી ૨–૩૦)**

તા. ૧૫મી માર્ચ, ૨૦૧૮
બિન–સરકારી સંકલ્પો

**( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

**બિન–સરકારી સંકલ્પો**

ખેતવિષયક સાધનોમાં મદદ કરવા અંગે

શ્રી કાળાભાઇ ર. ડાભી(કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહમાં પ્રથમ વખત બોલવા ઊભો થયો છું, ત્યારે મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

રાજ્યમાં દિન–પ્રતિદિન ખેતીની જમીનનું ઘટતું જતું ક્ષેત્રફળ અને ખેડૂતોની ઘટતી જતી સંખ્યાને રોકવા માટે ખેતીને અનુકૂળ જરૂરિયાતો તથા વ્યવસ્થા, સસ્તું ખાતર–બિયારણ–દવા, પૂરતી અને સસ્તી વીજળી, સિંચાઇનું પાણી પોષણક્ષમ ભાવ અને કુદરતી આફતો સામે કૃષિ પાકોને આરક્ષણ તેમજ ઉપજાઉ ખેતી માટે આધુનિક તાંત્રિક ઓજારોની ઉપલબ્ધિ કરાવવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કાળાભાઇ ર. ડાભી : મેં આ સભાગૃહ સમક્ષ બિન સરકારી સંકલ્પ રજૂ કર્યો છે, તેની ટૂંકમાં છણાવટ કરું તો કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા સૌ કોઇ લોકો જાણે છે કે રાજ્ય સરકારે ખેતી અને ખેડૂત વિરોધી નીતિઓ અખત્યાર કરી છે, તેથી રાજ્યમાં જમીન માફિયાઓ ફુલ્યા ફાલ્યા છે અને નાના અને સીમાંત ખેડૂતોની જમીનો હડપ કરી રહ્યા છે અને રાજ્ય સરકાર આંખ આડા કાન કરી રહેલ છે.

રાજ્ય સરકારની ખેતી અને ખેડૂત વિરોધી નીતિઓના પરિણામ સ્વરૂપે રાજ્યના ખેડૂતોને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો મળવા તો બાજુ પર રહ્યા, પરંતુ ઉત્પાદન ખર્ચ જેટલા ય ભાવો મળતા નથી, તેથી ખેડૂતોને ખેતીમાંથી થતી આવકમાં સતત ઘટાડો થઇ રહ્યો છે, તેના કારણે રાજ્યના ખેડૂતોને ખેતી ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો છે, તે ગંભીર ચિંતાનો વિષય છે. પરંતુ મેં આગળ જણાવ્યું તેમ •(×××) અને તેથી રોજેરોજ સેંકડોની સંખ્યામાં ખેડૂતો ખેતીનો વ્યવસાય છોડી રહ્યા છે. આમ, રાજ્ય સરકારે ખેતી અને ખેડૂત વિરોધી નીતિઓ અખત્યાર કરી છે, તેના પરિણામ સ્વરૂપે એકતરફ ખેડૂતોની સંખ્યા ઘટતી જાય છે અને બીજી તરફ છેલ્લા એક દાયકામાં સંખ્યાબંધ ખેડૂત પરિવારોએ શહેરો તરફ પલાયન કર્યું છે, તેમાંથી મોટા ભાગના ખેડૂત પરિવારો ખેતીની જમીન અને ઘરબાર છોડીને શહેરમાં વસ્યા છે, તેથી ખેતીની જમીનનું ક્ષેત્રફળ ઘટ્યું છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**શબ્દો રદ કરવા અંગે**

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. કાળુભાઇ પ્રથમ વખત આ સન્માનનીય ગૃહમાં આવે છે. મારે એટલી જ સ્પષ્ટતા કરવાની છે કે એમના પ્રવચનમાં એમણે એવું કહ્યું છે કે *(×××)

અધ્યક્ષશ્રી : આ વાક્યો રદ કરવામાં આવે છે. ધ્યાન દોરવા બદલ આભાર.

શ્રી કાળાભાઇ ર. ડાભી : એ સૌ કોઇ માટે ગંભીર ચિંતાનો વિષય છે. પરંતુ મને આ સભાગૃહને જણાવતા અત્યંત દુઃખ થાય છે કે રાજ્ય સરકારે ખેતી અને ખેડૂતોને આર્થિક સંકટમાંથી ઉગારવા ખાસ કોઇ નક્કર પગલાં ભર્યાં નથી, એટલું જ નહિ, રાજ્ય સરકારે કૃષિ ક્ષેત્રની કેવી અવદશા કરી છે, તેનો અંદાજ તેના ઉપરથી મેળવી શકાય તેમ છે કે છેલ્લા એક દાયકામાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં બહુ મોટી સંખ્યામાં ખેડૂતો આત્મહત્યાનું અંતિમ પગલું ભરવા મજબૂર બન્યાં છે, તેના ઉપરથી સ્પષ્ટ ફલિત થાય છે કે ગામડાં અને ખેડૂતોની સ્થિતિ બેહદ ખરાબ છે. રાજ્ય સરકારે પંચાયતી રાજ વ્યવસ્થાનું માળખું એટલી હદે ખરાબ કરી નાખ્યું છે કે, તેની સીધી અસર ગ્રામીણ અર્થતંત્ર ઉપર પડી છે. દિન–પ્રતિદિન ખેડૂત પરિવારોની ખેતી પ્રત્યેથી રૂચિ ઘટતી જાય છે અને તેથી ખેડૂતો ગામડાંમાંથી શહેરોમાં પલાયન કરવા મજબૂર બન્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારનો અભિગમ પંચાયતી રાજ વ્યવસ્થાને આર્થિક રીતે સક્ષમ બનાવવાના બદલે તેની સત્તાઓ ઉપર કાપ મૂકવાનો અને પંચાયતી રાજ વ્યવસ્થાને યેનકેન પ્રકારે નબળી પાડવાનો રહ્યો છે. તેથી ખેડૂત પરિવારોનું ગામડાંમાંથી શહેરો તરફ પલાયન થવાથી ખેત મજૂરોની સ્થિતિ એટલી દયનીય બની છે કે આજે ગામડાંમાં કોઇ હુન્નર નથી અને તેથી ખેત મજૂરો બાંધકામ ક્ષેત્રમાં મજૂરી કરવા લાગ્યા છે. પરંતુ કમનસીબે રાજ્ય સરકારની ખોટી નીતિઓના કારણે આજે બાંધકામ ક્ષેત્ર પણ મંદીમાં સપડાઇ ગયો છે તેથી ગ્રામીણ રોજગારીની સ્થિતિ અત્યંત વિકટ બની છે. ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે રાજ્યમાં ને દેશમાં રોજના સેંકડો પરિવારો ખેતીનો વ્યવસાય છોડી રહ્યા છે તેની ચિંતા કરીને રાજ્ય સરકારે તેના સામાન્ય બજેટમાં કૃષિ ક્ષેત્રને સૌથી વધારે પ્રાધાન્ય આપવું જોઇએ તેને બદલે રાબેતા મુજબની ફાળવણી કરીને કૃષિ ક્ષેત્રની ઉપેક્ષા કરી છે તેથી કૃષિ વિકાસદર સતત ઘટતો જાય છે જે ગંભીર ચિંતાનો વિષય છે. પરંતુ મને લાગે છે કે આ બાબતમાં રાજ્ય સરકાર બિલકૂલ ગંભીર નથી.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨૪, ૧૯૩૯ શાકે

બિન–સરકારી સંકલ્પો

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કાળાભાઇ ડાભી જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેતી, ખેડૂત માટે, તે સશક્ત થાય, ખેતી મજબૂત થાય તેના માટેનો સંકલ્પ તો ૧૯૯૫થી ૨૦૦૧ સુધી કરી ચૂકેલી હતી. ૨૦૦૧ની સ્થિતિએ જોઇએ તો લગભગ આઠ થી દસ હજાર કરોડ ખેતીનું ઉત્પાદન હતું. આજે તે ઉત્પાદન વધીને ૧ લાખ ૩૮ હજાર કરોડ જેટલું થયું છે અને તે રકમ હાંસલ કરી છે. ત્યારે મારે કહેવું છે કે, ભૂતકાળની અંદર ખાતર, પાણી, યાંત્રિક ઓજારો, ઈરીગેશન કરવાની વાત હોય કે બીજી જરૂરી સાધન સગવડો પૂરી પાડવાની વાત હતી. તે તરફ તે વખતે ઘોર દુર્લક્ષ્ય સેવવામાં આવ્યું હતું. હમણાં જ ગઇકાલે શિક્ષણ વિભાગની વાતમાં સ્ટાર્ટઅપની વાત થઇ. ભૂતકાળની અંદર યુરિયા ખાતર માટે લાઇનો લાગતી હતી. તે વખતે પોલીસને તેનો કંટ્રોલ કરવો પડતો. મંડળીઓવાળા અમને આવીને કહેતા કે અમને ખાતર અપાવો, અમારો ડ્રાફ્ટ લઇ જાઓ પણ ખાતર વહેલી તકે મળે તો જ અમે ખેડૂતોને ખાતર આપી શકીએ. તે રીતની પરિસ્થિતિ હતી. ૨૦૧૪માં આદરણીય નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન તરીકે આરૂઢ થયા ત્યારે એક સામાન્ય નાનો નીમ કોટીંગ કરવાવાળો વિષય લીધો. ફેક્ટરીમાં જતું યુરિયા રોકાઇ ગયું, કેમિકલ ઇન્ડસ્ટ્રીઝમાં જતું યુરિયા રોકાઇ ગયું. આજે ખેડૂતો લાઇન લગાવતા અટકી ગયા છે. મારે એટલું જ કહેવું છે કે, ખાતર ન આપી શકતી સરકાર અને ફાળવણીમાં પણ ગુજરાતને અન્યાય થતો હોય તેવા પ્રકારની ભૂતકાળની કેન્દ્ર સરકારોએ ગુજરાતને અન્યાય કર્યો છે. આજે પરિસ્થિત એ છે કે, યુરિયા આપણે ૧૭.૬૦..

અધ્યક્ષશ્રી : હંમેશાં ન્યાય કર્યો નથી તેવું કહેવું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ન્યાય નથી કર્યો. યુરિયા ૧૭.૬૦ લાખ મેટ્રિક ટનની જગ્યાએ ૧૮.૬૦ લાખ મેટ્રિક ટનની ફાળવણી ભારત સરકારે કરી છે. ડી.એ.પી. ૪.૧૫ લાખ મેટ્રિક ટનની જગ્યાએ ૬.૩૧ લાખ મેટ્રિક ટનની ફાળવણી કરી છે. એન.પી.કે. ૪.૪૫ લાખ મેટ્રિક ટનની સામે ૫.૮૮ લાખ મેટ્રિક ટનની ફાળવણી કરી છે. ખાતરની કયાંય તંગી ન રહે તે રીતની પરિસ્થિત પેદા થઇ હોય તો પહેલી વખત નરેન્દ્રભાઇના વડાપ્રધાન તરીકે આરૂઢ થયા પછી આપણા ગુજરાતમાં થઇ છે. હવે ખાતરવાળો વિષય લગભગ રાજયમાંથી પૂરો થયો છે. પાણીની વાત કરું તો છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત સરકાર પાણીની ફેસીલીટી આપવા માટે, ઈરીગેશન માટે કટિબદ્ધ છે. પાંચ લાખ જેટલા કનેકશનો છેલ્લા પાંચ વર્ષમાં આપવામાં આવ્યા છે. નર્મદાનું કામ પણ પૂરું થવાની તૈયારીમાં છે. થોડીઘણી સબમાઇનોર કેનાલો બાકી છે તે પૂરી થશે ત્યારે જેટલી ખેતીની જમીન ગુજરાત રાજયની અંદર છે તેમાંથી ૫૮ થી ૬૨ ટકા જમીન પિયત વિસ્તારમાં આવી જવાની છે. તળાવો ઉંડા કરવાની વાત હોય, ખેત તલાવડી બનાવવાની વાત હોય, ચેકડેમ બનાવવાની વાત હોય અને હમણા જ માનનીય નીતિનભાઇ સાહેબે કહ્યું કે, આ બોરીબંધ ક્યાં ગયા? ટેમ્પરરી વ્યવસ્થા અને જે તે ચોમાસા પૂરતો લાભ લેવાની વ્યવસ્થાની જે વાત હતી એની પણ હાંસી ઉડાવે છે. એના પરિણામો મળ્યા છે, મને કહેતા ગર્વ થાય છે કે, મારે ત્યાં મારા મહેસાણા મત વિસ્તારમાં અને ઉત્તર ગુજરાતમાં ૧૯૮૫–૧૯૮૬–૧૯૮૭ની અંદર અને ૧૯૮૮ની અંદર એ ત્રણ વર્ષ સતત દુષ્કાળ પડ્યો અને એ વખતે કહેવાતું હતું કે ઉત્તર ગુજરાત રણમાં ફેરવાઇ જાય તેવી સ્થિતિ છે. આજે લગભગ ૩ થી ૧૫ મીટર સુધી પાણીના તળ ઉંચા આવ્યા છે અને કેટલાક વિસ્તારોમાં આજે કૂવા ચાલતા થયા છે, ૫ અને ૭ એચ.પી.ની મોટરો દ્વારા આજે ઈરીગેશન કરી શકાય એવી વ્યવસ્થા ઉભી થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિકલ્પની વાત કરવા ઉભો થયો છું ત્યારે અમારા ધરોઇ કેનાલ કમાન્ડ વિસ્તારમાં પહેલા ૫૦ ટકા પાણી અમદાવાદને અપાતું હતું આ રાજય સરકારે નિર્ણય કર્યો કે પાણી અમે નર્મદામાંથી આપીશું અને આ જે ધરોઇનું પાણી છે એના દ્વારા ૫૦ ટકા કમાન્ડ વિસ્તાર વધારવાનું જો કોઇએ કામ કર્યું હોય તો અમારી સરકારે કર્યું છે. જયારે આટલું બધું પાણીનું કામ થતું હોય, આ ગૃહ સમક્ષ બોલવા ઉભો થયો છું ત્યારે મારી આપને એક વિનંતી છે કે, ધરોઇ કેનાલ વિસ્તાર જે સબ માઇનોર કેનાલો છે, નર્મદામાં આપણે પાઇપલાઇન કરી રહ્યા છીએ પણ અહીં જે સબ માઇનોર કેનાલો છે એ પાણીનું ડિસ્ટ્રીબ્યુશન કરી રહી છે એ સબ માઇનોરને પણ પાઇપો નાંખીને પાઇપલાઇન દ્વારા પાણી વિતરીત કરવામાં આવે તો પાણીનો બગાડ ઓછો થાય અને એ કમાન્ડ વિસ્તારમાં એટલું વધારે પાણી વાપરી શકાય અને સીપેજ પણ ઓછું થશે.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કાળુભાઇ જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાળુભાઇની ખૂબ જ ચિંતા છે અને એમને આ ચિંતા વ્યક્ત કરી છે ત્યારે એમની ચિંતા ખેડૂતો માટેની ખૂબ જ વાજબી છે એટલા માટે કે, દિવસે દિવસે ખેડૂતોની પરિસ્થિતિ બહુ ખરાબ થતી જાય છે અને ખાસ કરીને એમાં જે જમીનો છે એ જમીન ઓછી થતી જાય છે, એના કારણોમાં જઇએ તો મોટા ભાગે બિનખેતી તરફ આ સરકારની નીતિઓના લીધે જે ખેતીની જમીનો છે એ ઓછી થતી જાય છે અને એના લીધે જમીનોનું પ્રમાણ ઓછું થાય છે. બીજી બાબત એ છે કે, જે ખેડૂતો છે, જે ખેતી કરે છે, જે ઉત્પાદન કરે છે એમાં એમને પોષણક્ષમ ભાવ નથી મળતો એ એનું મુખ્ય કારણ છે. એક બાબત એ છે કે, હમણા સભ્યશ્રી ઋષિકેશભાઇ કહેતા હતા કે ખાતર, બિયારણ મળે છે. મારે એમને કહેવું છે કે હમણા ઘઉંની સિઝન હતી ત્યારે આખા ગુજરાતમાં અને અમારા વિસ્તારમાં ખાસ યુરિયાનું ખાતર નહોતું મળતું અને સાથે તમારી જાણ માટે કહું કે જોઇએ એટલું પ્રાઇવેટ દુકાનોમાં ખાતર મળતું હતું અને એ પણ ૩૦૦–૩૫૦ રૂપિયાની થેલી ત્યાં ૫૦૦ રૂપિયામાં મળતી હતી. આ તમારો વહીવટ છે? આજે જે ડી.એ.પી.ની વાત કરી તો કહું કે કોંગ્રેસના શાસનમાં એ વખતે ટેક્સ પણ નહોતો લેવાતો, જી.એસ.ટી. પણ નહોતો લેવાતો અને જે ૩૫૦ રૂપિયે ડી.એ.પી.ની થેલી મળતી હતી જે આજે ૧૨૦૦ રૂપિયે

ડી.એ.પી. ખાતર મળે છે. તમે એટલું તો વિચારો કે આ ખેડૂતોને પોસાય ખરું? કેવી રીતે ખેડૂત ચલાવતો હશે? અને વીજળીની વાત કરી, અમારા વખતે તો હોર્સપાવરથી વીજળી મળતી હતી અને તમે ગમે એટલી વાપરો ત્યારે બિલ એક વર્ષે ભરાતું હતું આ સરકારમાં મિટરો ન દાખલ કરવાની વાત કરીને મીટર દાખલ કરી દીધા છે અને એના લીધે ખેડૂતોને છેતરવામાં આવ્યા છે. આજે પરિસ્થિતિ એ થઇ છે કે મીટરોના કારણે અને એમાંય પાછી સાહેબ, ખેડૂતોને દિવસે લાઇટ આપવાની વાત કરી હતી, ૮ કલાક પણ દિવસે પહેલા ખેડૂતોને, મને બરાબર ખબર છે ૨૦૦૨ની વાત કરું ૧૫,૬૫૫ મિલિયન યુનિટ મળતી હતી પણ વીજળી ઘટતી ગઇ ૧૨,૦૦૦ મિલિયન યુનિટ થઇ અને હમણા થોડી વધારી પણ આ વીજળી દિવસે મળવી જોઇએ એ મળતી નથી. જે ખેડૂતો છે એને ખબર છે રાત્રે વીજળી આવે અને પાણી વાળવા જવું પડે છે ત્યારે કેટલી મુશ્કેલી પડે છે? જે ખેડૂતો છે ને જે પાણી વાળતા હશે એમને ખબર છે કારણ કે, અમે પોતે વાળેલું છે એટલે મને ખબર છે. ખેડૂતો છે એમને ખ્યાલ હશે કે રાત્રે ખેતરમાં જવું એટલું બધું મુશ્કેલ હોય છે કેમ કે રાત્રે સાપ અને બીજા જીવ-જંતુઓ છે એનાથી ખૂબ ડર લાગતો હોય છે અને બીજું એના સાથે ડુંગરોની જોડે જે વિસ્તાર આવેલ છે એમાં જાનવરો પણ આવે છે અને ભૂંડ અને નીલગાયનો ત્રાસ હોય છે અને એમાં પણ ચિત્તાનો ત્રાસ હોય છે, અમારા વિસ્તારમાં તો ચિત્તાઓ વધારે છે એટલે એનો જે ત્રાસ હોય છે એની ખેડૂતોને બીક લાગતી હોય છે એટલે મારી તો મંત્રીશ્રીને વિનંતી છે કે, ખેડૂતોને જે વીજળી આપવાની છે એ ભલે આઠ કલાક આપો પણ એ વીજળી દિવસે આપો પણ આઠ કલાક જો ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવે તો ખેડૂતોને કોઇ વાંધો હોતો નથી. સાથે સાથે પોષણક્ષમ ભાવની વાત કરું તો જ્યારે બિયારણ ખરીદવા જઇએ છીએ ત્યારે મકાઇના બિયારણની પાંચ કિલોની થેલી હોય છે એના ૫૦૦ રૂપિયાથી ૬૦૦ રૂપિયા અને એ બિયારણના આધારે જ્યારે ખેડૂત ઉત્પાદન કરે છે ત્યારે એક મણના ૨૦૦ થી ૨૨૫ રૂપિયા જ ખેડૂતોને મળે છે તમે એમાં એવું તો કયું કેમિકલ નાંખો છો કે તમારે આટલા બધા ભાવ લેવા પડે છે, કંઇક તો વિચારો, કમસેકમ ખેડૂતોને બિયારણ તો સસ્તું આપો, તમે કેમિકલના ભાવ વધારે લઇ લો છો, તમે બિયારણના ભાવ વધારે લઇ લો છો, તમે વીજળી નથી આપતા પૂરતી. ખેડૂત ટકે કેવી રીતે? એટલા માટે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે તમે ખેડૂતો માટે કંઇ ચિંતા કરો અને હમણાં એક બહુ સરસ જાહેરાત કરી હતી ખેડૂતો માટે તારની વાડની. એ વખતે જાહેરાત કરી હતી, શું કહ્યું? પહેલાં તો એમણે ૨૦ હેક્ટર જમીનની વાત કરી, એટલે ૨૦ હેક્ટર જમીન હોય તો તારની વાડ મળી શકે, પછી ખબર પડી કે આ ઘટાડવું પડે એટલે ૧૦ હેક્ટર જમીન કરી, અને ટ્રાયબલમાં ૫ હેક્ટર કરી, પણ ૧૦ હેક્ટર એટલે તો ૨૫ એકર જમીન થઇ, ૨૫ એકર જમીન માટે કોઇ બાજુવાળા પડોશવાળા પણ સામે તૈયાર થતાં નથી અને એ માણસ તારની વાડ કરી શકતો નથી અને એના લીધે આ ખેડૂત યોજનાનો લાભ લઇ શકતો નથી. મારે મંત્રીશ્રીને વિનંતી છે કે વ્યક્તિગત જે યોજનાનો લાભ મળવો જોઇએ એ જ મળશે તો ખેડૂતોને ફાયદો થશે બાકી તમે સામૂહિકની વાત કરશો તો આજના સમયમાં એ શક્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી પણ એમણે એક યોજનાની જાહેરાત કરી હતી કે એક સરવે નંબરમાં બીજું કનેક્શન આપવામાં આવશે એમાં પણ આ ખેડૂતોને •(×××) એટલા માટે કે એમણે કહી તો દીધું કે એક સરવે નંબરમાં બીજું કનેકશન આપવામાં આવશે એનાથી ખેડૂતો ખુશ થઇ ગયા, પણ નીચે લખ્યું છે કે આઠ એકરથી જમીન વધુ હોય તો, હવે અમારે ટ્રાયબલ વિસ્તારમાં આઠ એકરથી વધુ જમીન તો હોતી જ નથી.

ત્રીજી બાબત અગત્યની એ છે કે, ખેડૂતોની જમીન જે છે એમાં દિવસે દિવસે ભાઇઓ ભાગના ભાગલા પડવાના કારણે આ જમીનના ટૂકડા થતાં ગયા અને આ ટૂકડા થવાના કારણે એ પોષાતું નથી અને ચોથી એક અગત્યની બાબત એ છે કે સાહેબ ટૂકડા એટલા બધા નાના થઇ ગયા છે અને એમાં પણ ટૂકડાના કારણે ૭/૧૨માં એનું નામ આવતું નથી, એક જ માણસનું નામ આવે છે એટલે તકલીફ એ થાય છે કે, સરકારી યોજનાનો કોઇપણ લાભ લેવાનો થાય એને કોઇ બિયારણ લેવું હોય કે ખાતર લેવું હોય તો એ મળી શકતું નથી કાં તો તમે એને પૈકી પૈકી નંબર આપો કે જેથી દરેક ખેડૂતોને એનો લાભ મળે. એવી એક તમે ઝૂંબેશ ઉપાડો આખા ગુજરાતના ખેડૂતો માટેની કે ગુજરાતના તમામ જે ખેડૂતો છે એ ખેડૂતોની પાસે ગમે તેટલી જમીન હોય તો પણ એને પૈકી પૈકી નંબર કરીને આપવામાં આવશે અને એનો સરવે કરાવો તો ઘણા બધા ખેડૂતોને એનો ફાયદો મળશે, તેથી આ બાબતે મારી આપને વિનંતી છે અને આપ તો બહુ જ તૈયાર અને સમજુ માણસ છો એટલે મને આશા છે કે આ બાબતમાં તમે જરૂર વિચારશો.

બીજું અમારા જે વિસ્તારો છે એમાં સિંચાઇની બિલકૂલ સગવડ જ નથી, નથી તો નર્મદાનું પાણી મળતું કે નથી કોઇ કેનાલો દ્વારા પાણી મળતું, આવા જે ખેડૂતો છે, જે ઉત્પાદન કરે છે અને જે કેનાલો દ્વારા ઉત્પાદન કરે છે એ બન્ને વચ્ચે ખૂબ અસમાનતા રહે છે અમારા ખેડૂતોનું ઉત્પાદન ખૂબ જ મોંઘું પડે છે અને કેનાલથી જે પાણી મળે છે એમાં ઉત્પાદન ખર્ચ ઘણું ઓછું થતું હોય છે, એટલે આવા જે ખેડૂતો છે જ્યાં કોઇ સિંચાઇની સગવડ નથી એમાં ભાવમાં તો કંઇ આપણે કરી શકતા નથી, પણ એ ખેડૂતોને વીજળીમાં કંઇક સબસિડી આપો, સબસીડાઇઝ્ડ રેટથી તમે વીજળી આપો તો અમારે ત્યાંના ખેડૂતો એ ભાવમાં ટકી શકશે, બાકી અમારો ખેડૂત આજે ખેતી છોડી રહ્યો છે એ બિલકૂલ સાચી વાત છે. કારણકે આ ખેતી એમને પોષાતી નથી અમારા વિસ્તારમાં અમે જોયું છે કે હવે એ ન પોષાવાના કારણે ક્યાંકને ક્યાંક મજૂરીએ નીકળી જાય છે એટલે મોટાભાગની જમીનમાં આ મુશ્કેલી થાય છે અને પછી શું થાય છે કે મજૂરો મળતા નથી અને મજૂરો મળે છે ત્યારે આપ જાણો છો કે જ્યારે માલિક ન હોય ત્યારે શું પરિસ્થિતિ થતી હોય છે એટલે આવી હાલત અમારા વિસ્તારમાં જે થઇ છે ત્યારે સભ્યશ્રીએ ખૂબજ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અગત્યની ચિંતા કરી છે અને ખેડૂતોની ચિંતા કરી છે અને ખેડૂતને આપણે જગતનો તાત કહીએ છીએ ત્યારે મારી વિનંતી છે કે, આ ખેડૂતોના હિતમાં આ સંકલ્પને મંજૂર રાખવામાં આવે. આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય ડો. અનિલભાઇ, આપના પ્રવચનમાં આપ બે વાર બોલ્યા કે *(×××) આ બન્ને વખતના શબ્દો આપણે કાઢી નાંખીએ છીએ અને હું જ્યારે જ્યારે અસંસદિય શબ્દો કાઢી નાંખું છું ત્યારે ઘણાને એમ થતું હશે કે આ તો કંઇક વધારે પડતું થઇ રહ્યું છે પણ અસંસદિય શબ્દોની ૧૨૮, ૧૩૦ અને ૧૩૧ ત્રણેય પર આ વાત છે. નેક્સ્ટ માનનીય સભ્યશ્રી, બીજું કોઇ હવે બોલનાર છે? ભરતભાઇ આપ બોલો.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના માનનીય ધારાસભ્યશ્રી કાળાભાઇ ડાભી ખેડૂતોને કૃષિલક્ષી સગવડો પૂરી પાડવા બાબતનો જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો અને મંતવ્યો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર માટે ખેડૂત જગતનો તાત છે જે સમજીને તેમના માટે સતત ચિંતિત છે. ખેડૂતોને રાજય સરકાશ્રી દ્વારા તેઓને આર્થિક રીતે સદ્ધર કરવા અને પાક ઉત્પાદન વધારવા ખેતીવાડી ખાતુ તેમજ બાગાયાત ખાતુ અસ્તિત્વમાં છે. જેમાં ગ્રામ્ય કક્ષા સુધી તજજ્ઞો ઉપલબ્ધ છે. ખેડૂતોને ખેતીની નવીનતમ ટેકનોલોજીની જાણકારી મળી રહે અને તે માટે અપનાવવામાં મદદરૂપ થવા વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓ સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ છે. વિસ્તરણ પ્રવૃત્તિ ઉપરાંત ખેડૂતોને નફાકારક ખેતી તરફ લઇ જવા તેમજ ખેતીની ગુણવત્તાસભર વિવિધ ઇનપુટ સમયસર અને પૂરતા પ્રમાણમાં નજીકના સ્થળેથી મળી રહે તે માટે પણ સરકારશ્રી દ્વારા સહાય યોજના સહિત સારી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે જેને પરિણામે રાજયભરના ખેડૂતો, ખેડૂતોની જરૂરિયાતો અને વ્યવસ્થા સહેલાઇથી ઉપલબ્ધ થઇ શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ખેડૂતોને ખાતર વિતરણ તેમજ દવાઓ પૂરતાં પ્રમાણમાં પ્રાપ્ત થાય તે માટે સરકારશ્રી દ્વારા અનેક કામગીરીની વિગત ગૃહમાં રજૂ કરવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, રાસાયણિક ખાતરોના વિતરણ માટે રાજયમાં કુલ ૧૫ જેટલી માન્ય ખાતરની વિતરક સંસ્થાઓ છે. ૮૫૧ જેટલા હોલસેલરો છે. ૮૮૪૪ જેટલાં ખાતર વિક્રેતાઓ સબસિડી પાત્ર રાસાયણિક ખાતરની વિતરણ વ્યવસ્થા સાથે સંકળાયેલ છે. રાજયમાં વર્ષ ૨૦૧૭–૧૮માં એપ્રિલ, ૨૦૧૭ થી જાન્યુઆરી, ૨૦૧૮ સુધીમાં વિવિધ રાસાયણિક ખાતરની જરૂરિયાત કરતા વધુ પૂરું પાડવામાં આવેલ છે. રાજયમાં છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરની કોઇ અછત સર્જાયેલી નથી તેમજ રાજયના ખેડૂતોને સમયસર ખાતર મળી રહે તે માટે તમામ તકેદારી રાખવામાં આવેલી છે. રાજયના ખેડૂતોને લાઇનમાં ઉભા રહેવાની તે ભૂતકાળની બાબત થઇ ગઇ છે. રાજયમાં ખેડૂતોને સમયસર અને પૂરતાં પ્રમાણમાં ખાતર પૂરાં પાડવા માટે ૨૮.૫૦ કરોડની પણ સરકારે જોગવાઇ કરેલી છે. રાજયમાં જંતુનાશક દવાના પૂરતાં પ્રમાણમાં ઉત્પાદન યુનિટ આવેલા છે અને ખેડૂતોને સમયસર પૂરતાં પ્રમાણમાં ગુણવત્તાયુકત દવાઓ મળી રહે તેવા વિક્રેતાઓનું માળખું ગ્રામ્યકક્ષા સુધી ગોઠવાયેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા કૃષિ મંત્રીશ્રી ફળદુસાહેબ ખૂબ અનુભવી અને ખેડૂત પુત્ર છે અને ખેડૂતો માટે તેમણે પદયાત્રા કરીને ખેડૂતોના પ્રશ્નો જાણવાના પ્રયત્નો કરેલા છે અને કોઇ પણ પ્રશ્ન હશે તો તેમણે હલ કરવાની તૈયારી બતાવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું વલસાડ તાલુકાના ગામડાંમાંથી આવુ છું અને ભૂતકાળમાં ૨૫ વર્ષ પહેલાં ખેડૂતોની જે દયામણી સ્થિતિ હતી તે મેં જોયેલી છે. આ વર્ષોમાં ખેડૂતોને પૂરતું પાણી અને પૂરતી વીજળી મળતી ના હતી અને ખેડૂતોએ ખેતરમાં પાકને પાણી રેડવા માટે સૂપડાંથી બાંધી અને દોરડાંથી ખેંચીને ખેતરમાં પાણી પીવડાવવુ પડતું હતું આ અમે ભૂતકાળમાં કર્યુ છે જયારે આજે આ પરિસ્થિતિ નથી. આજે ખેડૂતોને પૂરતાં પ્રમાણમાં પાણી મળે તે માટે સરકારે નહેરો રીપેર કરી છે અને પૂરતાં પ્રમાણમાં વીજળી સંતોષકારક મળે તે બાબતમાં પણ કાર્યવાહી કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર ખેડૂતોને પાકોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે અનેકવિધ આયોજનો કર્યા છે અને રાજયના ખેડૂતોને ટેકાના ભાવે ખરીદીની નીતિ હેઠળ મગફળી, કપાસ જેવા વિવિધ પાકોમાં સહાય આપવામાં આવેલ છે. આ ઉપરાંત ટામેટાં, બટાકાના ભાવ નીચા જાય તેવા કિસ્સાઓમાં ખેડૂતોના હિતમાં વાહતુક સબસિડી અને ડુંગળીના પાકમાં ઉત્પાદન સહાય પણ આપવામાં આવે છે જે સરકારનો ખેડૂતલક્ષી અભિગમ પુરવાર કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ખેડૂતોને કુદરતી આફતો માટે વિવિધ વીમા યોજના હેઠળ ૨૦૧૭–૧૮ના વર્ષમાં ૨૩.૧૪ લાખ હેક્ટર અને રવિ, ઉનાળું પાક માટે ૨૦૧૭–૧૮ના વર્ષમાં ૩.૨૩ લાખ હેક્ટર વાવેતર વિસ્તાર વીમા હેઠળ આવરી લેવામાં આવેલ છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભાગૃહના અમારા માનનીય સભ્યશ્રી કાળાભાઇ ડાભી વિધાનસભામાં બોલવા ઊભા થયા છે અને ખેડૂતો માટે ચિંતા કરવા ઊભા થયા છે અને ખેડૂતોની ચિંતા માટેનો સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે એમને હું ખૂબ જ અભિનંદન આપું છું. કાળાભાઇની જે ચિંતા છે તે ખરેખર ગુજરાતના ખેડૂતોની ચિંતા છે. કોઇ પણ સરકાર હોય તે હંમેશા ખેડૂતોની ચિંતા કરતી આવી છે. ગુજરાતના અને હિન્દુસ્તાનના ૭૦ ટકા લોકો ખેતી સાથે સંકળાયેલા છે. મારા મિત્ર ઋષિકેશભાઇ બોલતા હતા. મેં એમને સાંભળ્યા. એમણે ખાતરની બહુ વાત કરી. ખાતર તો ખેડૂતોને મળે છે પણ આજે ડુંગળી શું ભાવમાં વેચાઇ રહી છે? મને કહેતાં દુ:ખ થાય છે કે, આજે સૌરાષ્ટ્રમાં ડુંગળીની ખેતી કરતાં ખેડૂતોએ એની હરાજી અટકાવવી પડી છે. એને એક મણના ૫૦ રૂપિયા પણ મળતા નથી. બે રૂપિયા પ્રતિ મણ

એટલે પાણીના ભાવ કરતાં પણ ડુંગળીના ભાવ નીચા છે. એટલે ખેડૂતો આત્મવિલોપન કરી રહ્યા છે. આ ગૃહના પૂર્વ નેતા અને દેશના વડાપ્રધાનશ્રી એપ્રિલ, ૨૦૧૪માં અમરેલીમાં આવ્યા હતા તે વખતના ૨૦૧૩ના શબ્દો મારે આ ગૃહના રેકર્ડ ઉપર મૂકવા છે અને ફળદુ સાહેબને વિનંતી કરવી છે કે, આ દેશના વડાપ્રધાન જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે એમણે અમરેલીની છેલ્લી સભામાં મુખ્યમંત્રી તરીકે બોલેલા ૨૦૧૩ના શબ્દો ગૃહના રેકર્ડ ઉપર મૂકવા માગું છું. ''ભાઇઓ, બહેનો, અમરેલીની સભામાં હું આજે આવ્યો છું ત્યારે ખેડૂતોની ચિંતા વ્યક્ત કરવા માટે આવ્યો છું.'' આવું ગુજરાતના તે વખતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી બોલ્યા હતા.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઇ મોદી દેશના પ્રધાનમંત્રી છે અને તે આ ગૃહમાં અત્યારે સદસ્ય નથી માટે એમના નામનો ઉલ્લેખ કરીને વિરજીભાઇ બોલવા માગતા હોય તો It is not good for our future.

અધ્યક્ષશ્રી : ચૂંટણી પ્રચારમાં જે બોલ્યા હોય તેની વિગતો આપી શકાશે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : Very good. Thank you.

અધ્યક્ષશ્રી : એમાં very good કહેવાની જરૂર નથી. જે ન્યાયી છે એ જ વાત થશે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : •(×××) આ મુખ્યમંત્રીશ્રીના શબ્દો છે. આજે પરિસ્થિતિ શું થઇ છે? તે વખતે ખેડૂતના દીકરાને કપાસના ભાવ ૧૪૦૦ રૂપિયા મળતા હતા આજે ખેડૂતના દીકરાને કપાસના ભાવ ૮૦૦ રૂપિયા પણ મળતા નથી. એટલા માટે ખેડૂતોના દીકરા ખેતીમાંથી બહાર જઇ રહ્યા છે. આખા ભારત દેશમાંથી ૨૫૦૦ લોકો રોજેરોજ ખેતી છોડી રહ્યા છે. આ સરકારની નીતિઓના કારણે આ બની રહ્યું છે. ત્યારે કાળાભાઇએ ચિંતા કરી છે એટલે હું આ સંકલ્પને અનુમોદન આપવા ઊભો થયો છું. બાજરીનો ભાવ ૪૦૦ રૂપિયા મળતો હતો આજે ૨૫૦ રૂપિયા મળતો નથી. તલના ભાવ ૩૮૦૦ રૂપિયા હતો આજે ૧,૦૦૦ રૂપિયા પણ મળતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગવારનો ભાવ ૬૦૦૦ રૂપિયા મળતો હતો આજે એ ગવારનો ભાવ ૬૦૦ રૂપિયા મળતો નથી. મગફળી ૧૩૦૦ રૂપિયામાં વેચાતી હતી અને માનનીય અધ્યક્ષશ્રી, મગફળીનું ઉત્પાદન કરતો હું પણ પોતે ખેડૂત છું. આજે એ ખેડૂતની મગફળી ૭૦૦ રૂપિયામાં, ૫૦૦ રૂપિયામાં કપાઇ રહી છે. ખેડૂતોની મગફળી સરકારે ૯૦૦ રૂપિયામાં ખરીદવા માટેનો નિર્ણય કર્યો પણ કોની ખરીદી થઇ? કોઇ સંકળાયેલા, લાગવગવાળા ખેડૂતોની, વેપારીઓની અને મળતીયા ખેડૂતોની મગફળીની ખરીદી થઇ અને એ મગફળી સળગાવી દેવી પડી એનું દુઃખ લાગી રહ્યું છે. મગફળી તો સળગી ગઇ એનાં બારદાન પણ ગઇ કાલે રાજકોટ મૂકામે સળગી ગયાં અને જયાંથી માનનીય મંત્રીશ્રી રોજ પસાર થાય છે. ખેડૂતને જ આ ચિંતા કરવાની? આ ચિંતાનો વિષય ગૃહનો પણ છે, શાસક પક્ષનો પણ છે. અડદનો ભાવ પહેલાં ૧૮૦૦ રૂપિયા મળતો હતો, આજે ૮૦૦ રૂપિયામાં ખરીદી કરવાનો સરકારે નિર્ણય કર્યો અને નિર્ણય કર્યા પછી હજુ પણ અડદની ખરીદી થઇ શકી નથી. માનનીય મંત્રીશ્રી, તમે નિયમ–૪૪ નીચેનું નિવેદન માનનીય સભાગૃહમાં કર્યું છે. એની ચિંતા થાય છે. માનનીય ઋષિકેશભાઇ નીકળી ગયા પણ મારે એમને કહેવું હતું, એ ખાતરની બહુ ચિંતા કરતા હતા. ૨૮૬ રૂપિયે ડી.એ.પી મળતું હતું, ૨૦૧૫ સુધી એક પણ ખેડૂતના દીકરાને ખાતર માટે લાઇનમાં ક્યાંય ઉભું રહેવું પડ્યું નથી, હું ૩૦ વરસથી આ મંડળીનો પ્રમુખ છું. ૨૦૧૫માં ખેડૂતના દીકરાને લાઇનમાં ઉભું રહેવું પડ્યું એ સરકારની નીતિઓના કારણે ઉભું રહેવું પડ્યું અને છતાં પણ ૨૮૬નું જે ડી.એ.પી. મળતું હતું એ આજે ૧૨૦૦ રૂપિયે મળી રહ્યું છે ત્યારે ખેડૂતનો દીકરો ડી.એ.પી. લે કેવી રીતે? માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે ડીઝલ ૪૮ રૂપિયે મળતું હતું આજે ૬૩ રૂપિયા ડીઝલનો ભાવ છે, પેટ્રોલ ત્યારે ૫૩ રૂપિયે મળતું હતું આજે ૭૧ રૂપિયે લિટર પેટ્રોલ મળે છે. ખેડૂતને કોઇ દિવસ જરૂર પડે ખાતર, દવા કે બિયારણની એના ભાવ દિન–પ્રતિદિન વધતા જાય છે અને ખેડૂતને મળતી આવકમાં કશું જ એને મળતું નથી એના કારણે ખેડૂત આત્મવિલોપન કરતો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું એ લાઠી વિસ્તાર કહેવાય છે, કવિ કલાપિની ભૂમિ કહેવાય છે એ કવિ કલાપિની ભૂમિના શેખ પીપળીયા ગામે મારે રેકર્ડ ઉપર મૂકવું છે કે, ગઇ કાલે એક ખેડૂત દેવાના ડૂંગરમાં ડૂબી ગયો એના કારણે એને પોતાની વાડીએ આત્મવિલોપન કરવું પડ્યું એ દુઃખનો વિષય બન્યો છે. શા માટે ખેડૂતોની ચિંતા કરવી પડે છે? શા માટે ખેડૂતોએ આત્મવિલોપન કરવા પડે છે? એમને જે જરૂરિયાત છે એના ભાવ ત્રણ ગણા થયા છે. મગફળી એક ખાંડી અમે વેચવા જતા હતા અને એક તોલું મારા દાદા સોનું લઇને આવતા હતા આજે હું પોતે મગફળી વેચવા જાવ છું ૭૦૦ રૂપિયા આવે છે એમાં એક તોલું સોનું નહીં એક ગ્રામ પણ સોનું આવતું નથી એ પરિસ્થિતિ છે. પહેલા મગફળી ખાંડીનો ભાવ અને સોનાનો તોલાનો ભાવ હારોહાર હતો. માનનીય અધ્યક્ષશ્રી, આટલા બધા ભાવ વધ્યા છે ત્યારે હું આ સભાગૃહને વિનંતી કરું છું હું કોઇ ભારતીય જનતા પાર્ટી કે કોંગ્રેસ નહીં પણ આ ગૃહનો ધારાસભ્ય છું અને તમે પણ આ ગૃહના ધારાસભ્ય છો, માનનીય ફળદુ સાહેબ તો ખેતી સાથે સંકળાયેલા છે, એમના દાદાએ પણ ખેતી કરી હશે એમણે પણ ખેતી કરી હશે અને કદાચ એમના ચિરંજીવીઓ પણ ખેતી કરશે, પરંતુ એ ન કરે એવી પરિસ્થિતિનું નિર્માણ થતું જાય છે ત્યારે સરકારે ચિંતા કરવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. માનનીય કાળાભાઇને ખૂબ અભિનંદન આપીશ કે ખેડૂતોની ચિંતા છે અને આ સરકાર જો ખરેખર ખેડૂતો માટે ચિંતા કરતી હોય તો ફળદુ સાહેબ આ સંકલ્પ સ્વીકારો અને તમે કહો કે, આ પ્રમાણેના ખાતરના અને ખેડૂતોને મગફળીના ભાવ નહીં મળે તો સરકાર આના માટે જે કરવું હશે તે કરશે, એવી તૈયારી કરે તો મને વાંધો નથી. મારી અગાઉની વાતમાં માગણી વખતે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય ફળદુ સાહેબે રેકર્ડ ઉપર મૂક્યું હતું, નાની અને મધ્યમ સિંચાઇ યોજનાની મેં માહિતી માગી હતી. માનનીય ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ બજેટ સ્પીચ વખતે કહ્યું હતું કે, મારી ઓફિસમાં માહિતી પડી છે તમે લઇ જજો. એમની ઓફિસમાંથી હું માહિતી લઇ આવ્યો છું એ રજૂ કરવા હું ઉભો થયો પણ હું રજૂ ન કરી શક્યો. ૧૯૯૭ અને ૯૮માં માનનીય શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસના ટેકાવાળી સરકાર આવી ત્યારે કણુકી સિંચાઇ યોજના, હું ધારાસભ્ય હતો અને ખાતમૂહુર્ત કરવા ગયો હતો. એ કણુકી સિંચાઇ યોજના છેલ્લામાં છેલ્લી મોટી સિંચાઇ યોજના બની ત્યાર પછી એક પણ મોટી સિંચાઇ યોજના નથી બની. આ સરકારે આપેલી માહિતી છે. હું ટેબલ ઉપર મૂકું છું અને સરકારને પણ આપવા માગું છું.

પોઇન્ટ ઓફ કરેકશન

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ કરેક્શન છે. માનનીય શંકરસિંહ વાઘેલાની સરકાર વખતે જે ભૂમિપૂજનો થયાં હતાં એ માત્ર સિંદુર ચોપડવાના કામ આવ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જેટલાં પણ ભૂમિપૂજન થયાં એ બધી જ ભૂમિપૂજનવાળી યોજનાઓ ભાજપની સરકારે પૂરી કરી છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહેવા માગતો હતો. મારા બદલે માનનીય મંત્રીશ્રીએ કીધું હું એમને અભિનંદન આપું છું. ૧૯૯૫ પછી અને ૯૬ની જયારે કોંગ્રેસના ટેકાવાળી સરકારે એક પણ મોટી સિંચાઇ યોજનાનું ભૂમિપૂજન થયું હોય તો મને દેખાડો. એ હું તમને ચેલેન્જ કરતો હતો. એક પણ મોટી સિંચાઇ યોજનાનું ભૂમિપૂજન કર્યું નથી અને નર્મદાની વાતો થાય છે. ૨૭૮ ડેમ કોંગ્રેસની સરકારમાં બન્યા હતા. એટલે ખેડૂતોને પાણી મળતું હતું. આજે એ પાણી જુદી જગ્યાએ વાપરી નાખવામાં આવે છે. નર્મદાનું પાણી કયાં ગયું, શા માટે ડિસેમ્બરમાં ખૂટયું, શા માટે નવેમ્બરમાં ખૂટયું, જે સી–પ્લેન ઉડાડવાનો પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો એમાં ખેડૂતોની ઉપર આ વજ્રાઘાત થયો છે. રાજયના મુખ્યમંત્રીને પોતાને કહેવું પડયું કે ખેડૂતો ઉનાળુ વાવેતર ના કરે તેને પાણી નહીં મળે, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આ નર્મદાનું પાણી આજથી જ જયારે બંધ કરવામાં આવ્યું છે, ત્યારે હું ડાભીજીના આ સંકલ્પને અનુમોદન આપું છું. શા માટે ખેડૂતોને આ સીજનમાં પાણી આપવાનું બંધ કરવામાં આવ્યું. એટલા માટે તમારે ચૂંટણી જીતવી હતી અને આ સી–પ્લેનનો પ્લાન કર્યો માનનીય અધ્યક્ષશ્રી તેના કારણે આ પાણી વેડફાયું અને એ કેટલું વેડફાયું ૨૨૦૦ એમ.સી.એફ.ટી. લીટર , આ ૨૨૦૦ એમ.સી. એફ.ટી. લીટર પાણી વેડફાયું અને તેના કારણે ગુજરાતના ખેડૂતોને પાણી મળ્યું નહીં.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. અને માનનીય વડાપ્રધાન શું બોલ્યા હતા તેનો પૂરાવો રેકર્ડ ઉપર મૂકવાનો રહેશે નહીં તો એ વિગત કાઢી નાંખવામાં આવશે. માનનીય બાબુભાઇ પટેલ.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાળુભાઇ ડાભી જે બિન–સરકારી સંકલ્પ લઇને આવ્યા છે, તેના ઉપર મારે વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશની સંસ્કૃતિ રૃષિ અને કૃષિની છે. હમણાં સભ્યશ્રી વિરજીભાઇ બોલતા હતા સાહેબ *(×××)

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ આ *(×××)એ શબ્દ કાઢી નાંખવમાં આવે છે. મારી વાત પહેલાં સાંભળો આપ જોરથી બોલો, સાચું બોલો, બધું લોકો સ્વીકારશે, પણ કોઇ *(×××)છે તેવું ન બોલાય, આટલી જ વાત છે, સાચું બોલતા નથી એમ કહેવાય.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે ૧૧૦૦ મણ કપાસ થયો જે મેં કડીની અંદર રૂ. ૧૨૧૦, રૂ. ૧૧૮૦ અને રૂ. ૧૧૦૦ થી નીચે કપાસ વેચાયો નથી. અને ૭૦૦ રૂપિયાની વાત કરે છે. હું મારા બિલ બતાવું , મારા બિલ બતાવું, આજે અત્યારેતો નહીં બનાવ્યું હોય ને.

અધ્યક્ષશ્રી : બધાને અવાજ કરવાનું કારણ શું છે, પ્લીઝ.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઉપજાઉ ખેતી તાંત્રિક ઓજારોની ઉપલબ્ધી કરવા માટે આ સરકારે તાંત્રિક ઓજારો માટે ૨૦૧૮–૧૯ માં ૨૬૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. મારે એ કહેવું છે કે અંદાજીત ૬૨ હજાર ખડૂતોએ એની સહાયમાં ભાગ લીધો છે. ૩ અને ૪ વર્ષમાં મોટી ૨૦૦ કરોડની માતબર રકમ ખેડૂતો માટે વપરાઇ છે. તાંત્રિક કૃષિ અપનાવવામાં મૂડી રોકાણ–આ મૂડીરોકાણ ને લીધે મોટા ભાગના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, નાના–સીમાંત ખેડૂતો, નાના ખેડૂતો, અંત્યોદયના ખેડૂતો જે આમાં ખેતી કરી શકતા નથી, માટે આ સરકારે ૨૦૧૨–૧૩ એગ્રો સર્વિસની પ્રાઇવેટ યોજના શરૂ કરી અને આધુનિક ખેતી કરવાની તેમણે પદ્ધતિ બતાવી. ઇઝરાયેલની વાત કરીએ તો ત્યાં માત્ર બે થી ત્રણ ઇંચ વરસાદ થાય છે તો પણ આધુનિક રીતે ખેતી કરીને ટેકનોલોજીની પદ્ધતિથી કરે છે. સાહેબ એ લોકો વરસાદને પ્રભૂનો પ્રસાદ માને છે.

મારે એ વાત કરવી છે, મારા સાથી મિત્રોના રાજમાં અને જૂની સરકારમાં વરસાદ ૩૦ ઇંચ થાય, ૪૦ ઇંચ થાય પણ એ વરસાદનું પાણી નદીમાં જાય દરિયામાં જાય. વરસાદી પાણી દરિયામાં વહી જાય એને રોકવાના કોઇ પ્રયત્નો કરવામાં આવ્યા નહોતા એના લીધે ભૂતળના પાણી ૨૦૦–૫૦૦ અને એક હજાર ફૂટે ગયા છે. આ તો નાનું કામ હતું, બુદ્ધિનું કામ હતું ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં રોક્યું હોત તો આ પરિસ્થિતિ ઉભી થઇ ન હોત. નાનુ છોકરું હોય એને પણ ખબર પડે એ ખબર મારા મિત્રોને ન આવી. ખેડૂતોની વાત કરવી એની મને શરમ આવે છે. કોંગ્રેસના રાજયમાં ખેડૂતને

અકસ્માત થાય અને જો દારૂ પીનાર હોય કે લઠ્ઠો પીનાર મરી જાય તો એ જમાનામાં મામલતદાર કે ડેપ્યુટી કલેકટર એના ઘેર જઇને કહે કે તમારા ચિરંજીવીએ સારુ કામ કર્યું છે એટલે લો આ ૨૫ હજારનો ચેક. જયારે બીજી બાજુ ખેડૂત મરવો હોય તો મરે, એ કરન્ટથી મરે, પાણી વાળતો મરે, સર્પ કરડે અને મરે કોંગ્રેસના રાજયમાં ખેડૂતોને મરવું હોય તો મરે એમના રાજયમાં ચાર આના પણ મળતા નહોતા. આ ભારતીય જનતા પાર્ટીના રાજમાં એક લાખના ત્રણ લાખ રૂપિયા આપવાના કર્યા છે નહિતર મારે એમને કહેવાની જરૂર નહોતી.

એક વાત કરું કે હું ઉમીયા કેળવણી કોલેજનો પ્રમુખ છું. મેં ૨૫ પટેલોના બાળકોને બોલાવ્યા. મેં એમને વાત કરી તમે *(×××) તમારા મા–બાપને પૂછી જોજો કોંગ્રેસના રાજયમાં કેવી મજા હતી હૃદય ઉપર હાથ મૂકીને કહેજો તમારી વાત સ્વીકારવા તૈયાર છું. ૧૫ છોકરાઓના ફોન આવ્યા કે મારા મા–બાપે કહ્યું કે મારા બળદીયા ચોરાઇ ગયા હતા, કોઇએ કહ્યું કે પાક ચોરાઇ ગયો હતો, કોઇએ કહ્યું કે અમારી ભેંસ ચોરાઇ ગઇ હતી, એ જમાનામાં ઘોડેશ્વાર રાખવા પડતા હતા, શાંતિથી જીવી શકતા નહોતા, અમારે પાકની રખેવાળી માટે ચોકીયાત રાખવા પડતા હતા.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ *(×××) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કાળાભાઇ ડાભી જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય સભ્યશ્રી વિરજીભાઇએ સિંચાઇની વાત કરી એટલે મારે બે ત્રણ વસ્તુઓ કહેવી છે. મારા પોતાના જિલ્લામાં ૧૯૯૫માં હું ધારાસભ્ય થયા પછી પાંચ ડેમો બનેલા છે મીનસાર નદી ઉપર ખીરસરા આગળ એક ડેમ, કાલવાડ આગળ ડેમ, હું આ નાની સિંચાઇના ડેમોની વાત કરું છું. કરલી ડેમ, કરલી ત્રણ ડેમ જેની કેપેસીટી ૧૨૦૦ એમ.સી.એફ.ટી.ની છે. સીદસર આગળ સારણ ડેમ અને મચ્છુ ત્રણ ડેમ છે એ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એના પછી બન્યા છે. માનનીય સભ્યશ્રી કાળાભાઇ વાત કરતા હતા ત્યારે મને એમ થયું કે આ ૧૯૯૫ પહેલાની ખેડૂતોની પરિસ્થિતિ છે એનું વર્ણન કરે છે. ૧૯૯૫ પછી આખા રાજયમાં ખેડૂતોની પરિસ્થિતિમાં સુધાર આવ્યો છે એની આપણને સૌને ખબર છે. વાર્ષિક નવ હજાર કરોડની ખેતીની આવક હતી એની જગ્યાએ ૧ લાખ ૪૦ હજાર કરોડની આવક થઇ છે એના લીધે ગામડાંમાં સમૃદ્ધિ જોઇ શકીએ છીએ.

માનનીય નરેન્દ્રભાઇ અહીંયા મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે ગુજરાતના ખેડૂતોની ચિંતા સતત કરી અને જેવા પોતે વડાપ્રધાન થયા પછી પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના લઇ આવ્યા જેથી કરીને આખા દેશના ખેડૂતોને એનો ફાયદો થશે. અગાઉની જે વીમા યોજના હતી એની અંદર ખેડૂત વીમો લે દુષ્કાળ પડે તો એને કોઇ ફાયદો ન થાય એને કોઇ લાભ નહતો મળતો. આજે ખેડૂત વીમો લઇ લે એ પોતે વાવેતર કરી ન શકે, વરસાદ ન પડે તો પણ એને વીમાનો લાભ મળે છે. ત્યારે તમારે વીમાની ચૂકવણા માટે થઇને ક્રોપ કટીંગની કાર્યવાહી પૂરી થઇ જાય એના પછી ખેડૂતને નુકસાન જાય સારુ વરસ હોય તો લાભ નહોતો મળતો. આ નવી યોજનામાં ક્રોપ કટીંગ થઇ ગયો હોય એના અંદાજ લગાવી દીધા નફા નુકસાન કેટલું થયું, ખેડૂતોને નુકસાની થઇ કે નથી થઇ અને એ પોતે લણણી કરે. પોતાનો પાક ખેતરમાં પડ્યો હોય અને જો પછી વરસાદ પડે, કરા પડે, કુદરતી આફત અથવા તો આગ જેવી બીજી કોઇ ઘટના ઘટે તો પણ આજે આ યોજના નીચે રાજયના અને દેશના ખેડૂતોને ફાયદો થાય છે. આવી કિસાનોની ચિંતા આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ કરી છે. ૨૦૧૬–૧૭માં ૨૫.૬૭ લાખ હેકટરમાં ગુજરાતમાંથી પાક વીમો લેવામાં આવેલો અને ૨૦૧૭–૧૮માં ૨૩.૧૪ લાખ હેકટરમાં. ૨૦૧૬–૧૭માં ખરીફ ઋતુની અંદર ૪,૪૮,૯૭૭ ખેડૂતોને ૯૬૪ કરોડનું ચૂકવણું કરવામાં આવેલું છે. એ જ રીત રવિ પાકમાં પણ ૩૦.૩૪ કરોડના દાવાઓ મંજૂર કરવામાં આવેલા છે. પહેલાં સૌરાષ્ટ્રનું મગફળીનું ઉત્પાદન કેટલું? તમે જૂના આંકડાઓ કાઢશો તો એ આંકડા ૨૦–૨૨ લાખ મેટ્રિક ટનથી ઉપર કયારેય નહીં જતા હોય. આજે તમે જોશો તો ગઇ સાલનું, ચાલુ સાલનું અને મને એમ છે કે આવતી સાલ પણ સારો વરસાદ થશે તો તમે જોશો તો સૌરાષ્ટ્રમાં દર વર્ષે લગભગ ૩૦ થી ૩૪ લાખ મેટ્રિક ટન મગફળીનું ઉત્પાદન થાય છે તેની પાછળના કારણો એ છે કે એક તો સિંચાઇની પૂરતી સગવડતા, ખાતરની સગવડતા, ખેતીના આધુનિક ઓજારો. આ બધી સગવડતાઓ. રાજય સરકાર બધામાં જે સબસિડી આપે છે તેના લીધે આજે ખેડૂત છે તેને પહેલાં વીઘે ૨૦ મણ (એક ખાંડી) મગફળી નહોતી ઉતરતી એની જગ્યાએ આજે દોઢ–પોણા બે કે બે ખાંડી એક વીઘે ઉત્પાદન થાય છે. તેના લીધે ખેડૂતની આવક પહેલાં કરતા બમણી થઇ છે. તેના પછી પણ જયારે ભાવ નીચા જાય છે ત્યારે સરકાર તેમાં તરત ટેકાના ભાવથી મગફળી લેવાની તૈયારી કરે છે. આ વર્ષે સૌને ખ્યાલ છે કે કેન્દ્રના જે ટેકાના ભાવ ૪૪૫૦ હતા તેમાં રાજય સરકારે ૫૦ રૂપિયા સબસિડી આપી અને આઝાદી મળી ત્યારથી અત્યાર સુધીમાં કયારે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ (કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના સન્માનનીય સભ્ય આદરણીય શ્રી કાળાભાઇ ડાભી જે સંકલ્પ લઇને આવ્યા છે. તેમણે ખેડૂતોના સંદર્ભમાં જે ચિંતા વ્યકત કરી છે. એ સ્વાભાવિક રીતે ખેડૂતના દીકરા હોવાને કારણે કોઇ ખેડૂતનો દીકરો છે, ખેડૂતનું ભલું થાય એવું જ ઇચ્છતો હોય, પછી એ સામે પક્ષેથી હોય કે અમારા સત્તા પક્ષેથી હોય. બધાની લાગણી ખેડૂતોના હિતની જ હોય છે. મારે કેટલાક જે પ્રશ્નો વીરજીભાઇ અને જોષીયારા સાહેબે કર્યા છે તેના પહેલાં જવાબ આપી દઉં એટલે રેકર્ડ સ્ટ્રેઇટ રહે. વીરજીભાઇએ એવું કહ્યું હતું કે

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બિન-સરકારી સંકલ્પો

મધ્યમ સિંચાઇ યોજના ભારતીય જનતા પાર્ટીની સરકારે એકેય કરી નથી. મારે કહેવું છે ડેમી-૩, ઓજત-૨, શીંગોડા-૧, ભાદર-૨, સુરુ, આજી-૪ અને ત્રિવેણી ઠાંગા આ બધી મધ્યમ સિંચાઇ યોજનાઓ છે. એ બધી ભારતીય જનતા પાર્ટીના સમયમાં બની છે. ભારતીય જનતા પાર્ટીએ શાસનમાં આવ્યા પછી ૮૭ યોજના બનાવી. તેના પહેલાં અમારા મિત્રો સત્તા પક્ષે હતા ત્યારે તેમની પાર્ટીના વડીલો અહીં શાસનમાં બેઠાં હતા તેમણે પણ સિંચાઇ યોજનાઓ બનાવી છે. રાજ્યનું ભલું થાય તેના માટે સૌએ પ્રયાસ કર્યા છે. અમારે તમને પણ અપજશ નથી આપવો. કેટલીક અગવડતાઓ ખેડૂતોને હતી એ અગવડતાઓ જે ઝડપથી, જે ત્વરાથી વ્યવસ્થા શક્તિ વિકસે એ માટે શાસનમાં બેઠેલાં શાસકે અમલમાં લાવવી જોઇએ, મને એમ લાગે છે કે તેમાં થોડી શિથિલતા હતી. ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીની સરકારે જે ગતિથી દરેક સેક્ટર વાઇઝ કામ ઉપાડ્યું તેના કારણે જે આઉટપુટ મળ્યું, જે પરિણામો આવવા લાગ્યા તેનાથી રાજ્યનું કૃષિ ઉત્પાદન વધવા લાગ્યું. કૃષિ ક્ષેત્રે રાજ્યની આવકો વધવા લાગી. મારા પૂર્વે જે મારા પક્ષના વક્તાઓ બોલ્યા છે તેમણે કેટલાક આંકડાઓ પણ આપ્યા છે. ખાતર વિતરણ વ્યવસ્થાની બાબતમાં પણ ઋષિકેશભાઇએ સ્પષ્ટતા કરી છે એટલે મારે તેનું પુનરાવર્તન કરવું નથી. પરંતુ સામે પક્ષેથી ટેકાના ભાવથી પણ બજારો ખૂબ જ નીચા રહ્યા છે. મારે કહેવું છે કે ખુલ્લા બજારમાં ટેકાના ભાવથી જે જણસી નીચે જાય છે ત્યાં ભારત સરકાર ખેડૂતોને આર્થિક ઘસારો ન વેઠવો પડે એના માટે નોડલ એજન્સીના માધ્યમથી એ બજારમાં પ્રવેશે છે. ભારત સરકારે ૨૦૧૭-૧૮માં જાહેર કરેલ ટેકાના ભાવ મારે આ રેકર્ડ ઉપર મૂકવા છે. જે ટેકાના ભાવની યાદીમાં જે પાક આવે છે એ પાકો માટે રાજ્ય સરકારે ભલામણ કરેલ હોય અને ભારત સરકારે એના ભાવ જાહેર કરેલા હોય એ રેકર્ડ ઉપર રહે અને ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓના ધ્યાનમાં રહે એટલા માટે કહું છું. બાજરીનો ટેકાનો ભાવ રૂ.૧૪૨૫/-હતો અને ખુલ્લા બજારમાં રૂ.૧૨૪૦/-છે. એ જ રીતે ડાંગરનો ટેકાનો ભાવ રૂ.૧૫૯૦/-હતો અને ખુલ્લા બજારમાં રૂ.૧૪૨૬/-છે. મારે એ પણ કહેવું છે કે અમુક જણસીના ભાવ ટેકાના ભાવ કરતાં ખુલ્લા બજારમાં વધારે છે. જેમાં જુવારનો ભાવ રૂ.૧૭૦૦/-છે અને ખુલ્લા બજારમાં રૂ.૨૬૦૦/-છે. તલનો ભાવ રૂ.૫૩૦૦/-છે અને ખુલ્લા બજારમાં રૂ.૭૨૨૭/-મળે છે. બજાર ઉપર નિયંત્રણ નથી, બજાર ઉપર ધ્યાન અપાતુ નથી એવું નથી. કપાસનો રૂ.૪૬૯૨/-ખુલ્લા બજારમાં ભાવ છે. એટલે બજાર તંત્ર ઉપર ભારત સરકારની દેખરેખ છે. એ આના ઉપરથી ફલિત થાય છે. યુરીયા ખાતર અને અન્ય ખાતરોની અહીંયાં વાત કરવામાં આવી છે. ભારત સરકારની ખાતર વિતરણ વ્યવસ્થાના સંદર્ભમાં આપણે સીઝન શરૂ થાય એના પહેલા જાન્યુઆરી માસમાં આની દરખાસ્ત કરી દીધી હોય છે. યુરીયા ખાતરની ૧૭.૬૦ લાખ મેટ્રીક ટનની જરૂરિયાત હતી એની સામે ભારત સરકારે ૧૮.૬૦ લાખ મેટ્રીક ટનની ફાળવણી કરી અને રાજ્યની જરૂરિયાતને ધ્યાનમાં લઇને ભારત સરકારે ખરેખર સપ્લાય ૨૧.૬૪ લાખ મેટ્રીક ટનનો કર્યો છે. ૪.૪ લાખ મેટ્રીક ટન વધારે યુરીયા ખાતરનો સપ્લાય ભારત સરકારે કરેલ છે. એવી જ રીતે આપણે ડીએપીની ૪.૧૫ લાખ મેટ્રીક ટનની માગણી કરેલી. એની સામે ભારત સરકારે આપણને ૬.૩૧ લાખ મેટ્રીક ટન મંજૂર કરેલ. આમ આપણી જરૂરિયાત હોય એના કરતાં પણ વધારે મંજૂર કરેલ અને મંજૂર કરેલ જથ્થા કરતાં પણ વધારે જથ્થાનો સપ્લાય ભારત સરકારે કરેલ છે. જે જોતાં એમ.પી હોય કે એમ.ઓ.પી. હોય, જરૂરિયાત હતી એના કરતાં પણ વધારે મળેલ છે. શ્રી જોષિયારાજીની એ વાત સાચી છે કે મહિસાગર અને ખેડા જિલ્લામાં વચ્ચે ૫-૭ દિવસ યુરીયા ખાતરની તંગી પડી હતી. એ વખતે અમે ભારત સરકારના સતત સંપર્કમાં હતા. ખેડૂતોના ફોન આવતા હતા. આ સરકાર કશુ જ છૂપાવવા માગતી નથી. વચ્ચે ખાતરની તંગી વર્તાઇ હતી અને લોકોની ફરિયાદ દૂર કરવા માટે રાજ્ય સરકારે વાહનો દ્વારા સપ્લાય કરવાના પ્રયત્નો કર્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, વીજળી વિતરણ વ્યવસ્થાની વાત કરું. અગાઉ ૨૮-૨૮ કિ.મી. લાંબા વીજ રેસાઓ હતા. છેલ્લા ગામના છેલ્લા ખેડૂતને ત્યાં વીજ ફીડર આવે છે. ગામડાંમાં રહેલા ખેડૂત ખાતેદારના ખેતરમાં પૂરા વોલ્ટેજ સાથે વીજળી મળતી નથી. વીજળી લૂલી-લંગડી મળતી હતી. ખેડૂતના ખેતરમાં રહેલા બોર, કૂવામાં લાગેલા પંપ સેટ ચાલુ થતો નહોતો. પેલા ટેટા હોયને એ ટેટાથી સપોર્ટ કરીને જબરજસ્તીથી ચાલુ કરવી પડતી હતી. આ રીતે ધરાર ચાલુ કરવામાં આવે તો એ પંપ સેટ લાંબો સમય ચાલતા નથી. એ ખવાઇ જાય, બળી જાય છે. ખેડૂતનો દીકરો પરેશાન હતો.. આવા સંજોગોમાં ૨-૩ વખત જ ઇલેક્ટ્રીક મોટર ચાલતી હતી અને એક સીઝન પાક લઇ લે. પછી એને બહાર કાઢવી પડતી હતી. જે કાંઇ ખર્ચ છે એ ખેડૂતોને સરવાળે દિવાળી આવે ત્યારે આર્થિક વહેવારના બે છેડા ભેગા થતા ન હતા. પણ એ વખતે સરકાર અન્ય પક્ષોની હતી. ભારતીય જનતા પાર્ટી શાસનમાં આવી તો અમે વીજ સ્ત્રોતો વિકસાવ્યા છે. એ પવન આધારિત ઉર્જા સેકટરમાં વાત કરીએ તો ૧૬૦૦ કિલોમીટરના દરિયાકાંઠા ઉપર આપણી સરકારે, એ વખતે અહીંયા નરેન્દ્રભાઇ મોદી રાજ્યના મુખ્યમંત્રી તરીકે બેસતા હતા. એમણે વિદેશી સારી એવી કંપનીઓ કે જે વિન્ડ મિલના ક્ષેત્રે સારું કામ કરે છે, સારી મશીનરી લગાવી શકે છે એવી કંપનીઓને પ્રોત્સાહિત કરીને ગુજરાતના દરિયાકાંઠા ઉપર વિન્ડ મિલ ઉભી કરી અને એના આધારિત ૨૮૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાના ક્ષેત્રમાં ગુજરાતે પહેલ કરી. સૌર ઉર્જા માટે સૂરજ દેવતા સદીઓથી ઋષિ-મુનિઓના યુગોથી જ્યારથી ધરતીની ઉત્પતિ થઇ ત્યારથી સૂર્યદેવ છે. પણ આ સૂર્ય પ્રકાશનો ઉપયોગ કરીને ઉર્જા ઉત્પન્ન કરવાના ક્ષેત્રમાં અગાઉ કોઇએ ચિંતા કરી ન હતી. એ તો નરેન્દ્ર મોદી જેવા વ્યક્તિના નાભિમાંથી આવા વિચારો પ્રગટ થાય. ખેતીવાડીના ક્ષેત્રમાં જે કાંઇ કરવું પડે એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. મારે એ કહેવું છે કે ૨૦૧૫-૧૬ના વર્ષમાં રાજ્યમાં ખેતીવાડીના ક્ષેત્રમાં જે વીજળી વપરાશ થઇ રહ્યો છે એમાં રાજ્ય સરકાર દ્વારા જે સબસિડી આપવામાં આવી છે એની વિગતો આપું તો ૨૦૧૫-૧૬માં ૩,૭૦૫ કરોડની સબસિડી આપીને ખેડૂતોને પ્રોત્સાહિત કરેલા છે. ૨૦૧૬-૧૭માં ૪,૦૦૭ કરોડની સબસિડી આપી છે. એ જ રીતે ૨૦૧૭-૧૮માં પણ ૪ હજાર કરોડની સબસિડી આપણે આપી છે અને એ જ રીતે આવનારા ૨૦૧૮-૧૯ના વર્ષમાં આશરે

૫,૦૫૧ કરોડ રૂપિયાની અંદાજિત સબસિડી આપવા માટે આપણે જોગવાઇ રાખી છે. આમ, વીજળીના ક્ષેત્રે પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોને મદદરૂપ થવાની કોશિશ કરી છે. બિયારણના ક્ષેત્રની વાત કરીએ તો સારી ગુણવત્તાનું બિયારણ ખેડૂતોને મળે એ માટે બિયારણના સંશોધન કેન્દ્રો પણ આપણે ચલાવ્યા છે. આ મારો ખેતીવાડીનો વિષય તો ખૂબ મોટો છે. પરંતુ અમારી સરકાર પૂરી પ્રતિબદ્ધતા સાથે રાજ્યના ખેડૂતોનું ભલું કેમ થાય, રાજ્યના ખેડૂતો જ્યાં ઉભા છે ત્યાંથી કેમ આગળ વધી શકે એના માટેની કોશિશ કરી રહી છે. આવા વખતે કાળુભાઇ ડાભી જે સંકલ્પ લઇને આવ્યા છે, હું માનું છું કે ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતો માટે પૂરેપૂરી કટિબદ્ધ છે માટે એમનો સંકલ્પ પ્રેમથી પછો ખેંચી લે અને સરકારનું સમર્થન કરે એવી વિનંતી કરું છું.

શ્રી કાળાભાઇ ર. ડાભી : મારો સંકલ્પ ખેડૂતોના હિત માટેનો છે. હું પાછો ખેંચતો નથી.

સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

હજ સબસિડીના બચેલ નાણા મુસ્લિમ યુવતીઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે વાપરવા અંગેનો સંકલ્પ

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરું છું કે, મુસ્લિમોને હજયાત્રા માટે કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવતી સબસિડી આ વર્ષથી બંધ કરવાનો નિર્ણય તાજેતરમાં કેન્દ્ર સરકારે લીધો છે. ઉચ્ચતમ ન્યાયાલયે વર્ષ ૨૦૧૨માં આપેલ આદેશથી ક્રમશઃ સબસિડી નાબૂદ કરવા આદેશ કરેલ છે. જેનો અમલ કરતાં આ નિર્ણય લેવામાં આવેલ છે. હજ માટે અપાતી સબસિડીના બોજમાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો હતો. સને ૨૦૧૭માં ૧ લાખ ૨૫ હજાર, ૨૦૧૬માં ૧ લાખ ૪૦ હજાર, ૨૦૧૫માં ૧ લાખ ૫૦ હજાર અને ૨૦૧૪માં અંદાજે એક લાખ જેટલી વ્યક્તિઓને હજ માટે સબસિડી આપવામાં આવી હતી. અંદાજે ૭૦૦ કરોડ જેટલી રકમનો વાર્ષિક ખર્ચ સબસિડી પાછળ થતો હતો. હજ સબસિડીની નીતિ નક્કી કરવા માટે બનાવવામાં આવેલ ઉચ્ચસ્તરીય સમિતિના સભ્ય કમાલ ફારુકીએ પણ સરકારના હજ સબસિડી બંધ કરવાના પગલાંને આવકારેલ છે. આ નાણાનો ઉપયોગ મુસ્લિમ યુવતીઓના શિક્ષણ અને સ્ત્રી સશક્તિકરણ પાછળ ખર્ચવાનો નિર્ણય કર્યો છે. વિશેષમાં સરકારે હાજીઓને સામૂહિક બૂકિંગનો લાભ લેવા જણાવેલ છે અને હાજીઓને અપાતી તબીબી સુવિધા પાછળ થતો ખર્ચ સરકાર ભોગવવાનો ચાલુ રાખશે. સબસિડીથી બચેલ નાણાનો ઉપયોગ મુસ્લિમ યુવતીઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે વપરાય તે માટે યોગ્ય આયોજન કરવા આ સભાગૃહ કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ લઇને આપની વચ્ચે આવ્યો છું ત્યારે આ ગૃહના નેતા માનનીય રૂપાણીજી, વિરોધ પક્ષના નેતા માનનીય ધાનાણીજી અને અમારા પક્ષના નેતા માનનીય વાઘાણીજીના ટ્રાયંગલમાં આ વિકાસશીલ ગુજરાતના આ વિકાસશીલ ગૃહમાં હું જ્યારે મહિલાઓના શિક્ષણ અને સશક્તિકરણની વાત કરવા આવ્યો છું ત્યારે હજની સબસિડી કેન્સલ કરી મુસ્લિમ મહિલાઓ માટે સામાજિક, શૈક્ષણિક વિકાસ માટે ઉપલબ્ધ કરવા બાબત ખરેખર આવકારદાયક છે. સબસિડી બંધ કરવાનો અને મુસ્લિમ મહિલાના વિકાસ માટે વાપરવાના નિર્ણયને મુસ્લિમ સમાજ પણ આવકારે છે. મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓ વિકાસમાં ખૂબ જ પાછળ છે. કેમ કે, ઘરેલું વાતાવરણ તેમજ સામાજિક ઘડતર પણ ખૂબજ તકલીફવાળું હોય છે. મુસ્લિમ સમાજમાં મહિલાઓ માટે પણ સામાજિક સુધારાઓ થાય એ ખૂબ જરૂરી છે. ૧૪૦૦ વર્ષ પહેલા કુરાનમાં પણ મહિલાઓને પુરુષની બરાબર માનવામાં આવેલ છે. પરંતુ આઝાદીના ૭૦ વર્ષ પછી પણ મુસ્લિમ સમાજમાં ઘણી બાબતમાં સમાનતા નથી. માનનીય અધ્યક્ષ મહોદય, આપણે મુસ્લિમ મહિલાઓનો વિકાસ કરવો હશે તો સમાજમાં પણ બદલાવ લાવવો પડશે. મહિલાઓને શિક્ષિત, આત્મ નિર્ભર, આત્મ વિશ્વાસુ બનાવવી પડશે. મુસ્લિમ મહિલાઓની પ્રગતિ અને ઉત્કર્ષ તેમજ તેઓના આર્થીક અને સામાજિક, શૈક્ષણિક વિકાસ અર્થે પ્રગતિ અને ઉન્નતિ થાય તે ખૂબ આવકારદાયક છે. નોબલ પારિતોષિક સર વિલિયમ્સ ગોલ્ડિન કહે છે કે, ‘મહિલા પુરુષ કરતા ક્યારેય પાછળ હોતી નથી. મહિલાઓને જો તમે એક વસ્તુ આપો તો એને અનેકગણી કરીને પાછી આપે છે.’ દા.ત. એને અનાજ આપો તો એ આપણને અન્ય પ્રકારનું ભોજન બનાવીને આપણને પાછું આપે છે તો આ રીતે જો આ મહિલાઓનો વિકાસ થશે.

અધ્યક્ષશ્રી : ક્યારેક હો હા થાય છે તો બધા ઊભા થઇ જાય છે. જ્યારે કંઇ વકતવ્ય આપતા હોય અને બહેનો માટે કાંઇ બોલતા હોય તો તમે કાંઇ કરી શકો.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષ મહોદય, આ મહિલાઓની હું વાત કરું. આ સરકારની વાત કરું તો આજથી બે વર્ષ પહેલા હું આ ગૃહમાં ધારાસભ્ય તરીકે ન હતો. એ વખતે આ ગૃહના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ હતા. આજે પણ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ છે. બે વર્ષ પહેલાની વાત કરું તો મારા ખંભાત મત વિસ્તારની મુસ્લિમ આગેવાનોની અને કોંગ્રેસના ચૂંટાયેલા કાઉન્સિલરની ૬ દીકરીઓ બી.એસ.સી. થયેલી હતી. એ દીકરીઓને એમ.એસ.સી.માં એડમિશન લેવું હતું. માનનીય અધ્યક્ષ મહોદય, એ દીકરીઓના એડમિશન લેવા માટે એ આગેવાનો ઠેર ઠેર ફર્યા હતા. એન.એસ.યુ.ના નેતાઓ, એન.એસ.યુ.ના કાર્યકર્તાઓ, કોંગ્રેસના નેતાઓ પાસે ફર્યા હતા પણ ત્યારે એ લોકોને એડમિશન મળ્યું ન હતું. મને યાદ છે એ દિવસે રમજાન મહિનો હતો. પવિત્ર શુક્રવાર હતો. એ દિવસે મુસ્લિમ આગેવાનો, ચૂંટાયેલા કાઉન્સિલરો મને મળ્યા હતા અને મને વાત કરી કે, અમારી દીકરીઓને એમ.એસ.સી.માં એડમિશન લેવું છે પણ એડમિશન મળતું નથી. એ વખતે મેં એવું કીધું હતું કે, માનનીય ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ, દર શનિવારે એમના

મત વિસ્તારમાં લોકસંપર્ક માટે આવે છે અને શનિવાર છે આવતી કાલે એ વટામણ ચોકડી આવશે ત્યાં આપણને મળશે અને આપણે તેમને ત્યાં મળીએ. બીજે દિવસે આ આગેવાનોને લઇને હું ભુપેન્દ્રસિંહજી ચુડાસમાસાહેબ પાસે ગયો. એડમિશનની વાત કરી. બાપુને મેં વાત કરી કે બાપુ આ મુસ્લિમ આગેવાનો છે. કોંગ્રેસના ચૂંટાયેલા છે અને આ દીકરીઓને એડમિશન જોઇએ છે ત્યારે બાપુએ મને કીધેલું કે આ પ્રગતિશીલ સરકાર છે, પારદર્શક વહીવટ છે. અહીં કોંગ્રેસ, ભા.જ.પ. નથી જોવાતું, અહીંયા હિન્દુ મુસ્લિમ નથી જોવાતું. દીકરીઓને ભણાવવાની છે, મુસ્લિમ દીકરીઓને ભણાવવાની છે, આપણે ભણાવવાની છે અને એને એડમિશન ભૂપેન્દ્રસિંહજીએ અપાવ્યું.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નવા ચૂંટાયેલા સભ્ય મહેશકુમાર રાવલ જે હજ સબસિડી બાબતે અને મુસ્લિમ મહિલાઓનું સશક્તિકરણ થાય, એને શિક્ષણ મળે એ બાબતનો જે સંકલ્પ લઇને આવ્યા છે એને હું પણ આવકારું છું અને હું એવું ઇચ્છું કે જે સંકલ્પ રાવલ સાહેબ લઇને આવ્યા છે એવો સંકલ્પ બધા જ ભા.જ.પ.ના ધારાસભ્યો કરે એવી વિનંતી છે મારી. દશ વર્ષથી ચૂંટાયા પછી પહેલી વખત લઘુમતિ સમાજની ચિંતા થતી હોય એવું મને લાગ્યું.

સભાપતિ માનનીય ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને

પણ આપને કહું સબસિડી બાબતે એક જે ગેરસમજ પ્રવર્તે છે એની વાત કરવા માગું છું. સબસિડી જે આપવામાં આવતી હતી એ સબસિડી ફક્ત એરફેર માટે આપવામાં આવતી હતી વિમાન ભાડાની અંદર. અને એનું ગ્લોબલ ટેન્ડર કરવામાં નહોતું આવતું એટલે જે ટિકિટ જનરલ બજારની અંદર તમને ૨૮ થી ૩૦૦૦૦ રૂપિયામાં મળે એ હાજીઓને ૭૦ થી ૭૫૦૦૦ રૂપિયામાં મળતી હતી એટલે લગભગ સવા લાખ હાજીઓ જાય એટલે સવા છસ્સો કરોડ રૂપિયાથી વધારે એર ઇન્ડીયા જે ફડચામાં જાય એવી કંપની હતી એને ટકાવી રાખવા માટે સરકાર એને આપતી હતી, મદદ કરતી હતી. મુસ્લિમના ખીસ્સામાંથી કાઢી અને મુસ્લિમના હાથમાં પૈસા આપવાની વાત હતી પરંતુ આવી કોઇ સબસિડીનો ફાયદો સમાજને મળ્યો નથી. સમાજે, જાગૃત નાગરિકોએ હંમેશા કીધું છે કે આ તૃષ્ટીકરણના મહેણાટોણા અમારે સાંભળવા નથી. તમે સબસિડી બંધ કરો. તમે હાજીઓ માટે ગ્લોબલ ટેન્ડર કરો. ખુલ્લે આમ આખા દેશને, ગ્લોબલ ટેન્ડર થાય એટલે આખી દુનિયાની ફલાઇટો અહીંયા આવે. કંપનીઓ આવે અને એની અંદર હરિફાઇ થાય, એમાં ફાયદો થાય એટલે લગભગ વાર્ષિક સવા છસ્સો કરોડ રૂપિયાનો એની અંદરથી ફાયદો થાય. બહુ સારી વાત કરવામાં આવી કે આની અંદરથી જે બચત થશે એ લગભગ સાતસો કરોડ રૂપિયાની વાત કરવામાં આવી પરંતુ ૭૦૦ કરોડ રૂપિયાની વાત નથી. અત્યારે આ વખતે બજેટની અંદર જે અંદાજ મૂક્યો છે, કેન્દ્ર સરકારે જે બહાર પાડયો છે એમાં ૨૦૦ કરોડનો અંદાજ મૂકવામાં આવ્યો છે પરંતુ ચિંતા કરી એ બાબતનો હું આભાર માનું છું. સબસિડીના નામે આ તૃષ્ટીકરણના મહેણા અમને કાયમ સાંભળવા મળતા હતા એ બંધ થશે એ બહુ સારી વાત છે. હું તો ફક્ત મુસ્લિમ સ્ત્રીઓની વાત નથી કરતો. હિન્દુ, મુસ્લિમ શેખ રઝિયા હોય કે જશોદાબહેન હોય એ તમામને ન્યાય મળે એવું આપણે કંઇક કરીએ. તમામને ન્યાય મળવો જોઇએ. મહિલાઓનું સશક્તિકરણ થાય, મહિલાઓનું રક્ષણ થાય, મહિલાઓ ભણીગણીને આગળ વધે હિન્દુ મુસ્લિમ એની અંદર હોય નહીં એટલે બધાનો વિકાસ થાય એ માટેના પ્રયત્નો કેમ કે આપણે રાઇટ ટુ એજ્યુકેશન માટેની જ્યારે વાત કરતા હોઇએ તો ભારતીયોને ફન્ડામેન્ટલ રાઇટ છે કે તમામને શિક્ષણનો અધિકાર મળે. ખાલી ૨૦૦ કરોડ રૂપિયા હજની સબસિડીમાંથી કાઢીને આપણે મુસ્લિમ દીકરીઓને ભણાવવા માગીએ છીએ એ મને સમજાતું નથી. જો ખરેખર આપણને ચિંતા હોય તો સરકાર જ્યારે અબજો રૂપિયાનું બજેટ લાવતી હોય, સરકાર અબજો રૂપિયાની ફાળવણી કરતી હોય તો મુસ્લિમ સહિતની તમામ મહિલાઓ છે એના માટે ફાળવણી અલગથી ન કરી શકીએ? પરંતુ જે કંઇ હોય ચિંતા કરી છે એના માટે હું કમ સે કમ એમનો આભાર માનું છું. ભારતીય જનતા પાર્ટીના મિત્રોને હું કહેવા માગું છું કે આપ કેન્દ્ર સરકારમાં રજૂઆત કરો કે ગ્લોબલ ટેન્ડર થાય. ટેન્ડર ગ્લોબલ થશે તો હરિફાઇ થશે તો એનાથી ગુજરાતના અને ભારતભરના હાજીઓને ફાયદો થવાનો છે. બીજું, કે હાજીઓ માટે જે મકાન સાઉદી અરેબીયામાં લેવામાં આવે છે એ મકાન જો વાર્ષિક રેન્ટ ઉપર લેવામાં આવે તો આપણને ઘણો મોટો ફાયદો થશે. કેમ કે પ્રાઇવેટ ટુર ઓપરેટરો જ્યારે મકાનો લે છે તો એમને ૧૫૦૦૦ થી ૨૦૦૦૦ રૂપિયા ટોટલ ભાડું થાય છે ૪૦ દિવસનું, અને હજ કમિટી જે ભાડું ચૂકવે છે એ ૫૦ થી ૬૦૦૦૦ ચૂકવે છે, એટલે ૪૦,૦૦૦ રૂપિયાનો ભ્રષ્ટાચાર થાય છે. લાંબા સમયથી ચાલતું આવ્યું છે. આ પૈસા ગ્લોબલ ટેન્ડરના લીધે વધશે. મકાન રેન્ટલ ઉપર લાંબા ગાળા માટે લઇશું તો એનાથી ફાયદો થશે. હું માનું છું કે અત્યારે સબસિડી સાથે હાજીઓ માટેનું પેકેજ હતું, એના કરતા સસ્તુ પેકેજ હાજીઓને મળી રહેશે. સાથે સાથે કહું આટલી સરસ ચિંતા કરી છે ત્યારે કહીશ કે જ્યારે બે દિવસ પહેલાં જવાબ આપવામાં આવ્યો. વકફ બોર્ડમાં એક પણ રૂપિયાની ગ્રાન્ટ છેલ્લા બે વર્ષમાં ફાળવી નથી. લઘુમતિ સમાજની ચિંતા કરતા હોઇએ. વકફ બોર્ડમાં ફાળવણી કરીએ, માઇનોરિટી ફાઇનાન્સ કોર્પોરેશનમાં યોગ્ય રીતે ફાળવણી કરીએ. સમાજના તમામ વર્ગોને યોગ્ય તક મળી રહે. હું તો કહેવા માગું છું કે અમે કંઇ વિશેષ નથી માગતા, નથી અનામત માગતા, પણ અમે એટલું જ કહીએ છીએ કે વડાપ્રધાનશ્રીના ૧૫ મુદ્દાના કાર્યક્રમનું ગુજરાતમાં યોગ્ય રીતે અમલીકરણ થાય, માઇનોરિટી ફાઇનાન્સ કોર્પોરેશનને પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવે, વકફ બોર્ડને ગ્રાન્ટ ફાળવશો તો યોગ્ય રીતે મંદિર, મસ્જિદ, દરગાહ, ટ્રસ્ટોને સમાન તક મળી રહેશે. ખાસ વિનંતી કરું કે યાત્રાધામ વિકાસ બોર્ડ એની અંદર અમુક ઐતિહાસિક જગ્યાઓને લઇને, ધાર્મિક જગ્યાઓને લઇને જે રીતે વિકાસ કરતા હોઇએ છીએ તો એની યાદી બહાર આવે છે અને એનું લિસ્ટ જોવું છું, ત્યારે કોઇપણ જગ્યાએ એ લિસ્ટમાં મુસ્લિમ સ્થાપત્યનું નામ નથી આવતું. સદનને હું કહું છું કે, એ બાબતે ખાસ કરીને ગંભીર રીતે ચિંતા કરે. દેશના લગભગ

બધા રાજ્યોમાં લઘુમતિ આયોગનું ગઠન કરવામાં આવ્યું છે. લઘુમતિ આયોગનું ગુજરાતમાં ગઠન કરવામાં આવે તો એનાથી લઘુમતિ સમાજને ઘણો મોટો ફાયદો થઇ શકે. હવે અમે ગૌરવથી કહી શકીએ. અને ગુજરાતમાં લઘુમતિ સમાજના મુખ્યમંત્રી છે, ત્યારે વિજયભાઇ રૂપાણી સાહેબ પાસેથી અપેક્ષા રાખીએ કે લઘુમતિ સમાજને સમાન તક મળી રહે. લઘુમતિ સમાજ વિકાસમાં સહભાગી થાય, દેશ ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહે. એ બાબતના પ્રયાસોની અંદર ગંભીરતાપૂર્વક પહેલી વખત ભાજપે ચિંતા કરી છે. તો આગામી દિવસો માટે ચિંતા કરીને ગુજરાતની અંદર અમારી જે વસતિ છે, એ વસતિ આધારિત બજેટની ફાળવણી  કરવામાં આવે. એ ફાળવણી પછી પૂરતા પ્રમાણમાં વપરાય. હું જોઉં છું કે નાની રકમ ફાળવવામાં આવે છે. ૬૫ કરોડ કે ૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવે છે. અમારી વસતિ ૬૫ કરોડ હોય અને ૬૫ કરોડ કે ૧૦૦ કરોડની ફાળવણી થાય તો માથાદીઠ ગણીએ તો વાર્ષિક ૨૦ રૂપિયા પણ  એક માણસના માથે નથી આવતા. સચ્ચર કમિટીએ જ્યારે અહેવાલ કર્યો એમાં કહ્યું છે કે ભારત દેશમાં મુસ્લિમ સમાજની સંખ્યા છે એમાં જે પ્રમાણે સ્થિતિ છે તે પ્રમાણે દલિતો કરતા પણ પછાત છે. બહુ ગંભીર ચિંતાનો વિષય છે. બધાને  સમાન તક મળી રહે તે માટે સચ્ચર આયોગની ભલામણ છે. એનો ઉપયોગ થાય અને એનું અમલીકરણ થાય અને અમલીકરણથી ગુજરાતના વિકાસમાં  ગુજરાતના તમામ લોકો સહભાગી થઇ ગુજરાત ઉત્તરોત્તર ભારતની અંદર નંબર–૧ રાજ્ય છે તે ગુજરાત ભારતનું નહિ, પણ વિશ્વનું નંબર–૧ રાજ્ય બને એ માટેના પ્રયત્ન કરવા હશે તો તમામ સમાજને પૂરતી તક આપવી પડશે, એટલી વાત કહી હું મારી વાત પૂરી કરું છું.

શ્રી રાકેશભાઇ  જ. શાહ(એલીસબ્રીજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેશભાઇ રાવલ બિન–સરકારી સંકલ્પ લઇને આવ્યા છે, તેમાં હું મારો સૂર પૂરાવું છું. આખો સંકલ્પ નિષ્પક્ષ રીતે જોઇશું તો એ સંકલ્પના હાર્દ, એનો ઉદેશ એ જોતા સ્પષ્ટ થાય છે કે ઉચ્ચત્તમ ન્યાયાલયની સૂચના મહિલાઓનું સશક્તિકરણ એ હાર્દ સાથે જોડાયેલ સુંદર બિલ અમારા સાથી સભ્ય લઇને આવ્યા છે એમાં સૂર પૂરાવું છું. મારી વાત રજૂ કરતા પહેલાં સાથી સભ્યશ્રી ગ્યાસુદ્દીનભાઇએ ઘણી બધી વાત કરી છે. ગ્યસુદીનભાઇની વાતમાં સૌનો સાથ સૌનો વિકાસ લઇને ગુજરાત ભાજપની સરકાર નીકળી છે, ત્યારે અમે બધા સમાજની ચિંતા કરી છે. સૌનો સાથ સૌનો વિકાસમાં લઘુમતિ સમાજ આવી જાય છે. અને તમે રાજ્યની ચિંતા ન કરતા લઘુમતિ સમાજના એક વ્યક્તિ પાસે જ્યારે રાજ્યની ધૂરા હોય તો સ્વાભાવિક રીતે આ રાજ્ય સુરક્ષિત જ રહેશે. તમારે  રાજ્યની ચિંતા નથી કરવાની. ચિંતા અમે એટલા માટે કરીએ છીએ કે આ બધી ઘટનાઓ સાથે  અમારા સાથી સભ્ય આ બિલ એટલા માટે લઇને આવ્યા. આ સંકલ્પનો અમારા સાથી સભ્યનો આગ્રહ એટલા માટે હતો અને  આ સંકલ્પ  એટલા માટે લાવ્યા છે કે તમારી જે ચિંતા હતી અને તમારી જે વ્યથા હતી તે કોંગ્રેસના સમયમાં થતું હતું. એટલે જ તો નરેન્દ્રભાઇ આ લઇને આવ્યા છે. કેન્દ્રની સરકાર, ઉચ્ચતમ ન્યાયાલય આ બધા ભેગા થઇને લાવ્યા છે. એટલે તેમની ચિંતા બધા કરે છે. તમે સૂર પુરાવ્યો છે પણ કોંગ્રેસના શાસનમાં જે જે ઘટનાઓ બની તે અમને યાદ નથી. તમે લઘુમતિ સમાજની વાત કરી. હું અને તમે બંને લઘુમતિ સમાજમાંથી આવીએ છીએ. આ ગુજરાત અલ્પ સંખ્યક નિગમમાં આપણે સાથે બેસીને જોઇ લઇશું કે કયા સમાજને કેટલી સુવિધા મળી છે અને તે બંનેનો હકક છે અને હોવો પણ જોઇએ. મારું એટલું જ કહેવાનું છે કે બધી ચિંતા સરકાર કરે છે ત્યારે જ આ સંકલ્પ મારા સાથી લઇને આવ્યા છે. આ સંકલ્પમાં એટલા માટે જવાનું કહેતો હતો કે હજ કમિટીનો જે ડ્રો થાય, ગુજરાતને તેના માટે ક્વોટા મળતો હતો. અરજદારોનું લીસ્ટ બનાવીને આખી પ્રક્રિયા પૂરી થતી હતી. તેમાં અધિકારીઓની જે મિટીંગ થતી હતી તેમાં એરપોર્ટ ઓથોરિટિ હોય, બેન્ક હોય, કલેકટર હોય, અમદાવાદ મ્યુનિસિપાલિટીના સત્તાધીશો હોય, આસિસ્ટન્ટ કમિશ્નર કસ્ટમ હોય આ બધા ભેગા થઇને નિર્ણય કરતા હતા. આ ઉપરાંત બેન્કના પ્રતિનિધિઓ પણ હાજર રહેતા હતા. મને આનંદ એ વાતનો થાય છે કે ૨૦૦૮માં ૨૫ હજાર હજયાત્રી શરૂ થયા હતા તે ૨૦૧૭માં ૫૭ હજાર સુધી પહોંચી ગયા હતા. તેમાં ૨૦૧૭ માં ૧૧ હજાર યાત્રીઓની સબસિડી પાસ થઇ હતી. ૨૦૧૭માં હજયાત્રી જોડે જરૂરી ડોકટર, સ્ટાફ નર્સ, ફાર્માસિસ્ટ, લેબ ટેકનિશિયન, ટૂંકાગાળાના પ્રતિનિધિઓ મકકા, મદીના, સાઉદી અરેબિયા ખાતે ફરજ બજાવવા જતા હોય છે. છ ડોકટર ગુજરાતમાંથી ગયા છે. પેરામેડિકલનો સ્ટાફ પણ જોડે હોય છે. પંદર લોકોનો સ્ટાફ તેમની સાથે જોડાયેલો હોય છે. ઉચ્ચતમ ન્યાયાલયના આદેશ અનુસાર ૨૦૧૨માં આ પ્રક્રિયા થઇ હતી. હજ સબસિડી નકકી કરવા માટે ઉચ્ચ સ્તરીય કમિટી બની. તેના અધ્યક્ષ સરકારના કમાલ ફારૂખી હતા. તેમણે આ હજની સબસિડી નાબૂદ કરવાના પગલાંને આવકાર્યુ છે. તેના કારણો વ્યાજબી હોઇ શકે. જેમ ગ્યાસુદ્દીનભાઇએ કહ્યું તે પ્રમાણે. અમારો આશય એટલો જ છે અને આ સંકલ્પનો સ્પષ્ટ હાર્દ છે કે તેમાંથી બચેલી રકમમાંથી મહિલાઓનું શિક્ષણ અને તેનું સશક્તિકરણ કરવાનું છે. તો શું મુસ્લિમ મહિલાને શિક્ષણ મેળવવાના અધિકારની વંચિત રાખવાની છે? શું ભણીગણીને મુસ્લિમ મહિલા પોતે પગભર થાય તે કોઇને ગમતું નથી? શું પોતાના પરિવારને આર્થિકરીતે સક્ષમ મહિલા મદદ કરે તેનો હકક આપે તે કોઇને ગમતું નથી? શું મહિલા હોવું તે જ માત્ર તેનો ગુનો છે? નહીં, આ બધા કારણે મુસ્લિમ મહિલાને રક્ષણ મળે, શિક્ષણ મળે, તેની આવનારી પેઢી સક્ષમ થાય તે માટેનો આ સંકલ્પ છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેશકુમારભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે તેના માટે મારા વિચારો મૂકી રહ્યો છું. મૈંને આવાજ દી હૈ તુમ્હે બડે નાઝ કે સાથ, તુમ ભી આવાજ મીલા દો મેરી આવાજ કે સાથ. બહુત હી અચ્છા આપકા યે સંકલ્પ હૈ. મેં મેરી બાત કો રજૂ કર રહા હૂં. સુપ્રીમ કોર્ટના આદેશના અનુસંધાનમાં મુસ્લિમોને અપાતી હજ સબસિડી બંધ કરવાનો નિર્ણય કર્યો છે. આ હજ સબસિડીની બચતની રકમ મુસ્લિમ બહેનોના શિક્ષણ અને તેમના સશક્તિકરણ પાછળ વાપરવાનો નિર્ણય કર્યો છે અને હજ સબસિડી કેન્દ્ર સરકારે નાબૂદ કરી છે અને આ નિર્ણયથી ભારતના  તમામ મુસ્લિમો ખુશ છે. તમામ મુસ્લિમ સમાજ ખુશ છે કે આ ખૂબ સારો નિર્ણય છે. આ હજ

સબસિડીની અત્યાર સુધી ઘણી વાતો થઇ. પરંતુ વાસ્તવમાં હાજી હજ પઢવા જાય છે તો તેને એકપણ રૂપિયા હજ સબસિડીનો લાભ અપાતો નથી. સરકારની હજ સબસિડીની રકમ કાલ્પનિક રીતે ઉપજાવી કાઢેલી છે. પરંતુ હજ સબસિડીના નામે આ નાણાં એરલાઇન્સ ચલાવવા માટે આપવામાં આવતા હતા અને હવે આ એરલાઇન્સ બંધ થવાના આરે છે. હજ સબસિડીના નામે કોંગ્રેસ અને મુસ્લિમો ઉપર અત્યાર સુધી ઘણાં માછલા ધોવાતા રહ્યા છે. હાજીઓ જાણે છે કે, સરકાર હાજીઓને એક પણ પૈસો હજ માટે આપતી નથી પરંતુ સરકાર એવું ચિત્ર ઉભું કરે છે કે જે મુસ્લિમ સમાજના લોકો હજ પઢવા જાય છે તેની સબસિડી સરકાર આપે છે. ઇસ્લામ ધર્મની અંદર, ઇસ્લામ ધર્મના સિદ્ધાંત મુજબ મુસ્લિમ સમાજના જે હાજી હજ પઢવા જાય છે તેને એક પણ રૂપિયાનું દેવું ન હોવું જોઇએ, તે કોઇના ઉછીના પૈસા લઇને હજ પઢી નથી શકતો, તેણે પોતાના પૈસાથી હજ પઢવાનું હોય પરંતુ સરકાર હજ સબસિડીના નામે મુસ્લિમોને દર વખતે આનો ટાર્ગેટ બનવે છે પરંતુ કેન્દ્ર સરકારે હજ સબસિડી બંધ કરી છે અને તેનાથી ૭૦૦ કરોડ રૂપિયાની હજ સબસિડીના નાણાની બચત થશે એ ૭૦૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમની જે બચત થવાની છે તે રકમ સરકારની ખાતરી મુજબ મુસ્લિમ મહિલાઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે વાપરવા માટે જ ઉપયોગ કરે અને બીજા હેતુઓ માટે એનો ઉપયોગ ન કરે અને ફકત મહિલાઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે જ ખર્ચે તો વધારે સારી બાબત છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેશભાઇ આ ખૂબ સારો સંકલ્પ લઇને આવેલા છે તો આ સરકાર એને માન્ય રાખે એવી મારી રજૂઆત છે." ઇતના કરમ ભી ઉનકા કમ તો નહીં હૈ , ગમ દે કે પૂછતે હૈ કી કોઇ ગમ તો નહીં હૈ." માનનીય અધ્યક્ષશ્રી, સરકાર પક્ષના મારા સાથી સભ્યશ્રી મહેશભાઇ ખરેખર આપનો સંકલ્પ ખૂબ સારો છે, કોંગ્રેસ પાર્ટી આપને સમર્થન આપે છે. (અંતરાય) ૪૦ વરસની વાત કરો છો પણ તમે પણ અત્યાર સુધી ખાલી વાતો જ કરી છે, અમે જે કર્યું છેને એ તમે નથી કર્યું એટલા માટે જ તો કહેવું પડે છે. (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય ઇમરાનભાઇ, આ બાજુ જોઇને વાત કરો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર ૭૦૦ કરોડ રૂપિયાનો બીજા હેતુ માટે જો ઉપયોગ ન થાય અને ચોક્કસ આયોજન ઘડી અને એનો અમલ થાય એવો કેન્દ્ર સરકારને અનુરોધ કરું છું અને મને આશા છે કે, સરકાર હજ સબસિડીની પૂરી ૭૦૦ કરોડ રૂપિયાની રકમ મુસ્લિમ મહિલાઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે વાપરશે અને ખાસ કરીને એ પણ કહેવા માગુ છું કે, અલ્પસંખ્યક નાણાં વિકાસ નિગમ હોય કે વકફ બોર્ડ હોય તેમાં પણ અત્યારે કોઇ પણ જાતના ફંડની વ્યવસ્થા નથી તો એના ફંડમાં પણ વધારો કરવામાં આવે, સ્ટાફ નથી, હજ કમિટીની ઓફિસમાં પણ સ્ટાફ નથી, વકફ બોર્ડની ઓફિસમાં પણ સ્ટાફ નથી અને સ્ટાફ ન હોવાના કારણે ઘણી બધી યોજનાઓ સરકારની છે તેનો લાભ અરજદારો લઇ શકતા નથી. માનનીય સભ્યશ્રી મહેશભાઇને પાછો કહું છું અને તેમને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું કે, તેમણે માઇનોરીટીની, લઘુમતિની ચિંતા કરી છે અને લઘુમતિની ચિંતા ખૂબ સારી વાત છે. મારું આપને સમર્થન છે અને આ સંકલ્પ સરકારમાં આપ મંજૂર કરાવો. "થેન્ક્યુ"

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેશભાઇ રાવલ આ ગૃહના સન્માનીય સભ્ય બિન સરકારી સંકલ્પ હજ સબસિડી બંધ થતા નાણાંનો ઉપયોગ મુસ્લિમ મહિલાઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે જે લાવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એ ચાહે કેન્દ્રમાં હોય કે રાજયમાં હોય, આ સરકારની વ્યાખ્યા એટલે કે સરકારનું શીર્ષક જો એક લીટીમાં આપવું હોય તો કહી શકાય કે ભારતીય જનતા પાર્ટીની સરકાર એ નિર્ણાયક સરકાર છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી સમાજ જીવનના વિવિધ અંગોને સ્પર્શતા મુદા ઉપર કોઇ નિર્ણય કર્યો હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા આજના વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ અનેક ક્ષેત્રમાં સમયને અનુરૂપ અનેક સુધારા સૂચવ્યા છે અને એના મૂલ્યોને સ્થાપિત કર્યા છે એમ કહું તો ખોટું નથી. વાત ઘણી લાંબી થઇ શકે પરંતુ હું વિષય પૂરતી વાત કરવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રિમ કોર્ટના દિશાનિર્દેશથી ૨૦૦૨માં સરકારે કહ્યું કે, અમે હજની સબસિડી ૨૦૨૨ સુધીમાં દૂર કરીશું. આજે ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીમાં લગભગ ૭૫ ટકા જેટલી સબસિડી આપણે નાબૂદ કરી શક્યા છીએ. મનુષ્ય જીવનમાં અંતે તો આપણા વેદાંત પ્રમાણે છેલ્લે પરમ તત્વને પામવાની વાત હોય છે, એ જ રીતે ખ્રિસ્તી ધર્મમાં God ને પામવાની વાત હોય છે અને ઇસ્લામમાં આપણે જેને ખુદા કહીએ છીએ એ ખુદાને પામવાની વાત હોય છે એ વરસોથી ચાલતી પ્રણાલિ છે અને આપણે એના અનુરૂપ રહીએ છીએ. સાચા ઇસ્લામને વરેલા મારા અનેક મિત્રો છે, ઘણા મુસ્લિમ ભાઇઓ હજ કરવા જતી વખતે કહે છે કે અમે પોતાના ખર્ચે યાત્રા કરીશું, અમારા પરસેવાના પૈસાથી જો યાત્રા કરીશું તો અમને સબાબ મળશે, અમને પૂણ્ય મળશે અને એ વાત સાચી છે અહીંયાના પણ મારા મિત્રો એ વાત સાથે સંમત થતાં હશે. મુખ્તાર અબ્બાસ નકવીજીએ કહ્યું કે "Muslims didn't benefit from it. Development with dignity is what we believe in. Now, Subsidy will be used for educating girls."

એટલે હું આપને કહુ છું કે અત્યારસુધીની જે વાત એમણે કરી છે અને એટલા જ માટે સબ કા સાથ સબ કા વિકાસની જે વાત છે Appeasement to none, justice to all અને એટલા માટે મુસ્લિમ દીકરીઓના સશક્તિકરણ માટેના જે પ્રયત્નો થઇ રહ્યા છે, મુસ્લિમ દીકરીઓ એ શિક્ષિત બને તે જરૂરી છે. હું શિક્ષણની જો વાત કરું તો એ કોઇપણ કોમ્યુનિટી હોય એ જ્યારે શિક્ષિત બનતી હોય છે ત્યારે એ આખી પેઢી શિક્ષિત બનતી હોય છે અને એના લીધે નવી પેઢી પણ એના વિચારો સાથે મોટી થતી હોય છે, આ નવા વિચારોની સમયે સમયે મોટી થયેલી પેઢી એ સમાજનું નવસર્જન કરશે એમ કહું તો ખોટું

નથી, આ નવસર્જન આપણી ડાબી બાજુ બેઠેલા લોકોના ચુંટણીના મુદ્દા જેવું નવસર્જન નહિ હોય. એ તો વિસર્જનમાં ફેરવાઇ ગયું છે એમ કહુ તો ખોટું નથી, આ નવસર્જન એક પ્રકારનું social empowerment હશે અને આ social empowerment મારફત જ આપણે આગળ વધી શકીશું. સબસિડી બંધ થવાની સાથે હું એમ કહુ છું કે, એની સાથે જે આરોગ્ય પરિક્ષણની જે વાત છે, એની જો વાત કરવામાં આવે તો ભારત સરકાર એના મેમોરન્ડમ ઓફ કમિશનર ઓફ હેલ્થ મારફતે એની જે ચકાસણીની વાત છે એની જે શારીરિક તપાસની જે વાત છે એ તો ચાલુ જ રહેવાની છે, સબસિડી ભલે બંધ થાય. હું ભણતરની જો વાત કરતો હોઉં આજે જે પરિસ્થિતિ ગરીબની થાય છે એને રોજગારી નથી મળતી, એ ગુનાહિત પ્રવૃત્તિમાં એ જે જોડાય છે એનું મુળ જો કારણ હોય તો એ ભણતર છે એ અશિક્ષિત રહે છે અને એના માટે એ આગળ નથી વધી શકતા. મહેશભાઇ રાવલ જે સંકલ્પ લાવ્યા છે એમાં ખૂબ સુંદર વાત એટલા માટે કરી કે દર વરસે ગુજરાતમાંથી આ હજયાત્રીઓ પૈકી મોટાભાગના ૬૦ વર્ષથી વધારે અમુક તો ૭૦ થી ૭૫ વર્ષની ઉંમરના સ્ત્રી પુરુષ હજયાત્રીઓ હોય છે. આ હજયાત્રીઓના આરોગ્ય સંબંધિત મુશ્કેલીઓ નિવારવા સારું ભારત સરકાર એ લઘુમતિઓના મંત્રાલય નવી દિલ્હી દ્વારા અન્ય રાજ્યોની સાથે ગુજરાત રાજ્યને પણ ઓફિસ ઓફ મેમોરન્ડમ મોકલી મુસ્લિમ ડોકટર હોય, સ્ટાફ નર્સ હોય, એના ટેકનીશીયન હોય એવા ઇત્યાદી તમામ સ્ટાફને મોકલવા માટે રાજ્ય સરકારને સૂચિત કરે છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય સભ્ય શ્રી જાવેદભાઇ પીરજાદા

શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય અધ્યક્ષશ્રી, હજ સબસિડી તે ભારત સરકાર ભારતમાંથી જતા યાત્રિકો જે વિમાન ભાડું ચૂકવતા હતા અને ખરેખર જે વિમાન ભાડું હતું તેના તફાવતની રકમને સબસિડી ગણવામાં આવતી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર એ સુપ્રીમ કોર્ટે હજ સબસિડી ૨૦૨૨ સુધી ક્રમશઃ દૂર કરવાનો હુકમ કર્યો હતો છતાં કેન્દ્ર સરકારે તાત્કાલિક અસરથી એટલે કે ૨૦૧૮થી જ હજ સબસિડી દૂર કરવાનું નક્કી કર્યુ છે જે મારી દ્રષ્ટિએ સુપ્રીમ કોર્ટના ચૂકાદા અનુસાર નથી. કેન્દ્ર સરકારે ગ્લોબલ ટેન્ડર કરી હજયાત્રાએ જનારાઓ માટે વિવિધ એરલાઇન્સો પાસેથી સ્પર્ધાત્મક ટેન્ડર પ્રક્રિયા કરી હજયાત્રીઓને લાભ આપશે તો એ ગ્લોબલ ટેન્ડર પ્રક્રિયાથી સ્પર્ધા થશે તો જ હજ સબસિડી બંધ થવા છતાં સસ્તા દરે હજયાત્રીઓને લઇ જવા એરલાઇન્સો આગળ આવશે જેનો લાભ હજયાત્રીઓને થશે એટલે ગ્લોબલ ટેન્ડર એટલે વૈશ્વિક ટેન્ડરથી અગાઉ કરતા પણ ઓછાં દરે હજયાત્રીઓ જઇ શકશે એવો ઠરાવ ગ્લોબલ ટેન્ડર બહાર પાડવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હજ સબસિડીથી બચેલા નાણાંની વાત એ કાલ્પનિક વાત છે એવા કોઇ નાણાં બચવાના નથી પરંતુ સભાએ એવો ઠરાવ કરવો જોઇએ કે મુસ્લિમ યુવતિઓના શિક્ષણ માટે, તેમના સશકિતકરણ માટે અલાયદુ ફંડ ફાળવવું જોઇએ અને એમની બજેટમાં ફાળવણી કરવી જોઇએ. આવી કાલ્પનિક રકમની વાતનો ઠરાવ થઇ શકે નહીં પરંતુ અલાયદા ફંડની જોગવાઇ કરવા ઠરાવવું જોઇએ. હજ સબસિડીની રકમ બચાવવી અને તેમાંથી મુસ્લિમ યુવતિઓ કે મહિલાઓનો વિકાસ કરવાની વાત કરવી કે આ દેશમાં મુસ્લિમોને અન્ય સમાજોથી અલગ ગણવાની વાત કરવી ગણાય. આ સરકારમાં ભારતીય મુસ્લિમોનો વિકાસ એ હજ સબસિડીમાંથી શકય બનશે તે સિવાય મુસ્લિમોના વિકાસ માટે સરકાર પાસે ફંડ નથી તેવુ અર્થઘટન પણ થશે. સરકારની હજ સબસિડી બચાવીને મુસ્લિમોનો વિકાસ કરવાની વાત એ બિલકૂલ સ્વીકારવા લાયક નથી. દેશના અને ગુજરાતમાં અનેક યોજનાઓમાં અને ધાર્મિક સ્થળોમાં સબસિડી આપવામાં આવે છે શું આવી સબસિડીઓ બંધ કરીને વિકાસ માટે નાણાં ઉભાં કરવામાં આવશે કે કેમ તે મારો સવાલ છે. દેશના અને રાજયની યોજનાઓમાં ઉદઘાટનોના નામે જે સત્તા પક્ષના પ્રચાર માટે ધૂમ ખર્ચ કરવામાં આવે છે શું આવા પ્રોગ્રામો સાદાઇથી યોજી નાણાં બચાવી રાજયના તમામ વર્ગોના વિકાસ માટે વાપરવામાં આવશે ખરાં ?

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કે દેશમાં મુસ્લિમોને અલગ ગણવા તે બિલકૂલ યોગ્ય નથી. રાજય અને દેશનાં અનેક નિર્ણયો જે સત્તાપક્ષ દ્વારા લેવાય છે તેનો સંદેશો એવો જઇ રહ્યો છે કે મુસ્લિમો દેશથી અલગ છે. ગુજરાત રાજય વકફ બોર્ડ ચેરીટી કમિશ્નરની કચેરી જેવી એક કચેરી છે. જે વકફ અધનિયમ–૧૯૯૫ મુજબ જયુડીશીયલ બોર્ડ તરીકે કામ કરે છે. આ બોર્ડની કામ કરવાની સમય મર્યાદા તે પાંચ વર્ષની હોય છે. દર પાંચ વર્ષે વકફ બોર્ડના નવા સભ્યો ચૂંટવાની પ્રક્રિયાથી નિયુકત કરવાના હોય છે. આ બોર્ડનો કાર્યકાળ ૨૦–૨–૧૬ના રોજ પૂર્ણ થઇ ગયેલ છે છતાં શા માટે ચૂંટણી કરવામાં આવતી નથી ? સરકારે કાર્યવાહી ના કરતા નામદાર હાઇકોર્ટમાં જાહેર હિતની અરજી પીઆઇએલ/૨૧૩/૧૬ કરવામાં આવી. તેના અનુસંધાને નામદાર હાઇકોર્ટ દ્વારા ૧૬–૬–૧૭ના કરેલા ગુજરાત સરકારે ઉપર હુકમ મુજબ તા. ૩૧–૧૦–૧૭ સુધી વકફ બોર્ડના સભ્યો અને કારોબારીની નિમણૂકની કાર્યવાહી કરવી છતાં સરકારે બોર્ડની રચના કરી નથી. રાજય અને કેન્દ્ર સરકારની અનેક યોજનાઓમાં સબસિડી છે. તેનો અભ્યાસ કરતાં જણાય છે કે, જે વસ્તુને સબસિડીથી ખરીદવા માટે જે કિંમત હોય છે એનાથી ઓપન બજારમાં વસ્તુની કિંમત ઓછી હોય છે. આથી સબસિડીનો લાભ લાભાર્થી સુધી પહોંચતો નથી. તો મારી વાત એ છે કે, હજ યાત્રા માટે એરલાઇન્સ માટે ગ્લોબલ ટેન્ડર પાડવા જોઇએ એવો ઠરાવ કરવો જોઇએ.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે શ્રી મહેશભાઇ મુસ્લિમ મહિલા સશક્તિકરણનો મુદ્દો લઇને આવ્યા છે અને આ સંકલ્પ લઇને આવ્યા છે એના અનુસંધાને મારા વિચારો રજૂ કરું છું. સૌ પ્રથમ તો ઇમરાનભાઇએ જે વાત કરી કે, અમે જે કર્યું એ તમે ના કરી શકો. એમની વાત સાથે હું સહમત થાઉં છું કે એમણે જે કર્યું એ અમે ના કરી શકીએ. કારણ કે, મહિલા સશક્તિકરણનો વિષય છે ત્યારે મુસ્લિમ મહિલાઓ માટે જે ટ્રિપલ તલાકનો કાયદો હતો એ

રદ કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ કરી શકે, નરેન્દ્રભાઇ જ કરી શકે. વર્ષો પહેલાં શાહબાનુ કેસમાં સુપ્રિમ કોર્ટનો જે આદેશ હતો એમાં કાયદો બદલવાનું અને સુપ્રિમ કોર્ટને નહિ અનુસરવાનું કામ કોંગ્રેસ જ કરી શકે. ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસમાં આટલો ફરક છે. અત્યારે ઘણી બધી વાતો થઇ. જ્યારે સબસિડી ચાલુ હતી ત્યારે ૬૩,૦૦૦ રૂપિયા ટીકીટ હતી અને ગયા વર્ષે ૬૫,૦૦૦ થઇ. માત્ર ૨,૦૦૦નો ફરક પડ્યો છે. આ હજ સબસિડી નાબૂદ કરી તે છતાં પણ જે મુસલમાનોને સરદાર વલ્લભભાઇ પટેલ આંતર રાષ્ટ્રીય વિમાની મથકેથી ચાર્ટર્ડ ફ્લાઇટથી અમદાવાદથી જીદ્દા અને મદિનાથી અમદાવાદ આવવાના સમયે ટીકીટ બૂકિંગ, એર ટીકીટ, બોર્ડીંગ પાસ, સાથે લઇ જવાની કીટ વગેરે બધું કામકાજ હજ હાઉસ ખાતેથી થાય છે. આ કામગીરી તો ચાલુ જ છે. બીજું કોઇ પણ માણસ વિદેશ જાય તો એનું વેક્સીનેશન કરવામાં આવે છે. આ કામગીરી પણ રાજ્ય સરકાર કરે જ છે. મક્કા, મદિના અને સાઉદી અરેબિયા ખાતે ભારત સરકારના હંગામી દવાખાનામાં હજ યાત્રીઓને સગવડ આપવામાં આવે છે. ગુજરાતના ડોક્ટરો અને પેરા મેડીકલ સ્ટાફ મોકલી એ સેવા પણ ચાલુ જ છે. બીજું મક્કા, મદિના અને સાઉદી અરેબિયા ખાતે હજ યાત્રીઓને નાનો–મોટો કોઇ પણ પ્રશ્ન આવે તો એના માટે હજ ઓફિસર, હજ વોલેન્ટીયર અને હજ આસીસ્ટન્ટ આ બધાંની વ્યવસ્થા પણ યથાવત રાખવામાં આવી છે. હજ યાત્રા થાય પછી હજ હાઉસમાં વધારાના સમયમાં ગુજરાત રાજ્યમાં રહેતા ગરીબ, બેરોજગાર અને શિક્ષિત યુવક–યુવતીઓને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા યોજાનારી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે વિનામૂલ્યે તાલીમ વર્ગો શરૂ કરવામાં આવેલ છે અને એમાં દરેક વર્ગમાં કુલ ૧૨૫ થી ૧૫૦ શિક્ષિત બેરોજગાર યુવક–યુવતીઓને પદ્ધતિસરની તાલીમ આપવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજય કક્ષાના પ્રોટોકોલ(સ્વતંત્ર હવાલો) મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેશભાઇ જે બિન સરકારી સંકલ્પ લઇને સન્માનનીય સભાગૃહની અંદર આવ્યા છે અને જેના સંદર્ભમાં એમણે ઘણી ઉત્તમ પ્રકારની વાત કરી, જેને માનનીય રાકેશભાઇ, પિયુષભાઇ અને સુરેશભાઇએ સમર્થન આપ્યું. ગ્યાસુદ્દીનભાઇ, પીરઝાદાભાઇએ પણ અને ઇમરાનભાઇએ પોતાના અભિપ્રાયો વ્યકત કરીને સમર્થન આપ્યું. હું આના ઉપરથી ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ પાર્ટી વચ્ચેનો શું ભેદ છે એ મારા મનની અંદર પ્રશ્ન થયો. ભારતીય જનતા પાર્ટીના એક ધારાસભ્યને જયારે બિન સરકારી સંકલ્પની અંદર ડ્રો લાગ્યો તો એ ડ્રોની અંદર વિચાર કર્યો કે, આ દેશની અંદર વર્ષોથી અપાતી હજ માટેની સબસિડી અને એ સબસિડી નાબૂદ કરીને મુસ્લિમ મહિલાઓના સશક્તિકરણ માટે જે રૂપિયા ખર્ચાવાના છે તેના કારણે મુસ્લિમ મહિલાઓનું સશક્તિકરણ થવાનું છે. મારે વિધાનસભાના ફ્લોર ઉપર આ મુદ્દો મૂકવો જોઇએ. બાકીના સભ્યશ્રીઓ કાળાભાઇ કે મંગળભાઇ એના માધ્યમથી એમના મનમાં વિચાર ના આવ્યો પણ માનનીય મહેશભાઇએ જે મુસ્લિમ મહિલાઓની ચિંતા કરી છે એના માટે હું મહેશભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી રાજકારણમાં આવતાં પહેલાં મનની અંદર એક વિચાર થતો હતો. ૧૯૮૦માં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા, શા માટે જોડાયા? એ જોડાવા પાછળનું કારણ માત્ર એટલું છે કે, એ વખતના શાસકો દ્વારા જે પ્રમાણે તૃષ્ટિકરણની નીતિના માધ્યમથી રાજનીતિ કરવામાં આવતી હતી એના વિરોધના કારણે એક યુવાન તરીકે મનની અંદર એક પ્રકારનો આક્રોશ રહેતો હતો અને આ આક્રોશને પ્રતિબિંબિત કરવો હોય તો એ ભારતીય જનતા પાર્ટીના માધ્યમથી કરી શકાય એટલા માટે અમે બધા ભારતીય જનતા પાર્ટીની અંદર જોડાયા.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના પ્રોટોકોલ વિભાગની મારી જવાબદારી છે. હજ સમિતિ એ પ્રોટોકોલનો એક વિભાગ છે અને હું પણ આ હાજીઓ જયારે એરપોર્ટ ઉપર એમની પ્રથમ ફ્લાઇટ જતી હોય છે, આવા ધાર્મિક કાર્યક્રમની અંદર હાજરી આપવા માટે, એમને વિદાય આપવા માટે એ કાર્યક્રમમાં હું પણ જાઉં છું. અત્યંત ધાર્મિક રીતે ભાવનાથી લોકો આ હજના કાર્યક્રમની અંદર જતા હોય છે પણ માનનીય અધ્યક્ષશ્રી, મને માનનીય સુરેશભાઇએ જે કીધું કે, ભારતીય જનતા પાર્ટી માને છે કે, જસ્ટીસ ટુ ઓલ અપ્પીસમેન્ટ ટુ નન. સૌના સાથ અને સૌના વિકાસના મંત્રને વરેલી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. આજે જે આ હાઉસની અંદર ચર્ચા થઇ એ પ્રમાણે ૨૦૧૨માં ૮૩૭ કરોડ, ૨૦૧૩માં ૬૮૦ કરોડ અને પછી સુપ્રિમ કોર્ટના ચૂકાદા પ્રમાણે એમાં નાના મોટા સુધારા કરીને હવે ક્રમશઃ એમાં જે ૨૦૨૨માં ખતમ થવાની હતી એ એન.ડી.એ.ની માનનીય નરેન્દ્રભાઇ મોદીના વડપણ હેઠળની સરકારે મુખ્તાર અબ્બાસ નક્વીએ એમાં સુધારો કરીને આ જે પૈસા આવે એ મહિલા અને ખાસ કરીને શિક્ષણમાં વાપરવા માટેનો એમનો જે પ્રયાસ છે એ અભિનંદનીય પ્રયાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આના સંદર્ભમાં મારે એટલું કહેવું છે કે, આ નિર્ણયને એમણે આવકાર્યો છે તો આજ દિવસ સુધીના કેટલાય એવા નિર્ણયો થયા, એમની જ પાર્ટીના એક નેતા જેણે રામસેતુના સંદર્ભમાં સુપ્રિમ કોર્ટની અંદર જયારે એફીડેવીટ કરી અને એ એફીડેવીટમાં એમણે એવા ઉલ્લેખ કર્યા કે, ભગવાન રામનું તો અસ્તિત્વ જ નથી રામસેતુ માટે, માનનીય અધ્યક્ષશ્રી, આમ એટલા માટે કર્યું કે એના માધ્યમથી એ લઘુમતિઓને ખુશ કરે, બહુમતીઓને અન્યાય કરે, માત્રને માત્ર લઘુમતિઓના મતો માટે આ પ્રમાણેની ભૂમિકા ભજવવવાળા લોકોએ જે રામસેતુના માધ્યમથી ભગવાન રામનો વિરોધ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવા તૃષ્ટીકરણના અમે વિરોધી છીએ. માનનીય સુરેશભાઇએ શાહબાનોનો કેસ કહ્યો, માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રિમ કોર્ટે ચૂકાદો આપ્યો અને ચૂકાદામાં ભરણ પોષણ માટે ઉલ્લેખ કર્યો પણ તે વખતે ત્યાંની કેન્દ્રની સરકાર દ્વારા એમાં નવો કાયદો બનાવામાં આવ્યો અને જે શાહબાનોને ભરણપોષણ મળવાપાત્ર હતું જે ન આપ્યું. એનાથી

સુપ્રિમ કોર્ટ સુધીની એક મહિલાની લડત હોવા છતાં કટ્ટરપંથી મુસ્લીમોના દબાણના કારણે કોંગ્રેસ દ્વારા નવો કાયદો લાવવામાં આવ્યો, જે શરમજનક વસ્તુ છે.

આ લઘુમતિ સમાજને આ કોંગ્રેસ દ્વારા મત પેટી ભરવા માટેનું મશીન સમજવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, અને સચર કમિટીની જયારે ઘોષણા કરી...

શ્રી શૈલેષ મ. પરમાર : માનની અધ્યક્ષશ્રી, હજની બાબત છે, માનનીય મંત્રી બોલતા હતા તેમણે રામ સેતુની વાત કરી હું ચૂપ રહ્યો, શાહબાનો કેસની વાત કરી હું ચૂપ રહ્યો, જે રીતે એમણે વાત કરી કે મુસ્લિમ લોકોના મતો માટે કોંગ્રેસ પાર્ટી આ કરે છે, મારે મંત્રીશ્રીને પ્રવચન કરતા રોકવા નથી, આપ એટલી જાહેરાત કરી દો કે, આ બજેટની અંદર અમે મુસ્લિમ સમાજને એક હજાર કરોડ આપીશું. તમારું બધું થઇ જશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :માનનીય અધ્યક્ષશ્રી, અમે હિન્દુ-મુસ્લિમ કે લઘુમતિ કે બહુમતિમાં માનવાવાળા લોકો નથી, અમે તો સમાજના તમામ વર્ગને સાથે લઇને ૬ કરોડ લોકોને સાથે લઇને વિકાસ કરવાવાળા લોકો છીએ. તમે કાયમ માટે હિન્દુ-મુસ્લિમના ભેદ કરાવ્યા છે, તમે છાશવારે કોમી તોફાનો કરાવ્યાં છે, તમે શહેરની શાંતિ અને સલામતીને ડહોળવા માટેના પ્રયાસો કર્યા છે. આ માત્ર હિન્દુ-મુસ્લિમ સમાજ સુધીનો સવાલ નથી. માનનીય અધ્યક્ષશ્રી કેરળની અંદર એક ત્રાસવાદી પકડાયો હતો મદની અને એ મદનીને છોડાવવા માટે કેરળની વિધાનસભાની અંદર આતંકવાદીને છોડાવવા માટેનો ઠરાવ એ કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, સચર કમિટીની રચના કરી, સચર કમિટીની રચનાથી એ વખતે નિર્ણય કરવામાં આવ્યો આ દેશના સંશાધનો ઉપર માત્રને માત્ર લઘુમતિઓનો જ અધિકાર છે. આવો સચર કમિટીના માધ્યમથી નિર્ણય કરવામાં આવ્યો હતો. જો તમારા હૈયે મુસ્લિમ મહિલાઓનું હિત હોય તો તીન તલ્લાકની બાબતમાં આવો નરેન્દ્રભાઇ મોદીની સાથે, મહિલાઓને થતા અન્યાય દૂર કરવા માટે તમારી તૈયારી હોય તો આવો.

માનનીય અધ્યક્ષશ્રી, ગોધરા કાંડ બન્યો અને ૫૮ જેટલા રામભકતોને જીવતા ભૂંજી દેવામાં આવ્યા. આ કૃત્ય કરવાવાળા આ ત્રાસવાદી કૃત્ય કરવાવાળાની સામે ગુજરાત સરકાર છેક સુધી લડી, નાણાંવટી પંચ પણ બનાવ્યું, પરંતુ એમણે લઘુમતિ સમાજને ખુશ કરવા માટે, બેનરજી કમિશન બનાવ્યું અને આ બેનરજી કમિશનના માધ્યમથી આ ગોધરા કાંડના જે આરોપીઓ હતા તેને મુકિત મળે તેના માટેનો પ્રયાસ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી,

સભાપતિશ્રીઃ માનનીય મંત્રીશ્રી, આપ મુસ્લિમ સમાજની મહિલાઓના શિક્ષણ વિશે વાત કરો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો આશય એ છે કે આ ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ વાળી સરકારો છે એ કયારે લઘુમતિ કે બહુમતિમાં માનતી નથી. માત્રને માત્ર સૌનો સાથ અને સૌના વિકાસને વરેલી અમારી સરકારો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વકફ બોર્ડની વાત કરી. વકફ બોર્ડના સંદર્ભમાં મારે કહેવું છે કે વકફ બોર્ડની વાર્ષિક આવક ૧૧ કરોડ રૂપિયા છે. જે એનું વ્યાજ અને ખર્ચ એ બધું આવે છે, તેમાં ૯૧ લાખ રૂપિયા થાય છે. તેના આવક અને જાવકની વચ્ચે કોઇ પણ પ્રકારની ઘટ પડતી નથી, એટલે વકફ એકટ પ્રમાણે પણ આવશ્યકતા નહીં હોવાના કારણે વકફને આપણે ગ્રાન્ટ આપતા નથી. એમને વકફ દેખાય છે એમને ગુજરાતનું ચેરીટી તંત્ર નથી દેખાતું, અમે ચેરીટી તંત્રને પણ એ જ રીતે નથી આપતા, તમે વકફની વાત કરો છો. માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત વિશ્વના ૫૫ દેશોની અંદર, ઇસ્લામિક રાષ્ટ્રોની અંદર હજ માટેની કોઇ સબસિડી નથી. પાકિસ્તાન જેવા દેશે પણ ૧૯૯૫ પછી હજ માટેની સબસિડી બંધ કરી દીધી છે. પરંતુ માત્રને માત્ર કોંગેસનું શાસન આ દેશમાં જયારે આવ્યું છે ત્યારથી માત્રને માત્ર મુસ્લિમોના મત અંકે કરવા માટે આ હજ સબસિડીની પ્રથા તમારા વખતમાં ચાલુ કરવામાં આવી હતી. એની સામે અમે આ હજ સબસિડી સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો એ પ્રમાણે ખતમ કરીને એમને સૌને સમાજના અન્ય વર્ગોની પ્રગતિની સાથે એ વર્ગની મુસ્લિમ મહિલાઓ પાછળ ન રહી જાય એનું સશકિતકરણ કરવા માટે એ અભ્યાસમાં આગળ આવે એવા શુભ આશયથી કેન્દ્ર સરકારના માનનીય મંત્રીશ્રી મુખ્તાર અબ્બાસ નકવીએ નિર્ણય લીધો કે આ સબસિડીમાં ક્રમશઃ ઘટાડો કરીને એના નાણાં હજ સબસિડીમાંથી વધે એ મુસ્લિમ મહિલાઓના વિકાસ માટે વાપરવા એવો ઠરાવ માનનીય સભ્યશ્રી મહેશભાઇ લઇને આવ્યા છે. એ ઠરાવ રાજય સરકાર તરીકે અમને લાગે છે કે આ ઉત્તમ પ્રકારનો ઠરાવ છે અને આ ઠરાવના માધ્યમથી કયાંક વરસો સુધી કોંગ્રેસે આ સમાજને સમાજની મુખ્ય ધારામાં જોડવાની કચાશ રહી ગઇ હતી એ નરેન્દ્રભાઇ મોદી ૨૦૧૪ થી આ દેશના પ્રધાનમંત્રી બન્યા બાદ એમણે સમગ્ર પ્રક્રિયા આખા દેશના સવાસો કરોડ લોકોની સાથે ઉપાડવાની સાથે તેમજ મતોની રાજનીતિથી ઉપર ઉઠીને એમણે જે નવું કદમ સુપ્રીમ કોર્ટનો ભલે ચુકાદો હોય પણ એનું અમલીકરણ સરકારો કરતી હોય છે અને આ સરકારે શુભ નિષ્ઠાથી આ સમાજને સાથે જોડવાનો પ્રયાસ કર્યો છે. હું મહેશભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને રાજય સરકાર તરીકે આ સંકલ્પ સાથે આપણા સૌની લાગણી છે એટલે સ્વીકાર કરવા માટે રાજય સરકારની પણ ઇચ્છા જાહેર કરું છું.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહને વિનંતી કરું છું કે મારા આ સંકલ્પને સર્વાનુમતે અનુમોદન કરે તેવી વિનંતી કરું છું.

સભાપતિશ્રી : હવે હું સંકલ્પને મત ઉપર મૂકીશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેશભાઇ સંકલ્પ લઇને આવ્યા છે, સરકાર સારું કામ કરતી હોય તો અમારે ટેકો આપવો પડે એમાં ના ન હોય. એટલે માનનીય સભ્યશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે એને કોંગ્રેસ પાર્ટી પૂરેપૂરો ટેકો આપે છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

સભાપતિશ્રી : સંકલ્પનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૨૩ વાગ્યે પૂરું થતા સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮ના રોજ સવારના ૯-૩૦ વાગ્યે ફરી મળશે.**

તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮
તારાંકિત પ્રશ્નો
**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮**
**ફાલ્ગુન ૨૫, ૧૯૩૯ શાકે**

**સભાગૃહ સવારના ૯-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**
અંબાજી આરટીઓ ખાતે ઓવરલોડ વાહન

* ૬૫૮૩ શ્રી રાકેશભાઇ શાહ (એલીસબ્રીજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આરટીઓ ચેકપોસ્ટ અંબાજી ખાતેથી વર્ષ ૨૦૧૬-૧૭માં કેટલા ઓવરલોડ વાહનો પસાર થયા, અને | (૧) આરટીઓ ચેકપોસ્ટ અંબાજી ખાતેથી વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૧૯ ઓવરલોડ વાહન પસાર થયા. |
| (૨) તે વાહનો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ? | (૨) તે વાહનો પાસેથી રૂ. ૧.૯૩ લાખ દંડ વસુલ કરવામાં આવ્યો. |

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના માધ્યમથી જાણવા માગું છું કે, જે રીતે ઓવરલોડ વાહનો દ્વારા ક્યાંક નાની-મોટી અકસ્માતોની સમસ્યા સર્જાય છે તો આ ઓવરલોડ વાહનો પકડાય તેની કાર્યવાહી શું કરે છે અને તે વાહન પાસેથી દંડ વસૂલ કરવામાં આવે છે તો તેની પ્રક્રિયા શું હોય છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ની કલમ ૩૯ ના વાહન રજિસ્ટ્રેશન કરવામાં આવે છે. નોંધણી સમયે વાહનના ગ્રોસ વ્હીકલ વેઇટ તથા વાહનનું ખાલી વજન અનલોડેડ વેઇટ આ વાહનની આર.સી.બૂકમાં દર્શાવવામાં આવે છે. વાહનના જી.ડબલ્યું. કરતા વધારે વજનને ઓવરલોડેડ ગણવામાં આવે છે. મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની કમલ ૧૧૩ અને ૧૧૪ અનુસાર વાહનમાં વજન ભરવા અંગેની જોગવાઇ થયેલ છે. વાહનમાં ક્ષમતા કરતા વધુ વજન ભરવા માટે દંડ લેવાની જોગવાઇ થયેલ છે. મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ ની કલમ ૧૯૪(૧)થી ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવેલી છે. ઓવરલોડ વાહનો સામે મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ની કલમ ૧૧૩, ૧૧૪ મુજબ ફક્ત મોટર વાહનખાતાના સહાયક નિરીક્ષક કે તેથી ઉપરના ચેકિંગ અધિકારીઓને સત્તા આપવામાં આવેલ છે. સરકારશ્રીના બંદરો અને વાહન-વ્યવહાર વિભાગ ગાંધીનગરના તા.૨૧-૧૨-૨૦૧૩ ના જાહેરનામા અનુસાર એમાં નીચે મુજબ દંડ લેવાનું ઠરાવેલ છે. પ્રથમ ૫૦૦ કિ.ગ્રા. સુધીનું ૩૦૦ રૂપિયા, ૫૦૦ કિ.ગ્રા.થી વધુ પરંતુ ૧૦૦૦ કિ.ગ્રા.ના ઓવરલોડેડ માટે રૂ.૬૦૦, ૧૦૦૦ કિ.ગ્રા.થી વધુ પરંતુ ૧૫૦૦ કિ.ગ્રા. સુધીના માટે રૂ.૯૦૦ અને ૧૫૦૦ કિ.ગ્રા.થી વધુ પરંતુ ૨૦૦૦ કિ.ગ્રા. સુધીના ઓવરલોડ માટેના ૧૨૦૦ અને ૨૦૦૦ કિ.ગ્રા.થી વધુના ઓવર લોડેડ વાહનો માટે પ્રત્યેક ૫૦૦ કિ.ગ્રામે એના ભાગ માટે રૂ.૫૦૦ની જોગવાઇ કરેલી છે.

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ચેકપોસ્ટ અંબાજી ખાતે ૨૦૧૬-૧૭ માં કરવામાં આવેલ ઓવરલોડ કેસ અને દંડ એના વાહનના પ્રકાર શું છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચેકપોસ્ટ અંબાજીખાતે ૨૦૧૬-૧૭ માં કરવામાં આવેલ ઓવરલોડ કેસ અને એમાં વાહનના પ્રકારની વિગત નીચે મુજબ છે. ઓવરલોડ વાહનના પ્રકારની વાત કરી એમાં હેવી ગુડઝ વાહનોમાં ૩૫ જેટલા કેસો કરવામાં આવેલ છે અને તેમાં ૬૩,૧૦૦ રૂપિયાનો દંડ લેવામાં આવેલ છે. જે ગુડઝ ટ્રક છે એમાં ૩૦ જેટલા કેસો કરવામાં આવ્યા છે અને ૨૫,૬૦૦ નો દંડ કરવામાં આવ્યો છે, જે ખુલ્લી બોડીવાળા વાહનો, જે ટ્રકો છે એમાં ૫૦ જેટલા કેસો કરવામાં આવ્યા છે અને ૫૧,૭૦૦ નો દંડ લેવામાં આવેલ છે. નોન-ટ્રાન્સપોર્ટ વાહનોમાં ૪ જેટલા કેસ કરવામાં આવ્યા છે અને ૧૩,૨૦૦ નો દંડ કરવામાં આવ્યો છે કુલ ૧૧૯ કેસોની સામે ૧,૯૩,૬૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ચેકપોસ્ટ અંબાજી ખાતે ઓવરલોડ વાહનોનો પ્રશ્ન છે. ઓવરલોડ વાહનોનો પ્રશ્ન સમગ્ર રાજ્યમાં વ્યાપક પ્રમાણમાં છે ત્યારે આ વાહનો ઓવરલોડ ન ભરે એનો કાયદો છે, નિયમો છે છતાં પણ તમામ જગ્યાએ ૨૪ કલાક ચાલે છે. આ ૧૧૯ કેસો પકડવામાં આવ્યા છે પણ રોકડી કરીને જવા દીધા છે એ આના કરતા અસંખ્ય સંખ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ ઓવરલોડ વાહનોના કારણે માર્ગોને ન ભરપાઇ થઇ શકે એ પ્રકારનું નુકસાન થાય છે અને તેના કારણે અકસ્માતો પણ સર્જાય છે, પ્રજાને સહન પણ કરવાનું આવે છે, પ્રદૂષણ પણ એટલું જ થાય છે તો એ બાબતોને રોકવા માટે કોઇ નક્કર પગલા રાજ્ય સરકાર ભરવા માગે છે કે કેમ?

## તારાંકિત પ્રશ્નો

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પૂંજાભાઇએ વાત કરી એમાં મારે એટલો જ ખુલાસો કરવો છે કે અંબાજી ચેકપોસ્ટ ખાતે અમે આખી સિસ્ટમ હવે ઇન્ટીગ્રેશન પ્રોજેક્ટ હેઠળ લાવી દીધી છે એટલે અહીંયા હેડ ઓફિસમાં બેઠા બેઠા એક પણ ઓવરલોડિંગવાળું વાહન ના જઇ શકે. ઓવરડાઇમેન્શનવાળુ, તેમજ એક પણ વાહન છે એ દંડ ભર્યા વિનાનું અથવા તો ચેકપોસ્ટ ઉપરથી પસાર થયા વિનાનું જઇ શકે નહીં. સી.સી.ટી.વી. કેમેરા અને આખીયે સિસ્ટમ હવે ઇન્ટીગ્રેટેડ સિસ્ટમમાં લાવી દીધું છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગતો હતો કે સિસ્ટમ ઇન્ટીગ્રેટેડ પ્રોજેકટની ડીટેઇલમાં વિગતો મળે તો સારું.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે આ સિસ્ટમ ઇન્ટીગ્રેટેડ પ્રોજેકટ એટલે શું? મને કહેતા આનંદ થાય છે કે રાજયમાં મોટર વાહન ખાતાની કામગીરીને વધુ કાર્યક્ષમ, ઝડપી અને પારદર્શક બનાવવા માટે આ સિસ્ટમ ઇન્ટીગ્રેટેડ પ્રોજેકટની અમલવારી કરવામાં આવી રહેલ છે. સદર પ્રોજેકટ અંતર્ગત રાજયની તમામ આર.ટી.ઓ. કચેરીઓને તેમજ તમામ આર.ટી.ઓ. ચેકપોસ્ટોને મધ્યસ્થ ડેટા બેઝ સાથે ચોવીસ બાય સાત જોડવામાં આવનાર છે. આ સિસ્ટમ દ્વારા કચેરીઓ વચ્ચે માહિતીની આપ લે ઝડપી બનતા સામાન્ય નાગરિકને ઝડપી અને કાર્યક્ષમ સેવા ઉપલબ્ધ કરાવી શકાશે તેમજ સદર પ્રોજેકટ અંતર્ગત રાજયની આર.ટી.ઓ. ચેકપોસ્ટોને સંપૂર્ણપણે સ્વયંસંચાલિત કરવામાં આવનાર છે જે માટે રેડીયો ફ્રીકવન્સી આઇડેન્ટી ડીવાઇસના ઉપયોગથી કોઇપણ પ્રકારના માનવીય હસ્તક્ષેપ વિના સંપૂર્ણ સ્વયંસંચાલિત વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર છે. અત્યાધુનિક લેઝર ટેકનોલોજીથી સુસજ્જ ઓટોમેટીક વ્હીકલ મેજરમેન્ટ સિસ્ટમ એ.વી.એમ.એસ. દ્વારા એનું માપન, વજન, વગેરેની કોઇપણ પ્રકારના માનવીય હસ્તક્ષેપ વિના નોંધણી, કોમ્પ્યુટરાઇઝ ઓટોમેટીક દંડની ગણતરી, ઓટોમેટીક કોમ્પ્યુટરાઇઝ મેમો જનરેશન તથા સ્થળ પર જ દંડની વસુલાત કરવામાં આવનાર છે તેમજ ચેકપોસ્ટો ખાતે automatic computerised memo generation ની વ્યવસ્થા કરવામાં આવનાર છે અને આ તમામ કામગીરી પારદર્શક બનાવવા માટે રાજયની તમામ આર.ટી.ઓ. ચેકપોસ્ટ ખાતે અદ્યતન ટેકનોલોજીવાળા સી.સી.ટી.વી. કેમેરા પ્રાસ્થાપિત કરવામાં આવનાર છે. સિસ્ટમ ઇન્ટીગ્રેટેડ પ્રોજેકટ અન્વયે કેન્દ્રમાં પસંદગી પામેલ મેસર્સ વિપ્રો લિમિટેડ સાથે તા. ૩૧–૭–૨૦૧૫ ના રોજ કરાર કરવામાં આવેલ છે. ચેકપોસ્ટ શામળાજી ખાતે ડિસેમ્બર–૨૦૧૬ થી આ સિસ્ટમ ઇન્ટીગ્રેટેડ પ્રોજેકટ અંતર્ગત કામગીરી શરૂ કરવામાં આવેલ છે તેમજ રાજયની અન્ય આર.ટી.ઓ. ચેકપોસ્ટ માટે પણ આ ત્વરિત ધોરણે સિસ્ટમ ઇન્ટીગ્રેટેડ પ્રોજેકટ અંતર્ગત કામગીરી હાથ ધરી પૂર્ણ કરવામાં આવનાર છે.

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

*૮૦૦૯ શ્રી પ્રવિણભાઇ મુસડિયા (કાલાવડ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, | (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તેવી કોઇ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો આ કૌભાંડને અટકાવવા સરકારે શુ કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવી ગેરરીતી કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શુ કાર્યવાહીઓ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પ્રવિણભાઇ ન. મુસડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લા ઘણા સમયથી સસ્તા અનાજની દુકાનો જે ગુજરાતમાં ચાલી રહી છે તેમાં ખાસ કરીને જે આપણે અંગુઠા લઇને, ફીંગર મેચ કરાવીને જરૂરિયાતમંદ લોકોને માલ આપીએ છીએ ત્યારે ગામડાંમાં વસતા મજૂર વર્ગ જેના ફીંગર બિલકૂલ ઘસાઇ ગયા હોય છે મજૂરી કરી કરીને, શહેરોમાં સિમેન્ટ અને ચુનાના ધંધા સાથે સંકળાયેલા લોકો છે જે મજૂરી કરે છે, કડીયાકામ, મેશનીંગ કરે છે એમના તો આંગળીના ટેરવાઓ કુટી ગયા હોય છે એટલે એમના ફીંગર મેચ થતા નથી જયારે એ સસ્તા અનાજની દુકાનમાં ફીંગર આપવા જાય છે અને ધકકા ખાઇખાઇને થાકી જાય છે પરિણામે દુકાનદારો સાથે પણ સંઘર્ષ થાય છે અને હમણા છેલ્લે ૨૦૧૫ ફેબ્રુઆરીમાં જે નવું સોફટવેર આપણે દાખલ કર્યું છે એમાં તો આપણે માનો ને કે સવારે ૭–૦૦ થી ૯–૦૦ વાગ્યા સુધી જ ફીંગર મેચ થાય છે તો હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે બાકી જે લોકો રહી જાય છે, આખો મહિનો જે દુકાનદારો બેસે છે, જે લોકો બાકી રહી જાય છે એમને મેન્યુઅલ વિતરણ વ્યવસ્થા હેઠળ માલ આપવામાં આવે કે કેમ? બીજો મારો પ્રશ્ન એ છે

કે ખાસ કરીને આપણે જે માલની ડીલીવરી શોપ, દુકાન સુધી કરતા હોઇએ છીએ એમાં જે તુટેલા, ફુટેલા બાચકાઓ વર્ષોથી જુના બાચકાઓ જે ૫૦ કિલોના કટ્ટા છે એ આપણે વિતરણ વ્યવસ્થા માટે આપીએ છીએ તો એ ત્યાં પહોંચે ત્યાં સુધીમાં તો એકએક બેબે કિલો એમાંથી ઘાટી આવે છે જેના કારણે પણ કુલ જે જથ્થો છે એ જથ્થાની જે જાળવણી થવી જોઇએ એ થતી નથી. સરવાળે જથ્થો ઘટે છે એના કારણે પણ ગ્રાહકો અને દુકાનદારો વચ્ચે સંઘર્ષ થાય છે અને એમાં આપણે શું કરવા માગીએ છીએ? આપણે સડનલી મુલાકાતથી જે સામાન્ય ક્ષતિઓ દુકાનમાં જણાતી હોય એની ડિપોઝિટ રાજ્યસાત કરી હોય અથવા ૩ મહિના પરવાના રદ કર્યા હોય તેવા પરવાનેદાર પોતાનો પરવાનો રિન્યુ કે ચાલુ કરવા માટે ફરીથી અરજી કરે તો તે અરજીના નિકાલ માટે ૩ મહિના થયા હોવા છતા શું કરીએ છીએ? ડિસિઝન yes કે no આપીએ છીએ કે નહી?

અધ્યક્ષશ્રી : પ્રવિણભાઇ, આ પ્રશ્ન પુછવામાં પોણા ચાર મિનિટ ગઇ. કંઇ વાંધો નહિ. પહેલીવાર પ્રશ્ન પૂછ્યો છે એટલે મેં ક્ષમા આપી છે.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો પ્રશ્ન પૂછ્યો તે યાદ નથી માટે તે રિપીટ કરો?

અધ્યક્ષશ્રી : હવે ૪ પ્રશ્નો પૂછ્યા તે એક, બે, ત્રણ, ચાર બોલી જાઓ?

શ્રી પ્રવિણભાઇ ન. મુસડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૩ પ્રશ્નો કર્યા. કનેક્ટિવિટી અને સરવેના અભાવથી ફીંગર પ્રિન્ટ મેચ થતી નથી. જેના કારણે દુકાનદારો અને ગ્રાહકો વચ્ચે સંઘર્ષ થાય છે, તો મેન્યુઅલી વિતરણ વ્યવસ્થા કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના ગરીબ લાભાર્થીઓ સુધી અનાજ પહોંચાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. બાયોમેટ્રિક આખી આ વ્યવસ્થા અનાજનું ડાયવર્ઝન અટકાવવા માટે અમલમાં મૂકવામાં આવી હતી. ઘણી જગ્યાએ લાભાર્થીઓને અનાજ મેળવવામાં મુશ્કેલી થતી તે માનનીય સભ્યશ્રીએ વાત કરી કે આધાર આધારિત આખી સિસ્ટમ સમગ્ર રાજ્યમાં અમલવારી કરી છે. આ દેશની અંદર ગુજરાત એક એવું રાજ્ય છે કે આધાર સાથે લીંક કરવામાં પ્રથમ નંબરે છે. સ્વાભાવિક રીતે આ સોફ્ટવેરની અમલવારી થઇ હોય અને કયાંક કદાચ મુશ્કેલી પડતી હોય. જ્યાં સુધી માનનીય સભ્યશ્રીનો જામનગર અને દેવભૂમિ દ્વારકાનો પ્રશ્ન છે. આવા લાભાર્થીઓ અનાજથી વંચિત ન રહે તે માટે મેન્યુઅલી વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. કોઇપણ લાભાર્થીને મુશ્કેલી ન પડે અને અનાજ વગરનો ન રહે તે માટે રાજ્ય સરકારે નિર્ણયો કર્યા છે. બીજો પ્રશ્ન એ હતો કે એવા દુકાનદારના લાઇસન્સ ૩ મહિના માટે સસ્પેન્ડ કરતા હોઇએ છીએ. કયાંક ક્ષતિ નીકળે તો ૩ મહિના લાઇસન્સ સસ્પેન્ડ કરીએ છીએ અને પાછું રિન્યુ કરાવવા માટે અપીલમાં આવતા હોય છે. અમારા અધિકારીશ્રી અપીલમાં એમને સાંભળતા હોય છે અને એમને યોગ્ય લાગે તો રિન્યુ કરીને પાછા ચાલુ કરી શકીએ છીએ. મુશ્કેલી લાગે અને કાયમી માટે બેદરકારી દાખવતા હોય તો નામંજૂર કરવામાં આવે છે. આમ તેઓ અપીલમાં આવી શકે છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઓછી કૂપન નીકળવાનાં કારણો શાં છે? ઓન લાઇન કૂપનો ન નીકળે તો મેન્યુઅલી વિતરણની જોગવાઇ શું છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : ઓછી કૂપન નીકળવાનાં કારણોમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટી ઓછી હોવાના કારણે, ફીંગર પ્રિન્ટ મેચ ન થવાના કારણે, જૂની બાયોમેટ્રિક આધારિત કૂપન ઉપર નવી આધાર આધારિત વિતરણ વ્યવસ્થા લાગુ કરવાના કારણે, લાભાર્થીના આધારકાર્ડ ન હોવાના કારણે અથવા લાભાર્થીની આધાર કાર્ડ બનાવવાની કામગીરી ચાલુમાં હોય તો ઓછા કૂપનો નીકળે છે. તે માટે રાજ્ય સરકારે પગલાં લીધાં છે. મેન્યુઅલી વિતરણના કિસ્સામાં દર માસની ૧૦ તારીખથી જે તે કલેક્ટરશ્રીની સત્તાથી મેન્યુઅલી વિતરણની પરવાનગી આપવામાં આવે છે. જો આધારકાર્ડ લીંક ન થયું હોય તો મેન્યુઅલ વિતરણ માટે દુકાનદારે જે તે સંચાલકે જે લાભાર્થીને મેન્યુઅલ વિતરણ કરેલ હોય તેનો રેશનકાર્ડ નંબર એના ૧૩ પુરાવા આપેલ હોય છે, તે પુરાવાઓ પૈકી આપેલ પુરાવાની વિગત, વિતરણ કરેલ જથ્થાની વિગત તથા લાભાર્થીના મોબાઇલ નંબર સાથેની યાદી દર માસે મામલતદાર અથવા ઝોન અધિકારીને આપવાની હોય છે. એટલે સમગ્ર રાજ્યમાં કયાંક ઓછા કૂપનો નીકળતા હોય તો એની આખી વ્યવસ્થા રાજ્ય સરકારે કરી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે, ગરીબ માણસનો આ પ્રશ્ન છે, આ પ્રશ્ન આમ તો જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનો છે. સમગ્ર ગુજરાતની અંદર જે ગરીબ માણસને આ અનાજનો જથ્થો મળે છે તે તેના પેટનો ખાડો પૂરવાનો મોટામાં મોટો સહારો છે. મહિનો જયારે પૂરો થાય ત્યારે તેને અનાજ મળે છે. આ અનાજ કયારે મળશે તેની આશા રાખીને બેઠેલો માણસ હોય છે. આપે જે રીતે વાત કરી અને આપના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે સર્વર ડાઉન હોય જેના કારણોસર અનાજ મળતું નથી. કનેક્ટિવિટીમાં પ્રોબ્લેમ હોય જેના કારણે કુપનો નીકળતી નથી અને અનાજ મળતું નથી. અંગૂઠા મેચ થતા નથી તેના કારણોસર પણ તે લોકોને અનાજ મળતું નથી. જે લોકો મજૂરી કરે છે, તે મજૂરી કરનારા લોકોના હરહંમેશ અંગૂઠાના નિશાનો બદલાતા રહે છે, તેના ફિંગર પ્રિન્ટ મેચ થતા નથી. આ પ્રોબ્લેમ સમગ્ર ગુજરાતમાં છે. આ કારણોસર સસ્તા અનાજની દુકાનવાળા આ લોકોને અનાજ આપતા નથી. અમે અમારા વિસ્તારમાં ઓફિસ ખોલીને બેસીએ છીએ એટલે ખબર છે. તમામ ધારાસભ્યશ્રીઓના વિસ્તારમાં આ પ્રોબ્લેમ છે. ફિંગર પ્રિન્ટ મેચ થતા નથી, સર્વર ડાઉન હોય છે, કનેક્ટિવિટીના પ્રોબ્લેમ છે અને તે લોકોને અનાજ મળતું નથી. આ અનાજ દુકાનદાર સુધી પહોંચી જાય છે અને તે દુકાનદાર તે અનાજ બારોબાર સગેવગે કરી દેતો હોય છે. તો સરકારશ્રી આની અંદર બહુ ગંભીરતાથી વિચારી આ ગરીબ માણસના રોટલાનો સવાલ છે ત્યારે આમાં આપ શું કરવા માગો છો તે મારે જાણવું છે.

## ફાલ્ગુન ૨૫, ૧૯૩૯ શાકે
## તારાંકિત પ્રશ્નો

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગરીબ લોકોને અનાજ આપવું તે અમારી પ્રાથમિકતા છે. વાત થઇ તે મુજબ જયાં અંગૂઠા મેચ થતા ન હોય ત્યાં મેં કહ્યું તેમ મેન્યુઅલની પણ જોગવાઇ છે. નવા સોફ્ટવેરમાં આધાર આધારિત વિતરણની વ્યવસ્થા કરી છે. ગયા મહિનાથી આની શરૂઆત કરી છે. જયાં સુધી આધાર સાથે લિન્કઅપ થઇને જે કુપનો નીકળ્યા છે, ખાસ કરીને દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાનો પ્રશ્ન છે તો ત્યાંની માહિતી આપું તો હાલની તારીખે એટલે કે જવાબ આપું છું ત્યાં સુધી ૮૨ ટકા પરિણામ મળ્યું છે. આ અંગૂઠાનો પ્રશ્ન થતો, ગરીબ પરિવારો મજૂરી કરતા હોય તો મુશ્કેલી થતી હોય તો તેઓ આધાર સાથે એકવાર લિન્ક થઇ જાય તો આપણને પરિણામ મળશે. દિવસે દિવસે તેમાં સુધારો થતો જવાનો છે. આ સોફ્ટવેર ચાલુ કર્યા બાદ આ જિલ્લામાં આપણને ૮૨ ટકા પરિણામ મળ્યું છે. આ બે જિલ્લાનો પ્રશ્ન છે પણ આખા રાજયની અંદર સમયાંતરે અમે આનું મોનિટરીંગ કરીએ છીકે કે કયા જિલ્લામાં કેવો પ્રશ્ન છે. આમાં આપણે આગળ વધી રહ્યા છીએ અને તેમાં સો ટકા પરિણામ મળી રહ્યું છે. તેનાથી તમે જે ચિંતા કરો તે વ્યાજબી છે પણ રાજય સરકારે ગંભીરતાથી પગલાં લીધા છે. અમારી પ્રાથમિકતા છે કે એકપણ ગરીબ પરિવાર અનાજ વગરનો ન રહે અને તેના માટે રાજય સરકાર કટિબદ્ધ છે. કડક હાથે કામ લેવા પણ અમે તૈયાર છીએ.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઘણાબધા મિત્રો કહી રહ્યા છે કે કનેક્ટિવિટીનો પ્રશ્ન છે. ફિંગર પ્રિન્ટનો પ્રશ્ન છે. તો મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે નાના અને જરૂરિયાતમંદ લોકો માટે સરકાર કટિબદ્ધ છે કે દરેકે દરેક પરિવારને અનાજ મળવું જોઇએ, રેશનિંગ દ્વારા વસ્તુ મળવી જોઇએ. જેમ આપણે એટીએમ મશીનમાં કાર્ડ વાપરીએ છીએ તેવા રેશનિંગ કાર્ડ બનાવીએ અને તેની અંદર દર મહિનાનો જથ્થો નક્કી કરી નાખીએ તો કોઇપણ સામાન્ય માણસ તે કાર્ડ લઇ જાય અને તે કાર્ડમાંથી તેનો ડેટા ડીટેક્ટ થઇ જાય તો કનેક્ટિવિટીની અને ફિંગર પ્રિન્ટની જરૂર ન પડે. એટીએમ જેવા કાર્ડથી તે ખૂબ યુઝેબલ થાય. આમાં તમારી પાસે સેન્ટ્રલી ડેટા રહે જેથી ચોરી થવાની પણ શક્યતા નહીં રહે તો ભવિષ્યમાં આવું કરવા માગો છો કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સારી વાત છે પણ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

### નવસારી જિલ્લામાં ખેડૂતોને પાક ધિરાણમાં વ્યાજ સહાય

* ૬૪૭૯ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લાના ખેડૂતોને પાક ધિરાણમાં વ્યાજ સહાય કેટલા ટકા પ્રમાણે કેટલા ખેડૂતોને ચુકવવામાં આવી ?

(૨) કેટલા ખેડૂતોને કેટલી સહાય ચુકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| સહકારી ધિરાણ માળખા અન્વયે | | |
|---|---|---|
| વર્ષ | ટકા | ખેડૂતોની સંખ્યા |
| ૨૦૧૬–૧૭ | ૩ ,, | ૧૧૭૬ |
| ૨૦૧૭–૧૮ | ૩ ,, | ૧૯૦૦ |

(૨) કુલ ૩૦૭૬ ખેડૂતોને રૂ. ૩૯.૩૧ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની અને ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારને કિસાન માટે હિતલક્ષી બજેટ લઇને આવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પણ આપું છું. ખેડૂતોને પાક ધિરાણમાં વ્યાજ સહાય આપવાની જે યોજના છે તે માટે આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પાક ધિરાણમાં વ્યાજ સહાય આપવાની યોજનાની વિગતવાર જાણકારી આપો.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ખેડૂતોને ૭ ટકાના દરે પાક ધિરાણ પૂરું પાડવામાં આવે છે. રાજય સરકારે ૨૦૧૬–૧૭ના વર્ષથી સમયસર પાક ધિરાણ પરત કરતા ખેડૂતોને ૩ ટકા લેખે વ્યાજ સહાય રાહત આપવાની નવી બાબત તરીકે આ યોજના અમલમાં મૂકેલ છે. નાબાર્ડની ક્રેડીટ પોલીસી અનુસાર રૂ।.૩ લાખ સુધીનું ધિરાણ મેળવતા ખેડૂતોને આ વ્યાજ રાહતનો લાભ મળવાપાત્ર છે. આ વ્યાજ સહાયનો લાભ ખરીફ પાક માટે મળવાપાત્ર થાય છે. સદરહુ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ખરીફ સિઝનમાં થયેલ કૃષિ ઉત્પાદનના કારણે ખેડૂતોને તેઓની પડતર કિંમતના પ્રમાણમાં બજાર ભાવ મેળવવામાં પડતી તકલીફના પરિણામે ખેડૂતોને પાક ધિરાણ ઉપર વ્યાજનું ભારણ ઉદભવે છે અને પરિણામે ખેતી ખર્ચમાં વધારો થાય છે તેમાં રાહત આપવાનો છે અને તા.૧.૪ થી તા.૩૦.૯ દરમ્યાન ટૂંકી મુદતનું પાક ધિરાણ મેળવેલ ખેડૂતોને ધિરાણ સમયસર પરત ભરપાઇ કરવામાં આવ્યેથી ૩ ટકા વ્યાજની રાહત રાજય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, રાજય સરકાર દ્વારા તા.૧૮.૧૦.૨૦૧૭ના ઠરાવથી ઉક્ત ૩ ટકાના બદલે રાજય સરકારે ૪ ટકા વ્યાજ સહાય આપવાનું ઠરાવેલ છે જેના પરિણામે ખેડૂતોને હવે વિના વ્યાજે આ પાક ધિરાણ પ્રાપ્ત થશે. આ યોજનાનો લાભ ટૂંકી મુદતનું ૭ ટકાના દરે પાક ધિરાણ કરતી હોય તેવી રાજય સહકારી બેન્ક, જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક, રાષ્ટ્રીયકૃત બેન્કો, ખાનગી બેન્કો અને ખેતી વિષયક ધિરાણ કરનારી મંડળીઓ તેમજ કૃષિ અને ગ્રામિણ વિકાસ બેન્ક મારફત ધિરાણ મેળવેલ હોય તેને મળવાપાત્ર છે.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, પાક વીમા અને પ્રધાન મંત્રી ફસલ વીમા યોજનાનું પ્રિમિયમ ભરવા માટે કઇ કઇ કંપનીઓને નિયુક્ત કરવામાં આવી છે? અને ડાંગ જેવા અંતરિયાળ વિસ્તારમાં નેટની કનેક્ટિવિટી ન હોવાના કારણે ઓન લાઇનથી આવા લાભો મેળવવાના થાય છે ત્યારે ઓનલાઇન કનેક્ટિવિટી ન હોય ત્યાં અલાયદી વ્યવસ્થા કરવામાં આવે છે કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન નવસારી જિલ્લાના ખેડૂતોના પાક ધિરાણના વ્યાજ સહાય પૂરતો છે માટે આમાં નહીં આવે. અલગ નોટિસ આપ્યેથી અલગ એનો જવાબ આપીશ.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બેન્ક દ્વારા રજૂ કરવામાં આવતા વ્યાજ સહાયના ક્લેઇમની બેન્ક કક્ષાએ ચકાસણી થાય તે માટે કોઇ વ્યવસ્થા નિયત થયેલી છે કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બેન્ક દ્વારા રજૂ થતા આવા કલેઇમ પૈકી પ્રથમ ત્રિમાસીક એટલે કે તા.૧.૪ થી તા.૩૦.૬ સુધીના રજૂ થતા કલેઇમ બેન્કના ઓડીટરની સહી સાથે રજૂ કરવાના રહે છે જ્યારે બીજા ત્રિમાસીક એટલે કે તા. ૧.૭ થી ૩૦.૯ના થતા કલેઇમ સાથે પૂરા સમયનું એટલે કે તા. ૧.૪ થી ૩૦.૯ સુધીના સમયનું વૈધાનિક ઓડીટરનું પ્રમાણ પત્ર સામેલ કરવાનું રહે છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, નવસારી જિલ્લાના વાંસદા, ખેરગામ તેમજ ચીખલી તાલુકામાં ભીંડા અને વેલાવાળા શાકભાજીનો પાક થાય છે પરંતુ કેટલીક વખત એનું બિયારણ તદન હલકી કક્ષાનું હોય છે એને કારણે પાક ફેઇલ જાય છે તો શું આવા પાકમાં એમને વીમા ધિરાણ થઇ શકે છે? અને થઇ શકે તો કેટલું થઇ શકે છે? એની માહિતી આપવા વિનંતી.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણા કહ્યું તેમ નવસારી જિલ્લાના ખેડૂતોના પાક ધિરાણના વ્યાજ રાહતનો આ પ્રશ્ન છે માટે એમાં આ પ્રશ્ન આવી શકશે નહીં.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂતોનો પ્રશ્ન છે અને ખૂબ અગત્યનો છે. અમારા દક્ષિણ ગુજરાતમાં અને ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં ૭/૧૨માં ૬ થી ૭ કે એનાથી પણ વધારે નામો આવે છે જેથી મુખ્ય ખેડૂત હોય એ પાક ધિરાણની લોન લેવા માગે એમાં કદાચ એક બે ખેડૂતો સહી ન કરે તો પણ એ મુખ્ય ખેડૂતને પાક ધિરાણની લોન આપવા માગો છો કે કેમ? અને બેન્ક મારફત એ સગવડ ઉભી કરવા માગો છો કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન છે એ આદિવાસી વિસ્તારની અંદર ૭/૧૨ ની અંદર આઠ દસ નામો હોય છે એ આઠ દસ નામોમાં કદાચ એક બે ૭/૧૨માં જે ખાતેદારો હોય અને એ સહી ના કરે તો તેમ છતાં પાક ધિરાણની લોન ખેડૂત લેવા માગે તો બેન્ક કોઇ વ્યવસ્થા ઉભી કરીને એ ખેડૂતને લોન આપવા માગે છે કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પાક ધિરાણનો પ્રશ્ન છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, ખેડૂત પાક ધિરાણ લેવા જાયને ત્યારે એનું ફોર્મ અંગ્રેજીમાં હોય છે. રાષ્ટ્રીયકૃત બેન્કો દ્વારા બહુ ખોટું થાય છે એમાં, દા.ત. એની શાખ મંજૂર થઇ હોય, ખેડૂતને દોઢ લાખ રૂપિયા લોન લેવી હોય, તો એણે લાખ રૂપિયા ખરીફ પાકના ઉપાડ્યા હોય અને ૫૦ હજાર રૂપિયા રવિ પાકના લેવા હોય તો એના માટે બેન્કવાળા સહીઓ કરાવી લે છે ખેડૂતને બિચારાને ખબર નથી હોતી, લસણમાં પ્રીમીયમ ૯ ટકા લે છે. જો એણે ખરીફ પાક કે રવિ પાકની લોન ઉપાડી હોય એને ખબર નથી હોતી ખેડૂતને એટલે આ બેન્કો દ્વારા અંગ્રેજીમાં જે ફોર્મ આવે છે એની જગ્યાએ બેન્કોને આદેશ આપવા માગીએ છીએ કે ગુજરાતીમાં ફોર્મ મળવું જોઇએ.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ બેન્કોનો વિષય હોઇ એ ગુજરાતી ફોર્મ એમણે કરવાનું થાય.

અધ્યક્ષશ્રી : તેમ છતાં આપણે બેન્કોને સૂચના આપવી જોઇએ.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : હા સૂચના આપીશું.

### બનાસકાંઠા જિલ્લામાં અનાજના સંગ્રહના ગોડાઉન

* ૬૪૬૩ શ્રી શશીકાન્ત પંડ્યા (ડીસા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ ૩૨ ગોડાઉનો આવેલા છે, |
| (૨) ગોડાઉનની સંગ્રહ શક્તિ કેટલી છે, અને | (૨) બનાસકાંઠા જીલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશક્તિ ૨૨૩૫૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ–૩ હેઠળ શિહોરી, સુઇગામ ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન સંગ્રહશક્તિના ગોડાઉન બાંધકામ માટે વર્ક ઓર્ડર આપેલ |

છે અને લાખણી તાલુકા ખાતે ૨૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ વધારવા વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને એ પુછવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં અનાજ સંગ્રહ માટે જે કંઇ ગોડાઉનો આવેલા છે એ ગોડાઉનોમાં સંગ્રહશક્તિ સારી છે પરંતુ ગોડાઉનમાં સી.સી.ટી.વી. કેમેરાની સિસ્ટમ લગાવવા માટે બજેટમાં શું જોગવાઇ કરવામાં આવેલ છે તથા સિસ્ટમના ફાયદાઓ શું છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાની અંદર જે અનાજ સંગ્રહશક્તિના ગોડાઉનો છે એનું વ્યવસ્થિત રીતે મોનીટરીંગ થાય એ માટે બજેટની અંદર સી.સી.ટી.વી. કેમેરા માટે પણ જોગવાઇ કરવામાં આવેલી છે અને આ સી.સી.ટી.વી. કેમેરાથી નિગમના ગોડાઉનમાં રહેલા સ્ટોક ઉપર ઓનલાઇન મોનીટરીંગ થઇ શકશે, નિગમના ગોડાઉનમાં આવતા જતા તમામ વાહનોનું ઓનલાઇન મોનીટરીંગ થઇ શકશે. નિગમના ગોડાઉનમાં આવતા જતાં તમામ મુલાકાતી – કર્મચારીઓનું ઓનલાઇન મોનીટરીંગ થઇ શકશે તથા તેઓની ઉપસ્થિતિની ચકાસણી થઇ શકશે. સમભરતી પ્રક્રિયાનું ઓનલાઇન મોનીટરીંગ થઇ શકશે. નિગમના ગોડાઉનની વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવી શકે જેથી જિલ્લા કચેરી દ્વારા અંકૂશ રહી શકશે. લેબરની કામગીરીનું પણ ઓનલાઇન મોનીટરીંગ થઇ શકશે.અને જો ગોડાઉનમાં ભવિષ્યમાં ચોરીનો બનાવ બને તો તેને લગતા કારણો જાણીને આવું ન બને તે માટે તકેદારીના પગલાં લઇ શકાય અને એનું પણ ઓનલાઇન મોનીટરીંગ થઇ શકશે. ટ્રકની મૂવમેન્ટ તથા વ્હીકલની મૂવમેન્ટ ઉપર ઓનલાઇન મોનીટરીંગ અને ક્રોસ વેરીફીકેશન થઇ શકશે. જો વજનકાંટા સાથે ઓનલાઇન જોડાણ કરી શકાય એવી વ્યવસ્થા કરી શકાય તો કયા સમયે કેટલો જથ્થો ગોડાઉન ઉપર આવ્યો અને સ્ટોકનો રિયલ ટાઇમ અને જથ્થાના ડેટા પણ મેળવવામાં આસાની રહે છે. ગોડાઉન પર બનતા ચોરીના બનાવો પર નિયંત્રણ અને અંકૂશ આવશે. વહીવટી સરળતા અને ડીઝીટલ ઇન્ડિયાની પહેલમાં આનું મહત્વપૂર્ણ યોગદાન છે. રિયલ ટાઇમ ડેટાની ઉપલબ્ધતાની એકત્રીકરણ કરવામાં સરળતા રહેશે, એટલે આવા અનેક પ્રયત્નો કરવાથી સી.સી.ટી.વી. કેમેરા મૂકવાથી અનાજના સંગ્રહ માટેના જે આપણા ગોડાઉન છે એની વ્યવસ્થા સારી રીતે જાળવી શકીશું.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પુછવા માગું છું કે જે ફિંગરની વ્યવસ્થા કરવામાં આવી છે એ બહુ સારી છે. પણ અત્યારે એવું થઇ રહ્યું છે કે રેશનિંગવાળા જે છે એ ભૂતિયા કાર્ડ બહુ વધારે રાખે છે, જે હાજર નથી હોતા એના કાર્ડ ઓલરેડી એમની પાસે હોય જ છે અને એના ફિંગર ડૂપ્લીકેટ બનાવી અને એ માલ પોતે રેશનિંગવાળા લઇ લેતા હોય છે માટે ભૂતિયા કાર્ડ માટે સારી કાર્યવાહી કરવા માગે છે કે નહિ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ અનાજ શકિતના ગોડાઉનનો પ્રશ્ન છે અને તેની માહિતી પણ મેં પહેલા પ્રશ્નના જવાબમાં આપી કે, તેના માટે આખી આધારની સિસ્ટમ ઉભી કરી છે પણ આ અનાજની સંગ્રહ શકિતના ગોડાઉનનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : સાથે સાથે તેમણે સરકારની સીસ્ટમને વખાણી પણ છે.

શ્રી કીર્તિસિંહ પ્ર. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ચાલુ નાણાકીય વર્ષમાં અનાજ સંગ્રહના કેટલા ગોડાઉનની બાંધકામની મંજૂરી આપવામાં આવેલ તથા બજેટ ખર્ચ જોગવાઇની વિગત આપશો.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષમાં નવા ગોડાઉનની મંજૂરી અને હાલની જે સ્થિતિ છે તેમાં ચાલુ વર્ષમાં નાબાર્ડના ડબલ્યુઆઇએફ ત્રણ પ્રોજેક્ટ અન્વયે ૮૪ ગોડાઉન બાંધ્યાને ૧ લાખ ૬૮ હજાર મે.ટન સંગ્રહ શકિત વધારાનું આયોજન કરેલ છે. તે પૈકી નિગમ દ્વારા જે ગોડાઉનના બાંધકામ થયા છે તેમાં ૪૦ ગોડાઉનો પૈકી ૩૫ ગોડાઉન બાંધકામ જેની સંગ્રહ શકિત ૭૦ હજાર મે.ટનની છે. જેના ટેન્ડરો પણ મંજૂર કરી દેવામાં આવ્યા છે. જયારે બાકીના ૪૪ સ્થળો ઉપર જે ગોડાઉનો બનાવવાના છે તે માર્ગ મકાન વિભાગ હસ્તક આપવામાં આવેલ છે અને ૩૯ સ્થળોએ ગોડાઉન બાંધકામની વહીવટી મંજૂરી પણ આપી દેવામાં આવેલી છે જેની સંગ્રહ શકિત ૭૮ હજાર મે.ટનની છે. આ તમામ ગોડાઉનની બાંધકામની પ્રક્રિયા ૩૧–૩–૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાનુ આયોજન છે, જે માટે ૬૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટની જોગવાઇ પણ કરવામાં આવી છે. ચાલુ વર્ષની ૨૦૧૭–૧૮ની જોગવાઇ અન્વયે કુલ ૧૦ સ્થળોએ ૧૦,૧૦૦ મે.ટન સંગ્રહ શકિતના ગોડાઉન બનાવવા અને ટેન્ડર બહાર પાડી બાંધકામ હાથ ધરવામાં આવશે. જે માટે બજેટની અંદર ૩.૯૦ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. જયાં બનાસકાંઠા જિલ્લાનો પ્રશ્ન છે ત્યાં તમામ તાલુકા દીઠ એક ગોડાઉન આપણે આપી શકીએ તે માટે તમામ વ્યવસ્થા પણ કરેલી છે અને આ જિલ્લાની અંદર નવા જે ૩ ગોડાઉન બની રહ્યાં છે તેમાં શિંહોરી ખાતે, સુઇગામ તાલુકા ખાતે અને લાખણી તાલુકા ખાતે ૩ ગોડાઉનની પ્રક્રિયા અત્યારે ચાલુ છે અને આ ત્રણેય ગોડાઉનો ૨–૨ હજાર મે.ટન કેપેસિટીના છે જેની કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. એટલે હાલમાં જે બનાસકાંઠા જિલ્લાની અંદર તાલુકાવાઇઝ અલગ અલગ જગ્યાએ ૩૨ ગોડાઉનો છે અને નવા ત્રણ ગોડાઉનો આપણે બનાવવા જઇ રહ્યાં છીએ. એટલે સમગ્ર આખા રાજયની અંદર દરેક તાલુકા મથક દીઠ પુરવઠાનું એક ગોડાઉન હોય તો જે અનાજનો જથ્થો આપણે સપ્લાય કરીએ છીએ તેનું આપણે બરાબર મોનીટરીંગ કરી શકીએ અને માથે આ સી.સી.ટી.વી.નો આખો પ્રોજેક્ટ એટલે આખું ઓન લાઇન મોનીટરીંગ થઇ શકે એ માટે આ રાજય સરકાર સતત એ કામ કરવા માટે આગળ વધી રહી છે.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અનાજના ગોડાઉનમાં અનાજની ગુણવત્તા જળવાઈ રહે તે માટે શું સાવચેતી રાખવામાં આવે છે ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગોડાઉનની અંદર અનાજની ગુણવત્તા જળવાઈ રહે તે માટે ગોડાઉનની અંદર જે જથ્થાનો સંગ્રહ હોય એ ગોડાઉનમાં સૂકી અને સ્વચ્છ જગ્યા ઉપર પાથરી અને યોગ્ય રીતે સ્ટેટીંગ કરીને કરવામાં આવે છે. ગોડાઉનમાં સંગ્રહિત જથ્થાની ગુણવત્તા ચકાસણી જિલ્લા ગોડાઉન નિરીક્ષક અને ગોડાઉન મેનેજરશ્રી દ્વારા નિયમિત રીતે કરવામાં આવે છે. તે દરમિયાન જરૂર જણાય ત્યાં દવા છંટકાવ તથા ફ્યુમીગેશનની કામગીરી નિયુકત એજન્સી મારફતે કરવામાં આવે છે. ગોડાઉનમાં ઉંદર દ્વારા અનાજ બગાડ નિવારવા ઉંદર નિયંત્રણના જરૂરી પગલાં પણ લેવામાં આવે છે. ચોમાસામાં જીવાતનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં થવાને કારણે એની કાળજી રાખવા દવાનો છંટકાવ પણ કરવામાં આવે છે એટલે અનાજની જાળવણી માટે આ ગોડાઉનની અંદર આવા સાવચેતીના પગલાં લેવામાં આવે છે.

### છોટાઉદેપુર જિલ્લામાં ખાંડ અને આયોડીનયુક્ત મીઠાનું વિતરણ

***** ૬૪૧૮ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) **:** માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુકત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું? | છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું. |

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો (મેટ્રીક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૨૧૪૦.૧૩ |
| આયોડીનયુક્ત મીઠું | ૧૦૫૬.૧૩ |

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છોટા ઉદેપુર જિલ્લામાં ૩૧–૧૨–૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુકત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું ? મારો બીજો પ્રશ્ન એ છે કે, રાજયના અંત્યોદય અને બીપીએલ કુટુંબોને ખાંડ અને આયોડીનયુકત મીઠાના વિતરણની વ્યવસ્થાનું માળખું શું છે ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના ગરીબ લાભાર્થી પરિવારને દર મહિને ખાંડ અને રીફાઇન્ડ આયોડાઇઝયુકત મીઠુ મળી રહે તે માટે રાજ્ય સરકારે વ્યવસ્થા કરેલી છે. છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકા વાર માહિતી આપું તો આ જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓને ૩૫૭ મેટ્રિક ટન અને અંત્યોદય લાભાર્થીઓને ૯૫ મેટ્રીક ટન એમ કુલ ૪૫૩ મેટ્રીક ટન ખાંડના જથ્થાનું વિતરણ કરેલ છે. એવી રીતે ૨૧૪ મેટ્રીક ટન મીઠાનું વિતરણ કરેલ છે. કવાંટ તાલુકામાં ૪૨૫ મેટ્રીક ટન ખાંડ અને ૨૧૭ મેટ્રીક ટન મીઠાનું વિતરણ કરેલ છે. પાવી–જેતપુર તાલુકામાં ૪૦૪ ટન ખાંડ અને ૧૮૮ ટન મીઠાનું વિતરણ કરવામાં આવેલ છે. નસવાડી તાલુકામાં ૨૯૬ ટન ખાંડ અને ૧૨૯ ટન મીઠાનું વિતરણ કરવામાં આવેલ છે. શંખેડામાં ૨૩૩ ટન ખાંડ અને ૧૪૩ ટન મીઠાનું વિતરણ કરવામાં આવેલ છે. બોડેલીમાં ૩૩૦ ટન ખાંડ અને ૧૬૬ ટન મીઠું એમ છોટા ઉદેપુર જિલ્લામાં કુલ ૨૧૪૦ મેટ્રીક ટન ખાંડ અને ૧૦૫૬ મેટ્રીક ટન મીઠાનું વિતરણ કરવામાં આવેલ છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ગરીબ પરિવારને દર માસે રાહત દરે ખાંડ અને મીઠાનું વિતરણ કરવામાં આવે છે. એમાં અંત્યોદય યોજનાના ૮,૧૫,૬૦૮ કુટુંબોને ત્રણ વ્યક્તિ દીઠ એક કિલો અને ત્રણ વ્યક્તિ કરતાં વધુ વ્યક્તિ ધરાવતા કાર્ડ ધારકોને વ્યક્તિ દીઠ ૩૫૦ ગ્રામ મુજબ ૧૫ રૂપિયા પ્રતિ કિલો ખાંડનું વિતરણ કરવામાં આવે છે. જેમાં કેન્દ્ર સરકાર રૂ. ૧૮.૫૦ પૈસા લેખે સબસિડી આપે છે. જેમાં કેન્દ્ર સરકાર આપણને ૧૮ કરોડ રૂપિયા સબસિડી રૂપે ફાળવે છે. બાકીનો ઘટતો ખર્ચ ૧૮૭ કરોડ રાજ્ય સરકાર ભોગવે છે. એવી જ રીતે રાજયના ૨૭,૪૫,૦૦૦ બી.પી.એલ. કુટુંબોને વ્યક્તિ દીઠ ૩૫૦ ગ્રામ ૨૨ રૂપિયા પ્રતિ કિલોના ભાવથી આપવામાં આવે છે અને આ તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે. પરંતુ મીઠાની અંદર પણ ત્રણ વ્યક્તિ દીઠ એક કિલો અને ત્રણ કરતાં વધુ વ્યક્તિ ધરાવતા કાર્ડ દીઠ બે કિલો એક રૂપિયાના ભાવથી મીઠાનું વિતરણ કરવામાં આવે છે. જેનો ખર્ચ ૯ કરોડ ૮૩ લાખ થાય છે. જે તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આ ખાંડ અને મીઠું આપણે કોની પાસેથી ખરીદીએ છીએ? રાજ્ય સરકારના પુરવઠા નિગમે અલગ–અલગ એજન્સી નક્કી કરેલ હોય છે. તો ઉત્પાદકો કોણ – કોણ છે અને ક્યા ઉત્પાદકો પાસેથી આ ખાંડ અને મીઠું વેચવા માટે લાવવામાં આવે છે. બીજું મારે એ જાણવું છે કે, આપણે ખાંડ અને મીઠામાં જે સહાય ચૂકવીએ છીએ એનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે અને સારી વાત છે પણ બજાર કરતાં ઉંચી કિંમતે નિગમ ખરીદે છે એ વાત સાચી છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખાંડ અને મીઠા માટે ટેન્ડરીંગ દ્વારા આપણે ખરીદી કરીએ છીએ એટલે મીઠાની વાર્ષિક જરૂરિયાત ૪૦,૦૦૦ મેટ્રિક ટન હોય છે તો એ પ્રમાણે વર્ષ દરમિયાનનું પુરવઠા નિગમ દ્વારા ઇ–ટેન્ડરીંગ થતું હોય છે. જો આપણને એમ લાગે કે બજાર કરતાં ઉંચા ભાવ છે તો ટેન્ડરીંગ રદ કરીએ છીએ. અત્યાર સુધી ક્યારેય

એવું બન્યું નથી કે જે ભાવ ચાલતો હોય એના કરતા વધારે ભાવ આવ્યો હોય. આપણે એનું ટેન્ડર રદ કરીએ છીએ. જે પ્રણાલી ચાલતી હોય એ મુજબ ભાવ હોય એને જ આપણે મંજૂર કરીએ છીએ અને એની પાસેથી ખરીદી કરીએ છીએ. આપણો વિતરણનો ભાવ ૧૫ રૂપિયા અને ૨૨ પૈસા હોય તો એ ભાવથી આપણે વિતરણ કરીએ છીએ અને એનો ઘટતો ખર્ચ રાજ્ય સરકાર આપે છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નનો જવાબ હમણાં જ મળી ગયો છે. છતાંય મારે કહેવું છે કે, ખાસ કરીને બાળકોમાં ગોઇટર અને બહેનોમાં થાઇરોઇડ જેવા રોગોની અસર થતી હોય છે. આયોડિન યુક્ત મીઠું ખાવાનો સરકારશ્રીએ જે નિર્ણય લીધો છે એના માટે હું ખૂબ-ખૂબ અભિનંદન આપું છું.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું આપના મારફતે પૂછવા માગું છું કે, આ ૫૦ કિલોની એક બોરી હોય અને એમાંથી બે બે, ત્રણ ત્રણ કિલો કાઢી લેવામાં આવે છે અને પછી ઘટમાં બતાવે છે. તો આ ઘટ છે એ પૂરી કરવા માગો છો કે કેમ, અને સરકારના જ અધિકારીઓ જે કંઇક કરતા હોય અને એ અમે જોયેલું છે અને અનુભવેલું છે એટલે હું કહું છું.

અધ્યક્ષશ્રી : તમે જોયા પછી શું કર્યું?

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, એ કાઢી લે અને પાછા વેચે, તો પણ કંઇ ન કર્યું મામલતદારે સાહેબે, એટલે અમે ફરિયાદ પણ કરેલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બેસી જાઓ જયારે માનનીય સભ્યશ્રી પ્રશ્ન પૂછે છે તો આપ બેસી જાઓ, પછી આપ લંબાણપૂર્વક જવાબ આપજો.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે હું ધારાસભ્ય ન હતો, રજૂઆત કરીએ તો કહે કે એવું ના થાય તો માનનીય અધ્યક્ષશ્રી, આ જો બને છે એ અમે જોયેલું છે. તો આમાં કંઇક કરવા માગો છો? પેલા વેચાણવાળાને મદદ કરવા માગો છો કે નહીં આ જે અઢી કિલો ત્રણ કિલોની ઘટ આવે તો એ જે ઘટ છે એ તમે પૂરી કરવા માગો છો કે નહીં? નહિંતર દુકાનદાર છે અને સામે જે લેનાર છે એને વાંધા પડે, અને બેને મારામારી પણ થાય તો આમાં સરકાર કંઇક કહે કે...

અધ્યક્ષશ્રી : મારામારી થાય તો આપે છોડાવવા પણ પડે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, અમે છોડાવીએ પણ છીએ, એવું કંઇ નથી કે અમે નથી છોડાવતા, તો આમાં કંઇ મદદ કરવા માગો છો, દયા રાખવા માગો છો, હમદર્દી રાખવા માગો છો એ હું જાણવા માગું છું.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, કદાચ માનનીય સભ્યશ્રી મારા કરતાં સિનિયર સભ્યશ્રી છે પણ એમના ભૂતકાળનો આ અનુભવ હશે. ભૂતકાળની સરકારનો અનુભવ હશે એટલે એ કહે છે. મારા ધ્યાનમાં કંઇ નથી આવ્યું એટલે ભૂતકાળનો કદાચ એમને અનુભવ હોય અને એ મુજબ સભ્યશ્રી અહીંયા વાત કરતા હોય એમ છે પણ હાલમાં આવી કોઇ ફરિયાદ પણ નથી અને એક માનનીય સભ્યશ્રી, ગયા પ્રશ્નમાં પણ કહ્યું હતું કે ખાંડનો વધારે ભાવનું કહ્યું તો અમે ટેન્ડર રદ કરીએ છીએ એટલે સભ્યશ્રી કહે છે એવું બધું કદાચ ભૂતકાળમાં બનતું હશે પણ અત્યારે આ ટેન્ડર ઓપન માર્કેટમાંથી લઇએ છીએ અને ક્યાંય આવું બનતું નથી અને વધારે ભાવ આવે તો ટેન્ડર રદ થાય છે ઉંચા ભાવે ખરીદી થતી નથી પણ ભૂતકાળની વાતો અહીંયા કદાચ અત્યારે વર્તમાનના અનુભવના આધારે નહીં પણ ભૂતકાળના અનુભવના આધારે વાત કરતા હશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહના સર્વ માનનીય સભ્યશ્રીઓને ખાસ કહેવા માગું છું કે, ટેકનોલોજીનો ઉપયોગ અમારી સરકારે દરેક કંપની માટે કર્યો છે એમ માનનીય નરેન્દ્રભાઇ જયારે અહીંયા મુખ્ય મંત્રીશ્રી હતા ત્યારથી આપણે શરૂઆત કરી છે કે અમારો માર્ગ- મકાન વિભાગ હોય, પાણી પુરવઠા વિભાગ હોય, સિંચાઇ વિભાગ હોય કે સરકારનો કોઇપણ વિભાગ કોઇપણ ચીજવસ્તુની ખરીદી કરે અથવા કોઇ કામ માટે ટેન્ડર બહાર પાડે તો એમાં ફરજિયાત ઓન લાઇન ગ્લોબલ ટેન્ડર બહાર પાડવામાં આવે છે અને ઇન્ટરનેશનલ ટેન્ડરની સાથે સાથે જેવો કામનો પ્રકાર, સ્થાનિક લેવલના ટેન્ડરો પણ માગવામાં આવે છે. બધુ જ ઓનલાઇન સિસ્ટમ છે. એનકોડ દ્વારા બધી સિસ્ટમ પ્રસ્થાપિત થયેલી છે. પહેલાની મને ખબર છે, બધાને ખબર છે કે, માર્ગ-મકાન વિભાગમાં સૌરાષ્ટ્રમાં કે બીજા વિસ્તારોમાં કે અન્ય જિલ્લાઓમાં કોઇ માથાભારે માણસો રીંગ કરી દે, ટેન્ડરો કોઇને ભરવા ન દે, પોતે ઉંચા ભાવનું ટેન્ડર ભરે, તો આ બધો સમય ગયો. હવે ફકતને ફકત ઇ-ટેન્ડરથી જ બધી કામગીરી, ટેન્ડર હોય તો પણ, બાંધકામનું ઇ-ટેન્ડર, ખાંડ હોય, અનાજ હોય, મીઠુ હોય, શ્રાવણ મહિનામાં કે દિવાળીના તહેવારોમાં અમે ગરીબોને સસ્તા ભાવે તેલ આપીએ છીએ તો તેલની ખરીદી હોય બધુ ઇ-ટેન્ડરીંગથી થાય છે એટલે કોઇપણ વ્યકિત ક્યાંથી ટેન્ડર ભરે છે એ કોઇને ખબર ના પડે, કોઇ રીંગ ના કરી શકે, કોઇ સિન્ડીકેટ ના કરી શકે, અને વાજબી ભાવેથી હરિફાઇયુકત ભાવેથી સરકારને ખરીદી થાય.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું મારે એ કહેવું છે કે, હમણાં ભારત સરકારે એક નવી સિસ્ટમ ચાલુ કરી છે કે સમજો કે એક વિભાગ છે અને એને તાત્કાલિક કાગળની જરૂર છે, સ્ટેશનરીની જરૂર છે તો હવે એક નવા પ્રકારની ટેન્ડર સિસ્ટમ થઇ છે એને ''જેમ'' કહેવામાં આવે છે એટલે ''જેમ'' સિસ્ટમથી કોઇપણ અધિકારી કોઇપણ વિભાગ હોય, ખરીદી કરવી હોય તો ''જેમ'' ઉપર એની ખરીદીની વિગતો એના સ્પેસીફિકેશન મોકલીને ઓન લાઇન મૂકી દે, એટલે જેને જે ભરવા હોય એ ભાવ ભરી દે અને સીધી ખરીદી થાય, ટેન્ડરીંગ પણ નહીં કરવાનું અને સીધી ખરીદી હરીફાઇ યુકત ભાવોથી કરવામાં આવે છે. અને

ટેકનોલોજીનો આપણી સરકાર ઉપયોગ કરીને ભૂતકાળમાં માફીયાગીરી અને દાદાગીરી હતી અને ટેન્ડરોની સીન્ડીકેટ ચાલતી હતી, રીગ થતી હતી, તે આજે ભૂતકાળ બની ગયું છે અને આજે તમામ વિભાગોમાં આ રીતે ચાલે છે, અમારી સરકાર તરફથી તેની સન્માનનીય ગૃહને આ વિગતો આપું છું. બધા જ ડિપાર્ટમેન્ટમાં આ જ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ વાજાને આ જવાબથી સંતોષ નથી થયો, આપને કહું છું માનનીય મંત્રીશ્રી જયેશભાઇ, એમનું એટલું જ કહેવું છે કે તેઓ જો બતાવે તો તમે પકડજો. પ્રશ્ન ક્રમાંક–૭.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ ગંભીર બાબત છે, અગત્યનો છે.

અધ્યક્ષશ્રી : સારું પૂછો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ ગંભીર બાબત છે, સભ્યશ્રી બાબુભાઇ એ જે પ્રશ્ન પૂછયો છે તેને હળવાશથી ન લે, કારણ કે હું એટલા માટે કહેવા માગું છું કે રાજય સરકારને કેન્દ્ર સરકાર દ્વારા જે જથ્થો મળે છે તે પૂરતા પ્રમાણમાં મળતો નથી અને ઓછો જથ્થો મળે છે તે હકીકત છે, આ ઓછો જથ્થો મળે છે તેના કારણે રેશનિંગના દુકાનદારો જે ગ્રાહકો આવે છે તેને એમ કહે છે કે અમને પૂરતો જથ્થો ફાળવવામાં આવ્યો નથી, જેના કારણે તમને ઓછો માલ મળશે. હકીકતમાં ગોડાઉનમાંથી જે માલ ઉપાડવામાં આવે છે તે રેશનિંગના દુકાનદારો અને ગોડાઉનમાં જે ફરજ બજાવતા હોય તેની સીન્ડીકેટના કારણે એ માલ કાઢી લેવામાં આવે છે અને તે રાજયમાં આંકડા બિલોમાં જાય છે આ હકીકત છે, એના માટે ગંભીરતાથી લઇને આના ઉપર વોચ રાખીને, માનનીય નીતિનભાઇએ કહ્યું કે બધી સિસ્ટમ સારી ગોઠવી છે, ઓકે. આ બધું બારોબાર ચાલે છે જે હકીકત છે અને અમરેલી તેનો પૂરાવો છે. આ જે હકીકત છે તેને માનનીય મંત્રીશ્રી ગંભીરતાથી લઇ, બાબુભાઇની જે વાત છે તેમાં ધ્યાન રાખે કારણ કે રાજયમાં આ વ્યાપક પ્રમાણમાં ચાલે છે. આના માટે ગંભીરતાથી લઇ અને આવું ન થાય તેના માટે કડક રીતે કામ લેવા માગીએ છીએ કે કેમ ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે ઓછો જથ્થો આવે છે. તો ગૃહના ફલોર ઉપરથી સો ટકા કહું છું કે, કેન્દ્ર સરકાર તરફથી ઘઉં અને ચોખાનો જથ્થો પૂરતા પ્રમાણમાં મળે છે, જેટલો માગીએ તે મુજબ જથ્થો ત્યાંથી આપણને ફાળવી દે છે. ત્યાર બાદ એફ.સી.આઇ.થી નિગમના ગોડાઉન સુધી ત્યાં આપણે જી.પી.એસ. સિસ્ટમ લગાવી છે અને ત્યાંથી દુકાનદાર સુધી પહોંચાડવા માટે ડોર સ્ટેપ ડેલીવરી મારફત વિતરણની વ્યવસ્થા આ રીતે આપણે ઉભી કરી છે. આ ડોર સ્ટેપ ડેલીવરીનો ખર્ચ પણ રાજય સરકાર ઉપાડી લે છે. અહીં આવી મુશ્કેલીની જે વાત કરી તો મેં પહેલા જવાબમાં પણ કહ્યું હતું, આ આખી વ્યવસ્થા ગરીબ લોકોને માનનીય બાબુભાઇ આપ મને સાંભળો, આપ તો સિનિયર સભ્ય છો. આખી આ વ્યવસ્થા ગરીબ માણસોને અનાજ પહોંચાડવાની આ વ્યવસ્થા છે. આમાં કોઇને છાવરમાં આવતા નથી, અને આની તપાસ પણ થાય છે અને આ તપાસમાં દુકાનના લાયસન્સ પણ રદ કરવામાં આવે છે અને કડક રીતે કાર્યવાહી કરવામાં આવે છે. એનો માલ પણ રાજયસાત કરવામાં આવે છે અને આ પ્રમાણેની વિવતરણ વ્યવસ્થા આપણે એટલા માટે જ લઇ આવ્યા છીએ.ગરીબ લોકોનું અનાજ ગરીબ લોકો સુધી પહોંચે તેના માટેનો આપણો આ પ્રયત્ન છે અને બધા સભ્યશ્રીઓને મારી તો વિનંતી છે કે, ગરીબ લોકોને અનાજ પહોંચાડવા માટેની આ આખી વિતરણ વ્યવસ્થા છે. જયારે આપણે ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરી રહ્યા છીએ ત્યારે જયાં મુશ્કેલી પડે ત્યાં ધ્યાન દોરજો, આ પક્ષ, કે પેલા પક્ષની વાત નથી, પરંતુ ગરીબ લોકોના હિત માટે આ સરકાર આગળ વધી રહી છે અને એટલા માટે આપણે સાથે મળીને કામ કરીશું. દેવભૂમિ દ્વારકા જિલ્લાની માહિતી આપી ત્યારે કહ્યું કે, ૮૦ ટકા સુધી રીઝલ્ટ મળ્યું છે, આવું દરેક જિલ્લામાં આવું રીઝલ્ટ મળે તેના માટે આ સરકાર કટીબદ્ધ છે અને કોઇને છોડવા માગતી નથી અને આ રીતે સફળતાપૂર્વક ભારતીય જનતા પાર્ટીની આ સરકાર આગળ વધી રહી છે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નમાં ઘણો બધો સમય ગયો છે, પ્રશ્ન ક્રમાંક–૭

### સાબરકાંઠા જિલ્લામાં ખાંડ અને આયોડીનયુક્ત મીઠાનું વિતરણ

* ૬૪૨૦ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઇડર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુકત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું. |

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો (મેટ્રીક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૩૪૩૮.૦૭ |
| આયોડીનયુક્ત મીઠું | ૧૩૮૮.૪૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) કેટલા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું? | (૨) સરેરાશ ૧,૩૯,૨૧૦ કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું. |

## તારાંકિત પ્રશ્નો

શ્રી હિતુ કનોડીયા :માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખાંડની ફાળવણી અને વિતરણની માહિતી આપવા વિનંતી છે ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા :માનનીય શૈલેષભાઇ આપ જે કહો છો તે નંબર આપણે આપેલો છે, એસ.એમ.એસ. દ્વારા જાણકારી આપે છે અને ફોનથી પણ ફરિયાદ કરી શકે છે, બધી આ રીતે વિતરણ વ્યવસ્થા ગોઠવી છે.

બીજું કે સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો કે સાબરકાંઠા જિલ્લામાં ખાંડની ફાળવણી અને વિતરણની વ્યવસ્થા માટે. ખેડબ્રહ્મા તાલુકામાં ખાંડની ફાળવણી ૪૯૪.૪૮ મેટ્રીકટન થઇ હતી એની સામે વિતરણ ૫૦૧.૫૯ મેટ્રિકટન થયેલ છે. વિજયનગર તાલુકામાં ફાળવણી ૪૧૭.૨૯ મેટ્રિકટન થઇ હતી એની સામે વિતરણ ૪૧૦.૯૯ મેટ્રિકટન થયેલ છે. વડાલી તાલુકામાં ૧૮૦.૯૭ મેટ્રિકટનની ફાળવણી સામે ૧૭૧.૮૩ મેટ્રિકટનનું વિતરણ થયેલ છે. ઇડર તાલુકામાં ૪૮૩.૯૪ મેટ્રિકટનની ફાળવણી સામે ૪૦૯.૭૮ મેટ્રિકટનનું વિતરણ થયેલ છે. હિંમતનગર તાલુકામાં ૬૩૪.૬૪ મેટ્રિકટનની સામે ૬૩૧.૯૧ મેટ્રિકટનનું વિતરણ થયેલ છે. પ્રાંતિજ તાલુકામાં ૩૯૭.૪૧ મેટ્રિકટનની ફાળવણી સામે ૩૯૯.૭૭ મેટ્રિકટનનું વિતરણ થયેલ છે. તલોદ તાલુકામાં ૩૭૮.૩૬ મેટ્રિકટનની ફાળવણી સામે ૩૮૦.૪૪ મેટ્રિકટનનું વિતરણ થયેલ છે. પોશીના તાલુકામાં ૫૨૫.૯૭ મેટ્રિકટનની ફાળવણી સામે ૫૩૧.૭૬ મેટ્રિકટનનું વિતરણ થયેલ છે. આમ સાબરકાંઠા જિલ્લામાં ૩૪૬૯.૫૫ મેટ્રિકટનની ફાળવણી સામે ૩૪૩૮.૦૭ મેટ્રિકટન ખાંડનું વિતરણ કરવામાં આવેલ છે.

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર : સાબરકાંઠા જિલ્લામાં ખાંડ અને મીઠાનું વિતરણ કરવામાં આવે છે એમાં કેટલા અંત્યોદયના લાભાર્થીઓ છે અને કેટલા બી.પી.એલ. ના લાભાર્થીઓ છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : સાબરકાંઠા જિલ્લામાં ખાંડ અને મીઠાનું વિતરણ થઇ રહ્યું છે એમાં અંત્યોદય પરિવારનને ૧૫ રૂપિયા લેખે ૩૧–૧૨–૨૦૧૭ના રોજ ૨૪,૪૬૯ કુટુંબોને લાભ મળેલ છે. જયારે બી.પી.એલ. લાભાર્થીઓને ૨૨ રૂપિયાના ભાવથી કુલ ૧,૧૪,૭૪૧ કુટુંબોને લાભ મળેલ છે આ રીતે આ જિલ્લામાં કુલ ૧ લાખ ૩૯,૨૧૦ કુટુંબોને ખાંડ અને મીઠાનો લાભ મળી રહ્યો છે.

### મહીસાગર જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૬૪૪૬ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહિસાગર જિલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિસાગર જિલ્લામાં નવા રેશનકાર્ડની ૮૦૧ અરજીઓ મળી. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) મળેલ તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) પડતર રહેવાના કારણો શું છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી રતનસિંહ મ. રાઠોડ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મહીસાગર જિલ્લામાં એન.એફ.એસ.એ. માં સમાવવા માટેની કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી અને અરજીઓની કુલ સંખ્યા કેટલી?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : મહીસાગર જિલ્લામાં એન.એફ.એસ.એ. માં સમાવેશ કરવા માટે તાલુકાવાર નીચે મુજબની અરજીઓ મળી છે. કડાણા તાલુકામાં ૬૭૮ અરજીઓ મળી એમાંથી ૬૪૦ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૩૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. ખાનપુર તાલુકામાંથી ૮૦૯ અરજીઓ આવી એમાંથી ૭૯૪ અરજીઓ મંજૂર કરવામાં આવી જયારે ૧૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. બાલાસિનોર તાલુકામાંથી ૪૬૮ અરજીઓ આવી એમાંથી ૪૬૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. લુણાવાડા તાલુકામાં ૩૨૩૭ અરજીઓ મળેલ છે એમાંથી ૨૮૪૦ અરજીઓ મંજૂર કરેલ છે જયારે ૩૯૭ અરજીઓ નામંજૂર થયેલ છે. વિરપુર તાલુકામાં ૩૨૦૦ અરજીઓ મળેલ છે જયારે ૩૧૬૦ અરજીઓ મંજૂર કરેલ છે અને ૪૦ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે. સંતરાપુર તાલુકામાં ૩૨૨૧ અરજીઓ આવી એમાંથી ૩૨૨૧ મંજૂર કરવામાં આવેલ છે. આમ મહીસાગર જિલ્લામાં ૧૧૬૧૩ અરજીઓ એન.એફ.એસ.એ.માં સમાવેશ માટે મળેલ છે. એમાંથી ૧૧૧૨૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૪૯૦ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : સરકાર ઓનલાઇન રેશનકાર્ડને બારકોડેડનો નિયમ લાવી છે તો બારકોડેડ રેશનકાર્ડ શું છે અને એનાથી શું ફાયદા થવાના છે એ હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : બારકોડેડ રેશનકાર્ડમાં રેશનકાર્ડ ધારકના તમામ સભ્યોની માહિતી નામ, ઉંમર, ફોટો ફિંગરપ્રિન્ટની વિગતો કોમ્પ્યુટરમાં એકત્ર કરીને યુનિક નંબર આપી આ રેશનકાર્ડને બારકોડેડ રેશનકાર્ડ તરીકે ઓળખીએ છીએ. આ કાર્ડ આપવાથી જે ફાયદા મળી રહ્યા છે એમાં રાજયના સાચા લાભાર્થીઓની ઓળખ થાય, મૂળ લાભાર્થીઓને

મળવાપાત્ર ચીજવસ્તુઓ સુનિશ્ચિત રીતે મળી શકે. ખોટા રેશનકાર્ડ ઉપર નિયંત્રણ આવી શકે. અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ થતા લાભાર્થીઓને અધિકારી અન્ન સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર આ લાભ મળે છે. રેશનકાર્ડ ધારકના ચૂંટણીકાર્ડ નંબર, સામાજિક, ધંધાકીય વિગત, આવકની વિગત એ પણ મળી શકે છે. રહેઠાણની વિગતો પણ મેળવવામાં આવે છે. કાર્ડધારકોના કુટુંબના ૧૫ વર્ષથી વધુ ઉંમરના સભ્યોના બાયોમેટ્રિક્સ અને ફોટા મેળવવામાં આવે છે. ઓછામાં ઓછા એક સભ્યના બાયોમેટ્રિક્સ અને ફોટા મેળવવામાં આવે છે. બારકોડેડ રેશનકાર્ડના આ ફાયદાઓ છે.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બારકોડેડ રેશનકાર્ડ મેળવવા સરકારશ્રીએ નિયત કરેલા જુદા જુદા હેતુ માટે ફોર્મની વિગતો આપવા વિનંતી.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, બારકોડેડ રેશનકાર્ડ માટે જુદા જુદા હેતુ માટે સરકારશ્રીએ જે ફોર્મ ઠરાવેલ છે તેમાં નવા રેશનકાર્ડ માટે ફોર્મ નં.૨, રેશનકાર્ડમાં નામ દાખલ કરવા માટે ફોર્મ નં.૩, રેશનકાર્ડમાંથી નામ રદ કરવા માટે ફોર્મ નં. ૪, રેશનકાર્ડ ધારકના કુટુંબનું વિભાજન થતાં અલગ રેશનકાર્ડ મેળવવા માટે ફોર્મ નં.૫, રેશનકાર્ડમાં સુધારા–વધારા માટે ફોર્મ નં.૬, રેશનકાર્ડ ધારકના ગાર્ડીયનની નિમણૂંક માટે ફોર્મ નં.૭, રેશનકાર્ડ રદ કરવા માટે ફોર્મ નં.૮, ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવા માટે ફોર્મ નં.૯. આ તમામ માહિતી એ.ટી.વી.ટી. સેન્ટર, ઝોનલ મામલતદાર કચેરી અને ગવર્નમેન્ટની વેબસાઇટ ઉપરથી પણ આપણે મેળવી શકીએ છીએ.

અમદાવાદ જિલ્લામાં કૃષિ કૌશલ્ય વિકાસ કાર્યક્રમ અંતર્ગત તાલીમ

* ૬૫૪૭ શ્રી કનુભાઇ પટેલ (સાણંદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ કૌશલ્ય વિકાસ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ કૌશલ્ય વિકાસ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ૧૫૬૦ ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો. |
| (૨) તે પૈકી કેટલી સંખ્યામાં મહિલા તાલીમાર્થી અને પુરૂષ તાલીમાર્થીઓએ ભાગ લીધો? | (૨) તે પૈકી ૭૫૦ મહિલા તાલીમાર્થી અને ૮૧૦ પુરૂષ તાલીમાર્થીઓએ ભાગ લીધો. |

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં ૧૫૬૦ ખેડૂત લાભાર્થીઓને તાલીમ આપેલી છે તે પૈકી કયા તાલુકાના કેટલા ખેડૂતોને તાલીમ આપેલી છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫૬૦ ખેડૂતોને સંસ્થાકીય તાલીમ આપવામાં આવેલી છે. તેમાં પુરુષ ખેડૂત તાલીમાર્થીઓ ૮૧૦ અને મહિલા ખેડૂત તાલીમાર્થીઓ ૭૫૦ છે. જોવા જઇએ તો અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના પુરૂષ ખેડૂત તાલીમાર્થી ૩૦ અને મહિલા ખેડૂત તાલીમાર્થી ૧૫૦. દસક્રોઇમાં પુરૂષ ખેડૂત તાલીમાર્થી ૨૧૦ અને મહિલા ખેડૂત તાલીમાર્થી ૧૨૦. ધોળકામાં પુરૂષ ખેડૂત તાલીમાર્થી ૧૫૦ અને મહિલા ખેડૂત તાલીમાર્થી ૧૨૦. બરવાળામાં મહિલા ખેડૂત તાલીમાર્થી ૩૦. સાણંદમાં પુરૂષ ખેડૂત તાલીમાર્થી ૬૦ અને મહિલા ખેડૂત તાલીમાર્થી ૯૦. દેત્રોજમાં પુરૂષ ખેડૂત તાલીમાર્થી ૩૦ અને મહિલા ખેડૂત તાલીમાર્થી ૯૦. ધોલેરામાં પુરૂષ ખેડૂત તાલીમાર્થી ૩૦ અને મહિલા ખેડૂત તાલીમાર્થી ૬૦. વીરમગામમાં પુરૂષ ખેડૂત તાલીમાર્થી ૯૦. માંડલમાં પુરૂષ ખેડૂત તાલીમાર્થી ૯૦ અને મહિલા ખેડૂત તાલીમાર્થી ૬૦. ધંધુકામાં પુરૂષ ખેડૂત તાલીમાર્થી ૧૨૦ અને મહિલા ખેડૂત તાલીમાર્થી ૩૦. આમ પુરૂષ ખેડૂત તાલીમાર્થી ૮૧૦ અને મહિલા ખેડૂત તાલીમાર્થી ૭૫૦. આમ અલગ અલગ તાલુકાઓમાં ૧૫૬૦ને તાલીમ આપી છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ કૌશલ્ય વિકાસ કાર્યક્રમ અંતર્ગત જે તાલીમ આપવામાં આવે છે તેમાં ખેડૂતોએ હવે વહીવટી માર્ગદર્શન પણ મેળવવું જરૂરી છે. વિવિધ યોજનાઓમાં ઓનલાઇન અરજીઓ કરવાની હોય છે. મહેસૂલી પ્રશ્નો પણ ઘણા બધા હોય છે. પ્રધાનમંત્રી પાક વીમા યોજનાના દાવાઓ કેવી રીતે માંડવાના હોય છે, આ બધી વસ્તુઓ જાણવા માટે વહીવટી જ્ઞાન આપવા માટે કોઇ તાલીમ આપવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન છે એ કૃષિ કૌશલ્ય તાલીમ વિકાસ કાર્યક્રમનો. તેની માહિતી મેં આપી. સરકાર ખેડૂતોની સતત ચિંતા કરે છે. તેમણે જે વાત કરી એ તેમનું સૂચન છે અને એ પ્રમાણે કરવા પણ સરકાર વિચારશે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે આ જે કૃષિ તાલીમ અપાય છે તેનું શું મહત્વ છે અને શું ફાયદા થાય છે?

જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે વાત કરી કે આ તાલીમથી ખેડૂતોના આર્થિક વિકાસ માટે, ખેતીના પાકો અને પશુપાલન ઉત્પાદન વધારવા માટે અસરકારક આયોજન કરવા ખેડૂતોના જ્ઞાન અને કુશળતામાં વધારો કરી જાગૃતતા લાવવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અરાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

મોરબી અને ખેડા જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૮૦૦૩ શ્રી લલિતભાઇ કગથરા (ટંકારા) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મોરબી અને ખેડા જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

(૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે.

(૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ રીપોર્ટ મુજબ જિલ્લા વિભાજન પહેલાના બૃહદ ખેડા જિલ્લામાં ૨,૫૫,૪૨૨ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે. તથા મોરબી જિલ્લો એગ્રી સેન્સસ વર્ષ ૨૦૧૦-૧૧ બાદ અસ્તિત્વમાં આવેલ હોઇ માહિતીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) તે પૈકી બૃહદ ખેડા જિલ્લાની નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | ખેડા |
|---|---|---|
| ૧ | નાના | ૫૩,૮૮૭ |
| ૨ | મધ્યમ | ૯,૨૭૬ |
| ૩ | સીમાંત | ૧,૬૨,૮૯૪ |

મોરબી જિલ્લાની રચના એગ્રી સેન્સસ વર્ષ ૨૦૧૦-૧૧ બાદ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઇ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સુરત અને વડોદરા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

* ૭૯૪૯ શ્રી આનંદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને વડોદરા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આ કૌભાંડને અટકાવવા સરકારે શુ કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત સ્થિતિએ સુરત અને વડોદરા જિલ્લામાં

જવાબ

(૧) વડોદરા જીલ્લામાં ફરિયાદ મળેલ નથી.
સુરત જીલ્લામાં ફરિયાદથી સરકાર વાકેફ છે.

(૨) વડોદરા જીલ્લા માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
સુરત જીલ્લામાં આઠ દુકાનોના પરવાના ૯૦ દિવસ માટે મોકુફ કરેલ છે. NFSA ના લાભાર્થીઓની યાદીમાંથી પાત્રતા ન ધરાવતા અને ખોટા લાભાર્થીઓના નામો રદ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.
વાજબી ભાવની દુકાનના પરવાનેદારો સામે IPC કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમ-૬૬ અને આવશ્યક ચીજવસ્તુ ધારાના કલમ 7V હેઠળ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

(૩) વડોદરા જીલ્લા માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આવી ગેરરીતી કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શુ કાર્યવાહીઓ કરવામાં આવી ?

સુરત જીલ્લામાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

- બાયોમેટ્રિક ડેટા લીકેજ અને નકલી સૉફ્ટવેર અને સાયબર ક્રાઇમ પાસાઓ માટેની સંભાવના શોધવા માટે સંબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધવામાં આવેલ. તે પોલીસ સ્ટેશન તરફથી સદર ફરીયાદો ક્રાઇમ બ્રાંચમાં તબદીલ કરવામાં આવેલ છે.
- ક્રાઇમ બ્રાંચ દ્વારા સઘન તપાસ કરતા કથિત ગેરરિતિમાં સંડોવાયેલ ૪(ચાર) વાજબી ભાવની દુકાનના પરવાનેદાર અને સોફ્ટવેરના જાણકાર ૮(આઠ) મદદગાર એમ કુલ ૧૨(બાર) ઇસમોની અટકાયત કરવામાં આવેલ છે.

---------

પાટણ અને મહેસાણા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

* ૮૦૩૪ શ્રી ચંદનજી ઠાકોર (સિધ્ધપુર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, | (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તેવી કોઇ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો આ કૌભાંડને અટકાવવા સરકારે શું કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં આવી ગેરરીતિ કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શું કાર્યવાહીઓ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજ્યમાં ખાદ્યતેલના બફર સ્ટોક

* ૭૯૭૮ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગરીબોને તહેવારોમાં સસ્તું અને પૂરતું ખાદ્યતેલ મળી રહે તે માટે તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા પ્રકારના કેટલા ખાદ્યતેલનો બફર સ્ટોક કરેલ છે, | (૧) રાજ્યમાં ગરીબોને તહેવારોમાં સસ્તું અને પૂરતું ખાદ્યતેલ મળી રહે તે માટે તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રીફાઇન્ડ કપાસીયા તેલનો નીચે મુજબની વિગતે બફર સ્ટોક કરેલ છે. |

(૧લી.–પાઉચ નંગ)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૬ | ૧,૩૨,૩૪,૨૩૬ |
| વર્ષ ૨૦૧૭ | ૭૦,૫૩,૨૨૮ |
| કુલ | ૨,૦૨,૮૭,૪૬૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ખાદ્યતેલના બફર સ્ટોક માટે રાજ્ય સરકારે કોની પાસેથી ક્યા પ્રકારનો ખાદ્યતેલનો જથ્થો કઇ કંપનીઓ પાસેથી ખરીદ કર્યો, અને | (૨) ખાદ્યતેલના બફર સ્ટોક કરવા માટે રાજ્ય સરકારે નોડલ એજન્સી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. મારફતે રીફાઇન્ડ કપાસીયા તેલનો જથ્થો ખરીદ કરવામાં આવેલ છે. જે કંપનીઓ પાસેથી રીફાઇન્ડ કપાસીયા તેલની ખરીદી કરવામાં આવેલ છે, તેની વિગત આ સાથેના પરિશિષ્ટ મુજબ છે. |

(૩) ગરીબોને શા ભાવે વેચાણ કરવામાં આવ્યું ? | (૩) ગરીબોને રૂ.૪૮/– પ્રતિ લીટરના ભાવથી વેચાણ કરવામાં આવ્યું.

પરિશિષ્ટ

| અ.નં. | વર્ષ | માસ | કંપનીનું નામ | રીફાઇન્ડ કપાસીયા તેલનો ખરીદ કરેલ જથ્થો ૧–લી. પાઉચ નંગ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૬–૧૭ | જુલાઇ–૧૬ | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૩૫,૨૫,૦૦૦ |
| | | ઓગષ્ટ–૧૬ | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૯,૦૫,૭૬૦ |
| | | | મેપ રીફોઇલ્સ ઇન્ડિયા લી. | ૯,૦૭,૬૮૦ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૭,૪૪,૦૦૦ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૯,૬૭,૫૬૦ |
| | | સપ્ટેમ્બર–૧૬ | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૯,૦૫,૭૬૦ |
| | | | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૯,૦૭,૬૮૦ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૭,૪૪,૦૦૦ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૯,૬૭,૫૬૦ |
| | | ઓક્ટોબર–૧૬ | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૬,૫૯,૩૨૮ |
| | | | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૪,૭૩,૫૪૪ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૭,૩૭,૯૦૪ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૭,૮૮,૪૬૦ |
| | | વર્ષ ૨૦૧૬ (જાન્યુઆરી–૧૬ થી ડિસેમ્બર–૧૬) કુલ... | | ૧,૩૨,૩૪,૨૩૬ |
| ૨ | ૨૦૧૭–૧૮ | ઓગષ્ટ –૧૭ | મેપ રીફોઇલ્સ ઇન્ડિયા લી. | ૯,૧૧,૬૮૮ |
| | | | મેપ રીફોઇલ્સ ઇન્ડિયા લી. | ૯,૧૦,૬૪૪ |
| | | | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૭,૪૪,૫૬૪ |
| | | | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૯,૮૩,૧૦૦ |
| | | ઓક્ટોબર–૧૭ | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૯,૧૧,૨૩૨ |
| | | | વિમલ ઓઇલ એન્ડ ફુડ્સ લી. | ૯,૦૨,૮૪૪ |
| | | | વિમલ ઓઇલ એન્ડ ફુડ્સ લી. | ૭,૩૧,૬૭૬ |
| | | | મેપ રીફોઇલ્સ ઇન્ડિયા લી. | ૯,૫૭,૪૮૦ |
| | | વર્ષ ૨૦૧૭ (જાન્યુઆરી–૧૭ થી ડિસેમ્બર–૧૭) કુલ... | | ૭૦,૫૩,૨૨૮ |
| | | વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ નો એકંદરે કુલ... | | ૨,૦૨,૮૭,૪૬૪ |

---------

રાજ્ય સરકારની કપાસ, ડાંગર અને મગફળીની ટેકાના ભાવે ખરીદી

* ૭૯૮૧ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે ટેકાના ભાવે કપાસ, ડાંગર અને મગફળીની કેટલી ખરીદી શા ભાવે કરી, અને | (૧) રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા ટેકાના ભાવે ડાંગર, કપાસ અને મગફળીની ખરીદી કરવામાં આવતી નથી. |
| (૨) તે અન્વયે કપાસ, ડાંગર અને મગફળીના કેટલા જથ્થાનું શું ભાવે વેચાણ કર્યું ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

મહીસાગર જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસો

* ૬૪૩૧ શ્રી કુબેરભાઈ ડીંડોર (સંતરામપુર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહીસાગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની | (૧) મહીસાગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની |

સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે,

(૨) કેટલી દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી, અને

(૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે શું પગલાં લીધા ?

સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાજબી ભાવની દુકાનોની ૧૬૪ તપાસો કરવામાં આવી છે.

(૨) ૮ દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી.

(૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે નીચે મુજબના પગલાં લીધા.

૧.) રૂ.૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત કરેલ છે.
૨.) રૂ.૨૨૪/- દંડ કરેલ છે.
૩.) ૨(બે) પરવાના મોકૂફ કરેલ છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત પશુ દવાખાના

* ૪૭૪૨ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ દવાખાનાં કાર્યરત છે,

(૧) તાલુકાવાર કાર્યરત પશુ દવાખાના

| તાલુકાનું નામ | પશુ દવાખાનાની સંખ્યા |
|---|---|
| દાંતા | ૧૦ |
| ડીસા | ૭ |
| લાખાણી | ૨ |
| ધાનેરા | ૬ |
| પાલનપુર | ૫ |
| વડગામ | ૬ |
| અમીરગઢ | ૫ |
| દાંતીવાડા | ૧ |
| દિયોદર | ૩ |
| ભાભર | ૨ |
| કાંકરેજ | ૬ |
| થરાદ | ૫ |
| વાવ | ૪ |
| સુઇગામ | ૦ |
| કુલ | ૬૨ |

(૨) તે પ્રત્યેક દવાખાનામાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) *પત્રક સામેલ છે.

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ સંવર્ગની ખાલી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા ચાલુ છે. જ્યારે વર્ગ-૪ સંવર્ગની સેવાઓ આઉટસોર્સિંગથી લેવામાં આવતી હોય છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

મહેસાણા જિલ્લામાં કૃષિ મહોત્સવનું આયોજન

* ૬૫૪૬ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા સ્થળોએ વર્ષ ૨૦૧૭ માં કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું,

(૧) ૧૭ સ્થળો.

(૨) મહેસાણા જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોઓ કૃષિ મહોત્સવનો લાભ લીધો, અને

(૨) ૨૫,૯૫૦ ખેડૂતો.

(૩) કુલ કેટલી રકમની સહાયનું વિતરણ કરવામાં આવ્યું?

(૩) રૂ.૩૭૭.૯૨ લાખ.

---------

છોટા ઉદેપુર જિલ્લામાં જમીન સમતળ કરવાની અરજીઓ

* ૩૮૮૯ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર જમીન સમતળ કરવા માટેની કેટલી અરજીઓ નિયામક ગ્રામ વિકાસ એજન્સીને મળી,

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં તાલુકાવારે કેટલી અરજીઓ મંજુર કરી, વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો,

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ નામંજૂર થયેલ છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર જમીન સમતળ કરવા માટે નીચેની વિગતે
અરજીઓ નિયામક ગ્રામ વિકાસ એજન્સીને મળી.

| ક્રમ | તાલુકાનું નામ | જમીન સમતળ કરવા માટે મળેલ અરજીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | તા.૦૧–૦૨–૨૦૧૬ થી તા.૩૧–૦૧–૨૦૧૭ | તા.૦૧–૦૨–૨૦૧૭ થી તા.૩૧–૦૧–૨૦૧૮ | કુલ |
| ૧ | બોડેલી | ૯૪ | ૩૩ | ૧૨૭ |
| ૨ | છોટા ઉદેપુર | ૦ | ૧૪૩૭ | ૧૪૩૭ |
| ૩ | જેતપુર પાવી | ૨૫૨ | ૩૭૫ | ૬૨૭ |
| ૪ | કવાંટ | ૬૨૨ | ૪૨૫ | ૧૦૪૭ |
| ૫ | નસવાડી | ૧૧૦ | ૭૨ | ૧૮૨ |
| ૬ | સંખેડા | ૩ | ૭૨ | ૭૫ |
| | કુલ | ૧૦૮૧ | ૨૪૧૪ | ૩૪૯૫ |

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં તાલુકાવારે નીચેની વિગતે અરજીઓ મંજુર કરી તથા વર્ષવાર નીચેની વિગતે ખર્ચ થયો.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | | | થયેલ ખર્ચ (રકમ રૂ.લાખમાં) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા.૦૧–૦૨–૧૬ થી તા.૩૧–૦૧–૧૭ | તા.૦૧–૦૨–૧૭ થી તા.૩૧–૦૧–૧૮ | કુલ | તા.૦૧–૦૨–૧૬ થી તા.૩૧–૦૧–૧૭ | તા.૦૧–૦૨–૧૭ થી તા.૩૧–૦૧–૧૮ | કુલ |
| ૧ | બોડેલી | ૯૪ | ૩૩ | ૧૨૭ | ૪૮.૫૪ | ૧૫.૦૭ | ૬૩.૬૧ |
| ૨ | છોટા ઉદેપુર | ૦ | ૧૧૫૬ | ૧૧૫૬ | ૦.૦૦ | ૯૪.૧૩ | ૯૪.૧૩ |
| ૩ | જેતપુર પાવી | ૨૫૨ | ૩૭૫ | ૬૨૭ | ૯૬.૭૧ | ૧૪૨.૯૮ | ૨૩૯.૬૯ |
| ૪ | કવાંટ | ૬૨૨ | ૪૨૫ | ૧૦૪૭ | ૩૬૪.૪૯ | ૨૯૮.૮૩ | ૬૬૩.૩૨ |
| ૫ | નસવાડી | ૧૧૦ | ૭૨ | ૧૮૨ | ૭૪.૩૨ | ૩૪.૨૬ | ૧૦૮.૫૮ |
| ૬ | સંખેડા | ૩ | ૭૨ | ૭૫ | ૦.૧૪ | ૩૪.૨૫ | ૩૪.૩૯ |
| | કુલ | ૧૦૮૧ | ૨૧૩૩ | ૩૨૧૪ | ૫૮૪.૨૦ | ૬૧૯.૫૨ | ૧૨૦૩.૭૨ |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ નામંજૂર થયેલ છે, અને

| ક્રમ | તાલુકાનું નામ | નામંજૂર થયેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | તા.૦૧–૦૨–૧૬ થી તા.૩૧–૦૧–૧૭ | તા.૦૧–૦૨–૧૭ થી તા.૩૧–૦૧–૧૮ | કુલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બોડેલી | ૦ | ૦ | ૦ |
| ૨ | છોટા ઉદેપુર | ૦ | ૦ | ૦ |
| ૩ | જેતપુર પાવી | ૦ | ૦ | ૦ |
| ૪ | કવાંટ | ૦ | ૦ | ૦ |
| ૫ | નસવાડી | ૦ | ૦ | ૦ |
| ૬ | સંખેડા | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૦ | ૦ | ૦ |

(૪) તે સ્થિતિએ પડતર અરજીઓનો ક્યારે નિકાલ થશે?

(૪) હાલ ૨૮૧ પડતર અરજીઓ ચકાસણી હેઠળ છે. ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયેથી શક્ય એટલો ઝડપથી નિકાલ કરાશે.

---------

પોરબંદર જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

* ૬૪૨૨ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ પોરબંદર જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના)ની રાજ્યમાં અમલવારી તા.૧–૪–૧૬ થી કરવામાં આવતાં પોરબંદર જિલ્લામાં તા.૧–૪–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૧૭ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ કુલ ૩૩૦૫૨.૧૮ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ ૨૦૧૬ થી સપ્ટેમ્બર–૨૦૧૬ | AAY (કાર્ડ દીઠ) | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૫.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૪.૨૫૦ | ૨.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ | ૫ |
| ઓક્ટોબર–૨૦૧૬થી ઓક્ટોબર–૨૦૧૭ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |
| નવેમ્બર–૧૭ થી ડીસેમ્બર–૧૭ | AAY (કાર્ડ દીઠ) | ૨૩.૦૦૦ | ૨.૦૦ | ૧૨.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ | ૩.૦૦૦ | ૨.૦૦ | ૨.૦૦૦ | ૩.૦૦ | ૫ |

---------

રાષ્ટ્રીય વોટરશેડ વિકાસ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ

* ૭૪૪૬ શ્રી ચિરાગભાઈ કાલરીયા (જામજોધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) રાષ્ટ્રીય વોટરશેડ વિકાસ યોજના અન્વયે/હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, અને

(૧) રાષ્ટ્રીય વોટરશેડ વિકાસ યોજના જેવી કોઇ યોજના હાલમાં અમલમાં નથી પરંતુ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કંપોનન્ટ) નામની યોજના અમલમાં છે.

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કંપોનન્ટ) હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રકમ મળેલ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ?

(૨) ઉક્ત સ્થિતિએ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કંપોનન્ટ) હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબની રકમ રાજ્ય સરકારને મળેલ છે.

| ૧-૧-૨૦૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬ (રૂ.લાખમાં) | ૧-૧-૨૦૧૭ થી ૩૧-૧૨-૨૦૧૭ (રૂ.લાખમાં) |
|---|---|
| ૫૭૪૮.૦૦ | ૫૭૫૬.૦૦ |

કુલ ગ્રાન્ટઃ રૂ.૧૧,૫૦૪.૦૦ લાખ.

---------

મગફળી અને કપાસની ટેકાના ભાવે ખરીદી

* ૭૨૦૨ શ્રી ઇમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) સરકારે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી અને કપાસની ખરીદી કરવાની જાહેરાત વર્ષ ૨૦૧૭ માં કરી છે તે વાતી સાચી છે,

(૧) ભારત સરકાર વતી નાફેડ ટેકાના ભાવે મગફળીની ખરીદી કરે છે, જ્યારે કપાસની સી.સી.આઇ. દ્વારા ટેકાના ભાવે ખરીદી થાય છે.

(૨) છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૦૧-૨૦૧૮ ની સ્થિતિએ સરકારે કેટલી મગફળી કે કપાસની ટેકાના ભાવથી ખરીદી કરી, અને

(૨) છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૦૧-૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં મગફળીની નાફેડ દ્વારા તથા કપાસની સી.સી.આઇ. દ્વારા કરેલ ટેકાના ભાવથી ખરીદીની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | મગફળી ખરીદી ટનમાં | કપાસ ખરીદી ટનમાં |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬-૧૭ | ૨૧૦૭૩૨.૦૨ | - |
| ૨ | ૨૦૧૭-૧૮ | ૮૦૭૦૯૦.૮૬ | ૩૮૩૨૨.૪૫ |

(૩) ટેકાના ભાવો સરકારે શું નક્કી કર્યા ?

(૩) ટેકાના ભાવોની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | વર્ષ | મગફળીના ટેકાના ભાવ પ્રતિ ક્વિટલ | કપાસ ટેકાના ભાવ પ્રતિ ક્વિટલ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬-૧૭ | ૪૨૨૦ | કપાસ મધ્યમતારીઃ ૩૮૬૦<br>કપાસ લંબતારીઃ ૪૧૬૦ |
| ૨ | ૨૦૧૭-૧૮ | ૪૪૫૦ | કપાસ મધ્યમતારીઃ ૪૦૨૦<br>કપાસ લંબતારીઃ ૪૩૨૦ |

---------

અમદાવાદ શહેરમાં ખાંડ અને આયોડીનયુક્ત મીઠાનું વિતરણ

* ૬૪૧૩ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

અમદાવાદ શહેરમાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું?

અમદાવાદ શહેરમાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું.

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો (મેટ્રીક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૨૫૦૬.૭૭ |
| આયોડીનયુક્ત મીઠું | ૧૨૬૫.૨૪ |

---------

કડી બજાર સમિતિએ કોટન ટેસ્ટીંગ લેબોરેટરી સ્થાપવાની યોજના

* ૬૪૯૧ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાની કડી બજાર સમિતિને કોટન ટેસ્ટીંગ લેબોરેટરી સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચુકવવામાં આવી છે ?

જવાબ

(૧) રૂ. ૬૭.૭૦ લાખ

(૨) રૂ. ૬૭.૭૦ લાખ

---------

રાજ્યમાં અનાજના જથ્થાનો સંગ્રહ માટે વ્યવસ્થા

* ૭૯૪૦ શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા (ગરબાડા) : માનનીય અન્ન, નાગરિક અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય માટે કુલ મળવાપાત્ર અનાજનો કુલ કેટલો જથ્થો ભારત સરકાર દ્વારા વર્ષવાર નક્કી કરવામાં આવેલ હતો,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી રાજ્ય સરકાર દ્વારા વર્ષવાર કેટલો જથ્થો ઉપાડવામાં આવ્યો, અને

જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યને લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા/રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ અંતર્ગત ભારત સરકાર તરફથી અનાજનો વર્ષવાર નીચે મુજબનો જથ્થો ફાળવેલ છે.

રાજ્યને લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય માટે તા. ૧-૨-૨૦૧૬ થી તા. ૩૧-૩-૨૦૧૬માં ૩૭૪૬૧૨ મે.ટન અનાજનો જથ્થો ફાળવેલ છે.

રાજ્યમાં તા. ૧-૪-૨૦૧૬ થી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાની અમલવારી થતા ''બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય''ના બદલે ''અગ્રતા ધરાવતા કુટુંબ અને અંત્યોદય'' એમ બે પ્રકારની કેટેગરી અમલમાં આવતાં-

અગ્રતા ધરાવતા કુટુંબ અને અંત્યોદય કુટુંબ માટે નીચે મુજબનો અનાજનો જથ્થો ફાળવેલ છે.

| સમયગાળો | જથ્થો (મે.ટન) |
|---|---|
| તા. ૧-૪-૧૬ થી તા.૩૧-૧-૧૭ | ૧૮૦૭૭૬૨ |
| તા. ૧-૨-૧૭ થી તા.૩૧-૧-૧૮ | ૨૩૪૨૦૧૧.૪૧૦ |

(૨) તા. ૩૧-૧-૧૮ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા વર્ષવાર નીચે મુજબનો જથ્થો ઉપાડવામાં આવ્યો.

| સમયગાળો | જથ્થો (મે.ટન) |
|---|---|
| તા. ૧-૨-૧૬ થી તા.૩૧-૩-૧૬ | ૩૭૪૬૧૨ |

| | |
|---|---|
| તા. ૧-૪-૧૬ થી તા.૩૧-૧-૧૭ | ૧૮૦૬૪૦૨ |
| તા. ૧-૨-૧૭ થી તા.૩૧-૧-૧૮ | ૨૨૯૬૩૫૯ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉપાડેલ જથ્થા પૈકી કેટલો જથ્થો ગ્રાહકોને ફાળવવામાં આવ્યો ?

(૩) તા. ૩૧-૧-૧૮ની સ્થિતિએ ઉપાડેલ જથ્થા પૈકી નીચે મુજબનો અનાજનો જથ્થો ગ્રાહકોને વિતરણ કરવા ફાળવેલ છે.

| સમયગાળો | જથ્થો (મે.ટન) |
|---|---|
| તા. ૧-૨-૧૬ થી તા.૩૧-૩-૧૬ | ૩૫૧૯૧૫.૫ |
| તા. ૧-૪-૧૬ થી તા.૩૧-૧-૧૭ | ૧૭૯૩૬૮૯ |
| તા. ૧-૨-૧૭ થી તા.૩૧-૧-૧૮ | ૨૨૪૮૭૯૧ |

---------

## આણંદ આરટીઓ કચેરીમાં વાહનોની ઓલ ઇન્ડિયા પરમીટ

* ૬૫૭૭ શ્રી મહેશકુમાર રાવલ (ખંભાત) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કેટલા વાહનોની ઓલ ઇન્ડિયા પરમીટ આપવામાં આવી, અને

(૨) તેની કેટલી ફી અને ટેક્ષ વસુલ કરવામાં આવેલ ?

**જવાબ**

(૧) આણંદ આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કોઈપણ વાહનની ઓલ ઇન્ડિયા પરમીટ આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

---------

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ

* ૬૪૭૪ માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) રાજ્ય સરકારે કેટલો બોજ ઉઠાવ્યો અથવા કેટલી સબસીડી ભોગવી?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું.

| ચીજવસ્તુનું નામ | ૧-લીટર પાઉચ (નંગમાં) |
|---|---|
| રિફાઈન્ડ કપાસિયા તેલ | ૪૩,૬૯૬ |

(૨) રૂ. ૪૮/- પ્રતિ લીટરના ભાવે વિતરણ કરવામાં આવ્યું.

(૩) રાજ્ય સરકારે રૂ.૧૨,૮૨,૦૭૯.૦૦/-ની સબસીડી ભોગવી.

---------

## ગાંધીનગર જિલ્લામાં ખાંડ અને આયોડીનયુક્ત મીઠાનું વિતરણ

* ૬૪૧૯ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુકત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું.

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો (મેટ્રીક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૧૪૩૨.૭૦ |

| | |
|---|---|
| આયોડીનયુક્ત મીઠું | ૬૩૯.૯૯ |

---------

ગીર સોમનાથ જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

* ૬૪૬૬ શ્રી લાખાભાઈ સાગઠીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ ૦૪ ગોડાઉનો આવેલા છે. |
| (૨) ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨) ગીર સોમનાથ જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહ શકિત ૩૮૦૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ–૩ હેઠળ ઉના, સુત્રાપાડા, ગીર–ગઢડા અને તલાલા ખાતે કુલ ચાર તાલુકામાં પ્રત્યેક ૨૦૦૦ એમ કુલ ૮૦૦૦ મે.ટન ગોડાઉન બાંધકામ માટેના ટેન્ડર મંજુર કરી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |

---------

શામળાજી ચેકપોસ્ટની આવક

* ૪૧૪૬ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શામળાજી ચેકપોસ્ટથી રાજ્ય સરકારને કેટલી આવક થઈ ? | વર્ષ–૨૦૧૬માં રૂ. ૫૬૧૭.૯૧ લાખ અને વર્ષ–૨૦૧૭માં<br>રૂ. ૫૨૫૦.૩૪ લાખ એમ કુલ મળી રૂ. ૧૦૮૬૮.૨૫ લાખ તા. ૩૧–૩–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શામળાજી ચેકપોસ્ટથી રાજ્ય સરકારને આવક થઈ. |

---------

વડોદરા જિલ્લામાં ઘાસચારા વિકાસ યોજના હેઠળ કીટ વિતરણ

* ૬૫૩૦ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઘાસચારા વિકાસ યોજના રાજ્યના કેટલા જિલ્લામાં અમલમાં છે, | (૧) તમામ ૩૩ જિલ્લામાં |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં આ યોજના હેઠળ કેટલી કીટ વિતરણ કરવામાં આવી, અને | (૨) ૨,૧૪૭ કીટ |
| (૩) તે માટે ઉક્ત સ્થિતિેએ કેટલા રૂપિયાની સહાયનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૩) રૂ. ૬,૦૩,૧૯૦/– |

---------

જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ગ્રાહક સુરક્ષા કોર્ટના પડતર કેસો

* ૮૩૭૪ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં કેટલી ગ્રાહક સુરક્ષા કોર્ટ આવેલી છે, | (૧) ૧ (એક)<br>(ગીર સોમનાથ ફોરમ જુનાગઢ ફોરમ સાથે કલબિંગમાં ચલાવવામાં આવે છે.) |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કોર્ટવાર કેટલા કેસો પડતર છે, અને | (૨) જુનાગઢ ૪૧૬; ગીર–સોમનાથ ૧૪૫ |
| (૩) પડતર કેસોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૩) કેસોનો નિકાલ કાયદાકીય રીતે નક્કી થયેલ પધ્ધતિ અનુસાર કરવામાં આવે છે તેમ છતાં જરૂરી પુરાવા રજૂ કરવા ટૂંકી મુદતો આપવાની કાર્યવાહી કરી પડતર કેસોનો ઝડપી નિકાલ કરવામાં આવશે. |

| | |
|---|---|
| જુનાગઢ | ૪૧૬ |
| ગીર–સોમનાથ | ૧૪૫ |

---------

અમદાવાદ જિલ્લામાં ખાતરના નમૂના

* ૬૫૩૭ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ખાતરના કુલ કેટલા નમૂના લેવામાં આવ્યા, અને | (૧) ૨૪૩૭ નમૂના |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા બિનપ્રમાણિત થયા, અને | (૨) પ્રમાણિત નમૂના–૨૪૩૨<br>બિન પ્રમાણિત નમૂના–૦૫ |
| (૩) બિનપ્રમાણિત નમૂના માટે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત તમામ સામે વહીવટી પગલા લેવામાં આવેલ છે. |

---------

જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

* ૭૯૯૭ શ્રી ભીખાભાઈ જોષી (જૂનાગઢ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઈ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, | (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઈ રહ્યું છે તેવી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો આ કૌભાંડને અટકાવવા સરકારે શું કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં આવી ગેરરીતી કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શું કાર્યવાહીઓ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

જામનગર જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસો

* ૬૪૩૦ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે, | (૧) જામનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની ૫૮ તપાસો કરવામાં આવી છે. |
| (૨) કેટલી દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી, અને | (૨) ૧૪ દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી. |
| (૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે શું પગલા લીધા ? | (૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે નીચે મુજબના પગલાં લીધા.<br>૧) રૂ.૨,૨૮,૪૯૦/–ની કિંમતનો જથ્થો કબજે કરેલ છે.<br>૨) રૂ.૨૫,૮૯૩/– ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરેલ |

છે.

૩) રૂ.૧૬,૦૦૦/– પરવાના અનામત રાજ્યસાત કરેલ છે.

---------

ખેડા જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૬૪૪૮ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં નવા રેશનકાર્ડની ૨૮૯૦ અરજીઓ મળી, |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) મળેલ તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) પડતર રહેવાના કારણો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજ્યમાં ખાદ્યતેલના બફર સ્ટોકના ટેન્ડરો

* ૮૦૧૨ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ક્યા પ્રકારના કેટલા ખાદ્યતેલનો બફર સ્ટોક કરેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં રીફાઈન્ડ કપાસીયા તેલનો નીચે મુજબની વિગતે બફર સ્ટોક કરેલ છે. |

(૧–લી. પાઉચ નંગ)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૬ | ૧,૩૨,૩૪,૨૩૬ |
| વર્ષ ૨૦૧૭ | ૭૦,૫૩,૨૨૮ |
| કુલ | ૨,૦૨,૮૭,૪૬૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ ખાદ્યતેલનો બફર સ્ટોક કરવા ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા કે કેમ, અને | (૨) આ ખાદ્યતેલનો બફર સ્ટોક કરવા વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને એનસીડીઈએક્સ સ્પોટ(NCDEX SPOT) મારફતે રીવર્સ ઈ–ઑકશન યોજી સૌથી ઓછા ભાવ ઑફર કરનાર સપ્લાયર પાસેથી ખરીદી કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ખાદ્યતેલ બફર સ્ટોક કરવા માટે રાજ્ય સરકારે વર્ષવાર શા ભાવે ક્યા પ્રકારના ખાદ્યતેલનો કેટલો જથ્થો કઈ કઈ કંપનીઓ પાસેથી ખરીદ કર્યો ? | (૩) ઉક્ત સ્થિતિએ ખાદ્યતેલ બફર સ્ટોક કરવા માટે વર્ષવાર ખરીદ ભાવ, જથ્થો તેમજ જે કંપનીઓ પાસેથી ખરીદી કરવામાં આવેલ છે, તેની વિગતો આ સાથેના પરિશિષ્ટ મુજબ છે. |

પરિશિષ્ટ

| ક્રમ | વર્ષ | માસ | કંપનીનું નામ | ખરીદ જથ્થો ૧–લી. પાઉચ નંગ | પ્રતિ ૧–લી. પાઉચ ખરીદ ભાવ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | જુલાઈ–૧૬ | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૩૫,૨૫,૦૦૦ | ૬૬.૨૫ |
| | | | જુલાઈ–૧૬ કુલ... | ૩૫,૨૫,૦૦૦ | ૬૬.૨૫ |
| | | ઑગષ્ટ–૧૬ | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૦૫,૭૬૦ | ૭૨.૦૮ |
| | | | મેપ રીફોઈલ્સ ઈન્ડિયા લી. | ૯,૦૭,૬૮૦ | ૭૨.૭૫ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૭,૪૪,૦૦૦ | ૭૧.૭૫ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૯,૬૭,૫૬૦ | ૭૩.૦૦ |

| ક્રમ | વર્ષ | માસ | કંપનીનું નામ | ખરીદ જથ્થો ૧-લી. પાઉચ નંગ | પ્રતિ ૧-લી. પાઉચ ખરીદ ભાવ રૂ. |
|---|---|---|---|---|---|
| | | | ઑગષ્ટ-૧૬ કુલ... | ૩૫,૨૫,૦૦૦ | ૭૨.૪૪ |
| | | સપ્ટેમ્બર-૧૬ | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૦૫,૭૬૦ | ૬૮.૩૩ |
| | | | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૦૭,૬૮૦ | ૬૮.૩૩ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૭,૪૪,૦૦૦ | ૬૭.૦૮ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૯,૬૭,૫૬૦ | ૬૭.૯૧ |
| | | | સપ્ટેમ્બર- ૧૬ કુલ... | ૩૫,૨૫,૦૦૦ | ૬૭.૯૫ |
| | | ઑક્ટોબર-૧૬ | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૬,૫૯,૩૨૮ | ૭૨.૦૮ |
| | | | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૪,૭૩,૫૪૪ | ૭૧.૭૫ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૭,૩૭,૯૦૪ | ૭૧.૭૫ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૭,૮૮,૪૬૦ | ૭૨.૦૦ |
| | | | ઑક્ટોમ્બર-૧૬ કુલ... | ૨૬,૫૯,૨૩૬ | ૭૧.૯૦ |
| | | | વર્ષ ૨૦૧૬ કુલ.. | ૧,૩૨,૩૪,૨૩૬ | |
| ૨ | ૨૦૧૭ | ઑગષ્ટ-૧૭ | મેપ રીફોઈલ્સ ઈન્ડિયા લી. | ૯,૧૧,૬૮૮ | ૬૯.૫૦ |
| | | | મેપ રીફોઈલ્સ ઈન્ડિયા લી. | ૯,૧૦,૬૪૪ | ૬૯.૨૫ |
| | | | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૭,૪૪,૫૬૪ | ૬૯.૦૮ |
| | | | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૮૩,૧૦૦ | ૬૯.૦૮ |
| | | | ઑગષ્ટ-૧૭ કુલ... | ૩૫,૪૯,૯૯૬ | ૬૯.૨૩ |
| | | ઑક્ટોબર-૧૭ | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૧૧,૨૩૨ | ૬૫.૪૨ |
| | | | વિમલ ઑઈલ એન્ડ ફુડ્સ લી. | ૯,૦૨,૮૪૪ | ૬૪.૫૮ |
| | | | વિમલ ઑઈલ એન્ડ ફુડ્સ લી. | ૭,૩૧,૬૭૬ | ૬૬.૨૫ |
| | | | મેપ રીફોઈલ્સ ઈન્ડિયા લી. | ૯,૫૭,૪૮૦ | ૬૫.૧૭ |
| | | | ઑક્ટોબર-૧૭ કુલ... | ૩૫,૦૩,૨૩૨ | ૬૫.૩૧ |
| | | | વર્ષ ૨૦૧૭ કુલ.. | ૭૦,૫૩,૨૨૮ | |
| વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ નો એકંદરે કુલ.. | | | | ૨,૦૨,૮૭,૪૬૪ | |

---------

નર્મદા જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ

* ૬૪૭૨ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું. |

| ચીજવસ્તુનું નામ | ૧-લીટર પાઉચ (નંગમાં) |
|---|---|
| રિફાઈન્ડ કપાસિયા તેલ | ૧,૪૧,૭૮૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) રૂ. ૪૮/- પ્રતિ લીટરના ભાવે વિતરણ કરવામાં આવ્યું. |
| (૩) રાજ્ય સરકારે કેટલો બોજ ઉઠાવ્યો અથવા કેટલી સબસીડી ભોગવી? | (૩) રાજ્ય સરકારે રૂ. ૪૧,૫૮,૧૦૪.૦૦/-ની સબસીડી ભોગવી. |

---------

## અતારાંકિત પ્રશ્નો

### વલસાડ જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૬૪૪૨ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં નવા રેશનકાર્ડની ૨૪૪૯ અરજીઓ મળી. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) મળેલ તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) પડતર રહેવાના કારણો શું છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### સુરેન્દ્રનગર અને ગાંધીનગર જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

* ૮૦૨૦ શ્રી નૌશાદજી સોલંકી (દસાડા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને ગાંધીનગર જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઈ રહયું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, | (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને ગાંધીનગર જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઈ રહયું છે તેવી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો આ કૌભાંડને અટકાવવા સરકારે શું કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ સુરેન્દ્રનગર અને ગાંધીનગર જિલ્લામાં આવી ગેરરીતી કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શું કાર્યવાહીઓ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### કચ્છ જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ

* ૬૪૭૫ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું. |

| ચીજવસ્તુનું નામ | ૧–લીટર પાઉચ (નંગમાં) |
|---|---|
| રિફાઈન્ડ કપાસિયા તેલ | ૩,૧૯,૧૬૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) રૂ. ૪૮/– પ્રતિ લીટરના ભાવે વિતરણ કરવામાં આવ્યું. |
| (૩) રાજ્ય સરકારે કેટલો બોજ ઉઠાવ્યો અથવા કેટલી સબસીડી ભોગવી? | (૩) રાજ્ય સરકારે રૂ. ૯૩,૬૮,૯૫૯.૦૦/–ની સબસીડી ભોગવી. |

---------

### અમદાવાદ શહેરમાં અનાજના જથ્થાનું વિતરણ

* ૬૪૨૧ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં | (૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના)ની રાજ્યમાં અમલવારી તા. ૧/૪/૧૬ |

અન્નપૂર્ણા યોજના) હેઠળ અમદાવાદ શહેરમાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

થી કરવામાં આવતાં અમદાવાદ શહેરમાં તા. ૧/૪/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૧૭ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ કુલ ૧,૭૪,૮૪૬ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ ૨૦૧૬ થી સપ્ટેમ્બર-૨૦૧૬ | AAY (કાર્ડ દીઠ) | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૫.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૪.૨૫૦ | ૨.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ | ૫ |
| ઓક્ટોબર-૨૦૧૬થી ઓક્ટોબર-૨૦૧૭ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |
| નવેમ્બર-૧૭ થી ડીસેમ્બર-૧૭ | AAY (કાર્ડ દીઠ) | ૨૩.૦૦૦ | ૨.૦૦ | ૧૨.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ | ૩.૦૦૦ | ૨.૦૦ | ૨.૦૦૦ | ૩.૦૦ | ૫ |

---------

ખેડા અને પંચમહાલ જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

* ૭૯૭૨ શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર (મહુધા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને પંચમહાલ જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આ કૌભાંડને અટકાવવા સરકારે શુ કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખેડા અને પંચમહાલ જિલ્લામાં આવી ગેરરીતી કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શું કાર્યવાહીઓ કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને પંચમહાલ જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તેવી કોઇ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સુરત જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

* ૬૪૭૧ શ્રી પૂર્ણેશ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સુરત

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સુરત

| | |
|---|---|
| જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ ૪૬ ગોડાઉનો આવેલા છે. |
| (૨) ગોડાઉનની સંગ્રહ શક્તિ કેટલી છે, અને | (૨) સુરત જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશક્તિ ૨૫૨૮૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ-૩ હેઠળ ઉમરપાડા ખાતે ૨૦૦૦ મે.ટન સંગ્રહશક્તિનું ગોડાઉન બાંધકામનું ટેન્ડર મંજુર થયેલ છે અને કામરેજ અને સુરત સીટી(મજુરા) ખાતે જમીન પસંદગી થયેલ છે. આમ ત્રણેય તાલુકા ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ ૬૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ વધારવા રાજ્ય સરકારે પગલાં લીધેલ છે. |

---------

ધાનેરા, દાંતીવાડા, થરાદ, કાંકરેજ અને વાવ તાલુકામાં જમીનને થયેલ નુકશાનની પુનઃમોજણી

* ૫૫૪૪ નાથાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૭ના જુલાઈ માસ દરમ્યાન અતિભારે વરસાદના ભોગ બનેલ ધાનેરા, દાંતીવાડા, થરાદ, કાંકરેજ અને વાવ તાલુકાના તાલુકાવાર કેટલા ખેડૂતોએ જમીનને થયેલ નુકશાનની પુનઃમોજણી કરાવવા તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ માંગણી કરેલ છે, | (૧) (see table below) |

તાલુકાવાર ખેડૂતોએ જમીનને થયેલ નુકશાનની પુનઃમોજણી કરાવવાની કરેલ માંગણીની વિગત

| અ.નં. | તાલુકો | ખેડૂતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધાનેરા | ૩૬ |
| ૨ | દાંતીવાડા | ૦ |
| ૩ | થરાદ | ૬૩ |
| ૪ | કાંકરેજ | ૩ |
| ૫ | વાવ | ૧૩૯ |
| | કુલ | ૨૪૧ |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલા તાલુકાવાર ખેડૂતોની જમીન ને થયેલ નુકશાનની પુનઃમોજણી કરવામાં આવી, | (૨) અરજદારો તરફથી મળેલ પુનઃમોજણી ની રજુઆત અન્વયે મદદનીશ નિયામક (જ.સં.) પાલનપુરની કચેરીએથી તેમની રજુઆતોને ધ્યાને લઈ અરજદારોને યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ છે. |
| (૩) કેટલાની તાલુકાવાર પુનઃમોજણી કરવાની બાકી છે તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને | (૩) પુનઃમોજણી કરવાની કોઈ માંગણી બાકી નથી. |
| (૪) બાકી રહેવાના શા કારણો છે અને તમામને સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ? | (૪) પુનઃમોજણી કરવાની કોઈ માંગણી બાકી ન હોય સહાય ચુકવવાની રહેતી નથી. |

---------

અરવલ્લી જિલ્લામાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના

* ૮૩૪૫ ડો. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને | (૧) છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ અરવલ્લી જિલ્લાને ફાળવેલ રકમની વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૬-૧૭ | વર્ષ ૨૦૧૭-૧૮ |
|---|---|---|---|
| | | | રૂપિયા લાખમાં |
| ૧ | ભિલોડા | ૪૮૦.૬૬૨૫ | ૨૪૫.૪૦૧૩૫ |
| ૨ | મોડાસા | ૭૧૫.૨૭૮૭૭ | ૨૪૧.૯૭૮૮૫ |
| ૩ | ધનસુરા | ૩૪૭.૯૨૧૨૫ | ૨૩.૨૧૫૮૫ |

| | | | |
|---|---|---|---|
| ૪ | બાયડ | ૧૫૬.૯૫૭૮ | ૧૯૯.૧૨૯૧૫ |
| ૫ | માલપુર | ૨૩.૫૨૪૫ | ૩૯.૯૯૧૩૫ |
| ૬ | મેઘરજ | ૧૮૭.૫૧૬૫ | ૩૯.૭૨૮૮૫ |
| | કુલ | ૧૯૧૧.૮૬૧૩૨ | ૭૮૯.૪૪૫૪ |

(૨) ઉક્ત ફાળવેલ રકમમાંથી છેલ્લા બે વર્ષમાં શું કામગીરી કરવામાં આવી ?

(૨) ઉક્ત ફાળવેલ રકમમાંથી છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના તાલુકાઓમાં ખેત તલાવડી, સીમ તલાવડી, જળ સંગ્રાહક સ્ટ્રકચર, ટેરેસીંગ જેવી જળ અને જમીન સંરક્ષણ, પેકહાઉસ, કૃષિ મેળા, પાવર ડ્રીવન ચાફ કટર, મિલકિંગ મશીન, કપાસમાં ગુલાબી ઈયળના નિયંત્રણ માટે ખેડૂત તાલીમ અને ફેરોમેન ટ્રેપનું વિતરણ તથા સંકલિત જીવાત નિયંત્રણ વિગેરે જેવી કામગીરી હાથ ધરેલ છે.

---------

રાજકોટ જિલ્લામાં પાણીનો સંગ્રહ કરવા માટેની અરજીઓ

* ૮૩૮૬ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લાં બે વર્ષ દરમિયાન તાલુકાવાર ખેત તલાવડી, સીમ તલાવડી, પાણી સંગ્રહ માટે પાકા સ્ટ્રકચર અને બંધ પાળા બાંધવા માટે તાલુકાવાર કેટલી અરજીઓ આવી, | (૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લાં બે વર્ષ દરમિયાન ખેત તલાવડી-૧૪૨૮, સીમ તલાવડી-૧૩૫, પાણી સંગ્રહ માટે પાકા સ્ટ્રકચર-૪૩ અને બંધ પાળા બાંધવા-૫૨૭૩ અરજીઓ આવી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી પડતર છે, | (૨) તે પૈકી ખેત તલાવડીની ૪૦ અરજીઓ મંજુર કરી અને ૧૩૮૮ અરજીઓ પડતર, સીમ તલાવડીની ૨૩ અરજીઓ મંજુર કરી અને ૧૧૨ અરજીઓ પડતર, પાણી સંગ્રહ માટે પાકા સ્ટ્રકચરની ૦ અરજીઓ મંજુર કરી અને ૪૩ અરજીઓ પડતર તથા બંધ પાળા બાંધવાની ૦ અરજીઓ મંજુર કરી અને ૫૨૭૩ અરજીઓ પડતર છે. |
| (૩) મંજુર અરજીઓ પૈકી કેટલાના કામ કેટલા ખર્ચે શરૂ કરવામાં આવ્યા, અને | (૩) મંજુર થયેલ ૪૦ ખેત તલાવડીની અરજીઓ પૈકી ૧૯ અરજીઓના કામો રૂ.૫.૧૮ લાખના ખર્ચે શરૂ કર્યા, મંજુર થયેલ ૨૩ સીમ તલાવડીની અરજીઓ પૈકી ૨૧ અરજીઓના કામો રૂ.૫૧.૭૮ લાખના ખર્ચે શરૂ કર્યા, પાણી સંગ્રહ માટે પાકા સ્ટ્રકચર બાંધવાની અને બંધ પાળા બાંધવાની અરજીઓ મંજુર કરેલ ન હોવાથી કામો શરૂ કરવામાં આવેલ નથી અને ખર્ચ કરવામાં આવેલ નથી. |
| (૪) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૪) બાકી અરજીઓનો નિકાલ લાભાર્થી દ્વારા શ્રમદાન કરવા અથવા રોકડમાં લોકફાળો જમા કરવા સમંતિ મળ્યેથી લક્ષ્યાંકની મર્યાદામાં તેમજ ઉપલબ્ધ ગ્રાન્ટને ધ્યાને રાખી પૂર્ણ કરવામાં આવશે. |

---------

સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ પેટા વિકાસ યોજના

* ૬૫૩૩ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આદિજાતિ પેટા વિકાસ યોજના રાજ્યના કેટલા જિલ્લામાં અમલમાં છે, | (૧) ૧૪ (આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત) |
| (૨) આદિજાતિ પેટા વિકાસ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા | (૨) ૨૬૬૩ (આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત) |

ક્ષેત્રીય નિદર્શન ગોઠવવામાં આવ્યા, અને

(૩) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવી ? (૩) રૂ.૭૪,૩૨,૪૯૦/-

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૮૦૪૦ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ રીપોર્ટ મુજબ જિલ્લા વિભાજન પહેલાના બૃહદ સાબરકાંઠા જિલ્લામાં ૨,૭૦,૦૦૫ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે તથા અરવલ્લી જિલ્લો એગ્રી સેન્સસ વર્ષ ૨૦૧૦-૧૧ બાદ અસ્તિત્વમાં આવેલ હોઈ માહિતીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે, અને

(૨) તે પૈકી બૃહદ સાબરકાંઠા જિલ્લાની નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | સાબરકાંઠા |
|---|---|---|
| ૧ | નાના | ૭૮,૧૮૮ |
| ૨ | મધ્યમ | ૧૮,૪૪૦ |
| ૩ | સીમાંત | ૧,૨૨,૦૮૮ |

અરવલ્લી જિલ્લાની રચના એગ્રી સેન્સસ વર્ષ ૨૦૧૦-૧૧ બાદ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ક્યા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો ?

(૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઈ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વલસાડ જિલ્લામાં સહકારી મંડળીઓને સહાય

* ૬૪૮૬ શ્રી અરવિંદ પટેલ (ધરમપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં વલસાડ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસુલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | સેવા સહકારી મંડળીઓ |
|---|---|
| સને ૨૦૧૬-૧૭ | ૭ (સાત) |
| સને ૨૦૧૭-૧૮ | ૩ (ત્રણ) |

(૨) જિલ્લા માટે કેટલી જોગવાઈ કરવામાં આવેલ છે ?

(૨) જિલ્લાવાર જોગવાઈ કરવામાં આવતી નથી.

---------

સુરત જિલ્લામાં કૃષિ કૌશલ્ય વિકાસ કાર્યક્રમ

* ૬૫૫૬ શ્રી કાંતિભાઈ બલર (સુરત ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કૃષિ કૌશલ્ય વિકાસ કાર્યક્રમ અંતર્ગત સુરત જિલ્લામાં કુલ કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કૃષિ કૌશલ્ય વિકાસ કાર્યક્રમ અંતર્ગત સુરત જિલ્લામાં ૬૦૦ ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી સંખ્યામાં મહિલા તાલીમાર્થી અને પુરૂષ તાલીમાર્થીઓએ ભાગ લીધો ?

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૩૦૦ મહિલા તાલીમાર્થી અને ૩૦૦ પુરૂષ તાલીમાર્થીઓએ ભાગ લીધો.

---------

અમરેલી જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

## અતારાંકિત પ્રશ્નો

* ૬૪૬૧ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ ૨૨ ગોડાઉનો આવેલા છે. |
| (૨) ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨) અમરેલી જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશકિત ૧૨૬૯૪ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલા છે ? | (૩) વેરાહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ–૨ હેઠળ બગસરા ખાતે ૨૦૦૦ મે.ટન કેપેસીટીના ગોડાઉન બાંધકામની કામગીરી પૂર્ણતાના આરે છે. વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ–૩ હેઠળ સાવરકુંડલા તાલુકા ખાતે ૨૦૦૦ મે.ટન સંગ્રહશકિત વધારવા માટેના અંદાજોની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |

---------

### રાજ્ય માર્ગ પરિવહન નિગમને નવી બસો ખરીદવા ગ્રાંટની ફાળવણી

* ૮૧૮૨ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૭–૧૮ના બજેટમાં ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમને કેટલી નવી બસો ખરીદવા કેટલી રકમની ગ્રાંટ ફાળવણી કરવામાં આવી, | (૧) સને ૨૦૧૭–૧૮ના બજેટમાં એસ.ટી. નિગમ માટે મૂડીફાળા પેટે કુલ રૂ. ૬૩૩.૮૩૦૯ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જે પૈકી નવી બસો ખરીદવા માટે રૂ. ૪૧૦.૦૦ કરોડની જોગવાઈ નિયત કરવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નિગમને કુલ રૂ. ૧૭૨.૩૭૮૫ કરોડ (અંકે રૂપિયા એકસો બોત્તેર કરોડ સાડત્રીસ લાખ પંચ્યાસી હજાર પુરા)ની ફાળવણી કરવામાં આવેલ છે. આ ફાળવણી પૈકી નિગમ દ્વારા આંતરિક ફાળવણીના ભાગરૂપે રૂ. ૮૬.૦૦ કરોડ નવી બસો ખરીદવા માટે નિયત કરેલ છે. |
| (૨) તે પૈકી છેલ્લા એક વર્ષમાં કેટલી નવી બસો ખરીદવામાં આવી અને તે માટે કેટલો ખર્ચ થયો, અને | (૨) તે પૈકી છેલ્લા એક વર્ષમાં નિગમ દ્વારા કોઈ નવી બસો ખરીદવામાં આવેલ નથી તેમજ આ અંગે કોઈ ખર્ચ કરેલ નથી. |
| (૩) ઉક્ત ગ્રાંટ પૈકી કેટલી રકમ વણવપરાયેલ પડી રહી અને તેના કારણો શું છે? | (૩) બસો ખરીદવાની ટેન્ડર પ્રક્રીયા ચાલુમાં છે. આથી, ઉપરોક્ત રકમ વણવપરાયેલ છે. |

---------

### નર્મદા જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસો

* ૬૪૩૨ શ્રી શૈલેષભાઈ મહેતા (ડભોઈ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે, | (૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની ૨૪૭ તપાસો કરવામાં આવી છે. |
| (૨) કેટલી દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી, અને | (૨) ૦૩ દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી. |
| (૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે શું પગલા લીધા? | (૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે નીચે મુજબના પગલા લીધા.<br>(૧) રૂ. ૭૫૦૦/– પરવાના અનામત રાજ્યસાત કરેલ છે. |

(૨) રૂ. ૬૭,૧૪૪/- દંડ કરેલ છે.

(૩) ૧ (એક) પરવાનો મોકુફ કરેલ છે.

---------

રાજ્યમાં અનાજના જથ્થાનો સંગ્રહ માટે વ્યવસ્થા

* ૭૯૩૧ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં બી.પી.એલ., એ.પી.એલ., અને અંત્યોદય માટે કુલ મળવાપાત્ર અનાજના જથ્થાનો સંગ્રહ કરવા માટે પુરતી વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ પૈકી અનાજના જથ્થાનો સંગ્રહ કરવા માટેની વ્યવસ્થામાં કોઈ વધારો કરવાનું આયોજન છે કે કેમ ? | (૨) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ-૨ અન્વયે ૩૯૦૦૦ મે.ટન તથા વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર ફંડ-૩ અન્વયે ૧૬૮૦૦૦ મે. ટન આમ કુલ ૨૦૭૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ વધારવાનું આયોજન છે. |

---------

તાપી જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૬૪૪૫ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં નવા રેશનકાર્ડની ૨૭૫૫ અરજીઓ મળી. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) મળેલ તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) પડતર રહેવાના કારણો? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજ્યમાં ખેલકૂદ અને રમતગમતને પ્રોત્સાહન આપવા

* ૭૯૯૦ શ્રી અમરીષભાઈ ડેર (રાજુલા) : માનનીય રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારે ખેલકૂદ અને રમતગમતને પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૧૬માં ખેલકુદ નિતિ જાહેર કરી હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા જિલ્લામાં કેટલા સ્પોર્ટસ સંકુલ કેટલી રકમના ખર્ચે બનાવવામાં આવ્યા? | (૨) વડોદરા જિલ્લામાં વાઘોડીયા ખાતે રૂ. ૬૭૨.૦૪ લાખના ખર્ચે રમત સંકુલ બનાવવામાં આવેલ છે. તદઉપરાંત દસ જિલ્લામાં કાર્યરત રમત સંકુલોમાં રૂ. ૬૩૨૫.૧૪ લાખના ખર્ચે માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવેલ છે. |

---------

ખેડા જિલ્લામાં અનાજના સંગ્રહના ગોડાઉન

## અતારાંકિત પ્રશ્નો

* ૬૪૫૦ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ ૧૭ ગોડાઉનો આવેલા છે. |
| (૨) ગોડાઉનની સંગ્રહ શક્તિ કેટલી છે, અને | (૨) ખેડા જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશક્તિ ૯૮૫૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ–૩ હેઠળ મહુધા, કપડવંજ, ગલતેશ્વર અને મહેમદાવાદ એમ ચાર તાલુકા ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ કુલ ૮૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ વધારવા માટેના ટેન્ડર મંજુર કરી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |

---------

### અમરેલી અને રાજકોટ જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

* ૭૯૮૬ શ્રી જે.વી.કાકડીયા (ધારી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને રાજકોટ જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, | (૧) રાજકોટ જિલ્લામાં ફરિયાદ મળેલ નથી.<br>અમરેલી જિલ્લામાં ફરિયાદથી સરકાર વાકેફ છે. |
| (૨) જો હા,તો આ કૌભાંડને અટકાવવા સરકારે શું કાર્યવાહી કરી, અને | (૨) રાજકોટ જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.<br>અમરેલી જિલ્લામાં અરજદાર તરફથી મળેલ અરજી અન્વયે કુલ–૧૩ વ્યાજબી ભાવની દુકાનોની તપાસ કરવામાં આવેલ છે અને રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા, ૨૦૧૩ હેઠળના ૬૦૦ થી વધુ રેશનકાર્ડની પાત્રતા રદ કરવા કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ અમરેલી અને રાજકોટ જિલ્લામાં આવી ગેરરીતિ કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શું કાર્યવાહીઓ કરવામાં આવી ? | (૩) રાજકોટ જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.<br>અમરેલી જિલ્લામાં ૧૩ વ્યાજબી ભાવની દુકાનોની તપાસ કરવામાં આવેલ છે. તે પૈકી ૧૨ (બાર) દુકાનોમાં ગેરરીતીઓ જણાતાં ૧૨ (બાર) દુકાનોના પરવાના મોકુફ કરી ૪ (ચાર) દુકાનદારો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. |

---------

### પાટણ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસો

* ૬૪૩૩ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (ઘાટલોડીયા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે, | (૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની ૩૬૪ તપાસો કરવામાં આવી છે. |
| (૨) કેટલી દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી, અને | (૨) ૩૬૪ દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી. |
| (૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે શું પગલા લીધા? | (૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે નીચે મુજબના પગલા લીધા. |

અતારાંકિત પ્રશ્નો

(૧) રૂ. ૨૧૦૦૦/- ની કિંમતનો જથ્થો કબજે કરેલ છે.
(૨) રૂ. ૪,૪૫,૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત કરેલ છે.
(૩) રૂ. ૬,૬૭,૮૮૯/- દંડ કરેલ છે.
(૪) ૩ (ત્રણ) પરવાના રદ કરેલ છે.

---------

અમદાવાદ શહેરમાં ખાંડ અને આયોડીનયુક્ત મીઠાનું વિતરણ

* ૬૪૧૬ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું?

જવાબ

અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું.

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો (મેટ્રિક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૨૫૦૬.૭૭ |
| આયોડીનયુક્ત મીઠું | ૧૨૬૫.૨૪ |

---------

વાંસદા તાલુકામાં મનરેગા યોજના

* ૭૧૫૨ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં મનરેગા યોજના અંતર્ગત કયા કામ માટે કેટલી રકમની ચુકવણી કરવાની બાકી છે, અને

(૨) આ બાકી રકમની ચૂકવણી ક્યાં સુધીમાં કરવામાં આવશે?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં મનરેગા યોજના અંતર્ગત નીચે દર્શાવેલ કામ માટે નીચેની વિગતે ફક્ત માલસામાનની રકમની ચુકવણી કરવાની બાકી છે, અને

| વાંસદા તાલુકામાં કામ માટે ચુકવવાની બાકી રકમ (રૂ. લાખમાં) | | |
|---|---|---|
| ક્રમ | કામો | કુલ રકમ રૂ. |
| ૧ | આંગણવાડી/અન્ય ગ્રામીણ માળખાગત | ૦.૦૦ |
| ૨ | રાજીવ ગાંધી ભવન | ૨૦.૫૬ |
| ૩ | દરિયા કિનારા | ૦.૦૦ |
| ૪ | દુષ્કાળ રાહત/વનીકરણ | ૧૬.૩૦ |
| ૫ | મત્સ્ય વિકાસ | ૦.૦૦ |
| ૬ | પુર સંરક્ષણ | ૦.૦૦ |
| ૭ | અનાજ સંગ્રહ | ૦.૦૦ |
| ૮ | જમીન વિકાસ | ૦.૦૦ |
| ૯ | સુક્ષ્મ સિંચાઈ | ૦.૦૦ |
| ૧૦ | અન્ય | ૯.૨૨ |
| ૧૧ | રમતગમતના મેદાન | ૦.૦૦ |
| ૧૨ | પરંપરાગત જળસ્ત્રોતનું નવિનીકરણ | ૦.૦૦ |
| ૧૩ | ગ્રામ્ય રસ્તા | ૧૪.૫૭ |
| ૧૪ | ગ્રામ્ય પીવાના પાણી | ૦.૦૦ |
| ૧૫ | ગ્રામ્ય સુખાકારી | ૪.૬૦ |
| ૧૬ | જળસંચય અને જળસંગ્રહ | ૫.૮૪ |
| ૧૭ | વ્યક્તિગત જમીન | ૧૨૯.૬૦ |
| | કુલ... | ૨૦૦.૬૯ |

(૨) માલસામાનના ચુકવણાં માટે ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી સત્વરે ચુકવણાં કરવામાં આવશે.

---------

રાજ્ય સરકારે કપાસ, ડાંગર અને મગફળીની ટેકાના ભાવે ખરીદી

## ફાલ્ગુન ૨૫, ૧૯૩૯ શાકે
## અરાંકિત પ્રશ્નો

* ૮૦૦૬ શ્રી લલિતભાઈ વસોયા (ધોરાજી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧–૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે ટેકાના ભાવે કપાસ, ડાંગર અને મગફળીની કેટલી ખરીદી શા ભાવે કરી, અને | (૧) રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા ટેકાના ભાવે ડાંગર, કપાસ અને મગફળીની ખરીદી કરવામાં આવતી નથી. |
| (૨) તે અન્વયે કપાસ, ડાંગર અને મગફળીના કેટલા જથ્થાનું શું ભાવે વેચાણ કર્યું ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

* ૮૦૨૬ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, | (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તેવી કોઇ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા,તો આ કૌભાંડને અટકાવવા સરકારે શું કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં આવી ગેરરીતિ કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શું કાર્યવાહીઓ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### તાપી જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

* ૬૪૨૪ શ્રી મોહનભાઈ ઢોડિયા (મહુવા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩(માં અન્નપુર્ણા યોજના) હેઠળ તાપી જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) ની રાજ્યમાં અમલવારી તા.૧–૪–૧૬થી કરવામાં આવતાં તાપી જિલ્લામાં તા. ૧–૪–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ કુલ ૬૯,૩૮૫ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું ? | (૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે. |

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| એપ્રિલ ૨૦૧૬ થી સપ્ટેમ્બર–૨૦૧૬ | AAY (કાર્ડદીઠ) | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૫.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૪.૨૫૦ | ૨.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ | ૫ |
| ઓક્ટોબર–૨૦૧૬થી | AAY (કાર્ડદીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ઓક્ટોબર-૨૦૧૭ | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |
| નવેમ્બર-૧૭ થી ડીસેમ્બર-૧૭ | AAY (કાર્ડદીઠ) | ૨૩.૦૦૦ | ૨.૦૦ | ૧૨.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૦૦૦ | ૨.૦૦ | ૨.૦૦૦ | ૩.૦૦ | ૫ |

---------

મોરબી જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

* ૬૪૬૭ શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ મોરબી જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે,

(૨) ગોડાઉનની સંગ્રહશક્તિ કેટલી છે ,અને

(૩) સંગ્રહશક્તિ વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ મોરબી જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ ૦૮ ગોડાઉનો આવેલા છે.

(૨) મોરબી જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશિક્ત ૭૩૦૦ મે.ટન છે.

(૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ-૩ હેઠળ મોરબી તથા માળીયા-મીયાણા એમ બે તાલુકા ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ કુલ ૪૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ વધારવા ટેન્ડરના વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી

* ૭૯૨૦ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલી મગફળી કેટલા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદવામાં આવી, અને

જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તા. ૦૧-૦૨-૨૦૧૭ થી તા. ૩૧-૦૧-૨૦૧૮ સુધીમાં નાફેડ દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદીની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૧૬-૧૭ | |
| | | ખરીદી (ક્વિન્ટલમાં) | ખેડૂતોની સંખ્યા |
| ૧ | પાલનપુર | ૪૮૫૨.૭૫ | ૩૧૨ |
| ૨ | ડીસા | ૧૯૫૧૫.૩૦ | ૧૦૨૫ |
| ૩ | વડગામ | ૭૦૩૯.૨૦ | ૩૯૯ |
| ૪ | ધાનેરા | ૭૬૮૮૧.૦૦ | ૩૩૭૪ |
| ૫ | થરાદ | ૩૯૭૦.૭૫ | ૨૨૭ |
| ૬ | કાંકરેજ | ૨૪૦૬૩.૦૫ | ૧૩૫૮ |
| ૭ | અમીરગઢ | ૦૦ | ૦૦ |
| ૮ | વાવ | ૩૫૮.૭૫ | ૨૫ |
| ૯ | દાંતા | ૧૭૭૬.૬૦ | ૧૩૭ |
| ૧૦ | દાંતીવાડા | ૭૩૮૦.૮૦ | ૪૭૧ |
| ૧૧ | દિયોદર | ૨૪૩૪૦.૦૫ | ૧૫૬૪ |
| ૧૨ | લાખણી | ૧૫૩૧૨.૧૫ | ૮૫૦ |
| ૧૩ | ભાભર | ૪૨૪૨.૦૦ | ૩૦૯ |

| | | | |
|---|---|---|---|
| | કુલ | ૧૮૯૭૩૨.૪૦ | ૧૦૦૨૧ |

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૧૭–૧૮ | |
| | | ખરીદી (ક્વિન્ટલમાં) | ખેડૂતોની સંખ્યા |
| ૧ | અમીરગઢ | ૨૮૩.૨૬ | ૧૨૨ |
| ૨ | કાંકરેજ | ૮૨૦૬.૯૪ | ૩૦૭૪ |
| ૩ | ડીસા | ૭૪૭૯.૦૮ | ૨૦૦૩ |
| ૪ | થરાદ | ૪૦૪૧.૦૦ | ૧૧૯૦ |
| ૫ | દાંતા | ૩૭૭.૬૯ | ૨૩૪ |
| ૬ | દાંતીવાડા | ૬૬૯૩.૪૩ | ૨૧૧૦ |
| ૭ | દિયોદર | ૧૨૬૧૦.૬૫ | ૩૬૯૫ |
| ૮ | ધાનેરા | ૨૫૩૭૭.૯૦ | ૭૦૯૫ |
| ૯ | પાલનપુર | ૯૩૬૦.૭૨ | ૨૫૯૯ |
| ૧૦ | ભાભર | ૧૩૮૧.૩૫ | ૫૩૧ |
| ૧૧ | લાખણી | ૬૮૮૦.૦૨ | ૨૪૬૧ |
| ૧૨ | વડગામ | ૪૬૦૧.૯૮ | ૧૪૭૧ |
| ૧૩ | વાવ | ૪૨૫.૬૯ | ૧૬૦ |
| ૧૪ | સુઈગામ | ૮૨૬.૬૦ | ૧૯૦ |
| | કુલ | ૮૮૫૪૬.૩૧ | ૨૬૯૩૫ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને મગફળીની રકમ ચૂકવાઈ ગઈ અને કેટલા ખેડૂતોને રકમ ચૂકવવાની બાકી છે ?

(૨)

| અ. નં. | વર્ષ | ચૂકવણું થયેલ હોય તેવા ખેડૂતોની સંખ્યા | ચૂકવણું બાકી હોય તેવા ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬–૧૭ | ૧૦૦૨૧ | – |
| ૨ | ૨૦૧૭–૧૮ | ૨૫૯૨૪ | ૧૦૧૧ |

---------

## પારડી બજાર સમિતિને ગોડાઉનોની સુવીધાઓ

* ૬૪૯૦ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાની પારડી બજાર સમિતિને રાજ્યની બજાર સમિતિઓમાં વેરહાઉસીંગ ગોડાઉનોની સુવિધાઓ ઉભી કરવા સહાય આપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચુકવવામાં આવી છે ?

જવાબ

(૧) રૂ. ૧૯.૦૦ લાખ

(૨) રૂ. ૧૯.૦૦ લાખ

---------

## વલસાડ અને નવસારી જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

* ૭૯૫૭ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ અને નવસારી જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ અને નવસારી જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર

| | |
|---|---|
| પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઈ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, | પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઈ રહ્યું છે તેવી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો આ કૌભાંડને અટકાવવા સરકારે શું કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ વલસાડ અને નવસારી જિલ્લામાં આવી ગેરરીતિ કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શું કાર્યવાહીઓ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

સુરત જિલ્લામાં સહકારી મંડળીઓને સહાય

* ૬૪૮૪ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૭–૧૮ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં સુરત જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને થાપણ અને વસુલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે, અને | (૧) બે |
| (૨) જિલ્લા માટે કેટલી જોગવાઈ કરવામાં આવેલ છે ? | (૨) જિલ્લાવાર જોગવાઈ કરવામાં આવતી નથી. |

---------

રાજ્યમાં સહકારી ટ્રીબ્યુનલના પડતર કેસો

* ૭૯૨૮ શ્રી કાંતિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સહકારી ટ્રીબ્યુનલમાં કેટલા કેસો પડતર છે, | (૧) ૨૨૦૭ |
| (૨) તે પૈકી ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી પડતર હોય તેવા કેટલા કેસો છે, અને | (૨) ૧૭૧૨ |
| (૩) ઉક્ત પડતર કેસોના ઝડપી નિકાલ માટે સરકારે શું કાર્યવાહી કરી ? | (૩) તા. ૮–૧૧–૨૦૧૬ થી પ્રમુખશ્રી તથા ત્રણ સભ્યશ્રીઓની જગ્યાઓ ભરી દેવામાં આવી છે. અને બે બેન્ચ કાર્યરત કરવામાં આવેલ છે. |

---------

પંચમહાલ જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૬૪૪૪ સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જીલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં નવા રેશનકાર્ડની ૨૩૬૫ અરજીઓ મળી. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) મળેલ તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) પડતર રહેવાના કારણો શું છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજ્યમાં અનાજના જથ્થાનાં સંગ્રહ માટે વ્યવસ્થા

ફાલ્ગુન ૨૫, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નો

* ૭૯૩૪ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય અન્ન, નાગરિક અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય માટે કુલ મળવાપાત્ર અનાજનો કુલ કેટલો જથ્થો ભારત સરકાર દ્વારા વર્ષવાર નક્કી કરવામાં આવેલ હતો, | (૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યને લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા/રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ અંતર્ગત ભારત સરકાર તરફથી અનાજનો વર્ષવાર નીચે મુજબનો જથ્થો ફાળવેલ છે. રાજ્યને લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય માટે તા. ૧–૨–૨૦૧૬ થી તા. ૩૧–૩–૨૦૧૬માં ૩૭૪૬૧૨ મે.ટન અનાજનો જથ્થો ફાળવેલ છે. રાજ્યમાં તા. ૧–૪–૨૦૧૬ થી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાની અમલવારી થતા "બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય"ના બદલે "અગ્રતા ધરાવતા કુટુંબ અને અંત્યોદય" એમ બે પ્રકારની કેટેગરી અમલમાં આવતાં– અગ્રતા ધરાવતા કુટુંબ અને અંત્યોદય કુટુંબ માટે નીચે મુજબનો અનાજનો જથ્થો ફાળવેલ છે. |

| સમયગાળો | જથ્થો (મે.ટન) |
|---|---|
| તા. ૧–૪–૧૬ થી તા.૩૧–૧–૧૭ | ૧૮૦૭૭૬૨ |
| તા. ૧–૨–૧૭ થી તા.૩૧–૧–૧૮ | ૨૩૪૨૦૧૧.૪૧૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી રાજ્ય સરકાર દ્વારા વર્ષવાર કેટલો જથ્થો ઉપાડવામાં આવ્યો, અને | (૨) તા. ૩૧–૧–૧૮ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા વર્ષવાર નીચે મુજબનો જથ્થઓ ઉપાડવામાં આવ્યો. |

| સમયગાળો | જથ્થો (મે.ટન) |
|---|---|
| તા. ૧–૨–૧૬ થી તા.૩૧–૩–૧૬ | ૩૭૪૬૧૨ |
| તા. ૧–૪–૧૬ થી તા.૩૧–૧–૧૭ | ૧૮૦૬૪૦૨ |
| તા. ૧–૨–૧૭ થી તા.૩૧–૧–૧૮ | ૨૨૯૬૩૫૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ ઉપાડેલ જથ્થા પૈકી કેટલો જથ્થો ગ્રાહકોને ફાળવવામાં આવ્યો ? | (૩) તા. ૩૧–૧–૧૮ની સ્થિતિએ ઉપાડેલ જથ્થા પૈકી નીચે મુજબનો અનાજનો જથ્થો ગ્રાહકોને વિતરણ કરવા ફાળવેલ છે. |

| સમયગાળો | જથ્થો (મે.ટન) |
|---|---|
| તા. ૧–૨–૧૬ થી તા.૩૧–૩–૧૬ | ૩૫૧૯૧૫.૫ |
| તા. ૧–૪–૧૬ થી તા.૩૧–૧–૧૭ | ૧૭૯૩૬૮૯ |
| તા. ૧–૨–૧૭ થી તા.૩૧–૧–૧૮ | ૨૨૪૮૭૯૧ |

---------

સુરત જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

* ૬૪૭૦ શ્રી વી. ડી. ઝાલાવાડીયા (કામરેજ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સુરત જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સુરત જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ ૪૬ ગોડાઉનો આવેલા છે. |
| (૨) ગોડાઉનની સંગ્રહ શક્તિ કેટલી છે, અને | (૨) સુરત જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશક્તિ ૨૫૨૮૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ–૩ હેઠળ ઉમરપાડા ખાતે ૨૦૦૦ મે.ટન સંગ્રહશક્તિનું ગોડાઉન બાંધકામનું ટેન્ડર મંજુર થયેલ છે અને કામરેજ અને સુરત સીટી (મજુરા) ખાતે જમીન પસંદગી થયેલ આમ ત્રણેય તાલુકા ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ ૬૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ વધારવા રાજ્ય સરકારે પગલાં લીધેલ છે. |

---------

### બનાસકાંઠા જિલ્લામાં એચ.એસ.આર.પી. નંબર પ્લેટમાં ફરિયાદો

* ૬૬૪૯ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં સરકાર દ્વારા માન્ય કરવામાં આવેલ કોન્ટ્રાક્ટર દ્વારા વાહનોમાં ફીટ કરવામાં આવતી HSRP નંબર પ્લેટના નંબરો ઝડપથી ભુંસાઈ જાય છે તથા થોડું વજન આવતા અથવા વાહન પડી જતાં નંબર પ્લેટ તુટી જાય છે તેવી સંખ્યાબંધ ફરીયાદો ૩૧મી ડિસેમ્બર ૨૦૧૭ની સ્થિતિએ લાંબા સમયથી ઉભી થવા પામેલ છે. તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો સરકારે આવી ફરિયાદો દૂર કરવા વારંવાર ખાત્રી આપી હોવા છતાં તેનો નિકાલ થતો નથી તેના શા કારણો છે, અને | (૨) HSRP નંબર પ્લેટ ઉપરથી નંબર ભુંસાઈ ગયાની ફરિયાદ લઈને આવનાર વાહન માલિકને વિના મુલ્યે નંબર પ્લેટ બદલી આપવામાં આવે છે. આ બાબતે જાહેર જનતાને વર્તમાન પત્રો દ્વારા અવાર–નવાર માહિતગાર કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૨૦,૦૫૩ નંબર પ્લેટ નંબર ભુંસાઈ જવાથી વિના મુલ્યે બદલી આપવામાં આવેલ છે. |
| (૩) HSRP નંબર પ્લેટનું નબળું કામ કારનાર કોન્ટ્રાક્ટરને દુર કરવા અને તેને બદલવા સહિત શી ગંભીર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ? | (૩) HSRP કોન્ટ્રાક્ટરની કામગીરીનો સતત રીવ્યુ કરવામાં આવે છે અને કોઈપણ ફરિયાદ ધ્યાનમાં આવે તો તેનો તુરંત જ નિકાલ કરવા સુચના આપવામાં આવે છે. જેનો કોન્ટ્રાક્ટર દ્વારા ત્વરીત અમલ થાય છે. આમ, ફરિયાદોનો ત્વરિત નિકાલ થતો હોય છે. |

---------

### તાપી અને ડાંગ જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

* ૭૯૫૨ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે | (૧) ડાંગ જિલ્લામાં ફરીયાદ મળેલ નથી. |

વર્ષમાં તાપી અને ડાંગ જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે,

તાપી જિલ્લામાં બે વાજબી ભાવના દુકાનદાર વિરૂદ્ધ ફરિયાદ મળેલ છે.

(૨) જો હા, તો આ કૌભાંડને અટકાવવા સરકારે શું કાર્યવાહી કરી, અને

(૨) ડાંગ જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તાપી જિલ્લામાં બોગસ રેશનકાર્ડથી અનાજનો જથ્થો વગે કરવા બાબતે મળેલ ફરિયાદ સંદર્ભે બે વાજબી ભાવની દુકાનની તપાસણી કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ તાપી અને ડાંગ જિલ્લામાં આવી ગેરરીતિ કરનારાઓ કેટલા પકડયા અને તેઓ સામે શું કાર્યવાહીઓ કરવામાં આવી ?

(૩) ડાંગ જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તાપી જિલ્લામાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી છે.

- બે દુકાનોના પરવાના કાયમી રીતે રદ કરવામાં આવેલ છે.
- રૂ. ૧૧,૧૯,૫૬૧/- ની રકમનો દંડ કરવામાં આવેલ છે.
- રૂ. ૧૦,૦૦૦/- પરવાના ડિપોઝિટ જપ્ત કરવામાં આવેલ છે.

---------

## બોટાદ જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ

* ૬૪૭૩ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું,

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું.

| ચીજવસ્તુનું નામ | ૧-લીટર પાઉચ (નંગમાં) |
|---|---|
| રિફાઈન્ડ કપાસિયા તેલ | ૬૮,૩૦૫ |

(૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) રૂ. ૪૮/- પ્રતિ લીટરના ભાવે વિતરણ કરવામાં આવ્યું.

(૩) રાજ્ય સરકારે કેટલો બોજ ઉઠાવ્યો અથવા કેટલી સબસીડી ભોગવી?

(૩) રાજ્ય સરકારે રૂ.૨૦,૦૧,૪૨૦.૦૦/-ની સબસીડી ભોગવી.

---------

## દાહોદ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસો

* ૬૪૨૯ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે,

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની ૧૪૮ તપાસો કરવામાં આવી છે.

(૨) કેટલી દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી, અને

(૨) ૧૩૮ દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી.

(૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે શું પગલાં લીધા ?

(૩) જોવા મળેલ ગેરરિતીઓ અન્વયે નીચે મુજબના પગલાં લીધા.

૧) રૂ. ૭૩,૫૦૦/— પરવાના અનામત રાજ્યસાત કરેલ છે.

૨) રૂ. ૪,૩૯,૯૯૧/- દંડ કરેલ છે.

૩) ૨ (બે) પરવાના મોકુફ કરેલ છે.

તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮
અતારાંકિત પ્રશ્નો

૪) ૧ (એક) પરવાનો રદ કરેલ છે.

---------

રાજ્યમાં ખાદ્યતેલના બફર સ્ટોકના ટેન્ડરો

* ૭૯૮૪ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ક્યા પ્રકારના કેટલા ખાદ્યતેલનો બફર સ્ટોક કરેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં રીફાઇન્ડ કપાસીયા તેલનો નીચે મુજબની વિગતે બફર સ્ટોક કરેલ છે. |

(૧–લી. પાઉચ નંગ)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૬ | ૧,૩૨,૩૪,૨૩૬ |
| વર્ષ ૨૦૧૭ | ૭૦,૫૩,૨૨૮ |
| કુલ | ૨,૦૨,૮૭,૪૬૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ ખાદ્યતેલનો બફર સ્ટોક કરવા ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા કે કેમ, અને | (૨) આ ખાદ્યતેલનો બફર સ્ટોક કરવા વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને એનસીડીઇએક્સ સ્પોટ (NCDEX SPOT) મારફતે રીવર્સ ઇ–ઓકશન યોજી સૌથી ઓછા ભાવ ઓફર કરનાર સપ્લાયર પાસેથી ખરીદી કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ખાદ્યતેલ બફર સ્ટોક કરવા માટે રાજ્ય સરકારે વર્ષવાર શા ભાવે ક્યા પ્રકારના ખાદ્યતેલનો કેટલો જથ્થો કઇ–કઇ કંપનીઓ પાસેથી ખરીદ કર્યો ? | (૩) ઉક્ત સ્થિતિએ ખાદ્યતેલ બફર સ્ટોક કરવા માટે વર્ષવાર ખરીદ ભાવ, જથ્થો તેમજ જે કંપનીઓ પાસેથી ખરીદી કરવામાં આવેલ છે, તેની વિગત આ સાથેના પરિશિષ્ટ મુજબ છે. |

પરિશિષ્ટ

| ક્રમ | વર્ષ | માસ | કંપનીનું નામ | ખરીદ જથ્થો ૧–લી. પાઉચ નંગ | પ્રતિ ૧–લી. પાઉચ ખરીદ ભાવ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૬–૧૭ | જુલાઇ–૧૬ | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૩૫,૨૫,૦૦૦ | ૬૬.૨૫ |
| | | | જુલાઇ–૧૬ કુલ | ૩૫,૨૫,૦૦૦ | ૬૬.૨૫ |
| | | ઓગસ્ટ–૧૬ | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૯,૦૫,૭૬૦ | ૭૨.૦૮ |
| | | | મેપ રીફોઇલ્સ ઇન્ડિયા લી. | ૯,૦૭,૬૮૦ | ૭૨.૭૫ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૭,૪૪,૦૦૦ | ૭૧.૭૫ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૯,૬૭,૫૬૦ | ૭૩.૦૦ |
| | | | ઓગસ્ટ–૧૬ કુલ | ૩૫,૨૫,૦૦૦ | ૭૨.૪૪ |
| | | સપ્ટેમ્બર–૧૬ | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૯,૦૫,૭૬૦ | ૬૮.૩૩ |
| | | | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૯,૦૭,૬૮૦ | ૬૮.૩૩ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૭,૪૪,૦૦૦ | ૬૭.૦૮ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૯,૬૭,૫૬૦ | ૬૭.૯૧ |
| | | | સપ્ટેમ્બર–૧૬ કુલ | ૩૫,૨૫,૦૦૦ | ૬૭.૯૫ |
| | | ઓક્ટોબર–૧૬ | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૬,૫૯,૩૨૮ | ૭૨.૦૮ |
| | | | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૪,૭૩,૫૪૪ | ૭૧.૭૫ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૭,૩૭,૯૦૪ | ૭૧.૭૫ |

| | | | | | પ્રતિ ૧–લી. પાઉચ |
|---|---|---|---|---|---|
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૭,૮૮,૪૬૦ | ૭૨.૦૦ |
| | | | ઓક્ટોબર–૧૬ કુલ | ૨૬,૫૯,૨૩૬ | ૭૧.૯૦ |
| | | વર્ષ ૨૦૧૬ કુલ | | ૧,૩૨,૩૪,૨૩૬ | |
| ૨ | ૨૦૧૭–૧૮ | ઓગસ્ટ–૧૭ | મેપ રીફોઈલ્સ ઈન્ડિયા લી. | ૯,૧૧,૬૮૮ | ૬૯.૫૦ |
| | | | મેપ રીફોઈલ્સ ઈન્ડિયા લી. | ૯,૧૦,૬૪૪ | ૬૯.૨૫ |
| | | | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૭,૪૪,૫૬૪ | ૬૯.૦૮ |
| | | | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૮૩,૧૦૦ | ૬૯.૦૮ |
| | | | ઓગષ્ટ–૧૭ કુલ | ૩૫,૪૯,૯૯૬ | ૬૯.૨૩ |
| | | ઓક્ટોબર–૧૭ | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૧૧,૨૩૨ | ૬૫.૪૨ |
| | | | વિમલ ઓઈલ એન્ડ ફુડ્સ લી. | ૯,૦૨,૮૪૪ | ૬૪.૫૮ |
| | | | વિમલ ઓઈલ એન્ડ ફુડ્સ લી. | ૭,૩૧,૬૭૬ | ૬૬.૨૫ |
| | | | મેપ રીફોઈલ્સ ઈન્ડિયા લી. | ૯,૫૭,૪૮૦ | ૬૫.૧૭ |
| | | | ઓક્ટોબર–૧૭ કુલ | ૩૫,૦૩,૨૩૨ | ૬૫.૩૧ |
| | | વર્ષ ૨૦૧૭ કુલ | | ૭૦,૫૩,૨૨૮ | |
| | | વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ નો એકંદરે કુલ | | ૨,૦૨,૮૭,૪૬૪ | |

---------

આજીવિકા નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન બાબતે રજૂઆત/દરખાસ્ત

***** ૭૯૬૭ શ્રી કાંતિભાઈ સોઢા પરમાર (આણંદ) **:** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આજીવીકા–નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) આજીવીકા–નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં એક પણ વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમદાવાદ જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

***** ૬૪૬૦ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) **:** માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ ૧૧ ગોડાઉનો આવેલા છે. |
| (૨) ગોડાઉનની સંગ્રહ શક્તિ કેટલી છે, અને | (૨) અમદાવાદ જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશક્તિ ૧૦૩૫૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ–૩ હેઠળ ધોળકા, ધોલેરા, દેત્રોજ, માંડલ અને સાણંદ એમ પાંચ તાલુકા ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ કુલ ૧૦૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ વધારવા માટેના ટેન્ડર મંજુર કરી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |

---------

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

કચ્છ જિલ્લામાં બાંધેલ સેવા મંડળીઓમાં ગોડાઉન

* ૬૪૯૩ ડો. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ખેડૂતોને અનાજ સંગ્રહ થાય તે માટે કેટલી સેવા મંડળીઓમાં ગોડાઉનો બાંધવામાં આવેલ છે, અને | (૧) ૨૨. |
| (૨) તે ગોડાઉનો માટે રાજ્ય સરકારે કેટલી સહાય આપી છે ? | (૨) રૂ. ૨,૧૬,૭૬,૩૩૮/–. |

---------

મોરબી અને રાજકોટ જિલ્લામાં મગફળી અને કપાસમાં પાક વિમો ઓછો મળ્યાની ફરિયાદ

* ૭૧૮૧ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મગફળી, કપાસમાં પાક વિમો ઓછો મળ્યાની સરકારને કેટલી ફરિયાદો મળી છે, | (૧) કુલ ૧૫ ફરિયાદો. |
| (૨) તે પૈકી મોરબી અને રાજકોટ જિલ્લાની કુલ કેટલી ફરિયાદો મળી, અને | (૨) મોરબી જિલ્લાની ૧ ફરિયાદ અને રાજકોટ જિલ્લાની ૧ ફરિયાદ |
| (૩) સરકારે તે અંગે શા પગલા લીધા ? | (૩) મળેલ ફરિયાદો સંદર્ભે સંબંધિત વિમા કંપનીને યોજનાની ગાઈડલાઈન મુજબ ફરિયાદનો નિકાલ કરવા માટે ઘટતી કાર્યવાહી કરવા મોકલી આપેલ છે. |

---------

ગાંધીનગર જિલ્લામાં પશુદવાખાના

* ૭૯૦૫ ડો. સી.જે.ચાવડા (ગાંધીનગર–ઉત્તર) :માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પશુ સારવાર માટે કેટલા પશુ દવાખાના, બ્રાન્ચ પશુદવાખાના, મોબાઈલ ડીસ્પેન્સરી વગેરે ઉપલબ્ધ છે,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | પશુ દવાખાના | બ્રાન્ચ પશુ દવાખાના | મોબાઈલ પશુ દવાખાના | ૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના |
|---|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦૫ | ૦ | ૦ | ૦૧ |
| ૨ | માણસા | ૦૬ | ૦ | ૦ | ૦૧ |
| ૩ | કલોલ | ૦૬ | ૦ | ૦ | ૦૦ |
| ૪ | દેહગામ | ૦૬ | ૦ | ૦ | ૦૧ |
| | કુલ | ૨૩ | ૦ | ૦ | ૦૩ |

(૨) ઉક્ત સ્થિતિએ કલોલ અને ગાંધીનગર તાલુકામાં પશુ દવાખાના શરૂ કરવાની કેટલા ગામોની માંગણીઓ આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કલોલ અને ગાંધીનગર તાલુકામાં પશુદવાખાના શરૂ કરવાની એક પણ માંગણી મળેલ નથી.

(૩) ઉક્ત માંગણીઓ પર સરકારે શી કાર્યવાહી કરી?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

નવસારી જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

## અતારાંકિત પ્રશ્નો

* ૬૪૬૮ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ નવસારી જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ નવસારી જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ ૧૪ ગોડાઉનો આવેલા છે, |
| (૨) ગોડાઉનની સંગ્રહ શક્તિ કેટલી છે, અને | (૨) નવસારી જિલ્લામાં ગોડાઉનોની સંગ્રહશક્તિ ૧૧૦૫૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ–૩ હેઠળ નવસારી, ખેરગામ તથા વાંસદા એમ ત્રણ તાલુકા ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ કુલ ૬૦૦૦ મે.ટન સંગ્રહશક્તિના ગોડાઉન બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |

---------

### પંચમહાલ જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

* ૬૪૪૯ શ્રી સી.કે.રાઉલજી (ગોધરા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ ૧૩ ગોડાઉનો આવેલા છે, |
| (૨) ગોડાઉનની સંગ્રહ શક્તિ કેટલી છે, અને | (૨) પંચમહાલ જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશક્તિ ૯૨૫૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ–૩ હેઠળ ગોધરા, શહેરા, કાલોલ અને હાલોલ એમ ચાર તાલુકા ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ કુલ ૮૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ વધારવા વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |

---------

### અમદાવાદ જિલ્લામાં એગ્રો સર્વિસ પ્રોવાઇડરની સહાય અરજીઓ

* ૬૫૨૬ શ્રી વલ્લભભાઈ કાકડિયા (ઠક્કરબાપાનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં એગ્રો સર્વિસ પ્રોવાઇડરની સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી, | (૧) ૧૦ (વર્ષ ૨૦૧૭ માં). |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૧૦. |
| (૩) કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે? | (૩) શૂન્ય. |

---------

### રાજ્યમાં ખાદ્યતેલના બફર સ્ટોકના ટેન્ડરો

* ૮૦૧૫ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ક્યા પ્રકારના કેટલા ખાદ્યતેલનો બફર સ્ટોક કરેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં રીફાઈન્ડ કપાસીયા તેલનો નીચે મુજબની વિગતે બફર સ્ટોક કરેલ છે. (૧–લી. પાઉચ નંગ) |

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૬ | ૧,૩૨,૩૪,૨૩૬ |
| વર્ષ ૨૦૧૭ | ૭૦,૫૩,૨૨૮ |
| કુલ | ૨,૦૨,૮૭,૪૬૪ |

(૨) આ ખાદ્યતેલનો બફર સ્ટોક કરવા ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા કે કેમ, અને

(૨) આ ખાદ્યતેલનો બફર સ્ટોક કરવા વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને એનસીડીઈએક્સ સ્પોટ(NCDEX SPOT) મારફતે રીવર્સ ઈ-ઓકશન યોજી સૌથી ઓછા ભાવ ઑફર કરનાર સપ્લાયર પાસેથી ખરીદી કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ખાદ્યતેલ બફર સ્ટોક કરવા માટે રાજ્ય સરકારે વર્ષવાર શા ભાવે ક્યા પ્રકારના ખાદ્યતેલનો કેટલો જથ્થો કઈ કઈ કંપનીઓ પાસેથી ખરીદ કર્યો ?

(૩) ઉક્ત સ્થિતિએ ખાદ્યતેલ બફર સ્ટોક કરવા માટે વર્ષવાર ખરીદ ભાવ, જથ્થો તેમજ જે કંપનીઓ પાસેથી ખરીદી કરવામાં આવેલ છે, તેની વિગતો આ સાથેના પરિશિષ્ટ મુજબ છે.

પરિશિષ્ટ

| ક્રમ | વર્ષ | માસ | કંપનીનું નામ | ખરીદ જથ્થો ૧-લી. પાઉચ નંગ | પ્રતિ ૧-લી. પાઉચ ખરીદ ભાવ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૬ | જુલાઈ-૧૬ | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૩૫,૨૫,૦૦૦ | ૬૬.૨૫ |
| | | | જુલાઈ-૧૬ કુલ... | ૩૫,૨૫,૦૦૦ | ૬૬.૨૫ |
| | | ઑગષ્ટ-૧૬ | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૦૫,૭૬૦ | ૭૨.૦૮ |
| | | | મેપ રીફોઈલ્સ ઈન્ડિયા લી. | ૯,૦૭,૬૮૦ | ૭૨.૭૫ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૭,૪૪,૦૦૦ | ૭૧.૭૫ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૯,૬૭,૫૬૦ | ૭૩.૦૦ |
| | | | ઑગષ્ટ-૧૬ કુલ... | ૩૫,૨૫,૦૦૦ | ૭૨.૪૪ |
| | | સપ્ટેબર-૧૬ | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૦૫,૭૬૦ | ૬૮.૩૩ |
| | | | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૦૭,૬૮૦ | ૬૮.૩૩ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૭,૪૪,૦૦૦ | ૬૭.૦૮ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૯,૬૭,૫૬૦ | ૬૭.૯૧ |
| | | | સપ્ટેમ્બર- ૧૬ કુલ... | ૩૫,૨૫,૦૦૦ | ૬૭.૯૫ |
| | | ઑક્ટોબર-૧૬ | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૬,૫૯,૩૨૮ | ૭૨.૦૮ |
| | | | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૪,૭૩,૫૪૪ | ૭૧.૭૫ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૭,૩૭,૯૦૪ | ૭૧.૭૫ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા.લી. | ૭,૮૮,૪૬૦ | ૭૨.૦૦ |
| | | | ઑક્ટોમ્બર-૧૬ કુલ... | ૨૬,૫૯,૨૩૬ | ૭૧.૯૦ |
| | | | વર્ષ ૨૦૧૬ કુલ.. | ૧,૩૨,૩૪,૨૩૬ | |
| ૨ | ૨૦૧૭ | ઑગષ્ટ-૧૭ | મેપ રીફોઈલ્સ ઇન્ડિયા લી. | ૯,૧૧,૬૮૮ | ૬૯.૫૦ |
| | | | મેપ રીફોઈલ્સ ઇન્ડિયા લી. | ૯,૧૦,૬૪૪ | ૬૯.૨૫ |
| | | | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૭,૪૪,૫૬૪ | ૬૯.૦૮ |
| | | | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૮૩,૧૦૦ | ૬૯.૦૮ |
| | | | ઓગષ્ટ-૧૭ કુલ | ૩૫,૪૯,૯૯૬ | ૬૯.૨૩ |
| | | ઑક્ટોમ્બર-૧૭ | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૧૧,૨૩૨ | ૬૫.૪૨ |
| | | | વિમલ ઓઇલ એન્ડ ફુડ્સ લી. | ૯,૦૨,૮૪૪ | ૬૪.૫૮ |
| | | | વિમલ ઓઇલ એન્ડ ફુડ્સ લી. | ૭,૩૧,૬૭૬ | ૬૬.૨૫ |
| | | | મેપ રીફોઈલ્સ ઇન્ડિયા લી. | ૯,૫૭,૪૮૦ | ૬૫.૧૭ |
| | | | ઓક્ટોબર-૧૭ કુલ | ૩૫,૦૩,૨૩૨ | ૬૫.૩૧ |
| | | | વર્ષ ૨૦૧૭ કુલ | ૭૦,૫૩,૨૨૮ | |
| | | | વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ નો એકંદરે કુલ.. | ૨,૦૨,૮૭,૪૬૪ | |

## અતારાંકિત પ્રશ્નો

---------

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

* ૬૪૬૫ શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ પૂર્વ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ ૦૯ ગોડાઉનો આવેલા છે, |
| (૨) ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશકિત ૪૬૫૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ–૨ હેઠળ જામકલ્યાણપુર અને જામખંભાળીયા ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ કુલ ૪૦૦૦ મે.ટનની સંગ્રહશકિતના ગોડાઉન બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |

---------

### ગાંધીનગર જિલ્લામાં અનાજના સંગ્રહના ગોડાઉન

* ૬૪૫૧ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ ૦૯ ગોડાઉનો આવેલા છે, |
| (૨) ગોડાઉનની સંગ્રહ શકિત કેટલી છે, અને | (૨) ગાંધીનગર જીલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશકિત ૯૭૦૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શકિત વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ–૨ હેઠળ ગાંધીનગર ખાતે ૫૦૦૦ મે.ટન સંગ્રહશકિતના ગોડાઉન બાંધકામ તા.૧૯/૦૧/૧૮ના રોજ પુર્ણ કરેલ છે અને વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ–૩ હેઠળ માણસા ખાતે ૨૦૦૦ મે.ટનના ગોડાઉન બાંધકામના ટેન્ડરનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |

---------

### રાજ્યમાં ખેલકુદ અને રમતગમતને પ્રોત્સાહન આપવા બાબત

* ૮૦૪૩ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારે ખેલકુદ અને રમતગમતને પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૧૬માં ખેલકુદ નિતિ જાહેર કરી હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા જિલ્લામાં કેટલા સ્પોર્ટસ સંકુલ કેટલી રકમના ખર્ચે બનાવવામાં આવ્યા? | (૨) વડોદરા જિલ્લામાં વાઘોડીયા ખાતે રૂ.૬૭૨.૦૪ લાખના ખર્ચે રમત સંકુલ બનાવવામાં આવેલ છે. તદઉપરાંત દસ જિલ્લામાં કાર્યરત રમત સંકુલોમાં રૂ.૬૩૨૫.૧૪ લાખના ખર્ચે માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવેલ છે. |

---------

### જુનાગઢ જિલ્લામાં એચ.એસ.આર.પી. નંબર પ્લેટમાં ફરીયાદો

* ૬૬૫૪ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જુનાગઢ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં સરકાર દ્વારા માન્ય કરવામાં આવેલ કોન્ટ્રાક્ટર દ્વારા વાહનોમાં ફીટ કરવામાં આવતી HSRP નંબર પ્લેટના નંબરો ઝડપથી ભુંસાઈ જાય છે તથા થોડું વજન આવતા અથવા વાહન પડી જતાં નંબર પ્લેટ તુટી જાય છે તેવી સંખ્યાબંધ ફરીયાદો ૩૧મી ડિસેમ્બર ૨૦૧૭ની સ્થિતિએ લાંબા સમયથી ઉભી થવા પામેલ છે. તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો સરકારે આવી ફરિયાદો દુર કરવા વારંવાર ખાત્રી આપી હોવા છતાં તેનો નિકાલ થતો નથી તેના શા કારણો છે, અને | (૨) HSRP નંબર પ્લેટ ઉપરથી નંબર ભુંસાઈ ગયાની ફરિયાદ લઈને આવનાર વાહન માલિકને વિના મુલ્યે નંબર પ્લેટ બદલી આપવામાં આવે છે. આ બાબતે જાહેર જનતાને વર્તમાન પત્રો દ્વારા અવાર-નવાર માહિતગાર કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૨૦,૦૫૩ નંબર પ્લેટ નંબર ભુંસાઈ જવાથી વિના મુલ્યે બદલી આપવામાં આવેલ છે. |
| (૩) HSRP નંબર પ્લેટનું નબળું કામ કરનાર કોન્ટ્રાક્ટરને દુર કરવા અને તેને બદલવા સહિત શી ગંભીર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ? | (૩) HSRP કોન્ટ્રાક્ટરની કામગીરીનો સતત રીવ્યુ કરવામાં આવે છે અને કોઈપણ ફરિયાદ ધ્યાનમાં આવે તો તેનો તુરંત જ નિકાલ કરવા સુચના આપવામાં આવે છે. જેનો કોન્ટ્રાક્ટર દ્વારા ત્વરીત અમલ થાય છે. આમ, ફરિયાદોનો ત્વરિત નિકાલ થતો હોય છે. |

---------

### રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના

* ૬૫૨૭ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના(વોટરશેડ કમ્પોનન્ટ) ની પારદર્શિતા જાળવવા કોઈ કામગીરી કરવામાં આવેલ છે, કે કેમ, અને | (૧) હા, તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના(વોટરશેડ કમ્પોનન્ટ)ની પારદર્શિતા જાળવવા કામગીરી કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો તે કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે ? | (૨) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ)ની પારદર્શિતા જળવાય તે માટે નીચે મુજબ કામગીરીઓ હાથ ધરવામાં આવે છે.<br>૧. ગુજરાત રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) હેઠળ જીઆઇએસ અને આઇ.ટીનો ઉપયોગ કરીને વેબસાઇટ (http://gswma.gujarat.gov.in) બનાવવામાં આવેલ છે. જેમાં મંજુર થયેલ કામોનું આયોજન તેમજ સિધ્ધિઓ જોઈ શકાય છે.<br>૨. કરવાના થતા કામો અંગેનો પ્રોજેક્ટનો વિસ્તૃત પરીયોજના અહેવાલ (ડીપીઆર) બનાવવા માટે ગ્રામજનો સાથે વિસ્તૃત ચર્ચા કર્યા પછી ગ્રામસભામાં મંજુર કરવામાં આવે છે.<br>૩. ગ્રામ્યકક્ષાની જળસ્ત્રાવ સમિતિ મારફતે રૂ. ૧,૫૦,૦૦૦થી વધુ રકમના કામો માટે ઈ-ટેન્ડર કરવામાં આવે છે.<br>૪. ભારત સરકારશ્રી દ્વારા ભુવન પોર્ટલ વિકસાવવામાં |

આવેલ છે. જેમા યોજના હેઠળ થયેલ ભૌતિક કામગીરીઓના ફોટોગ્રાફ સાથે GEO-TAGGING કરવામાં આવે છે.

---------

ભરૂચ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસો

* ૬૪૨૭ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે, | (૧) ભરૂચ જીલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની ૪૨૦ તપાસો કરવામાં આવી છે, |
| (૨) કેટલી દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી, અને | (૨) ૧૫ દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી. |
| (૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે શું પગલા લીધા? | (૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે નીચે મુજબના પગલાં લીધા:<br>૧) રૂ.૧૨,૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત કરેલ છે.<br>૨) રૂ. ૬૨,૩૧૧/- દંડ કરેલ છે.<br>૩) ૩ (ત્રણ) પરવાના મોકુફ કરેલ છે. |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મહિલા ગૃહ ઉદ્યોગ

* ૪૯૨૮શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા મહિલા ગૃહ ઉદ્યોગ ચાલે છે, અને | (૧) કુટિર ઉદ્યોગમાં મહિલા ગૃહ ઉદ્યોગ બાબતની અલગથી કોઈ યોજના અમલમાં નથી. |
| (૨) આવા ઉદ્યોગોને સરકાર તરફથી કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વડગામ અને દાંતીવાડા તાલુકામાં ખેડૂતોની જમીનને થયેલ ધોવાણ/પુનઃમોજણી

* ૮૩૫૪ શ્રી જીગ્નેશકુમાર મેવાણી (વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સને ૨૦૧૭ ના જુલાઈ માસ દરમ્યાન અતિભારે વરસાદના ભોગ બનેલા વડગામ અને દાંતીવાડા તાલુકાના તાલુકાવાર કેટલા ખેડૂતોને જમીનનું થયેલ ધોવાણ તથા પાક ધોવાણ નુકશાનની પુનઃમોજણી કરાવવા તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ માંગણી કરેલ છે,

જવાબ

(૧)

| તાલુકાવાર ખેડૂતોએ જમીનનું થયેલ ધોવાણની પુનઃમોજણી કરાવવાની કરેલ માંગણીની વિગત | | |
|---|---|---|
| અ.નં. | તાલુકો | ખેડૂતોની સંખ્યા |
| ૧ | વડગામ | ૦ |
| ૨ | દાંતીવાડા | ૦ |
| | કુલ | ૦ |

| તાલુકાવાર ખેડૂતોએ પાક ધોવાણ નુકશાનની પુનઃમોજણી કરાવવાની કરેલ માંગણીની વિગત | | |
|---|---|---|
| અ.નં. | તાલુકો | ખેડૂતોની સંખ્યા |
| ૧ | વડગામ | ૦ |
| ૨ | દાંતીવાડા | ૬ |

| | કુલ | ૦ |
|---|---|---|

(૨) તે પૈકી કેટલા તાલુકાવાર ખેડૂતોની જમીનને થયેલ ધોવાણ તથા પાક ધોવાણ માટે પુનઃમોજણી કરવામાં આવી,

(૨) જમીન ધોવાણ પુનઃમોજણીની કોઈ રજુઆત મળેલ નથી.

પાક ધોવાણ નુકશાનની પુનઃમોજણીની તમામ રજૂઆતો કટ ઓફ તારીખ બાદ મળેલ હોઈ પુનઃમોજણીની માંગણી વહીવટી અને તાંત્રીક કારણોસર માન્ય રાખવામાં આવેલ નથી.

(૩) કેટલાની તાલુકાવાર પુનઃમોજણી કરવાની બાકી છે તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બાકી રહેવાના શા કારણો છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

* ૬૪૨૩ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩(માં અન્નપૂર્ણા યોજના) હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના)ની રાજ્યમાં અમલવારી તા. ૧/૪/૧૬ થી કરવામાં આવતાં સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧/૪/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૧૭ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ કુલ ૧૧૩૬૯૭.૪૯ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ ૨૦૧૬ થી સપ્ટેમ્બર-૨૦૧૬ | AAY (કાર્ડ દીઠ) | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૫.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૪.૨૫૦ | ૨.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ | ૫ |
| ઓક્ટોબર-૨૦૧૬થી ઓક્ટોબર-૨૦૧૭ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |
| નવેમ્બર-૧૭ થી ડીસેમ્બર-૧૭ | AAY (કાર્ડ દીઠ) | ૨૩.૦૦૦ | ૨.૦૦ | ૧૨.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ | ૩.૦૦૦ | ૨.૦૦ | ૨.૦૦૦ | ૩.૦૦ | ૫ |

---------

સુરત જિલ્લામાં બાંધેલ સેવા મંડળીઓમાં ગોડાઉનો

## અતારાંકિત પ્રશ્નો

* ૬૪૯૫ શ્રી હર્ષ સંઘવી (મજૂરા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ખેડૂતોને અનાજ સંગ્રહ થાય તે માટે કેટલી સેવા મંડળીઓમાં ગોડાઉનો બાંધવામાં આવેલ છે, અને | (૧) ૨૫ |
| (૨) તે ગોડાઉનો માટે રાજ્ય સરકારે કેટલી સહાય આપી છે ? | (૨) રૂ. ૧,૭૨,૭૭,૭૪૪/- |

---------

### મહેસાણા અને સુરત જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૮૦૩૬ ડો. આશા પટેલ (ઉંઝા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા અને સુરત જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦–૧૧ રીપોર્ટ મુજબ મહેસાણા જિલ્લામાં ૨,૫૨,૨૨૮ ખેડૂત ખાતેદારો તથા સુરત જિલ્લામાં ૧,૪૦,૦૧૬ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે |
| (૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે, અને | (૨) તે પૈકી મહેસાણા અને સુરત જિલ્લાની નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે. |

| ક્રમ | વિગત | મહેસાણા | સુરત |
|---|---|---|---|
| ૧ | નાના | ૬૩,૯૬૭ | ૩૭,૭૫૭ |
| ૨ | મધ્યમ | ૧૦,૭૭૨ | ૧૧,૭૯૪ |
| ૩ | સીમાંત | ૧,૪૧,૪૧૬ | ૬૧,૪૨૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) છેલ્લા બે વર્ષમાં કયા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો ? | (૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઈ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### પુરસ્કૃત આવાસ યોજનાઓના લાભાર્થીઓ

* ૮૦૧૯ શ્રી રાજેશભાઈ ગોહિલ (ધંધુકા) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પુરસ્કૃત આવાસ યોજનાઓના લાભાર્થીઓને ડીઆરઆઇ (ઓછા વ્યાજ દરની લોન) યોજનાનો લાભ મળવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પુરસ્કૃત આવાસ યોજનાઓના લાભાર્થીઓને ડીઆરઆઇ (ઓછા વ્યાજ દરની લોન) યોજનાનો લાભ મળવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાને છેલ્લા બે વર્ષમાં કોઈ રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો? | (૨) કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### પાટણ જિલ્લામાં આવેલ ગૌસંવર્ધન કેન્દ્રો

* ૭૫૫૯ શ્રી કિરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૧૯મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગૌસંવર્ધન કેન્દ્રો આવેલા છે,

(૧)

| તાલુકો | ગૌસંવર્ધન કેન્દ્રો |
|---|---|
| શંખેશ્વર | ૧ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ગૌસંવર્ધન માટે કેટલી રકમની બજેટમાં ફાળવણી કરવામાં આવેલ, અને

(૨)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ રૂ. |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૧૫૦.૦૦ લાખ |
| ૨૦૧૭-૧૮ | ૧૫૦.૦૦ લાખ |

(૩) તે પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

(૩)

| વર્ષ | કરેલ ખર્ચ રૂ. |
|---|---|
| ૨૦૧૬-૧૭ | રૂ. ૧,૨૮,૮૭,૫૮૬ |
| ૨૦૧૭-૧૮ (ફેબ્રુ-૨૦૧૮ અંતિત) | રૂ. ૪૨,૬૦,૦૬૦ |

---------

### આણંદ જિલ્લામાં અનાજના સંગ્રહના ગોડાઉન

* ૬૪૬૨ શ્રી ગોવિંદભાઈ પરમાર (ઉમરેઠ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે,

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ ૧૭ ગોડાઉનો આવેલા છે.

(૨) ગોડાઉનની સંગ્રહ શક્તિ કેટલી છે, અને

(૨) આણંદ જીલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશક્તિ ૧૨૩૫૦ મે.ટન છે.

(૩) સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ?

(૩) વેરહાઉસીંગ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ-૨ હેઠળ સોજીત્રા અને ઉમરેઠ ખાતે ૨૦૦૦ મે.ટન સંગ્રહશક્તિના ગોડાઉન બાંધકામની કામગીરી તા.૩૧/૦૮/૨૦૧૭ના રોજ પૂર્ણ થયેલ છે અને તારાપુર ખાતે ૨૦૦૦ મે.ટનનું ગોડાઉન બાંધકામની કામગીરી તા.૩૧/૦૧/૨૦૧૮ના રોજ પૂર્ણ થયેલ છે.

---------

### સુરત જિલ્લામાં કેળ પાકના વાવેતરમાં સહાય

* ૬૫૫૧ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) રાજ્યમાં કેળ (ટીસ્યુ) પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા.

(૨) જો હા, તો તે માટે તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭-૧૮ માં સુરત જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

(૨) રૂ.૧,૨૩,૬૮,૩૧૩/-

---------

### દાહોદ જિલ્લામાં ખાંડ અને આયોડીનયુકત મીઠાનું વિતરણ

* ૬૪૧૭ શ્રી શૈલેષભાઈ ભાભોર (લીમખેડા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું ? | દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું. |

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો (મેટ્રીક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૫૫૪૯.૧૧ |
| આયોડીનયુક્ત મીઠું | ૨૭૨૪.૬૨ |

---------

### આણંદ અને નવસારી જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૭૯૬૪ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને નવસારી જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ રીપોર્ટ મુજબ આણંદ જિલ્લામાં ૨,૧૬,૧૫૨ ખેડૂત ખાતેદારો તથા નવસારી જિલ્લામાં ૧,૨૪,૫૮૯ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે. |
| (૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે, અને | (૨) તે પૈકી આણંદ અને નવસારી જિલ્લાની નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે. |

| ક્રમ | વિગત | આણંદ | નવસારી |
|---|---|---|---|
| ૧ | નાના | ૪૧,૯૧૩ | ૨૨,૦૨૨ |
| ૨ | મધ્યમ | ૫,૩૬૦ | ૫,૭૮૭ |
| ૩ | સીમાંત | ૧,૪૯,૯૭૦ | ૮૧,૯૩૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ક્યા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો ? | (૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઈ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ખાતેદાર ખેડૂત સંખ્યા

* ૭૫૫૬ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખેડૂત ખાતેદારોની સંખ્યા કેટલી છે, | (૧) *પત્રક-અ મુજબ. |
| (૨) તેમાંથી તાલુકાવાર કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે, અને | (૨) *પત્રક-બ મુજબ. |
| (૩) કેટલા ખેડૂતોને કાર્ડ આપવામાં બાકી છે અને તેમને ક્યાં સુધીમાં કાર્ડ આપવામાં આવશે ? | (૩)<br>● અવિભાજીત જુનાગઢ જિલ્લામાં ત્રીજા તબક્કામાં ૧,૭૯,૪૭૪ ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાના બાકી છે.<br>● બાકી રહેલ ખેડૂતોના જમીનના નમુનાના એકત્રીકરણ તથા પૃથ્થકરણની કામગીરી પૂર્ણ થયેલ છે. ભારત સરકારશ્રી દ્વારા સોઈલ હેલ્થ કાર્ડ |

પ્રિન્ટ કરવા માટે જે તે ખેડૂતનો આધાર નંબર ફરજીયાત કરેલ હોઈ ખેડૂતોના આધાર નંબર મેળવવાની કાર્યવાહી ચાલુ છે. જે મળ્યેથી બાકી રહેલ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

વડોદરા જિલ્લામાં ઈનપુટસ કિટસ આપવાની યોજના

* ૬૫૪૯ શ્રીમતિ મનિષા વકીલ (વડોદરા શહેર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં અનુસૂચિત જાતિના ખેડૂતોને શાકભાજીની ખેતી કરવા માટેના વિનામુલ્ય ઈનપુટસ કિટસ આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં વડોદરા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી કિટસ વિતરણ કરવામાં આવી ? | (૨) ૧૬૯ લાભાર્થી. ૨૨૨ કિટસ. |

---------

રાજ્ય સરકારે બસોના ભાડા પેટે ચૂકવેલ રકમ

* ૭૯૬૦ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે સરકારી કાર્યક્રમો માટે ભાડે લીધેલ એસ.ટી. નિગમની બસોના ભાડા પેટે કેટલી રકમ વર્ષવાર ચૂકવવાની થાય છે,

(૨) આ રકમ પૈકી એસ.ટી. નિગમને કેટલી રકમ ક્યારે ચૂકવવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૩) બાકી રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

જવાબ

(૧)

| વર્ષ | રકમ રૂ. |
|---|---|
| ૨૦૧૬ | રૂ.૧૮,૩૯,૪૦,૪૧૮ |
| ૨૦૧૭ | રૂ.૫૭,૦૨,૫૫,૯૩૬ |

(૨)

| વર્ષ | નિગમને ચૂકવાયેલ રકમ રૂ. | ચૂકવવાની બાકી રકમ રૂ. |
|---|---|---|
| ૨૦૧૬ | રૂ.૧૫,૫૮,૭૯,૭૯૪ | રૂ.૨,૮૦,૬૦,૬૨૪ |
| ૨૦૧૭ | રૂ.૩૮,૮૫,૯૫,૭૬૫ | રૂ.૧૮,૧૬,૬૦,૧૭૧ |

(૩) જુદી જુદી કચેરીઓ પાસેથી બાકી રકમ એસ.ટી. નિગમે લેવાની થાય છે. નિગમે રકમ ચૂકવવાની ન હોવાથી આ ખંડ એસ.ટી. નિગમને સંબંધિત નથી.

---------

બોટાદ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ

* ૬૪૨૮ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બોટાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે, | (૧) બોટાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની ૧૭૫ તપાસો કરવામાં આવી છે. |
| (૨) કેટલી દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી, અને | (૨) ૨૦ દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી. |
| (૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે શું પગલા લીધા ? | (૩) જોવા મળેલ ગેરરીતિઓ અન્વયે નીચે મુજબના પગલાં લીધા. <br>૧. રૂ.૨,૪૦,૭૮૫/- ની કિંમતનો જથ્થો કબજે કરેલ છે. <br>૨. રૂ.૪૩,૦૯૨/- ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરેલ |

છે.

૩. ૧(એક) પરવાનો મોકુફ કરેલ છે.

૪. ૧ (એક) પરવાનો રદ કરેલ છે.

---------

વડોદરા જિલ્લામાં પી.ઓ.એસ. મશીન આપવા બાબત

* ૬૫૪૧ શ્રીમતિ સીમાબેન મોહિલે (અકોટા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં સબસીડીપાત્ર ખાતર વિતરણ કરનાર ખાતર વિક્રેતાઓ કેટલા છે, | (૧) ૨૬૦ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિક્રેતાઓને પોઈન્ટ ઓફ સેલ મશીન આપવામાં આવેલ છે, અને | (૨) ૨૬૦ |
| (૩) કેટલા વિક્રેતાઓને પોઈન્ટ ઓફ સેલ મશીન આપવાના બાકી છે ? | (૩) ૦ |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિદ્યાર્થીઓ માટે બસની સુવિધા

* ૮૪૦૮ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિદ્યાર્થીઓને અપડાઉન કરવા માટે બસની સુવિધા ઉપલબ્ધ કરાવવા બાબતની કેટલી ફરિયાદો રાજ્ય સરકારને તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળી, અને

(૨) તે અન્વયે કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો ?

જવાબ

(૧)

| વર્ષ | જામનગર જિલ્લો | દેવભૂમિ દ્વારકા જિલ્લો |
|---|---|---|
| ૨૦૧૬ | ૫ | ૨ |
| ૨૦૧૭ | ૪ | ૧ |

(૨) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિદ્યાર્થીઓને અપડાઉન કરવા માટે બસની સુવિધા ઉપલબ્ધ કરાવવા બાબતની કુલ-૧૨ ફરિયાદો મળેલ છે. તે તમામ ફરિયાદોનો ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા હકારાત્મક નિકાલ કરવામાં આવેલ છે.

---------

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન હેઠળ રાજ્યને મળેલ રકમ

* ૮૦૪૬ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન હેઠળ/અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ કેન્દ્રીય સહાયના હિસ્સાની કેન્દ્ર સરકારશ્રી તરફથી રાજ્યને મળેલ રકમની વિગત નીચે મુજબ છે.

(નાણાંકીય વર્ષ મુજબ)

| વર્ષ | રકમ (રૂ.માં) |
|---|---|
| ૨૦૧૬-૧૭ | ૩૪,૯૭,૬૩,૩૨૫=૦૦ |
| તા.૧-૪-૧૭ થી | ૧,૪૫,૧૩,૭૪,૬૬૮=૦૦ |

તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| તા.૩૧-૧૨-૧૭ | |

---------

દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

* ૭૯૩૭ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઈ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, | (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઈ રહ્યું છે તેવી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા,તો આ કૌભાંડને અટકાવવા સરકારે શું કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ જિલ્લાઓમાં ઉક્ત સ્થિતિએ આવી ગેરરીતિ કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શું કાર્યવાહીઓ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજ્યમાં ખાદ્યતેલના બફર સ્ટોકના ટેન્ડરો

* ૮૦૨૩ શ્રી સોમાભાઈ કોળીપટેલ (લીંબડી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગરીબોને તહેવારોમાં સસ્તું અને પૂરતું ખાદ્યતેલ મળી રહે તે માટે તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા પ્રકારના કેટલા ખાદ્યતેલનો બફર સ્ટોક કરેલ છે, | (૧) રાજ્યમાં ગરીબોને તહેવારોમાં સસ્તું અને પૂરતું ખાદ્યતેલ મળી રહે તે માટે તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રીફાઈન્ડ કપાસીયા તેલનો નીચે મુજબની વિગતે બફર સ્ટોક કરેલ છે. |

(૧-લી. પાઉચ નંગ)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૬ | ૧,૩૨,૩૪,૨૩૬ |
| વર્ષ ૨૦૧૭ | ૭૦,૫૩,૨૨૮ |
| કુલ | ૨,૦૨,૮૭,૪૬૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ખાદ્યતેલના બફર સ્ટોક માટે રાજ્ય સરકારે કોની પાસેથી ક્યા પ્રકારનો ખાદ્યતેલનો જથ્થો કઈ કંપનીઓ પાસેથી ખરીદ કર્યો, અને | (૨) ખાદ્યતેલના બફર સ્ટોક કરવા માટે રાજ્ય સરકારે નોડલ એજન્સી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. મારફતે રીફાઈન્ડ કપાસીયા તેલનો જથ્થો ખરીદ કરવામાં આવેલ છે. જે કંપનીઓ પાસેથી રીફાઈન્ડ કપાસીયા તેલની ખરીદી કરવામાં આવેલ છે. તેની વિગત આ સાથેના પરિશિષ્ટ મુજબ છે. |
| (૩) ગરીબોને શા ભાવે વેચાણ કરવામાં આવ્યું ? | (૩) ગરીબોને રૂ.૪૮/- પ્રતિ લીટરના ભાવથી વેચાણ કરવામાં આવ્યું. |

પરિશિષ્ટ

| અ.નં. | વર્ષ | માસ | કંપનીનું નામ | રીફાઈન્ડ કપાસીયા તેલનો ખરીદ કરેલ જથ્થો ૧-લી. પાઉચ નંગ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૬-૧૭ | જુલાઈ-૧૬ | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૩૫,૨૫,૦૦૦ |
| | | ઓગસ્ટ-૧૬ | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૦૫,૭૬૦ |
| | | | મેપ રીફોઈલ્સ ઈન્ડિયા લી. | ૯,૦૭,૬૮૦ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૭,૪૪,૦૦૦ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૯,૬૭,૫૬૦ |
| | | સપ્ટેમ્બર-૧૬ | ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. | ૯,૦૫,૭૬૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૯,૦૭,૬૮૦ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૭,૪૪,૦૦૦ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૯,૬૭,૫૬૦ |
| | | ઓક્ટોબર–૧૬ | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૬,૫૯,૩૨૮ |
| | | | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૪,૭૩,૫૪૪ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૭,૩૭,૯૦૪ |
| | | | પાર્થ કોમોડિટી સર્વિસીસ પ્રા. લી. | ૭,૮૮,૪૬૦ |
| | | વર્ષ ૨૦૧૬ (જાન્યુઆરી–૧૬ થી ડિસેમ્બર–૧૬) કુલ | | ૧,૩૨,૩૪,૨૩૬ |
| ૨ | ૨૦૧૭–૧૮ | ઓગસ્ટ–૧૭ | મેપ રીફોઇલ્સ ઇન્ડિયા લી. | ૯,૧૧,૬૮૮ |
| | | | મેપ રીફોઇલ્સ ઇન્ડિયા લી. | ૯,૧૦,૬૪૪ |
| | | | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૭,૪૪,૫૬૪ |
| | | | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૯,૮૩,૧૦૦ |
| | | ઓક્ટોબર–૧૭ | ગોકુલ એગ્રી ઇન્ટરનેશનલ લી. | ૯,૧૧,૨૩૨ |
| | | | વિમલ ઓઇલ એન્ડ ફુડ્સ લી. | ૯,૦૨,૮૪૪ |
| | | | વિમલ ઓઇલ એન્ડ ફુડ્સ લી. | ૭,૩૧,૬૭૬ |
| | | | મેપ રીફોઇલ્સ ઇન્ડિયા લી. | ૯,૫૭,૪૮૦ |
| | | વર્ષ ૨૦૧૭ (જાન્યુઆરી–૧૭ થી ડિસેમ્બર–૧૭) કુલ... | | ૭૦,૫૩,૨૨૮ |
| | | વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ નો એકંદરે કુલ... | | ૨,૦૨,૮૭,૪૬૪ |

---------

ગાંધીનગર જિલ્લામાં નવા વાહનોને નંબર પ્લેટ લગાવવાનો કોન્ટ્રાક્ટ

* ૭૯૨૬ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જીલ્લામાં નવા વાહનોને નંબર પ્લેટ લગાવવાનો કોન્ટ્રાક્ટ કઈ એજન્સીને ક્યારથી સોંપવામાં આવેલ છે, અને | (૧) સમગ્ર ગુજરાત રાજ્યમાં HSRP લગાડવા FTA HSRP Solutions Pvt. Ltd. ને તા. ૨૬–૦૫–૨૦૧૨ના રોજ કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે. જેમાં ગાંધીનગર જિલ્લાનો પણ સમાવેશ થાય છે. તા. ૧૦–૧૧–૨૦૧૨ના રોજથી HSRP નું અમલીકરણ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ જુદા જુદા પ્રકારના વાહનોને નંબર લગાવવાનો વાહનદીઠ ચાર્જ કેટલો વસુલવામાં આવે છે ? | (૨) ઉક્ત સ્થિતિએ જુદા જુદા પ્રકારના વાહનોને નંબર લગાવવાનો વાહનદીઠ ચાર્જ નીચે મુજબ વસુલવામાં આવે છે. |

| HSRP ના દરો | આર.ટી.ઓ. દ્વારા લેવાતા દર (રૂપિયામાં) |
|---|---|
| બે પૈડાવાળા વાહનો | ૧૪૦ |
| ત્રણ પૈડાવાળા વાહનો | ૧૮૦ |
| ચાર પૈડાવાળા વાહનો (LMV) | ૪૦૦ |
| ચાર પૈડાવાળા વાહનો (HMV) | ૪૨૦ |

---------

ભાવનગર જિલ્લામાં ખાંડ અને આયોડીનયુક્ત મીઠાનું વિતરણ

* ૬૪૧૨ શ્રી રાઘવભાઈ મકવાણા (મહુવા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું. |

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો (મેટ્રીક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૩૨૫૪.૬૪ |
| આયોડીનયુક્ત મીઠું | ૧૬૨૯.૫૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) કેટલા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું? | (૨) સરેરાશ ૧,૩૯,૦૧૫ કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું. |

---------

### ઈન્દિરા આવાસ યોજનામાં આવાસની કિંમતમાં વધારો

* ૭૯૪૪ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ-૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજનામાં આવાસની કિંમતમાં વધારો કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) વર્ષ-૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજનામાં આવાસની કિંમતમાં વધારો કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કોઈ રજૂઆત/દરખાસ્ત કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો ? | (૨) કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### ભરૂચ અને વાગરા તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બહુમાળી મકાન બનાવવાનું આયોજન

* ૫૫૬૭ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (ગ્રામ વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ ભરૂચ અને વાગરા તાલુકામાં "પ્રધાન મંત્રી આવાસ યોજના (ગ્રામીણ)" હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં એપાર્ટમેન્ટ (બહુમાળી મકાન) બનાવવાનું સરકાર દ્વારા કોઈ આયોજન હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) પ્રધાન મંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં એપાર્ટમેન્ટ (બહુમાળી મકાન) બનાવવા અંગેની કોઈ જોગવાઈ નથી. આથી ભરૂચ અને વાગરા તાલુકામાં બહુમાળી મકાન બનાવવા આયોજન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો "હા" તો આ કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### નર્મદા જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૬૪૪૩ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં નવા રેશનકાર્ડની ૮૮૦ અરજીઓ મળેલ હતી. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) ઉક્ત અરજીઓ પૈકી કુલ ૮૭૨ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) મળેલ અરજીઓ પૈકી ૮ અરજીઓ પડતરમાં છે. |
| (૪) પડતર રહેવાના કારણો શું છે ? | (૩) અરજીઓ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.<br>(૧) બાયોમેટ્રીક આપવા ન આવેલ હોવાથી |

(૨) આધાર-પુરાવા રજુ ન કરેલ હોવાથી

---------

ભરૂચ અને નર્મદા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

* ૭૯૪૮ શ્રી સંજયભાઈ સોલંકી (જંબુસર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, | (૧) તા.૩૧-૦૧-૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તેવી કોઇ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા,તો આ કૌભાંડને અટકાવવા સરકારે શું કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં આવી ગેરરીતિ કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શું કાર્યવાહીઓ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમરેલી જિલ્લામાં એચ.એસ.આર.પી. નંબર પ્લેટ

* ૬૬૫૧ શ્રી પ્રતાપ દુધાત (સાવરકુંડલા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સરકાર દ્વારા માન્ય કરેલ કોન્ટ્રાક્ટર દ્વારા વાહનોમાં ફીટ કરવામાં આવતી (HSRP) એચ.એસ.આર.પી. નંબર પ્લેટના નંબરો ભુંસાઈ જાય છે, થોડું વજન આવતા અથવા વાહન પડી જતાં નંબર પ્લેટ તુટી જાય છે તેવી સંખ્યાબંધ ફરીયાદો લાંબા સમયથી ઉભી થવા પામેલ છે. તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો સરકારે આવી ફરિયાદો દૂર કરવા વારંવાર ખાત્રી આપી હોવા છતાં તેનો નિકાલ થતો નથી તેના શા કારણો છે, અને | (૨) HSRP નંબર પ્લેટ ઉપરથી નંબર ભુંસાઈ ગયાની ફરિયાદ લઈને આવનાર વાહન માલિકને વિના મુલ્યે નંબર પ્લેટ બદલી આપવામાં આવે છે. આ બાબતે જાહેર જનતાને વર્તમાન પત્રો દ્વારા અવાર-નવાર માહિતગાર કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૨૦,૦૫૩ નંબર પ્લેટ નંબર ભુંસાઈ જવાથી વિના મુલ્યે બદલી આપવામાં આવેલ છે. |
| (૩) HSRP નંબર પ્લેટનું લાંબા સમયથી નબળું કામ કરનાર કોન્ટ્રાક્ટરને દુર કરવા અને તેને બદલવા સહિત શી ગંભીર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ? | (૩) HSRP કોન્ટ્રાક્ટરની કામગીરીનો સતત રીવ્યુ કરવામાં આવે છે અને કોઈપણ ફરિયાદ ધ્યાનમાં આવે તો તેનો તુરંત જ નિકાલ કરવા સુચના આપવામાં આવે છે. જેનો કોન્ટ્રાક્ટર દ્વારા ત્વરીત અમલ થાય છે. આમ, ફરિયાદોનો ત્વરિત નિકાલ થતો હોય છે. |

---------

બોટાદ જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

* ૬૪૬૪ શ્રી ભીખાભાઈ બારૈયા (પાલીતાણા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ ૦૭ ગોડાઉનો આવેલા છે. |
| (૨) ગોડાઉનની સંગ્રહ શક્તિ કેટલી છે, અને | (૨) બોટાદ જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહ શક્તિ ૫૬૫૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શું પગલા લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ-૩ હેઠળ રાણપુર ખાતે ૨૦૦૦ મે.ટન સંગ્રહશક્તિના ગોડાઉન બાંધકામના અંદાજોની મંજુરી આપેલ છે અને બરવાળા ખાતે ૨૦૦૦ મે.ટન ગોડાઉન બાંધકામની કામગીરીના ટેન્ડર મંજુર થયેલ છે. આમ ૪૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ વધારવા રાજ્ય સરકારે પગલાં લીધેલ છે. |

---------

રાજ્ય સરકારે બસોના ભાડા પેટે ચુકવેલ રકમ

* ૮૦૩૨ શ્રી અલ્પેશ ઠાકોર (રાધનપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે સરકારી કાર્યક્રમો માટે ભાડે લીધેલ એસ.ટી. નિગમની બસોના ભાડા પેટે કેટલી રકમ વર્ષવાર ચૂકવવાની થાય છે, | (૧) |

| વર્ષ | રકમ રૂ. |
|---|---|
| ૨૦૧૬ | રૂ. ૧૮,૩૯,૪૦,૪૧૮ |
| ૨૦૧૭ | રૂ. ૫૭,૦૨,૫૫,૯૩૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ રકમ પૈકી એસ.ટી.નિગમને કેટલી રકમ ક્યારે ચૂકવવામાં આવી અને કેટલી બાકી છે, અને | (૨) |

| વર્ષ | નિગમને ચુકવાયેલ રકમ રૂ. | ચૂકવવાની બાકી રકમ રૂ. |
|---|---|---|
| ૨૦૧૬ | રૂ. ૧૫,૫૮,૭૯,૭૯૪ | રૂ. ૨,૮૦,૬૦,૬૨૪ |
| ૨૦૧૭ | રૂ. ૩૮,૮૫,૯૫,૭૬૫ | રૂ. ૧૮,૧૬,૬૦,૧૭૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) બાકી રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ? | (૩) જુદી જુદી કચેરીઓ પાસેથી બાકી રકમ એસ.ટી.નિગમે લેવાની થાય છે. નિગમે રકમ ચૂકવવાની ન હોવાથી આ ખંડ એસ.ટી.નિગમને સંબંધિત નથી. |

---------

રાજકોટ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ

* ૬૪૮૭ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને થાપણ વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે તથા જિલ્લા માટે કેટલી જોગવાઈ કરવામાં આવેલ છે ? | ૧૬, જિલ્લાવાર જોગવાઈ કરવામાં આવતી નથી. |

---------

માછીમારોના કુટુંબોને જીવન નિર્વાહ માટે સહાય

* ૪૧૪૩ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ પાકિસ્તાન દ્વારા પકડાયેલ માછીમારોના કુટુંબને જીવન | (૧) હા, જી. |

નિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા કુટુંબોને કેટલી રકમની સહાય ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આપવામાં આવી ?

(૨)

| વર્ષ | કુટુંબ | રકમ |
|---|---|---|
| તા. ૧-૧-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધી | ૩૬૦ | રૂ. ૧,૯૩,૨૬,૬૦૦/- |
| તા. ૧-૧-૨૦૧૭ થી તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધી | ૪૯૧ | રૂ. ૧,૮૮,૧૬,૯૦૦/- |

---------

અમરેલી જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૬૪૪૭ શ્રી અરવિંદ રાણા (સુરત-પૂર્વ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જીલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં નવા રેશનકાર્ડની ૨૧૪૬ અરજીઓ મળી. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) મળેલ તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) પડતર રહેવાના કારણો શું છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

સાબરકાંઠા જિલ્લામાં અનાજના સંગ્રહના ગોડાઉન

* ૬૪૬૯ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં અનાજના સંગ્રહ માટે કુલ ૧૯ ગોડાઉનો આવેલા છે. |
| (૨) ગોડાઉનની સંગ્રહ શક્તિ કેટલી છે, અને | (૨) સાબરકાંઠા જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહ શક્તિ ૭૩૫૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શું પગલા લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ-૩ હેઠળ તલોદ, હિંમતનગર, ઈડર અને વિજયનગર એમ કુલ ચાર તાલુકા ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન મુજબ કુલ ૮૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ વધારવા વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |

---------

રાજ્યમાં અનાજના જથ્થાનો સંગ્રહ માટે વ્યવસ્થા

## તા. ૧૯મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

* ૭૯૬૯ શ્રી પુનમભાઈ પરમાર (વ્યારા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય માટે કુલ મળવાપાત્ર અનાજના જથ્થાનો સંગ્રહ કરવા માટે પુરતી વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ પૈકી અનાજના જથ્થાનો સંગ્રહ કરવા માટેની વ્યવસ્થામાં કોઈ વધારો કરવાનું આયોજન છે કે કેમ ? | (૨) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ–૨ અન્વયે ૩૯૦૦૦ મે.ટન તથા વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ–૩ અન્વયે ૧૬૮૦૦૦ મે.ટન આમ કુલ ૨૦૭૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ વધારવાનું આયોજન છે. |

---------

### સેલ્ફ હેલ્થ ગૃપ–ક્રેડીટ કાર્ડ યોજનામાં રાજ્યે કરેલ રજૂઆત/દરખાસ્ત

* ૮૦૩૦ સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સેલ્ફ હેલ્થ ગૃપ–ક્રેડીટ કાર્ડ યોજના બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) સેલ્ફ હેલ્થ ગૃપ–ક્રેડીટ કાર્ડ યોજના બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં એકપણ વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### સુરત જિલ્લામાં ટ્રેક્ટર સહાય માટેની અરજીઓ

* ૬૫૪૪ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ટ્રેક્ટરની સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી, | (૧) ૧૨૬૦ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૭૦૯ અરજીઓ માટે કુલ રૂ. ૩૭૭.૧૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓની સહાય ચુકવવાની બાકી છે ? | (૩) ૧૮૮ |

---------

### અમદાવાદ શહેરમાં ખાંડ અને આયોડીનયુક્ત મીઠાનું વિતરણ

* ૬૪૧૫ શ્રી પ્રદિપભાઈ પરમાર (અસારવા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદ શહેરમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું? | અમદાવાદ શહેરમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું. |

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો (મેટ્રીક ટનમાં) |
|---|---|

| | |
|---|---|
| ખાંડ | ૨૫૦૬.૭૭ |
| આયોડીનયુક્ત મીઠું | ૧૨૬૫.૨૪ |

---------

બનાસકાંઠા જિલ્લામાં ખાંડ અને આયોડીનયુક્ત મીઠાનું વિતરણ

* ૬૪૧૪ શ્રી કિર્તિસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ખાંડ તેમજ આયોડીનયુકત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું?

જવાબ

બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાંડ તેમજ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું.

| ચીજવસ્તુનું નામ | વિતરણ કરેલ જથ્થો (મેટ્રીક ટનમાં) |
|---|---|
| ખાંડ | ૫૩૫૩.૨૬ |
| આયોડીનયુક્ત મીઠું | ૨૦૫૭.૦૯ |

---------

માંગરોળ બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના

* ૬૪૯૨ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લાની માંગરોળ બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

જવાબ

(૧) રૂ. ૫૦.૦૦ લાખ

(૨) રૂ. ૫૦.૦૦ લાખ

---------

આણંદ અને વડોદરા જીલ્લામાં પ્રધાનમંત્રી આવાસ

* ૮૩૪૭ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ આણંદ અને વડોદરા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા પ્રધાનમંત્રી આવાસ મંજૂર કરવામાં આવેલ છે,

જવાબ

(૧) તા.૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ વડોદરા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબના પ્રધાનમંત્રી આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

| | મંજૂર કરવામાં આવેલ આવાસો | | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૬–૧૭ | વર્ષ ૨૦૧૭–૧૮ |
| ૧ | ડભોઈ | ૧૩૦ | ૩૭ |
| ૨ | ડેસર | ૨૮૪ | ૫ |
| ૩ | કરજણ | ૨૧૬ | ૬૧ |
| ૪ | પાદરા | ૭૩૮ | ૧૭ |
| ૫ | સાવલી | ૧૬૪ | ૬ |
| ૬ | શિનોર | ૪૯ | ૮ |
| ૭ | વડોદરા | ૧૯૯ | ૩૫ |
| ૮ | વાઘોડીયા | ૭૧ | ૯ |
| | કુલ | ૧૮૫૧ | ૧૭૮ |

તા.૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ આણંદ જીલ્લામાં છેલ્લા બે

વર્ષમાં તાલુકાવાર નીચે મુજબના પ્રધાનમંત્રી આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

| | મંજૂર કરવામાં આવેલ આવાસો | | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૬–૧૭ | વર્ષ ૨૦૧૭–૧૮ |
| ૧ | આણંદ | ૬૬ | ૨૦૭ |
| ૨ | આંકલાવ | ૧૨૯ | ૧૫૯ |
| ૩ | બોરસદ | ૩૩૭ | ૧૯૯ |
| ૪ | ખંભાત | ૩૯૩ | ૨૭૫ |
| ૫ | પેટલાદ | ૨૨૮ | ૨૬૨ |
| ૬ | સોજીત્રા | ૬૦ | ૨૯ |
| ૭ | તારાપુર | ૩૦૭ | ૮૨ |
| ૮ | ઉમરેઠ | ૧૨૮ | ૮૫ |
| | કુલ | ૧૬૪૮ | ૧૨૯૮ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલાને પ્રથમ, બીજો અને અંતિમ હપ્તો ચૂકવવામાં આવેલ, અને

(૨) ઉક્ત સ્થિતિએ વડોદરા જીલ્લામાં નીચે મુજબના લાભાર્થીઓને પ્રથમ, બીજો અને અંતિમ હપ્તો ચૂકવવામાં આવેલ.

| | | વર્ષ–૨૦૧૬–૧૭ | | | વર્ષ–૨૦૧૭–૧૮ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | પ્રથમ હપ્તો | બીજો હપ્તો | અંતિમ હપ્તો | પ્રથમ હપ્તો | બીજો હપ્તો | અંતિમ હપ્તો |
| ૧ | ડભોઈ | ૧૨૯ | ૧૧૬ | ૩૫ | ૩૭ | ૨૯ | ૫ |
| ૨ | ડેસર | ૨૮૩ | ૨૩૫ | ૪૦ | ૫ | ૪ | ૦ |
| ૩ | કરજણ | ૨૧૫ | ૧૬૮ | ૧૪ | ૬૧ | ૪૦ | ૦ |
| ૪ | પાદરા | ૭૩૮ | ૬૪૦ | ૧૬૫ | ૧૭ | ૩ | ૦ |
| ૫ | સાવલી | ૧૬૪ | ૧૪૫ | ૪૬ | ૬ | ૪ | ૨ |
| ૬ | શિનોર | ૪૯ | ૪૬ | ૧૪ | ૮ | ૮ | ૩ |
| ૭ | વડોદરા | ૧૯૬ | ૧૪૭ | ૨૧ | ૩૫ | ૨૦ | ૦ |
| ૮ | વાઘોડીયા | ૭૧ | ૬૬ | ૨૯ | ૯ | ૮ | ૧ |
| | કુલ | ૧૮૪૫ | ૧૫૬૩ | ૩૬૪ | ૧૭૮ | ૧૧૬ | ૧૧ |

ઉક્ત સ્થિતિએ આણંદ જીલ્લામાં નીચે મુજબના લાભાર્થીઓને પ્રથમ, બીજો અને અંતિમ હપ્તો ચૂકવવામાં આવેલ.

| | | વર્ષ–૨૦૧૬–૧૭ | | | વર્ષ–૨૦૧૭–૧૮ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | પ્રથમ હપ્તો | બીજો હપ્તો | અંતિમ હપ્તો | પ્રથમ હપ્તો | બીજો હપ્તો | અંતિમ હપ્તો |
| ૧ | આણંદ | ૬૫ | ૫૭ | ૦ | ૧૯૯ | ૯૫ | ૦ |
| ૨ | આંકલાવ | ૧૨૧ | ૧૦૩ | ૪ | ૧૫૬ | ૮૨ | ૦ |
| ૩ | બોરસદ | ૩૧૭ | ૨૪૬ | ૦ | ૬૫ | ૪૦ | ૦ |
| ૪ | ખંભાત | ૩૪૯ | ૨૮૩ | ૦ | ૨૬૫ | ૧૨૪ | ૦ |
| ૫ | પેટલાદ | ૨૨૨ | ૧૫૧ | ૦ | ૨૩૯ | ૧૧૭ | ૦ |
| ૬ | સોજીત્રા | ૫૯ | ૫૧ | ૦ | ૨૯ | ૧૪ | ૦ |
| ૭ | તારાપુર | ૨૦૬ | ૧૪૩ | ૦ | ૭૯ | ૩૩ | ૦ |
| ૮ | ઉમરેઠ | ૧૨૩ | ૧૦૯ | ૦ | ૮૩ | ૧૮ | ૦ |
| | કુલ | ૧૪૬૨ | ૧૧૪૩ | ૪ | ૧૧૧૫ | ૫૨૩ | ૦ |

(૩) કેટલા આવાસ પૂર્ણ થયેલ છે ?

(૩) વડોદરા જીલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નીચે મુજબના આવાસો પૂર્ણ થયેલ છે.

| | પૂર્ણ થયેલા આવાસો | | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૬–૧૭ | વર્ષ ૨૦૧૭–૧૮ |

| | | | |
|---|---|---|---|
| ૧ | ડભોઈ | ૩૫ | ૫ |
| ૨ | ડેસર | ૫૫ | ૦ |
| ૩ | કરજણ | ૧૫ | ૦ |
| ૪ | પાદરા | ૨૫૧ | ૦ |
| ૫ | સાવલી | ૭૯ | ૧ |
| ૬ | શિનોર | ૨૭ | ૩ |
| ૭ | વડોદરા | ૭૪ | ૫ |
| ૮ | વાઘોડીયા | ૨૯ | ૧ |
| | કુલ | ૫૬૫ | ૧૫ |

આણંદ જીલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નીચે મુજબના આવાસો પૂર્ણ થયેલ છે.

| | | પૂર્ણ થયેલા આવાસો | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૬-૧૭ | વર્ષ ૨૦૧૭-૧૮ |
| ૧ | આણંદ | ૨૮ | ૧૯ |
| ૨ | આંકલાવ | ૨૨ | ૮ |
| ૩ | બોરસદ | ૫૨ | ૧૧ |
| ૪ | ખંભાત | ૯૧ | ૨૫ |
| ૫ | પેટલાદ | ૪૪ | ૨૧ |
| ૬ | સોજીત્રા | ૧૬ | ૧૨ |
| ૭ | તારાપુર | ૪૧ | ૧૪ |
| ૮ | ઉમરેઠ | ૧૯ | ૧૧ |
| | કુલ | ૩૧૩ | ૧૨૧ |

---------

સેલ્ફ હેલ્થ ગૃપ-ક્રેડીટ કાર્ડ યોજનામાં રાજ્યે કરેલ રજૂઆત/દરખાસ્ત

* ૮૦૧૧ શ્રી પ્રવિણભાઈ મુસડીયા (કાલાવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ-૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સેલ્ફ હેલ્થ ગૃપ-ક્રેડીટ કાર્ડ યોજના બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) સેલ્ફ હેલ્થ ગૃપ-ક્રેડીટ કાર્ડ યોજના બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં એક પણ વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

નવસારી આર.ટી.ઓ કચેરીમાં નોંધાયેલ વાહન

* ૭૫૭૫ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭માં કેટલા વાહન નોંધાયેલ છે, | (૧) નવસારી આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭માં ૩૨,૬૮૬ વાહન નોંધાયેલ છે. |
| (૨) તે પૈકી કેટલા વાહન માલિકો દ્વારા પસંદગીના નંબરો લેવામાં આવ્યા, અને | (૨) તે પૈકી ૬૭૮૭ વાહન માલિકો દ્વારા પસંદગીના નંબરો લેવામાં આવ્યા. |
| (૩) તેની કેટલી આવક થઈ ? | (૩) તેની રૂ. ૧૬૦.૦૫ લાખ આવક થઈ. |

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---

### મોરબી અને પોરબંદર જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

* ૮૦૦૪ શ્રી લલિતભાઈ કગથરા (ટંકારા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને પોરબંદર જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઈ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, | (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને પોરબંદર જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઈ રહ્યું છે તેવી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો આ કૌભાંડને અટકાવવા સરકારે શું કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ મોરબી અને પોરબંદર જિલ્લામાં આવી ગેરરીતી કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શું કાર્યવાહીઓ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---

### બનાસકાંઠા જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના

* ૬૪૮૨ શ્રી શશીકાન્ત પંડ્યા (ડીસા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાની ડીસા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ७૬.૫૫ લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ. ७૬.૫૫ લાખ |

---

### છોટાઉદેપુર જિલ્લામાં અનાજ સંગ્રહના ગોડાઉનો

* ૬૪૫૨ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ કેટલા ગોડાઉનો આવેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં અનાજનાં સંગ્રહ માટે કુલ ૦૯ ગોડાઉનો આવેલા છે. |
| (૨) ગોડાઉનની સંગ્રહ શક્તિ કેટલી છે, અને | (૨) છોટા–ઉદેપુર જિલ્લામાં ગોડાઉનોની કુલ સંગ્રહશક્તિ ૫૯૦૦ મે.ટન છે. |
| (૩) સંગ્રહ શક્તિ વધારવા રાજ્ય સરકારે શું પગલાં લીધેલ છે ? | (૩) વેરહાઉસીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ–૩ હેઠળ બોડેલી ખાતે ૨૦૦૦ મે.ટન કેપેસીટીના ગોડાઉન બાંધકામ માટેના ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે તેમજ નસવાડી અને સંખેડા તાલુકા ખાતે પ્રત્યેક ૨૦૦૦ મે.ટન સંગ્રહશક્તિ વધારવા વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |

---

### સાબરકાંઠા જિલ્લામાં બિયારણના નમુના

* ૬૫૩૪ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઈડર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં બિયારણના કુલ કેટલા નમુના લેવામાં આવ્યાં, | (૧) ૫૨૯ નમુના લેવામાં આવ્યા. |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા બિનપ્રમાણિત થયા, અને

(૨) ૫૨૦ નમુના પ્રમાણિત થયા અને ૯ નમુના બિનપ્રમાણિત થયા.

(૩) બિનપ્રમાણિત નમુના માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ૮ બિનપ્રમાણિત નમુના માટે કોર્ટ કેસ કરેલ છે, ૧ બિનપ્રમાણિત નમુના માટે વહીવટી પગલાં ભરવામાં આવેલ છે.

---------

નડીયાદ આર.ટી.ઓ કચેરીમાં નોંધાયેલ વાહનો

* ૭૫૭૯ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) નડીયાદ આર.ટી.ઓ. કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા વાહનો નોંધાયેલ છે, અને

(૧) નડીયાદ આર.ટી.ઓ. કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૩૭,૧૨૧ વાહનો નોંધાયેલ છે

(૨) તેના ટેક્ષની કેટલી આવક થયેલ છે?

(૨) તેના ટેક્ષની આવક રૂ. ૪૩૭૪.૨૬ લાખ થયેલ છે.

---------

પાટણ અને તાપી જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૮૦૩૫ શ્રી ચંદનજી ઠાકોર (સિધ્ધપુર) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પાટણ અને તાપી જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦–૧૧ રીપોર્ટ મુજબ પાટણ જિલ્લામાં ૧,૫૪,૩૮૫ ખેડૂત ખાતેદારો તથા તાપી જિલ્લામાં ૭૩,૦૭૫ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે.

(૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે, અને

(૨) તે પૈકી પાટણ અને તાપી જિલ્લાની નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | પાટણ | તાપી |
|---|---|---|---|
| ૧ | નાના | ૪૧,૨૯૯ | ૨૦,૧૧૬ |
| ૨ | મધ્યમ | ૨૩,૭૩૯ | ૭,૫૬૦ |
| ૩ | સીમાંત | ૪૮,૨૬૦ | ૨૯,૬૧૩ |

(૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો ?

(૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઈ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજ્ય સરકારે બસોના ભાડા પેટે ચુકવેલ રકમ

* ૭૯૭૯ શ્રી હર્ષદકુમાર રીબડીયા (વિસાવદર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે સરકારી કાર્યક્રમો માટે ભાડે લીધેલ એસ.ટી. નિગમની બસોના ભાડા પેટે કેટલી રકમ વર્ષવાર ચૂકવવાની થાય છે,

(૧)

| વર્ષ | રકમ રૂ. |
|---|---|
| ૨૦૧૬ | રૂ. ૧૮,૩૯,૪૦,૪૧૮ |
| ૨૦૧૭ | રૂ. ૫૭,૦૨,૫૫,૯૩૬ |

(૨) આ રકમ પૈકી એસ.ટી.નિગમને કેટલી રકમ ક્યારે ચૂકવવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૨)

| વર્ષ | નિગમને ચુકવાયેલ રકમ રૂ. | ચૂકવવાની બાકી રકમ રૂ. |
|---|---|---|
| ૨૦૧૬ | રૂ. ૧૫,૫૮,૭૯,૭૯૪ | રૂ. ૨,૮૦,૬૦,૬૨૪ |
| ૨૦૧૭ | રૂ. ૩૮,૮૫,૯૫,૭૬૫ | રૂ. ૧૮,૧૬,૬૦,૧૭૧ |

(૩) બાકી રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

(૩) જુદી જુદી કચેરીઓ પાસેથી બાકી રકમ એસ.ટી.નિગમે લેવાની થાય છે. નિગમે રકમ ચૂકવવાની ન

હોવાથી આ ખંડ એસ.ટી.નિગમને સંબંધિત નથી.

---------

ગીરસોમનાથ અને છોટાઉદેપુર જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૭૯૮૨ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગીરસોમનાથ અને છોટાઉદેપુર જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ રીપોર્ટ મુજબ ગીરસોમનાથ અને છોટાઉદેપુર જિલ્લા એગ્રી સેન્સસ વર્ષ ૨૦૧૦-૧૧ બાદ અસ્તિત્વમાં આવેલ હોઇ માહિતીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે,અને | (૨) ગીરસોમનાથ અને છોટાઉદેપુર જિલ્લાની રચના એગ્રી સેન્સસ વર્ષ ૨૦૧૦-૧૧ બાદ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો? | (૩) ગીરસોમનાથ અને છોટાઉદેપુર જિલ્લાની રચના એગ્રી સેન્સસ વર્ષ ૨૦૧૦-૧૧ બાદ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

બનાસકાંઠા તથા સાબરકાંઠા જિલ્લામાં ડમ્પરો પકડવા બાબત

* ૪૭૪૩ શ્રી કાંતીભાઈ ખરાડી (દાંતા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા તથા સાબરકાંઠા જિલ્લામાં ઓવરલોડ માટી/રેતી તથા કપચી ભરી જતાં તાલુકાવાર કેટલા ડમ્પરો પકડવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જીલ્લામાં ૬૨૦ તથા સાબરકાંઠા જીલ્લામાં ૧૦૯ ઓવરલોડ માટી/રેતી તથા કપચી ભરી જતા ડમ્પરો પકડવામાં આવ્યા. મોટર વાહન ખાતાની કચેરીઓમાં તાલુકાવાર માહિતી શક્ય ન હોવાથી તેવી માહિતી ઉપલબ્ધ થઈ શકે તેમ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ પકડાયેલ ઓવરલોડ વાહનના ચાલકો/માલિકો સામે શું પગલાં ભરવામાં આવ્યાં, અને | (૨) ઉક્ત સ્થિતિએ પકડાયેલ ઓવરલોડ વાહનના ચાલકો/માલિકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૩) પકડાયેલ વાહનોના ચાલકો/માલકો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ? | (૩) બનાસકાંઠામાં પકડાયેલ વાહનોના ચાલકો/માલિકો પાસેથી કુલ રૂપિયા ૨૪.૧૮ લાખ તથા સાબરકાંઠા જીલ્લામાં પકડાયેલ વાહનોના ચાલકો/માલિકો પાસેથી રૂ. ૯.૨૬ લાખ દંડ વસુલ કરવામાં આવ્યો. |

---------

જિલ્લામાં એનિમલ હોસ્ટેલ સ્થાપવાની જાહેરાત

* ૩૮૯૧ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે તા. ૨૪-૯-૨૦૧૨થી ૫ (પાંચ) જિલ્લામાં અમરેલી, દાહોદ, તાપી, કચ્છ અને બનાસકાંઠામાં એનીમલ હોસ્ટેલ સ્થાપના માટેની મંજુરી આપી જાહેરાત કરી હતી, તે હકીકત સાચી છે, | (૧) હા |
| (૨) જો હા, તો તા. ૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ કયા કયા જિલ્લામાં એનિમલ હોસ્ટેલની સ્થાપના થઈ છે, | (૨) કચ્છ જિલ્લામાં એનિમલ હોસ્ટેલની સ્થાપવામાં આવી છે. |

અને

(૩) ઉક્ત સ્થિતિએ કયા કયા જિલ્લામાં સ્થાપના કરાઈ નથી તેના કારણો શાં છે ?

(૩) અમરેલી, દાહોદ, તાપી અને બનાસકાંઠા જિલ્લામાં એનિમલ હોસ્ટેલની સ્થાપના કરાઈ નથી.

– કલેક્ટરશ્રી, અમરેલી દ્વારા એનિમલ હોસ્ટેલ માટે જમીન નીમ કરવાની કાર્યવાહી ચાલુ છે.

– દાહોદ, તાપી અને બનાસકાંઠા જિલ્લામાંથી એનિમલ હોસ્ટેલ માટે દરખાસ્ત મળેલ નથી.

---------

### પોરબંદર આરટીઓ કચેરીમાં ઓવરલોડ વાહનો સામે કેસ

* ૬૫૮૯ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પોરબંદર આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા, અને

(૨) તેની કેટલો દંડ વસુલ કરવામાં આવેલ ?

જવાબ

(૧) પોરબંદર આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૨૬૧ ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા.

(૨) તેનો રૂપિયા ૧૨.૧૯ લાખ દંડ વસુલ કરવામાં આવેલ.

---------

### બી. ટી. કપાસના બિયારણના ભાવો બાબત

* ૭૯૯૫ શ્રી ચિરાગભાઈ કાલરીયા (જામજોધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બી.ટી. કપાસ બિયારણના ભાવોના નિયંત્રણ બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો ?

જવાબ

(૧) ભારત સરકારશ્રી દ્વારા તા. ૭–૧૨–૨૦૧૫ના રાજપત્રથી બી.ટી. કપાસ બિયારણના ભાવ નિયંત્રિત કરવા 'કોટન સીડ્સ પ્રાઈઝ (કંન્ટ્રોલ) ઓર્ડર, ૨૦૧૫' લાગુ કરેલ છે. જેથી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારશ્રીને રજુઆત/દરખાસ્ત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

---------

### અમદાવાદ શહેર અને જિલ્લામાં ગ્રાહક સુરક્ષાના કેસો

* ૭૨૦૫ શ્રી ઈમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ગ્રાહક સુરક્ષાના કાયદા હેઠળના કેટલા કેસો પડતર છે, અને

(૨) આ કેસોના ઝડપી નિકાલ માટે સરકારે શું કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ પડતર કેસોની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | અમદાવાદ ફોરમ (મુખ્ય) | ૧૩૬૧ |
| (૨) | અમદાવાદ ફોરમ (એડીશનલ) | ૧૦૦૬ |
| (૩) | અમદાવાદ ફોરમ (ગ્રામ્ય) | ૧૦૯૮ |

(૨) આ કેસોના ઝડપી નિકાલ માટે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી છે.

(૧) પ્રમુખશ્રીઓની ખાલી જગ્યા ભરવામાં આવી છે.

(૨) કમિશનના પ્રમુખશ્રી દ્વારા કેસોના નિકાલ અંગે દર ૧૫ દિવસે રીવ્યુ લેવામાં આવે છે.

(૩) કેસોના ઝડપી નિકાલ માટે ગૃપ બનાવી મેટર ચલાવવા તમામ પ્રમુખશ્રીઓને સુચના આપવામાં આવેલ છે.

(૪) ઓછો નિકાલ તથા વધુ કેસ પેન્ડન્સી હોય તેવા ફોરમનાં પ્રમુખશ્રીઓને મિટિંગ કરી સુચના અને માર્ગદર્શન આપવામાં આવે છે.

---------

મહેસાણા જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિરો

* ૬૫૫૭ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નેશનલ મિશન ઓન ઓઈલસીડ એન્ડ ઓઈલપામ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં કેટલી ખેડૂત તાલીમ શિબીરો યોજવામાં આવી, | (૧) ૪૦ ખેડૂતો તાલીમ શિબિરો યોજવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતીએ આ તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને | (૨) ૧૩૬૭ ખેડૂતોએ હાજરી આપી. |
| (૩) ઉક્ત સ્થિતીએ તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ.૬,૭૦,૪૪૭/- ખર્ચ થયેલ છે. |

---------

આજીવિકા નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન બાબતે રજૂઆત/દરખાસ્ત

* ૭૯૪૧ શ્રીમતી ચંદ્રીકાબેન બારિયા (ગરબાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ-૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આજીવીકા નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) આજીવીકા-નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં એક પણ વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

સામખીયાળી ખાતે પેસેન્જર બસો સામે કેસ

* ૬૫૭૫ માલતી મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આર.ટી.ઓ. ચેકપોસ્ટ સામખીયાળી ખાતેથી વર્ષ ૨૦૧૬-૧૭માં કેટલી પેસેન્જર બસો સામે કેસ કરવામાં આવ્યા, અને | (૧) આર.ટી.ઓ. ચેકપોસ્ટ સામખીયાળી ખાતેથી વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૩૩ પેસેન્જર બસો સામે કેસ કરવામાં આવ્યા. |
| (૨) તે બસો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ? | (૨) તે બસો પાસેથી રૂ. ૨.૬૬ લાખ દંડ વસુલ કરવામાં આવ્યો. |

---------

ગાંધીનગર જિલ્લામાં એગ્રો સર્વિસ પ્રોવાઈડરની સહાય અરજીઓ

* ૬૫૨૪ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં એગ્રો સર્વિસ પ્રોવાઈડરની સહાય માટે કેટલી અરજીઓ મંજુર કરી, | (૧) ૪૭ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૨૫ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓની સહાય | (૩) ૧ |

ચૂકવવાની બાકી છે ?

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળાઓ

* ૬૫૬૨ શ્રી લાખાભાઈ સાંગઠીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૭ દરમ્યાન તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૨ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૧,૬૩૧ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૧,૧૦,૬૯૬ |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઓવરલોડ ટ્રક સામે કેસ

* ૪૧૪૭ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વાહન વ્યવહાર કચેરીઓ દ્વારા જિલ્લાવાર ઓવરલોડ ટ્રકના કેટલા કેસો વર્ષવાર થયા,અને

(૨) તે પૈકી જિલ્લાવાર, વર્ષવાર દંડની કેટલી આવક થઈ ?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વાહન વ્યવહાર કચેરીઓ દ્વારા જિલ્લાવાર ઓવરલોડ ટ્રકના વર્ષવાર કરેલ કેસ વિગતો નીચે મુજબ છે.

| કચેરીનું નામ | વર્ષવાર ઓવરલોડ કેસની સંખ્યા | |
| --- | --- | --- |
| | તા.૧/૦૧/૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | તા.૧/૦૧/૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ |
| અરવલ્લી | ૧૯૪ | ૨૦૮ |
| સાબરકાંઠા | ૪૦૨ | ૫૯૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર, વર્ષવાર દંડની આવક નીચે મુજબ થયેલ છે.

| કચેરીનું નામ | દંડની આવક રૂપિયા(લાખમાં) | |
| --- | --- | --- |
| | તા.૧/૦૧/૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | તા.૧/૦૧/૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ |
| અરવલ્લી | ૧૮.૦૦ | ૨૨.૦૭ |
| સાબરકાંઠા | ૩૬.૫૩ | ૩૯.૦૦ |

---------

આણંદ આર.ટી.ઓ કચેરીમાં નોંધાયેલ વાહનો

* ૭૫૭૪ શ્રી કેતનભાઇ ઈનામદાર (સાવલી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) આણંદ આર.ટી.ઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા વાહનો નોંધાયેલ છે, અને | (૧) આણંદ આર.ટી.ઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૪૯,૬૬૩ વાહનો નોંધાયેલ છે. |
| (૨) તે પૈકી કેટલા વાહન માલીકો દ્વારા પસંદગીના નંબરો લેવામાં આવ્યા, અને | (૨) તે પૈકી ૬,૮૮૦ વાહન માલીકો દ્વારા પસંદગીના નંબરો લેવામાં આવ્યા. |
| (૩) તેની કેટલી આવક થઇ? | (૩) તેની રૂ. ૧૫૩.૭૭ લાખ આવક થઇ. |

---------

## તા. ૧૯મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### રાજ્ય સરકારે કપાસ, ડાંગર અને મગફળીની ટેકાના ભાવે ખરીદી

* ૮૩૭૫ શ્રી બાબુભાઇ વાજા (માંગરોળ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે ટેકાના ભાવે કપાસ, ડાંગર અને મગફળીની કેટલી ખરીદી શા ભાવે કરી, અને | (૧) રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા ટેકાના ભાવે ડાંગર, કપાસ અને મગફળીની ખરીદી કરવામાં આવતી નથી. |
| (૨) તે અન્વયે કપાસ, ડાંગર અને મગફળીના કેટલા જથ્થાનું શું ભાવે વેચાણ કર્યુ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અમદાવાદ આરટીઓ કચેરીમાં વાહનો સામે કેસ

* ૬૫૮૫ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આર.ટી.ઓ અમદાવાદની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭ માં કેટલા ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા, અને | (૧) આર.ટી.ઓ અમદાવાદની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭ માં ૪૧૫ ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા. |
| (૨) તેનો કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો? | (૨) તેનો રૂપિયા ૩૪.૬૭ લાખ દંડ વસુલ કરવામાં આવ્યો. |

---------

### જૂનાગઢ અને ભરૂચ જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૭૯૯૮ શ્રી ભીખાભાઇ જોશી (જૂનાગઢ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ અને ભરૂચ જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦–૧૧ રીપોર્ટ મુજબ જિલ્લા વિભાજન પહેલાના બૃહદ જુનાગઢ જિલ્લામાં ૨,૬૭,૯૯૮ ખેડૂત ખાતેદારો તથા ભરૂચ જિલ્લામાં ૧,૨૭,૩૬૩ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે. |
| (૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે, | (૨) તે પૈકી બૃહદ જુનાગઢ જિલ્લા અને ભરુચ જિલ્લાની નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે. |

| ક્રમ | વિગત | જુનાગઢ | ભરૂચ |
|---|---|---|---|
| ૧ | નાના | ૧,૦૧,૭૭૭ | ૩૪,૦૨૩ |
| ૨ | મધ્યમ | ૨૩,૫૯૭ | ૧૭,૧૨૮ |
| ૩ | સીમાંત | ૮૨,૮૫૦ | ૪૫,૯૩૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો? | (૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઇ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### જામનગર આરટીઓ કચેરીમાં નોંધાયેલ વાહન

* ૬૫૮૧ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર આર.ટી.ઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા વાહનો નોંધાયેલ છે, અને | (૧) જામનગર આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭ માં ૩૯,૩૭૩ વાહન નોંધાયેલ છે. |
| (૨) તેના ટેક્ષની કેટલી આવક થયેલ છે? | (૨) તેની ટેક્ષની આવક રૂ. ૩૨,૫૬,૮૪,૧૧૨/– થયેલ છે. |

ફાલ્ગુન ૨૫, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નો

---------

ખેડા જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિરો

* ૬૫૫૮ શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નેશનલ મિશન ઓન ઓઇલસીડ એન્ડ ઓઇલપામ યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી, | (૧) પંદર (૧૫) |
| (૨) ઉક્ત સ્થિતિએ આ તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને | (૨) ૪૫૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પેટે કુલ કેટલો ખર્ચ થયો? | (૩) રૂ. ૩,૬૦,૦૦૦/- |

---------

નિર્મળ ભારત અભિયાન હેઠળ મળેલ રકમ

* ૮૦૧૩ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિર્મળ ભારત અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને | (૧) તા.૦૨-૧૦-૨૦૧૪ થી સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) યોજના અમલમાં આવેલ છે. તેથી નિર્મળ ભારત અભિયાન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ રકમ રાજ્ય સરકારને મળેલ નથી. |
| (૨) જો હા, તો કેટલી રકમ વર્ષવાર મળેલ છે? | (૨) કોઇ રકમ મળેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વડોદરા જિલ્લામાં કેળ પાકના વાવેતરમાં સહાય

* ૬૫૫૦ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કેળ (ટીસ્યુ) પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭-૧૮માં વડોદરા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ. ૩૭,૭૫,૩૫૦/- |

---------

રાજ્ય સરકારે બસોના ભાડા પેટે ચુકવેલ રકમ

* ૮૦૨૧ શ્રી નૌશાદજી સોલંકી (દસાડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે સરકારી કાર્યક્રમો માટે ભાડે લીધેલ એસ.ટી. નિગમની બસોના ભાડા પેટે કેટલી રકમ વર્ષવાર ચૂકવવાની થાય છે,

(૧)

| વર્ષ | રકમ રૂ. |
|---|---|
| ૨૦૧૬ | રૂ. ૧૮,૩૯,૪૦,૪૧૮ |
| ૨૦૧૭ | રૂ. ૫૭,૦૨,૫૫,૯૩૬ |

(૨) આ રકમ પૈકી એસ.ટી.નિગમને કેટલી રકમ ક્યારે ચૂકવવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૨)

| વર્ષ | નિગમને ચુકવાયેલ રકમ રૂ. | ચૂકવવાની બાકી રકમ રૂ. |
|---|---|---|
| ૨૦૧૬ | રૂ. ૧૫,૫૮,૭૯,૭૯૪ | રૂ. ૨,૮૦,૬૦,૬૨૪ |
| ૨૦૧૭ | રૂ. ૩૮,૮૫,૯૫,૭૬૫ | રૂ. ૧૮,૧૬,૬૦,૧૭૧ |

(૩) બાકી રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

(૩) જુદી જુદી કચેરીઓ પાસેથી બાકી રકમ એસ.ટી.નિગમે લેવાની થાય છે. નિગમે રકમ ચૂકવવાની ન હોવાથી આ ખંડ એસ.ટી.નિગમને સંબંધિત નથી.

---------

અમદાવાદ (પૂર્વ) આરટીઓ કચેરીમાં નવા નોંધાયેલા વાહનો

* ૬૫૯૨ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદ (પૂર્વ) આર.ટી.ઓ. કચેરીનો વર્ષ ૨૦૧૬–૧૭માં તા.૩૧/૦૩/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા વાહનો નોંધવામાં આવ્યા ? | અમદાવાદ (પૂર્વ) આર.ટી.ઓ. કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં તા.૩૧/૦૩/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૯૪,૬૩૦ નવા વાહનો નોંધવામાં આવ્યા. |

---------

સુરત જિલ્લામાં એગ્રો સર્વિસ પ્રોવાઇડરની સહાય અરજીઓ

* ૬૫૨૫ શ્રી પૂર્ણેશ મોદી (સુરત–પશ્ચિમ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં એગ્રો સર્વિસ પ્રોવાઇડરની સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી, | (૧) ૬૩ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૫૭ |
| (૩) કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) શૂન્ય |

---------

બનાસકાંઠા જિલ્લાના ખેતી જમીનનું ધોવાણમાં ખેડૂતોને સહાય

* ૫૫૪૫ શ્રી નાથાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) સને ૨૦૧૭ના જુલાઈ માસ દરમ્યાન અતિભારે વરસાદના ભોગ બનેલ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા, દાંતીવાડા, થરાદ, કાંકરેજ અને વાવ તાલુકામાં ભારે પુરના કારણે ભારે ધોવાણ થયુ હોય એવી બે હેક્ટર કે તેથી વધુ ખેતીની જમીન ધરાવતા તાલુકાવાર કેટલા ખેડૂતોને નુકશાન થયેલ છે,

(૧)

| તાલુકાવાર બે હેક્ટર કે તેથી વધુ જમીન ધરાવતા ખેડૂતોને થયેલ નુકશાનની વિગત | | |
|---|---|---|
| અ.નં | તાલુકો | નુકશાન થયેલ ખાતેદારોની સંખ્યા |
| ૧ | ધાનેરા | ૧૨૮૩૭ |
| ૨ | દાંતીવાડા | ૨૪૪૩ |
| ૩ | થરાદ | ૨૨૪૨૭ |
| ૪ | કાંકરેજ | ૫૫૬૫ |
| ૫ | વાવ | ૧૫૨૮૦ |
| કુલ | | ૫૮૫૫૨ |

(૨) તે પૈકી કેટલા ખેડૂતોને તાલુકાવાર તા.૧૦/૦૮/૨૦૧૭ના ઠરાવ અનુસાર કેટલી સહાય ચુકવવામાં આવી,

(૨)

| તાલુકાવાર બે હેક્ટર કે તેથી વધુ જમીન ધરાવતા ખેડૂતોને ચુકવેલ સહાયની વિગત | | | |
|---|---|---|---|
| અ.નં | તાલુકો | ચુકવેલ સહાયનાં | ચુકવેલ સહાયની રકમ(રૂ. લાખમાં) |

| | | ખાતેદારોની સંખ્યા | |
|---|---|---|---|
| ૧ | ધાનેરા | ૧૨૮૩૭ | ૭૮૩૨.૬૯ |
| ૨ | દાંતીવાડા | ૨૪૪૩ | ૨૮૪.૮૬ |
| ૩ | થરાદ | ૨૨૪૨૭ | ૧૧૫૮૯.૪૨ |
| ૪ | કાંકરેજ | ૫૫૬૫ | ૧૯૮૩.૩૪ |
| ૫ | વાવ | ૧૫૨૮૦ | ૮૭૯૨.૦૩ |
| | કુલ | ૫૮૫૫૨ | ૩૦૪૮૨.૩૪ |

(૩) કેટલા ખેડૂતોને સહાય ચુકવાની બાકી છે અને તેના શા કારણો છે, અને

(૩) કોઈ ખેડૂતોને સહાય ચુકવવાની બાકી નથી.

(૪) ઉક્ત તમામ બાકી ખેડૂતોને સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે?

(૪) સહાય ચુકવવાની બાકી નથી.

---------

અરવલ્લી જિલ્લામાં વોટરશેડ યોજના

* ૮૩૪૬ ડો. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) વોટરશેડ યોજના હેઠળ તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા પ્રોજેક્ટો મંજુર કરવામાં આવ્યા,

(૧) વોટરશેડ યોજના હેઠળ તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એક પણ પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ નથી પરંતુ જુના મંજુર પ્રોજેક્ટની કામગીરી કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી ગ્રાન્ટ વર્ષવાર ફાળવવામાં આવી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત ફાળવેલ ગ્રાન્ટમાંથી ભિલોડા અને મેઘરજ તાલુકાના કયા કયા ગામોમાં શું કામગીરી કરવામાં આવી?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ડીટેઇન વાહનો

* ૮૩૮૭ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં બિનઅધિકૃત રીતે ચાલતા કે પાર્સીંગ વગર ચાલતા કેટલા વાહનોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રોજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં બિનઅધિકૃત રીતે ચાલતા કે પાર્સીંગ વગર ચાલતા વાહનોના ચેકીંગ કર્યા અંગેની વિગતો નીચે મુજબ છે.

| કચેરીનું નામ | ચેક કરેલ વાહનોની સંખ્યા | |
|---|---|---|
| | તા.૧/૨/૧૬ થી ૩૧/૧/૧૭ | તા.૧/૨/૧૭ થી ૩૧/૧/૧૮ |
| રાજકોટ | ૪૪,૩૭૫ | ૪૨,૧૬૦ |
| સુરેન્દ્રનગર | ૧૪૮૦ | ૨૭૯૦ |
| કુલ | ૪૫,૮૫૫ | ૪૪,૯૫૦ |

(૨) તે પૈકી કેટલા વાહનો ડીટેઇન કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી આરટીઓ રાજકોટમાં ૨૧૦૪ વાહનો તેમજ આરટીઓ સુરેન્દ્રનગરમાં ૪૯૫ વાહનો ડીટેઇન કરવામાં આવ્યા.

(૩) વર્ષવાર કેટલો દંડ વસુલવામાં આવ્યો ?

(૩) વર્ષવાર વસુલ કરવામાં આવેલ દંડની વિગત

| કચેરીનું નામ | દંડ (લાખમાં) | |
|---|---|---|
| | તા.૧/૨/૧૬ થી ૩૧/૧/૧૭ | તા.૧/૨/૧૭ થી ૩૧/૧/૧૮ |
| રાજકોટ | રૂ. ૫૪.૬૪ | રૂ. ૩૯.૪૦ |

| | | |
|---|---|---|
| સુરેન્દ્રનગર | રૂ. ૧૫.૨૬ | રૂ. ૧૬.૪૯ |
| કુલ | રૂ. ૬૯.૯૦ | રૂ. ૫૫.૮૯ |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

* ૮૦૪૧ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઈ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, | (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઈ રહ્યું છે તેવી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો આ કૌભાંડને અટકાવવા સરકારે શું કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આવી ગેરરીતી કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શું કાર્યવાહીઓ કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વલસાડ જિલ્લામાં પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પ

* ૬૫૬૪ શ્રી અરવિંદ પટેલ (ધરમપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૬૮ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૧૧,૬૫૭ |

---------

વ્યારા આરટીઓ કચેરીમાં ઓવરલોડ વાહનો સામે કેસ

* ૭૫૭૧ શ્રી કાંતિભાઈ બલર (સુરત–ઉત્તર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વ્યારા આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા, અને | (૧) વ્યારા આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૭૦ ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા. |
| (૨) તેનો કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ? | (૨) તેનો રૂ. ૩.૭૭ લાખ દંડ વસુલ કરવામાં આવ્યો. |

---------

સુરત જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના

* ૬૪૮૩ શ્રી વિનોદભાઈ મોરડીયા (કતારગામ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાની કોસંબા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૪૯.૫૦ લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ. ૪૯.૫૦ લાખ |

---------

## અતારાંકિત પ્રશ્નો

### રાજ્યમાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૮૧૮૫ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં હાલ કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦–૧૧ રીપોર્ટ મુજબ રાજ્યમાં ૪૮,૮૫,૬૧૦ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે. |
| (૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે, | (૨) તે પૈકી રાજ્યમાં નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે. |

| ક્રમ | વિગત | રાજ્યમાં |
|---|---|---|
| ૧ | નાના | ૧૪,૨૯,૦૨૧ |
| ૨ | મધ્યમ | ૫,૧૨,૬૫૧ |
| ૩ | સીમાંત | ૧૮,૧૫,૬૩૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખેડૂત ખાતેદાર નોંધાયા ,અને | (૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઈ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખેડૂત ખાતેદાર નોંધાયા તે સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ખેડૂત ખાતેદારોમાં વધારો થયો તો કેટલો અને ઘટાડો થયો તો કેટલો ? | (૪) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઈ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### વડોદરા જિલ્લામાં ખેડૂતોને પાક ધિરાણમાં વ્યાજ સહાય

* ૬૪૭૭ શ્રી શૈલેષભાઈ મહેતા (ડભોઈ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના ખેડૂતોને પાક ધિરાણમાં વ્યાજ સહાય કેટલા ટકા પ્રમાણે કેટલા ખેડૂતોને ચુકવવામાં આવી ? | સહકારી ધિરાણ માળખા દ્વારા વડોદરા જિલ્લાના ખેડૂતોને પાક ધિરાણ ૩% પ્રમાણે ૧૧૬૦૭ ખેડૂતોને વ્યાજ સહાય ચૂકવવામાં આવેલ છે. |

---------

### રાજ્યમાં સહકારી ટ્રીબ્યુનલના પડતર કેસો

* ૭૯૩૩ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સહકારી ટ્રીબ્યુનલમાં કેટલા કેસો પડતર છે, | (૧) ૨૨૦૭ |
| (૨) તે પૈકી ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી પડતર હોય તેવા કેટલા કેસો છે, અને | (૨) ૧૭૧૨ |
| (૩) ઉક્ત પડતર કેસોના ઝડપી નિકાલ માટે સરકારે શું કાર્યવાહી કરી ? | (૩) તા.૮/૧૧/૨૦૧૬ થી પ્રમુખશ્રી તથા ત્રણ સભ્યશ્રીઓની જગ્યાઓ ભરી દેવામાં આવી છે. અને બે બેન્ચ કાર્યરત કરવામાં આવેલ છે. |

---------

### સુરત જિલ્લામાં બાંધેલ સેવા મંડળીઓમાં ગોડાઉનો

* ૬૪૯૪ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ખેડૂતોને અનાજ સંગ્રહ થાય તે માટે | (૧) ૨૫ |

કેટલી સેવા મંડળીઓમાં ગોડાઉનો બાંધવામાં આવેલ છે, અને

(૨) તે ગોડાઉનો માટે રાજ્ય સરકારે કેટલી સહાય આપી છે ?

(૨) ૧,૭૨,૭૭,૭૪૪/

---------

ખેડા જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ

* ૬૪૭૬ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) રાજ્ય સરકારે કેટલો બોજ ઉઠાવ્યો અથવા કેટલી સબસીડી ભોગવી?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું.

| ચીજવસ્તુનું નામ | ૧–લીટર પાઉચ (નંગમાં) |
|---|---|
| રિફાઈન્ડ કપાસિયા તેલ | ૨,૭૦,૬૯૩ |

(૨) રૂ. ૪૮/– પ્રતિ લીટરના ભાવે વિતરણ કરવામાં આવ્યું.

(૩) રાજ્ય સરકારે રૂ.૭૯,૩૯,૮૯૭.૦૦/–ની સબસીડી ભોગવી.

---------

અમરેલી અને મહીસાગર જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૭૯૮૭ શ્રી જે.વી.કાકડીયા (ધારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમરેલી અને મહીસાગર જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

(૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો ?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦–૧૧ રીપોર્ટ મુજબ બૃહદ અમરેલી જિલ્લામાં ૨,૩૬,૪૩૪ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે તથા મહીસાગર જિલ્લો એગ્રી સેન્સસ વર્ષ ૨૦૧૦–૧૧ બાદ અસ્તિત્વમાં આવેલ હોઈ માહિતીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) તે પૈકી બૃહદ અમરેલી જિલ્લાની નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | અમરેલી |
|---|---|---|
| ૧ | નાના | ૮૫,૭૧૯ |
| ૨ | મધ્યમ | ૨૭,૧૪૮ |
| ૩ | સીમાંત | ૫૦,૪૮૦ |

મહીસાગર જિલ્લાની રચના એગ્રી સેન્સસ વર્ષ ૨૦૧૦–૧૧ બાદ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઈ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના

* ૬૫૨૮ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ (ઘાટલોડીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના(વોટરશેડ કમ્પોનન્ટ) ની પારદર્શિતા જાળવવા કોઈ કામગીરી કરવામાં આવેલ છે, કે કેમ, અને

જવાબ

(૧) હા, તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના(વોટરશેડ કમ્પોનન્ટ)ની પારદર્શિતા જાળવવા કામગીરી કરવામાં આવે છે.

(૨) જો હા, તો તે કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે ?

(૨) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ)ની પારદર્શિતા જાળવાય તે માટે નીચે મુજબ કામગીરીઓ હાથ ધરવામાં આવે છે.

૧. ગુજરાત રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) હેઠળ જીઆઇએસ અને આઇ.ટીનો ઉપયોગ કરીને વેબસાઇટ (http://gswma.gujarat.gov.in) બનાવવામાં આવેલ છે. જેમાં મંજુર થયેલ કામોનું આયોજન તેમજ સિદ્ધિઓ જોઈ શકાય છે.

૨. કરવાના થતા કામો અંગેનો પ્રોજેક્ટનો વિસ્તૃત પરીયોજના અહેવાલ (ડીપીઆર) બનાવવા માટે ગ્રામજનો સાથે વિસ્તૃત ચર્ચા કર્યા પછી ગ્રામસભામાં મંજુર કરવામાં આવે છે.

૩. ગ્રામ્યકક્ષાની જળસ્ત્રાવ સમિતિ મારફતે રૂ. ૧,૫૦,૦૦૦થી વધુ રકમના કામો માટે ઈ–ટેન્ડર કરવામાં આવે છે.

૪. ભારત સરકારશ્રી દ્વારા ભુવન પોર્ટલ વિકસાવવામાં આવેલ છે. જેમા યોજના હેઠળ થયેલ ભૌતિક કામગીરીઓના ફોટોગ્રાફ સાથે GEO-TAGGING કરવામાં આવે છે.

---------

અમદાવાદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

* ૬૪૨૬ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના) હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના)ની રાજ્યમાં અમલવારી તા. ૧/૪/૧૬ થી કરવામાં આવતાં અમદાવાદ જિલ્લામાં તા. ૧/૪/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૧૭ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ કુલ ૧૦,૧૮૪ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ ૨૦૧૬ થી સપ્ટેમ્બર–૨૦૧૬ | AAY (કાર્ડ દીઠ) | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૫.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૪.૨૫૦ | ૨.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ | ૫ |
| ઓક્ટોબર–૨૦૧૬થી ઓક્ટોબર–૨૦૧૭ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |
| નવેમ્બર– | AAY | ૨૩.૦૦૦ | ૨.૦૦ | ૧૨.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૭ થી ડીસેમ્બર–૧૭ | (કાર્ડ દીઠ) | | | | | |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૦૦૦ | ૨.૦૦ | ૨.૦૦૦ | ૩.૦૦ | ૫ |

---------

ઇન્દિરા આવાસ યોજનામાં આવાસની કિંમતમાં વધારો

* ૭૯૫૬ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઇન્દિરા આવાસ યોજનામાં આવાસની કિંમતમાં વધારો કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો?

જવાબ

(૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઇન્દિરા આવાસ યોજનામાં આવાસની કિંમતમાં વધારો કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કોઈ રજૂઆત/દરખાસ્ત કરવામાં આવેલ નથી.

(૨) કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજકોટ અને પંચમહાલ જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૮૦૦૭ શ્રી લલિતભાઈ વસોયા (ધોરાજી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને પંચમહાલ જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

(૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે, અને

(૩) છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ક્યા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦–૧૧ રીપોર્ટ મુજબ જિલ્લા વિભાજન પહેલાના બૃહદ રાજકોટ જિલ્લામાં ૩,૫૨,૬૫૩ ખેડૂત ખાતેદારો તથા બૃહદ પંચમહાલ જિલ્લામાં ૨,૦૮,૯૨૭ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે.

(૨) તે પૈકી બૃહદ રાજકોટ અને બૃહદ પંચમહાલ જિલ્લાની નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | રાજકોટ | પંચમહાલ |
|---|---|---|---|
| ૧ | નાના | ૧,૪૦,૮૮૪ | ૫૦,૬૩૫ |
| ૨ | મધ્યમ | ૩૩,૨૦૧ | ૧૪,૦૦૯ |
| ૩ | સીમાંત | ૮૧,૪૪૩ | ૧,૦૬,૯૬૦ |

(૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઈ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૮૦૨૭ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦–૧૧ રીપોર્ટ મુજબ કચ્છ જિલ્લામાં ૨,૧૧,૬૨૯ ખેડૂત

ખાતેદારો તથા બનાસકાંઠા જિલ્લામાં ૩,૦૬,૨૮૧ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે.

(૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે, અને

(૨) તે પૈકી કચ્છ અને બનાસકાંઠા જિલ્લાની નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | કચ્છ | બનાસકાંઠા |
|---|---|---|---|
| ૧ | નાના | ૫૫,૧૫૯ | ૯૧,૯૫૦ |
| ૨ | મધ્યમ | ૫૧,૭૩૪ | ૪૭,૫૨૧ |
| ૩ | સીમાંત | ૨૭,૩૪૬ | ૭૭,૧૪૦ |

(૩) છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ક્યા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો ?

(૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઈ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તાપી જિલ્લામાં વ્યંધ્યત્વ સારવાર કેમ્પ

* ૬૫૬૬ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૧૨૯. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૨૫,૩૫૫. |

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પપૈયા પાકના વાવેતરમાં સહાય

* ૬૫૫૪ શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭–૧૮ માં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૪.૭૯ લાખ. |

---------

બનાસકાંઠા જિલ્લામાં એજન્સી મારફત મગફળીની ટેકાના ભાવે ખરીદી

* ૪૯૨૧ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોની મગફળી ટેકાના ભાવથી કઈ–કઈ એજન્સી મારફત ખરીદવામાં આવી,

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તા.૧–૨–૨૦૧૭ થી તા.૩૧–૧–૨૦૧૮ સુધીમાં નાફેડ દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદીની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ/એજન્સીનું નામ | |
|---|---|---|
| | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |

(૨) ઉકત ટેકાના ભાવે ખરીદ કરવામાં આવેલ મગફળીમાં વ્યાપક ગેરરીતિઓ થઈ છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે, અને

(૨) ખરીદી નાફેડ દ્વારા થતી હોવાથી મળેલ રજૂઆતો નાફેડને મોકલી આપેલ છે.

(૩) જો હા, તો કોની સામે કેવા પ્રકારના પગલાં

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

લીધા ?

---------

વલસાડ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના

* ૬૫૪૮ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૧૨૩ અરજીઓ. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૨) કુલ રૂ.૬૧.૦૦ લાખ (અંકે રૂપિયા એકસઠ લાખ) |
| (૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) મંજુર થયેલ તમામ અરજીઓ પૈકી કોઈ સહાય ચૂકવવાની બાકી નથી. |

---------

ભીલાડ ખાતે પેસેન્જર બસો સામે કેસ

* ૬૫૭૬ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આરટીઓ ચેકપોસ્ટ ભીલાડ ખાતેથી વર્ષ ૨૦૧૬-૧૭ માં કેટલી પેસેન્જર બસો સામે કેટલા કેસ કરવામાં આવ્યા, અને | (૧) આરટીઓ ચેકપોસ્ટ ભીલાડ ખાતેથી વર્ષ ૨૦૧૬-૧૭ માં ૫૨૩૫ પેસેન્જર બસો સામે ૫૨૩૫ કેસ કરવામાં આવ્યા. |
| (૨) તે બસો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો? | (૨) તે બસો પાસેથી રૂપિયા ૧.૦૬ કરોડ દંડ વસુલ કરવામાં આવ્યો. |

---------

જાંબુઘોડા બજાર સમિતિને સહાય આપવાની યોજના

* ૬૪૯૬ સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાની જાંબુઘોડા બજાર સમિતિને ૨૬ નવીન રચાયેલ બજાર સમિતિઓમાં પાયાની સગવડો ઊભી કરવા સહાય આપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૪૪.૬૦ લાખ. |
| (૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ.૪૪.૬૦ લાખ. |

---------

ભાવનગર આરટીઓ કચેરીમાં ઓવરલોડ વાહનો સામે કેસ

* ૬૫૮૬ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કેટલા ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા, અને | (૧) ભાવનગર આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ૧૧૫ ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા. |
| (૨) તેનો કેટલો દંડ વસુલ કરવામાં આવેલ ? | (૨) તેનો રૂ.૭.૩૬ લાખ દંડ વસુલ કરવામાં આવેલ. |

---------

ફતેપુરા બજાર સમિતિને ગોડાઉનોની સુવિધાઓ

* ૬૪૮૯ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાની ફતેપુરા બજાર સમિતિને રાજ્યની બજાર સમિતિઓમાં વેરહાઉસીંગ ગોડાઉનોની સુવિધાઓ ઉભી કરવા સહાય આપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૧૯.૦૦ લાખ. |
| (૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ.૧૯.૦૦ લાખ. |

---------

### ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં મનરેગા યોજનામાં ફાળવેલ રકમ

* ૪૯૧૩ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વર્ષવાર ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના માટે કેટલી રકમ કયા-કયા કામ માટે ફાળવવામાં આવી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વર્ષવાર ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના માટે કામો માટે* પત્રક-અ ની વિગતે રકમ ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી કેટલા કામ પૂર્ણ થયા અને કેટલા ચાલુ છે, | (૨) તે પૈકી પૂર્ણ કામો અને ચાલુ કામો* પત્રક-બ ની વિગતે છે. |
| (૩) પૂર્ણ થયેલ કામોની પૂરતી રકમની ચૂકવણી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૩) ગીર-સોમનાથ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના એક પણ ચૂકવણાં બાકી નથી, જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના સુત્રાપાડા તાલુકામાં વ્યક્તિગત શૌચાલય તથા કલસ્ટર શૌચાલયના કુલ ૩.૬૧ લાખના માલસામાનના ચૂકવણાં બાકી છે. જૂનાગઢ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના પૂર્ણ થયેલ કામો પૈકી કુલ ૮ ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રોનું રૂ. ૨૫.૧૪ લાખનું ચૂકવણું કરવાનું બાકી રહેલ છે. ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રો સિવાયના તમામ કામોની પુરતી રકમનું ચૂકવણુ કરવામાં આવેલ છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના પૂર્ણ થયેલ કામો પૈકી મજુરી ખર્ચનું ચૂકવણું કરવામાં આવેલ છે. માલસામાનનું રૂ. ૪૨.૫૯ લાખનું ચુકવણું કરવામાં આવેલ છે, જ્યારે ૧૩૦ કામનું રૂ. ૪૪.૭૮ લાખનું ચૂકવણું ગ્રાન્ટ ઉપલબ્ધ ન હોવાથી થઈ શકેલ નથી. જેથી સ્થળ પર કામ પૂર્ણ થયેલ છે પરંતુ ઓનલાઈન સોફ્ટવેરમાં કંપ્લીશન એન્ટ્રી કરવામાં આવેલ નથી. |
| (૪) જો ના, તો ક્યાં સુધીમાં આ રકમ ચૂકવવામાં આવશે ? | (૪) ગીર-સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકામાં નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં કુલ રૂ. ૧૩૮.૯૯ લાખ તથા નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ૩.૬૩ લાખના માલસામાનના ચૂકવણા થયેલ છે અને નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં વ્યક્તિગત શૌચાલય તથા કલસ્ટર શૌચાલયના કુલ ૩.૬૧ લાખના માલસામાનના બાકી ચૂકવણાં માલસામાનની ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી ત્વરિત ચૂકવવામાં આવશે. જૂનાગઢ જિલ્લામાં માલસામાનને લગત ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી બાકી ચૂકવણાં સત્વરે ચૂકવવામાં આવશે. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### મોરબી જિલ્લામાં ટેસ્ટ ડ્રાઈવનું મેદાન

* ૪૧૮૨ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મોરબી જિલ્લામાં વાહન વ્યવહાર કચેરીમાં ડ્રાઈવીંગ લાયસન્સ માટે ટેસ્ટ ડ્રાઈવ ટ્રેક આધુનિક નથી, તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત આધુનિક ટેસ્ટ ડ્રાઈવ ટ્રેક બનાવવાનું કેટલા સમયમાં આયોજન છે ? | (૨) મોરબી ખાતે એ.આર.ટી.ઓ. કચેરીનું નવું મકાન બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. નવા મકાનની સાથે ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક પણ તૈયાર થઈ જશે. |

---------

### નવસારી જિલ્લામાં અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન નાખવા બાબત

* ૬૫૩૮ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આદિજાતિ પેટા વિકાસ યોજના રાજ્યના કેટલા જિલ્લામાં અમલમાં છે, | (૧) ૧૪<br>(આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ પેટા વિકાસ યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન નાખવા માટે કુલ કેટલા ખેડૂતોની સહાય મંજુર કરવામાં આવી, | (૨) ૯૩<br>(આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત) |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૮,૦૧,૮૧૯/– |

---------

### ગોધરા આરટીઓ કચેરીમાં ઓવરલોડ વાહનો સામે કેસ

* ૬૫૮૮ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગોધરા આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં કેટલા ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા, અને | (૧) ગોધરા આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬–૧૭માં ૭૩ ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા. |
| (૨) તેને કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ? | (૨) તેનો રૂપિયા ૯.૦૩ લાખ દંડ વસુલ કરવામાં આવ્યો. |

---------

### રાજ્યમાં સહકારી ટ્રીબ્યુનલના પડતર કેસો

* ૮૦૧૬ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સહકારી ટ્રીબ્યુનલમાં કેટલા કેસો પડતર છે, | (૧) ૨૨૦૭ |
| (૨) તે પૈકી ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી પડતર હોય તેવા કેટલા કેસો છે, અને | (૨) ૧૭૧૨ |
| (૩) ઉક્ત પડતર કેસોના ઝડપીથી નિકાલ માટે સરકારે શું કાર્યવાહી કરી ? | (૩) તા.૮/૧૧/૨૦૧૬ થી પ્રમુખશ્રી તથા ત્રણ સભ્યશ્રીઓની જગ્યાઓ ભરી દેવામાં આવી છે. અને બે બેન્ચ કાર્યરત કરવામાં આવેલ છે. |

---------

### રાજકોટ જિલ્લામાં કૃષિ મહોત્સવનું આયોજન

* ૬૫૪૫ શ્રી અરવિંદ રૈયાણી (રાજકોટ પૂર્વ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા સ્થળોએ ૨૦૧૭ના વર્ષમાં કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૭ સ્થળો |
| (૨) રાજકોટ જિલ્લાના કૃષિ મહોત્સવ કાર્યક્રમમાં કુલ કેટલા ખેડૂતોએ કૃષિ મહોત્સવનો લાભ લીધો, અને | (૨) ૩૨૩૦૦ ખેડૂતો |
| (૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમની સહાયનું વિતરણ કરવામાં આવ્યું ? | (૩) ૧૦.૭૫/- લાખ |

---------

### ગાંધીનગર જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના

* ૬૪૮૧ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાની કલોલ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૮.૨૫ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ. ૮.૨૫ લાખ. |

---------

### તાપી જિલ્લામાં પપૈયા પાકના વાવેતરમાં સહાય

* ૬૫૫૩ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૭-૧૮માં તાપી જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) તાપી જિલ્લામાં એકપણ ખેડૂતને સહાય ચૂકવવામાં આવેલ નથી. |

---------

### ભરૂચ જિલ્લામાં ખેડૂતોને પાક ધિરાણમાં વ્યાજ સહાય

* ૬૪૭૮ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં ભરૂચ જિલ્લાના ખેડૂતોને પાક ધિરાણમાં વ્યાજ સહાય કેટલા ટકા પ્રમાણે કેટલા ખેડૂતોને ચૂકવવામાં આવી, અને

(૧)

| સહકારી ધિરાણ માળખા અન્વયે | | |
|---|---|---|
| વર્ષ | ટકા | ખેડૂતોની સંખ્યા |
| ૨૦૧૬-૧૭ | 3% | ૧૩,૬૧૦ |
| ૨૦૧૭-૧૮ | 3% | નીલ |

(૨) કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) કુલ ૧૩,૬૧૦ ખેડૂતોને રૂ. ૭૪૯.૦૧ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે.

---------

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ટ્રેક્ટર સહાય

* ૭૯૨૯ શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કૃષિવિષયક ટ્રેક્ટર માટે સહાય | (૧) કૃષિવિષયક ટ્રેક્ટર માટે સહાય મેળવવા મળેલ અરજીઓની વર્ષવાર વિગત નીચે મુજબ છે. |

મેળવવા સારૂ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

| નં. | જિલ્લાનું નામ | મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
| ૧ | અરવલ્લી | ૨૫૮૮ | ૨૧૨૩ |
| ૨ | સાબરકાંઠા | ૩૩૧૬ | ૨૬૭૫ |

(૨) તે પૈકી કેટલી મંજુર, કેટલી નામંજુર કરી અને કેટલી પડતર છે, અને

(૨) તે પૈકી મંજુર, નામંજુર અને પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | અરવલ્લી | સાબરકાંઠા |
|---|---|---|---|
| ૧ | મંજુર અરજીની સંખ્યા | ૩૯૬૧ | ૫૦૮૪ |
| ૨ | નામંજુર અરજીની સંખ્યા | ૨૨૧૨ | ૩૪૬૯ |
| ૩ | પડતર અરજીની સંખ્યા | ૮૧૩ | ૦ |

(૩) પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) ઉક્ત સ્થિતિએ ૬૪૦ અરજીઓમાં ખેડૂત તરફથી ટ્રેક્ટર ખરીદીના કેસ પેપર મળ્યેથી નિયમોનુસાર નિકાલ કરવાનો રહે છે અને ૧૭૩ કેસમાં અરજીઓની ચકાસણી પૂર્ણ કરી નિયમોનુસાર સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

સુરેન્દ્રનગર આરટીઓ કચેરીમાં નવા નોંધાયેલ વાહનો

* ૬૫૭૮ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર આરટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કેટલા વાહન નોંધાયેલ છે,

(૨) તે પૈકી કેટલા વાહન માલિકો દ્વારા પસંદગીના નંબરો લેવામાં આવ્યા, અને

(૩) તેની કેટલી આવક થઇ ?

જવાબ

(૧) સુરેન્દ્રનગર આટીઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં ૨૮,૦૪૨ વાહનો નોંધાયેલ છે.

(૨) તે પૈકી ૫,૧૨૭ વાહન માલિકો દ્વારા પસંદગીના નંબરો લેવામાં આવ્યા.

(૩) તેની રૂ.૧૧૨.૪૫ લાખ આવક થઇ.

---------

ભરૂચ આટીઓ કચેરીમાં ઓવરલોડ વાહનો સામે કેસ

* ૭૫૭૭ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ભરૂચ આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કેટલા ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા, અને

(૨) તેનો કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ભરૂચ આરટીઓની કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં ૪૦૨ ઓવરલોડ વાહનો સામે કેસ કરવામાં આવ્યા.

(૨) તેનો રૂ.૧૮.૪૦ લાખ દંડ વસુલ કરવામાં આવ્યો.

---------

બી.ટી. કપાસના બિયારણના ભાવો બાબત

* ૮૦૩૭ ડો. આશા પટેલ (ઉંઝા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૩ ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ બી.ટી. કપાસ બિયારણના ભાવોના નિયંત્રણ બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લાં બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો?

જવાબ

(૧) ભારત સરકારશ્રી દ્વારા તા.૭-૧૨-૨૦૧૫ ના રાજપત્રથી બીટી કપાસ બિયારણના ભાવ નિયંત્રિત કરવા 'કોટન સીડ્સ પ્રાઇઝ (કંન્ટ્રોલ) ઓર્ડર, ૨૦૧૫' લાગુ કરેલ છે. જેથી તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારશ્રીને રજુઆત/દરખાસ્ત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

---------

## અતારાંકિત પ્રશ્નો

### પાટણ જિલ્લામાં રમતગમત સંકુલો

* ૭૫૬૦ શ્રી કીરીટ કુમાર પટેલ (પાટણ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા રમતગમત સંકુલો આવેલા છે, | (૧) ૧ (એક). |
| (૨) આ રમતગમત સંકુલોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૨) રમતગમત સંકુલમાં સંવર્ગવાર મહેકમ મંજુર કરવામાં આવતું નથી. જિલ્લા રમતગમત પ્રશિક્ષણ કેન્દ્ર, પાટણની કચેરી આ સંકુલનું સંચાલન કરે છે. જેનું મંજુર મહેકમ નીચે મુજબ છે. |

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર થયેલ જગ્યાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | સીનીયર કોચ/કોચ | ૪ |
| ૨ | કારકુન | ૧ |
| ૩ | પટાવાળા | ૧ |
| ૪ | ગ્રાઉન્ડ મેન | ૨ |
| ૫ | ચોકીદાર | ૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તે પૈકી તાલુકાવાર સિનિયર કોચ, કોચ, ટ્રેઇનરની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૩) તાલુકાવાર જગ્યાઓ મંજુર કરવામાં આવતી નથી. જિલ્લા રમતગમત પ્રશિક્ષણ કેન્દ્ર, પાટણની ઉપરોક્ત મંજુર થયેલ સિનિયર કોચ/કોચની કોઇ જગ્યા ખાલી નથી. ટ્રેનરની જગ્યા મંજુર થયેલ નથી. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### આણંદ જિલ્લામાં ટ્રેક્ટર સહાય માટેની અરજીઓ

* ૬૫૪૩ શ્રી ગોવિંદભાઈ પરમાર (ઉમરેઠ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ટ્રેક્ટર સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી, | (૧) ૧૮૨૫. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લામાં કેટલી અરજીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૮૭૫. |
| (૩) કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) ૨૨. |

---------

### દાહોદ ખાતે આરટીઓમાં ઓવરલોડ વાહન

* ૬૫૮૨ શ્રી શૈલેષભાઈ ભાભોર (લીમખેડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આરટીઓ ચેકપોસ્ટ દાહોદ ખાતેથી વર્ષ ૨૦૧૬–૧૭ માં કેટલા ઓવરલોડ વાહન પસાર થયા, અને | (૧) આરટીઓ ચેકપોસ્ટ દાહોદ ખાતેથી વર્ષ ૨૦૧૬–૧૭ માં ૨૨૫૮ ઓવરલોડ વાહન પસાર થયા. |
| (૨) તે વાહનો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો? | (૨) તે વાહનો પાસેથી રૂ.૭૦.૮૫ લાખ દંડ વસુલ કરવામાં આવ્યો. |

---------

### આણંદ અને મહીસાગર જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા

## અતારાંકિત પ્રશ્નો

* ૭૯૬૫ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને મહીસાગર જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે,

(૨) જો હા,તો આ કૌભાંડને અટકાવવા સરકારે શું કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત સ્થિતિએ આણંદ અને મહીસાગર જિલ્લામાં આવી ગેરરીતિ કરનારાઓ કેટલા પકડાયા અને તેઓ સામે શું કાર્યવાહીઓ કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને મહીસાગર જિલ્લામાં રેશનકાર્ડમાં ફિંગર પ્રિન્ટમાં છબરડા કરી, ડેટા ચોરી કરીને બારોબાર અન્યના નામનો જથ્થો ઉપાડવાનું કૌભાંડ થઇ રહ્યું છે તેવી કોઇ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### ગીર–સોમનાથ જિલ્લામાં બીપીએલ યાદીમાં સમાવેશ કરવાની અરજીઓ

* ૭૫૫૭ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગીર–સોમનાથ જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા માટેની કેટલી અરજીઓ તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ગીર–સોમનાથ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. માં સમાવેશ કરવા માટે કુલ–૧૦૬ અરજીઓ મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વેરાવળ | ૦૭ |
| ૨ | તલાલા | ૦૦ |
| ૩ | સુત્રાપાડા | ૦૬ |
| ૪ | કોડીનાર | ૪૨ |
| ૫ | ઉના | ૩૮ |
| ૬ | ગીરગઢડા | ૧૩ |
| | કુલ | ૧૦૬ |

(૨) મળેલ અરજીઓમાંથી બી.પી.એલ. યાદીમાં કુલ–૭૧ નો સમાવેશ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૦ થી ૨૦ (મંજૂર) |
|---|---|---|
| ૧ | વેરાવળ | ૦૭ |
| ૨ | તલાલા | ૦૦ |
| ૩ | સુત્રાપાડા | ૦૬ |
| ૪ | કોડીનાર | ૦૭ |
| ૫ | ઉના | ૩૮ |
| ૬ | ગીરગઢડા | ૧૩ |
| | કુલ | ૭૧ |

---------

### બોટાદ અને ભાવનગર જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૭૯૬૧ શ્રી પ્રવિણભાઈ મારૂ (ગઢડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ બોટાદ અને ભાવનગર જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦–૧૧ રીપોર્ટ મુજબ જિલ્લા વિભાજન પહેલાનાં બૃહદ ભાવનગર જિલ્લામાં ૨,૩૭,૬૧૩ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે તથા બોટાદ જિલ્લો એગ્રી સેન્સસ વર્ષ ૨૦૧૦–૧૧ બાદ અસ્તિત્વમાં આવેલ હોઇ માહિતીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે, અને

(૨) તે પૈકી બૃહદ ભાવનગર જિલ્લાની નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | ભાવનગર |
|---|---|---|
| ૧ | નાના | ૮૯,૦૯૩ |
| ૨ | મધ્યમ | ૨૫,૩૧૩ |
| ૩ | સીમાંત | ૬૨,૦૪૪ |

બોટાદ જિલ્લાની રચના એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ બાદ થતા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો ?

(૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઈ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના

* ૬૫૨૯ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) ની પારદર્શિતા જાળવવા કોઇ કામગીરી કરવામાં આવેલ છે, કે કેમ, અને

(૧) હા, તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) ની પારદર્શિતા જાળવવા કામગીરી કરવામાં આવે છે.

(૨) જો હા, તો તે કઇ કઇ કામગીરી હાથ ધરવામાં આવેલ છે ?

(૨) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) ની પારદર્શિતા જળવાય તે માટે નીચે મુજબ કામગીરીઓ હાથ ધરવામાં આવે છે.

૧. ગુજરાત રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) હેઠળ જીઆઇએસ અને આઇ.ટી. નો ઉપયોગ કરીને વેબસાઇટ (http://gswma.gujarat.gov.in) બનાવવામાં આવેલ છે. જેમાં મંજુર થયેલ કામોનું આયોજન તેમજ સિદ્ધિઓ જોઇ શકાય છે.

૨. કરવાના થતા કામો અંગેનો પ્રોજેક્ટનો વિસ્તૃત પરીયોજના અહેવાલ (ડીપીઆર) બનાવવા માટે ગ્રામજનો સાથે વિસ્તૃત ચર્ચા કર્યા પછી ગ્રામસભામાં મંજુર કરવામાં આવે છે.

૩. ગ્રામ્ય કક્ષાની જળસ્ત્રાવ સમિતિ મારફતે રૂ.૧,૫૦,૦૦૦ થી વધુ રકમના કામો માટે ઇ-ટેન્ડર કરવામાં આવે છે.

૪. ભારત સરકારશ્રી દ્વારા ભુવન પોર્ટલ વિકસાવવામાં આવેલ છે. જેમાં યોજના હેઠળ થયેલ ભૌતિક કામગીરીઓના ફોટોગ્રાફ સાથે GEO-TAGGING કરવામાં આવે છે.

---------

## રાજ્યમાં મળવાપાત્ર અનાજનો જથ્થો

* ૮૪૧૦ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય અન્ન, નાગરિક અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય માટે કુલ મળવાપાત્ર અનાજનો કુલ કેટલો જથ્થો ભારત સરકાર દ્વારા વર્ષવાર નક્કી કરવામાં આવેલ હતો,

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યને લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા/રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ અંતર્ગત ભારત સરકાર તરફથી અનાજનો વર્ષવાર નીચે મુજબનો જથ્થો ફાળવેલ છે.

## અતારાંકિત પ્રશ્નો

રાજ્યને લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય માટે તા. ૧-૨-૨૦૧૬ થી તા. ૩૧-૩-૨૦૧૬માં ૩૭૪૬૧૨ મે.ટન અનાજનો જથ્થો ફાળવેલ છે.

રાજ્યમાં તા. ૧-૪-૨૦૧૬ થી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાની અમલવારી થતા "બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય"ના બદલે "અગ્રતા ધરાવતા કુટુંબ અને અંત્યોદય" એમ બે પ્રકારની કેટેગરી અમલમાં આવતાં-

અગ્રતા ધરાવતા કુટુંબ અને અંત્યોદય કુટુંબ માટે નીચે મુજબનો અનાજનો જથ્થો ફાળવેલ છે.

| સમયગાળો | જથ્થો (મે.ટન) |
|---|---|
| તા. ૧-૪-૧૬ થી તા.૩૧-૧-૧૭ | ૧૮૦૭૭૬૨ |
| તા. ૧-૨-૧૭ થી તા.૩૧-૧-૧૮ | ૨૩૪૨૦૧૧.૪૧૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી રાજ્ય સરકાર દ્વારા વર્ષવાર કેટલો જથ્થો ઉપાડવામાં આવ્યો, અને

(૨) તા. ૩૧-૧-૧૮ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા વર્ષવાર નીચે મુજબનો જથ્થઓ ઉપાડવામાં આવ્યો.

| સમયગાળો | જથ્થો (મે.ટન) |
|---|---|
| તા. ૧-૨-૧૬ થી તા.૩૧-૩-૧૬ | ૩૭૪૬૧૨ |
| તા. ૧-૪-૧૬ થી તા.૩૧-૧-૧૭ | ૧૮૦૬૪૦૨ |
| તા. ૧-૨-૧૭ થી તા.૩૧-૧-૧૮ | ૨૨૯૬૩૫૯ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉપાડેલ જથ્થા પૈકી કેટલો જથ્થો ગ્રાહકોને ફાળવવામાં આવ્યો ?

(૩) તા. ૩૧-૧-૧૮ની સ્થિતિએ ઉપાડેલ જથ્થા પૈકી નીચે મુજબનો અનાજનો જથ્થો ગ્રાહકોને વિતરણ કરવા ફાળવેલ છે.

| સમયગાળો | જથ્થો (મે.ટન) |
|---|---|
| તા. ૧-૨-૧૬ થી તા.૩૧-૩-૧૬ | ૩૫૧૯૧૫.૫ |
| તા. ૧-૪-૧૬ થી તા.૩૧-૧-૧૭ | ૧૭૯૩૬૮૯ |
| તા. ૧-૨-૧૭ થી તા.૩૧-૧-૧૮ | ૨૨૪૮૭૯૧ |

---------

### અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૮૦૪૭ શ્રી લાખાભાઈ ભરવાડ (વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ રીપોર્ટ મુજબ જિલ્લા વિભાજન પહેલાના બૃહદ અમદાવાદ જિલ્લામાં ૨,૧૭,૬૮૫ ખેડૂત ખાતેદારો તથા ગાંધીનગર જિલ્લામાં ૧,૧૮,૨૮૧ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે.

(૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે, અને

(૨) તે પૈકી બૃહદ અમદાવાદ જિલ્લા અને ગાંધીનગર જિલ્લાની નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | અમદાવાદ | ગાંધીનગર |
|---|---|---|---|
| ૧ | નાના | ૫૨,૯૮૮ | ૨૯,૪૫૩ |
| ૨ | મધ્યમ | ૩૬,૫૨૩ | ૪,૮૩૫ |
| ૩ | સીમાંત | ૬૯,૧૨૧ | ૬૭,૮૯૮ |

(૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો ?

(૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઈ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૮૦૨૫ શ્રી સોમાભાઈ કોળીપટેલ (લીંમડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦–૧૧ રીપોર્ટ મુજબ જિલ્લા વિભાજન પહેલાના બૃહદ સુરેન્દ્રનગર જિલ્લામાં ૨,૨૭,૧૮૪ ખેડૂત ખાતેદારો તથા પોરબંદર જિલ્લામાં ૬૨,૧૫૫ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે.

(૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે, અને

(૨) તે પૈકી બૃહદ સુરેન્દ્રનગર જિલ્લા અને પોરબંદર જિલ્લાની નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | સુરેન્દ્રનગર | પોરબંદર |
|---|---|---|---|
| ૧ | નાના | ૬૬,૮૧૫ | ૨૪,૨૩૪ |
| ૨ | મધ્યમ | ૪૮,૧૦૦ | ૬,૧૫૫ |
| ૩ | સીમાંત | ૩૨,૯૧૧ | ૧૬,૫૬૪ |

(૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો ?

(૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઈ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાજસ્થાન–ગુજરાત સરહદની ચેકપોસ્ટોમાં ગેરરીતિઓ

* ૭૯૨૭ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજસ્થાન–ગુજરાત સરહદની ચેકપોસ્ટોમાં ચેકપોસ્ટવાર વાહન ચાલકો પાસેથી વર્ષવાર દંડની કેટલી રકમની વસુલાત કરવામાં આવી,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજસ્થાન–ગુજરાત સરહદની ચેકપોસ્ટોમાં ચેકપોસ્ટવાર વાહન ચાલકો પાસેથી વર્ષવાર દંડની રકમ નીચે મુજબ વસુલ કરવામાં આવેલ છે.

| ચેકપોસ્ટનું નામ | વસુલાત ૨૦૧૬ રૂપિયા કરોડમાં | વસુલાત ૨૦૧૭ રૂપિયા કરોડમાં |
|---|---|---|
| ખોડા (થરાદ) | ૧૨.૮૬ | ૭.૦૯ |
| અમીરગઢ | ૧૯.૨૫ | ૧૭.૯૩ |
| અંબાજી | ૦.૨૩ | ૦.૨૨ |
| થાવર | ૨.૮૭ | ૧.૭૩ |
| ગુંદરી | ૬.૫૦ | ૪.૩૮ |
| શામળાજી | ૫૬.૧૭ | ૫૨.૫૧ |
| કુલ | ૯૭.૮૮ | ૮૩.૮૬ |

(૨) ઉક્ત સ્થિતિએ આ ચેકપોસ્ટો ઉપર ગેરરીતિઓ થતી હોવા અંગે સરકારને કેટલી રજૂઆતો મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ ચેકપોસ્ટ ઉપર ગેરરીતિઓ થતી હોવા અંગે સરકારને ૧૬ રજૂઆતો મળેલ છે.

(૩) આ પૈકી વર્ષવાર કેટલી ગેરરીતિઓ પકડાઈ, અને

(૩) શૂન્ય.

(૪) કસુરવાર અધિકારીઓ સામે શાં પગલાં ભરવામાં આવ્યા ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

---------

ભાવનગર જિલ્લામાં સહકારી મંડળીઓને સહાય

* ૬૪૮૫ શ્રી રાઘવભાઇ મકવાણા (મહુવા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં ભાવનગર જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસુલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે, અને

(૨) જિલ્લા માટે કેટલી જોગવાઈ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| વર્ષ | સેવા સહકારી મંડળીઓ |
|---|---|
| સને ૨૦૧૬–૧૭ | ૭ (સાત) |
| સને ૨૦૧૭–૧૮ | ૬ (છ) |

(૨) જિલ્લાવાર જોગવાઈ કરવામાં આવતી નથી.

---------

વડોદરા અને નર્મદા જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂત

* ૭૯૪૫ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

(૨) તે પૈકી નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદાર કેટલાં છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ એગ્રી સેન્સસ ૨૦૧૦–૧૧ રીપોર્ટ મુજબ જિલ્લા વિભાજન પહેલાના બૃહદ વડોદરા જિલ્લામાં ૨,૭૭,૩૩૧ ખેડૂત ખાતેદારો તથા નર્મદા જિલ્લામાં ૫૫,૫૭૮ ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે.

(૨) તે પૈકી બૃહદ વડોદરા જિલ્લા અને નર્મદા જિલ્લાની નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | વડોદરા | નર્મદા |
|---|---|---|---|
| ૧ | નાના | ૮૧,૦૪૮ | ૧૮,૧૦૬ |
| ૨ | મધ્યમ | ૨૧,૬૩૭ | ૫,૩૪૭ |
| ૩ | સીમાંત | ૧,૧૭,૩૨૬ | ૧૭,૯૨૩ |

(૩) એગ્રી સેન્સસ દર પાંચ વર્ષના અંતરે બહાર પડતો હોઈ છેલ્લા બે વર્ષમાં થયેલ વધારા કે ઘટાડા સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વાગરા અને ભરૂચ તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના

* ૫૫૬૮ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (ગ્રામ વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના વાગરા અને ભરૂચ તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ કેટલી

જવાબ

(૧) ભારત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ દ્વારા ઓનલાઈન SECC-૨૦૧૧ની યાદીમાં સમાવેશ થાય તે લાભાર્થીઓને લાભ આપવાનો રહે છે. નવી અરજીઓ

અરજીઓ મળી,

મેળવવાની રહેતી નથી. ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૯૫ લાભાર્થીઓને આવાસ મંજૂરી ઓનલાઈન આપવામાં આવેલ છે. અને ભરૂચ તાલુકામાં ૧૬૫ લાભાર્થીઓને આવાસ મંજૂરી આપવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | વર્ષ-૨૦૧૬ | વર્ષ-૨૦૧૭ | કુલ |
|---|---|---|---|
| ભરૂચ | ૯૨ | ૭૩ | ૧૬૫ |
| વાગરા | ૫૨ | ૪૩ | ૯૫ |
| કુલ | ૧૪૪ | ૧૧૬ | ૨૬૦ |

(૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૨) ઉત્તર ખંડ-૧ માં જણાવ્યા મુજબ ભરૂચ તાલુકામાં ૧૬૫ અને વાગરા તાલુકામાં ૯૫ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. આ લાભાર્થીઓને વર્ષવાર નીચેની રકમનું ચૂકવણું કરવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | થયેલ ચૂકવણું (રૂ.લાખમાં) | | કુલ |
|---|---|---|---|
| | વર્ષ-૨૦૧૬ | વર્ષ-૨૦૧૭ | |
| ભરૂચ | ૨૫.૩૦ | ૪૬.૪૦ | ૭૧.૭૦ |
| વાગરા | ૪૪.૦૦ | ૨૯.૭૦ | ૭૩.૭૦ |

(૩) ઉક્ત પૈકી કેટલી અરજીઓ પડતર છે અને તે ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે ?

(૩) ઉત્તર ખંડ-૧ માં જણાવ્યા મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત અરજીઓ મેળવવાની રહેતી ન હોઈ પડતર અરજીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## વડોદરા જિલ્લાની કલ્પવૃક્ષ યોજના

* ૬૪૮૦ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાની વાઘોડીયા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૧૪.૦૦ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ.૧૪.૦૦ લાખ. |

---------

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પશુ આરોગ્ય મેળાઓ

* ૬૫૬૩ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૭ દરમ્યાન તા.૩૧/૧૨/ ૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૨ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૯૪૪ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૪૧,૭૫૬ |

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---

### સુરત જિલ્લામાં એગ્રો સર્વિસ પ્રોવાઈડરની સહાય અરજીઓ

* ૬૫૨૩ શ્રી અરવિંદ રાણા (સુરત પૂર્વ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં એગ્રો સર્વિસ પ્રોવાઈડરની સહાય માટે કેટલી અરજીઓ મંજુર કરી, | (૧) ૬૩ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૫૭ |
| (૩) કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) શૂન્ય. |

---

### સાબરકાંઠા જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ

* ૬૪૮૮ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને થાપણ વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૩૬ |
| (૨) જિલ્લા માટે કેટલી જોગવાઇ કરવામાં આવેલ છે ? | (૨) જિલ્લાવાર જોગવાઇ કરવામાં આવતી નથી. |

---

### ઘાસચારા અને ખાણ વિકાસ માટે નાણાકીય સહાય

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૮–૨૦૧૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા. ૧૬–૩–૨૦૧૮ (સાતમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ<br>માગણી નં. ૩૯ | |
| ૧ | ૨૨૧૦ – તબીબી ... આરોગ્ય<br>૦૧ – શહેરી... એલોપેથી<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૬,૪૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૦ અને ૧૧ | ૧૦૦ | હોસ્પિટલોમાં જરૂરિયાત મુજબના ડોક્ટર તથા સ્ટાફની ઘટ સત્વરે પૂરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કનુભાઇ બારૈયા<br>(રાજેન્દ્રસિંહ પરમાર) |
| *૨ | – –"– – | ૧૦૦ | હોસ્પિટલોમાં દવાઓનો પુરવઠો પૂરતા પ્રમાણમાં ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા<br>(ભાવેશભાઇ કટારા) |
| ૩ | – –"– – | ૧૦૦ | હોસ્પિટલમાં સલામતી અને પાર્કિંગની સુવિધાઓનો અભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુરેશકુમાર પટેલ<br>(પ્રતાપ દુધાત) |
| *૪ | ૨૨૧૦ – તબીબી...આરોગ્ય<br>૧૧૦ – હોસ્પિટલ અને દવાખાના<br>૦૧ – HLT-2 સિવિલ...વહીવટ<br>રૂ. ૪,૫૧,૬૨,૫૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૨૧ અને ૨૨ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલમાં બાળ દર્દીઓનો મૃત્યુ આંક ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા<br>(કાળાભાઇ ડાભી) |
| *૫ | – –"– – | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં દર્દીઓ માટે સ્ટ્રેચરની અછત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મારૂ<br>(અમરિષભાઇ ડેર) |
| ૬ | – –"– – | ૧૦૦ | માળખાગત સવલતોના અભાવે વહીવટી કામગીરી ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા<br>(જે.વી.કાકડિયા) |
| ૭ | – –"– – | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં દર્દીઓને પડતી વિવિધ સમસ્યાઓનો ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઇ ઠુમ્મર<br>(ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| ૮ | – –"– – | ૧૦૦ | દર્દીઓને ડાયાબીટીસ તથા એસીડીટી જેવા રોગો માટેની જરૂરી દવાઓ સિવિલ હોસ્પિટલોમાંથી આપવામાં આવતી નથી અને તેથી બહારથી ખરીદવી પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ<br>(વિક્રમભાઇ માડમ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | ૨૨૧૦ – તબીબી...આરોગ્ય<br>૧૧૦ – હોસ્પિટલ અને દવાખાના<br>૦૧ – HLT-2 સિવિલ...વહીવટ<br>રૂ. ૪,૫૧,૬૨,૫૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૨૧ અને ૨૨ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં સીટીસ્કેન –એમઆરઆઈ જેવી માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઈ બારડ<br>(ચિરાગભાઈ કાલરીયા) |
| ૧૦ | – –"– – | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં ગટરના ગંદા પાણી તથા ધાબા ઉપરથી ટપકતા પાણીની સમસ્યાઓ હલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ વાજા<br>(મોહનલાલ વાળા) |
| ૧૧ | – –"– – | ૧૦૦ | સિવિલ તંત્રના નબળા વહીવટને કારણે દર્દીઓને જરૂરી સવલતો પૂરી–પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા<br>(વલ્લભભાઈ ધારવિયા) |
| ૧૨ | – –"– – | ૧૦૦ | સિવિલ હોસ્પિટલના હેલ્પ ડેસ્ક, કેસ તથા દવા વિભાગના મોટાભાગના કર્મચારીઓની સતત ગેરહાજરીના કારણે દર્દીઓને પડતી હાલાકી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા<br>(વિમલભાઈ ચુડાસમા) |
| *૧૩ | – –"– – | ૧૦૦ | સિવિલ હોસ્પિટલમાં દર્દીના કેસ પેપર સિવિલના બને છે અને ઓપરેશન–સારવાર ખાનગી હોસ્પિટલોમાં થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઈ જોષી<br>(લલીતભાઈ કગથરા) |
| *૧૪ | – –"– – | ૧૦૦ | સિવિલમાં જોઈન્ટ રીપ્લેસમેંટના ઓપરેશનોના નિયમ વિરુધ્ધનો તગડો ચાર્જ વસૂલતા ડોકટર સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ<br>(મહમદજાવીદ પીરઝાદા) |
| *૧૫ | – –"– – | ૧૦૦ | સિવિલ હોસ્પિટલના નિષ્ણાત તબીબોને સ્વાઇન ફ્લુના લક્ષણોની ખબર પડતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જવાહરભાઈ ચાવડા<br>(લલીત વસોયા) |
| ૧૬ | – –"– – | ૧૦૦ | સિવિલ હોસ્પિટલમાં રેસીડેન્ટ ડોકટરો દ્વારા દર્દીને તપાસવામાં આવે છે પણ તેઓ રોગોના લક્ષણો પણ પારખી શકતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ<br>(લાખાભાઈ ભરવાડ) |
| ૧૭ | – –"– – | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં શાકભાજી, દૂધ વિગેરેની ખરીદીમાં થતી ગેરરીતિઓની તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઋત્વિકભાઇ મકવાણા<br>(પરસોત્તમ સાબરીયા) |
| *૧૮ | ૨૨૧૦ – તબીબી...આરોગ્ય<br>૦૩ – ગ્રામીણ...એલોપેથી<br>૧૦૩ – પ્રાથમિક...કેન્દ્રો<br>૦૧– HLT- 34 પ્રાથમિક... કેન્દ્ર<br>રૂ. ૩,૨૬,૮૭,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧, પાના નં. ૭૫ | ૧૦૦ | દરેક ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા<br>(શીવાભાઈ ભુરીયા) |
| ૧૯ | – –"– – | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મૂળભુત સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર<br>(પ્રધુમનસિંહ જાડેજા) |
| ૨૦ | – –"– – | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરો અને દવાની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઇ કોળીપટેલ<br>(સંતોકબેન આરેઠીયા) |
| *૨૧ | – –"– – | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ફરજ બજાવતાં ડોકટરોને વધુ સારી સવલત પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નથાભાઇ પટેલ<br>(કાન્તીભાઇ ખરાડી) |
| ૨૨ | ૨૨૧૦ – તબીબી ... આરોગ્ય<br>૦૬ – જાહેર આરોગ્ય<br>૧૦૧ – રોગોનું ... નિયત્રંણ<br>રૂ. ૯,૫૯,૩૬,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૩૮ થી ૧૫૨ | ૧૦૦ | ડેન્ગ્યુ જેવા રોગોને નેસ્ત નાબુદ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર<br>(જશપાલસિંહ પઢિયાર) |
| ૨૩ | – –"– – | ૧૦૦ | રાજ્યમાં વકરતા જતાં સ્વાઇન ફ્લુના રોગચાળાને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડો. અનિલ જોષિયારા<br>(સુનિલભાઈ ગામીત) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪ | – –"– – | ૧૦૦ | મેલેરીયા નાબૂદી કાર્યક્રમ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં તે સંદર્ભે અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઇ સોઢાપરમાર (અનંતકુમાર પટેલ) |
| ૨૫ | ૨૨૧૦ – તબીબી...આરોગ્ય<br>૦૬ – જાહેર આરોગ્ય<br>૧૦૪ – ઔષધ નિયમન<br>૦૧ – HLT-45 ખોરાક...તંત્ર<br>રૂ. ૩૯,૧૦,૮૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાના નં. ૧૫૩ અને ૧૫૪ | ૧૦૦ | ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કથળેલ કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અલ્પેશ ઠાકોર (મહેશકુમાર પટેલ) |
| *૨૬ | – –"– – | ૧૦૦ | પેકેટોમાં વેચાતા ખાદ્ય પદાર્થોની નિયમિત ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઇ કોટવાલ (ગેનીબેન ઠાકોર) |
| ૨૭ | – –"– – | ૧૦૦ | ગેરકાયદેસર ચાલતી લોહીની લેબોરેટરીઓ બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | ડો. સી.જે.ચાવડા (કીરીટકુમાર પટેલ) |
| ૨૮ | – –"– – | ૧૦૦ | લારી–ગલ્લામાં ખુલ્લેઆમ વેચાતા ખાદ્ય પદાર્થો પર નિયંત્રણ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (ચંદનજી ઠાકોર) |
| | | માગણી નં. ૪૦ | | |
| ૨૯ | ૨૨૧૧– પરિવાર કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ(કે.પુ.યો)<br>૦૧–HLT-૧૧૪ રાજય...કાર્યાલય<br>રૂ. ૫,૫૬,૬૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧, પાના નં. ૧૭૩ | ૧૦૦ | નસબંધીના નિષ્ફળ જતાં ઓપરેશન માટે જવાબદાર ડોકટરો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સંજયભાઇ સોલંકી (અક્ષયકુમાર પટેલ) |
| ૩૦ | – –"– – | ૧૦૦ | છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં નસબંધીના ૩૨૪ જેટલા કેસો નિષ્ફળ ગયા છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇમરાન ખેડાવાલા (ડો. આશાબેન પટેલ) |
| ૩૧ | – –"– – | ૧૦૦ | નસબંધીની નિષ્ફળતા સામે દર્દીને વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભરતજી ઠાકોર (ધવલસિંહ ઝાલા) |
| | | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>માગણી નં. ૬૫ | | |
| ૩૨ | ૪૭૦૦– મોટી....જોગવાઇ<br>૩૧– નર્મદા.....એકમ–૧<br>૧૯૦–જાહેર......રોકાણ<br>રૂ.૧,૩૯,૦૯,૯૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮(ભાગ–૧)<br>પાના નં.૧૩૨ | ૧૦૦ | નર્મદા યોજના અંતર્ગત સાથી રાજ્યો પાસેથી લાંબા સમયથી લેવાની થતી રકમ વસુલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદ સોલંકી (રાજેશકુમાર ગોહિલ) |
| *૩૩ | ૪૭૦૦–મોટી....જોગવાઇ<br>૩૩– નર્મદા.....એકમ–૪<br>૧૯૦–જાહેર......રોકાણ<br>રૂ.૪૪,૮૨,૬૧,૫૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ–૧)<br>પાના નં.૧૩૬ | ૧૦૦ | નાની કેનાલોની મરામત અને ચકાસણીની કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૩૪ | ––,,–– | ૧૦૦ | નર્મદાની નાની કેનાલો વારંવાર તૂટી જવાથી ઉભા પાકને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુખરામભાઇ રાઠવા |
| *૩૫ | ––,,–– | ૧૦૦ | નાની કેનાલો વારંવાર તૂટી જવાથી પાણીનો બગાડ થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ)

| | | | | |
|---|---|---|---|---|
| ૩૬ | ૪૭૦૦–મોટી....જોગવાઇ<br>૩૪– નર્મદા.....એકમ–૫<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ.૨૭,૧૫,૮૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮(ભાગ–૧)<br>પાના નં.૧૩૭ અને ૧૩૮ | ૧૦૦ | સુજલામ–સુફલામની કેનાલોમાં નિયમિત પાણી છોડવા પ્રત્યે તંત્રની ઉદાસીનતા | શ્રી મંગળભાઇ ગાવિત |
| *૩૭ | --,,-- | ૧૦૦ | નર્મદા કેનાલની પાઇપલાઇનોમાં વારંવાર પડતા ભંગાણના કારણે પાણી વિતરણની કામગીરી ખોરવાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| *૩૮ | --,,-- | ૧૦૦ | સુજલામ–સુફલામ યોજનામાં થયેલ ગેરરીતિની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર |
| *૩૯ | --,,-- | ૧૦૦ | નર્મદાના પાણીના અભાવે ખેડૂતો દરેક સીઝનમાં પાક લઇ શકતા નથી તેથી તેઓને થતું આર્થિક નુકશાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |
| ૪૦ | --,,-- | ૧૦૦ | નર્મદા મહોત્સવ ઉજવણી પાછળ થયેલ કરોડો રૂપિયાના ખર્ચ સામે થયેલ વિરોધની નોંધ લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |
| *૪૧ | --,,-- | ૧૦૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. દ્વારા કેનાલ ઉપર ઉભા કરાયેલ સોલાર પ્રોજેક્ટમાંથી અત્યાર સુધીમાં થયેલ વીજ ઉત્પાદનની વિગતો પ્રસિદ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૪૨ | --,,-- | ૧૦૦ | નર્મદાનું પાણી ચોરાઇને ખાનગી રાહે ઊંચી કિંમતે વેંચાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનલાલ વાળા<br>(શીવાભાઇ ભુરીયા) |
| ૪૩ | --,,-- | ૧૦૦ | પિયતના સમયે જ સમારકામને કારણે પાણી વિતરણ બંધ કરાતા ખેડૂતોનો ઉભો પાક સુકાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ<br>(ચિરાગભાઇ કાલરીયા) |
| ૪૪ | --,,-- | ૧૦૦ | નર્મદાની કેનાલોમાં કેમિકલયુક્ત પાણી છોડનાર જવાબદારો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઇ ખરાડી<br>(જે.વી.કાકડીયા) |
| ૪૫ | --,,-- | ૧૦૦ | નર્મદા ડેમમાં સંગ્રહિત પાણી પૈકી ખેતી માટે, પીવા માટે અને ઉદ્યોગો માટે કેટલું પાણી અપાયુ તેની માહિતી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મારૂ<br>(ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| *૪૬ | ૪૭૦૦–મોટી....જોગવાઇ<br>૩૪– નર્મદા.....એકમ–૫<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ.૨૭,૧૫,૮૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮(ભાગ–૧)<br>પાના નં.૧૩૭ અને ૧૩૮ | ૧૦૦ | નર્મદા ડેમમાંથી આયોજન વગર પાણી છોડાતા આમ જનતાને ભરઉનાળે પાણી કાપ અને ખેડૂતોને સિંચાઇનો લાભ મળશે નહિ તેવી ગંભીર સમસ્યાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદનજી ઠાકોર<br>(કીરીટકુમાર પટેલ) |
| ૪૭ | --,,-- | ૧૦૦ | નર્મદા ડેમમાંથી નિયમિત કેટલું પાણી છોડાય છે તેનું મોનીટરીંગ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અલ્પેશ ઠાકોર<br>(ગેનીબેન ઠાકોર) |

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર

ડી. એમ. પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજ થયેલ નથી.

ફાલ્ગુન ૨૫, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ)

**અધ્યક્ષશ્રીની જાહેરાતો**

**વિધાનસભા પરિસર તથા વિધાનસભા ગૃહમાં જાળવવાની થતી શિસ્ત અંગે.**

અધ્યક્ષશ્રી : મારે બે જાહેરાત કરવાની છે.

(૧) કોંગ્રેસના એક માનનીય ધારાસભ્યશ્રી માનનીય બ્રિજેશભાઇ મેરજા પોતાના ઓળખીતાને ધારાસભા લોન્જમાં ગઇ કાલે આવવા માટે અધિકાર ન હોવા છતાં ધરાર દુરાગ્રહ કરીને લઇ ગયા હતા. બધાની જાણ માટે કે આવો દુરાગ્રહ ન કરવો જોઇએ. આ યોગ્ય નથી એ બધાની જાણ સારું. આવી ભૂલ ફરી ન કરવા જણાવવામાં આવે છે.

(૨) કોંગ્રેસના માનનીય ધારાસભ્યશ્રી આજે, નામ એટલા માટે નથી આપતો કે એમાં નામની જરૂર નથી. પોતાની જગ્યા પરથી ઉઠીને અન્ય ધારાસભ્યશ્રીની સીટ પાસે બેસીને કાર્યવાહી દરમિયાન લાંબો સમય વાતો કરે છે. કાર્યવાહીને હરકત થતી હોતી નથી એટલે ત્યાં સુધી હું ચલાવી લઉં છું. પણ આ હક્ક છે એવું કોઇ સમજતા નહીં અને બને ત્યાં સુધી કાર્યવાહીમાં ડિસ્ટર્બ ન થાય. જરૂરી હોય તો ચિઠ્ઠી લખીને બીજાને મોકલી શકાય. આના માટે આપણી પાસે પાછળ કર્મચારીઓ ઉપલબ્ધ છે.

હવે રજૂ થયેલ માગણીઓ અને કાપ દરખાસ્તો બન્ને ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી આરોગ્ય વિભાગ અને નર્મદા વિકાસ યોજના, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તે અંગે મારા સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માણસનું આરોગ્ય બહુ મહત્ત્વનું છે. if wealth is lost nothing is lost, if health is lost something is lost. જ્યારે માણસનું આરોગ્ય મુશ્કેલીમાં મુકાય છે ત્યારે ગમે તેટલો પૈસાદાર માણસ હોય તો પોતાની જીંદગી બરાબર જીવી શકતો નથી. છેલ્લા ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકારનું શાસન ગુજરાતમાં ચાલી રહ્યું છે. મને કહેતા દુ:ખ થાય છે કે આરોગ્યની જે ચિંતા છે એમાં સરકાર દુર્લક્ષ સેવી રહી હોય એવું મને વ્યક્તિગત લાગી રહ્યું છે. મોટી મોટી હોસ્પિટલો અબજો અને કરોડપતિ લોકો પણ પહેલા સિવિલ હોસ્પિટલનો આગ્રહ રાખતા હતા. આજે સિવિલ હોસ્પિટલોમાં તજજ્ઞોની મોટાભાગની જગ્યાઓ આખા ગુજરાતમાં ખાલી છે. તેના કારણે આરોગ્યની બહુ મોટી મુશ્કેલી ઉભી થઇ છે. ગરીબ માણસને નાછુટકે ખાનગી હોસ્પિટલમાં જવું પડે છે. પ્રાઇવેટ હોસ્પિટલમાં પેકેજ દાખલ થયા છે એમાં કોઇ ગરીબ લોકો પોતાનું આરોગ્ય સંભાળી શકતા નથી. એમાં લાખો રૂપિયાના પેકેજ ચાલી રહ્યા છે. ડોકટર્સની ૩૦ થી ૬૦ ટકા જગ્યાઓ ગઇકાલે મારા પોતાના જ એક પ્રશ્નના જવાબમાં મને વધારાની તારાંકિત પ્રશ્નોત્તરીમાં લિસ્ટ આપવામાં આવ્યું છે. મેં અમરેલી અને જૂનાગઢ જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો હતો મોટાભાગની જગ્યાઓ ખાલી છે. સિવિલ હોસ્પિટલો હવે પ્રાઇવેટને આપવા માટેની વ્યવસ્થા ચાલી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની સરકારની સાચી વ્યવસ્થા હોવાના કારણે એટલી બધી હોસ્પિટલો સ્થપાણી છે, એમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર સ્થપાણા છે. છેવાડાના ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સ્થપાણા છે. પરંતુ દુ:ખ થાય છે કે માત્ર એના બિલ્ડિંગ બની રહ્યાં છે તેમાં ડોકટર્સ નથી, તજજ્ઞો તો ઠીક છે પણ એક એમ.બી.બી.એસ. ડોકટર ના હોવાના કારણે છેવાડાના સામાન્ય માણસ છે એને આરોગ્ય માટે જિલ્લા મથકે જવું પડે છે એ મજૂરી કરતા માણસને પોષાતું નથી એના કારણે એમને આર્થિક ભારે મોટી મુશ્કેલી ઊભી થાય છે. ટી.બી. હોસ્પિટલો, ટ્રસ્ટની હોસ્પિટલો ચાલતી હતી. મોટાભાગની ટી.બી. હોસ્પિટલો બંધ થઇ ગઇ છે. રોગ સાથે સાથેની સરકારે ઘણી બધી વાતો કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા શિતળા નીકળતા હતા. હું પણ શિતળાનો ભોગ બન્યો છું. શિતળા જેને નીકળતા હતા તેને જીવાડવા મુશ્કેલ હતા. તે વખતની સરકારે આ પોલિયો માટેના ડ્રોપ્સ લાવ્યા અને હજુ પણ આ સરકાર ચાલુ રાખે છે. હું પણ હમણાં પોલિયો ડ્રોપ્સ પાવા માટે ગયો હતો સરકારની આવી યોજનાઓ છે એને હું અનુમોદન પણ આપું છું. પરંતુ આ યોજનાના અમલ કરવા માટેની જેની ચિંતા છે તે સ્ટાફ જ નથી. કોણ અમલવારી કરશે? શિતળા થતા બંધ થયા છે. પોલિયોથી પિડાતા નાના દર્દીઓ પણ આજે બચવા માટે એનો જીવ જોખમમાંથી બહાર નીકળી શક્યો છે. પરંતુ અત્યારે મુશ્કેલી એવી છે કે માનનીય અધ્યક્ષશ્રી, આપને જાણીને નવાઇ થશે કે વડોદરા, સુરેન્દ્રનગર, ગોધરા, પેટલાદ, અમરેલીની હોસ્પિટલોમાં વિવિધ પ્રકારના રોગોના નિષ્ણાંતોની ૫૦ % થી વધારે જગ્યા ખાલી છે ત્યારે આરોગ્યની શું વાત ચાલી રહી છે? સરકાર વાત તો કરે છે. જાહેરાતો કરે છે. રોજ ફોટાઓ સાથે બેનરો છાપે છે. માનનીય અધ્યક્ષશ્રી, અમે જઇએ છીએ તો રોડ ઉપર ૨૦૦ જેટલા બેનરો લગાડ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા દુ:ખ થાય છે કે, આ રાજ્યનો મુખ્યમંત્રી હોય તો એ મુખ્યમંત્રી છે. આ રાજ્યમાં કોઇ મંત્રી હોય તો મંત્રી છે. સામાન્ય માણસને એની સેવા મળતી નથી. મેં ઘણી વખત જોયું છે કે, આરોગ્ય મંત્રીની આંખ ઉપર કાળી લીટી દોરી દેવામાં આવે છે, ફોટામાંથી એની આંખ કાઢી લેવામાં આવે છે. એટલા માટે લોકોનો રોષ વધ્યો છે કે, એને પુરતી સેવા મળતી નથી. જ્યારે એને સેવા ના મળે ત્યારે માણસ આક્રોશમાં આવી જતો હોય છે. કોઇ પણ માનનીય મંત્રીશ્રીનું માન જાળવવાની બધાની ફરજ છે. આ દેશના તમામ લોકોની ફરજ છે. પરંતુ આવું થવા માટેનું કારણ હોય તો નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પાસે ખાતાનો બહુ મોટો બોજો છે. એટલા બધા ખાતા અમારા •(×××) એના કારણે અને પાછી એમને વિધાનસભામાં બોલવાની, ટોકાટોક કરવાની એમને મારી જેવી ટેવ છે. મને પણ ટોકી શકે છે. એના કારણે ટોકવા જાય

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે તો ડોકટર જે આવ્યો હોય છે પોતે બરાબર ધ્યાન આપી શકતા નથી એના કારણે હોસ્પિટલો ખાલી રહે છે. મારે મંત્રીને કહેવું છે કે, *(×××) ભાગ્યશાળી છો. તમે તો પ્રથમ ક્રમે હોવા જોઇએ.

અધ્યક્ષશ્રી : *(×××) આ તમારું અયોગ્ય વર્તન છે અને આને રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે અને તમામ માનનીય પત્રકાર મિત્રોને પણ જાણકારી આપવામાં આવે છે કે જે શબ્દો વારંવાર દૂર કરવામાં આવે છે, અસંસદીય શબ્દો છે એને રેકર્ડ પર આપે પણ નહિ લેવા જોઇએ.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, આના માટે સરકાર ચિંતા કરે તે માટેની હું લાગણી વ્યક્ત કરી રહ્યો છું. કેન્દ્ર સરકારની એક બહુ સારી યોજના દાખલ થઇ છે. કોઇ પણ માણસને એના પગની તકલીફ હોય, સાંધાની અને ઘૂંટણની તકલીફ હોય એ છેલ્લા વર્ષોમાં ઘણી વધી છે. ફ્લોરાઇડયુક્ત પાણીના કારણે માણસ ૫૦ વર્ષની ઉંમરનો થાય એટલે એના ઘૂંટણની તકલીફ વધી છે, એને સ્ટેંટ મૂકવાની પણ પ્રક્રિયાઓ કરવી પડે છે. તેલવાળા ખોરાક, બીજા પ્રકારના ભેળસેળયુક્ત ખોરાક ખાવાના કારણે માણસના હૃદય ઉપર પણ અસર થાય છે એટલે સ્ટેંટ પણ મૂકવા માટેની હમણાં બહુ મોટી માંગ ઊભી થઇ છે. કેન્દ્ર સરકારે યોજના કરી છે હું એને અભિનંદન આપીશ. પરંતુ આનો લાભ ૮ લાખ જેવા કર્મચારીઓને મળતો નથી. સિવિલ હોસ્પિટલમાં સ્ટેંટ કે પગના ઘૂંટણ માટેના સાધાંઓની કોઇ વ્યવસ્થા નથી. એને કારણે એને પ્રાઇવેટ જગ્યાએ જવું પડે છે અને પ્રાઇવેટ જગ્યાએ ચારથી પાંચ લાખ રૂપિયાનું પેકેજ આપે છે. ડોકટરો સમજાવે છે કે આ દેશનું જો સ્ટેન્ટ તમને મૂકવામાં આવે, આ દેશના જો તમારા ઘૂંટણ મૂકવામાં આવે તો તમારો ચાર્જ આટલો છે. આ દેશના જો મૂકવામાં આવે તો આટલો ચાર્જ છે. કોરીયાનું મૂકવામાં આવે તો આટલો ચાર્જ છે. દર્દીને તો ખબર પણ હોતી નથી એમ કરી કરીને પ્રાઇવેટ હોસ્પિટલો લૂંટ ચલાવે છે એ લૂંટ ઉપર રોક લાવવાની બહુ મોટી જરૂરિયાત ઉભી થઇ છે. આ રાજયના લગભગ ૮ લાખ જેટલા પેન્શનરોને પણ સરકારે ભૂલવા નહીં જોઇએ. એમને સરકારી હોસ્પિટલો સિવાય કયાંય વ્યવસ્થા મળતી નથી. તેઓ આ પ્રકારની સારવાર લઇ શકતા નથી એની ચિંતા પણ સરકારે કરવાની જરૂરિયાત છે. નર્મદા યોજના, કામગીરીનું અંદાજપત્ર હું વાંચતો હતો. ઘણું વાંચવાનો પ્રયાસ કર્યો પૂરું વાંચી શકયો નથી પરંતુ સરકાર રોજ જાહેરાત કરે છે કે અમારી સરકાર નર્મદા યોજના માટે આ કામગીરી કરવા માગે છે. અમારી સરકાર સૌની યોજના માટે આ કામગીરી કરવા માગે છે. સૌની યોજનામાં દશ હજાર કરોડનો ખર્ચ સરકાર કરવા માટેની જોગવાઇ લઇને આવી છે. સૌની યોજનામાં ચોમાસામાં ડેમ ભર્યા છે હું અભિનંદન આપીશ પરંતુ સૌની યોજનામાં માત્ર ૨૦ ડેમ ભરાયા છે (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એક સ્પષ્ટતા કરવા માગું છું જેથી માનનીય સભ્યશ્રીઓ પોતાના પ્રવચનમાં જે વિગતો મૂકવી હોય એ મૂકી શકે. આ નર્મદા પૂરતુ બજેટ છે. સિંચાઇ વિભાગની અંતર્ગત સૌની યોજના આવે છે એટલે જયારે સિંચાઇનું બજેટ હોય ત્યારે આપ સૌની યોજનાની વાત કરજો. અત્યારે તો ફકત સરદાર સરોવર યોજનાની જ માગણીઓ લઇને હું આવ્યો છું. પાણી પુરવઠા અલગ, સિંચાઇ વિભાગ અલગ અને નર્મદાનું કામ અલગ. ત્રણેય અલગ છે એટલે નર્મદા વિશે આપ ચર્ચા કરો તો આપનો સમય વધુ ઉપયોગી થશે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહેવા માગતો હતો કે આ સૌની યોજનાનું પાણી નર્મદા યોજનામાંથી આવે છે. સરકારે નવી જાહેરાત કરી નર્મદા યોજનાનું પાણી સૌની યોજનામાં નાખવા માટેનો પ્રયાસ કર્યો. સરકાર રોજ આંકડા આપે છે એમના પ્રશ્નના જવાબમાં ૩૫ નંબરનો પ્રશ્ન ગયા ગુરુવારે ચર્ચામાં આવ્યો હતો. નર્મદા યોજનામાં ૭૦૬૯ મિલિયન કયુસેક મીટર પાણી હતું અને આજે એ જથ્થો જાન્યુઆરીમાં, જાન્યુઆરીના એન્ડ પછી મારી પાસે આંકડા છે. મારી પાસે ફેબ્રુઆરીના આંકડા નથી. ગઇકાલે તો સિંચાઇ માટે પણ નર્મદા યોજનાનું પાણી છોડવા માટેનું બંધ કર્યું છે. સરકારે જાહેરાત કરી છે. ખેડૂત તો જગતનો તાત કહેવાય એને પાણી વધારે આપવું જોઇએ પણ ન આપી શકવા માટેના કારણો શું છે? ૭૦૬૯ કયુસેક મીટર પાણી અને જાન્યુઆરીમાં ૩૯૧૬ કયુસેક મીટર પાણી આ સાડાચાર હજાર કયુસેક મીટર પાણી ડિસેમ્બર અને નવેમ્બરમાં ગયું કયાં હું જાણવા માગું છું. ગુજરાતની પ્રજા આજે મુશ્કેલીમાં મુકાઇ છે. ટી.વી. મિડીયા મુશ્કેલીમાં મુકાયા છે કે પાણી ગયું કયાં? કોણ પી ગયું? નાયબ મુખ્યમંત્રીશ્રી મને જવાબ આપે કે આ પાણી કોણ પી ગયું છે.

અધ્યક્ષશ્રી : ટી.વી. મિડીયાવાળા મુશ્કેલીમાં મુકાય એવું હું માનતો નથી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : નહીં, મુશ્કેલીમાં મુકાઇ ગયા છે. પીવાનું પાણી નહીં મળે તો શું થશે? પણ આટલું બધું પાણી, મારા નાયબ મુખ્યમંત્રીશ્રી તો બહુ જ જાગૃત નાયબ મુખ્યમંત્રી છે. આ પાણી કોણ પી ગયું એ તો અમને કહો. કેમ આટલું બધું પાણી પીવાઇ ગયું? આજે લોકો ચિંતામાં મુકાયા છે કે અમને પીવાનું પાણી મળશે કે કેમ? અને એ પીવાનું પાણી ન મળે એના માટે કોણ જવાબદાર છે? અને ડિસેમ્બર મહિનામાં જ કેમ વપરાયું? મારી પાસે આગલા વર્ષના આંકડા છે. આગલા વર્ષમાં ૫૦૮૧ કયુસેક મીટર પાણી આવ્યું હતું ત્યારે ૪૭૪૨ કયુસેક મીટર પાણી હતું. ત્યારે એક કે દોઢ કયુસેક મીટર પાણી વપરાયું અને આ વર્ષે એવું તે શું થયું? માત્ર ચૂંટણી આવતી હતી અને શીપ લેન ઉડાડવા માટે એવું કાર્ય થયું એના કારણે નર્મદાનું પાણી વેડફાઇ ગયું છે. મારે શબ્દો નહીં વાપરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય વિરજીભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. બાબુભાઇ બોખીરીયા.

શ્રી વિરજીભાઇ ઠુંમર : એક જ મિનિટ સાહેબ,

ફાલ્ગુન ૨૫, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ)

અધ્યક્ષશ્રી : હવે આમાં એક મિનિટ ન હોય. બધાની મિનિટ કપાય. આ તો તે દિવસે મારી પાસે જગ્યા હોય, એકાદ વધેલી મિનિટ હોય તો આપી દઉં છું.

શ્રી વિરજીભાઇ ઠુંમર : સાહેબ, એક મારે રેકર્ડ ઉપર મૂકવું છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે નર્મદા વિકાસ યોજનાની માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આઝાદી પહેલા વર્ષ ૧૯૪૬ ની અંદર સરદાર વલ્લભભાઇ પટેલને આ નર્મદા નદી ઉપર ડેમ બાંધવા માટેનું સ્વપ્ન આવેલું અને એનો શિલાન્યાસ આપણે આઝાદી તો ૧૯૪૭ માં મળી પણ એનો શિલાન્યાસ જે થયો એ ૫ એપ્રિલ, ૧૯૬૧ ના દિવસે થયો. કોંગ્રેસના મિત્રો ઘણી વખત વાત કરે છે કે અમારી સરકાર કેન્દ્રમાં બની. આઝાદી પછી રાજ્યમાં સરકાર બની. અમે અનેક ડેમો બાંધ્યા છે. ભાખરા નાગલ ડેમ પણ આ જ સમયની અંદર બન્યો છે. પણ એનું ખાતમુહૂર્ત ક્યારે થયું અને એ ડેમ ક્યારે પૂરો થયો, એની તમે સમય, અવધિ કાઢશો અને નર્મદા ડેમનો શિલાન્યાસ એ ૧૯૬૧ માં થયો. એના પછી એની કામગીરીનો પ્રારંભ એ ૧૯૮૭ માં એટલે શિલાન્યાસ અને ડેમની બાંધકામની શરૂઆત છે, એનો સમયગાળો પૂરા ૨૬ વર્ષ પછી થયો. સ્વપ્ન સરદાર વલ્લભભાઇ પટેલે સેવ્યું અને ડેમનો શિલાન્યાસ થયો એના ૧૪ વર્ષ એના પછી શિલાન્યાસ અને પછી કામ શરૂ થયું એના ૨૬ વર્ષ એ બધા વર્ષોનો સરવાળો કરો તો ૪૦ વર્ષનો સમયગાળો થયો. આમ ૪૦ વર્ષ માત્ર શિલાન્યાસ સુધી આપણે પહોંચ્યા. કામ શરૂ થયું એની અંદર ૪૦ વર્ષ જેટલો સમય થયો. જો ૪૦ વર્ષના સમયની અંદર આ ડેમ પૂરો થયો હોત, જેમ આ ભાખરા નાગલ ડેમ પૂરો થયો એમ આ ડેમ જો પૂરો થયો હોત તો એના લીધે ૧૮ લાખ હેક્ટર કરતા વધારે ગુજરાતની સૂકી ધરતીને આ નર્મદા મૈયાનું પાણી મળતું હોત. એનાથી વીજળી ઉત્પન્ન થઇ હોત તે પણ ખર્વો રૂપિયામાં થઇ હોત. એમાં એક હેક્ટરમાં કૃષિનું ઉત્પાદન છે એની ગણતરી કરો તો ખેડૂતોને એની અબજો, ખર્વોની આવક થઇ હોત. ગુજરાત આજ છે એનાથી વધારે સમૃદ્ધ થયું હોત. આ જો મોડું ન થયું હોત તો થઇ શક્યું હોત. ૧૯૮૭ માં એનો આરંભ થયો. ૧૯૯૫ સુધીમાં ૮૦.૩ અને ૩૦ મીટર સુધીનું બાંધકામ એના પછીથી કોર્ટમાંથી સ્ટે આવ્યો. ફરીથી ૨૦૦૦ માં કોર્ટની મંજૂરી મળી એના પછી આપણે ૧૨૧ મીટર સુધીનું બાંધકામ ૩૧મી ડિસેમ્બર ૨૦૦૬ માં પૂરું થયું. આ સરકારે ૧૨૧.૯૨ મીટર સુધીનું ૩૧ ડિસેમ્બર, ૨૦૦૬ માં પૂર્ણ થયું, ત્યારે જે ટોટલી કોંન્ક્રીટનું કામ હતું તે ૯૭ ટકા પૂર્ણ થઇ ગયું હતું. પણ પાણીનો સંગ્રહ માત્ર ૧.૫૭ મિલિયન એકર ફીટ. એટલે કુલ જથ્થો છે એના માત્ર ૨૭ ટકા જેટલું પાણી સંગ્રહ થઇ શક્યો હતો. એના પછી એવી કોઇ અદ્રશ્ય શક્તિ કામે લાગી કે તમારે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક બાબુભાઇ બોલે એટલે બીજા બાબુભાઇએ બોલવું જરૂરી નથી. નહિ, નહિ, આપ બેસો, આપ શાંતિ રાખો. બાબુભાઇ આપ શાંતિ રાખો. આટલું બધું સભાગૃહમાં થયા પછી આપ શાંતિ રાખો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી તરીકે એ પણ કેન્દ્ર સરકારને અવાર-નવાર વિનંતીઓ કરતા હતા. તમે અમને અગાઉના ૧૩૭ મીટર સુધીના બાંધકામની મંજૂરી આપો. અમે એનો આખો જશ તમને દઇશું કે આ કેન્દ્ર સરકારના પ્રયાસોને કારણે પૂર્ણ થયો. પણ બાંધકામની મંજૂરી કેન્દ્ર સરકારમાંથી સાડા સાત વર્ષ પછી ૧૨-૬-૨૦૧૪એ મળી. એટલે જ્યારે યુ.પી.એ. ની સરકારની કેન્દ્રમાંથી વિદાય થઇ. અને નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા એના માત્ર ૧૭ દિવસમાં મંજૂરી મળી ગઇ અને બધી પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ હતી. બાંધકામની મંજૂરી અને એના માટેના દરવાજા ચડાવવા માટેની એમાં કોઇ જાતની તકલીફ નહોતી. પણ એવી કોઇ શક્તિ ઇચ્છતી હતી કે ગુજરાતનો વિકાસ ન થાય અને એના માટે થઇને સાડા સાત વર્ષ સુધી મંજૂરી ન આપી. તો સાડા સાત વર્ષમાં પણી વહી ગયું. એના મારી પાસે વર્ષવાર આંકડા છે. સમય ઓછો હોવાથી વર્ષવાર નહિ આપું. કુલ પાણી વહી ગયું તે ૧૭.૯૪ એકર મિલિયન ઘનફીટ પાણી દરિયામાં વહી ગયું. આનાથી જે વીજળી ઉત્પન્ન થશે તે ગણતરી કરીએ તો એક એકર મિલિયન પાણી હોય તો એની અંદરથી ૩.૧૫ મિલિયન યુનિટ વીજળી ઉત્પન્ન થાય. જેની કિંમત ૧૨૬ થાય એટલે જે ૧૭.૯૪ એકર મિલિયન ઘનફીટ પાણી વહી ગયું એની કુલ કિમત ૨૨૬૦ કરોડ રૂપિયા થાય. એક મિલિયન એકર પાણી હોય, એની અંદર ૨ લાખ હેક્ટરમાં સિંચાઇ થઇ શકે અને એક હેક્ટરમાં દોઢ લાખથી ખેતીનું ઉત્પાદન ગણીએ તો ૫૪,૦૦૦ કરોડ રૂપિયા થાય. એટલે ૫૪૦૦૦ કરોડ રૂપિયાનું સાડા સાત વર્ષમાં પાણી દરિયામાં વહી ગયું. ૫૪,૦૦૦ કરોડ રૂપિયાની ગુજરાતની જનતાને, ગુજરાતના ખેડૂતોને આ બધી નુકસાની ગઇ. પાણી દરિયામાં ન ગયું હોત તો વહેલા ડેમ પૂરો થઇ ગયો હોત. ખેડૂતોના ખેતર સુધી પાણી ગયું હોત તો આજે ખેડૂત સમૃદ્ધ બન્યો હોત, તેના બાળકોનો સારી રીતે અભ્યાસ કરાવી શક્યો હોત. ગુજરાતમાં એક અલગ પ્રકારનો તેના લીધે તેને ફાયદો થયો હોત. આ લોકો ન્હોતા ઇચ્છતા કે ગુજરાત સુખી અને સમૃદ્ધ થાય. જે શક્તિ આ કામ અટકાવતી હતી તેમાંથી આપણે બહાર આવ્યા છીએ અને અહીં પહોંચ્યા છીએ. તેના પછી દરવાજા તા.૧૭-૨-૨૦૧૭ના દિવસે બંધ કરવામાં આવ્યા છે. માનનીય વડાપ્રધાનના હસ્તે તા.૧૭-૯-૨૦૧૭ના રોજ તેનું લોકાર્પણ થયું છે. અત્યારે નર્મદા તંત્રનું કામ ચાલે છે તેમાં મુખ્ય નહેરનું કામ ૧૦૦ ટકા પૂર્ણ થઇ ગયેલું છે. શાખા નહેરનું કામ ૯૫ ટકા પૂર્ણ થઇ ગયેલ છે. વી-શાખા નહેરનું કામ ૯૨.૯૫ ટકા પૂર્ણ થયું છે. પ્ર-શાખાનું કામ ૮૨ ટકા પૂર્ણ થયેલ છે. પ્ર પ્ર-શાખાનું કામ ૬૪ ટકા પૂર્ણ થઇ ગયેલ છે. પ્ર પ્ર-શાખાના કામની અંદર જમીન સંપાદન ન કરવી પડે એટલા માટે અહીં સરકારે બહુ સારો નિર્ણય લીધો છે.

અધ્યક્ષશ્રી: આપનો સમય પૂરો થાય છે, આપનું વક્તવ્ય પૂરું થાય છે. ડો.અનિલભાઇ જોષીયારાજી. આ બે વચ્ચે મારે તમામ ધારાસભ્યશ્રીઓને વાત કરવી છે. માનનીય વિરજીભાઇ ઠુંમર અત્યારે જતા રહ્યા છે. સૌની જાણકારી માટે કે આ

ગૃહનો એક વિશેષાધિકાર પણ હોય છે. નિયમોના નિયમ ભાગ ૧૮ની અંદર તેની એક વિશેષાધિકાર સમિતિ બનતી હોય છે. ગૃહની અંદર કોઇનું પણ અપમાન થયું હોય કે બહાર થયું હોય તેના માટે તેને જેલની સજા પણ થઇ શકતી હોય છે. આ આપણે સૌએ ધ્યાનમાં રાખવું જોઇએ અને થોડું વાંચી પણ લેવું જોઇએ. નવા સભ્યો આવ્યા છે તેમણે પણ આ જાણવું જોઇએ. જૂના સભ્યોએ યાદ કરી લેવું જોઇએ. ધન્યવાદ.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તથા નર્મદા વિકાસ યોજનાની જે માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તે રાજયની સમગ્ર પ્રજાનું એટલે કે ગામડાંથી માંડીને શહેર સુધીની જે પ્રજા છે તેની સેવા કરવાનું કામ કરે છે. વસતિના ધોરણે આપણે ત્યાં વર્ષોથી સબ સેન્ટરથી માંડીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, તાલુકાની હોસ્પિટલો, જિલ્લાની હોસ્પિટલો અને શહેરોની હોસ્પિટલો જે મેડિકલ કોલેજો સાથે જોડાયેલી છે તેવી હોસ્પિટલો દ્વારા આ સેવાઓ આપી રહ્યા છીએ. પરંતુ તેના માટેનું બજેટ છે ત્યારે નાણામંત્રી અને આરોગ્ય મંત્રી પણ નીતિનભાઇ છે છતાં પણ આરોગ્ય માટે બજેટની જોગવાઇ કરવામાં આવી છે તે થોડીક ઓછી કરતા જતા હોય તેવું લાગે છે. આ સામાજિક સેવાઓ છે તો તેના માટે થોડુંક મન મોકળું રાખો તેવું મને લાગે છે. આપે ૨૦૧૫-૧૬માં આયોજન કર્યુ હતું તેમાં ટોટલ બજેટના ૫.૫૯ ટકા બજેટ હતું. તે પછી ૫.૧૬ ટકા થયું, તે પછી ૫.૧૧ થયું અને હવે આ વખતે તમારું જે બજેટ છે અને આપે અંદાજપત્રમાં આંકડો રજૂ કર્યો હતો તે ૯૭૫૦ કરોડનો છે. હું આખા બજેટનો ચોપડો જોઇ ગયો તો તેમાં તમારી રકમ છે તે ૮૧૭૨ કરોડ જેટલી થાય છે. તેમાં ૯૭૫૦ કરોડનો કયાંય આંકડો દેખાતો નથી. એટલે ૪.૪ ટકા જેટલું બજેટ થાય છે તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે અને આપ ખૂબ જ અનુભવી છો એટલે થોડુંક મોકળું મન રાખી સામાજિક સેવાઓ માટે બજેટ વધારો તો સારું રહેશે. યુનિયન હેલ્થ ડિપાર્ટમેન્ટ એવું કહે છે કે, હેલ્થ કેર ફેસિલિટી અને ઇન્ફ્રાસ્ટ્રકચર ફેસિલિટી જે પછાત વિસ્તાર, ગામડાંના વિસ્તાર હોય છે તેમાં ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશ કરતાં આપણી ઓછી છે. આપણી સગવડો ઓછી છે. એવું જ જે સી. એચ. સી. છે તેમાં ગાયનેકોલોજીસ્ટ અને સર્જનની જગ્યાઓ હોવી જોઇએ તેમાં ગાયનેકોલોજીસ્ટમાં ૯૪.૨૨ ટકા અને સર્જનની જગ્યાઓ ૯૦ ટકા ખાલી છે. પી. એચ. સી. માં બિહાર કરતાં આપણી પરિસ્થિતિ ખરાબ છે. પી. એચ. સી. અને સબ સેન્ટરોમાં સ્ટાફની જે ઘટ છે તે ઘણી વધારે છે. આપણે ઘટમાં સેકન્ડ સ્થાને છીએ. આના માટે આપનું જ નિવેદન મેં વાંચ્યું હતું અને આપે એમ કહ્યું હતું કે ગુજરાતમાં જે માણસ છે તેની આવક છે, પર કેપીટા ઇન્કમ વધી છે તેના લીધે તે લોકો સરકારી હોસ્પિટલોમાં જતા નથી અને પ્રાઇવેટ હોસ્પિટલોનો સહારો છે. મારી તો વિનંતી છે કે આપ જગ્યાઓ ભરવા માટે કંઇક પ્રયત્ન કરો. ખાસ કરીને આ જગ્યાઓ ન ભરાવવાના કોઇ કારણો હોય તો આપ જાહેરાત આપીને જગ્યાઓ ભરતા નથી. આ જગ્યાઓ ભરવા માટે આપ વોકઇન ઇન્ટર્વ્યું લો છો એટલે એ ફિક્સ પગારમાં આવે છે અને ફિક્સ પગારમાં આજના સમયમાં કોઇ પણ ડોકટર આવવા તૈયાર નથી. આપણે મેડિકલ નવી કોલેજો ચાલુ કરી છે એમાં પણ આપણે શું કરીએ છીએ રેસિડેન્ટ ડોકટરનો જે પગાર છે એ સ્ટાઇપેન્ડ જેટલો જ આપીએ છીએ એટલે મારી વિનંતી છે કે જે સ્પેશિયાલિસ્ટ ડોકટરો છે, સુપર સ્પેશિયાલિસ્ટ ડોકટરો છે એમની સેવાનો લાભ કેવી રીતે આપણને મળી શકે એના માટેનું આપણે પ્લાનિંગ કરવું જોઇએ. આપણે જગ્યાઓ ઘણી વધારી છે આ વખતે એમાં બહુ સારું કામ કર્યું છે અને એમ.બી.બી.એસ.ની ૪ હજાર જેટલી જગ્યાઓ વધારી છે અને આપે સુપર સ્પેશિયાલિસ્ટની લગભગ ૨૧૭૬ જેટલી જગ્યાઓ વધારી છે, તો આ જે ડોકટરો છે એમને કેવી રીતે આપણે સરકારમાં લાવી શકીએ? એમનો સરકારી સેવામાં લાભ લઇ શકીએ એનું આપણે પ્લાનિંગ કરવું જોઇએ કારણ કે, આ રીતે આપણે જો નથી કરતા તો આપણે યોજનાઓ નવી કરવી પડે છે. આપણે આ સેવાઓ પ્રાઇવેટમાં કેવી રીતે મળી શકે એના માટેનો પ્રયત્ન કરવો પડશે કારણ કે આ ડોકટરો આપણે સરકારમાં નથી લેતા એટલે આ ડોકટરો પ્રાઇવેટ ખોલે છે, પોતાનું ખાનગી દવાખાનું ખોલે છે, ટ્રસ્ટ બનાવે છે અને પછી આપણે નવી નવી યોજના ચાલુ કરવી પડે છે, મા અમૃતમ યોજના કે મા વત્સલ્ય યોજના એવી યોજનાઓ ચાલે છે અને એમને ત્યાં દર્દીઓને મોકલવા પડે છે. એટલે મારી વિનંતી છે અને હું તમને કહું કે છેલ્લા બે વર્ષના આંકડા મારી પાસે છે, છેલ્લા બે વર્ષમાં આપણે ૫૦૪ કરોડ એમને આપવા પડ્યા છે, આ તો સરકારના પૈસા છે અને સરકારે આપવા પડ્યા છે અને જયારથી યોજના ચાલુ થઇ ત્યારથી ૧૨૧૩ કરોડ અને ૨૮ લાખ રૂપિયાનો ખર્ચ સરકારે કરવો પડ્યો છે. આ વખતે પણ આપણે ૭૦૦ કરોડનું આયોજન કર્યું છે. આટલી મોટી રકમ જો આપણે પ્રાઇવેટને આપવાની થાય તો આપણે શા માટે આપણી જે સરકારી હોસ્પિટલો છે એના માટે એવી સુવિધા નથી કરતા? આપણી પાસે બધા જ ડોકટરો છે, એવું નથી કે નથી. આપણે જે હીપ રીપ્લેસમેન્ટ હોય કે બીજા કોઇ સ્પેશિયાલિસ્ટની જરૂર હોય એ બધા જ ડોકટરો છે અને કિડની ટ્રન્સપ્લાન્ટ માટેના પણ ડોકટરો છે તો આવા ડોકટરોની સેવાઓ માટે એમને સ્પેશિયલ ઇન્સેન્ટીવ્સ આપો, એને વધારાનો પગાર આપો અને વધારાનો પગાર આપીને આપણી હોસ્પિટલમાં મૂકો તો મને લાગે છે આ પ્રશ્ન હલ થઇ જશે. કદાચ આપણે જયાં પ્રયત્ન કર્યા છે એમાં કયાંકને કયાંક તકલીફ જરૂર હશે પણ મારું એવું ચોક્કસ માનવું છે કે, જો એમને સંતાષ થાય એવો પગાર મળશે તો સો ટકા ડોકટરો આવશે અને જી.પી.એસ.સી. થ્રુ તમે જાહેરાત આપો તો એ પ્રશ્ન જરૂર હલ થશે. માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ રુરલ હેલ્થ મિશન અંતર્ગત કેન્દ્ર સરકારમાંથી ગ્રાન્ટ મળતી હોય છે અને એના લીધે ગામડાંની જે નાની નાની સેવાઓ છે, રાષ્ટ્રીય પ્રોગ્રામો છે, માતૃબાલ કલ્યાણ એવી જે યોજનાઓ છે એમાં ખૂબ સારી કામગીરી થતી હોય છે પરંતુ એના છેલ્લા ત્રણ વર્ષના આંકડા મેં જોયા તો કેન્દ્ર સરકારે ૨૦૧૫-૧૬માં જે રકમ ફાળવી છે એ ૭૭૪ કરોડ ફાળવ્યા એની સામે ૫૫૮ કરોડ વાપર્યા અને ૧૭૫ કરોડ

રૂપિયા આવી યોજનાના ગામડાં માટે આપણે વાપરી શક્યા નથી. ૨૦૧૬–૧૭માં પણ એવું થયું કેન્દ્રમાંથી ૮૯૦ કરોડ મળ્યા અને આપણે વાપર્યા ૭૦૯ કરોડ અને ૧૫૦ કરોડ ન વાપરી શક્યા. આ વખતે ૨૦૧૭–૧૮માં રકમ ઓછી મળી. આપણા જે મુખ્ય મંત્રી હતા તેઓ આજે દેશના વડા પ્રધાન છે એટલે આપણે મોટી આશા રાખીએ, પણ ઘટતા ગયા અને આ વર્ષે ફક્ત ૫૭૩ કરોડ જ મળ્યા છે અને અત્યાર સુધી ૪૭૨ કરોડ વપરાયા છે અને ૧૦૧ કરોડ રૂપિયા હજુ વપરાયા નથી એટલે આ જે ગામડાંની સેવાઓ છે, આરોગ્ય પરિવાર કલ્યાણની જે સેવાઓ છે એ સેવાઓ બરાબર મળી શકતી નથી અને એનું મૂળ કારણ, મૂળ પાયામાં જઇએ તો એમાં જે સ્ટાફની જગ્યાઓ છે એ ખાલી હોવાના કારણે આ મુશ્કેલી ઉભી થઇ છે. મારી બીજી એક વિનંતી છે કે, આદિવાસી વિસ્તારમાં જે દવાખાનાઓ છે, હમણા જ તમે જોયું હશે કે દાહોદમાં સિવિલ હોસ્પિટલ છે એ ખાનગી કોન્ટ્રાક્ટરને ચલાવવા માટે આપવામાં આવી છે, અમારે ત્યાં શામળાજીમાં પણ એવું છે. આ લોકો અમારે ત્યાં પૈસા ઉઘરાવવા સિવાય બીજું કોઇ કામ નથી કરતા. મેં ગયા વખતે પણ આ પ્રશ્ન રજૂ કર્યો હતો અને એના જે મેનેજર છે એ કોઇનું સાંભળતા નથી અને એ લોકો એમ કહેતા હોય છે કે અમારે તો સીધો મુખ્ય મંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રી સાથે સંબંધ છે. આ જાતનું વર્તન લોકોની વાત સાંભળવાની જ નહીં? અગાઉ પણ જયારે હતા ત્યારે પણ એમ કહેતા હતાં જયારે માનનીય અશોક ભટ્ટ સાહેબ હતા અને ત્યારે ચાલુ કરી ત્યારે પણ એ લોકો આજ વાત કરતા હતા. તો એમને તમે બોલાવીને કાં તો સમજાવો કે લોકોને પાયાની સુવિધા સરળ રીતે આદિવાસી વિસ્તાર છે માટે મળવી જોઇએ નહીં તો એ સરકાર હસ્તક પાછી લઇ લો એવી મારી વિનંતી છે કારણ કે આવી રીતે આદિવાસી લોકો જે ગરીબ, પછાત અને છેવાડાના લોકો છે એ માણસો હેરાન થાય એ કોઇ પણ સંજોગોમાં ચલાવી શકાય એમ નથી માટે આ મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારે સીકલ સેલ માટે વાત કરવી છે. સરકારે હમણા સર્વે કરાવ્યો અને અમારી ટ્રાયબલ વિસ્તારની વસતિ ૯૦ લાખની છે પણ સરકારે જે સર્વે કર્યો એ ૯૨,૪૪,૨૨૮ વ્યક્તિઓનો કર્યો અને મેં ત્યાંના અધિકારીને પૂછ્યું કે તમે સર્વે કેવી રીતે કર્યો? તો એમણે કહ્યું કે અમે સેમ્પલ સર્વે કરીએ છીએ. હું પણ ડાયરેકટ સરવે કરું છું, આ બધી આંકડાઓની માયાજાળ છે જે આંકડા એમને મળ્યા છે એ ૨૯૬૮૦ દર્દીઓ છે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આના કરતાં પણ વધુ આ સિકલ સેલના દર્દીઓ છે અને એ સાઉથ ગુજરાતમાં સૌથી વધુ છે, અમારે ત્યાં ઉત્તર ગુજરાતમાં થોડાક ઓછા છે આ જીનેટિક રોગ છે અને આ રોગની કોઇ દવા નથી, ફક્ત આપણે એની સારવાર આપીએ અને એનું જીવન ટકાવી શકીએ એવું છે, પણ હમણાં હમણાં મને એક માહિતી મળી છે અને હું પણ એમાં થોડોક ઉંડો ઉતર્યો છું. વ્યારામાં ડોકટર દેસાઇ કરીને છે તેઓ આમાં રિસર્ચ કરે છે એ આયુર્વેદિક ડોકટર છે એમની પાસે ૫,૦૦૦ દર્દીઓ છે એમની જે આયુર્વેદિક સારવાર છે એમાં કેપ્સ્યુલ છે, ટેબ્લેટ છે અને પાવડર પણ છે આનાથી ત્રણ મહિનામાં દર્દી સારો થઇ જાય છે અને પછી મેઇન્ટેનન્સ ડોઝ લેવો પડે છે અને એનાથી ખૂબ સારી એમની લાઇફ થઇ જાય છે. મારી આપને વિનંતી છે કે, આમાં સરવે કરાવો અને એમાં જો કંઇ થઇ શકતું હોય તો અમારા આદિવાસી વિસ્તારને ખૂબ મોટો લાભ થશે, કારણકે ફૂડ એન્ડ ડ્રગ ડિપાર્ટમેન્ટે એનો રિપોર્ટ આપ્યો છે અને આ ડોકટર દેસાઇની દવાઓ એકસપોર્ટ કરવા માટે પરમીશન પણ આપી છે પણ આપણે એનો લાભ નથી લઇ શકતા એટલે મંત્રીશ્રીને મારી વિનંતી છે કે અમારા આદિવાસીઓ પણ એનો લાભ લઇ શકે એના માટે જો આપ કંઇક કરશો તો મને લાગે છે કે ખૂબ સારો ફાયદો અમારા વિસ્તારના આદિવાસીઓને થશે.

મોડાસા અમારે ત્યાં સિવિલ હોસ્પિટલ માટે આપ સંમત તો થયા જ છો પણ જલ્દીથી એ હોસ્પિટલનું કામકાજ ચાલુ થાય એના માટે મારી આપશ્રીને વિનંતી છે. બીજી ખાસ અમારી વિનંતી છે કે અમારી કોટેજ હોસ્પિટલ, ભીલોડા ૧૯૮૫માં હું ત્યાં સુપ્રિન્ટેન્ડન્ટ હતો ત્યારે એ હોસ્પિટલ ૯૫ બેડની હતી આજે પણ એ ૯૫ બેડની છે, સિવિલ હોસ્પિટલ કરતાં પણ વધારે મોટી જગ્યા વિશાળ જગ્યામાં આ હોસ્પિટલ છે છતાં પણ એનું ડેવલપમેન્ટ થતું નથી. મારી વિનંતી છે કે આપ આમાં રસ લઇને જેટલું શક્ય બને તેટલું જલ્દી આ હોસ્પિટલને એકસપાન્ડ કરો.

સાથે સાથે મારે નર્મદા યોજના વિશે થોડીક વાત કરવી છે. નર્મદા યોજના એ બધાની એટલે કે સમૂહની યોજના છે તમારી કે અમારી કોઇ પક્ષાપક્ષીની વાત ના હોય આમાં, બધા સાથે મળીને આ યોજના વિશે આગળ વધીએ. પણ છેલ્લાં ઘણા સમયથી એવું જોવાઇ રહ્યું છે કે નર્મદા યોજના જાણે ભા.જ.પ.ની જ યોજના હોય એવું થઇ ગયું છે.

અધ્યક્ષશ્રી : માનનીય અનિલભાઇ જોષીયારાજી આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલ, આપને એક મિનિટ વધારીને આપેલ છે મેં.

શ્રી નરેશભાઇ મ. પટેલ (ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણાંમંત્રીશ્રી માગણી નંબર–૩૯ અને ૪૦ જે આરોગ્ય વિભાગની લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. આરોગ્યની ડોકટર જોષીયારાભાઇએ પણ વાત કરી, બીજા સભ્યોએ પણ વાત કરી, ગુજરાતનું જે આપણું આરોગ્ય તંત્ર છે, કદાચ દેશમાં પણ એની સારી નોંધ લેવાય છે કે ગુજરાત જેવી સેવા મને લાગે છે ત્યાંસુધીમાં દેશમાં કોઇ રાજ્યમાં આવી સેવા મળતી નથી. પરંતુ જે તબીબી, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે આ સરકારે કામ કર્યા છે. તજજ્ઞોની વાત થઇ એ મુજબ સી.એચ.સી. પર કે સિવિલ હોસ્પિટલમાં હોવા જોઇએ. મને કહેતા આનંદ થાય છે કે, ભા.જ.પ.નું તો આયુષ્ય બાવીસ વરસનું પૂરું થયું હમણાં અને બીજા પાંચ વરસ માટે અમે આવ્યા છીએ, પરંતુ છેલ્લાં પાંચ વરસમાં જે સીટોનો વધારો થયો છે. હું કોલેજોનું નામ નથી બોલતો મારી પાસે પણ ઓછો સમય છે, પરંતુ ૨૦૧૪ સુધી એમ.બી.બી.એસ.માં ૨૯૩૦ સીટ હતી, મને કહેતા આનંદ થાય છે કે, છેલ્લાં પાંચ વરસમાં એ ૩૮૩૦ થઇ છે એટલે ૯૦૦ સીટનો વધારો થયો છે, ફીઝીયોથેરાપીની ૨૦૧૪માં ૧૪૯૦ સીટ હતી આજે એ

જપરપ થઇ છે એટલે કે ૩૦૩૫ સીટોનો વધારો થયો છે, એટલે કે ૨૦૩ ટકા વધારો કહેવાય અને એમ.બી.બી.એસ.માં ૩૦ ટકાનો વધારો થયો છે. અનુસ્નાતક અને ડીગ્રી ડિપ્લોમાની જે મેડિકલ બેઠકો હતી આપણી એ ૧૪૬૫ હતી એ આજે ૧૮૨૮ થઇ છે એટલે ૩૬૩ સીટનો વધારો થયો છે એટલે એમાં ૨૪ ટકાનો વધારો આપણે કર્યો છે. એ જ રીતે અનુસ્નાતક સુપર સ્પેશ્યાલિટી જે ૭૫ હતી એ આજે ૯૫ થઇ છે એટલે એમાં પણ ૨૦ સીટનો વધારો થયો છે. બી.ડી.એસ. અને એમ.ડી.એસ. એમાં ૨૫૩ નો વધારો કરીને છેલ્લાં પાંચ વરસમાં ૨૭ સીટોનો પણ આમાં વધારો થયો છે એ રીતે આ સરકારે ખૂબ ચિંતા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ડોકટર તૈયાર કરવા હોય તો સીધા કોલેજમાંથી ડોકટર તૈયાર થઇ જતાં નથી. આજે મારે શિક્ષણ વિભાગને ધન્યવાદ આપવા છે અમે પણ આદિવાસી વિસ્તારમાંથી આવીએ છીએ. સાહેબ તાલુકામાં બે વિજ્ઞાન શાળા ના હોય તો તમે ડોકટરો કેવી રીતે તૈયાર કરી શકો ? પરંતુ આ સરકારને મારે અભિનંદન આપવા છે કે આજે દરેક તાલુકાની અંદર જે પણ સંસ્થા ખૂબ સારી રીતે વિજ્ઞાન શાળાઓ ચલાવે છે અને આજે અમને પૂરતાં પ્રમાણમાં એમ.બી.બી.એસ.ની અંદર અમારા ટ્રાયબલ વિસ્તારના છોકરાઓ પણ આવી રહ્યાં છે મને કહેતાં આનંદ થાય છે મારે આજે નીતિનભાઇ સાહેબને અભિનંદન આપવા છે મારા જિલ્લામાં ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે આ ૫૦માં એક પણ ડોકટરની જગ્યા ખાલી નથી પૂરેપૂરાં એમ.બી.બી.એસ.ડોકટરો છે. મારી પાસે તેના આંકડા પણ છે અમારા ડો.જોષીયારાજીએ સિકલસેલ એનિમીયાની વાત કરી હું એ વાત સાથે સહમત છું કે ૯૦ લાખની વસતિ છે અને ૯૨ પણ જોષીયારાજી મેં પણ ડોકટરોને પૂછયું છે કે આ આંકડામાં ફરક કેમ આવે? આપણાં આદિવાસી વિસ્તારની અંદર કેટલાક છૂટા છવાયા બીજી જ્ઞાતિના લોકો પણ આપણે ત્યાં રહે છે. કેટલાક કોળી, આહીર રહે છે, કોઇ બીજી પણ જ્ઞાતિ રહે છે તેમાં આંકડાનો વધારો થયો છે તેનો પણ ટેસ્ટ થઇ ગયો છે. તેમાં આપણે ભલાઇનું જ કામ કર્યુ છે આપણે કંઇ ખોટું નથી કર્યુ. મેં પોતે પણ આંકડા લીધા છે. મારે નીતિનભાઇ સાહેબને બીજા અભિનંદન આપવા છે આ વખતે ૧૦ કરોડ રૂપિયા ઓ.પી.ડી.અને નર્સીંગ હોસ્ટેલ માટે મારા નવસારી જિલ્લામાં આપ્યાં છે. જયારે મારી સ્પીચ હતી એટલે ત્યારે મેં મારા જિલ્લાના વહીવટી તંત્રને, આરોગ્ય વિભાગને થોડુંક પૂછયું કે આ વિધાનસભાની અંદર અનેક વખત શાસક પક્ષ પાસે કયારેક પ્રશ્નો ઉભાં થાય છે. મને જણાવતાં આનંદ થાય છે કે, જે ૩૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અદ્યતન સુવિધા સાથેના મકાન ૧ કરોડથી પણ વધારે રકમથી ખર્ચીને અત્યારે અમે બનાવી રહ્યાં છીએ તેના ૩૧ કરોડ રૂપિયા આ સરકારે આપ્યા છે. પેટા કેન્દ્રો મારે ત્યાં ૨૯૬ છે તે પેટા કેન્દ્ર માટે મને ૮૯ પેટા કેન્દ્રો માટે ૨૯ કરોડ રૂપિયા આપ્યા છે. મારે સરકારને ધન્યવાદ આપવા જોઇએ મારી પાસે મારા જિલ્લાનો ટોટલ આંકડો છે અત્યારે આરોગ્ય વિભાગના નાના મોટા કામો માટે ૧૧૮ કરોડ રૂપિયા મારા જિલ્લામાં આપ્યાં છે ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે, આરોગ્યની સુવિધા જે રીતે આપણાં ગુજરાતમાં આપણે પૂરી પાડી રહ્યાં છીએ તે આદિવાસી એરીયા હોય, ગામડું હોય કે શહેર હોય પણ પૂરતી સુવિધા આપણે આપી રહ્યાં છીએ. મા કાર્ડ તો એક આશીર્વાદરૂપ છે અમે બધા અહીંયા આવ્યા તેમાં સૌથી કદાચ જો મોટું યોગદાન અને આ સરકારની સિદ્ધિ હોય તો મા કાર્ડ છે. અને હું વધારે ટાઇમ નહીં લઉં પ્રસૂતિમાં આ સરકારે જે ચિંતા કરી છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર–પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાયબ મુખ્યમંત્રી, નાણામંત્રી અને આરોગ્ય પરિવાર કલ્યાણના મંત્રીશ્રી જયારે તેમના વિભાગની માગણી લઇને આવ્યા છે ત્યારે મારા સિનિયર વકતા જોષીયારા સાહેબે જે બજેટની બાબતમાં વાત કરી છે, હું પણ પુસ્તક જોતો હતો તેમાં રકમનો ઘટાડો થયો છે, મારું સમર્થન છે. અમારા આદિવાસી વિસ્તારમાં આરોગ્યની સેવાઓ કથળેલી છે એમ કહું તો ખોટું નહીં એટલા માટે કે મારા છોટા ઉદેપુરમાં સ્ટેટ વખતનું દવાખાનું હતું અને આ સ્ટેટ વખતના દવાખાનાને તમે સી.એચ.સી. બનાવ્યું અને સી.એચ.સી. બનાવ્યા પછી તમે જનરલ હોસ્પિટલ નામ આપ્યું છે. જનરલ હોસ્પિટલ નામ આપ્યા પછી તમે સ્ટાફ ભર્યો છે ખરો ? અમારે ત્યાં સી.એમ.ઓ.ની જગ્યા ખાલી છે, આર.એમ.ઓ.ની જગ્યા ખાલી, ફિઝિશ્યન સર્જનની જગ્યા ખાલી, જનરલ સર્જનની જગ્યા ખાલી, સ્ત્રી રોગના નિષ્ણાત કે જેને આપણે ગાયનેક કહીએ છીએ તેની જગ્યા ખાલી, પીડિયાટ્રીક ડોકટરની જગ્યા ખાલી માત્ર એક આંખોનો ડોકટર છે તેને ચાર્જ આપી અને દવાખાનુ ચલાવે છે અને પછી આપણે એમ કહીએ કે આદિવાસી વિસ્તારમાં આરોગ્યની સેવા આપીએ છીએ, આ સાચુ ગણાશે ?

માનનીય અધ્યક્ષશ્રી, ટી.પી.યુનિટમાં પણ ગાયનેકની જગ્યા ખાલી છે, પીડિયાટ્રીકની જગ્યા ખાલી છે અને ઓર્થોપેડીક વિભાગ ગયા વખતે મેં કહ્યું હતું તેમ જયારથી બંધાયુ ત્યારથી તેને ૨૫ વર્ષ થયા આજ દિવસ સુધી ઓર્થોપેડીક ડોકટરની નિમણૂક થઇ નથી. મારું આ ડોકટર્સની જગ્યા ભરવા માટે સરકારને સૂચન છે કે, આપણે જે એમ.બી.બી.એસ. ડોકટર્સ તૈયાર કરીએ છીએ એ એમ.બી.બી.એસ. ડોકટર્સને અગાઉની સરકાર વખતે ફરજિયાત ગામડાંમાં બે થી ત્રણ વર્ષ સુધી સેવાઓ આપવી એવો નિયમ હતો અને આ નિયમમાં આપણે બાંધછોડ કરી છે અને એના કારણે આપણને ડોકટર મળતા નથી. ફરજિયાત રાખો. આપણા ખર્ચે જો ડોકટર્સ તૈયાર થતાં હોય તો એમની સેવા ગુજરાતની પ્રજાને મળવી જોઇએ એવી મારી માગણી છે. અમારે ત્યાં કવાંટમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે અને એમાં અમે ૫૦ પથારીઓ વધારવા માટે ૨૦૧૪થી પત્ર લખ્યો છે. અમારે ત્યાં રોજની ૧૫૦ થી ૨૦૦ ઓ.પી.ડી. થાય છે. અમારે ત્યાં માત્ર એક ડોકટર છે એ અપંગ છે અને બીજા ડોકટર હમણાં નવા મૂકયા છે. કુલ ચાર પૈકી બે જગ્યા ખાલી છે અને મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને આજુબાજુના તમામ ગામડાં માટે સારી સગવડો ધરાવતું આ દવાખાનું છે. એમાં પથારી અને ડોકટર્સની સેવા મૂકવા માટે આ સરકાર વિચાર કરે છે કે કેમ એ મારે જાણવું છે. મારે ત્યાં પાનવડનું એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર હતું અને આ આ થયા પછી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને અન્ય

જગ્યાએ ખસેડીએ છીએ. એ ખસેડવા માટેની દરખાસ્ત કણલવા ગામમાં થઇ હતી. કણલવા ગામમાં જમીન પણ તમને મળી ગઇ. જમીન મળી ગયા પછી શું નિર્ણય લેવાયો એ ખબર નથી. બીજે લઇ જવામાં આવ્યું છે. જ્યાં બીજે લઇ જવામાં આવ્યું છે ત્યાં એક કિ.મી.ના અંતરે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે. જિલ્લા પંચાયતના સભ્યશ્રી અને જિલ્લા પંચાયત, છોટા ઉદેપુરે આપણને દરખાસ્ત કરી છે કે, મૂળ જગ્યાએ જ્યાં માગણી કરી છે ત્યાં આ દવાખાનું થવું જોઇએ. આવું એક બીજું દવાખાનું છે. આનંદ નિકેતન આશ્રમના પ્રણેતા પૂજ્ય ભાઇના ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હતું. એને સામૂહિકમાં અપગ્રેડ કરવામાં આવ્યું છે પણ ત્યાં જગ્યા નથી અને જે જગ્યા છે એ જંગલ વિસ્તાર છે. અમારી વર્ષોથી માગણી છે. અમારે ત્યાં ખાટિયાવાટ કરીને એક ગામ છે. સરકારી જગ્યા છે. ત્યાં જગ્યા ઉપલબ્ધ છે. ચાર રસ્તા ઉપર જગ્યા છે. જો આ ગામમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર થાય તો રસ્તા ઉપર આવતા-જતાં કોઇ અધિકારી પણ ચેક કરી શકે છે કોઇ વાહનમાં બેસીને આવે એ પોતાની દવા પણ લઇ શકે છે. એ ખાટીયાવાટમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર થાય એવી અમારી માગણી છે. અમારે ત્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે. એમાં એક બીજા ડોકટરને ચાર્જ આપીને દવાખાના ચલાવીએ છીએ અને જિલ્લાના આરોગ્ય અધિકારીને સૂચના આપી હતી, એમને વિનંતી કરી હતી કે કવાંટમાં ડોકટર્સની જગ્યા નથી તો કવાંટ નજીકનું જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે એવા ડોકટર્સને તમે કવાંટ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મૂકીને પણ જે ઓ.પી.ડી. વધારે થાય છે તો આદિવાસીઓને એનો લાભ આપો એવી મારી વિનંતી છે. અમારા આદિવાસી વિસ્તારમાં જે વાહનો છે એને આપણે ૧૦૮ કહીએ છીએ. એની મર્યાદા અમે સમજીએ છીએ પણ rare કેસમાં ૧૦૮ દ્વારા અથવા તો ઉપલા અધિકારીને પૂછીને પણ વડોદરા સુધી લઇ જાય એવું સૂચન તમે જે તે અધિકારીને કરો એવી મારી માગણી છે. નર્મદા યોજનાની વાત કરીએ તો 'મા નર્મદે સર્વદે' આપણે કહીએ છીએ. નર્મદાનું પાણી કચ્છ, સૌરાષ્ટ્રમાં જાય, ત્યાંના ખેડૂતોને મળે, રાજકોટના માણસોને મળે, નર્મદાના પાણી ઉપર આખા ગુજરાતના તમામ ખેડૂતો અને આમ જનતાઓ પણ અધિકાર છે એવો અધિકાર અમારા આદિવાસીઓનો પણ છે. અમે વર્ષોથી લડતા આવીએ છીએ કે રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારે પીવાના પાણીની યોજના બનાવી છે. પીવાના પાણીની યોજના જ્યાં એનો સંપ મૂકવામાં આવ્યા છે ત્યાંથી નર્મદાની નીર અત્યારે દોઢસો મીટર દૂર ગયા છે તો ભવિષ્યમાં આવનાર દિવસોમાં આવી પરિસ્થિતિ ન થાય તો આ સંપને આપણે અન્યત્ર જગ્યાએ એટલે કે દૂર નદીના ભાગ સાથે લઇ જવાની જરૂર છે. આ પીવાના પાણીની વાત થઇ. નર્મદાના પાણીની બચતના પાણીમાંથી અમને પણ પાણી આપો. તળાવોના કાંઠે બેસીને પાણીને અમારે માત્ર જોવાનું? અમારા આદિવાસીઓની માગણી છે કે, નહેરની ઉપરના ભાગમાં પણ અમને સિંચાઇ માટે પાણી આપો અને કંવાટના હાંફેશ્વરમાંથી ટનલ બનાવીને ત્યાંની નદીઓમાં પાણી નાખવામાં આવે. મને ચોક્કસ ખબર છે કે આ વધારાનું પાણી આપણે દરિયામાં વેડફતા હોય અને નદીઓમાં વેડફતા હોય ત્યારે અમે આદિવાસી પાણી વિના તરસે મરીએ છીએ. ખેતી અમારી થતી નથી તેવા સંજોગોમાં તાલુકાના અને જિલ્લાના ખેડૂતો વતી મારી માગણી છે કે આનું તમે સરવે તો કરાવો, સરવે કરાવો તો ખ્યાલ આવશે કે કેટલું સસ્તુ પડશે આપણને, નદીમાં પાણી નાખવાથી નદીઓ જીવંત થશે અને જીવંત થવાથી આજુ બાજુના તમામ ગામડાંના ખેડૂતોને સિંચાઇ માટેની વ્યવસ્થા થશે, બોરમાં પાણી આવશે, કૂવામાં પાણી વધશે તો માનનીય અધ્યક્ષશ્રી, મારું એવું નમ્ર સૂચન અને મારી માગણી છે અને ભવિષ્યમાં નર્મદાના પાણીના બાબતમાં આદિવાસી વિસ્તારમાં આંદોલન નહીં થાય એની સરકાર કાળજી રાખે એવી મારી વાત સાથે મારૂં વક્તવ્ય પૂરૂં કરું છું.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી નંબર-૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું અને મારા વિચારો પણ રજૂ કરૂં છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપ એવા સમાજમાંથી આવો છો કે એમાં આપની પાસે જ્ઞાનનો ખૂબ ભંડાર હોય છે. મનુષ્ય અવતાર માણસને ૮૪ લાખ યોનિ પછી મળ્યો હોય છે ત્યારે દરેક જીવોનું જતન કરવા માટે મનુષ્ય અવતાર મળ્યો હોય છે ત્યારે આ સભાગૃહમાં ગુજરાતની જનતાની અને આપણા મતદારોની ચિંતા કરવા માટે આ ગૃહમાં આપણને ભગવાને મોકલ્યા છે અને સાડા છ કરોડ લોકોએ ૧૮૨ ધારાસભ્યશ્રીઓને ચૂંટ્યા હોય છે ત્યારે મને કહેતાં દુઃખ થાય છે કે, આ સન્માનનીય ગૃહમાં ગુજરાતની પ્રજાની સેવા કરવાને બદલે ધારાસભ્યશ્રી ઉપર જયારે હુમલા થતા હોય ત્યારે મને ખૂબ જ દુઃખ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિકોનું સારૂ સ્વાસ્થ્ય અને તંદુરસ્તી આ સમાજની પ્રગતિનું પ્રથમ પગથિયું છે. રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ મુખ્ય મંત્રી અમૃતમ્ મા અને માં વાત્સલ્ય યોજના, બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અને મફત દવાઓ, જે કાર્યક્રમો લોકોમાં ખૂબ જ લોકપ્રિય છે. મુખ્ય મંત્રી અમૃત મા અને માં વાત્સલ્ય યોજના હેઠળ બી.પી.એલ. કુટુંબોને ૨ લાખ ૫૦ હજાર સુધીની આવક ધરાવતા તમામ પરિવારો માટે હૃદય રોગ, કેન્સર, કીડની, મગજના રોગો વગેરેની સારવાર કરવામાં આવે છે આ યોજના હેઠળ રૂપિયા બે લાખ સુધીની મફત સારવાર કરવામાં આવે છે. માં અને માં વાત્સલ્ય યોજના હેઠળ કુલ ૬૦ લાખ કુટુંબોની નોંધણી થયેલ છે. નોંધણીમાં સરળતા રહે તે હેતુથી તમામ તાલુકા કક્ષાએ ૨૫૧ કિયોસ્ક તેમજ ૬૭ કિયાસ્કો સીટી સીવીક સેન્ટર કક્ષાએ ઉભા કરવામાં આવ્યાં છે જયાંથી લાભાર્થીઓને મા અને મા વાત્સલ્ય કાર્ડ મેળવી શકે છે. આ યોજના લાભાર્થીને હોસ્પિટલ માટે સારવાર હેતુ કરવા માટે આવવા જવા માટે રૂપિયા ૩૦૦ ભાડુ પણ ચૂકવવામાં આવે છે. આ યોજનાનો લાભ ગરીબ લોકો સરળતાથી લઇ શકે તે હેતુથી રાજયમાં કુલ ૧૭૪ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોને સાંકળી લીધેલ છે.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર જામનગરમાં એમ.પી. શાહ, મેડિકલ કોલેજ અને જી. જી. હોસ્પિટલ આવેલી છે. રાજયમાં કેબીનેટ કક્ષાનું સ્થાન ધરાવતા અમારા આદરણીય મંત્રીશ્રી આર. સી. ફળદુ અમારા બંનેનો વિસ્તાર આવેલ છે. વધુમાં, મારા મત વિસ્તારમાં આરોગ્ય સેવાની વાત કરતાં જણાવું છું કે, નવા નગર સ્ટેટ પૂર્વ રાજવી માનનીય શ્રી દિગ્વિજયસિંહે પોતાના રાજયના નાગરિકોને સારવાર મળે તે હેતુથી લોર્ડ ઇરવીન હોસ્પિટલ બાંધી, નવા નગરની અને હાલ જામનગરની જનતાને સમર્પિત કરેલ છે. આજે એ હોસ્પિટલનું નામ બદલી ગુરૂગોવિંદસિંહ હોસ્પિટલ રાખવામાં આવેલ છે. આજના દિવસે આ હોસ્પિટલ સૌરાષ્ટ્રની સૌથી મોટી હોસ્પિટલ છે અને આઝાદી પછી આ સૌરાષ્ટ્રના રાજવી દિગ્વિજયસિંહજી અને દાનવીર શ્રી એમ. પી. શાહની સખાવતથી મેડિકલ કોલેજ બંધાવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણા મારા સાથી સભ્યશ્રીઓ ચર્ચા કરતા હતા ત્યારે હું સાંભળતો હતો કે સરકારી હોસ્પિટલમાં ઓછું અને પ્રાઇવેટ હોસ્પિટલમાં વધુ સારવાર લે છે એમ જે વાત કરે છે ત્યારે અમારી જામનગરની હોસ્પિટલ જોવા માટે ગૃહના સભ્યોને વિનંતી કરું કે, આપ જઇને જુઓ ખરા કે હજારો લોકો તેનો લાભ લેવા સમગ્ર સૌરાષ્ટ્રમાંથી આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જામનગર ઉત્તરનું પ્રતિનિધત્વ કરતો હતો ત્યારે જામનગરમાં આવેલી મેડિકલ કોલેજ અને તેના પ્રશ્નોની રજૂઆત કરેલ હતી, જે તે સમયે આ ગૃહમાં હું વિરોધપક્ષમાં હતો, પણ મારા વિસ્તારમાં આવેલ જી.જી. હોસ્પિટલ અને એમ.પી.શાહ મેડિકલ કોલેજમાં છેલ્લા ત્રણ વર્ષમાં થયેલા કામોની વિગત માનનીય અધ્યક્ષશ્રી આ સભાગૃહમાં હું રજૂ કરવા માગું છું. હું અભિનંદન આપીશ અત્યારના નાયબ મુખ્યમંત્રીશ્રી અને ત્યારના અને અત્યારના આરોગ્ય મંત્રીશ્રીને કે હું ધારાસભ્ય હતો અને ૨૦૧૩ માં વિરોધપક્ષના ધારાસભ્ય તરીકે પ્રશ્નો રજૂ કર્યા હતા, આ ગૃહમાં સન્માનનીય ધારાસભ્યો ઘણા નવા પણ હશે ખાસ તેમની જાણ માટે કે આપણે માત્ર રાજકીય વાતો કરવા માટે નહીં પણ ખરા ખર્થમાં આપણે લોકોની ચિંતા કરતા હોઇએ તો મારે કહેવું છે કે, આ રાજય સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકાર એવી છે કે એણે કયારેય ભેદભાવ રાખ્યો નથી, તેનો હું દાખલો છું. વિરોધપક્ષના ધારાસભ્ય તરીકે આ રેકર્ડ પણ હશે ધારાસભ્ય તરીકે અમે નીતિનભાઇ પટેલ સાહેબને રજૂઆત કરી હતી, મારા વિસ્તારની આ હોસ્પિટલની આટલી આટલી સમસ્યાઓ છે અને એ સમસ્યા રજૂ કરતી વખતે પુંજાભાઇ ત્યારે આપ પણ હતા, ત્યારે મંત્રીશ્રીને મેં એમ કહ્યું હતું કે સાહેબ મને રાજકીય જવાબ ન આપતા. ત્યારે મંત્રીશ્રીએ એમ કહેલું કે બાપુ, આપ પણ ક્રિકેટ રમતા હશો અને આ ક્રિકેટનો બોલ કઇ રીતના નંખાય છે તે જોઇને મારે સામે બેટ મારવું જોઇએ. આપ જયારે પ્રજાના પ્રશ્નનું લેશન કરીને આવ્યા છો અને મને સામેથી રાજકીય પ્રશ્ન ન મળતો હોય ત્યારે હું રાજકીય જવાબ નહીં આપું. આ સરકાર એવી છે કે લોકોની ચિંતા કરે છે. આ રેકર્ડ ઉપરના પ્રશ્નો અને તેની વાત છે, પુંજાભાઇ આ ૨૦૧૩ની વાત છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ૧૫ દિવસની અંદર કરેલ કામગીરીની વાત છે , માનનીય પુંજાભાઇ આ ત્રણ વર્ષની અંદર કામગીરી કરેલ છે એટલા માટે હું તેમને અભિનંદન આપું છું. કાલે અહીં સરકારની ઘણી વાત થઇ હતી કે રાજયના ગૃહ મંત્રીશ્રી ૬ ફૂટના, ભારતીય જનતા પાર્ટીના અને સાથે સાથે માનનીય અદક્ષશ્રી પણ ૬ ફૂટના છે, અભિનંદનને પાત્ર છે. એટલે પુંજાભાઇ ખાસ કરીને ત્રણ વર્ષની અંદર આ મેડિકલ કોલેજમાં ઘણાં સારો કાર્યો સરકારે કર્યા હોય તેની હું આ સભાગૃહમાં વિગત આપું છું.અમારા ફળદુ સાહેબનો વિસ્તાર આવેલો છે ત્યાં એમ.પી શાહ મેડિકલ કોલેજ છે, તેના કમ્પાઉન્ડમાં ત્રણ દસ માળની બિલ્ડીંગનું નિર્માણ થયેલ છે અને તેનું ૨૯-૧-૨૦૧૭માં રાજયના મુખ્યમંત્રીના હસ્તે લોકાપર્ણ થયેલ છે. આ મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.ના ૨૦૦ વિધાર્થીઓને પ્રવેશ મળતો હતો તેને ૨૫૦ કરવામાં આવ્યા છે, આ ઉપરાંત ૨૪૦ રૂમ ધરાવતી અને ૪૮૦ અનુસ્નાતકના વિધાર્થીઓને રહેવા માટે આધુનિક સગવડો ઉભી કરી છે. રેડીયોલોજી વિભાગમાં પણ આધુનિક સોનોગ્રાફી મશીન અને ઇકો કાર્ડીયાક મશીન આપવાં આવેલ છે. આ ઉપરાંત કેન્સરની સારવાર માટે પણ જરૂરી આધુનિક સાધનો વસાવવામાં આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જાણવા મુજબ વધારાના સ્ટાફની ભરતી કરવાની પ્રક્રિયા પણ સરકાર દ્વારા કરવામાં આવી છે. જામનગર હોસ્પિટલ ખાતે ચાલતી બ્લડ બેંક ઉત્તમ નમૂનો છે જયારે જરૂર હોય ત્યારે રાજયમાં બ્લડ પૂરું પાડે છે અને આ રાજયની બ્લડબેંકોમાં બીજા નંબરનું સ્થાન ધરાવતી આ બ્લડબેંક છે.અહીં સ્વૈચ્છિક રકતદાન પણ ખૂબ મોટી સંખ્યામાં થાય છે, અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા પણ રકતતુલા અને વધુમાં વધુ રકતદાન થાય છે અને આ બાબતે જાગૃતિ લાવવા માટે પ્રયત્નો થાય છે અને રકતદાનના કેમ્પસ પણ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જામનગરની મેડિકલ કોલેજ અને હોસ્પિટલના આધુનિકરણ માટે અને તેની સુવિધાઓ વધારવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનો જામનગરની પ્રજા વતી આભાર માનું છું અને મારું પ્રવચન પૂરું કરું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, વિરામનો થયો છે સભાગૃહ ૧૨.૦૦ વાગ્યે ફરી મળશે.

(વિરામ સવારના ૧૧-૨૯ થી ૧૨-૦૦)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી વજેસિંગભાઇ પા. પણદા(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી નંબર ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

મારા દાહોદ મત વિસ્તારની વાત કરું તો આદિવાસી ભાઇઓની આરોગ્યની ખૂબ ચિંતા આ સરકાર કરી રહી છે એવું કહે છે ત્યારે મારે કહેવું છે કે વાસ્તવિકતા કંઇક જુદી જ છે. અમારે ત્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બિલ્ડીંગો બની ગયા છે, સબ સેન્ટરો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બિલ્ડીંગો બની ગયા છે. પરંતુ ત્યાં ડોકટરો નથી, સબ સેન્ટરોમાં નર્સો નથી, ડોકટરો નથી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પણ નર્સો અને ડોકટર્સની જગ્યાઓ ખાલી છે. આ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં આ સરકાર ધ્યાન ઉપર લેતી નથી.

હું છેલ્લા પાંચ વર્ષથી માગણી કરતો આવ્યો છું કે દાહોદ સિવિલ હોસ્પિટલને અદ્યતન બનાવો. મારી એ માગણી સરકારે માન્ય પણ રાખી અને ૩૦૦ બેડની સિવિલ હોસ્પિટલને અદ્યતન બનાવવા માટે ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યું. ટેન્ડર પણ ઓપન થઇ ગયું ફકત કોન્ટ્રાકટર સાથે એગ્રીમેન્ટ કરવાના બાકી હતા તેવે વખતે જ આ સિવિલ હોસ્પિટલને ખાનગી કંપની એવી ઝાયડસને આપી દેવામાં આવી. જયારથી ઝાયડસ નામની પ્રાઇવેટ કંપનીને આપી છે ત્યારથી સમગ્ર દાહોદ જિલ્લાના આદિવાસીઓમાં ભય ઉભો થયો છે કારણ કે પૈસાની લૂંટફાટ લાખો રૂપિયા પડાવવાનું કામ આ ઝાયડસ કંપની કરી રહી છે. આ નવેમ્બરથી માર્ચ મહિના સુધીની વાત કરું તો આશરે ૧૨૫ થી ૧૩૦ જેટલા મહિલા અને પુરુષોના મૃત્યુ થયા છે. જયારે ૩૯ જેટલા બાળકોના પણ મોત થયા છે. એનું કારણ એ છે કે આ ઝાયડસ કંપની છે એ આસામ અને હિમાચલ પ્રદેશના બિન અનુભવી ડોકટરો લાવે છે અને એ ફકત ઝાયડસ કંપનીની જ દવા આપે છે સરકારી દવા પણ વાપરતા નથી. એનેસ્થેસીયા સુંઘાડવાના ડોકટર પણ નથી. આના લીધે અમારા આદિવાસી વિસ્તારમાં ભયનો માહોલ ઉભો થયો છે અને આવનાર દિવસોમાં ઉગ્ર આંદોલન ઉભું થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ અમારા દાહોદ જિલ્લાના આદિવાસીભાઇઓમાં થયું છે. આ જે અમારી સિવિલ હોસ્પિટલ છે એને સરકારી સિવિલ હોસ્પિટલ તરીકે જ રહેવા દો. શું સરકાર પાસે ડોકટરો નથી, બિલ્ડિંગ નથી? કરોડો અને અબજો રૂપિયાની જમીન સિવિલ હોસ્પિટલની છે એ આ ઝાયડસ કંપનીને આપી દેવામાં આવે તથા બાજુમાં નર્સીંગ હોસ્ટેલ ચાલે છે એને પણ ગામથી પાંચ કિલોમીટર દૂર જંગલમાં ખસેડવાની વાત ચાલી રહી છે ત્યારે નર્સીંગ હોસ્પિટલ પણ ન ખસેડવામાં આવે. ટ્રાયબલના પૈસામાંથી આ બિલ્ડિંગ બનાવવામાં આવેલ છે. ૧૫૦ બેડ પૂરા કરવા માટે આ પ્રાઇવેટ કંપનીને આપવામાં આવે છે એની સાથે અમારે કોઇ લેવાદેવા નથી. મેડિકલ કોલેજ આવે, ઝાયડસ કંપની આવે અમને કોઇ વાંધો નથી. નીમ નળીયામાં એમને ૧૨ એકર જમીન ફાળવી છે ત્યાં સિવિલ હોસ્પિટલ બને અને મેડિકલ કોલેજની સ્થાપના કરે અને હોસ્પિટલ બનાવે. પરંતુ આ સિવિલ હોસ્પિટલને સિવિલમાં રહેવા દો એવી મારી માગણી છે. આર્યુર્વેદિક હોસ્પિટલની વાત કરીએ, લીમખેડા ખાતે બનેલી છે. ૩૦૦ બેડની હોસ્પિટલ. છોકરાઓને, કન્યાઓને રહેવાની પણ પૂરતી સગવડ, પરંતુ આર્યુર્વેદિક ડોક્ટરો નથી. જગ્યાઓ ખાલી છે. કમ્પાઉન્ડર નથી. કઇ રીતે ઓ.પી.ડી. ચલાવે? જેથી કરીને આર્યુર્વેદિક કોલેજોમાં પણ ડોક્ટરોની ભરતી થાય એવી મારી માગણી છે. નવેમ્બરથી માર્ચની વાત કરું તો જાય ત્યારે કેસના પૈસા પડાવે. કોઇને એન્ટર ન થવા દે. એવા બાઉન્સરો મૂકી દીધા છે કે અમારો કોઇ આદિવાસી અંદર ન જાય. ગેઇટ પર જ બધા બાઉન્સરો મૂકેલા છે તો અંદર કોઇને પ્રવેશવા દેતા નથી. સ્ટાફ પણ છૂટો કરી દીધો છે. ચોથા વર્ગના કર્મચારી ૧૫-૨૦ વર્ષથી નોકરી કરતા હતા, આ ઝાયડસ કંપનીવાળાએ તેમને પણ રખડતા કરી દીધા છે. એટલે મારી આપ સાહેબને આગ્રહભરી નમ્ર વિનંતી છે કે આ સિવિલ હોસ્પિટલને સિવિલમાં જ રહેવા દો. આપણી પાસે સિવિલમાં પૂરતા ડોક્ટરો છે. પ્રશ્નો આપણી પાસે પૂરતી છે, જમીન પૂરતી છે. તો આ સિવિલને ફરીથી જે ટેન્ડર પડ્યું હતું, એ અદ્યતન પ્રશ્નો થાય. કારણ કે મારો દાહોદ મતવિસ્તાર રાજસ્થાન અને મધ્યપ્રદેશને અડીને આવેલો છે. જાંબુવા જિલ્લો અને બાંસવાડા જિલ્લો. તે પણ ૯૦ ટકા આદિવાસી વસતિ ધરાવતા જિલ્લા છે. દાહોદ સિવિલમાં લાભ લેવા માટે અવાર-નવાર આવતા રહે છે. તો આ સિવિલ હોસ્પિટલ રાબેતા મુજબ ચાલુ રહે એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની સિંચાઇની વાત કરું, હાફેશ્વરથી પાણી આપવાની વાત કરી. બજેટમાં જોગવાઇ થઇ. પાઇપ લાઇન નખાઇ ગઇ, પણ આ પીવાનું શુદ્ધ પાણી કયારે મળશે? પાઇપ લાઇન નાખીને ખાલી આ ચૂંટણી પૂરતો કાર્યક્રમ તો નથી કર્યો ને? મને એવું લાગે છે. પીવાનું શુદ્ધ પાણી મળે એવી આપની પાસે માગણી છે. કારણ કે દાહોદ શહેરને આપવા માટે કડાણા ડેમથી જે પાણી લાવ્યા. આપે પણ ઉદ્ઘાટન કર્યું. આનંદીબેન મુખ્યમંત્રી હતા ત્યારે પણ ઉદ્ઘાટન થયું. આજના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા પણ આજે દાહોદ શહેરને ચાર-ચાર દિવસ સુધી પીવાનું શુદ્ધ પાણી મળતું નથી. આ તમારી કડાણા યોજના પણ મને લાગે છે સફળ થવાની નથી. (અંતરાય) પીવાનું પાણી મળવું જોઇએ ને?

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે. માનનીય બલરાજસિંહ ચૌહાણ.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ તબીબી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની જે માગણી લઇને આવ્યા છે તેમાં હું અનેક યોજનાઓ વિષે મારા વિચારો રજૂ કરું છું અને તેમની માગણીને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમનો વ્યાપક વધારો થયો. દેશમાં સૌ પ્રથમવાર શાળા આરોગ્ય સપ્તાહ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. શાળા આરોગ્ય સપ્તાહ દરમ્યાન પાંચ દિવસના કાર્યક્રમમાં દરેક અલગ અલગ વિભાગની થીમ વિભાગ તરીકે ઘોષિત કરી. આ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવી. શાળા આરોગ્ય સપ્તાહમાં પ્રથમ દિવસમાં પંચાયત અને પાણી પુરવઠા વિભાગના સહકારથી ગામ અને શાળાઓની સફાઇ, પાણીના સ્ત્રોતોની સફાઇ તેમજ શાળાના અને ગામના વૃક્ષોની કામગીરી કરવામાં આવી. બીજા દિવસે

આરોગ્ય અને શિક્ષણ વિભાગના સહયોગથી આરોગ્ય ટીમ દ્વારા બાળકોની પ્રાથમિક આરોગ્ય તપાસ કરવામાં આવી. ત્રીજા દિવસે મહિલા, બાળ વિકાસ અને આરોગ્ય વિભાગ દ્વારા યોગિક ડે ઉજવવામાં આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, ચોથા દિવસને આરોગ્ય વિભાગ દ્વારા તબીબી તપાસના દિવસ તરીકે ઉજવવામાં આવ્યો. ગ્રામ પંચાયતે સ્કૂલ દ્વારા આરોગ્યલક્ષી નાટકો, ગીતો, કવિતાઓ, વગેરે કાર્યક્રમોનું આયોજન કરી તેમને ઇનામો વિતરણ કરવામાં આવ્યા. જેમાં લોકોને આરોગ્ય અને લોક ભાગીદારીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોને સુપર સ્પેશિયાલિટિ સેવાઓ મળી રહે. જેવી કે હાર્ટ, કેન્સર, કિડની, વાલ્વ જેવી સેવાઓ સીડીએચ દ્વારા આપવામાં આવે છે. જેથી બાળકોના વાલીઓને ગાંધીનગર સુધી આવવું ન પડે. રાજ્યની યુ.એન. મહેતા કાર્ડિયોલોજી હોસ્પિટલમાં હૃદયના કુલ ૮૧૧૭ બાળકોની સારવાર આપવામાં આવી જેમાં રૂ.૪૦,૧૨,૮૧,૫૦૧/- નો રાજ્ય સરકાર દ્વારા ખર્ચ કરવામાં આવ્યો. છેલ્લા ૧૦ વર્ષમાં હૃદયના કુલ ૫૦૩૭૭ બાળકોની સારવાર કરવામાં આવી. જેની પાછળ રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૬,૪૮,૩૪,૨૦૮/-નો ખર્ચ કરવામાં આવ્યો છે. રાજ્યની ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિસ, સિવિલ હોસ્પિટલમાં ૧ વર્ષમાં ૨૩૫૫ કિડનીના બાળ દર્દીઓની સારવાર પાછળ રૂ.૧૬,૬૪,૯૯,૫૧૮/- નો ખર્ચ કરવામાં આવ્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં કિડનીના ૧૪૦૫૫ બાળકોને સારવાર આપવામાં આવી. જેની પાછળ કુલ રૂ.૫૯,૧૧,૩૦,૪૩૬/- નો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. રાજ્યની કેન્સર હોસ્પિટલ અમદાવાદ ખાતે છેલ્લા એક વર્ષમાં કેન્સરના કુલ ૧૪૦૦ બાળકોને રૂ.૧૨,૧૨,૬૪,૭૪૦/-ના ખર્ચે સારવાર આપવામાં આવી છે. છેલ્લા ૧૦ વર્ષમાં કેન્સરના કુલ ૧૦,૫૯૦ બાળકોને સારવાર આપવામાં આવી છે અને તેની પાછળ રૂ.૨૯,૯૨,૩૫૪/- નો રાજ્ય સરકાર દ્વારા ખર્ચ કરવામાં આવ્યો છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ઉપનેતા અને આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે માગણી નં.૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ડાંગ જિલ્લાની વાત કરું તો ડાંગ જિલ્લામાં કરોડોની માતબર રકમ વાપરીને સિવિલ હોસ્પિટલનું મસમોટું મકાન બનાવવામાં આવ્યું છે. સિવિલ હોસ્પિટલ હોય, સામૂહિક આરોગ્ય કેન્દ્ર હોય કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોય તેમાં મકાન બનાવવાથી મારા જિલ્લાની પ્રજાનું આરોગ્ય સચવાતું નથી. આ જિલ્લા કક્ષાએ આવેલ સિવિલ હોસ્પિટલમાં આજની તારીખમાં રિપોર્ટ પ્રમાણે ડોક્ટરોની મંજૂર સંખ્યા ૧૯ની છે તેની જગ્યાએ ૧૦ જગ્યાઓ ભરેલી છે.

સભાપતિશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને

અને ૯ જગ્યા ખાલી છે. જ્યારે હોસ્પિટલોમાં દર્દીઓની પૂરી ચકાસણી અને તપાસ કરીને એને અનુરૂપ દવા પૂરી પાડવા માટે ડોકટર ના હોય તો દર્દીઓને કઇ રીતે આપણે સુવિધા આપી શકીએ? આના કારણે ગત દિવસોમાં મારા ડાંગના અંતરિયાળ વિસ્તાર મહારપાડાનો એક બાળક સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યો. ત્યાં પૂરતા ડોકટર ન હોવાના કરણે પૂરતા સાધનો ન હોવાના કારણે એને પૂરતી સારવાર ન મળી અને વલસાડ સિવિલમાં રીફર કરવામાં આવ્યો. એ દર્દી વલસાડ સિવિલમાં લઇ ગયાને એ જ રાત્રે ત્યાં મરણ પામે છે. ત્યાંથી પાછું ડેડ બોડી લાવવા માટે સુવિધા ન હોવાના કારણે એ ડાંગના પ્રતિનિધિ તરીકે, ધારાસભ્ય તરીકે મારા પર ફોન આવ્યો. સિવિલમાં તપાસ કરી તો ખબર પડી કે શબવાહિનીની સુવિધા નથી એટલે મારે ખાનગી શબવાહિની કરી આપવી પડી. એકદમ ગરીબ કુટુંબનો બાળક એને ખાનગી શબવાહિનીમાં ઘેર પહોંચાડવામાં આવ્યો. એ શબવાહિનીનો ડ્રાયવર એના કુટુંબ પાસે એનું ભાડુ માગે. એક તરફ પોતાનું બાળક ગુમાવ્યું એનું દુઃખ અને બીજી બાજુ એ શબવાહિનીનું ભાડુ આપવાનો ખર્ચ. મારા પર ફોન આવ્યો એટલે ત્યાંના આગેવાનને મેં કહ્યું કે કોઇક પાસેથી ઉછીના પૈસા લઇને એમને ભાડુ ચૂકવી દો. હું આવીશ ત્યારે આપી દઇશ. આ પરિસ્થિતિ મારા ડાંગની છે. એ જ રીતે બીજો કેસ ગયા અઠવાડિયાનો છે. ૩૩ વર્ષનો યુવાન સિવિલમાં દાખલ થયો. ત્યાં સોનોગ્રાફીની વ્યવસ્થા નથી એટલે સોનોગ્રાફી કર્યા વગર એને સુગર, પ્રેસર માટેની દવા ચાલુ કરી. રાતભર હોસ્પિટલમાં દાખલ રાખ્યો અને ત્યાંથી સુરત સિવિલમાં રીફર કર્યો. સુરત સિવિલમાં તપાસ કરી, સોનોગ્રાફી કરી તો ખબર પડી કે એના આંતરડા ફાટી ગયેલા. આ બિમારીના કારણે એ ૩૩ વર્ષનો યુવાન ત્યાં મરણ પામે છે. આ બધી અપૂરતી સુવિધાના કારણે મારા ડાંગને આરોગ્યની સુવિધા પૂરતી મળતી નથી. જ્યારે હું ડાંગનો છું, આખા ગુજરાતમાં હવા ખાવાનું સ્થળ એકમાત્ર સાપુતારા છે. એ સાપુતારા સહુની આંખો કા તારા છે. લગભગ ૨૦૧૨-૧૩માં હું આ ગૃહનો સભ્ય હતો ત્યારે તે વખતે સાપુતારાની વાહ વાહ થતી હતી તે વખતે મેં મારા પ્રશ્નમાં પૂછ્યું હતું કે, સાપુતારામાં ટ્રોમા સેન્ટર શરૂ કરવા માગો છો કે કેમ? હિલી એરિયા છે. સુરત અને અમદાવાદના પ્રવાસીઓ ત્યાં અવાર નવાર આવે છે. ક્યાંક હિલી એરિયામાં અકસ્માતો થાય છે અને તાત્કાલિક દવાખાનાની પૂરતી સુવિધા ન હોવાના કારણે આહવા સુધી ૪૦ કિલોમીટર દૂર રીફર કરવા પડે છે. પૂરતી સુવિધા સાથેનું ટ્રોમા સેન્ટર સત્વરે ચાલુ કરવા મારી માગણી છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા નાણામંત્રી અને આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તબીબી અને જાહેર આરોગ્ય, પરિવાર કલ્યાણની માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો થાય છે પણ મારે માત્ર એટલું જ કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી ગુજરાતમાં આવી છે ત્યારથી વોટ બેન્કની રાજનીતિ ફગાવીને માનવતાનું રાજકારણ કર્યું છે. વિકાસની રાજનીતિ અપનાવી છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે, કોંગ્રેસના શાસનમાં દુર્ગમ આદિવાસી વિસ્તારોમાં આરોગ્યની સુવિધા માટે

દવાખાનની સંખ્યા ખૂબ ઓછી હતી. મને કહેતા એ બાબતનો આનંદ છે કે આ સરકાર માંગ્યા વગર આપનારી સરકાર છે. ગુજરાતીમાં કહેવત છે 'માંગ્યા વગર માં પણ ના પિરસે' પણ આ સરકાર માંગ્યા વગર આપનારી સરકાર છે. ગુજરાતમાં ભાજપની સરકાર આવ્યા પછી ૨૦ વર્ષના શાસનમાં છેવાડાના ગામડાંમાં આરોગ્યની સુવિધા મળે તેના માટે ૧૧૪૯ પી.એચ.સી. સેન્ટરો, ૮૯ મોબાઇલ વાહન હેલ્થ યુનિટો, ૩૧૯ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૩૩ જિલ્લા હોસ્પિટલો, ૨૦ હેલ્થ એમ્બ્યુલન્સ શરૂ કરી ૨૮૧૦૯૬ દર્દીઓને ૧૩ કરોડ ૧૬ લાખની સહાય ચૂકવવામાં આવી છે મને કહેતા એ બાબતનો આનંદ છે. જ્યારે આ દેશ સ્વાતંત્ર્ય પર્વ ઉજવી રહ્યું હતું ત્યારે આ દેશ માટે એક દુ:ખદ ઘટના બની હતી. ઓરિસ્સાના એક કાલાહાંડી જિલ્લાની વાત મને આજે યાદ આવે છે. પત્નીના મૃતદેહને ખભા પર મૂકી ૧૨ કિ.મી. સુધી ચાલવા મજબૂર બને. સાહેબ, કાલાહાંડી જલ્લાની હોસ્પિટલમાં વહીવટીતંત્રે કથિતપણે આ ગરીબને વાહન ઉપલબ્ધ કરવાનો ઇન્કાર મિત્રો કર્યો હતો. આંસૂમાં ડુબેલી ૧૨ વર્ષની દીકરી સાથે દાનામાજી નામનો આદિવાસી યુવાન તેની પત્ની અમંગાદેવીની લાશ લઇને કાલાહાંડીથી એના ગામ મેલઘારા જવા માટે નીકળ્યો હતો. ૧૨ કિ.મી. સુધીનું અંતર કાપ્યું પછી તંત્રને ખબર પડી અને પછી એના શબને ઘર સુધી પહોંચાડવા માટે તંત્રએ વ્યવસ્થા કરી હતી. આ અન્ય રાજ્યોની સુવિધા કરતા આપણા ગુજરાત રાજ્યની આરોગ્ય સુવિધા અવલ્લ નંબર છે એના માટે આ સરકારને અભિનંદન પાઠવું છું. એના પછી ગુજરાત સરકારની આપણી કેબિનેટે તા.૩૧-૮-૨૦૧૬ ના દિવસે ગુજરાતનો કોઇ પણ જિલ્લાનો નાગરિક કોઇક અન્ય જિલ્લામાં કામ અર્થે કે મજૂરી અર્થે જાય અને ના કરે નારાયણ અને કોઇ એવી ઘટના બને એનું મરણ થાય તો એની લાશ સ્વમાનભેર એના ઘરે પહોંચાડવા માટેની વ્યવસ્થા ગુજરાત સરકારે કરી છે એના માટે પણ રાજ્ય સરકારને અભિનંદન આપું છું. આજથી ૨૫-૩૦ વર્ષ પહેલા અમારા આદિવાસી સમાજના લોકો બિમાર પડતા એને ઝોળીમાં નાખીને ઉંચા કરીને તાલુકા પ્લેસના દવાખાના પર લઇ જવાની વ્યવસ્થા અમારા પૂર્વજો કરતા હતા પણ મને કહેતા આનંદ એ બાબતનો છે કે આપણી ગુજરાત સરકારે ૧૦૮ની ઇમરજન્સી સેવા તા. ૨૯મી ઓગસ્ટ ૨૦૦૭ થી શરૂ કરી. રાજ્યમાં ૧૦૮ની સેવા માટે રાજ્ય સરકાર દ્વારા જી.વી.કે. ઇ. વી. એમ. આઇ. સંસ્થાને જવાબદારી સોંપી. આ સેવાના અમલીકરણ માટે સરકાર દ્વારા અનુદાન આપવામાં આવે છે અને એના ભાગરૂપે રાજ્યમાં હાલ ૫૮૫ એમ્બ્યુલન્સ કાર્યરત છે જેના દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં ગામોને આવરી લેવામાં આવ્યા છે. ટેલિફોનની પ્રથમ બે રીંગમાં ૯૯% કોલ્સને એટેન્ડ કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સ્તર અને ધોરણ કરતા વધુ સારી ગુણવતા છે. પ્રતિ ૨૭ સેંકન્ડે એક એમ્બ્યુલન્સ મોકલાય છે આ ગુજરાત સરકારનું ગૌરવ છે અને સાથે સાથે પ્રતિ કલાકે ૧૦ જીવન બચાવવાનું કામ અમારી આ સંવેદનશીલ સરકાર કરી રહી છે. હાઇલાઇટ્સ આપું તો આ યોજના શરૂ થઇ ત્યારથી તા.૩૧-૧- ૨૦૧૮ સુધીનો જે રિપોર્ટ છે. સેવા શરૂ થઇ તા.૨૯-૮-૨૦૦૭ પ્રથમ વર્ષે સંખ્યા ૮૪ હતી. હાલમાં ૫૮૫ એમ્બ્યુલન્સ આ સેવામાં ઉપલબ્ધ છે. મેડિકલ ઇમરજન્સી કેસિસ ૮૩૨૩૮૦૪ અને ૨૯૯૭૬૬૧ આ માતા-બહેનાના પ્રસૂતિના કેસો થયા છે. (અંતરાય)

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : ૧૧૪૬૨૬૬ રોડ અકસ્માત થયા. યમલોકમાંથી યમરાજ આવે એના પહેલા અમારી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા પહોંચે છે અને એનો જીવ બચાવવાનું કામ કરે છે. હૃદય રોગ સંબંધિત કેસોમાં ૪૦૪૦૪૬ ના જીવ બચાવ્યા છે આજ દિન સુધીમાં ૬૧૩૩૫૯ એ આ સંવેદનશીલ સરકારની સિદ્ધિ છે. રિસ્પોન્સ ટાઇમ શહેરમાં ૧૧.૪૨ મિનિટે અમારી એમ્બ્યુલન્સ વાન પહોંચે છે, ગ્રામ્ય વિસ્તારમાં ૨૧ મિનિટમાં અમારી ૧૦૮ ગાડી પહોંચે છે. કોલ આવ્યા પછી સરેરાશ જે અંતર છે ૧૭ મિનિટમાં અમારી વાન સેવામાં હાજર થાય છે પણ કોંગ્રેસના મિત્રોને આ દેખાતું નથી. એમને એમના ચશ્મા બદલવા પડશે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી જે પરિવાર કલ્યાણ વિભાગ અને નર્મદા વિકાસ યોજનાની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. નર્મદા ભારતની બારેમાસ વહેતી નદીઓમાંની એક નદી છે ત્યારે અને ગુજરાતમાં નર્મદાને ગુજરાતની જીવાદોરી તરીકે ઓળખાય છે. સરદાર પટેલ ૧૯૪૬ થી સદાય એના પુરસ્કર્તા રહેલા છે. ગુજરાત અલગ રાજય થયું ત્યારે યોજનાને સાકાર કરવા વડાપ્રધાન તત્કાલીન એવા જવાહરલાલ નહેરૂજીના હસ્તે ૧૯૬૧ માં ગોરાગાંવ પાસે ખાતમૂહુર્ત કરાવ્યું હતું. પડોશી રાજયોની પાણીની વહેંચણી બાબતમાં સંમતિ ન સાધી શકાઇ એટલે આંતરરાષ્ટ્રીય જળ કાનૂની વિવાદ વચ્ચે ભારત સરકારે એને ૧૯૫૬માં સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ અધ્યક્ષપદે નર્મદા જળ વિવાદ પંચને ઉકેલ માટે સોંપી. ૧૯૮૯માં ચૂકાદો આપ્યો એટલે ૧૯૪૭ થી ૧૯૮૯ સુધી આવી બહુલક્ષી યોજના દલીલોમાં જ અટવાતી રહી. નર્મદાને સરદાર પટેલની યાદમાં ૧૯૬૧ થી જ સરદાર સરોવર યોજનાનું નામ આપવામાં આવ્યું છે. યોજના તુમારશાહીમાં ન અટવાય એટલે એના અમલ માટે અલગ નિગમ રચાયુ અને નિગમે ૧૯૮૮માં શૂન્ય સગવડથી કામ શરૂ કર્યુ. હું એ જ કહેવા માગું છું કે ૧૯૯૫ સુધીમાં મુખ્ય નહેરના રસ્તે આવતી બધી નદીઓના સબંધિત કામ સાથે ગાંધીનગર પહોંચાડાઇ. બંધની સાથેસાથે કડીથી ફંટાતી સૌરાષ્ટ્રની નહેર જે સૌથી મોટી શાખા છે તે એનું કામ ૧૯૯૧ માં શરૂ કરી વિરમગામ સુધી પહોંચાડાયું. નર્મદા યોજના મંજૂર થઇ ત્યારે ૯૦૩૮૯ કિલોમીટર કેનાલનું નેટવર્ક મંજૂર કરાયું હતું. હવે આ સરકારે ૭૧૭૪૮ કિલોમીટર કેનાલ નેટવર્ક દેખાડે છે. કુલ મળીને ૧૮૬૪૧ કિલોમીટર કેનાલ જ ઘટાડી દેવાઇ છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની પ્રવર્તમાન સરકારે જે મંજૂરી લીધા વગર બારોબાર ઘટાડી દીધું ૧૮૬૪૧ કિલોમીટર કેનાલનું નેટવર્ક ત્યારે નર્મદા યોજના થકી ૧૭.૯૨ લાખ હેકટરમાં

સિંચાઇ થાય તે રીતે આયોજન કરાયું હતું પણ આજે માત્ર બે લાખ હેક્ટરમાં જ સિંચાઇ થઇ રહી છે. ૨૦૧૩ થી માંડીને ૨૦૧૫ સુધીમાં સિંચાઇ વિસ્તારમાં વધારો જ થયો નથી. વર્ટીકલ ઇન્ટ્રીગેશન અભિગમને જોખમમાં મૂકી દેવાયું છે. ૪૧૩૧૧ કિલોમીટર નહેર બાંધવાની બાકી છે તે બાંધતા જ ૧૧ વર્ષનો સમય લાગી શકે તેમ છે ત્યારે ગુજરાત સરકાર દર વર્ષે ૯૦૦૦ કરોડ નર્મદા યોજના પાછળ ખર્ચે છે પણ પરિણામ નહીંવત આવી રહ્યું છે. ૬૦૦૦ કરોડની આ યોજના પૂર્ણ થતા એક લાખ કરોડની થશે. જે નહેરો બંધાઇ છે તે તકલાદી છે કેમકે અનેક સ્થળોએ ગાબડા પડેલા છે. આ ઉપરાંત સરદાર સરોવર નિગમ રામભરોસે ચાલે છે. કરોડોનો હિસાબ મળતો નથી. ચાલુ વર્ષે ૫૦૨૭ કરોડનો ખર્ચ કરાયો. જ્યારે નિગમે ૫૨૮ કરોડની ખોટ કરી છે. મુંબઇની ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ દ્વારા વર્ષ ૨૦૧૨ માં નર્મદા યોજનાના ખર્ચનો અંદાજ ૭૨,૦૦૦ કરોડ મૂક્યો હતો. સવાલ એ છે કે હજુ હજારો કિ.મી. નહેરો બાંધવાની બાકી છે, તો પછી આટલા કરોડો રૂપિયાનો ખર્ચો કેમ વધી રહ્યો છે? રાજ્ય સરકારે ૨૦૧૫-૧૬ માં ૯,૦૦૦ કરોડ, ૨૦૧૬-૧૭ માં ૯૦૫૦ કરોડ, ૨૦૧૭-૧૮ માં ૯,૦૦૦ કરોડ ફાળવ્યા હતા, ત્યારે મારે આ ગૃહને કહેવું છે કે છેલ્લાં ૨ વર્ષમાં ભાજપની સરકારે ૧૮,૦૫૦ કરોડનો ખર્ચો કર્યો છતા નહેરો બંધાઇ નથી અને બાકી છે. ગૃહમાં નામ નથી લેવું એટલે નથી લેતો, પણ ભાજપના પૂર્વ મુખ્યમંત્રી આજે ભારતના પ્રાઇમ મિનિસ્ટર સાહેબે જાહેરાત કરી હતી કે નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવી જોઇએ, ત્યારે આ ગૃહમાં યાદ કરાવવું છે કે આજે બંને જગ્યાએ એક જ પાર્ટીની સરકાર હોય ત્યારે નર્મદાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવી જોઇએ. આ નહેરો પૂરી નહિ કરવાના કારણે સરકારને લાખો રૂપિયા ખર્ચ્યા હોવા છતા ભાજપની પ્રવર્તમાન સરકારે આજથી ૧૫ તારીખથી ખેડૂતોને પાણી આપવાનું બંધ કરવાની જાહેરાત કરી છે. ૨૦૧૬ કરતા ૨૦૧૭ માં પાણીની આવક વધારે બતાવવામાં આવી છે. મારા પ્રશ્નના જવાબમાં સરકારશ્રીએ આંકડા આપ્યા છે, ત્યારે મારે કહેવું છે કે ખેડૂતો પાણી મળશે તેવા આશયથી ખેતી કરીને બેઠા હતા. રવિ પાકનું છેલ્લું પાણી હતું, ત્યારે આવી જાહેરાત કરવાના કારણે મોંઘી ખેતી, મોંઘુ બિયારણ, મોંઘુ ખાતર અને વ્યાજે રૂપિયા લાવીને જે ખેડૂતોએ ખેતી કરી છે, એનો પાક નિષ્ફળ જવાની અણી ઉપર છે, તેથી ખેતી બચાવવા માટે ૧૫ ની જગ્યાએ બીજા ૧૫ દિવસ વધારીને નર્મદાનું પાણી આ સરકાર આપે તો ખેડૂતોની જિંદગી બચી શકશે.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ નર્મદા યોજના વિકાસની માગણી નં. ૬૫ લઇને આવ્યા છે, એમના સર્થનમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

ગંગા નદીમાં ન્હાવાથી જે પૂણ્ય મળે છે, એટલું જ પૂણ્ય ખાલી મા નર્મદાના દર્શન કરવાથી મળે છે. ગુજરાતની જીવાદોરી ગણાતી એવી મા નર્મદા યોજના જ્યારે સરદાર વલ્લભભાઇ પટેલનું સ્વપ્ન હતું, એ સ્વપ્નને સાકાર કર્યુ આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે. જ્યારે બંધ બાંધવા માટે વધારાની ઊંચાઇની મંજૂરી આપી, તે બદલ હું આદરણીય વડાપ્રધાનનો ખૂબ ખૂબ આભાર માનું છું. મોદીજી છે મેહુલો, તો પાણી એનું રૂપાણી છે. અમિતભાઇ છે અડગ પુરુષ એ વાત ક્યાં અજાણી છે. કેમ લાવવી હરિયાળી એના એન્જિનિયર વાઘાણી છે. નીતિનભાઇની સાચી નીતિ ગુજરાતમાં ભાજપ એ જ નિશાની છે. અને જોઇ લો ભાજપના એમએલએ વિકાસની એ એંધાણી છે. કઇ સરકાર ખોટી અને કઇ સરકાર સાચી, ગુજરાતીઓ એ જાણી છે. આ વખતે મારા વિસ્તારમાં જયારે પાણીની અછત હતી ત્યારે ખેડૂતોની રજૂઆત આવી અને તે રજૂઆતને આધારે માનનીય મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રીને વાત કરી ત્યારે અમને તાત્કાલિક પાણી છોડીને સાણંદ તથા બાવળાના ખેડૂતોને સિંચાઇમાં પાણી આપી ખેતીમાં નુકસાન ન થાય તે માટે પાણી આપ્યું તે બદલ મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી સાહેબનો ખૂબ ખૂબ આભાર માનુ છું. તેમજ મારા સાણંદ, બાવળા વિસ્તાર તથા આદરણીય લાખાભાઇ સાહેબને જયારે ખેડૂતોની ચિંતા કરવાની હતી ત્યારે તેમના વિસ્તારનું નામ લઇને કહું છું કે, સાણંદ, બાવળા અને વિરમગામ તથા ફતેહવાડી વિસ્તારના ગામો છે તે ગામોને નર્મદાના કમાન્ડ એરિયામાં ભેળવવા માટે આદરણીય નીતિનભાઇ સાહેબને રજૂઆત કરું છું. તેમજ નર્મદા યોજનાના પાવર હાઉસ જોઇએ તો ૧૨૦૦ મેગાવોટ ધરાવતું નદીતળ ભૂગર્ભ જળ વિદ્યુત મથક તથા બીજું ૨૫૦ મેગાવોટની ક્ષમતા ધરાવતું આમુખ જળ વિદ્યુત મથક છે. ૩૬૭ કિલોમીટર કાપીને ૨૪ માળના મકાન જેટલા ઉદ્વહન પછી સૌરાષ્ટ્ર પહોંચ્યા નર્મદાના નીર. ભવ્ય સરદાર સરોવર ડેમ ગુજરાતની એક ઓળખ છે. ૧૨૧૦ મીટર લાંબો અને ૧૬૩ મીટર ઉંચો, ૪૭ લાખ એકર ફૂટ જીવંત સંગ્રહ ધરાવતો ૭૦ લાખ ઘન મીટર કોંન્ક્રીટનો સરદાર સરોવર બંધ છે. નર્મદા નહેર એ વિશ્વની સૌથી મોટી સિંચાઇ યોજના છે. જયારે આદરણીય આપણા વડાપ્રધાને દરવાજા બંધ કરવાની જે મંજૂરી આપી તેનાથી ૧.૪૮ મિલિયન એકરફીટ પાણીનો જથ્થો વધારે સંગ્રહ થઇ શકશે. આ દરવાજા બંધ કરવાની મંજૂરી ન આપી હોત તો પાણી ખોટેખોટું દરિયામાં વેડફાઇ જાત. એટલે હું આદરણીય વડાપ્રધાનને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. નર્મદા યોજના તે ૧૭.૯૨ લાખ હેકટર પિયત પૈકી ૧૪.૮૭ લાખ હેકટર માઇનોર સુધી અને ૧૧.૫૨ લાખ હેકટર લંબાઇ સબમાઇનોર સુધી વિકસિત કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રના તમામ ગામોમાં નર્મદાના નીર પહોંચાડવામાં આવ્યા છે. મુખ્ય નહેર ૧૦૦ કરોડના એક એવા ૬૩૩ સ્ટ્રકચર, મહી એકવેડેટ જેવા એક સ્ટ્રકચરમાં બુર્ઝ ખલીફા ટાવર દૂબઇ કરતાં પણ વધુ કોંન્ક્રીટ અને સ્ટીલનો વપરાશ થયો છે. હું છેલ્લે નર્મદા વિશે બે પંક્તિ કહીને મારું વકતવ્ય પૂરું કરું છું. પહેલાં પાણી વગર વલખાં મારતા બેડા લઇ પાણી લેવા જવું પડતું હતું. પશુ પંખીઓ પણ પાણી વગર તરસતા હતા. ત્યારે કહીશ કે '' છતાં પાણીએ વલખાં મારતા દુઃખ તણાં એ દિન ગયા છે, નાદ સુણ્યો મોદીજીએ સપનાં અમારા આજ ફળ્યા છે. પનિહારી બેડાં લઇ ફરતી નળમાં પાણી આજ મળ્યા છે, પશુપંખી પણ તરસ્યા મરતાં, દુકાળના એ દિન ગયા છે. નર્મદાના નીર થકી સૌ કોઇ માલામાલ બન્યા છે.'' જય કવિ કહે છે કે, '' ભાજપ આવી એ થકી અરમાન ફળ્યા છે''

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાંથી અને એક આદિવાસી વિસ્તારમાંથી આવું છું ત્યારે મારા વિસ્તારની એકમાત્ર કૉટેજ હોસ્પિટલ કે જેમાં ૯૬ ગામોનો સમાવેશ થાય છે તે હોસ્પિટલ રાજાના સમયના મહેલમાં અત્યારે ચાલે છે. તે હોસ્પિટલ એટલી ખરાબ ચીથરેહાલ થઇ છે કે હોસ્પિટલમાં કયારે ઉપરથી કોઇ ગાબડું નીચે પડે અને કયારે કોઇને ઇજા થાય તેનો ભય અમને સતત સતાવે છે. મારે મારા આરોગ્યમંત્રીને જણાવવું છે કે, કૉટેજ હોસ્પિટલની અંદર દર્દીઓની સંખ્યા તેમજ ડુક્કરોની સંખ્યા એટલી જ વધારે હોય છે. ડોકટરો જયારે અધિક્ષક જેવા ડોકટરો હોવા જોઇએ તે હોતા નથી. મહિલાની ચિંતા કરતી આ સરકારમાં ત્યાં મહિલા ચિકિત્સક નથી. બાળકોની ચિંતા કરતી આ સરકાર, કૂપોષણની ચિંતા કરતી આ સરકારને મારે અત્યંત દુઃખ સાથે કહેવું છે કે ત્યાં પિડિયાટ્રીક નથી. ત્યાં એકસ–રે મશીન છે પણ વરસાદના ટીપા પડવાથી એકસ–રે મશીન બંધ થઇ જાય છે. મારા વિસ્તારની એ કૉટેજ હોસ્પિટલમાં દવાઓ મૂકવાની જગ્યાએ વરસાદનું પાણી ભરાય જાય છે અને દવાઓ પણ સરખા પ્રમાણમાં હોતી નથી. અમારો વિસ્તાર જંગલ વિસ્તાર છે એ વિસ્તારમાં ઘણી વખત સર્પદંશના કેસો બને છે એમાં એન્ટીવેનમ જેવી જરુરિયાતવાળી દવાઓ મળતી નથી અને એના માટે અમારે વલસાડ અને નવસારીના ફેરા મારવા પડે છે. અમારે ત્યાં ડોકટરોની અછતની સાથે સાથે કલાસ વનની અછત છે, અમારે ત્યાં કોઇ પણ ગામડાંમાં અકસ્માતે કોઇ મૃત્યુ થાય છે ત્યારે એનું પી.એમ. કરવા માટે આ જ કૉટેજ હોસ્પિટલમાં લાવવા પડે છે. નરેશભાઇએ કહ્યું તેમ અમારે ત્યાં દરેક પી.એચ.સી. હોસ્પિટલમાં ડોકટરો છે અને એજ પી.એચ.સી.માં પી.એમ. રૂમ પણ છે પરંતુ અત્યંત દુઃખ સાથે કહેવું પડે છે પી.એમ.કરવા માટે કૉટેજ હોસ્પિટલમાં જવું પડે છે. અમારે ત્યાં પ્રશ્નો તો તૈયાર થઇ ગઇ છે પણ પી.એમ. કરવા માટે સ્વીપર નથી અને સ્વીપર જેવી જગ્યા પણ ન ભરી શકતા હોય ત્યારે મારે અત્યંત દુઃખ સાથે કહેવું પડે છે કે, પી.એમ. કરાવવા માટે વરસાદ જેવી પરિસ્થિતિમાં પણ ત્યાં કોજેટ હોસ્પિટલમાં જવું પડે છે અને ત્યાંથી પાછી લાશ ગામડાંમાં લઇ જવી પડે છે. બીજી વાત કરીએ તો અમારે ત્યાં એક માત્ર સી.એચ.સી. નીઝરમાં હયાત છે એનું મકાન પણ ચિથરેહાલ છે ગમે ત્યારે પડી જાય એવું છે અને ડોકટરની વાત કરું તો આપને જાણીને હસવું આવશે કે ડેન્ટીસ્ટ મૂકયા છે પરંતુ •(×××) એ ડેન્ટીસ્ટ પાસે કોઇ સાધન નથી.

સભાપતિશ્રીઃ આપ આવા શબ્દો ન બોલી શકો, હું આ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ ડેન્ટીસ્ટ પાસે સાધનો નથી અને ડેન્ટીસ્ટ પાસે જઇએ છીએ ત્યારે કહે છે કે, મને તો મૂકી દીધી છે, મને પગાર પણ ૪૦–૫૦ હજાર આપે છે પરંતુ મારી પાસે ડેન્ટીસ્ટની ચેર કે ડેન્ટીસ્ટના પકડ કે બીજી કોઇ સાધન સામગ્રી નથી. તો આવા સંજોગોમાં હું કહેવા માગું છું માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ દાદાને કે, મારે ત્યાં કોઇ પણ હિસાબે ડોકટરો આપો, મારા વિસ્તારમાં કોઇ પણ હિસાબે પી.એમ. કરવા માટે અંદરના જે સ્વીપર છે એ આપો. કલાસ વન નથી અને કલાસ ફોર પણ નથી અમે ત્યાં જઇને શું કરવાના? અમારા વિસ્તારની હાલત ખરાબ છે, દવાઓમાં પણ અમારા વિસ્તારની હાલત ખરાબ છે. ખબર નહીં કેમ અમારા વિસ્તાર માટે આવું કરવામાં આવે છે એની ખબર નથી પડતી. જરુરિયાત પ્રમાણેની દવાઓ પણ પૂરતા પ્રમાણમાં આપવામાં આવતી નથી આવા સંજોગોમાં એન.આર.એચ.એમ.માં કામો કરતી આશાવર્કર લગભગ ૩૩ જેટલા કામો કરે છે પરંતુ એમને પગાર નહીંવત જેવો આપવામાં આવે છે. મારા સાથી મિત્ર અત્યારે બોલી ગયા કે આ સરકાર માગ્યા વગર પીરશે એવી સરકાર છે ત્યારે હું આ ગૃહમાં હાથ જોડીને વિનંતી કરું છું કે, અમારા વિસ્તારની સી.એચ.સી. અને કોટેજ હોસ્પિટલના મકાનનું રીનોવેશન કરો અને નવું મકાન બનાવો અને અમને પણ વગર માગ્યે આપવાવાળી સરકાર પાસે હું માગણી કરું છું કે, મને આપો અને અમારા વિસ્તારને પણ આરોગ્યપ્રદ રાખો. અમારા વિસ્તારના લોકો પણ માનનીય નીતિનભાઇ દાદાનો જય જયકાર કરે એવી ખૂબ માગણી કરું છું.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા આદરણીય નાયબ મુખ્ય મંત્રીશ્રી અનુદાનો માટેની માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકોની બદલાયેલી જીવનશૈલીના કારણે હાઇપરટેન્શન, ડાયાબિટીસ તથા ક્ષારયુક્ત પાણી પીવાના કારણે કિડનીને લગતા રોગોનું પ્રમાણ દિન–પ્રતિદિન વધતું જાય છે. મૃત્યુદરની સંખ્યા જોતા ૨૦ ટકા મૃત્યુ કિડનીને લગતા રોગોને કારણે થાય છે. જયારે કિડની કામ કરતી બંધ થાય ત્યારે દર્દીને હીમો ડાયાલિસિસ અને પેરીટોનીયલ ડાયાલિસિસની સારવાર કરાવવી પડે છે. કેટલીકવાર જો ગંભીરતા વધી જાય તો કિડની ટ્રાન્સપ્લાન્ટ પણ કરવી પડે છે અને આના માટે રાજયમાં એક માત્ર કિડનીને લગતા રોગો માટે અમદાવાદ ખાતે અમદાવાદમાં સહાયક અનુદાન મેળવતી ઇન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસિસ એન્ડ રિસર્ચ સેન્ટર જેને આપણે કિડની હોસ્પિટલ કહીએ છીએ. આ એકજ હોવાના કારણે આનું ભારણ દિનપ્રતિદિન વધતું જતું હતું એના કારણે પ્રજાને સ્થાનિક કક્ષાએ તમામ જિલ્લાઓમાં સુવિધાઓ મળે એના માટે આ લોકાભિમુખ સરકારે, આપણા આરોગ્ય મંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ બીજી ૩૬ હોસ્પિટલોમાં ૩૫૬ ડાયાલીસીસ સેન્ટરો ચાલુ કરીને અને આખા ગુજરાતની અંદર લોકોને અમદાવાદ આવવું ન પડે અને પોતાના જિલ્લામાં જ સુવિધા મળે એના માટેનું ખૂબ મોટું ભગીરથ કાર્ય કર્યું છે એના માટે હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ૬ મેડિકલ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કોલેજની સિવિલ હોસ્પિટલ, ૫ જી.એમ.ઇ.એસ.આર. મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, ૧૭ જિલ્લા હોસ્પિટલ અને ૮ પેટા જિલ્લા હોસ્પિટલ મળી અને ૩૬ હોસ્પિટલોમાં આ સેવા ચાલુ કરી છે અને કિડની ઇન્સ્ટીટ્યુટમાં ૧,૬૯,૦૦૦ ડાયાલીસીસ સાયકલ ગયા વરસે કરવામાં આવેલ છે.

સાર્વત્રિક રસીકરણ, આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં સગર્ભા મહિલાઓ અને બાળકોને રસીકરણની સેવાઓ પૂરી પાડી ધનૂર, ઝેરી કમળો, પોલિયો, ક્ષય, ઉંટાટીયુ, ન્યુમોનિયા, મગજનો તાવ તથા ઓરી જેવા ઘાતક રોગોથી બચાવી શકાય છે. પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર. આપણે રોગ થાય એ પહેલાં આપણી આ સરકારે લોકોને દવાખાને ન જવું પડે એના માટે એડવાન્સમાં બાળક જન્મે એ પહેલાં ટ્રીટમેન્ટ કરવામાં આવે છે અને એમને રક્ષિત કરવામાં આવે છે એના કારણે એક વરસથી નાના ૧૨ લાખ બાળકોના રસીકરણ કરવામાં આવેલ છે અને ૧૩ લાખ સગર્ભા માતાઓનું પણ રસીકરણ કરવામાં આવેલ છે. પહેલાં આપણે જોતાં હતા કે  આપણે જ્યાં રહેતા હોય ત્યાં ગામ હોય કે શહેર હોય આજુબાજુમાં પોલિયોના કિસ્સા બહુ જોવા મળતા હતા અપંગતાના કારણે, અને હું આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપીશ કે છેલ્લાં દસ વરસમાં આ કાર્યક્રમના કારણે એકપણ પોલિયોનો કેસ નોંધાયો નથી. આટલું જ નહિ પણ રસીકરણ માટેની સરકારની પ્રતિબદ્ધતા આપણે જોઇએ તો એકલા આખા આ વિસ્તારોમાં નહિ પણ છેવાડાના માનવીની ચિંતા આ સરકારે કરી છે. ‘ચલો જલાયે દિપ વહાં, જહાં અભી ભી અંધેરા હે’ આ સુત્ર મુજબ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે જ્યાં આગળ દુર્ગમ વિસ્તારો છે, જંગલ વિસ્તારો છે, નદી કાંઠાના ગામો છે આવા વિસ્તારોમાં જઇને કેન્દ્ર સરકારની મિશન ઇન્દ્રધનૂષની યોજના શરૂ થઇ છે એના દ્વારા આ બધીજ જગ્યાએ જઇને સંપૂર્ણ રસીકરણ કરવાની સરકારની જે નેમ છે એમાં સગર્ભા મહિલા અને બાળકો મળીને ૯.૨૮ લાખ બાળકોને રસીકરણ કરવામાં આવ્યું છે. પલ્સ પોલિયોની સરાહનીય કામગીરી કરવા બદલ યુનાઇટેડ નેશન્સ સંસ્થાઓ જેવી કે વિશ્વ આરોગ્ય સંસ્થા અને યુનીસેફ દ્વારા ગુજરાત સરકારનું તારીખ ૧૧–૧–૨૦૧૫ના રોજ સન્માન કરવામાં આવ્યું, આ આપણું ખૂબ મોટું ગૌરવ છે અને દુનિયાના સ્તરે આપણે એની નામના મેળવી છે. રસીકરણની ગુણવત્તા જાળવવા માટે પણ આ સરકાર કેટલી પ્રયત્નશીલ છે કે રસી બગડી ન જાય અને બાળકોને એની દૂરોગામી અસર ન થાય એના માટે પણ ૧૯૦૦થી વધારે કોલ એન્ડ ચેક પોઇન્ટ  ઉપર યુ–વીન પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે.

શ્રી મોહનલાલ  મા. વાળા(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.  આ સભાગૃહના સન્માનનીય કેટલાક ધારાસભ્યશ્રીઓએ મારી અગાઉ ઘણી બધી ચર્ચાઓ આરોગ્ય વિશે કરી.  કેટલીક વખાણવાલાયક વાતો કરી, કેટલીક ખૂટતી કડીઓની વાત કરી. હું પણ મારા વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું ત્યારે મારા વિસ્તારમાં જે ખૂટતી કડીઓ છે તેની વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા દરિયાઇ કાંઠા વિસ્તારની અંદર ખાસ કરીને ઓ.બી.સી.સમાજ, અનસુચિત જાતિ સમાજ અને લઘુમતિ સમાજ વધુ વસે છે ત્યારે ડોકટર જેવા ભણેલાં એમ.બી.બી.એસ. થયેલા કે એમ.ડી. કે એમ.એસ. થયેલા ડોકટરો ગામડાંમાં સેવા આપવા માટે તૈયાર થતા નથી. અને જો એમની નિમણૂક થાય તો ટૂંક સમયની અંદર કોઇને કોઇ વગ કરી અને બદલી કરી જતાં રહે છે એટલે આરોગ્યની સેવાઓ કથળે છે. હું મારા કોડીનાર સાઇડની વાત કરું તો છેલ્લા ૧૫ વર્ષથી અમારા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં એમ.એસ.ની જગ્યા ખાલી છે, એમ.બી.બી.એસ.ની જગ્યા ખાલી છે. આ જગ્યાઓ માટે વારંવાર રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઇ એમ.એસ.કે એમ.બી.બી.એસ.ડોકટરોની ભરતી કરવામાં આવી નથી. અમારા વિસ્તારના ઉના તાલુકાના ધારાસભ્યશ્રી પુંજાભાઇએ પણ હમણાં આરોગ્યની જે એમની હોસ્પિટલો છે તેમાં ડોકટરોની ભરતી કરવા માટે અને કથળેલી આરોગ્યની સેવાઓ માટે ૨૨ દિવસ સુધી આંદોલન કરવું પડયું ત્યારે પણ તેમાં કોડીનારમાંથી એક એમ.બી.બી.એસ.ડોકટર લઇ અને ત્યાં મૂકવામાં આવ્યા. એટલે સરવાળે તો અમારા બન્નેનો વિસ્તાર એક જ છે એટલે સરવાળે તો કોડીનારને પણ ખોટ ગઇ. પણ નવી કોઇ નિમણૂક આપી હોત તો કોડીનારને આ જે સુવિધા મળતી હતી તેમાં કોઇ કસર ના થાત.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે માનનીય નીતિનભાઇને કહેવા માગું છું કે, આવી ભરતીઓ વહેલાસર થાય અને કોડીનારની આરોગ્યની સુવિધા વ્યવસ્થિત જળવાય એટલા માટે વહેલાસર એમ.એસ.ની ભરતી કરવી જોઇએ. જિલ્લા આરોગ્ય કેન્દ્ર તરફથી એન.પી.એચ.ડબલ્યુ.ની જે ભરતીઓ થાય છે તે જિલ્લા આરોગ્ય કચેરી મારફત જે ભરતીઓ થાય છે તેની અંદર જિલ્લા આરોગ્ય કચેરી જાહેરાત બહાર પાડતી હોય છે કે ભવિષ્યમાં ખાલી પડનારી એન.પી.એચ.ડબલ્યુની ભરતી માટે લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ મંગાવી તેનું વેઇટીંગ લીસ્ટ તૈયાર કરવામાં આવે છે અને સંભવિત ખાલી પડનારી જગ્યાઓમાં તે લીસ્ટ મુજબ તેને તાલીમમાં મોકલવામાં આવે છે. અમારા વિસ્તારના લોકોને રાજકોટ સેન્ટરમાં તાલીમ આપવામાં આવે છે અને એક વર્ષનો તાલીમ કોર્સ કરે છે તેને સ્ટાઇપેન્ડ આપે છે અને સરકાર પણ તેમાં ઘણો બધો ખર્ચો કરે છે છતાં પણ આ એન.પી.એચ.ડબલ્યુની જગ્યાઓ છે તે પ્રાઇવેટ સંસ્થાઓ જે સેનેટરી ઇન્સ્પેકટરનો કોર્સ કરાવે છે તે સેનેટરી ઇન્સ્પેકટરના કોર્સથી ભરતી કરી લેવામાં આવે છે તો સરકાર જે એન.પી.એચ.ડબલ્યુની તાલીમ આપે છે તેમને ખરેખર ન્યાય મળવો જોઇએ.

બીજુ, અમારા વિસ્તારની અંદર રાનાવાળા હોસ્પિટલ જે છે સુગર ફેકટરી તેને રાજ્ય સરકાર તરફથી અનુદાન પણ આપવામાં આવે છે પણ ગરીબ લોકોને તેની કોઇ સારવાર કે સેવા મળતી હોય કે કોઇ ફાયદો થતો હોય એવુ દેખાતું નથી. કોડિનાર વિસ્તારની અંદર અંબુજા સિમેન્ટ ફેકટરી આવેલી છે અને તે પણ હમણાં હોસ્પિટલ ત્યાં ખોલી છે તે પોતાના નફાના

૨૦ ટકા લેખે લોકોની સારવાર કરવાની, નાગરિકોને સુવિધા આપવાની હોય છે તે સુવિધા આપવાના બદલે તેઓ પણ ખૂબ મોટા ભાવ લે છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના અંગેની માગણી ક્રમાંક–૬૫ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી લઇને આવ્યા છે તેમને હું મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના માટે હું મારા વિચારો વ્યકત કરું છું. નર્મદા યોજના ગુજરાતના ખેડૂતો માટે આશીર્વાદરૂપ, ગૌરવસમાન અને ગુજરાતની જીવાદોરી છે. નર્મદા યોજનાનું ખાતમુર્હુત તારીખ ૫ એપ્રિલ, ૧૯૬૧ના રોજ કરવામાં આવ્યુ હતું. ૧૯૬૧માં પત્થર મૂકયો પરંતુ તેનુ કામકાજ ૧૯૮૭માં ચાલુ કરવામાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું પડે કે આટલા વર્ષો સુધી આ યોજનાને ટલ્લે ચડાવવાનું કામ તત્કાલિન સરકારોએ કેમ કર્યુ ? શું ગુનો હતો ગુજરાતનો? શું ગુનો હતો ગુજરાતની પ્રજાનો? ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા સરદાર વલ્લભભાઇ પટેલની યોજના હતી માટે? એ ગુજરાતની પ્રજા સારી પેઠે જાણે છે કે, યોજનાનો પાયો નંખાયો ત્યારે આ યોજના ફક્ત ૫૫૦૦ કરોડની હતી. આજે એનું બજેટ અનેકગણુ વધી ગયું હોય તો તેના માટે કેન્દ્રની સરકાર અને જે તે વખતની કોંગ્રેસની સરકાર જવાબદાર છે. આ ગુજરાતને પારાવાર નુકસાન કરાવવાનું કામ પણ આ સરકારે કર્યું છે. નર્મદાની ઉંચાઇ વધારવાની મંજૂરી ટુકડે–ટુકડે મળતી ગઇ તેમ–તેમ બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. જે તે સરકારે ખૂબ ખંતથી કામ કરી પોતાનું યોગદાન આપ્યું છે તે બદલ જે તે સરકારને અભિનંદન પાઠવું છું. ખાત મૂહુર્તનો પથ્થર ૧૯૬૧માં મૂકાયો પણ દ્રઢ ઇચ્છા શક્તિ, ત્વરિત નિર્ણયના લીધે કામ ઝડપી આગળ વધારવાનો, આ પથ્થરને ઇમારત બનાવવાનો યશ જો કોઇને જતો હોય તો આપણા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીને જાય છે. વર્ષ ૨૦૦૬માં ગુજરાતની પ્રજા અને નરેન્દ્રભાઇ મોદીએ બંધની ઉંચાઇ ૧૨૧.૯૨ મીટર સુધીનું કામ પૂરું કર્યુ પરંતુ વધારાની ઉંચાઇ વધારવા માટે કેન્દ્રની યુ.પી.એ. સરકાર પાસે પરમિશન માટે, દરવાજા મૂકવા માટે અનેક વખત રજૂઆતો કરી પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકારે જ્યારે કેન્દ્ર સરકારમાં વારંવાર રજૂઆતો કરવા છતાં મંજૂરી ન મળી. મને કહેતાં આનંદ થાય છે કે, કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે પ્રધાનમંત્રી પદ ગ્રહણ કર્યુ ત્યાર પછી ૧૭મા દિવસે બંધની ઉંચાઇ વધારવા માટે અને દરવાજા મૂકવા માટે મંજૂરી આપી. નર્મદા કંટ્રોલ ઓથોરીટીની મીટીંગમાં ડેમના દરવાજા બંધ કરવા માટેની મંજૂરી ૧૬/૬/૨૦૧૭ના રોજ મળતાં ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રીશ્રી આદરણીય વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા દરવાજા બંધ કરવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો અને ગુજરાતની સમૃદ્ધિના દ્વાર તે દિવસથી ખૂલી ગયા. જેના કારણે પાણીનું લેવલ જે ૧૨૧.૯૨ મીટરથી વધીને ૧૩૮.૬૮ સુધી ભરી શકવાની શક્યતા વધી. જળાશયની સંગ્રહ શક્તિમાં લગભગ ૩.૭૫ ગણો વધારો થયો. જળવિદ્યુત ઉત્પાદનમાં ૪૦ ટકાનો વધારો થયો. આ એ વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે કે, જે લાભિત વિસ્તાર પૈકી ૭૫ ટકા વિસ્તારો દુષ્કાળગ્રસ્ત વિસ્તારો હતા.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા નાયબ મુખ્યમંત્રીશ્રી પટેલ સાહેબને નર્મદા વિશે મારા વિસ્તારના પ્રશ્નો જણાવું છું. જે તે વખતે મેં સાંભળેલ કે, કચ્છ અને રાજસ્થાનમાં વરસાદ બહુ ઓછો થાય છે. એટલે જે તે વખતે સરવે થયું હતું એમાં કચ્છ અને રાજસ્થાનને પ્રાયોરીટી આપી હતી પણ અત્યારે હું એ પૂછવા માગું છું કે, મારા અબડાસા વિસ્તારમાં ખેડૂતોને પાણી મળશે કે નહિ તેમજ પીવાના પાણી માટે નર્મદાના પાણીની ખૂબ જરૂર છે. અત્યારે પાણીની બહુ તંગી છે અને અત્યારે પાતાળમાં પાણી ૭૦૦ ફૂટ સુધી પહોંચી ગયા છે. દરિયાના કારણે પાણી બહુ ખારું આવે છે. ખેતી પણ થઇ નથી શકતી અને અત્યારે અમે એ પાણી પી રહ્યા છીએ અને ક્ષારવાળા પાણીથી પથરીના રોગ અને પગના સાંધાના દુઃખાવા ખૂબ થઇ રહ્યા છે. તો માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા હું કહેવા માગું છું કે, અમારે ત્યાં નર્મદામાં પાણી અત્યારે ખેતીવાડી માટે ૨૫૦૦ કે ૩૦૦૦ ટી.ડી.એસ. પાણી હોય તો નાળિયેર, ખારેક, દાડમ થાય પણ એમાં પણ કચ્છને ૧૦૦ ટકા સબસિડી આપવામાં આવે તો ખેતી થઇ શકે અને એક દિવસ એવો હતો કે અમારા ત્યાં ૭૦૦ ટી.ડી.એસ. મગફળી તેમજ આંબા, કેળાં,પપૈયા એ બધું થતું હતું પણ આજની તારીખમાં અમારા ત્યાં ખારેક અને દાડમ થાય છે અને બોર્ડર વિસ્તારમાં છે તો એને સબસિડી આપવામાં આવે. પહેલાં જે તે વખતે આપણી સરકાર દ્વારા આખા વિસ્તારમાં નર્મદાનો રથ તો બધે ફરી ગયો છે, પણ હવે બધે પાણી આવે એવી મારી સરકારશ્રીને નમ્ર અપીલ છે. આપશ્રી દ્વારા સરકારશ્રીને રજૂ કરૂં છું અને આ નકશામાં ક્યાંય મારા ત્રણ તાલુકા આવતા નથી. ( આ તબકકે માનનીય સભ્યશ્રી દ્વારા નકશો બતાવતાં) તો મારા ત્રણ તાલુકા..

સભાપતિશ્રી : આપશ્રી નકશો અહીં બતાવી શકો નહીં. આપ નીચે મૂકી દો. નકશા લઇને આવી નથી શકાતું.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : તો સાહેબ, પાણી અત્યારે ઉનાળાની સીઝન છે તો અને જયારે કમસેકમ ખેતી માટે જયારે આવે ત્યારે પણ પીવા માટે અત્યારે હાલમાં આપવામાં આવે એવી મારી આપશ્રી દ્વારા સરકારશ્રીને અપીલ છે. બીજું, આપ જુઓ છો કે, દરિયામાં પાણી છોડી દેવામાં આવે છે તો એ ખાલી ચોમાસામાં આપો, ચોમાસામાં ખાલી ડેમો ભરી દો તો પછી બારે માસ જરૂર નથી પડતી તો મારી વિનંતી છે કે ચોમાસમાં પાણી દરિયામાં છોડી દેવામાં આવે છે એના બદલે અમારા ખાલી ડેમો ભરી દેવામાં આવે. નમસ્કાર.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ)

શ્રી ભરતજી સો. ઠાકોર(બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ માગણી નંબર– ૩૯ અને ૪૦ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું તે મહેસાણા જિલ્લાની આજે વાત કરું છું. મહેસાણા જિલ્લો એટલે રાજકીય લેબોરેટરીનું હબ કહેવાય. આ મહેસાણા જિલ્લાએ આજે બે બે મુખ્યમંત્રીશ્રીઓ, તત્કાલિન ગૃહમંત્રીશ્રી, એક નાયબ મુખ્ય મંત્રીશ્રી અને આજે આ દેશના વડાપ્રધાન આપ્યા છે ત્યારે આ મહેસાણાની હું વાત કરું છું. માનનીય નીતિનભાઇ પટેલ જયાંથી ચૂંટાઇને આવ્યા છે એ મહેસાણા સિવિલની અંદર આજે એક પણ ફીઝીશીયન ડોકટર નથી, આ સિવિલની અંદર આજે એક પણ રેડિયોલોજીસ્ટ ડોક્ટર નથી. આ સિવિલની અંદર એક પણ સિવિલ સર્જન નથી ત્યારે મારે માનનીય નીતિનભાઇને કહેવું છે કે, આપશ્રી જયાંથી ચૂંટાયા છો આ સિવિલની અંદર આપે થોડીક તકેદારી લેવાની જરૂર છે. માનનીય નીતિનભાઇ, મહેસાણા અને બેચરાજી, આમ તો ત્રીસેક સોસાયટીઓ મહેસાણાની મારા વિસ્તારમાં પણ આવે છે. આપણા નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇએ કડીનો ઘણો વિકાસ કર્યો છે, પણ કડીની જે સિવિલ કુંડાલની અંદર આવી છે, એ સિવિલની અંદર આજે એક પણ ઓર્થોપેડિક ડોક્ટર નથી, એક પણ ગાયનેક ડોક્ટર નથી અને બેભાન કરવા માટે જે એનેસ્થેસિયાના ડોક્ટર જોઇએ એ ડોક્ટર પણ નથી. સોનોગ્રાફી મશીન પણ નથી, કડી જેવા શહેરની અંદર એક પણ બ્લડબેંક નથી, ત્યારે માનનીય નીતિનભાઇ આપના માદરેવતનની અંદર ખરેખર હું વિનંતી કરૂં છું કે, આપની પ્રજાને સેવા મળે એના માટે પણ આપ કામગીરી કરશો એવી વિનંતી કરૂં છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની સિવિલ હોસ્પિટલ આજે ગુજરાતની જ નહીં, ભારતની નહીં પણ એશિયા ખંડની મોટામાં મોટી હોસ્પિટલ છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઓપરેશનો માટે રૂ.૯ કરોડના ખર્ચે એક રોબોર્ટનું મશીન વસાવ્યું છે. આ રોબોર્ટ મીશન ધૂળ ખાય છે. જયારે કોઇ પણ ડેડ બોડી પી.એમ. માટે આવે છે, ત્યારે આ પી.એમ. થઇ ગયા પછી એ ડેડ બોડીને લઇ જવા માટે આ સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ વાન નથી હોતી અને પ્રાઇવેટ સાધનો લાઇન લગાવીને બેઠા હોય છે, તો આના માટે એમ્બ્યુલન્સ વાન મળવી જોઇએ.

સભાપતિશ્રીઃ આપ એક મિનિટમાં પૂરું કરો.

શ્રી ભરતજી સો. ઠાકોર : આ ડેડ બોડી લઇ જવા માટે સિવિલ હોસ્પિટલમાં એક એમ્બ્યુલન્સની જરૂર છે. તે મળવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇએ કહ્યું તેમ મારા મત વિસ્તાર બેચરાજીને યાદ કરું તો અમારે ત્યાં બેચરાજીમાં જે સિવિલ હોસ્પિટલ આવેલી છે તેમાં એક પણ ડોકટર નથી, આ સિવિલ હોસ્પિટલમાં દર્દી કરતાં કૂતરાં વધારે હોય છે. એટલે આ સિવિલની અંદર આ પશુ દવાખાનું છે કે માણસનું તે સમજી શકાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પછાત વિસ્તારોમાં સી.એચ.સી અને પી.એચ.સી સેન્ટરો શરૂ કરવામાં આવતા નથી અને શરૂ કરવામાં આવે તો ડોકટરો હોતા નથી. અને ડોકટર હોય તો દવા હોતી નથી, જેના કારણે દર્દીઓને ખૂબ હાલાકી વેઠવી પડે છે.

સભાપતિશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જીવનની જરૂરીયાત માટે સૌથી વધુ જરૂરીયાત હોય છે અને છે, તેવા બે વિષયો પર સન્માનનીય ગૃહમાં મેં મારું બજેટ રજૂ કર્યું છે.

એક પીવાનું પાણી જયાંથી આપણને મળે છે, સિંચાઇનું પાણી જયાંથી આપણને મળે છે, લાખો પશુઓને પીવાનું પાણી જયાંથી આપણને મળે છે, ઉદ્યોગ ધંધા માટે જયાંથી આપણને પાણી મળે છે અને જેના વગર ગુજરાતની કલ્પના ન કરી શકાય અને ગુજરાતના વિકાસમાં જે સૌથી વધુ સિંહફાળો આપી રહી છે તેવી નર્મદા યોજનાના બજેટની માગણી આ સન્માનનીય ગૃહમાં મેં રજૂ કરી છે. એવી જ રીતે બધું જ હોય પણ સારું સ્વાસ્થય ન હોય, સારી તંદુરસ્તી ના હોય, વ્યકતિ નિરોગી ન હોય તો બીજું બધું ગમે તેટલું હોય, સમૃદ્ધિ હોય, સંપતિ હોય, દેખાવ હોય, સત્તા હોય પણ આરોગ્ય વગર બધું નકામું છે. આ બે વિષયની માગણી જયારે મેં ગૃહમાં મૂકી છે, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, ૧૮ જેટલા માનનીય સભ્યશ્રીઓ તેમના વિચારો વ્યકત કર્યા છે અને પોત પોતાના વિસ્તાર માટેની પોતાની જે માગણીઓ હોય, રજૂઆત હોય કે જે જરૂરીયાત છે તે સરકારના ધ્યાન ઉપર મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વખત ૧૯૯૫માં જયારે ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં બની ત્યારે ૩૯ વર્ષની વયે મને મારા પક્ષે અને અમારા મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલે આરોગ્ય વિભાગના કેબીનેટ મંત્રીની જવાબદારી સોંપી હતી. આમ, ૧૯૯૫થી આરોગ્ય વિભાગ સાથે મારો નાતો જે જોડાયો છે, તે ચાલુને ચાલુ જુદી જુદી રીતે રહે છે.

મારા પહેલાં કોંગ્રેસની ચીમનભાઇની સરકારમાં શ્રી શકિતસિંહજી ગોહિલ આરોગ્ય મંત્રી હતા. રાજયકક્ષાના હતા. તેમના વખતે પણ અમે પ્રશ્નોત્તરી કરતા હતા, તમે ત્યાંથી બોલો છે એ બધું અમે ત્યાંથી કહેતા હતા કે ડોકટર નથી, આ નથી, એકસરે ચાલતું નથી, નર્સો નથી, પૂરતા પગાર અપાતા નથી, પણ એ સમય જુદો હતો, અને હકીકત એ હતી કે સરકારની બજેટની મર્યાદાઓ હતી, સરકારની બજેટની મર્યાદાઓ હતી, મામુલી રકમનાં બજેટના કારણે સરકાર કામ નહોતી કરી શકતી, મંત્રીઓની ઇચ્છા હોવા છતાં , કોંગ્રેસ પક્ષની સરકાર હોય તો કોંગ્રેસની પણ ઇચ્છા હોય. પરંતુ પેલું જે આપણે કહેવાય છે ને કે, તિજોરીમાં હોય તો બહાર આવે, કૂવામાં હોય તો હવાડામાં આવે. તે વખતે કૂવા ખાલી હતા અને તિજોરી પણ ખાલી હતી. એ વખતે એમની ઇચ્છાઓ હશે, હું એમ નથી કહેતો કે ઇચ્છાઓ ન હતી. પણ જેમ જેમ સરકાર અમારી ભાજપની આગળ વધતી

ગઈ અને કામ વધતું ગયું. રાજયની આવક વધી ગઈ, ભારત સરકારની મદદ પણ જુદી જુદી યોજનાઓમાં વધી ગઈ. એમ આપણે પી.એચ.સી., સી.એચ.સી., ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો અને સિવિલ હોસ્પિટલો છે એના વિશે તો આપણે બધા જાણીએ જ છીએ.

આપણે અહીંયા વારંવાર ચર્ચા કરીએ છીએ, આંદોલનો કરીએ છીએ અને કહીએ છીએ કે હોંશિયાર તેજસ્વી બાળકને સારી ટકાવારી હોવા છતાં મેડિકલ કોલેજોમાં એડમીશન મળતું નથી. આજે અહીંયા હાઉસમાં આંદોલન કરનારા બેઠા નથી નહિતર હું એમને સમજાવત. મેડિકલ કોલેજોનો પણ વધારો થયો છે તેમ છતાં વરસોથી આપણે સાંભળીએ છીએ. ન પતનારી વાત છે ગમે તેટલું કરીએ તો પણ સંતોષ ન થાય. આ આપ્યું તો આ રહી ગયું. દા.ત. તમે જ ધારાસભ્ય છો. તમને કોઈ પાંચ કામ આપે અને એ પાંચ કામ કરશો તો વળી પાછા બીજા બે કામ આવશે અને કહેશે આ મારા બે કામ બાકી રહી ગયા. એટલે વિકાસ પૂર્ણ થતો નથી. એટલે અમે વણથંભી વિકાસ યાત્રા કાઢીએ છીએ.

હું આ તબક્કે આરોગ્ય વિભાગના આંકડા આપીશ. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગની કામગીરી વિશે કહીશ. અહીંયા એક માનનીય ધારાસભ્યશ્રીએ એમ રજૂઆત કરી કે અમારે ત્યાં હોસ્પિટલ છે પરંતુ દર્દીઓ જતાં નથી અને પ્રાઈવેટમાં જવું પડે છે. વળી પાછું એમ પણ કહ્યું કે હોસ્પિટલ નાની પડે છે. એક બાજુ એમ કહે છે કે હોસ્પિટલમાં દર્દીઓ આવતા નથી અને બીજી બાજુ એમ કહે છે કે હોસ્પિટલનું એકસપાન્સન કરવામાં આવે આ રીતે વિરોધાભાષી વાત કરવામાં આવી આનો અર્થ શું સમજવો? જેમ વેપારી વેપારનું સરવૈયું આપે એમ અમારા આરોગ્ય વિભાગનું હું સરવૈયું આપવા માગું છું.

રાજયમાં જે પી.એચ.સી. આવેલા છે એમાં દરરોજના કેટલા દર્દીઓ લાભ લે છે એના આંકડા હું સભાગૃહ સમક્ષ આપવા માગું છું. રોજના ૪૫૭૫૧ દર્દીઓ સારવાર માટે આવે છે. એમાંથી ૧૧૮૬ દર્દીઓને આપણે દાખલ કરીએ છીએ. રોજની ૧૭૫ જેટલી પ્રસૂતિ કરાવવામાં આવે છે. દસ મોટા ઓપરેશનો અને ૬૦ જેટલા નાના ઓપરેશનો કરવામાં આવે છે. લેબોરેટરી ટેસ્ટ રોજના ૩૨૫૬૩ વ્યકિતઓના કરવામાં આવે છે. આ મેં આંકડા ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા પી.એચ.સી. ના આપ્યા છે. એ જ રીતે તાલુકા મથકે ચાલતા સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે એનો દરરોજ કેટલી વ્યકિતઓ લાભ લે છે એની માહિતી આપવા માગું છું. રોજના ૪૨૪૦૮ દર્દીઓને સારવાર આપવામાં આવે છે. એમાંથી ૫૪૯૦ને દાખલ કરવામાં આવે છે. ૪૦૪ બહેનોને ડિલિવરી કરાવવામાં આવે છે. ડિલિવરી માટેની દરેક સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં પણ વ્યવસ્થા છે. રોજના ૪૦૦ જેટલા દીકરા દીકરીઓના જન્મ થાય છે. હું આ સરકારી હોસ્પિટલના જ આંકડા આપી રહ્યો છું. ૮૮ મોટા ઓપરેશનો કરવામાં આવે છે જયારે ૩૮૬ નાના ઓપરેશનો થાય છે. ૫૨૭ એકસ–રે કાઢવામાં આવે છે. જયારે ૨૪૨૭૦ જેટલા લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવે છે. સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલની વાત કરું તો ૧૧૭૦૩ ઓ.પી.ડી., ૧૯૮૬ ઇન્ડોર અને ૯૩ ડિલિવરી કરાવવામાં આવે છે. મોટા ઓપરેશનો ૮૭ જેટલા થાય છે જયારે ૧૯૫ જેટલા નાના ઓપરેશનો થાય છે. ૨૯૮૧ એકસ–રે પાડવામાં આવે છે. લેબોરેટરી ટેસ્ટ ૧૦૪૦૩ કરવામાં આવે છે. આ રીતે ૨૪ કલાક કામગીરી કરવામાં આવે છે. જિલ્લાની હોસ્પિટલો છે એમાં ૧૦૯૦૯ ઓ.પી.ડી. થાય છે. ઇન્ડોર ૨૩૨૨, ડિલીવરી ૧૦૫, મોટા ઓપરેશન ૯૯, નાના ઓપરેશન ૨૪૮, એક્સરે ૭૧૪, લેબોરેટરી ટેસ્ટ ૧૮,૩૦૪. આપણે મેડિકલ કોલેજો પણ ચલાવીએ છીએ. મેડિકલ કોલેજમાં મિનીમમ ૩૦૦ બેડથી માંડી અને ગ્રેજયુએશન પૂરું થાય ત્યાં સુધીની ૫૦૦ બેડની હોસ્પિટલ ફરજીયાત હોવી જરૂરી છે. તેમાં દરરોજ ૧૩,૯૩૨ ઓ.પી.ડી., ૨૦૯૫ ઇન્ડોર, ૧૨૨ ડિલીવરી, ૨૧૩ મોટા ઓપરેશન, ૫૩૩ નાના ઓપરેશન, ૪૪૮૩ એક્સરે અને ૨૩,૯૧૦ લેબોરેટરી ટેસ્ટ થાય છે. આ સરકારી મેડિકલ કોલેજ. બીજી એવી સરકારી મેડિકલ કોલેજ જે આપણી GMRH . જે ગાંધીનગર છે, વડનગર છે, ધારપુર છે, વલસાડ છે, જુનાગઢ છે તેના આંકડા આપું છું. તેમાં દરરોજ ૫૭૬૪ દર્દીઓ આવે છે. ૧૩૬૧ દાખલ થાય છે. ૫૧ ડીલીવરી થાય છે. ૮૨૨ મેજર ઓપરેશન, ૧૭૩ નાના ઓપરેશન, ૯૩૮ એકસરે અને ૯૯૯૩ વિવિધ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ. હવે સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ. આપણી યુ.એન.મહેતા હોય, કિડની હોસ્પિટલ હોય કે કેન્સર હોસ્પિટલ હોય, આંખની હોસ્પિટલ હોય એ સુપર સ્પેશ્યાલિટી સારવાર આપતી હોસ્પિટલ છે. તેના આંકડા કહું તો ૨૨૨૮ દર્દીઓ દરરોજ આવે છે. ૧૮૬ને દાખલ કરવામાં આવે છે. બે ડિલીવરી થાય છે. ૪૨ મોટા ઓપરેશન થાય છે, ૭૦ નાના ઓપરેશન થાય છે. ૫૦૧ એકસરે થાય છે અને ૧૧,૬૮૭ લેબોરેટરી ટેસ્ટ થાય છે. હું થોડી ભૂલ સુધારી લઉં કે યુ.એન. મહેતા અને મેડિકલ કોલેજ અલગ છે. આ આંકડા એમાં આવતા નથી. આમ જોઇએ તો દર વર્ષે દૈનિક સરેરાશ વાર્ષિક આંકડામાં જોઇએ તો ૪,૭૮,૦૦,૦૦૦ દર્દીઓ ગુજરાત સરકાર સંચાલિત હોસ્પિટલોમાં સારવાર લે છે. વિચારી લો તમે. ગુજરાતની વસતિ ૬ કરોડ, બધા તો હોસ્પિટલમાં ન આવે. એક દર્દી એકવાર આવે, બે વાર આવે. એમાં રિપિટેશન થઈને ગરીબ, મધ્યમવર્ગ કોઇ પણ આવે. સરકારી હોસ્પિટલમાં મર્સીડીઝ લઇને આવે તો પણ મફત સારવાર કરીએ છીએ. દવા પણ મફત આપીએ છીએ. બધું મફત. આ ગુજરાત સરકારનો આરોગ્ય વિભાગ પ્રજાની તંદુરસ્તી માટે, જેને દર્દ થયું હોય તેને સારવાર આપવા માટે આપણે આ કામ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં માનનીય ધારાસભ્યશ્રીઓએ કેટલાક મુદ્દા પણ એમની માહિતી પ્રમાણે ઉપસ્થિત કર્યા છે. હું તેમની ટીકા નથી કરતો, પણ તેમની માહિતીમાં હું થોડો સુધારો કરું. ડોકટરો નથી. સાહેબ, ૩૨૯૫ એમ.બી.બી.એસ. ડોક્ટરો આજે સરકારની હોસ્પિટલોમાં કાર્યરત છે. પી.જી. ડોક્ટરો. એમ.બી.બી.એસ. થયા પછી વધુ અભ્યાસ કરીને જે પોષ્ટ ગ્રેજયુએટ થયા હોય, ૭૫૧૬ ડોક્ટરો કામ કરે છે. મેડિકલ કોલેજોમાં એમ.બી.બી.એસ. થયા પછી જે રેસિડન્સ ડોક્ટરો હોય છે એ ૩૩૦૦ ડોક્ટરો એ રેસીડન્સ ડોક્ટર તરીકે કામ કરે છે. સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર. કોઇ પણ વિષયના સ્પેશ્યાલિસ્ટ એ ૧૭૧૬

કામ કરે છે અને જે મેડિકલ કોલેજો ચાલે છે તેમાં પી.જી. પ્રોફેસર. ખૂબ લાંબા અનુભવ પછી પ્રોફેસર અને ટીચર બનાય છે. એ ભણાવે છે અને દર્દીની સારવાર પણ કરે છે. ઓપરેશન પણ કરે છે અને મેડિકલના વિદ્યાર્થીઓને ઓપરેશન કરવાની ટ્રેનીંગ પણ આપે છે. એવા ૨૫૦૦ છે. આયુષ ડોક્ટર. આયુર્વેદિક, હોમિયોપેથિક ડોક્ટરો આપણી પાસે છે એ N. H. M. હસ્તકના ૮૪૧ છે. આયુષ ડોક્ટર, ભારત સરકારની જે યોજના છે R.B.S.K. તેના ૧૭૦૩ છે અને વનબંધુ આયુષ. એક યોજના વનબંધુ વિસ્તારની ચાલે છે તેમાં ૭૫ છે. આ રીતે ડોક્ટરો આપણી પાસે છે. દર વર્ષે ડોક્ટરોની સંખ્યા વધતી જાય છે. કેમ વધે છે? આપણે મેડિકલ કોલેજો વધારી છે. દર વર્ષે વધુ નવા નવા ડોક્ટરો બહાર પડે છે. માનનીય જોષિયારાજી આપને અગાઉ પણ કહ્યું હતું અને આજે પણ કહું છું. ચોખવટ કરું છું. એમ.બી.બી.એસ. ડોક્ટર થયા પછી એને નોકરી જોઇતી હોય તો દર મંગળવારે આપણે એનો ઇન્ટરવ્યૂ લઇએ છીએ અને એને નોકરી આપીએ છીએ. એમાં તમે કહ્યું કે ફિક્સ પગાર આપો છો? માનનીય જોષિયારાજી આ સાચી વાત નથી. એમ.બી.બી.એસ. ડોક્ટર થયા હોય એને આપણે પૂરેપૂરા પગારથી નોકરી આપીએ છીએ. અહીંયાં જી. પી. એસ.સી. ની વાત થઇ. તમે તો ખુદ આરોગ્ય મંત્રી રહી ચૂક્યા છો, ડોક્ટર પણ છો. એમ.બી.બી.એસ.નું જેવા ભણી રહે અને એને નોકરીની જરૂરિયાત હોય તો એને આપણે એડહોક તરીકે સરકારમાં નોકરી આપીએ છીએ. સરકારમાં જેમ જેમ જગ્યાઓ ખાલી પડતી જાય તેમ તેમ જી. પી. એસ.સી. દ્વારા પરીક્ષા લેવાય અને એ સિલેક્ટ થાય એમ એને આપણે કાયમી કરીએ છીએ. આ એડહોક ડોક્ટરોને પણ આપણે પૂરો પગાર આપીએ છીએ. હું રકમ પણ આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં એક સભ્યશ્રીએ કહ્યું કે પહેલા બોન્ડ લેવામાં આવતા હતા. હવે બોન્ડ લેવામાં આવતા નથી. પણ એ માહિતી અધૂરી છે. મને બરાબર યાદ છે કે આગળની ટર્મમાં પણ હું આરોગ્ય મંત્રી હતો ત્યારે બોન્ડની રકમ ઓછી હતી. મોંઘવારી વધી છે. મને લાગ્યું કે બોન્ડની રૂ.૭૫,૦૦૦/-ની આજુબાજુની રકમ હતી એ ઓછી છે. આજે કોઇ એમ.બી.બી.એસ. થાય, એ સરકારી કોલેજમાં થાય કે આપણી સોસાયટીની કોલેજમાં થાય તો એણે રાજ્ય સરકારમાં ગ્રામ્ય વિસ્તારમાં ડોક્ટર તરીકે સેવા બજાવવી ફરજિયાત છે. એ ન બજાવે તો એણે પાંચ લાખ રૂપિયાના બેન્ક ગેરંટી બોન્ડ ફરજીયાત એડમિશન વખતે જ આપવાના હોય છે. પછી જ એને સર્ટિફિકેટ મળતું હોય છે. આપણું સર્ટિફિકેટ ન મળે ત્યાં સુધી એ ખાનગી પ્રેક્ટીસ કરી શકતો નથી. એણે ફરજિયાત ત્રણ વર્ષ રાજ્ય સરકારમાં ગ્રામ્ય વિસ્તારમાં નોકરી કરવી પડે છે. અગાઉના વખતમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડોક્ટરો માટે કોઇ બોન્ડ નહોતા. આ પોસ્ટ ગ્રેજ્યુએટ ડોક્ટરો માટે પણ અમે દસ લાખ રૂપિયાના બોન્ડ લેવાના શરૂ કર્યા છે. એ ગુજરાતની સરકારી કે સોસાયટીની કોલેજોમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડોક્ટર થયો હોય તો એણે દસ લાખ રૂપિયાના બોન્ડ આપવા પડે છે. આ બોન્ડ ન આપે તો એણે ત્રણ વર્ષ ફરજીયાત સરકાર જ્યાં મૂકે ત્યાં સારવાર આપવી પડે છે. સુપર સ્પેશિયાલિસ્ટ જેવા કે હૃદયરોગ, કિડની, હાર્ટના, મગજના આવા પી.જી. પછીની ઉચ્ચ ડિગ્રી ધરાવે છે. એવા ડોક્ટરો બનાવવા માટે આ પ્રજાની તિજોરીમાંથી એમ.બી.બી.એસ. ડોક્ટરો પાછળ ૩૦ થી ૪૦ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. એવી જ રીતે પી.જી. ડોક્ટરો બનાવવા પાછળ એકથી દોઢ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. સુપર સ્પેશિયાલિસ્ટ કરવા હોય તો એની પાછળ ચારથી પાંચ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે ત્યારે એક ડોક્ટર આપણને મળે છે. સુપર સ્પેશિયાલિસ્ટ ભણીને એ મુંબઇ, દિલ્હી કે મદ્રાસ જતા હોય છે. મેં આ જોયું અને એમાં પણ મેં સુધારો કર્યો છે. સુપર સ્પેશિયાલિસ્ટ હોય તો એની પાસેથી ૫૦ લાખ રૂપિયાના બોન્ડ ગુજરાતની અમારી આ સરકાર લે છે. એમને ભણાવીને અમારે સારવાર કરાવવી છે અને એમની પાસેથી અમે કામ પણ લઇએ છીએ. ત્રણ વર્ષ એણે સેવા આપવી પડે છે. ન આપે તો એની પાસેથી બોન્ડ લઇએ છીએ. અહીંયાં પગારની પણ કોઇએ ચર્ચા કરી છે કે પગાર ઓછો આપવામાં આવે છે. અમે જે પગાર આપીએ છીએ એ પૂરેપૂરો ભરતીના ધોરણ પ્રમાણે આપીએ છીએ અને સાથોસાથ જે લોકો પાર્ટ ટાઇમ સર્વિસ આપવા માગતા હોય એમના માટે અમે સીએમ સેતુ યોજના બનાવી છે. સમજી લો કે એક શહેર છે કે કોઇ એક ગામ હોય અને સુપર સ્પેશિયાલિસ્ટ હોય, એમાં સી. એચ. સી. છે. સી.એચ.સી.માં ડોક્ટર નથી. ઓર્થોપેડિક ડોક્ટરો સરકારની હોસ્પિટલમાં આવી દર્દીઓના મફત ઓપરેશન કરે અને સરકાર રોજના ત્રણ કલાકના ઉચ્ચક નાણા એને આપે છે અને એના નેજા નીચે લગભગ ૧૫૦ થી ૨૦૦ ડોક્ટરો ગુજરાત સરકારની હોસ્પિટલોમાં સેવા આપે છે. વાંસદાના ધારાસભ્યશ્રીએ જે રજૂઆત કરી, એમને કદાચ માહિતીનો અભાવ હશે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આદિવાસી વિસ્તાર હોય, દલિત વિસ્તાર હોય, કચ્છનું રણ હોય કે દરિયાકાંઠાનો વિસ્તાર હોય, એમણે જે રજૂઆતો કરી છે એ રજૂઆતમાં હું એમને કહીશ કે અમારા નરેશભાઇ અગાઉ જિલ્લા ભાજપ પ્રમુખ હતા અને અત્યારે ધારાસભ્ય છે. વાંસદાના પૂર્વ ધારાસભ્ય પણ હતા. એમણે અગાઉની સરકાર હતી, અમારા લોકોએ રજૂઆત કરી છે, તમે પણ દિલથી રજૂઆત કરી છે અને તમારી લાગણીઓનો હું સ્વીકાર કરું છું. તમારી જાણકારી અને ગૃહની જાણકારી માટે કહું કે એમણે જે કોટેજ હોસ્પિટલનું વર્ણન કર્યું, મને એમ થયું કે અમારા ભારતીય જનતા પાર્ટીના રાજમાં આવી હોસ્પિટલ કઇ રીતે ચાલે? મેં માહિતી મગાવી. મને જણાવતા આનંદ થાય છે કે રૂપિયા ૧૪ કરોડ ૯ લાખના ખર્ચે વાંસદા કોટેજ હોસ્પિટલ બનાવવાની મંજૂરી મળી ગઇ છે. એના ટેન્ડર બહાર પડી ચૂક્યા છે. ટૂંક સમયમાં અમે ખાતમુહૂર્તમાં જઇશું ત્યારે ધારાસભ્યશ્રીને આમંત્રણ આપીશું. બીજી નીઝરની વાત કરી. સી.એચ.સી.નું નવું મકાન બનાવવા માટેના ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા ચાલે છે. ૩.૫૫ કરોડના ખર્ચે લીમઝડ સી.એચ.સી. મંજૂર થઇ ગયું છે. એનું ખાતમુહૂર્ત આપણે સાથે મળીને કરીશું. એટલે એ વિસ્તારનો વર્ષો જૂનો પ્રશ્ન છે એનું નિરાકરણ કરીએ છીએ. કેમ કહ્યું ખબર નથી કે સી.એચ.સી. નિઝરમાં ડેન્ટલ ચેર નથી. ખરેખર તો ત્યાં ડેન્ટિસ્ટ છે અને ચેર પણ છે. દાંતની સારવારની કામગીરી ત્યાં થાય છે. મારા વખતમાં અગાઉ મેં

નિર્ણય કર્યો હતો (અંતરાય) એમની લાગણીનો હું સ્વીકાર કરું છું. કારણ કે દર્દીઓ માટે કહ્યું છે, પ્રજા માટે કહ્યું છે. સી.એચ.સી.માં પહેલા ડેન્ટિસ્ટો ન હતા. ફિઝિયોથેરાપિસ્ટ ન હતા. દાંતની સારવાર કરાવવી હોય તો સિવિલમાં કે ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં જવું પડતું. અમે નિર્ણય કર્યો કે હવે દર્દીઓની ઉંમર વધી છે. દાંતના રોગો વધ્યા છે. લોકોની ખાવા–પીવાની ટેવો બદલાઇ છે એટલે દાંતના ડોકટર સી.એચ.સી.માં મૂકવા. અમારી સરકારે નિર્ણય કર્યો કે રાજ્યના દરેક સી.એચ.સી.માં દાંતના ડોકટર મૂકવા. એમની ભરતી થઇ ગઇ, હાજર કરી દીધા. ડેન્ટલ ચેરનું ટેન્ડર બહાર પાડ્યું હતું એમાં વિવાદ થયો, કોર્ટ મેટર થઇ અને બધું અટકી ગયું. ફરીથી અમે ટેન્ડર બહાર પાડ્યા છે. ૩ ટેન્ડર આવેલા છે. ટૂંક સમયમાં જરૂરિયાત છે એ જોઇતી ખુરશીઓ બાકી છે ત્યાં લઇ લેવાના છીએ. એટલે એ પ્રશ્ન પણ રહેતો નથી. એમણે એમ કહ્યું કે, સાપ કરડે પછી આપવાના ઇન્જેક્શનો નથી. એ માહિતી પણ એમની પાસે કદાચ પૂરતી નથી. આજે હાલ જ પ્રવચન પછી અમારા અધિકારીઓએ માહિતી આપી તો ૨૫૦ વાયલ ઇન્જેક્શનો આજે પણ સાપ કરડે તો દર્દીઓને આપવા માટે વાંસદાની હોસ્પિટલમાં તૈયાર છે. આ બધું છે. વજેસીંગભાઇ દાહોદ હોસ્પિટલનું બોલ્યા. હું બજેટમાંથી થોડી નીતિ વિષયક મોટી મોટી વાતો કરીશ. જેથી બધાને ખ્યાલ આવે કે રાજ્યમાં શું ચાલી રહ્યું છે. ડોકટરો વધારવા એ આપણી જરૂરિયાત છે. એક તો સરકારને ડોકટરો જોઇએ છે. દર્દીઓને ડોકટરની જરૂરિયાત છે. હોંશિયાર છોકરાઓને મેડિકલમાં ભણવા માટે મેડિકલ કોલેજ જોઇએ છે. બધાનું ભલું થાય એવું કામ ડોકટર્સને વધારે શિક્ષણ મળે એ વ્યવસ્થા કરવાનું છે. એના સરકાર હું રાજકીય રીતે નથી કહેતો. અગાઉની સરકારની જે મેડિકલ કોલેજ હતી અમે એમાં અનેકગણો વધારો કરીને હવે સેંકડોની સંખ્યામાં એમ.બી.બી.એસ., પી.જી.ની સિટો અમે વધારી દીધી છે એલ.એ.ક્યુ.માં અનેક વખત ચર્ચા થઇ છે પણ ગુજરાત સિવાય બીજા રાજ્યોમાં આપણે જોઇએ છીએ પ્રાઇવેટ મેડિકલ કોલેજ મહારાષ્ટ્ર, કર્ણાટક દરેક રાજ્યોમાં છે. આપણા ગુજરાતના છોકરા ૨–૨, ૩–૩ કરોડ રૂપિયા ખર્ચીને બીજા રાજ્યો કે બીજા દેશો, જેવા કે– ચીન, રશિયા, ફિલિપીન્સ, કઝાકિસ્તાન જેવા દેશમાં જાય. એવા દુર્ગમ દેશો જે આપણાથી જોડાયેલા નથી ત્યાં છોકરાઓને ભણવું પડે છે. આપણા છોકરા બહાર જાય, આપણું ધન, આપણા રૂપિયા બહાર જતા રહે અને સરકાર સૂફિયાણી વાતો કરી સિદ્ધાંતો પકડી બેસી રહે એ ના ચાલે. એટલે અમારા મુખ્યમંત્રી વિજયભાઇએ અને અમે માનનીય અધ્યક્ષશ્રી, નીતિ વિષયક નિર્ણય કર્યો કે ગુજરાતમાં બે પ્રકારની મેડિકલ કોલેજ વધારવી. ભારત સરકાર અને એમ.સી.આઇ. એ મંજૂરી આપેલી છે. બીજા રાજ્યોમાં છે જ એમાં ગુજરાત જ પાછળ છે. એનો સિધ્ધાંત એવો છે કે ગ્રાઉન્ડ ફિલ્ડ અને ગ્રીન ફિલ્ડ બે પ્રકારની પોલિસી છે. એક પોલિસી એવી છે કે મેં કીધું એમ મેડિકલ કોલેજ માટે હોસ્પિટલ ફરજિયાત છે. ૩૦૦ થી માંડીને ૫૦૦ પથારીની હોસ્પિટલ એમાં ફરજિયાત જોઇએ. અમે સાહેબ, એવું નક્કી કર્યુ કે રાજ્યમાં દૂરના વિસ્તારમાં મેડિકલ કોલેજ કરતા નથી. દા.ત. દાહોદ, પાલનપુર, અમરેલી, ભરૂચ આ અમે નક્કી કર્યુ. આપણું વાત્રક ત્યાં સાબરકાંઠા જિલ્લામાં અરવલ્લીમાં મેડિકલ કોલેજ થાય. મેડિકલ કોલેજ થાય એના બે ફાયદા છે. એક તો વિદ્યાર્થીઓની સિટો અભ્યાસ માટે વધે સામે દર્દીઓ માટે હોસ્પિટલની સુવિધા વધે. મેડિકલ કોલેજ હોય, પ્રોફેસર હોય, સ્પેશ્યાલિસ્ટ હોય, સુપર સ્પેશ્યાલિસ્ટ હોય, સોનોગ્રાફી, એક્ષરે, બધા જ પ્રકારના આધુનિક સાધનો તો ફરજિયાત રાખવા પડે આ બધું થઇ જાય. બધું સરકાર કરે એ જરૂરી નથી. માનનીય અધ્યક્ષશ્રી, એક મેડિકલ કોલેજ બનાવવી હોય તો આજની કિંમતે ૮૦૦ કરોડ રૂપિયા જેવો ખર્ચ એક મેડિકલ કોલેજ માટે કરવો પડે અને જે સ્ટાફની ભરતી કરીએ ડોકટર્સ, પ્રોફેસરો મળતા નથી. અહીંયા ભાઇએ કીધુંને કે બીજા રાજ્યોમાંથી આવે છે. આજે આપણા પી.એચ.સી., સી.એચ.સી., મેડિકલ કોલેજમાં જજો તમારા વખતથી જોષીયારાજી, શકિતસિંહ, કરસનદાસ સોનેરી આરોગ્ય મંત્રી હતા એ બધા મને યાદ છે ત્યારથી નોન–ગુજરાતી બિહાર, એમ.પી., મહારાષ્ટ્રના ડોકટર્સ વર્ષોથી ગુજરાતમાં સેવા કરે છે અને સેવા કરી કરીને નિવૃત્ત પણ ઘણા થઇ ગયા. આપણે જો એમને ના રાખીએ તો આપણે ત્યાં ડોકટર્સની સિટો એટલી બધી ખાલી રહે કારણ કે, આપણા ગુજરાતીઓ ભણી ભણીને સીધા પ્રાઇવેટ પ્રેક્ટિસ કરી દે છે. પોતાનું કિલનિક પોતાની મોટી હોસ્પિટલ અને ૧૦–૧૫ વર્ષથી જે નવી પદ્ધતિ વિકસી છે કે ૫–૭ ડોકટર્સ ભેગા થઇને પોતાનું એક નર્સિંગહોમ બનાવી દે એટલે બધા ત્યાં જતા રહે. એટલા માટે આપણે આ મેડિકલ કોલેજ બનાવવાનું નક્કી કર્યુ. પાલનપુર, દાહોદ, ભરૂચ અને અમરેલીમાં એક એક કરી છે એનો હેતુ શું છે? સરકારી હોસ્પિટલ તંત્ર એને આપવાનું, ૧૦૦% માલિકી સરકારની, દેખરેખ સરકારની, વહીવટ સરકારનો, દર્દીઓ આવે એને રાજ્ય સરકારના ધોરણો પ્રમાણેજ, નિયમો પ્રમાણેજ મફત ફરજિયાત સારવાર આપવાની, મેડિકલ કોલેજ બનાવવાનો બિલ્ડિંગનો ખર્ચો, પ્રોફેસર રાખવાનો ખર્ચો, એનો પગાર એ બધું એક ટ્રસ્ટને આપવાનું. સાહેબ, અમે કોને આપી છે? કોઇ રસ્તે જનારાઓને નથી આપી, કોઇ ધંધાદારી લોકોને નથી આપી, પાલનપુરમાં આપી છે. બનાસ ડેરી જે બનાસકાંઠાના ધારાસભ્ય હોય તો એ મને દેખાતા કોઇ નથી. અમારા તો છે જ, બધા રેડી જ હોય. (અંતરાય) દિલ્હી ગયા છે ભાઇ, એમના અધિવેશનમાં ગયા છે. એટલે બનાસડેરીનું એક ટ્રસ્ટ છે. બનાસડેરીના સ્થાપક હતા. જેમ મહેસાણામાં માનસિંહભાઇનું નામ છે. ભોળાભાઇનું નામ છે એમ સાબરકાંઠામાં ગલબાભાઇનું પ્રતિષ્ઠિત નામ છે. એમના નામે ટ્રસ્ટ બનાવ્યું છે. એ ટ્રસ્ટને આપણે પાલનપુરની મેડિકલ કોલેજ બનાવવા , હોસ્પિટલ, એનું કેમ્પસ એ આપણે લીઝ ઉપર આપ્યું છે. કોલેજ એ બનાવશે, બધી સારવાર એના ખર્ચે થશે. સરકારના ધોરણે બિલકૂલ મફત થશે અને મેડિકલ કોલેજ જે બનશે એની છોકરાઓની ફી પણ રાજ્ય સરકારની અમારી જે કમિટી છે એ કમિટી જે નક્કી કરે એ પ્રમાણે જ આપવાની થશે એટલે મારી વજેસીંગભાઇને વિનંતી છે. આમાં સરકારમાં મારો પણ અનુભવ છે અને તમારો પણ અનુભવ છે કેટલાક હિત ધરાવતા લોકો હોય છે કે જેને સારુ થાય, મોટુ થાય એટલે એની મોનોપોલી તુટે. એક તો મેડિકલ કોલેજ થાય, ડોકટરો વધે એટલે સીધા પ્રાઇવેટ ડોકટરો, એવું છે કે નહીં એ મને

ખબર નથી આ તો અનુમાન કરું છું એ તરત જ વાંધો લે કે આ મોટું થશે તો મારી પ્રેકટીસ ઓછી થશે એટલે લોકોને ગેરમાર્ગે દોરે. બીજું, ત્યાં નોકરી કરતા હોય એ લોકો પણ ગેરસમજના કારણે એ લોકોને ગેરમાર્ગે દોરતા હોય છે. મારી પાસે આંકડા છે. દાહોદ હોસ્પિટલ ઝાયડસ ગૃપને આપણે આપી છે. ઝાયડસ ગૃપ કોઇ ધંધાદારી ગૃપ છે એવું નથી. ભારતની મોટામાં મોટી ફાર્માશ્યુટીકલ કંપની છે. બીજું તમને કહું, એમના વખાણ કરવા નથી કહેતો કે એમનો પક્ષ લઇને નથી કહેતો. આપણી અમદાવાદની જે સરકારની કેન્સર હોસ્પિટલ છે, એના એ ચેરમેન છે અને ચેરમેન થયા ત્યારે એમણે ૩૫ કરોડ રૂપિયા દાન કેન્સર હોસ્પિટલને પંકજભાઇએ આપ્યું હતું. એવા એ સદગૃહસ્થ છે. એમને શોખ છે એટલે આપણે એમને બોલાવીએ કે તમારા જેવા લોકો આ કામ હાથ પર લો. બાકી કોઇ કહે દવાઓ ઝાયડસની આપે છે હવે જેની અબજો રૂપિયાની દવા આખા દેશ અને દુનિયામાં વેચાય છે એને આ આપણી જેનરીક દવાઓ દાહોદમાં દવા વેચવા માટે આ મેડિકલ કોલેજ કરવા આવ્યા છે? આ ભાઇને ત્યાં અમરેલીમાં શાંતાબેન ચેરીટેબલ ટ્રસ્ટ છે, વસંત ગજેરા ડાયમન્ડના મોટામાં મોટા ઇન્ડસ્ટ્રીયાલીસ્ટ છે હરીભાઇ એન્જીનીયરીંગ કોલેજ ચલાવે છે એમને આપી છે. બેસો, તમારી બાજુમાં જ બેસે છે પૂછી લો એ ભાઇને. વિરજીભાઇને પૂછો એટલે ટુંકમાં અમે બધો અભ્યાસ કરીને આપી છે અને આ બધું જ કામ, મેડિકલ કોલેજ વધે એ માટે અમે પ્રયત્નશીલ છીએ. આ કોલેજ ત્યાં લીધા પછી દર્દીઓની સંખ્યા પણ વધી, ડોકટરોની સંખ્યા પણ વધી અને ઓપરેશનોની સંખ્યા પણ વધી છે એટલે મારી તમને વિનંતી છે આ ગૃહના માધ્યમથી દાહોદના આદિવાસી વિસ્તાર, લઘુમતિ વિસ્તાર, તમામ નાગરિકોને મારી વિનંતી છે અને હું જાણું છું. મારી પાસે માહિતી આવે છે કેટલાક લોકો રાજકીય રીતે કર્મચારીઓને ઉશ્કેરે, બીજાને ઉશ્કેરે, નિર્દોષ, ભોળા દર્દીઓને ઉશ્કેરે અને ભડકાવી, ભડકાવીને આ નીતિ સફળ ન થાય એ માટે પ્રયત્ન કરે છે પણ આ નીતિ જરૂરી છે. રાજ્ય માટે જરૂરી છે, કોલેજો માટે જરૂરી છે અને દર્દીઓ માટે પણ જરૂરી છે એટલે હું આવવાનો છું. ટુંક સમયમાં હાઉસ પતે એટલે, સત્ર પતે એટલે હું દાહોદ આવીશ. આપણે જોડે રહીશું બધા પક્ષના કાર્યકરોને હું બોલાવીશ. સાચા આગેવાનોને, ધંધાદારી માણસોને હું નહીં બોલાવું. આપણે જોડે રહી નાનામોટા જે પ્રશ્ન હશે. હું પ્રશ્ન નથી એમ નથી કહેતો પણ નાના મોટા પ્રશ્ન હશે તો આપણે સાથે બેસી મિટિંગ કરી અમારા સચિવ, અમારા કમિશ્નર બધા આવીશું અને નિરાકરણ કરીશું પણ મેડિકલ કોલેજ થશે તો દાહોદની તમારી હોસ્પિટલ અત્યારે છે એનાથી ૨૫ ગણી સારી સેવાઓ ત્યાં ઉપલબ્ધ થશે. એવું જ હું બનાસકાંઠા માટે કહું છું. પાલનપુર માટે, એવું જ હું અમરેલી માટે કહું છું. અમે રાજ્યના હિતમાં કરીએ છીએ. દર્દીઓના હિતમાં કરીએ છીએ. કોઇ વ્યક્તિ માટે આ કામ નથી કરતા અને એમને પણ કરોડો રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ કરવાનું હોય છે અને ભરતભાઇ તો મારા પાડોશી છે. આમ તો હું બધાના જવાબ નહીં આપું કારણકે બે વખત મને સૂચના આપી છે પણ બેચરાજી સી.એચ.સી.માં ગયા વર્ષે ૧૯૧૬-૧૭માં ૪૨૧૭૩ ઓ.પી.ડી. થયેલી અને ૧૯૩૭ એવરેજ દર્દીઓ ત્યાં દાખલ થયેલા આ વર્ષે પણ ૩૯૦૬ દર્દી અત્યાર સુધીમાં દાખલ થયા છે. ૨૭૭ ડીલીવરી ગયા વર્ષે થઇ હતી. આજે ૨૪૪ થઇ છે. હું ૩-૪ વખત ત્યાં આવી ગયો છું. હું બધી કાળજી સમયની મર્યાદામાં જેટલી રખાય એટલી ત્યાંની પણ રાખું છું. મહેસાણાનું રાખું છું, કડીનું રાખું છું અને ગુજરાતનું રાખું છું, એટલે મારા ઉપર તમે વિશ્વાસ રાખજો. મને એક વાત એમની ગમી કે કડીમાં ડોક્ટરો નથી એવું એમણે કહ્યું. એટલે સાબિત થઇ ગયું કે કડીમાં ન હોય તો બીજે કઇ રીતે હોય? હું કોઇ લાગવગ નથી કરતો. હું મારી સત્તાનો ઉપયોગ કરીને નથી કરતો. નહિતર ઘણા શું કરે? પોતાનું ભરેલું ભરેલું રાખે અને બીજાનું ખાલી ખાલી રાખે એવું હું નથી કરતો. હું આપને બધાને માટે સમાન કરું છું. આરોગ્ય વિભાગમાં બાળક માતાના ગર્ભમાં હોય ત્યાંથી શરૂઆત થાય છે અને મૃત્યુ પામે ત્યાં સુધી આપણી સરકારની અનેક યોજના કૂપોષણને મીટાવવા માટે, એની તંદુરસ્તી માટે, અમારા ધારાસભ્યએ કહ્યું તે પ્રમાણે ઇન્દ્ર ધનુષ યોજના બાળકને અનેક જાતની રસી અપાય છે, ઘરે ઘરે જઇને અપાય છે. પોલિયો નાબૂદ કર્યો છે. શીતળાની વાત વિરજીભાઇએ કરી. હું અને તમે નાના હતા, ત્યારે બોર્ડ ઉપર, દીવાલ ઉપર લખાતું હતું કે શીતળાનો કેસ શોધી લાવનારને ઇનામ અપાશે. અમે આજે ગુજરાતમાં ૨૦૦૭ થી પોલિયાને નાબૂદ કર્યો છે અને ૨૦૧૪ થી સમગ્ર દેશમાં પોલિયાને નાબૂદ કર્યો છે. આ રીતે આરોગ્ય વિભાગ, પેટા આરોગ્ય કેન્દ્ર એના ઉપર પી.એચ.સી., એના ઉપર સી.એચ.સી. એના ઉપર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, એના ઉપર ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ પછી સિવિલ વગેરે. સિવિલની એટલી બધી માહિતી મારી પાસે છે. બીજા કલાકો આપીએ તો ઓછા પડે. યુ.એન. મહેતા હોસ્પિટલમાં બહારના રાજ્યમાંથી લોકો આવે છે. મારે કહેવું જોઇએ કે અમે પ્રજાની નાડ પારખીએ છીએ. અહીંયા નરેશભાઇએ કહ્યું કે 'મા'યોજના અને 'મા વાત્સલ્ય' યોજના એટલી બધી લોકપ્રિય થઇ છે કે જેના કારણે અમે જીતી ગયા એવું કહેવું છે. લોકોની જરૂરિયાત હતી. મધ્યમવર્ગ એનો વધુ લાભ લઇ શકે. એની આવક મર્યાદા ૨.૫ લાખના ૩ લાખ કર્યા. પરિવારને વર્ષે ૨ લાખ સુધીની સારવાર મફત આપતા હતા, એના બદલે સારવારની મર્યાદા પણ ૩ લાખ કરી. ત્રીજી મોટામાં મોટી વાત. આપણા બધાનાં મા-બાપ સિનિયર સિટિઝન. અગાઉ કહ્યું હતું એટલે વધુ નહિ કહું. એમને પણ ૬૦ વર્ષથી ઉપરની વ્યક્તિના પરિવારની આવક પેલામાં ૩ લાખ છે, પણ સિનિયર સિટિઝન માટે ૫ લાખ રૂપિયા સુધીની આવક ધરાવતા સિનિયર સિટિઝન માટે મફત સારવાર મા યોજના હસ્તક આપણે આપીએ છીએ. સારી સારી હોસ્પિટલોને આપણે એમાં જોડી છે. એટલે આરોગ્ય વિભાગનું કામ સતત પ્રજાલક્ષી, દર્દીલક્ષી અને ગરીબલક્ષી છે. ઓપરેશનની સગવડ વધારતા જઇએ છીએ. શાળા આરોગ્ય કાર્યક્રમ વધારતા જઇએ છીએ અને મા યોજનામાં જુદી જુદી પ્રોસિઝર અમે વધારતા જઇએ છીએ. આરોગ્ય વિભાગની વાતની હું પૂર્ણાહૂતિ કરું છું.

સરદાર સરોવર એ ખૂબ અગત્યનો વિભાગ છે. આમ તો આપણે ગૃહની એક ઉજ્જવળ પરંપરા રહી ચૂકી છે કે દર વર્ષે આપણે નર્મદાનું બજેટ સર્વાનુમતિથી મંજૂર કરીએ છીએ. આજે પણ કરશો એવી આશા અને અપેક્ષા છે અને એ વિનંતી

પહેલેથી કરી લઉં છું. આ સત્ર ચાલુ થયું ત્યારે બહાર જે હાકોટા, પડકારા થતા હતા. નર્મદામાં પાણી ઓછું થઇ ગયું. પાણી કાપ આવી ગયો. પીવાનું પાણી નહિ મળે. હું આ ગૃહના માધ્યમથી આપની અધ્યક્ષતામાં ગુજરાતની જનતાને ખાતરી આપું છું કે ઉનાળા દરમ્યાન આવતું ચોમાસું આવે એ સાથે કોઇપણ દિવસ, કોઇપણ વિસ્તારમાં નાગરિકોને પીવાના પાણીની કોઇપણ તકલી ના પડે એવું સંપૂર્ણ આયોજન અને વ્યવસ્થા અમે કરી દીધી છે. નર્મદા ડેમમાં પણ પૂરેપૂરું પાણી આજે બાયપાસ ટનલ ચાલુ કરી છે, એની નીચે જથ્થો છે. જુલાઇ મહિનો આખો પૂરો થઇ જાય ત્યાં સુધી બાયપાસ ટનલમાં પાણી આપણને મળવાનું છે, એ પાણી પૂરતું છે. કોઇએ ચિંતા કરવાની જરૂર નથી. પાણીની બચત કરીએ, કરકસર કરીએ, કોઇ અફવા ન ફેલાવીએ, ખોટી ઉશ્કેરણી ન કરીએ. ખોટી રેલીઓ ન કરીએ, એવી આ ગૃહ મારફત મારી દરેકને વિનંતી છે. બીજું મારે કેટલાક આ બધા મીડિયાને અભિનંદન આપવા છે. કારણ કે લોકમત ઊભો કરવો એ મીડિયાનું કામ છે. માનનીય અધ્યક્ષશ્રી, મિડીયા પણ અત્યારે ટીવી હોય, દૈનિકપત્રો હોય તે પાણી બચાવો, કરકસર કરો, ખોટી જગ્યાએ પાણી નીકળી જતું હોય અને તે સરકારના ધ્યાનમાં ન હોય, કોઇ ખૂણામાં કોઇ મોટો વાલ્વ લીકેજ થયો હોય અને ૨-૫ હજાર લિટર પાણી જતું રહેતું હોય તો તેના ફોટા આવે છે. અમે બધી જાતની વોચ રાખીએ છીએ. કાળજી રાખીએ છીએ અને કોઇપણ જગ્યાએ ૫-૨૫ લિટર પાણી પણ ખોટું બગડે નહીં તે માટે પાણી પુરવઠા વિભાગ, સિંચાઇ વિભાગ અને નર્મદા વિભાગ સાથે મળીને કામ કરીએ છીએ. ચાર-પાંચ પ્રશ્નો અગાઉ પણ ઉભા થયા હતા. આજે માનનીય વિરજીભાઇ સિવાય કોઇએ નર્મદાનો પ્રશ્ન ઉભો નથી કર્યો. માનનીય સુખરામભાઇએ થોડાક પ્રશ્નો રજૂ કર્યા છે. મારે ખાસ કહેવું છે અને માનનીય સભ્યશ્રી લાખાભાઇએ કહ્યું કે જવાહરલાલ નહેરુજીએ ૧૯૬૧માં ૫મી એપ્રિલે તેનું ખાતમૂર્હુત કર્યુ હતું. હું કોઇ રાજકીય વાત કરવા માગતો નથી. હું વહીવટી વાત કરવા માગું છું. એ બધુ થયા પછી રાજયમાં પાણીની ભાગીદારીના પ્રશ્નો ઉભા થયા. તે પ્રશ્નોનું નિરાકરણ દાયકાઓ પછી આવ્યું. ગુજરાતના ભાગમાં જે પાણી આવ્યું તે ૯ મિલિયન એકરફીટ આવ્યું અને તેને કેવી રીતે વાપરવું તે રાજયના અધિકારમાં ટ્રિબ્યુનલે ઓર્ડર કરેલો. તે વખતે ટ્રિબ્યુનલ અને સુપ્રીમ કોર્ટ બધું સાથે જ ચાલતું હતું. હું આ સન્માનનીય ગૃહમાં અગાઉ બે-ત્રણ વખત કહી ગયો છું પણ આજે જયારે નર્મદાનો મુદ્દો ચાલી રહ્યો ત્યારે કહેવા માગું છું કે, નર્મદાની પાણીની વહેંચણી થઇ ગઇ અને સી.જે. ચાવડા સાહેબ આપના જેવા અભ્યાસુઓ માટે અને અહીં બધા જ અભ્યાસુ છે. મહેનત કરો તો બધાને જાણવા મળે. ખાલી રાજકીય આક્ષેપ કરવાથી આપણું કામ પૂર્ણ નથી થતું. આપણે રાજયના જવાબદાર લોકો છીએ. આપણી પાસે સાચી વિગત હોવી જોઇએ. પ્લાર્નીગ ફોર પ્રોસ્પોરીટી સરદાર સરોવર ડેવલપમેન્ટ પ્લાન નામની આ એક બુક છે. નર્મદા નિગમમાં છે જેને વાંચવી હશે તો આપણે આપીશું.

સભાપતિશ્રી : આપની પાસે પાંચ મિનિટ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દસ મિનિટ આપવી પડશે. આ નર્મદા વિભાગ છે. આપનું કચ્છ આવે છે. હું કોઇ રાજકીય અવલોકન નહીં કરું.

સભાપતિશ્રી : માનનીય શૈલેષભાઇ

શ્રી શૈલેષ મ. પરમાર : નો લિમિટ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, થેન્ક યુ શૈલેષભાઇ. હું સમય નહીં લઉં. રાજકીય અવલોકન બિલકૂલ નહીં કરું. અત્યાર સુધી કર્યા. નહીં કરું બસ પ્રોમીસ પ્રોમીસ. આજે તો નહીં જ કહું. આજે બે માનવ સેવાના કામ કરીએ છીએ. સાચું કહીશ અને રેકર્ડ પર કહીશ. આ બૂક બતાવીને તમને કહું છું. આ નીતિનભાઇના ઘરનો કોઇ દસ્તાવેજ નથી. તે વખતે ગુજરાત સરકારે ડો.વાય.કે.અલઘ તે આપણા ભારત સરકારના નરસિંહરાવજીના મંત્રીમંડળમાં પ્લાનિંગ મંત્રી રહી ચૂકયા હતા. તેઓ આમ પંજાબી છે પણ ગુજરાત તેમનું કાર્યક્ષેત્ર હતું. ખૂબ અભ્યાસુ અને પ્રતિષ્ઠિત વ્યકિત છે. તેમની અધ્યક્ષતામાં દેશના કૃષિ નિષ્ણાતો, દેશના સિંચાઇ નિષ્ણાતો અને દેશના આર્થિક નિષ્ણાતોની ગુજરાત સરકારે એક કમિટિ બનાવી હતી. તે કમિટિએ અભ્યાસ કર્યા પછી ગુજરાત સરકારને નર્મદા નિગમ માટે અભિપ્રાય આપ્યો કે પાણીનો આ રીતે વપરાશ કરવો. આમાં બે બાબત મહત્વની છે જે આજે મારે કહેવી છે. એક તેમણે નક્કી કર્યુ કે ગુજરાતને આ જે પાણી મળ્યું છે તે કયાં કયાં વાપરવું અને કેવી રીતે વાપરવું? કયાં કયાં વાપરવું તો આ જે ૧૮ લાખ હેકટર નક્કી કર્યા છે તે કયા વિસ્તારના નક્કી કરવા આ કમિટિએ સૂચવ્યા પ્રમાણે તે વખતે રાજયની જે જરૂરિયાત હશે તેને સમજી અને નર્મદાનો કમાન્ડ વિસ્તાર નક્કી કરી દીધો હતો. સુખરામભાઇ તે વખતે નક્કી કર્યો હતો અમે નથી કર્યો. આ જે રિપોર્ટ આપ્યો તે ૧૯૮૯માં આપ્યો હતો. મને આનંદ છે કે સનત મહેતા તે વખતે નર્મદા નિગમના અધ્યક્ષ હતા. નાણામંત્રી રહી ચૂક્યા છે. ઉચ્ચ કક્ષાના કોંગ્રેસના સિનિયર નેતા, પ્રજાલક્ષી નેતા છે તેમણે આની પ્રસ્તાવના લખી છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : ફેરવિચારણા થાય ને?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તે પછીની વાત છે. વપરાઇ ગયા પછી શું ફેરવિચારણા કરવાની. તમને અપાઇ ગયું પછી મને કેવી રીતે મળે? તેમની પાસે બે પ્રશ્નો હતા કે જે પાણી ગુજરાતને મળ્યું છે તેનો બે સિઝનમાં ઉપયોગ કરવો કે ત્રણ સિઝનમાં ઉપયોગ કરવો? બે સિઝન એટલે ખરીફ ચોમાસુ પાકમાં પાછળ વરસાદ ઓછો પડયો હોય તો પાક બચાવવા વધારાના એક-બે-ત્રણ પિયત નર્મદામાંથી આપવા અને રવી પાક, શિયાળુ પાક એ પાંચ પાણ જેટલું પૂરેપૂરું સો ટકા આપવું, એક આ વિકલ્પ હતો. આમાં નોંધ્યું છે હું એમને એમ નથી કહતો. બીજો વિકલ્પ હતો કે ત્રણે પાણ આપવા શિયાળુ, ઉનાળુ અને ચોમાસુ. આપણે બધા સામાન્ય રીતે સમજી શકીએ કે ત્રણે પાક માટે પાણી આપવું હોય તો જે અત્યારે ૧૮ લાખ હેકટર

વિસ્તાર નક્કી કર્યો છે એને નાનો કરી દેવો પડે, શક્ય છે કે ૧૮ લાખમાંથી ૧૨ લાખ થઇ ગયો હોત, શક્ય છે કે ૧૦ લાખ થઇ ગયો હોત તો આ કમિટીએ એવો નિર્ણય કર્યો કે બે જ પાક માટે નર્મદાનું પાણી આપવાનું રહેશે. આમાં રેકર્ડ ઉપર નોંધેલું છે. એક ચોમાસુ પાણી ખૂટતું હોય તો એ વખતે આપવું અને શિયાળુ પાક માટે પૂરેપૂરું પાણી આપવું અને ૧૮ લાખ હેક્ટરમાં પાણી આપવું. જિલ્લાઓ નક્કી હતા, તાલુકાઓ નક્કી હતા, ગામો પણ નક્કી હતા આ એક નિર્ણય જે મોટો થયો અલઘસાહેબની કમિટીના અભિપ્રાય પ્રમાણે અને શ્રી સનત મહેતા અને એ વખતની ગુજરાત સરકારે એ અહેવાલ સ્વીકાર્યો એ વખતે સરકારે નિર્ણય કરેલો કે ઉનાળામાં નર્મદાનું પાણી સિંચાઇ માટે આપવાનું નથી, આ અહેવાલમાં છે. કોઇ એમ કહેશે કે અત્યાર સુધી આપતા હતા, તો કયાંક આપતા હતા એ વાત સાચી, પણ કેમ આપતા હતા? તે વખતે નર્મદા કમાન્ડ વિસ્તાર સંપૂર્ણ આપણે ડેવલપ નહોતો કર્યો, હવે કચ્છ સુધી જયારે નર્મદાનું પાણી પહોંચી ગયું, બનાસકાંઠા સહિત, ઉત્તર ગુજરાત આખું, મધ્ય ગુજરાત આખું જયારે એનો લાભ લેવા માંડ્યું છે અને પૂરેપૂરો ખેડૂતો એનો ઉપયોગ કરવા માંડ્યા છે. પીવાના પાણી માટે જે જથ્થો ફાળવ્યો હતો એ જથ્થો પણ વસતિ વધી એટલે પાણીની જરૂરિયાત વધી એ પ્રમાણે એનો પણ વપરાશ થવા માંડ્યો. બીજું માનનીય અધ્યક્ષશ્રી, એક આક્ષેપ અમારા ઉપર એ થાય છે કે, ઉદ્યોગોને પાણી આપી દીધું, ઉદ્યોગોને પાણી આપી દીધું. હું સરકારના રેકર્ડ ઉપરના ઓફિશિયલ આંકડા આ વર્ષના આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, ટ્રિબ્યુનલે જે પાણી ફાળવ્યું હતું એમાં આપણા ભાગમાં જે ૯ મિલિયન એકર ફીટ પાણી આવ્યું છે, ૯ મિલિયન એકર ફીટ કોને કહેવાય કહેતા હોય તો કહી દઉં, એક મિલિયન એકર ફીટ એટલે ૧૦ લાખ એકર, ૯ મિલિયન એકર ફીટ એટલે ૯૦ લાખ એકર. ૯૦ લાખ એકર જમીનમાં એક ફૂટ પાણીનો થર કરીએ અને જેટલું પાણી માય એટલું પાણી પાણી નર્મદા ટ્રિબ્યુનલે ગુજરાતને ફાળવ્યું છે એમાં જયાં વાપરવું હોય એ આપણો અધિકાર છે. આ ૯ લાખમાંથી ૭.૯૪ મિલિયન એકર ફીટ પાણી એટલે ૮૮ ટકા પાણી એ ખેતી માટે ફાળવ્યું છે, પીવાના પાણી માટે ૦.૮૬ મિલિયન એકર ફીટ, ટકાવારીમાં જોઇએ તો લગભગ ૧૦ ટકા પાણી નાગરિકોને પીવા માટે નર્મદાનું પાણી વાપરવું એ ફાળવણી થયેલી છે અને ઉદ્યોગ માટે ૦.૨ ટકા એટલે નર્મદાના કુલ પાણીમાંથી ૨.૨૨ ટકા પાણી ઉદ્યોગમાં આપી શકાશે એવો નિર્ણય અગાઉની સરકારો વખતે નિગમે અને સરકારે લીધેલો છે. હવે એ માહિતી આપ્યા પછી ઉદ્યોગો માટે પાણી કેટલું વપરાય છે એ આપને કહું, ઉદ્યોગને આપી દીધું, ઉદ્યોગને આપી દીધું એવું તમે કહો છો, ચૂંટણીઓ વખતે કહો તો સ્વાભાવિક છે અમને વાંધો નથી, તમારો જવાબ અમે આપીએ અને અમારો જવાબ તમે આપો પણ આ રેકર્ડ ઉપર હાઉસમાં પવિત્ર મંદિરમાં હું બોલું છું કે, જે આપણે નર્મદાનું પાણી ઉદ્યોગ માટે ફાળવ્યું છે એ પોઇન્ટ ૨૦ એમ.એ.એફ. જે છે એની સામે કોઇ પણ દિવસે નર્મદાનું ઉદ્યોગો માટે ૨.૨૨ ટકા જે ફાળવ્યું છે એનો ઉપયોગ પૂરેપૂરો કોઇ દિવસ થયો નથી કે સરકારે પાણી પણ આપ્યું નથી. આ પણ આપની જાણકારી માટે કહું કે, આજે નહીં ભવિષ્યમાં સરકારને કોઇ ઉદ્યોગ માટે હજુ પાણી આપવાનો નિર્ણય કરવાનો થાય તો આપણે નર્મદા ટ્રિબ્યુનલે ફાળવ્યું એનાથી અડધું પાણી પણ અત્યારે ઉદ્યોગો માટે રાજય સરકારે ફાળવ્યું નથી અને આપ્યું પણ નથી. માટે ઉદ્યોગોને પાણી આપી દીધું, ઉદ્યોગોને પાણી આપી દીધું એ આક્ષેપ સહેજ પણ સાચા, વાજબી કે યોગ્ય નથી. અગાઉ જે જજમેન્ટો, ટ્રિબ્યુનલે આદેશો કે નિર્ણયો કર્યા છે એને અમારી ભા.જ.પ.ની સરકારે નર્મદા માટે પહેલાં દિવસથી આ મિનિટ સુધી સતત જાળવી રાખ્યા છે અને એનો આપણે અમલ કરીએ છીએ એટલે મહેરબાની કરીને નર્મદાનું પાણી ઉદ્યોગોને આપી દીધું છે એવી ખોટી વાત હવે કોઇ ના કરે તો સારું કે જેથી આપણું ગૌરવ અને આપણું સન્માન જળવાઇ શકે.

શ્રી આર. સી. પટેલ ( ઉપદંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠક માનનીય મંત્રીશ્રીનો જવાબ અને માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાંસુધી લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

સભાપતિશ્રી : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ મંત્રીશ્રીનો જવાબ અને મતદાન પૂરું થાય ત્યાંસુધી સુધી લંબાવવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે આપણને વીસ વરસે પ્રશ્ન ઉપસ્થિત થયો, વીસ વરસ સુધી નર્મદામાં પાણી પૂરતું મળ્યું, પણ કમનસીબે આ વખતે નર્મદામાં જે કમાન્ડ વિસ્તાર છે, આપણે બધા જાણીએ છીએ કે, નર્મદા નદી એ મધ્યપ્રદેશમાંથી નીકળે છે અને નર્મદા નદી એ ૧૩૧૨ કિલોમીટર લાંબી છે એનો ૮૮ ટકા ભાગ એ મધ્યપ્રદેશમાં આવે છે અને ગુજરાતમાં એ લગભગ ૦.૬૮ ટકા છે, બાકી મહારાષ્ટ્રમાં ભાગ આવે છે, હવે ઉપરના ભાગમાં વરસાદ પડે તો નર્મદાના નિયમો પ્રમાણે અને સુપ્રિમ કોર્ટના ચૂકાદા પ્રમાણે આપણા પહેલાં નર્મદા નદી ઉપર મધ્યપ્રદેશે લગભગ ૩૦ જેટલા મોટા બંધો અને નાના બંધો, ૧૩૫ મધ્યમ બંધોનું આયોજન કરી દીધું છે, તમને જાણકારી માટે કહું કે આપણો સરદાર સરોવર ડેમ છે એનાથી ડબલ મોટો ઇન્દિરા સાગર ડેમ એ નર્મદા નદી ઉપર આજે પણ મધ્યપ્રદેશમાં છે, એના પહેલાં ઉપરબંધો છે, એના પછી પાછો એક બીજો બંધ જે ગુજરાતની નજીકમાં આવે છે એ બંધ છે એ બધા ભરાય, ઉભરાય એ પછીનું નદીનું પાણી એ આપણને ગુજરાતને સરદાર સરોવર બંધમાં મળે છે, બીજું પાણી ક્યારે મળે ? કે વીજળી ઉત્પન્ન કરવા જે પાવર હાઉસ ચલાવે એ પાણી ફરતું ફરતું નર્મદા નદી મારફતે ગુજરાતને મળે, બે સોર્સ છે આપણી પાસે, કાં તો વધુ વરસાદ આવે, કાં તો એ વાપરી વાપરીને આપણને આપે, આ વખતે જે પાણી ઓછું થયું એની સામે પ્રથમ વખત જે બાયપાસ ટનલ છે, છાપામાં આપણે બધા વાંચીએ છીએ, ઘણાને થતું હશે કે આ બાયપાસ ટનલ વળી શું છે? એ વખતે આપણે મધ્યપ્રદેશ સાથે માથાકૂટ કરીને લડીને અને બાયપાસ ટનલ મંજૂર કરાવી હતી, કે ના કરે નારાયણને કોઇ વરસો એવા આવે તો જે સિંચાઇ વિસ્તારવાળા, નદીઓ વાળા અને બંધો વાળા ધારાસભ્યશ્રીઓને તો ખબર છે કે અમુક પાણી નીચેનું જે હોય તે ડેડસ્ટોક પાણી હોય. અત્યારે

આપણે બાયપાસ ટનલમાંથી જે પાણી લઇએ છીએ એ ડેડ સ્ટોકના જથ્થામાંથી લઇએ છીએ એ આપણે બનાવ્યા પછી પહેલીવાર ખોલી છે. ભુપેન્દ્રસિંહજી જ્યારે ચેરમેન હતા, કેશુભાઇની સરકાર વખતે આ બધી પ્રક્રિયા ચાલતી હતી. આ બાયપાસ ટનલ આપણે એટલા માટે બનાવી હતી કે કોઇ વખત અચાનક કોઇ સંજોગો ઉભાં થાય, આકસ્મિક કોઇ સંજોગો ઉભા થાય, અનિવાર્યતા ઉભી થાય તો એનો ઉપયોગ આપણે કરી શકીએ, બાયપાસ ટનલથી અત્યારે આપણે પાણી લઇએ છીએ. મારે આ ગૃહના ફ્લોર ઉપરથી, નર્મદા મંત્રી તરીકે પણ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનની સરકારોનો, તેના ત્રણેય મુખ્યમંત્રીશ્રીઓનો અને ભારત સરકારના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીનો અને સિંચાઇ મંત્રીશ્રીનો આભાર એટલા માટે માનવાનો થાય કે આ બાયપાસ ટનલમાંથી પાણી લેવાની શરત એવી છે કે, બધાજ રાજ્યો સંમત થાય તો જ ગુજરાત પાણી લઇ શકે. એક બીજી પણ ગેરસમજ બધા કાઢી નાંખજો, બધાના મનમાં હોય તો કે સરદાર સરોવર બંધમાં છે એ બધું જ પાણી ગુજરાતનું છે, ના બધું ગુજરાતનું પાણી નથી. ૯ મિલિનયર એકરફીટ પૂરતો જ આપણો ભાગ છે, બાકી એમાંથી પાવર ઉત્પન્ન કરવો અને પાવર જે ઉત્પન્ન થાય એ ટ્રિબ્યુનલના ચૂકાદા પ્રમાણે એનો વધુ લાભ ૨૭ ટકા મધ્યપ્રદેશને મળે છે આપણને તો ૧૬ ટકા જ વીજળીનો લાભ મળે છે એટલે આ ત્રણેય મુખ્યમંત્રીશ્રીઓએ જે વિજયભાઇ આપણા મુખ્યમંત્રીશ્રીએ, માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇને દરમિયાનગીરી કરવા અને ગુજરાતને મદદરૂપ થવા માટેની વિનંતી કરી, અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ માનનીય શ્રી અમિતભાઇને અમે વિનંતી કરી, એમણે રાજકીય અને સરકારી બન્ને રીતે ફોલોઅપ કરાવી અને બાયપાસ ટનલમાંથી આ પાણી વાપરવાની આપણને મંજૂરી આપી. સમજી લો કે ના થઇ હોત, આ બાયપાસ ટનલ ના બનાવી હોત તો આજે તમે બધા કહો છો અને બધા કહે છે એવી રીતે ગુજરાતની સ્થિતિ ઘણી ગંભીર થઇ જાત. પીવાનું પાણી આપણી પાસે મર્યાદિત થઇ જાત. પણ ભગવાનના આશીર્વાદથી, મહેરબાનીથી આ બાયપાસ ટનલ આપણે એ વખતે કરી દીધી. તે આજે વીસ વર્ષે કામમાં આવી અને તેનો લાભ લઇને આપણે આજે પ્રજાને પાણી આપીએ છીએ. એટલે આ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને કેન્દ્ર સરકાર ત્રણે રાજયોનો હું આભાર માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે કેટલુ ઓછું પાણી આવ્યુ એ પણ ખૂબ મોટો ચર્ચાનો વિષય છે. હું સન્માનીય સભ્યોના ધ્યાન ઉપર મૂકવા માગું કે, ગયા વર્ષે જે પાણી હતું તે ૧૮.૯૫ મિલિયન એકર ફીટ મધ્યપ્રદેશને પૂરું મળ્યું કારણ કે સારો વરસાદ થયો હતો. ગુજરાતને પણ ફાળવણી પ્રમાણે ૯.૩૭ પૂરું મળ્યું હતું તેવી રીતે મહારાષ્ટ્રને અને રાજસ્થાનને પણ મળ્યું હતું પરંતુ આ વખતે આમાં પાછી ભારત સરકારે બનાવેલી એક કમિટી છે. ટ્રીબ્યુનલે બનાવેલી, સુપ્રીમ કોર્ટે બનાવેલી કમિટી છે કે દર વર્ષે કેટલું કેટલું પાણી કયા રાજયમાં આપવું તે વરસાદ આધારે અને નર્મદાની અંદર ઝરણાંઓનું ૧૩૦૦ કિલોમીટરમાં કેટલુ પાણી આવે છે. આ વખતે કમનસીબી એ થઇ કે મધ્યપ્રદેશમાં ઝરણાં પણ સૂકાઇ ગયા અને મધ્યપ્રદેશમાંથી પાણીની આવક નથી એટલે આપણને વધારે તકલીફ થઇ છે. આપણાં ભાગે ૪.૮૦ મિલિયન એકર ફીટ પાણી એટલે ગઇ સાલ કરતા અથવા અગાઉના વર્ષો કરતા અડધું પાણી આપણને પ્રાપ્ત થયુ છે. હવે અહીંયા કોઇ માનનીય સભ્યશ્રી વિરજીભાઇ પૂછતાં હતા કે આ પાણી ગયુ કયાં ? વિરજીભાઇ જતાં જતાં બોલ્યા હતાં કે આ પાણી કયાં ગયુ ? કોણ પી ગયુ ? સાહેબ આ પાણી કયાંય ગયુ નથી અહીંયાથી અમારા સભ્ય બોલ્યા હતા તે સાચું બોલ્યા હતા કે આ ગુજરાતના ખેડૂતના ખેતરમાં ગયુ છે અને તે નિયમ પ્રમાણે ગયુ છે. ચોમાસામાં આપણે જરૂર પડયે પાણી આપ્યું એટલે આ ૧૫મી માર્ચે બંધ થયુ તે તો દર વર્ષે નક્કી જ હોય છે કે ૧૫ માર્ચ પછી પાણી ન અપાય, આપતાં પણ નથી અને આ વખતે અમે આગોતરી જાહેરાત એટલા માટે કરી ઘણાં એમ કહે છે કે જાહેરાત કેમ કરી ? અમે એટલા માટે જાહેરાત કરી કે નિર્દોષ ભોળાં ખેડૂતોને કદાચ ખબર ના હોય કે આ પાણી નથી મળવાનું, વરસાદ ઓછો છે આપણાં ભાગમાં ઓછું આવ્યુ છે અને ઉનાળુ વાવેતર કરી દે ખાતર, બિયારણ, મહેનત, ખર્ચો કરી દે અને પછી પાણી ના મળે તો પાક ફેઇલ જાય. એ ખેડૂતને નુકસાન ના થાય એટલા માટે અપજશ મળે, તમારી ટીકાઓ મળે, પ્રજાની ટીકા મળે, નાસમજ લોકોની ટીકા મળે તે સહન કરીને પણ ખેડૂતનો ખર્ચો નકામો ના જાય, ખેડૂતની મહેનત નકામી ના જાય તે માટે અમે અગાઉથી જાહેરાત કરી હતી કે ઉનાળામાં પાણી નહીં મળે આ પદ્ધતિ કાયમ માટેની છે અને વર્ષોથી તેનો અમલ થાય છે. શિયાળુ પાક પૂરેપૂરું પાણી આપણે આપ્યું છે અને તેનો લાભ ગુજરાતના ખેડૂતોને આપ્યો છે. ટીકા કેવી થાય કે તમે સી પ્લેન ઉતારવા આ પાણી વેડફી નાંખ્યુ. સી પ્લેન એ તો કોઇ સ્ટીમર હોય, કોઇ હોડી હોય એ પ્રકારનું છે. વિમાન ઉપરથી આવે પાણી હોય એટલે ઉતરે તેના માટે એક લિટર પાણી પણ નવુ વધારાનું રીવર ફ્રન્ટમાં નાંખવામાં આવ્યુ નહોતું. અમદાવાદથી ઉડી ઉતર્યુ કયાં ધરોઇમાં તો ધરોઇમાં તો કયાં નર્મદાનું પાણી આપણે આપ્યુ જ નથી. એ ધરોઇ ડેમ તો આજે પણ ભરેલો છે અને ભગવાને આપણું સારું કર્યુ જ છે નર્મદામાં પાણી નથી ઉકાઇમાં નથી બાકી સદનસીબે ગુજરાતના બાકીના બધા ડેમો પછી તેમાં દાંતીવાડા, બનાસકાંઠાના પણ ડેમ આવી ગયા, સૌરાષ્ટ્રના પણ ડેમ આવી ગયા અને ધરોઇ ડેમ પણ આવી ગયો. બધામાં પૂરતું પાણી પીવા માટે અને ખેતી માટે આપવા માટે છે એટલે મેં કહ્યું તેમ કોઇ ચિંતાનું કારણ નથી. કોઇએ કહ્યું કોઇ નગરપાલિકામાં પાણી નથી મળતું. અમારું કામ નર્મદાનું પાણી તે પાણી પુરવઠાને આપવાનુ છે પછી પાણી પુરવઠા બોર્ડ જે તે નગરપાલિકાને પહોંચાડે અને જે તે નગરપાલિકા તેની ટાંકીઓ, પાઇપ લાઇન, ડિસ્ટ્રીબ્યુશન સીસ્ટમ દ્વારા તે નાગરિકોને પહોંચાડે. મ્યુનિસિપાલિટીનું તંત્ર જો બરાબર ના હોય, એની ડિસ્ટ્રીબ્યુશન વ્યવસ્થા જો બરાબર ના હોય તો પાણી ના મળતું હોય પણ અમારું તો અહીંયા તેના સંપમાં પડયુ હોય પણ તે ફેરવી ના શકતા હોય એટલે કદાચ પાણી નહીં મળતું હોય.

## તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર પણ આપણને અહીંયા અમારા સભ્યશ્રીએ કહ્યું તેમ દરવાજા બેસાડવાની મંજૂરી આપી, બંધ કરવાની મંજૂરી આપી તેના કારણે આપણે જે પાણી વધ્યું સમજી લો કે ૧૨૧ મીટર જ હોત તો આજે આપણી સ્થિતિ વધારે કફોડી થઇ હોત. કારણ કે ઉપરનું જે ૧૨૧ થી ૧૩૮ જે પાણી ભરાયુ જે દરવાજા બંધ કર્યા અને ઓવર ફલો થવા ના દીધુ તેમાં ૧.૪૮ મિલિયન એકર ફીટ પાણી વધારે ભરાયુ. હવે દરવાજા બંધ રહે એટલે કાયમ ભરાશે. એ પાણી ન ભરાયા હોત તો આપણને મોટી મુશ્કેલ થાત અને આ પાણી આપણને મોટા પ્રમાણમાં મળી ગયું એ ભારત સરકારના કારણે આપણને મળ્યું છે. હું થોડો સુધારો કરી લઉં કે, મધ્ય પ્રદેશને ૫૭ ટકા વીજળી મળે છે, મહારાષ્ટ્રને ૨૭ ટકા વીજળી મળે છે અને ગુજરાતને ૧૬ ટકા વીજળી મળે છે. જ્યારે વીજળીની વાત નીકળી છે ત્યારે એનો જે લાભ થયો છે એ પણ આ સન્માનનીય ગૃહને હું જણાવવા માગું છું. આપણે ૧૨૫૦ મેગાવોટ વીજળીનું પાવર હાઉસ છે. આ વીજળી મફત મળે છે. પાણી ફરે અને ટર્બાઇન ચાલે અને એ પાણી પાછું નદીમાં કે કેનાલમાં આવી જાય. એક પૈસાના પણ વધારાના ખર્ચ વગર કે કોલસાની ખર્ચ વગર પાણી મળે છે. અત્યાર સુધીમાં ૨૦૧૭-૧૮ના એક વર્ષની માહિતી આપું તો ૯૩.૪૪ મિલીયન યુનિટ વીજળીનું ઉત્પાદન થયું અને અત્યાર સુધીનો કુલ આંકડો આપું તો ૪૧,૮૦૦ મિલીયન યુનિટ એટલે ૪,૧૮૦ કરોડ યુનિટ વીજળી નર્મદા બંધમાંથી આપણા ભાગીદાર રાજ્યોને પ્રાપ્ત થઇ. એની બજાર કિંમત ચાર રૂપિયા ગણીએ તો ૧૬,૭૨૦ કરોડ રૂપિયાની વીજળી નર્મદા યોજનાના સરદાર સરોવર બંધથી આ ભાગીદાર રાજ્યોને પ્રાપ્ત થઇ છે. એ એનો મોટો લાભ છે. સિંચાઇનું પાણી મળ્યું, પીવાનું પાણી મળ્યું, ઢોર-ઢાંખરને પાણી મળ્યું, ઉદ્યોગ માટે પાણી મળ્યું, પર્યાવરણ માટે પાણી મળ્યું અને વીજળી ઉત્પન્ન થઇ એવી આ યોજના આપણા ગુજરાતની છે. અમે કેનાલના કામો લગભગ પૂર્ણ કરવા તરફ છીએ. ખેડૂતો જમીન આપતા નથી એટલે અમે બે વર્ષ પહેલાં નિર્ણય કર્યો કે, ખેડૂતના પોતાના ખેતરમાં ઢાળિયા સુધી પાણી પહોંચાડવા સરકારના ખર્ચે પાઇપ-લાઇન નાંખી. એટલે હવે ખેડૂતો ફટાફટ જમીનમાં પાઇપ-લાઇન નાખવા ખોદકામ કરવા દે છે અને મને લાગે છે કે, જે પણ નાના-મોટા કામો બાકી છે એ ૨૦૧૯ સુધીમાં પતી જશે. હું વિશ્વાસથી કહું છું કે ૨૦૧૯માં નર્મદા યોજનાનું પાઇપ ડિસ્ટ્રીબ્યુશનનું કામ, એક-એક ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ અમારી ભાજપની સરકાર દ્વારા અમે પૂર્ણ કરીશું. મારી પાસે આ મોટી-મોટી માહિતી છે. જેને સાહિત્ય જોઇએ એને મારી નોંધ આપીશ જેથી આપનો અભ્યાસ વધે. મારી દરેક સભ્યશ્રીને વિનંતી છે કે, આરોગ્ય વિભાગ અને નર્મદા વિભાગ બંનેની માગણીઓને આપ સર્વાનુમતે મંજૂર કરો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ નર્મદાની બાબતમાં જે માહિતી આપી એ સારી માહિતી આપી છે. હું એમને અભિનંદન આપું છું. હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, આપણી સાથે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન આ ત્રણ રાજ્યો ભાગીદાર છે તો એ ત્રણ રાજ્યો પાસેથી આપણી આ સંયુક્ત યોજનાના કેટલા પૈસા લેવાના બાકી છે અને પૈસા નથી મળતા એના માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે શું પ્રયત્નો કર્યા? એની રાજ્ય વાર માહિતી આપો એવી મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નર્મદા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય વાર માહિતીની આપણે અત્યારે વાત નહિ કરીએ. આ ટર્મમાં આ સંદર્ભે ૧૫-૨૦ પ્રશ્નો પૂછાઇ ગયા છે. હું તમને સિદ્ધાંત વિષયક માહિતી આપું. બે પ્રકારની રકમ હોય છે. લગભગ ૬ કરોડ રૂપિયા ભાગીદાર રાજ્યો પાસેથી આપણે લેવાના બાકી છે. એના બે ભાગ છે. આપણે એમ કહીએ છીએ કે, આ રકમ મધ્ય પ્રદેશે, મહારાષ્ટ્રે કે રાજસ્થાને આ કામનો એનો ખર્ચ આપણને આપવાનો છે તો એ ભાગ કિલયર છે તે તબક્કા વાર દર વર્ષે રકમ આવી રહી છે. બીજો ભાગ એવો છે કે, જે મોટી રકમ છે. એ રાજ્યોને આપણે એમ કહીએ છીએ કે, એમાં તમારે અમને ભાગ આપવાનો છે. એ ભાગ જોડે એ લોકો સહમત નથી. એ એમ કહે છે કે,આ આટલું કામ ગુજરાત માટે કામ કર્યું છે એટલે ગુજરાતે જ એનો સો ટકા ખર્ચ ભોગવવાનો, અમારે આમાં હિસ્સો આપવાનો નથી એટલે એ વિવાદિત રકમ છે, ડીસ્પ્યુટવાળી રકમ છે અને નર્મદાની વ્યવસ્થાનું એક પંચ બનાવ્યું છે એ પંચ- કમિશન નક્કી કરે. આપણે ગુજરાત એમ કહીએ કે, મધ્યપ્રદેશ પાસે આ કામના અમારા સો કરોડ હિસ્સો લેવાનો બાકી છે, મધ્યપ્રદેશ એમ કહે કે, ના, આ તો તમારા ગુજરાતનું જ છે અમને આનાથી કોઇ જ લાભ નથી અને અમે અમારો ભાગ નહીં આપીએ. તો એ નિર્ણય કોણ કરશે? એ નિર્ણય પંચ કરશે, કમિશન કરશે. એમાં ડિસ્પ્યુટ ચાલી રહ્યા છે. બાકી, ભાગે પડતી રકમ ધીમે ધીમે એ બધા આપે છે.

બીજું, એ કહેવામાં હવે મને કોઇ હરકત નથી. અત્યાર સુધી આપણને ગુજરાતને જરૂર હતી. સૌ સભ્યશ્રીઓ સમજી લેજો. આપણી ઇચ્છા હતી કે,જલદી નર્મદા યોજના પૂરી થાય. તેમ રૂપિયા ના આપ્યા, તમે રૂપિયા ના આપ્યા, એમ કરીને આપણે ધિંગાણે ચડીએ, કોર્ટે ચડીએ, એમની સામે નિવેદનો કરીએ તો એ લોકો પણ આપણા કામમાં સહકાર ના આપે. આ તો આપણે વ્યવહારમાં સમજીએ છીએ કે કોઇ ઘસાય તો આપણે પણ ઘસાવું પડે. આપણે ઘસાઇએ તો કોઇક ઘસાય. આ રકમ આજ નહીં પછી તો આવવાની જ છે. ક્યાંય જવાની નથી પણ આપણું આવડું મોટું કામ નર્મદા પૂરી કરવી. આ બધું આપણને મળી જાય એ રીતે સંબંધો સારા રાખી, હું રાજકીય વાત નથી કરતો. ભાજપ હોય કોંગ્રેસ હોય, ગમે તે સરકારો આવ જાવ કરે પણ રાજયો રાજયો સંબંધ જો સારા રહે તો આપણે માથે ન પડે, પણ અત્યારે રકમમાં માગણી કરીએ છીએ, એ આપે જાય છે પણ પછી ભવિષ્યમાં આ પાવર હાઉસને એ બધુ આપણને ધ્યાનમાં છે જ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, નર્મદા યોજનાનો જયારે પ્લાન બનાવ્યો ત્યારે મૂળ કમાન્ડ એરિયામાં કેટલા હેક્ટરનો સમાવેશ કરવામાં આવેલો હતો અને આજની તારીખે મૂળ કમાન્ડ એરિયામાંથી ડી-કમાન્ડ કેટલા હેક્ટર કરવામાં આવ્યો છે?

બીજો મારો સવાલ આરોગ્ય વિભાગનો છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, બોન્ડ વાળા ત્રણ વર્ષ નોકરી કરે કાં તો પાંચ લાખ રૂપિયા ભરે. તો રાજય સરકારે આમાં ગંભીરતાપૂર્વક વિચારવું જોઇએ, પુનઃ વિચારણા કરવી જોઇએ પાંચ લાખ જેવી રકમ એ અત્યારે સામાન્ય ગણાય છે. આ ડોક્ટરો ત્રણ વર્ષ નોકરી કરવાને બદલે પાંચ લાખ રૂપિયા તરત જ ભરી દે છે અને તેના કારણે પણ આપણને બહુ તકલીફ પડે છે એટલે રાજય સરકાર આમાં ગંભીરતાપૂર્વક પુનઃવિચારણા કરી અને ડોક્ટરો ગ્રામ્ય વિસ્તારોમાં સી.એચ.સી., પી.એસ.સી.માં હાજર થાય એવી કોઇ નીતિઓ ઘડે એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇનો આભાર માનું છું કે એમણે પોઝીટીવ દરખાસ્ત મૂકી છે. જો અમે પાંચ લાખના દસ લાખ કર્યા હોય તો કહે કે, આટલા બધા રૂપિયા તમે બોન્ડ લો છો? આવા વિચારો કરો છો? પણ આવી દરખાસ્ત છે, અને આપનું સૂચન સારૂં છું. તમારા સૂચનને આવકારું છું અને એનો અભ્યાસ કરીને વાજબી અમલ, સમય પ્રમાણે આપણે કરીશું.

બીજો પ્રશ્ન સભ્યશ્રીએ પૂછ્યો તો મામૂલી જમીન, મામૂલી, ૧૮ લાખ હેકટરમાંથી બહુ કહી ના શકાય એટલી જમીન આપણે નર્મદા યોજનામાંથી બાકાત કરી છે અને એ પણ વાજબી અને અગત્યના કારણોને કારણે કરી છે. સમજી લો કે, દિલ્હી– મુંબઇ રેલવે કોરીડોર નીકળી અને આપણે ત્યાં કેનાલ બનાવવાની છે ત્યાં કોરીડોર નીકળ્યો, રેલવે નીકળે તો એટલી જગ્યા છોડવી પડે. અમુક અમારા વિસ્તારોમાં ઉદ્યોગો સ્થાપાઇ ગયા, કલોલ તાલુકાના સાંતેજ, રકનપુર વિસ્તારમાં તો ખેડૂતોએ સામેથી માગણી કરી, શહેરીકરણ થઇ ગયું, અમદાવાદ નજીક આવી ગયું, હવે જે ખેડૂતની જમીન બે બે –ત્રણ ત્રણ કરોડ રૂપિયે વીઘો વેચાતી હોય તો એ ખેડૂત એમ કહે કે, મારી જમીનમાં મારે હવે નર્મદા નથી જોઇતી એટલા ડિ–કમાન્ડ કરી. સરકારે પોતે પાણી નથી માટે કોઇ ડિ–કમાન્ડ કોઇ વ્યક્તિના લાભાર્થે નથી કરી પણ આર્થિક રીતે બધુ જોઇને કરી છે પણ એ બહુ મામૂલી જથ્થો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે રીતે કહ્યું કે, ૨૦૧૯માં નર્મદાનું તમામ કામ પૂર્ણ થઇ જશે. છેલ્લી માહિતી મુજબ સરકારે વિધાનસભા ગૃહમાં જે જવાબ આપ્યો, એ જવાબને આધિન શાખા નહેર, વિશાખા નહેર, માઇનોર નહેર અને સબમાઇનોર નહેર, એનું લગભગ ૨૦૯૫૧ કિલોમીટર એરિયાનું કામ બાકી છે. એ કામ બાકી છે એટલે આપે કહ્યું છે કે, લગભગ ૨૦૦૦૦ કિલોમીટર કામ ચારે ચાર નહેરોનું બાકી છે એ કામ અત્યારની હાલની તારીખમાં આપ જયારે જવાબ આપી રહ્યા છો ત્યારે, આ ચારે ચાર શાખા, વિશાખા, માઇનોર અને સબ માઇનોરના કેટલું કામ બાકી છે તે એક પ્રશ્ન. અને બીજું કે, છેલ્લા ત્રણ વર્ષથી સરદાર સરોવર યોજના અંતર્ગત ગુજરાત સરકાર કેન્દ્ર સરકાર પાસે આ અંગેની જે ગ્રાન્ટ માગે છે, સરકારે માંગેલી ગ્રાન્ટ તેના કરતાં કેન્દ્ર સરકાર ૫૦ ટકા ઓછી ગ્રાન્ટ આપે છે તો આનું શું કારણ ? હું આપને કહું આપ જયારે ડોકું હલાવો છો ત્યારે મારી પાસે આંકડા છે, ૨૦૧૫–૧૬ માં ૧૯૪૪.૮૫ કરોડ રૂપિયાની રાજય સરકારે માગણી કરી હતી તેની સામે કેન્દ્ર સરકારે ૪૮૨૪.૮૭ કરોડ રૂપિયા રાજય સરકારને ફાળવ્યા છે. ૨૦૧૬–૧૭ માં ૨૩૬૮.૧૪ કરોડ રૂપિયાની માગણી કરી હતી તેની સામે નવેમ્બર સુધીમાં ૧૦૫૫.૫૩ કરોડ રૂપિયા રાજય સરકારને ફાળવ્યા છે. મારી પાસે જે આંકડા છે એ મુજબ બે વર્ષના તેમાં ગ્રાન્ટ ઓછી ફળવાઇ છે, ત્રીજા વર્ષે પણ જે જવાબ આવ્યો છે તે મુજબ ગ્રાન્ટ ઓછી ફળવાઇ છે, તેનાં કારણો શું? અને આ ચારેય કેનાલો બાકી છે તે ૨૦૧૯ની વાત કરો છો તો કયારે પૂરી થશે ? અને આ ગ્રાન્ટ ઓછી ફળવાવાના કારણો શું ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની દરેક રાજયોને સિંચાઇ માટે જે ગ્રાન્ટ આપવાની પદ્ધતિ છે, એ પ્રમાણે આપણને સંપૂર્ણ ગ્રાન્ટ મળે છે. એક દાખલો આપું છું કે, કેવી રીતે ફાયદો નવી સરકારને કારણે થયો. મેં અગાઉ ગૃહમાં કહ્યું છે, છતાં આજે ફરી કહું કે, અગાઉ દુષ્કાળ સંભવિત વિસ્તાર અને રણ વિસ્તાર એમાં જે કેનાલો બને તેમાં ગ્રાન્ટ આપવાની ભારત સરકારના ધોરણો જુદાં જુદાં છે. આપણે ત્યાં સુરેન્દ્રનગરમાં કેનાલ બને તેનું જુદું ધોરણ અને કચ્છમાં બને તેનું પણ જુદું ધોરણ આ કારણે ગુજરાતને નુકશાન થતું હતું. અમે અગાઉ રજૂઆત કરી હતી પણ તે નહોતી સ્વીકારાઇ, નરેન્દ્રભાઇની સરકાર બન્યા પછી એ વાત સ્વીકારાઇ અને ભારત સરકારે તેની ફોર્મ્યુલા અને મીકેનીઝમ અને ગ્રાન્ટ આપવાની વ્યાખ્યા બદલી અને શૈલેષભાઇ એના કારણે આપણને જે ગ્રાન્ટ વધારાની મળી અને મળશે અને જેમ જેમ કામ થશે તેમ, ૧૫૦૦ કરોડ રૂપિયા ભારત સરકાર તરફથી ફકત આ વ્યાખ્યા બદલવાથી આપણને મળશે. આ દરવાજા વહેલા ચડાવ્યા અને ૧૭ દિવસમાં મંજૂરી આપી એ તો બધું જુદું, આ તો રોકડ રૂપિયા ગ્રાન્ટ તરીકે ૧૫૦૦ કરોડ રૂપિયા એક વ્યાખ્યા બદલવાના કારણે લાભ આપણને ભારત સરકારે આપ્યો અને નાબાર્ડ પાસેથી પણ ઓછા વ્યાજની લોન જે ભારત સરકારની ભલામણ પ્રમાણે જ મળી શકે એ માટે પણ ૧૩૮૩ કરોડ રૂપિયાની સહાય અત્યારે આપણને મળી છે. આમ, ભારત સરકાર પોતે ગ્રાન્ટ આપે છે, આપણને વહીવટી મદદ કરે છે અને અન્ય સંસ્થાઓ પણ ઓછા વ્યાજની લોન ગુજરાત સરકારને આપે તેમાં પણ મદદરૂપ થાય છે. એટલે ફાયદો, ફાયદોને ફાયદો જ છે કોઇ ચિંતા જ ન કરશો.

શ્રી શૈલેષ મ. પરમાર : આપ જે કહો છો કે આ કમાન્ડમાં આટલી ગ્રાન્ટ, આ કમાન્ડમાં આટલી એ તો સરકાર ગ્રાન્ટ આપે છે તો હું એમાં એગ્રી છું, આપની સાથે. પરંતુ જયારે રાજય સરકાર જયારે કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલતી હોય ત્યારે આખા ગુજરાતનું તમામ કમાન્ડ એરીયાને ધ્યાનમાં રાખીને પોતાની ડિમાન્ડ મૂકતી હોય છે. સરકારે મૂકેલી ડિમાન્ડ અને તેની સામે કેન્દ્ર સરકારે આપણને ગ્રાન્ટ ઓછી ફાળવી છે, મારો આટલો જ પ્રશ્ન છે કેમ ઓછી ફાળવી છે? જયારે આપ

ડિમાન્ડ મૂકતા હોય ત્યારે આપની માગણી જ છે કે આટલી રકમની અમારે જરૂર છે, અને એ રકમ ઓછી આવે છે આ રકમ ઓછી આવવાનું કારણ શું સાહેબ એ એક પ્રશ્ન. અને બીજું આપે ૨૦૧૯ ની વાત કરી છે તો ૨૦ હજાર કિલોમીટરની કેનાલો બાકી છે તો અત્યારની સ્થિતિએ શું પરિસ્થિતિ છે તેનો જવાબ આપે સાહેબ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેનાલોની વાત કરું તો તેમાં આપણે બધા જયારે રોડ પર જતા હોઇએ હાઇવે પર અને ત્યાં જે કેનાલ નિકળતી હોય, એવી કેનાલો બાકી નથી. હવે જે નાની પ્ર–પ્રશાખા એટલે કે, ૩ થી ૯ ઇંચ સુધીનો પાઇપ જે પાણી લઇ જાય, આપણે શહેરમાં પીવાના પાણીની મોટી લાઇનો હોય છે, એવી પાઇપ લાઇનો છે જે આપણે પી.વી.સીની, પ્લાસટીકની નાંખવાનું ચાલુ કરી દીધું છે. નવી ટેકનોલોજી છે દર વર્ષે દસ હજાર કિલોમીટરની પાઇપ લાઇન નાખી શકાય છે. અત્યારે મારી પાસે માહિતી છે એ પ્રમાણે ૨૦ હજારમાંથી ૧૩ હજારના કામ ચાલુ છે. દર વર્ષે દસ હજાર કિલોમીટર કરી શકાય એમ છે એટલે આવતા વરસે પૂરું થઇ જવાની આશા છે. આમાં મોટી કેનાલો સિમેન્ટ ક્રોંકિટની છે એ પ્રકારની કામગીરી નથી. આમાં પાઇપ લાઇનો ખેતરો સુધી નાખવાની છે એના માટે આપણે કેનાલ શબ્દ વાપરીએ છીએ.

